ॐ

परमात्मने नमः।

श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेव प्रणीत

શ્રી

# નિયમસાર

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'નિયમસાર' ઉપર પ્રવચન)

(ભાગ–૫)

**પ્રવચન નં. ૧૩૭, શ્લોક-૧૮૯-૧૯૦, ગાથા-૧૧૮-૧૧૯, બુધવાર, જ્યેષ્ઠ સુદ ૧૪, તા.૨૮-૦૫-૧૯૮૦**

'નિયમસાર' ૧૧૮-ગાથા. ફરીને. થોડું ચાલ્યું છે.

**ટીકા :- 'અહીં (આ ગાથામાં), પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં...'** આહાહા..! આ કારણપરમાત્મા જે આત્મા એ જ પ્રસિદ્ધ છે, કહે છે. બીજાને જાણતા પણ પોતે જણાય. બીજો જણાતો નથી. એ રીતે કારણપરમાત્મા પ્રસિદ્ધ છે. આહાહા..! **'પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં સદા અંતર્મુખ રહીને...'** એનું સ્વરૂપ પરમ કારણપરમાત્મા તેમાં અંતર્મુખ રહીને જે પ્રતપન, અંતર્મુખ રહીને જે પ્રતપન એને તપ કહે છે. લ્યો! આ તપ... **'પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં સદા અંતર્મુખ રહીને...'** આહાહા..! **'જે પ્રતપન...'** એમાં એકાગ્રતાની જે શુદ્ધતા તે તપ છે. આહાહા..! તે પ્રાયશ્ચિત્ત છે. આહાહા..! ક્રિયાકાંડની બધી વાત કાઢી નાખી. એક સ્વદ્રવ્યનો આશ્રય કરી એકાગ્ર થાય એ જ પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે, ધર્મ કહેવામાં આવે છે. **'એમ કહ્યું છે.'** ત્યાં સુધી આવ્યું હતું.

હવે **'અનાદિ સંસારથી જ ઉપાર્જિત દ્રવ્યભાવાત્મક શુભાશુભ કર્મોનો...'** દ્રવ્યકર્મ અને

ભાવકર્મ એવા શુભ અને અશુભકર્મોનો સમૂહ. આહાહા..! **'અનાદિ સંસારથી જ ઉપાર્જિત...'** એમ કહે છે. ... અનાદિ છે ને? કર્મ તો સીત્તેર ક્રોડાક્રોડીનું છે. એ અનાદિનું હોય નહિ પણ કર્મની પરંપરા આમ ને આમ ચાલી આવે છે. એથી **'અનાદિ સંસારથી જ ઉપાર્જિત દ્રવ્યભાવાત્મક શુભાશુભ કર્મનો સમૂહ–કે જે પાંચ પ્રકારના (–પાંચ પરાવર્તનરૂપ) સંસારનું સંવર્ધન કરવામાં સમર્થ છે...'** દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ ને ભાવ એવા પાંચ પ્રકારના પરાવર્તન કરવામાં એ સમર્થ છે. આહાહા..! શુભભાવ, એ પણ પાંચ પ્રકારના સંસારમાં સંવર્ધન કરવાનું કારણ છે. શુભભાવથી કાંઈ આત્મામાં લાભ થાય એમ નથી કહ્યું.

**'તે–ભાવશુદ્ધિલક્ષણ...'** ભાવશુદ્ધિ એટલે શુભાશુભ રહિત. **'(ભાવશુદ્ધિ જેનું લક્ષણ છે એવા) પરમતપશ્ચરણથી વિલય પામે છે;...'** આહાહા..! પાંચ પ્રકારના પરિભ્રમણ એ આ શુદ્ધભાવથી..... છે ને? **'(ભાવશુદ્ધિ જેનું લક્ષણ છે એવા) પરમતપશ્ચરણથી વિલય પામે છે;...'** શુદ્ધભાવ શુભ-અશુભભાવ રહિત. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિના શુભ પરિણામ એ બંધનનું કારણ છે. એનાથી રહિત જે શુદ્ધ પરાવર્તન... આહાહા..! **'પરમતપશ્ચરણથી વિલય પામે છે;...'** પાંચ પરાવર્તન એમાં નાશ પામે છે. આહાહા..!

**'તેથી સ્વાત્માનુષ્ઠાનનિષ્ઠ (–નિજ આત્માના આચરણમાં લીન)...'** આહાહા..! 'નિયમસાર'માં કેટલીક વાત તો 'સમયસાર' કરતાં પણ ઉત્કૃષ્ટ કરી નાખી છે. **'(–નિજ આત્માના આચરણમાં...'** ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ, અનાદિઅનંત શાશ્વત એવો નિજ પરમાત્મા, તેના આચરણમાં લીન. આહાહા..! પરમતપશ્ચરણ. એને **'પરમતપશ્ચરણ જ શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત્ત છે...'** આહાહા..! ભગવાન પરમાનંદ પરમપારિણામિક સ્વભાવ, ત્રિકાળ કારણ સ્વભાવ, એમાં લીનતા... આહાહા..! એ જ શુભાશુભભાવના પરાવર્તનના નાશનું કારણ છે. શુભના નાશનું કારણ એ છે. (શુભભાવ) પોતાની શાંતિને નાશ કરે છે. આ શાંતિ શુભને નાશ કરે છે. આહાહા..! **'(–નિજ આત્માના આચરણમાં લીન) પરમતપશ્ચરણ...'** એ પરમતપસ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :– આ પરમતપશ્ચરણ છે તો એનાથી હલકું કોઈ તપશ્ચરણ હશે?

ઉત્તર :– પરમતપશ્ચરણ જ આ છે. હલકું તપ ... નામ માત્ર આપે અનશન, ઉણોદરી.. વસ્તુ જ આ છે. પરમમાં વળી નીચે કોઈ બીજો છે એમ નથી. આ જ પરમતપશ્ચરણ છે. જ. જુઓ! આત્મામાં આચરણની લીનતા એ જ પરમતપશ્ચરણ છે. **'શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત છે એમ કહેવામાં આવ્યું છે.'** આહાહા..! એક એક શ્લોકે બાર અંગનો સાર ભરી દીધો છે.

મુમુક્ષુ :– જઘન્ય તપ શ્રાવકને, ઉત્કૃષ્ટ તપ મુનિને.

ઉત્તર :– બીજા તપ જ નથી. આ એક જ તપ છે. આત્મા આનંદમૂર્તિ કારણપરમાત્મા, તેમાં લીનતા તે એક જ તપ છે. એક જ પરમ તપ છે.

મુમુક્ષુ :– આત્મામાં લીનતા તો .. હોય ને?

ઉત્તર :– ... શુભ પરિણામ થાય એ બંધનું કારણ છે. સંસાર છે. આહાહા..! 'નિયમસાર'ની કેટલીક વ્યાખ્યા 'સમયસાર'થી પણ બહુ ઊંચી છે. ટીકાકાર આચાર્યે અંતરમાંથી કાઢીને જોયું. એને તપસ્યા કહીએ એમ કહે છે. આત્માના આનંદના અનુભવમાં આનંદની ઉગ્રતા વેદે, અતીન્દ્રિય આનંદની ઉગ્રતા (વેદે) એને પરમતપશ્ચર્યા કહીએ. આહાહા..! લીનતા ન થઈ... આહાહા..! આવી વાતું છે. લોકો પછી એકાંત કહે. આહાહા..!

**'[હવે આ ૧૧૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'**

## શ્લોક–૧૮૯

(मंदाक्रांता)

**प्रायश्चित्तं न पुनरपरं कर्म कर्मक्षयार्थं**
**प्राहुः सन्तस्तप इति चिदानंदपीयूषपूर्णम्।**
**आसंसारादुपचित्तमहत्कर्मकान्तारवह्नि-**
**ज्वालाजालं शमसुखमयं प्राभृतं मोक्षलक्ष्म्याः।।१८९।।**

**[શ્લોકાર્થ :–] જે (તપ) અનાદિ સંસારથી સમૃદ્ધ થયેલી કર્મોની મહા અટવીને બાળી નાખવા માટે અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે, શમસુખમય છે અને મોહલક્ષ્મી માટેની ભેટ છે, તે ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપને સંતો કર્મક્ષય કરનારું પ્રાયશ્ચિત્ત કહે છે, પરંતુ અન્ય કોઈ કાર્યને નહિ. ૧૮૯.**

## શ્લોક–૧૮૯ ઉપર પ્રવચન

**प्रायश्चित्तं न पुनरपरं कर्म कर्मक्षयार्थं**
**प्राहुः सन्तस्तप इति चिदानंदपीयूषपूर्णम्।**
**आसंसारादुपचित्तमहत्कर्मकान्तारवह्नि-**
**ज्वालाजालं शमसुखमयं प्राभृतं मोक्षलक्ष्म्याः।।१८९।।**

**શ્લોકાર્થ :-** આહાહા..! **'જે (તપ) અનાદિ સંસારથી સમૃદ્ધ થયેલી કર્મોની મહા અટવી...'** આહાહા..! કર્મની મોટી અટવી. આહાહા..! જંગલ. અનાદિકાળથી પુણ્ય અને પાપ... પુણ્ય અને પાપ... પુણ્ય અને પાપ... પુણ્ય તો કોઈ વખતે હોય. બાકી તો પાપ ને પાપ આખો

દિ'. આહાહા..!

મુમુક્ષુ :– એની સાથે મિથ્યાત્વનું પાપ સેવ્યું છે.

ઉત્તર :– મિથ્યાત્વનું પાપ જ સેવ્યા કરે છે. ધર્મને નામે મિથ્યાત્વનું (પાપ સેવે છે). ક્રિયાકાંડ કરે ને માને કે મને ધર્મ થયો. આહાહા..!

**'જે (તપ) અનાદિ સંસારથી સમૃદ્ધ થયેલી કર્મોની મહા અટવીને બાળી નાખવા માટે અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે,...'** આહાહા..! જે સંસાર અશુદ્ધભાવ, એના પેટા ભેદ શુભાશુભ બેય, એ સંસારની વૃદ્ધિનું કારણ છે. એને નાશ કરવાને ચૈતન્યની અંતર લીનતા, શુદ્ધ પરમપારિણામિકભાવની લીનતા એ એનો નાશ કરી નાખે. બાકી બીજો કોઈ ઉપાય છે નહિ. આહાહા..! આવી વાત છે. (અગ્નિની) **'જ્વાળાના સમૂહ સમાન છે, શમસુખમય છે...'** આહાહા..! કોણ? તપ. એ આ તપ. અંતર આનંદસ્વરૂપમાં મગ્ન–લીનતા. અતીન્દ્રિય આનંદસ્વરૂપમાં મશગુલ. અતીન્દ્રિય આનંદનો નાથ આત્મા... એ જ કર્મોની અટવીને બાળી નાખવા અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે. આહાહા..!

અહીં તો એક અપવાસ કરે તો આમ થાય, એક અપવાસ .. ત્રણ કરે તો આમ થાય. ... મિથ્યાત્વનું પાપ છે. પુણ્યને ધર્મ માને છે. અમે ધર્મ કરીએ છીએ. મિથ્યાત્વ છે. સંસાર છે. એ 'બલુભાઈ'એ કર્યું છે ને. ક્યાં નથી કર્યું?

મુમુક્ષુ :– 'બલુભાઈ'ને ખબર પડી ને કે શું કર્યું અમે.

ઉત્તર :– એમાં કાંઈ પુણ્ય બંધાય? એમ કહે છે. પાપ બંધાય.

મુમુક્ષુ :– મિથ્યાત્વનું પાપ છે.

ઉત્તર :– એને પોતાને ધર્મ માને છે ને. ખરેખર તો મિથ્યાત્વ વધી ગયું. શુભભાવ અંદર છે પણ એ તો ક્યાંય ગૌણ રહી ગયો. મિથ્યાત્વના પાપની વૃદ્ધિ થઈ ગઈ. આહાહા..! ચૈતન્યમૂર્તિ આનંદનાથ, એના તરફની સન્મુખતા છોડીને બહારમાં સન્મુખતામાં રહેનાર એકલું મિથ્યાત્વ બાંધે છે. આહાહા..! ઝીણી વાત છે.

સ્વરૂપ અંદર ભગવાનઆત્મા પરમ આનંદનો સાગર, પરમ અતીન્દ્રિય જ્ઞાન અને શાંતિનો સાગર છે, દરિયો છે. પુણ્ય અને પાપના વલણથી છૂટી એમાં લીન થવું એ સંસારના નાશ થવાનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. આહાહા..! **'શમસુખમય છે...'** એ સમતા સુખમય છે. સમતાવાળું સુખમય છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા, એમાં લીનતા એ શમસુખમય છે. આહાહા..! એનું નામ તપશ્ચર્યા કહેવાય છે. એનું નામ પ્રાયશ્ચિત કહેવાય છે. આહાહા..!

**'શમસુખમય છે...'** શમસુખમય છે તે. સમતાવાળું સુખ છે, વીતરાગભાવવાળું સુખ છે. આહાહા..! કેમકે આત્મા વીતરાગમૂર્તિ... કાલે સાંજે કહ્યું નહોતું? 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. મતમદિરા કે પાનસો મતવાલા સમજે ન.' 'ઘટ ઘટ અંતર

જિન વસે...' જિન છે. આત્મા તો જિનસ્વરૂપે જ બિરાજમાન છે. અને એનું ભાન કરનાર 'ઘટ ઘટ અંતર જૈન વસે.' એ ઘટમાં જૈનપણું આવે છે. એ જિનનું ભાન થતાં... એ પણ કદી સાંભળ્યું ન હોય. આત્મા જિન છે. જિન તો થાય ત્યારે થાય. વીતરાગ. એ તો વીતરાગ તો પર્યાયે થાય ત્યારે થાય. પર્યાય થઈ ક્યાંથી? એ જિનસ્વરૂપ જ, વીતરાગસ્વરૂપ જ છે. આહાહા..! જિનસ્વરૂપે 'ઘટ ઘટ અંતર જિન વસે...' ઘટ ઘટ અંતર ભગવાન વસે છે. અને એની સન્મુખની આનંદની દશા તે જૈનદશા, એ જિનની જૈનદશા. એ કોઈ વાડો નથી, પક્ષ નથી. એ અંતરની વાતું છે.

અહીં કહે છે, '**શમસુખમય છે...**' આહાહા..! કોણ? '**કર્મોની મહા અટવીને બાળી નાખવા માટે અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે, શમસુખમય છે...**' સમતાવાળું સુખ છે. એનાથી એ કર્મોનો નાશ થાય છે. સમતા આત્માના વીતરાગતત્ત્વને પકડીને સમતા થાય તે. એકલી બહારની ક્ષમા રાખે એ તો પુણ્યનું કારણ, સંસાર રખડવાનું કારણ છે. દેશ માટે આ મરે છે ને? શું કહેવાય? શહિદ થાય. મર્યા છે ને? ઘણા મર્યા છે. બધા ચાર ગતિમાં રખડવાના છે. આકરી વાત છે. એક પ્રભુ ચૈતન્યમૂર્તિ આનંદનો સાગર, એને અવલંબીને જે નિર્મળ દશા થાય એ ધર્મ અને એ મુક્તિનો માર્ગ છે. બાકી બધી વાતું છે. આહાહા..!

'**અને મોક્ષલક્ષ્મી માટેની ભેટ છે,...**' આહાહા..! શું? તપ. કેવું તપ? જે શમસુખમય શાંતિવાળું છે. વીતરાગી પર્યાયમાં આનંદ સાથે આવે છે તે '**મોક્ષલક્ષ્મી માટેની ભેટ છે,...**' હવે મોક્ષલક્ષ્મી અલ્પકાળમાં છે એની ભેટ થાય છે. આહાહા..! ભવભ્રમણનો અંત હવે છે અને મોક્ષલક્ષ્મીની ભેટ છે. આહાહા..! શબ્દો એવા વાપર્યા છે. '**તે ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપને...**' હવે આ તપ. આવું તપ હોય એમ કહે છે. એ તપમાં જ્ઞાનાનંદરૂપી અમૃતથી ભરેલો હોય. કહો, 'બલુભાઈ'! શું? જે તપમાં ચિદાનંદ જ્ઞાનાનંદ અતીન્દ્રિય આનંદમૂર્તિ અમૃતથી ભરેલો... આહાહા..! એને તપ કહીએ. બાકી બધી લાંઘણું છે. આહાહા..!

શું કહ્યું? '**ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપને સંતો કર્મક્ષય કરનારું પ્રાયશ્ચિત્ત કહે છે,...**' આહાહા..! તીર્થંકરો, ગણધરો અને મુનિરાજો એ જ્ઞાનાનંદરૂપી અમૃતથી ભરેલો... આહાહા..! જ્ઞાનરૂપી આત્મા, એનો અમૃતરૂપી આનંદ, એનાથી ભરેલું તપ. આહાહા..! '**ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપ...**' આહાહા..! જ્ઞાનાનંદ. અંતર જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેને અવલંબીને '**ચિદાનંદરૂપી અમૃતથી ભરેલો...**' આહાહા..! એને તપ કહીએ. આહાહા..! એમાં છે ને? વાંચ્યું હતું કે દિ' ત્યાં?

'**ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપને સંતો...**' તીર્થંકરો, મુનિઓ '**કર્મક્ષય કરનારું પ્રાયશ્ચિત્ત કહે છે,...**' આહાહા..! એને કર્મના નાશ કરનારું પ્રાયશ્ચિત્ત કહે છે. ઉપવાસ કરે એ પ્રાયશ્ચિત્ત છે, તપ છે, તપ છે તે નિર્જરા છે એમ નહિ. આહાહા..! બાર પ્રકારના તપ કરે,.. એક આર્જિકા કહેતી હતી. એ બીજી બધી વાત પણ તપસ્યા તો આ અપવાસ કરવો

એ અનશન અને એ તપ છે. બીજા સાથે વાત થઈ હતી. બીજું ભલે તમે ગમે તે કહો પણ તપસ્યા અને અનશન, ઉણોદરી એ તપસ્યા છે અને એક અપવાસ કરવો તે તપસ્યા છે અને તપસ્યા છે તે નિર્જરા છે. આહાહા..! એક અપવાસ કરતા નિર્જરા થઈ જાય? તારો વખત ચાલ્યો જાય. આહાહા..!

અહીં તો કહે છે, **'ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપને...'** આત્માના આનંદના જ્ઞાનથી ભરેલું તપ, તે તપને તપ કહીએ. આહાહા..! એકાસણું કરે એટલે જાણે તપ થઈ ગયું. અઠ્ઠમ કરે, આઠ દિ'ના નકોડા પાણી પીધા વિના અપવાસ કરે. બહુ તપસ્યા કરે.

મુમુક્ષુ :– માથે પાછો પોર ચડાવે.

ઉત્તર :– પોર ચડાવે વધારે. .એ તો ઠીક પણ .. કરે. મહિનાના અપવાસ કરે. આહાહા..! અપવાસ કરે અને પછી છેવટે જરી સૂંઠ ચોપડે. અઠ્ઠમ કરવો પડે ત્યારે વર્ષીતપમાં છેલ્લે. બહાર પડે તો બધા ભેગા થઈને ગાણા ગાય. પછી વહેંચે. થઈ ગયા તપ. આહાહા..! મૂર્ખાઈ ભરેલું તપ છે. જેમાં ચિદાનંદ, જ્ઞાનાનંદનો રસ આવ્યો નહિ, જેમાં ચિદાનંદ, જ્ઞાનના આનંદનો રસ આવ્યો નહિ એ તપ નહિ. આહાહા..! બહુ ચોખ્ખી વાત છે. આહાહા..!

વસ્તુ છે ને? વસ્તુ છે એ પોતે બીજાને જણાવે છે કે આ... આ... આ... એ જાણનારું તત્ત્વ પોતે જ સ્વતંત્ર પરથી ભિન્ન છે. એવું જાણનારું તત્ત્વ, એને જ્ઞાયકભાવરૂપે જાણીને આનંદમાં રહેવું, અતીન્દ્રિય આનંદમાં લીનતા (કરવી) તે કર્મક્ષયનું કારણ સંતો કહે છે. અને તેને કર્મક્ષયનું કારણ તપશ્ચર્યા કહે છે. આહાહા..! ... આવે છે ને? કષાય...

મુમુક્ષુ :– વિષય, કષાયા..

ઉત્તર :– વિષય, કષાયા.. આહાહા..! વિષય કષાય.... આહાહા..!

જેમાં રાગના વિકલ્પનો નાશ (થાય) અને જેમાં આત્મા આનંદનો નાથ એવો નિર્વિકલ્પ પ્રભુ, એનો જે આનંદનો રસ એ ચિદાનંદ રસ (ઉપજે) એને અહીંયાં તપ કહેવામાં આવે છે. ચિદાનંદના રસને તપ કહેવામાં આવે છે. આહાહા..! છે? **'ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા...'** આહાહા..!

મુમુક્ષુ :– ઓલો અપવાસ તો ઝેરથી ભરેલો.

ઉત્તર :– .. આ તો અમૃતથી ભરેલો છે. આહાહા..!

**'ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપને સંતો કર્મક્ષય કરનારું પ્રાયશ્ચિત્ત કહે છે,...'** હવે અસ્તિ નાસ્તિ કરે છે. **'પરંતુ અન્ય કોઈ કાર્યને નહિ.'** એ સિવાય કોઈ પણ કાર્યથી એ કર્મ ક્ષય થાય એ ત્રણકાળમાં નથી.

મુમુક્ષુ :– એક જ રીત.

ઉત્તર :– એક જ વાત.

પરમાનંદનો નાથ ચિદાનંદ પ્રભુ, 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન,

મતમદિરા કે પાન સો...' પણ પોતાના મતના દારૂ પીધા (હોય) એને લઈને આગળ ચાલતો નથી. 'મતવાલા સમજે ન.' મતવાલા મદ ગાંડા પાગલ થઈ ગયા છે. આહાહા..! એ સમજે નહિ કહે કે આ આત્મા અંદર ભિન્ન છે એનું જ્ઞાન ને આનંદ કરવો એ ધર્મ છે. આહાહા..! 'મતવાલા સમજે ન.' 'મતમદિરા...' મત એટલે પોતાના પક્ષનું અભિમાન અને પોતાના પક્ષને પકડ્યો, પક્ષને સિદ્ધ કરવા મથે. આહાહા..!

**'પરંતુ અન્ય કોઈ કાર્યને નહિ.'** ચિદાનંદરૂપી અમૃતથી ભરેલાને તપ કહેવું. એ સિવાય કોઈને કાંઈ તપ અને ક્રિયા ચારિત્ર કહેવું નહિ. આહાહા..! આવી વાત છે. લોકોને આકરું લાગે. બિચારાને સાંભળવા મળે નહિ, શું કરે? આખો દિ' સંસારની મજૂરી કરે. નવરો થાય તો એક કલાક સાંભળવા જાય ત્યાં પાપની વાતું કરે. આ તપસ્યા કરો, અપવાસ કરો, આ કરો... આ કરો... આ કરો..

અહીં તો કહે છે કે ચિદાનંદ જ્ઞાન ભગવાન નિત્યાનંદ પ્રભુ, એના અમૃતથી ભરેલો ભાવ, ચિદાનંદનો અમૃતથી ભરેલો ભાવ... આહાહા..! તે તપ છે. અને તે તપ કરવાની વાત છે. આહાહા..! બાર ભેદ છે એ શું છે ત્યારે? અનશન, ઉણોદરી વૃત્તિપરિસંખ્યાન...શું છે? અભ્યંતર તપ એ મુનિ ... આ વિનાની બધી વાતું એકડા વિનાના મીંડા છે. આહાહા..!

## ગાથા-૧૧૯

अप्पसरूवालंबणभावेण दु सव्वभावपरिहारं।
सक्कदि कादुं जीवो तम्हा झाणं हवे सव्वं।।११९।।

आत्मस्वरूपालम्बनभावेन तु सर्वभावपरिहारम्।
शक्नोति कर्तुं जीवस्तस्माद् ध्यानं भवेत् सर्वम्।।११९।।

अत्र सकलभावानामभावं कर्तुं स्वात्माश्रयनिश्चयधर्मध्यानमेव समर्थमित्युक्तम्।

अखिलपरद्रव्यपरित्यागलक्षणलक्षिताक्षुण्णनित्यनिरावरणसहजपरमपारिणामिकभावभावनया भावान्तराणां चतुर्णामौदयिकौपशमिकक्षायिकक्षायोपशमिकानां परिहारं कर्तुमत्यासन्नभव्यजीवः समर्थो यस्मात्, तत एव पापाटवीपावक इत्युक्तम्। अतः पंचमहाव्रतपंचसमितित्रिगुप्ति-प्रत्याख्यानप्रायश्चित्तालोचनादिकं सर्वं ध्यानमेवेति।

---

આત્મસ્વરૂપ અવલંબનારા ભાવથી સૌ ભાવને
ત્યાગી શકે છે જીવ, તેથી ધ્યાન તે સર્વસ્વ છે. ૧૧૯.

અન્વયાર્થ :– [ आत्मस्वरूपालम्बनभावेन तु ] આત્મસ્વરૂપ જેનું આલંબન છે એવા

ભાવથી [ जीवः ] જીવ [ सर्वभावपरिहारं ] સર્વભાવોનો પરિહાર [ कर्तुम् शक्नोति ] કરી શકે છે, [ तस्मात् ] તેથી [ ध्यानम् ] ધ્યાન તે [ सर्वम् भवेत् ] સર્વસ્વ છે.

ટીકા :– અહીં (આ ગાથામાં), નિજ આત્મા જેનો આશ્રય છે એવું નિશ્ચય-ધર્મધ્યાન જ સર્વ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે એમ કહ્યું છે.

સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત અખંડ-નિત્યનિરાવરણ-સહજ-પરમપારિણામિકભાવની ભાવનાથી ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક એ ચાર ભાવાંતરોનો *પરિહાર કરવાને અતિ-આસન્નભવ્ય જીવ સમર્થ છે, તેથી જ તે જીવને પાપાટવીપાવક (–પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ) કહ્યો છે; આમ હોવાથી પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત, આલોચના વગેરે બધું ધ્યાન જ છે (અર્થાત્ પરમપારિણામિક ભાવની ભાવનારૂપ જે ધ્યાન તે જ મહાવ્રત પ્રાયશ્ચિત્તાદિ બધુંય છે).

## ગાથા–૧૧૯ ઉપર પ્રવચન

ગાથા–૧૧૯.

अप्पसरूवालंबणभावेण दु सव्वभावपरिहारं।
सक्कदि कादुं जीवो तम्हा झाणं हवे सव्वं।।११९।।

આત્મસ્વરૂપ અવલંબનારા ભાવથી સૌ ભાવને
ત્યાગી શકે છે જીવ, તેથી ધ્યાન તે સર્વસ્વ છે. ૧૧૯.

* અહીં ચાર ભાવોના પરિહારમાં ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાયનો પણ પરિહાર (ત્યાગ) કરવાનું કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે : શુદ્ધાત્મદ્રવ્યનું જ–સામાન્યનું જ–આલંબન લેવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય પ્રગટે છે. ક્ષાયિકભાવનું–શુદ્ધ પર્યાયનું (વિશેષનું)–આલંબન કરવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય કદી પ્રગટતો નથી. માટે ક્ષાયિકભાવનું પણ આલંબન ત્યાજ્ય છે. આ જે ક્ષાયિકભાવના આલંબનનો ત્યાગ તેને અહીં ક્ષાયિકભાવનો ત્યાગ કહેવામાં આવ્યો છે. અહીં એમ ઉપદેશ્યું કે–પરદ્રવ્યોનું અને પરભાવોનું આલંબન તો દૂર રહો, મોક્ષાર્થીએ પોતાના ઔદયિકભાવોનું (સમસ્ત શુભાશુભભાવાદિકનું), ઔપશમિકભાવોનું (જેમાં કાદવ નીચે બેસી ગયેલ હોય એવા જળ સમાન ઔપશમિક સમ્યક્ત્વાદિનું), ક્ષાયોપશમિકભાવોનું (અપૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ પર્યાયોનું) તેમ જ ક્ષાયિકભાવોનું (ક્ષાયિક સમ્યક્ત્વાદિ સર્વથા શુદ્ધ પર્યાયોનું) પણ આલંબન છોડવું; માત્ર પરમપારિણામિકભાવનું—શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનું–આલંબન લેવું. તેને આલંબનારો ભાવ જ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, પ્રતિક્રમણ, આલોચના, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત વગેરે બધુંય છે. (આત્મસ્વરૂપનું આલંબન, આત્મસ્વરૂપનો આશ્રય, આત્મસ્વરૂપ પ્રત્યે સંમુખતા, આત્મસ્વરૂપ પ્રત્યે વલણ, આત્મસ્વરૂપ પ્રત્યે ઝોક, આત્મસ્વરૂપનું ધ્યાન, પરમપારિણામિકભાવની ભાવના, 'હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્યસામાન્ય છું' એવી પરિણતિ—એ બધાંનો એક અર્થ છે.)

**ટીકા :-** આહાહા..! **'અહીં (આ ગાથામાં), નિજ આત્મા જેનો આશ્રય છે...'** જોયું? પોતાનો આત્મા. પરનો આત્મા ભગવાનનો પણ નહિ, પંચ પરમેષ્ઠીનો આત્મા નહિ. આહાહા..! એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યનો આશ્રય કરવા જશે ત્યાં રાગ થશે. આહાહા..! **'નિજ આત્મા જેનો આશ્રય છે એવું નિશ્ચયધર્મધ્યાન...'** જોયું? ધર્મધ્યાનમાં નિશ્ચયધર્મધ્યાન લીધું. શુભરાગને કોઈ વખતે વ્યવહાર ધર્મધ્યાન કહે છે. એ નહિ. આહાહા..! **'નિજ આત્મા જેનો આશ્રય છે...'** આધાર છે, અવલંબન છે. **'એવું નિશ્ચયધર્મધ્યાન જ સર્વ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે...'** સંસારમાં રખડવાના સર્વ ભાવ, એનો અભાવ કરવામાં સમર્થ છે એમ કહ્યું છે. એમ ભગવાને કહ્યું છે. આહાહા..! અલકમલકની વાત. એમ આ અગમ્યગમ્યની વાતું. અરે..રે..! આહાહા..! સંપ્રદાયમાં તો કોઈ દિ' સાંભળવા મળે નહિ. આહાહા..!

અંદર ભગવાન બિરાજે છે. જૈન જિનસ્વરૂપે તું છો. 'ઘટ ઘટ અંતર જિન...' જિન એટલે વીતરાગસ્વરૂપ જ તું અંદર છો. પર્યાયમાં જે રાગાદિ છે એ પર છે. આખું દ્રવ્ય તો વીતરાગસ્વરૂપ જ છે. આહાહા..! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' એ જિનને અંદરમાં કબુલે–અનુભવે એનું નામ જૈન. જૈન કોઈ અપવાસ કરે, ફલાણું કરે, ચોવિહાર કરે માટે જૈન, એમ જૈન નહિ. આહાહા..! ભારે આકરી વાતું. આહાહા..!

**'નિજ આત્મા જેનો આશ્રય છે એવું નિશ્ચયધર્મધ્યાન જ...'** જ એકાંત કર્યું છે. કથંચિત્ આ અને કથંચિત્ વ્યવહાર એમ નથી. આનાથી છે અને બીજાથી નથી એ અનેકાંત છે. પેલા અનેકાંત આમ ઠરાવે કે નિશ્ચયથી પણ છે, વ્યવહારથી પણ છે. ઉપાદાનથી પણ છે અને નિમિત્તથી પણ છે. એનું નામ અનેકાંત છે. એ અનેકાંત નથી, એ તો એકાંત મિથ્યાત્વ છે. આહાહા..! અહીં તો નિશ્ચયથી છે અને વ્યવહારથી નથી. એ આવ્યું ને? ઓલામાં કહ્યું હતું. પરંતુ અન્ય કોઈ કારણે નહિ. અન્ય કોઈ કારણે નહિ. એમાં બધું આવી ગયું. બહારના કોઈ પણ કાર્ય નહિ. આહાહા..! આ વર્ષીતપ કરે અને પછી એને ઊજવે. પાંચ-દસ લાખ ખર્ચે. છેવટે ઢોંગ કરે. અઠ્ઠમ કરે (ત્યારે કહે) માથું જરાક દુઃખે છે. માણસો ભેગા થાય ને પૂછે... આહાહા..! અપવાસ આકરો છે. એ બધી લાંઘણું છે. આહાહા..!

પરમાનંદરૂપી ભગવાનઆત્મા એનો સ્વભાવ અને **'નિશ્ચયધર્મધ્યાન જ સર્વ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે એમ કહ્યું છે.' 'સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...'** આહાહા..! સમસ્ત પરદ્રવ્યોનો પરિત્યાગ. પરિત્યાગ એટલે સમસ્ત પ્રકારે ત્યાગ. આહાહા..! જેમાં દેવ-ગુરુ ને શાસ્ત્ર પણ ત્યાગ. આહાહા..! પરદ્રવ્યમાં બધું આવી ગયું. **'સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...'** આવા લક્ષણથી લક્ષમાં લેવા લાયક. **'અખંડ નિત્યનિરાવરણ...'** આહાહા..! **'સહજ-પરમપારિણામિકભાવની ભાવના...'** આહાહા..! **'સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...'** એવા લક્ષણથી જાણવાલાયક. લક્ષણથી લક્ષિત એટલે જાણવાલાયક. **'અખંડ-નિત્યનિરાવરણ...'** આહાહા..! ભગવાન અંદર અખંડ છે, નિત્યનિરાવરણ છે.

આત્મદ્રવ્યને આવરણ છે જ નહિ. એ તો સકળ નિરાવરણ પ્રભુ અંદર છે.

એક સમયની પર્યાયમાં રાગને પોતાનો માન્યો છે એ રાગ અને સ્વભાવ વચ્ચે પણ સાંધ છે. એક નથી. ફક્ત માન્યતા ઊભી કરી છે. આહાહા..! ભગવાનઆત્મા અને રાગ–દયા, દાનના વિકલ્પની વચ્ચે સાંધ છે. એક નથી. પણ અનાદિથી એ એક માનીને રખડી રહ્યો છે. આહાહા..! કેમ ફેર છે? પાંચ મિનિટનો. અહીં ચાર ને પાંચ થઈ. હવે શું કહે છે?

**'સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...'** બધા પરદ્રવ્યના ત્યાગમાં કોઈ પરદ્રવ્ય નહિ. રાગ નહિ, ભગવાન નહિ, પરમેશ્વર નહિ, સિદ્ધ નહિ, કોઈ નહિ. આહાહા..! **'સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગ...'** પરિત્યાગ–સમસ્ત પ્રકારે ત્યાગ. એકલો ત્યાગ નહિ. આહાહા..! એવા **'લક્ષણથી લક્ષિત...'** એવા પરિત્યાગના લક્ષણથી જણાવાલાયક, જાણવાલાયક. **'અખંડ-નિત્યનિરાવરણ-...'** આહાહા..! વસ્તુ પોતે અખંડ છે. એમાં ગુણ-ગુણીનો ભેદ પણ નથી. એવી ચીજ અખંડ છે. આહાહા..! અખંડ નિત્યનિરાવરણ અને ત્રિકાળી નિરાવરણ છે. એવા ભગવાનને અંદર આવરણ છે જ નહિ. આહાહા..! એ તો એક સમયની પર્યાયમાં બધી સંસારની રમતું છે. વસ્તુમાં આવરણ છે નહિ. વસ્તુમાં આવરણ હોય તો વસ્તુ અવસ્તુ થઈ જાય. આહાહા..! પર્યાયમાં રાગ હોય તો રાગનો અભાવ થઈને શાંતિ ન રહે. ત્રિકાળને આવરણ હોય તો દ્રવ્ય જ ન રહે. આહાહા..!

નિત્યનિરાવરણ. આહાહા..! ભગવાનઆત્મા અંદર નિત્યનિરાવરણ છે. **'સહજ-પરમપારિણામિકભાવની...'** સ્વભાવિક પરમપારિણામિકભાવ, એની ભાવના, એની ભાવનાથી, એની એકાગ્રતાથી **'ઔદયિક,...'** કર્મનો જે ઉદય, કર્મનો **'ઔપશમિક,...'** કર્મનો **'ક્ષાયિક, અને...'** કર્મનો **'ક્ષાયોપશમિક એ ચાર ભાવાંતરોનો...'** ચાર ભાવાંતરો. આહાહા..! પરમપારિણામિક સ્વભાવ ચિદાનંદસ્વરૂપ, એના ભાવથી આ ચાર ભાવ ભાવાંતર છે–અનેરા ભાવ છે. આહાહા..! **'ચાર ભાવાંતરોનો પરિહાર કરવાને..'** આહાહા..! ક્ષાયિકભાવને પરિહાર કરવાને સમર્થ છે.

મુમુક્ષુ :– આશ્રય...

ઉત્તર :– અહીં આશ્રય આત્માનો છે ને. પરમપારિણામિક સ્વભાવનો આશ્રય છે. ચાર પર્યાયનો આશ્રય નથી. પર્યાય આશ્રય લેવા લાયક નથી. ચાહે તો ક્ષાયિક પર્યાય હોય. આહાહા..! પાંચ પરમેષ્ઠી તો આશ્રય કરવાને લાયક નથી. તારો ક્ષાયિકભાવ એ પણ આશ્રય કરવા લાયક નથી.

એ **'ભાવાંતરોનો પરિહાર કરવાને...'** એને છોડવાને. નીચે ખુલાસો કર્યો છે. **'અહીં ચાર ભાવોના પરિહારમાં ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય...'** ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય છે. એનો **'પણ પરિહાર કરવાનું કહ્યું છે. તેનું કારણ આ પ્રમાણે છે : શુદ્ધાત્મદ્રવ્યનું જ—'** અંશીનું ત્રિકાળી ભગવાનનું... આહાહા..! ધ્રુવ ધ્રુવ પ્રભુ નિત્ય એનું **'આલંબન લેવાથી ક્ષાયિકભાવરૂપ**

**શુદ્ધ પર્યાય પ્રગટે છે.'** આહાહા..! બધી વાતું ઝીણી બહુ. અજાણ્યા માણસને તો એમ લાગે આ તે શું છે? આવો ધર્મ? ક્ષાયિકભાવ! ક્ષાયિકભાવ છોડવાનો. એટલેકે એનો આશ્રય કરવા લાયક નથી. આહાહા..! ક્ષાયિકભાવ પર્યાય છે. પર્યાયનો આશ્રય કરવા જાય તો રાગ થશે. આહાહા..!

મુમુક્ષુ :– આપ પણ બહુ સૂક્ષ્મ કહો છો એ પકડાવું કઠણ પડે છે.

ઉત્તર :– કઠણ, એવું છે, ભાઈ! કોઈ દિ' અભ્યાસ નહિ. અને અત્યારે એ વાત ચાલતી નથી. સંપ્રદાયમાં એ વાત ચાલતી નથી. છે, ખબર છે. ૨૧ વર્ષ સંપ્રદાયમાં રહ્યા. ૨૩ વર્ષ ગૃહસ્થાશ્રમમાં. ૨૧ વર્ષ સંપ્રદાયમાં. અહીં ૪૫ થયા. ૯૦ થયા. ૪૫ વર્ષની ઉંમરે આવ્યા છીએ. ૪૫ વર્ષ અહીં જંગલમાં ગાળ્યા. ૯૧મું બેઠું આ. ૯૧મું ચાલે છે. વૈશાખ સુદ ૨, ૯૧મું વર્ષ બેઠું. આહાહા..!

**'ચાર ભાવોના પરિહારમાં ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાયનો પણ પરિહાર (ત્યાગ) કરવાનું કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે : શુદ્ધાત્મદ્રવ્યનું જ–સામાન્યનું જ–આલંબન લેવાથી...'** અંશી એટલે દ્રવ્ય વસ્તુ ત્રિકાળ. પર્યાય પણ નહિ. ક્ષાયિકપર્યાય પણ નહિ. આહાહા..! એને ઠેકાણે શુભરાગ, એનાથી ધર્મ થાય અને હળવે હળવે થશે, એ તો બધું મિથ્યાત્વનું પોષણ છે. આહાહા..! **'શુદ્ધાત્મદ્રવ્યનું જ—સામાન્યનું જ—આલંબન લેવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય પ્રગટે છે. ક્ષાયિકભાવનું—શુદ્ધ પર્યાયનું (વિશેષનું)—આલંબન કરવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય કદી પ્રગટતો નથી.'** ક્ષાયિકભાવને આશ્રયે ક્ષાયિકભાવ પ્રગટતો જ નથી. ક્ષાયિકભાવના આશ્રયે વિકલ્પ આવે છે. આહાહા..! બહુ આકરું કામ. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ તો નહિ પણ ક્ષાયિકભાવ જે સમકિત ક્ષાયિક થયું... આહાહા..! કેવળજ્ઞાન ક્ષાયિકભાવે છે... આહાહા..! પણ બીજાને. પોતાને નથી. ક્ષાયિકસમકિત તો પોતાને હોય છતાં એનો આશ્રય લેવા જાય... આહાહા..! આવી વાત છે. આવો વીતરાગનો માર્ગ હશે આ? સોનગઢવાળાએ કાંઈ નવો કાઢ્યો હશે આવો?

મુમુક્ષુ :– નવો કાઢ્યો નહિ પણ દટાઈ ગયો હતો એ ખુલ્યો.

ઉત્તર :– હતો એને ખુલ્લો કર્યો છે. આહાહા..! બહારમાં ગોટા ઉઠાવતા'તા. આહાહા..!

**'માટે ક્ષાયિકભાવનું પણ અવલંબન ત્યાજ્ય છે.'** ક્ષાયિકભાવ જે સમકિત આદિ પ્રગટ થયું હોય, એના આશ્રયનો અવલંબનનો ત્યાગ છે. કારણ કે તેને આશ્રયે રાગ ઉત્પન્ન થાય છે. એને આશ્રયે નવો ક્ષાયિકભાવ થતો નથી. **'આ જે ક્ષાયિકભાવના આલંબનનો ત્યાગ તેને અહીં ક્ષાયિકભાવનો ત્યાગ કહેવામાં આવ્યો છે.'** આલંબનનો ત્યાગ એને ક્ષાયિકભાવનો ત્યાગ કહ્યો. આમ ક્ષાયિકભાવનો ત્યાગ, ક્ષાયિકભાવ તો પર્યાય છે. ક્ષાયિકભાવ તો સિદ્ધમાં પણ છે. સિદ્ધમાં પણ ક્ષાયિકભાવ છે. પારિણામિકભાવ અને ક્ષાયિકભાવ બે છે. સિદ્ધમાં નિત્ય છે એ પારિણામિકભાવ છે અને નિર્મળપર્યાય જે પ્રગટ થઈ તે ક્ષાયિકભાવ

છે. પણ અહીં કહે છે, **'ક્ષાયિકભાવનો ત્યાગ કહેવામાં આવ્યો છે.'** તે એના આલંબનનો ત્યાગ છે. આલંબનનો ત્યાગ એનું નામ ત્યાગ કીધો. આહાહા..! નીચે.

**'અહીં એમ ઉપદેશ્યું કે–પરદ્રવ્યોનું અને પરભાવોનું આલંબન તો દૂર રહો,...'** પરદ્રવ્યનું અને પરભાવો .. એનું આલંબન તો દૂર રહો. **'મોક્ષાર્થીએ પોતાના ઔદયિકભાવોનું (સમસ્ત શુભાશુભભાવાદિકનું),...'** પણ આલંબન ન લેવું. આહાહા..! **'ઔપશમિકભાવોનું...'** ઉપશમ-સમકિત આદિનું આલંબન ન લેવું. **'ક્ષાયોપશમિકભાવોનું (અપૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ પર્યાયોનું) તેમ જ ક્ષાયિકભાવોનું (ક્ષાયિક સમ્યક્ત્વાદિ સર્વથા શુદ્ધ પર્યાયોનું) પણ આલંબન છોડવું;...'** આહાહા..! આવું છે. **'માત્ર પરમપારિણામિકભાવનું—'** એકલો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ. જેમાં ખાણ પડી છે. અનંતગુણોની ખાણ છે. અનંત ચિત્ચમત્કારથી ભરેલો. ફક્ત શરીર પ્રમાણે કદ દેખીને એની મહત્તા એને આવતી નથી. શરીર પ્રમાણે કદ છે એટલે એની મોટપ દેખાતી નથી. પણ એના અંતરના સ્વભાવમાં તો અનંત... અનંત... અનંત... અનંત... જ્ઞાન-દર્શન આદિ અનંત અનંત ભરેલું છે. અરૂપી છે. એમાં રૂપ નથી. આહાહા..!

અહીં ક્ષાયિકભાવનો ત્યાગ કહ્યો, એનો અર્થ ક્ષાયિકભાવના આલંબનનો ત્યાગ. **'તેને આલંબનારો ભાવ જ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ,...'** આહાહા..! **'પ્રતિક્રમણ, આલોચના, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત વગેરે બધુંય છે.'** આહાહા..! શું કીધું? આત્મા અનંતગુણનો ધણી આનંદકંદ પ્રભુ, એના આલંબનમાં બધું છે. પ્રતિક્રમણ આ છે... આહાહા..! છે? **'મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, પ્રતિક્રમણ, આલોચના, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત વગેરે બધુંય છે.'** આહાહા..! **'(આત્મસ્વરૂપનું અવલંબન, આત્મસ્વરૂપનો આશ્રય,...)'** હવે એના એકના વિશેષણો. ભગવાન પ્રભુ નિર્મળાનંદ અંદર બિરાજે છે એનો આશ્રય, એનું અવલંબન, **'આત્મસ્વરૂપ પ્રત્યે સંમુખતા, આત્મસ્વરૂપ પ્રત્યે વલણ,...'** વ્યવહારથી વલણ નહિ, વ્યવહારથી સંમુખતા નહિ, વ્યવહારનો આશ્રય નહિ અને વ્યવહારનું આલંબન નહિ. આહાહા..!

**'આત્મસ્વરૂપ પ્રત્યે ઝોક,...'** આત્મા પ્રત્યે ઝુકવું. વ્યવહાર ને બીજા તરફનો ઝોક છોડી દેવો. આહાહા..! આવો જૈનધર્મ. અત્યારે એકેન્દ્રિયની દયા પાળો, આ કરો,... આહાહા..! **'આત્મસ્વરૂપ પ્રત્યે ઝોક, આત્મસ્વરૂપનું ધ્યાન,...'** બધું એક જ કહેવાય છે. અને **'પરમ પારિણામિકભાવની ભાવના,...'** એ બધું એક જ છે. ભાવના અને આશ્રય બધું એક છે. **'હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્યસામાન્ય છું'** હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્યસામાન્ય છું **'એવી પરિણતિ— એ બધાંનો એક અર્થ છે.)'** અહીંથી ... શું? કારણ કે એ આત્મસ્વરૂપનું આલંબન છે. આલંબન પણ એક .. એના **'આત્મસ્વરૂપનો આશ્રય, આત્મસ્વરૂપની સંમુખતા, આત્મસ્વરૂપ પ્રત્યે વલણ, આત્મસ્વરૂપ પ્રત્યે ઝોક, આત્મસ્વરૂપનું ધ્યાન, પરમપારિણામિકભાવની ભાવના, 'હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્યસામાન્ય છું' એવી પરિણતિ–એ બધાનો એક અર્થ છે.'** આટલા બધા બોલનો (એક અર્થ છે). આહાહા..! એમાં વ્યવહાર કે દિ' આવશે? વ્યવહાર .. અનેકાંત

કહેવાય. નિશ્ચય અને વ્યવહાર બે હોય એને અનેકાંત કહેવાય. અનેકાંત કહેવાય એનો અર્થ નિશ્ચય છે અને વ્યવહાર છે એ ધર્મ નથી પણ વ્યવહાર છે ખરો. છે ખરો. વ્યવહાર હોય છે. હોય છે છતાં એ આશ્રય કરવા લાયક નથી. આહાહા..! એકાંત થઈ જશે. એકલું આત્મદ્રવ્યનું આલંબન, આત્મદ્રવ્યનું આલંબન, સંમુખતા.

મુમુક્ષુ :– બેનું આલંબન એકસાથે હોય? કાં આત્માનું હોય ને કાં પરનું હોય.

ઉત્તર :– બેનું હોઈ શકે નહિ. અંતર્મુખ વલણ હોય એને બહારનું વલણ ન હોય, બહારનું વલણ હોય એને અંતર્મુખનું વલણ ન હોય. એક મ્યાનમાં બે તલવાર ન રહે. જૈનમાં આવી વાતું! બહાર અજાણ્યા માણસને (એમ લાગે) આ નવો માર્ગ કાઢ્યો છે. આપણે તો છ કાયની દયા પાળવી, વ્રત પાળવા, ચોવિહાર કરવો, રાતે આહાર ન કરવો, છ પરબી બ્રહ્મચર્ય પાળવું એવું તો કાંઈ આવતું નથી. એય..! અહીં તો ચોવિહાર સીત્તેર વર્ષથી છે. દુકાન દુકાન. રાતે ખીચડી હતી. માલ લેવા ગયેલા. માલ લેવા બહાર ગયા હતા. ઘરની દુકાન. કાંઈક મોડું થઈ ગયું હશે અને એમાં ખીચડી અને કઢી આવી. મને શંકા પડી કે આ કઢીમાં ઝીણી જીવાત પડે એ કેમ દેખાતી નથી? આ તો પાપ થાય. લગભગ (સંવત) ૧૯૬૫-૬૬ની સાલમાં. સંવત્ ૧૯૬૫-૬૬. કીધું આજથી રાત્રે હું નહિ ખાઉં. જાવજીવ મારે ત્યાગ છે. એક અથાણું. અથાણું એકવાર લાવ્યા. મેં કહ્યું, આ અથાણું લાવ્યા ક્યાંથી? બરણીમાં જ્યાં જોવા ગયો તો મેલું લુંગડુ અને કંથવા. લેવા ગયા હોય તો અંદર કંથવા પડે. એ આથણા લાવે. આહાહા..! વર્ષના આથણા. ત્યાં બાયડી રાંધતી હોય. ... હોય પછી ઓલી બરણીનું ઢાંકણું હોય, ઢાંકણું આમ કરીને ઓલું લુગડું-બુગડું આમ સરે, તો લુગડામાં કંથવા હોય. કારણ કે ચીકણા હાથ અડ્યા હોય. એ અંદર પડે. નજરે જોયેલું છે. ત્યારથી આથણાનો ત્યાગ જાવજીવ. એને ૭૦ વર્ષ થયા. આથણુ-બાથણુ નહિ. પણ એ તો બહારની વાતું છે, એ કાંઈ અંતરની વાતું નથી. આહાહા..! એ કાંઈ ધર્મ નથી. એ તો એક શુભભાવ (છે). આહાહા..!

**'ચાર ભાવાંતરોનો પરિહાર કરવાને...'** એની વ્યાખ્યાનું સ્પષ્ટીકરણ કર્યું. પરિહાર કરવો એટલે શું? એનો આશ્રય ન કરવો. **'અતિ-આસન્નભવ્ય જીવ...'** આહાહા..! અતિ નજીકનો જીવ. જેને સંસાર નજીક છે, બંધ થવાનો. આહાહા..! અનંતકાળથી જે ભવભ્રમણ કરી રહ્યો છે, અનંતા ભવ કર્યા એ ભવનો અંત આવવાનો એને આ વાત બેસે. આહાહા..! **'આસન્નભવ્ય જીવ સમર્થ છે, તેથી જ તે જીવને પાપાટવીપાવક...'** આહાહા..! **'(–પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ) કહ્યો છે;...'** આહાહા..! ભાષાએ કેટલી .. છે, જુઓ!

**'આમ હોવાથી પાંચ મહાવ્રત,...'** આહાહા..! ધ્યાન એ મહાવ્રત છે. પરની દયા કરવી, સત્ય બોલવું એ મહાવ્રત નહિ. આહાહા..! મહાવ્રત તો અંદર આત્મામાં.. **'આમ હોવાથી પાંચ મહાવ્રત, પાંચ સમિતિ,...'** આહાહા..! શરીરની સાથે ને એ નહિ. અહીં તો આત્માના

આનંદમાં અંતર એકાગ્રતા એ બધા મહાવ્રત અને સમિતિ છે. આહાહા..! **'ત્રણ ગુપ્તિ,...'** મન-વચન અને કાયા. **'પ્રત્યાખ્યાન,...'** પચ્ચખાણ. **'પ્રાયશ્ચિત્ત, આલોચના વગેરે બધું ધ્યાન જ છે...'** આહાહા..! આત્માના આનંદસ્વરૂપનું ધ્યાન. આત્માનો અતીન્દ્રિય આનંદ એનો ત્રિકાળી સ્વભાવ, તેનું ધ્યાન એ આ બધું છે. બહારના વિકલ્પ ઉઠે એ બધો રાગ અને બંધનું કારણ છે. આહાહા..!

એ **'બધું ધ્યાન છે (અર્થાત્ પરમપારિણામિક ભાવની ભાવનારૂપ જે ધ્યાન...)'** ધ્યાનની વ્યાખ્યા કરી. પરમપારિણામિક જે ત્રિકાળ ભાવ. ભગવાનઆત્મા નિત્યાનંદ નિત્ય ધ્રુવ, પર્યાયથી પણ ભિન્ન એવો જે દ્રવ્યસ્વભાવ.. આહાહા..! નિત્ય સ્વભાવ એની ભાવના એટલે એકાગ્રતા. એ જ ધ્યાન છે. અને તે **'ધ્યાન તે જ મહાવ્રતપ્રાયશ્ચિત્તાદિ બધુંય છે.'** આહાહા..! ... હવે રાગમાં .. મહાવ્રત.

આજે સવારમાં નહોતું કહ્યું? મહાવ્રત મોટા પુરુષોએ આદર્યો. મહાવ્રત કોને કહે? .... મોટામાં મોટું છે. આ મહાવ્રત છે. ઓલા મહાવ્રત તો અભવિએ પણ આદર્યા છે. અનંતવાર બીજા ... રખડીને દ્રવ્યલિંગ ધારણ કરી બધાએ પંચમહાવ્રત પાળ્યા, નવમી ગ્રૈવેયક ગયો છે. ત્યાંથી ચાર ગતિમાં રખડ્યો. આહાહા..! મહાવ્રત. આ મહાવ્રત આવું? વ્યવહાર મહાવ્રત છે કે નહિ? છે. રાગ છે. છોડવા જેવો છે. આહાહા..! ભારે આકરું કામ. **'ધ્યાન તે જ મહાવ્રત–પ્રાયશ્ચિત્તાદિ બધુંય છે.'** આહાહા..!

---

**'[હવે આ ૧૧૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'**

## શ્લોક–૧૯૦

(मंदाक्रांता)

यः शुद्धात्मन्यविचलमनाः शुद्धमात्मानमेकं
नित्यज्योतिःप्रतिहततमःपुंजमाद्यन्तशून्यम् ।
ध्यात्वाजस्रं परमकलया सार्धमानन्दमूर्तिं
जीवन्मुक्तो भवति तरसा सोऽयमाचारराशिः ।।१९०।।

**[શ્લોકાર્થ :–] જેણે નિત્ય જ્યોતિ વડે તિમિરપુંજનો નાશ કર્યો છે, જે આદિ-અંત રહિત છે, જે પરમ કળા સહિત છે અને જે આનંદમૂર્તિ છે—એવા એક શુદ્ધ આત્માને જે જીવ**

શુદ્ધ આત્મામાં અવિચળ [1]મનવાળો થઈને નિરંતર ધ્યાવે છે, તે આ [2]આચારરાશિ જીવ શીઘ્ર જીવન્મુક્ત થાય છે. ૧૯૦.

## શ્લોક–૧૯૦ ઉપર પ્રવચન

यः शुद्धात्मन्यविचलमनाः शुद्धमात्मानमेकं
नित्यज्योतिःप्रतिहततमःपुंजमाद्यन्तशून्यम् ।
ध्यात्वाजस्त्रं परमकलया सार्धमानन्दमूर्ति
जीवन्मुक्तो भवति तरसा सोऽयमाचारराशिः ।।१९०।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **'જેણે નિત્ય જ્યોતિ વડે તિમિરપુંજનો નાશ કર્યો છે,...'** ભગવાન આનંદમૂર્તિને આશ્રયે જેણે અજ્ઞાન અંધકારનો નાશ કર્યો છે. **'જે આદિ-અંત રહિત છે,...'** આત્મા છે એને આદિ-અંત નથી. શરૂઆત નથી, નાશ નથી. છે એ છે. અનાદિઅનંત બિરાજે છે. **'જે પરમ કળા સહિત છે...'** આનંદાદિ સોળ કળાએ ભરેલો છે. આહાહા..! **'અને જે આનંદમૂર્તિ છે—એવા એક શુદ્ધ આત્માને જે જીવ શુદ્ધ આત્મામાં અવિચળ મનવાળો થઈને...'** અવિચળ ભાવવાળો થઈને... આહાહા..! **'નિરંતર ધ્યાવે છે, તે આ આચારરાશિ જીવ...'** આહાહા..! એ આચારનો ઢગલો છે. અંતર વસ્તુમાં લીન થઈ ગયો એ આચારનો ઢગલો છે. આહાહા..! **'આચારરાશિ જીવ શીઘ્ર જીવન્મુક્ત થાય છે.'** લ્યો! એ અલ્પકાળમાં એને સંસારનો (નાશ કરી) મોક્ષની પ્રાપ્તિ થાય છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૨૦

सुहअसुहवयणरयणं रायादीभाववारणं किच्चा।
अप्पाणं जो झायदि तस्स दु णियमं हवे णियमा।।१२०।।
शुभाशुभवचनरचनानां रागादिभाववारणं कृत्वा।
आत्मानं यो ध्यायति तस्य तु नियमो भवेन्नियमात्।।१२०।।

शुद्धनिश्चयनियमस्वरूपाख्यानमेतत्।
यः परमतत्वज्ञानी महातपोधनो दैनं संचितसूक्ष्मकर्मनिर्मूलनसमर्थनिश्चयप्रायश्चित्तपरायणो

---

૧ મન = ભાવ
૨ આચારરાશિ = ચારિત્રપુંજ; ચારિત્રસમૂહરૂપ.

नियमितमनोवाक्कायत्वाद्भववल्लीमूलकंदात्मकशुभाशुभस्वरूपप्रशस्ताप्रशस्तसमस्तवचनरचनानां निवारणं करोति, न केवलमासां तिरस्कारं करोति किन्तु निखिलमोहरागद्वेषादिपरभावानां निवारणं च करोति, पुनरनवरतमखंडाद्वैतसुन्दरानन्दनिष्यन्द्यनुपमनिरंजनिजकारणपरमात्मतत्त्वं नित्यं शुद्धोपयोगबलेन संभावयति, तस्य नियमेन शुद्धनिश्चयनियमो भवतीत्यभिप्रायो भगवतां सूत्रकृतामिति।

**છોડી શુભાશુભ વચનને, રાગાદિભાવ નિવારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, તેને નિયમથી નિયમ છે. ૧૨૦.**

અન્વયાર્થ :– [ शुभाशुभवचनरचनानाम् ] શુભાશુભ વચનરચનાનું અને [ रागादिभाववारणम् ] રાગાદિભાવોનું નિવારણ [ कृत्वा ] કરીને [ यः ] જે [ आत्मानम् ] આત્માને [ ध्यायति ] ધ્યાવે છે, [ तस्य तु ] તેને [ नियमात् ] નિયમથી (–નિશ્ચિતપણે) [ नियमः भवेत् ] નિયમ છે.

ટીકા :– આ, શુદ્ધનિશ્ચયનિયમના સ્વરૂપનું કથન છે.

જે પરમતત્ત્વજ્ઞાની મહાતપોધન સદા સંચિત સૂક્ષ્મકર્મોને મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ નિશ્ચયપ્રાયશ્ચિત્તમાં પરાયણ રહેતો થકો મન-વચન-કાયાને નિયમિત (સંયમિત) કર્યાં હોવાથી ભવરૂપી વેલનાં મૂળ-કંદાત્મક શુભાશુભસ્વરૂપ પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાનું નિવારણ કરે છે, કેવળ તે વચનરચનાનો જ તિરસ્કાર કરતો નથી પરંતુ સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનું નિવારણ કરે છે, વળી અનવરતપણે (–નિરંતર) અખંડ, અદ્વૈત, સુંદર-આનંદસ્યંદી (સુંદર આનંદઝરતા), અનુપમ, નિરંજન નિજકારણપરમાત્મતત્ત્વની સદા શુદ્ધોપયોગના બળથી સંભાવના (સમ્યક્ ભાવના) કરે છે, તેને (તે મહાતપોધનને) નિયમથી શુદ્ધનિશ્ચયનિયમ છે એમ ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે.

પ્રવચન નં. ૧૩૮, શ્લોક-૧૯૧-૧૯૨, ગાથા-૧૨૦, ગુરુવાર જ્યેષ્ઠ સુદ ૧૫, તા.૨૯-૦૫-૧૯૮૦

'નિયમસાર' ગાથા–૧૨૦. ૧૨૦ આવ્યા ને?

મુમુક્ષુ :– ૧૯૦ કળશ બાકી છે.

ઉત્તર :– કળશ બાકી છે? મનવાળું થઈને આવ્યું છે ને? મનવાળું થઈને ભાવ થઈ ગયો છે. આવી ગયો છે. એ ઉપરથી મનવાળો ભાવ એમ કહ્યું હતું ને? એ આવી ગયો છે.

**છોડી શુભાશુભ વચનને, રાગાદિભાવ નિવારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, તેને નિયમથી નિયમ છે. ૧૨૦.**

આ નિયમસાગરના નિયમ. આહાહા..! નિયમસાગર આવ્યું, લ્યો! 'નિયમસાર'

'નિયમસાર'માં નિયમ કોને કહેવો? કહે છે. નિયમ. આહાહા..!

**'આ, શુદ્ધનિશ્ચયનિયમના સ્વરૂપનું કથન છે.'** શુદ્ધનિશ્ચયનિયમ. સત્ય પરમાર્થ નિયમ કોને કહેવો? આણે નિયમ લીધો અને નિયમ કર્યો એ નિયમ કહેવો કોને? કહે છે. આહાહા..! **'જે પરમતત્ત્વજ્ઞાની...'** આહાહા..! મુનિથી ઉપાડ્યું છે. **'જે પરમતત્ત્વજ્ઞાની...'** એકલા તત્ત્વજ્ઞાની એમ નહિ. પરમતત્ત્વ જે અંદર અખંડ આનંદ અને અખંડ જ્ઞાન અને શાંતિ આદિથી ભરેલો અરૂપી સ્વભાવ પણ સાગર મોટો છે ઇ. વિકલ્પથી હાથ આવે એવો નથી. આહાહા..! એવો જે આ ચૈતન્યસાગર, ચૈતન્યરત્નાકર એ શુદ્ધનિશ્ચયનિયમના સ્વરૂપનું આમાં કથન છે. પહેલું છે ને?

**'પરમતત્ત્વજ્ઞાની...'** પરમતત્ત્વ એ આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શાંતસ્વરૂપ, વીતરાગસ્વરૂપ, તેનું જેને અનુભવમાં જ્ઞાન થયું છે. અનુભવમાં જ્ઞાન થયું, ધારણામાં નહિ. આહાહા..! આને નિયમ કહેવાય. આણે નિયમ લીધો છે એમ કહે છે ને? કે આણે નિયમ કર્યો. એ નિયમ કર્યો કહેવો કોને? કહે છે. **'જે પરમતત્ત્વજ્ઞાની...'** આત્મા જે પરમતત્ત્વ છે તેનો જેને અનુભવ છે (એ પરમતત્ત્વજ્ઞાની છે). આહાહા..! **'મહાતપોધન...'** આ વિશેષણ વાપર્યું. **'મહાતપોધન...'** જેને આનંદનો રસ ઝરે છે–અતીન્દ્રિય આનંદનો રસ ઝરે છે. આહાહા..! સ્વરૂપસન્મુખ થતાં અતીન્દ્રિય આનંદ ઝરે છે એવો મહાતપોધન. એ તપ એટલે આ આનંદ. આનંદ જેને અંદર ઝરે છે એવો મહાતપોધન. આહાહા..!

**'સદા સંચિત સૂક્ષ્મકર્મોને...'** સદાય જે કર્મનો સંચય કર્યો છે, તેને **'મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ...'** મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ. આહાહા..! **'નિશ્ચયપ્રાયશ્ચિત્તમાં પરાયણ રહેતો થકો...'** આને નિયમ કહે છે. નિશ્ચયપ્રાયશ્ચિત્ત એટલે આનંદના સ્વરૂપમાં પ્રાયઃ એટલે જ્ઞાન અને ચિત્ત પરાયણ. સ્થિત છે ને? સ્થિત એટલે જ્ઞાન છે. પ્રાયઃ બહુળતાથી જ્ઞાન એટલે એકલું જ્ઞાન જ આત્મા, બસ. આનંદ અને જ્ઞાનથી ભરેલો ભગવાન... આહાહા..! આ વાત બેસવી કઠણ પડે. અનાદિનો અભ્યાસ નહિ. હવે શરીર પ્રમાણે કદ નાનું અને રતનનો પાર ન મળે. પાર ન મળે. ચૈતન્યમાં રતન ભર્યા છે એનો પાર ન મળે. આહાહા..!

એ **'સંચિત સૂક્ષ્મકર્મોને મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ નિશ્ચયપ્રાયશ્ચિત્તમાં પરાયણ...'** એ નિશ્ચય સ્વરૂપની આનંદની દશાની રમતમાં પરાયણ. આહાહા..! તે **'નિશ્ચયપ્રાયશ્ચિત્તમાં પરાયણ રહેતો થકો...'** આહાહા..! અંતરમાં અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ (મોજૂદ છે) એમાં નિત્ય પરાયણ રહેતો થકો. આહાહા..! એમાં પરાયણ રહેતો થકો. આનું નામ નિયમ. આહાહા..! નિયમ લીધો એમ કહે છે ને? નિયમ લીધો છે અમે. શેનો નિયમ પણ? ક્યો નિયમ? આહાહા..! અંતરની વસ્તુ અનુભવમાં આવીને... આ વેદન ન આવે ત્યાં સુધી એને નિયમ છે ક્યાં? એમ કહે છે. આહાહા..!

**'મન-વચન-કાયાને નિયમિત (સંયમિત) કર્યા હોવાથી...'** વળી **'નિશ્ચયપ્રાયશ્ચિત્તમાં**

**પરાયણ રહેતો થકો મન-વચન-કાયાને નિયમિત...**' એટલે રોક્યા છે. આહાહા..! મન-વચન-કાયા તરફથી વલણ છૂટી ગયું છે. આહાહા..! '**મન-વચન-કાયાને નિયમિત (સંયમિત) કર્યા હોવાથી...**' આહાહા..! '**ભવરૂપી વેલનાં મૂળ-કંદાત્મક...**' ભવરૂપી વેલ-વેલડી. વેલડી થાય છે ને? આ વેલ. આ '**ભવરૂપી વેલનાં મૂળ-કંદાત્મક...**' એનું મૂળકંદ સ્વરૂપ, મૂળ સ્વરૂપ. '**ભવરૂપી વેલનાં મૂળ-કંદાત્મક શુભાશુભસ્વરૂપ...**' આહાહા..! શુભ અને અશુભસ્વરૂપ, એ ભવરૂપી વેલના મૂળ-કંદાત્મક છે. મૂળ કંદ છે. આહાહા..! આવી ભાષા કોઈ દિ' સાંભળી નહોતી. આહાહા..! ગજબ વાત છે! એકલા અમૃતના વેલ, અમૃતની વેલડીની વાતું છે. આહાહા..!

કહે છે, કે મૂળકંદસ્વરૂપ. મૂળ મૂળીયું. શુભાશુભસ્વરૂપ. સંસારનું મૂળ-મૂળીયું ચોર્યાશીના અવતારમાં રખડવાનું એ શુભાશુભભાવ છે. આહાહા..! શુભભાવ શુભ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો સંસારનું મૂળીયું છે. આહાહા..! એમાંથી સંસાર ફાલે છે. એ સંસારનું મૂળ કંદ છે. એમાંથી આ સંસાર ફાલે છે. આહાહા..! શબ્દે શબ્દે ફેર છે. વર્તમાન ચાલતી વાત લોકોને આકરી લાગે. વસ્તુ છે ને, બાપુ! અંદર વસ્તુ છે ને? સત્તા છે ને? અને સત્તા છે તો એનો સ્વભાવ છે ને? અને સ્વભાવ છે એના સ્વભાવની હદ શી હોય? સંખ્યા શી હોય અને હદ શી હોય? અનંત સ્વભાવ અને બેહદ જેનો સ્વભાવ... આહાહા..! એવો જે ભગવાનઆત્મા એના આશ્રયે રહીને મન-વચન-કાયાને સંયમિત કરી નાખ્યું.

'**મૂળ-કંદાત્મક શુભાશુભસ્વરૂપ પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાનું નિવારણ કરે છે,...**' આહાહા..! પ્રશસ્ત વચન અને અપ્રશસ્ત વચન, બેયનું નિવારણ કરે છે. પ્રશસ્ત વચનમાં પણ રાગ છે. આહાહા..! '**કેવળ તે વચનરચનાનો જ તિરસ્કાર કરતો નથી...**' '**પ્રશસ્ત-અપ્રશસ્ત વચનરચનાનું નિવારણ કરે છે, કેવળ તે વચનરચનાનો જ તિરસ્કાર કરતો નથી...**' તિરસ્કાર શબ્દ વાપર્યો છે. આહાહા..! શુભ અને અશુભભાવ, અરે..! અનાદિઅનંત સંસારમાં જીવનું સ્વરૂપ સત્તા, એ જંગલ અને અરણ્યમાં રખડે. આહાહા..! પોતાના ઘરમાં આવે નહિ. પોતાની જાતમાં રત્નો ભર્યા છે, એમાં આવે નહિ. અને જ્યાં કાંઈ ધૂળેય નથી... આહાહા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ... આહાહા..! એ કોઈ ચીજ નથી એમાં, એમાં ધૂળેય નથી, ત્યાં સલવાઈ ગયો છે. આહાહા..!

આનંદનો નાથ, જેની સત્તામાં અનંત શક્તિઓ છે અને જેની શક્તિનું પણ અનંત-અનંત સામર્થ્ય છે. એવો જે ભગવાનઆત્મા એ કેવળ વચનરચનાને છોડીને રહેતો નથી, કહે છે. અહીં વચન (રચના) છોડીને તિરસ્કાર કર્યો છે. આહાહા..! વચનરચનાનો તિરસ્કાર. આહાહા..! '**પરંતુ સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનું નિવારણ કરે છે,...**' એકલા વચન છોડીને બેઠો નથી. અંદરમાં ઉતર્યો છે. આહાહા..! '**સમસ્ત મોહરાગદ્વેષાદિ...**' સમસ્ત મોહરાગદ્વેષાદિ. મિથ્યા ભ્રાંતિના પણ ઘણા પ્રકાર (છે) એ બધાને છોડીને... આહાહા..! અને શુભાશુભભાવ,

રાગ અને દ્વેષ આદિ પરભાવોનું નિવારણ કરે છે. આહાહા..!

**'વળી અનવરતપણે (–નિરંતર) અખંડ અદ્વૈત...'** આહાહા..! નિશ્ચય પ્રાયશ્ચિત્ત અને નિશ્ચય નિયમ, સત્ય નિયમ, સત્યસ્વરૂપ ભગવાનઆત્મા એને આશ્રયે સત્ય નિયમ પ્રગટે છે. આહાહા..! સમજાય છે આમાં? 'દેવીલાલજી'! બહુ ઝીણી વાતું છે. આહાહા..! આ શરીર, વાણી, મન તો ધૂળ છે અને બહારના સાધન સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન. આમાં ક્યાંક નામ આવશે. ત્રણ નામ આવ્યા છે. ૧૨૧ ગાથામાં આવશે. કાયાને છોડીને નહિ પણ **'ક્ષેત્ર, ઘર, કનક, રમણી વગેરે.'** ૧૨૧ ગાથા. આહાહા..! કાયાનું લક્ષ તો છોડી દે પણ પર ક્ષેત્ર, પર ઘર, પર સોનું અને રમણી વગેરે. દીકરા ને દીકરી વગેરે. આહાહા..! ભારે કામ.

જો આત્માની દૃષ્ટિ કરવી હોય, નિયમ કરવો હોય કે મારે તો મારામાં રહેવું છે, બીજામાં ક્યાંય નહિ, એવો નિયમ કરવો હોય... આહાહા..! એ વચનરચનાને તો તિરસ્કાર કર. પણ મોહ, રાગ-દ્વેષના પરભાવનું નિવારણ કર. આહાહા..! ગાથા એવી છે. 'સમયસાર'થી પણ કેટલીક વાતું આમાં ચડિયાતી છે. એવી વાત છે. 'શીતલપ્રસાદે' 'નિયમસાર'ની પ્રસ્તાવનામાં લખ્યું છે, ભાઈ! કે આ 'નિયમસાર' છે એ 'સમયસાર'થી પણ કેટલીક વાતમાં ચડી જાય છે. આહાહા..! હવે એનું તો શ્રવણ પણ નહિ અને વાંચન પણ નહિ. બહારના સાધારણ શાસ્ત્રો વાંચે અને... આહાહા..! મૂળ વાત રહી જાય. આહાહા..!

ભગવાનઆત્મા કેવો છે? મોહ, રાગ, દ્વેષ આદિ પરભાવોનું નિવારણ કરનાર છે. એ તો ટાળનાર છે. આહાહા..! કરનાર નથી. એનું સ્વરૂપ નથી. વચન બોલવા કે મોહ, રાગ-દ્વેષ કરવા એ એનું સ્વરૂપ નથી. આહાહા..! વળી **'(–નિરંતર)...'** આહાહા..! **'અનવરતપણે...'** એટલે **'(નિરંતર) અખંડ...'** ભગવાનઆત્મા અંદર અખંડ છે. જેમાં ભેદ અને ખંડ નથી. પર્યાયનો ભેદ પણ એ વસ્તુમાં નથી. આહાહા..! કરે છે અનુભવ પર્યાયમાં, નિર્ણય અને અનુભવ પર્યાયમાં (થાય) છે પણ તે પર્યાય ત્રિકાળી દ્રવ્યમાં નથી. આહાહા..! એથી અખંડ કીધો. આહાહા..! અખંડ વસ્તુ અંદર ભગવાન પરમાત્મા. પરમાત્મા. આત્માને પરમાત્મા કહેવો એ લોકોને આકરું પડે છે. આત્મા પરમાત્મા જ છે. જો પરમાત્મા ન હોય તો પરમાત્મા પર્યાયમાં થાશે ક્યાંથી? કેવળી અરિહંત થયા ક્યાંથી? એ આત્મા અંદર પરમાત્મસ્વરૂપ જ છે. સવારે કહ્યું નહોતું? 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન, પણ મતમદિરા કે પાન સો...' પોતાની ધારણાના મતના દારૂને લઈને 'મતવાલા સમજે ન.' મતવાલાને પોતાના મતનું અભિમાન (છે)... આહાહા..! એને લઈને એ સમજે નહિ. આહાહા..!

પ્રભુ અંદર અખંડ છે. **'અદ્વૈત...'** બેપણું જેમાં નથી. આહાહા..! દ્રવ્ય અને ગુણ અથવા દ્રવ્ય અને પર્યાય એવા બે ભેદ પણ જેમાં નથી. આહાહા..! અદ્વૈત અખંડ પ્રભુ અદ્વૈત. પહેલું અખંડ કીધું એ ખંડ-ખંડ પર્યાય નથી. પછી અદ્વૈત કીધું એ વસ્તુ એકરૂપ છે. ત્રિકાળ જ્ઞાયકભાવથી ભરેલ ત્રણે કાળ અદ્વૈત એટલે એકરૂપ છે. આહાહા..! આવી વસ્તુ છે. **'સુંદર**

**આનંદસ્યંદી...**' અખંડ છે, નિરંતર અખંડ અને અદ્વૈત અને સુંદર આનંદસ્યંદી. આવું ત્રણ ઠેકાણે આવે છે. સુંદર-આનંદસ્યંદી–સુંદર આનંદ ઝરતો એવું આવે છે. ૨૧૨, ૨૮૧ પાને ત્રણ ઠેકાણે આવે છે.

શું કહે છે? ધર્મી જીવ નિયમ કરે છે, નિયમ. તો એ નિયમમાં આત્માનો અખંડ અદ્વૈત આનંદ સુંદર, સુંદર આનંદ. આ અનાદિથી ધૂળનો આનંદ માન્યો છે... આહાહા..! પાંચ ઇન્દ્રિયના વિષયસુખના વલણના રાગમાં જે સુખ માને છે એ તો ઝેરના પ્યાલા છે. આહાહા..! ભગવાન અમૃતનો સાગર આનંદસ્યંદી (છે). સુંદર આનંદ ઝરતો, જેમાંથી સુંદર આનંદ ઝરે છે. આહાહા..! શું કહ્યું? એ સુંદર આનંદનું વૃક્ષ છે. એમાંથી એની તરફ જોતાં એમાંથી સુંદર આનંદ ઝરે છે. આહાહા..! એ સુંદર આનંદનું ઝાડ છે. આહાહા..! એના ઉપર ઢળતા, એની સામું જોતાં પર્યાયમાં નિરંતર અખંડ અદ્વૈત સુંદર આનંદ ઝરે છે. આહાહા..! અત્યારે મૂળ વાત વ્યવહારે ચડી ગઈ છે. બધા વ્યવહાર. દિગંબર મુનિમાં એવું ક્રિયા વ્યવહાર. મૂળ ચીજ ન મળે. સમ્યગ્દર્શન શું ચીજ છે? આહાહા..! અને એ સમ્યગ્દર્શનનો વિષય, ધ્યેય શું ચીજ છે? આહાહા..!

એ તો અતીન્દ્રિય આનંદનો રસકંદ, અતીન્દ્રિય વીતરાગસ્વભાવથી ભરેલો, જેને અંતર્મુખ થતા મન, વચન ને કાયાની મમતા છોડીને... આહાહા..! બીજી ચીજ તરફથી તો છૂટ્યો પણ નજીકમાં નજીક જે મન-વચન ને કાયા... આહાહા..! એનાથી પણ નિવૃત્ત કરીને. આહાહા..! છે ને? વચનરચનાનો તિરસ્કાર કરીને '**સમસ્ત વચનરચનાનું નિવારણ કરે છે.**' વળી '**(–નિરંતર) અખંડ અદ્વૈત...**' એકરૂપ. સુંદર આનંદસ્યંદી. સુંદર આનંદ ઝરે છે. અતીન્દ્રિય આનંદ. સુંદર એટલે અતીન્દ્રિય આનંદ. આહાહા..! એ આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એની એકાગ્રતા કરતાં અતીન્દ્રિય આનંદ ઝરે એટલે પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવે છે. દ્રવ્ય-ગુણમાં જે પૂર્ણ અતીન્દ્રિય આનંદ છે, એ બહારનું બધું નિવારણ કરી અને આની બાજુ જ્યાં ઢળે છે ત્યાં પર્યાયમાં અખંડ અને એક અને અદ્વિતીય આનંદ ઝરે છે. આહાહા..! આવો ધર્મ.

ઓલો કહે સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. આહાહા..! ઓલા કહે કે ભક્તિ કરો, શેંત્રુજય, ગિરનાર, સમ્મેદશીખરની જાત્રા કરો, મોટા રથ કાઢો, સંઘ કાઢો સંઘ. પાંચ લાખ ખર્ચીને. આહાહા..! એણે ઓલા ધર્મપીઠમાં પાંચ લાખ આપ્યા. 'લાલચંદ હિરાચંદ' છે ને? 'લાલચંદ હીરાચંદ' 'મુંબઈ' છે ને? દિગંબર નહિ? ઓલા મુછવાળા. મુછ એમ ને એમ નથી રાખતા. આમ કરીને આમ ચડાવે છે. 'લાલચંદ હીરાચંદ' છે. આમ મુછ છે એને આમ ઊંચી કરીને આમ કરે. પાંચ લાખ રૂપિયા હમણા તીર્થક્ષેત્રમાં આપ્યા. કરોડપતિ છે. આહાહા..! એમાં એમ માને કે આપણને ધર્મ થશે.

મુમુક્ષુ :– એ વાતને મનાવવાવાળા પણ મળે.

ઉત્તર :– બધે માને. સાધુ મનાવે, માને. પ્રભુ! શું કરે? સાધુને એ શ્રદ્ધાની દૃષ્ટિની ખબર નથી. નગ્નપણું ને ક્રિયાકાંડમાં પડ્યા. વાસ્તવિક વસ્તુનું લક્ષ તો નથી પણ એની પ્રરૂપણા ગમે (તે કરે છે). માર્ગ તો આ છે. આહાહા..! જન્મ-મરણના અંતની વાતું તો આ છે. આહાહા..! એમાં કોઈની સિફારશ કે કોઈની મદદ અને કોઈની હાજરીની ત્યાં જરૂર નથી. આહાહા..!

એવો જે ભગવાનઆત્મા અંદર, દેહના ચામડા એનાથી ભિન્ન અંદર ભગવાન બિરાજે છે. આહાહા..! આ તો ચામડાના થોથા, ચામડાનું ખોળિયું છે. આહાહા..! એ ખોળિયામાં અંદર બીજો ભગવાન... આ પહેલો અને ઓલો બીજો. અતીન્દ્રિય આનંદથી ભરેલો (બિરાજે છે). તેથી મુનિએ અહીંયાં એમ કહ્યું, કે એની સામું જેણે જોયું, પર સામુંથી જે પાછો વળ્યો એને અતીન્દ્રિય આનંદ ઝરે છે. એટલે કે અતીન્દ્રિય આનંદનો અનુભવ હોય છે. આહાહા..! ભાષા તો સાદી પણ હવે ભાવ તો ભઈ આ છે. આહા..! અરે..! ચોર્યાશીના અવતાર કરી કરીને બાપુ! અહીં માણસ અત્યારે થયો. પણ કીડી, કાગડા, કૂતરા, નરકના નારકીના એવા અનંતા અવતાર કર્યા. આહાહા..! કસાયખાના (ચલાવનાર) કસાય અનંતવાર થયો. કરોડો જનાવરને કાપી નાખે. આહાહા..! પણ એણે આત્મા પોતાની ચીજ કઈ છે એ ઉપર ધ્યાન આપ્યું નહિ. આહાહા..! બહારના કામમાં સંતોષાઈ ગયા. આહાહા..!

મુનિરાજે આ શબ્દ વાપર્યો છે. **'(સુંદર આનંદઝરતા), અનુપમ,...'** આહાહા..! જેને કોઈ ઉપમા નથી. એ ભગવાન ભગવાન જેવો, બસ. એને કોઈની ઉપમા નથી. આહાહા..! **'અનુપમ, નિરંજન...'** જેમાં અંજન એટલે કોઈ મેલ નથી. આહાહા..! **'નિજકારણપરમાત્મતત્ત્વની...'** આહાહા..! નિજ કારણપરમાત્મતત્ત્વ ત્રિકાળની... આહાહા..! **'સદા શુદ્ધોપયોગના બળથી...'** આહાહા..! હવે અત્યારે કહે છે, શુદ્ધોપયોગ હોય નહિ. અરે..! પ્રભુ! સર્વથા ન હોય એમ ન હોય, પ્રભુ! અત્યારે તો શુભયોગ હોય. આહાહા..! 'શ્રુતસાગર' (કહે છે), અત્યારે તો શુભયોગ જ હોય.

મુમુક્ષુ :– એ મુનિ ક્યાં રહ્યા?

ઉત્તર :– મુનિ ક્યા છે? મુનિ સમકિતી પણ ક્યાં છે? મિથ્યાદૃષ્ટિ છે. આકરી વાત છે, હોં! પ્રભુ! માણસને આકરું લાગે. પણ વસ્તુમાં તો આટલો ફેર છે, બાપા! આહાહા..!

અહીંયાં તો કહે છે, **'નિજકારણપરમાત્મતત્ત્વની સદા શુદ્ધોપયોગના બળથી...'** જોયું? શુભ-અશુભ પરિણામ નહિ. શુભ-અશુભ પરિણામથી રહિત. આહાહા..! જેને હજી વાત ગોઠે નહિ એને ક્યાં જાવું અંદરથી? આહાહા..! ચોર્યાશી લાખના અવતારમાં રખડી મર્યો છે. આહાહા..! એકવાર જોયું હતું. સર્પ નીકળ્યો, સર્પ. અને એક ઓલો નીકળ્યો. શું કહેવાય? કાકીડો. હું દિશાએ જાતો હતો. કાકીડાને મોઢામાં લઈને કટકા કરી નાખ્યા. જીવતા કટકા. પછી ખાધા. આહાહા..! આ અવતાર. આ સર્પના અવતાર. આહાહા..! એ કાકીડાના અવતાર.

એવા અનંતા અવતાર કર્યા છે, ભાઈ! આ વર્તમાન એક અવતાર ભાળીને બીજા અવતાર થયા હતા એને ભૂલી ગયો. આહાહા..! ક્યા ક્ષેત્રમાં અઢી દ્વિપ અને અઢી દ્વિપ બહાર. આહાહા..! અરે..! લોકના અંતે નિગોદપણે પણ અનંતવાર ગયો છે. લોકને અંતે. સિદ્ધ ભગવાન છે ત્યાં નિગોદ છે. જ્યાં સિદ્ધ ભગવાન છે ત્યાં નિગોદ છે. ત્યાં પણ અનંતવાર જઈ આવ્યો છે. આહાહા..! સિદ્ધ ભગવાનના પેટમાં નિગોદપણે રહ્યો, આવ્યો હતો. આહાહા..! છતાં એના આત્માને અડ્યો નથી. ગજબ વાતું છે. આહાહા..!

ભગવાન અનંત આનંદને અનુભવે છે. અને અંદર પેટમાં રહેલા નિગોદ અનંત દુઃખને અનુભવે છે. ક્ષેત્ર એક, ભાવ ભિન્ન. આહાહા..! એક ક્ષેત્રાવગાહ હોય છતાં ક્ષેત્ર એક એટલે શું? વસ્તુમાં શું ફેર? ખરેખર તો એનું ક્ષેત્ર પણ જુદું છે. આહાહા..! સિદ્ધ ભગવાન રહે છે ત્યાં છેલ્લે–અંતે ત્યાં નિગોદ છે. આહાહા..! મહા અનંત દુઃખ અને એક શરીરમાં અનંત આત્મા અને અક્ષરને અનંતમે ભાગે વિકાસ. બીજો બધો દુઃખરૂપ ભાવ. આહાહા..!

અહીં કહે છે, **‘શુદ્ધોપયોગના બળથી...’** આ કર, પ્રભુ! કરવા જેવું આ છે. આહાહા..! **‘શુદ્ધોપયોગના બળથી સંભાવના (સમ્યક્ ભાવના) કરે છે,...’** શુદ્ધોપયોગના બળથી સમ્યક્ ભાવના કરે છે એમ કહે છે. છે ને? ‘જયસેનાચાર્ય’ની ટીકામાં આવે છે, કે શ્રાવક સાચો પાંચમાં ગુણસ્થાને હોય છે એ સામાયિક કરે છે ત્યારે એને શુદ્ધોપયોગ પણ આવી જાય છે. શુદ્ધોપયોગની ભાવના આવે છે એટલે શુદ્ધોપયોગ આવે છે. એ ભાવના ન હોય તો આ બીજો કરે. એમ કે શ્રાવકને શુદ્ધોપયોગ હોય? શુદ્ધોપયોગ ના પાડી છે. એ તો મુનિને શુદ્ધોપયોગ હોય એ ઉપયોગ નથી એને. શ્રાવકને શુદ્ધોપયોગની ના પાડી છે એ તો મુનિને જે શુદ્ધોપયોગ છે એવો ઉપયોગ એને નથી માટે એને ના પાડી છે. એના ગૃહસ્થ (દશાના) પ્રમાણમાં શુદ્ધાત્માના બળથી (શુદ્ધોપયોગ છે). આહાહા..! આવી વાતું છે.

**‘શુદ્ધોપયોગના બળથી...’** શુભાશુભ પરિણામ તો નિવાર્યા. આહાહા..! સત્ય વચન અને અસત્ય વચન તો નિવાર્યા, સત્ય મન અને અસત્ય મન તો નિવાર્યું, કાયાના અસત્ય સત્ય નિવાર્યું. અને **‘શુદ્ધોપયોગના બળથી...’** આહાહા..! **‘સંભાવના (સમ્યક્ ભાવના) કરે છે તેને (તે મહાતપોધનને) નિયમ...’** કહેવામાં આવે છે. એને અહીંયાં પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. એ આગળ લેશે. એને કાયોત્સર્ગ પણ કહેવામાં આવે છે. એ આવશે. આહાહા..! અહીં તો બોલી જાય તત્સુત્રી કરણેન, પ્રાયશ્ચિત કરણેન.... કાયોત્સર્ગ કરે. આહાહા..! અરે..! પ્રભુ! તારા હિતની વાત છે. એને દુઃખ લાગે. અમે આ બધું કરીએ છીએ એ ખોટું? એમ કરીને દુઃખ લાગે છે. ભાઈ! તું કરે છે એ બધો રાગ છે. એ રાગ તો સંસાર ફાલશે, બાપા! તે દિ’ તને દુઃખ થશે. એ સંસારના રાગના પરિણામ આવશે... આહાહા..! ત્યાં કોઈ સામું નહિ જોવે, પ્રભુ! ત્યાં તને દુઃખ થશે. અસંખ્ય દ્વિપ સમુદ્ર, ક્યાંય પૃથ્વીપણે, ક્યાંય પાણીપણે, ક્યાંય અગ્નિપણે અવતરવાનો. આહાહા..!

**'સદા શુદ્ધોપયોગના બળથી સંભાવના (સમ્યક્ ભાવના) કરે છે, તેને (તે મહાતપોધનને)...'** આહાહા..! જુઓ! આ મહાતપોધન. અપવાસ કર્યા, આ કર્યા અને એમ કાંઈ કર્યું નથી. આણે મહિનાના અપવાસ કર્યા એટલે મહાતપોધન (એમ નથી). આહાહા..! અંતરના આનંદમાં અખંડ, અદ્વૈત શુદ્ધોપયોગના બળથી આનંદના ઝરણા એને વેદે છે. એને કાયોત્સર્ગ, એને પ્રાયશ્ચિત્ત, એને નિયમ કહેવામાં આવે છે. એણે નિયમ લીધો. આહાહા..! જુઓ! છે? **'તેને (તે મહાતપોધનને) નિયમથી...'** જુઓ! **'શુદ્ધનિશ્ચયનિયમ...'** નિયમથી શુદ્ધનિશ્ચયનિયમ. સાચો નિયમ તો એને કહેવો. બાકી આ નિયમ લીધા, ફલાણું કરવું ને નહિ કરવું, એ તો બધા વ્યવહારના થોથા છે. આહાહા..! સાંભળવા મળે નહિ. શાસ્ત્રમાં બધી વાત પડી છે. બધી પડી છે. 'નિયમસાર', 'સમયસાર', 'પ્રવચનસાર', 'અષ્ટપાહુડ', 'પંચાસ્તિકાય' ઢગલા પડ્યા છે. આહાહા..! સાંભળવા મળે નહિ એ વિચારે કે દિ' અને અંદર જાય કે દિ'? અને સાંભળવા મળે તો કહે, એ તો નિશ્ચય છે... નિશ્ચય છે... નિશ્ચય છે. આ કાળે અત્યારે એ હોય નહિ. અર..ર..! પ્રભુ! આ કાળે ધર્મ હોય નહિ, એમ કહે ને. આહાહા..! આ કાળે અધર્મ હોય. એમ ન હોય, પ્રભુ! તું છો કે નહિ?

ઓલામાં તો આપણે આવ્યું હતું ને? પ્રસિદ્ધ કારણપરમાત્મા. એના પહેલા આવ્યું હતું. પહેલા ક્યાંક આવ્યું હતું. (૧૧૮ ગાથાની ટીકા). **'પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વ...'** આહાહા..! **'પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં સદા અંતર્મુખ રહીને...'** આહાહા..! એમાં **'અંતર્મુખ રહીને જે પ્રતપન તે તપ...'** ગજબ વાત છે. આ બાયુ વર્ષીતપ કરે અને પાંચ-દસ હજાર ખર્ચે ત્યાં ઓહોહો..! ઓલાએ વર્ષીતપ કર્યો હતો ને? શેઠાણી નહિ? 'અમદાવાદ'. 'જૈસંગભાઈ'ના દીકરાની વહુ. 'ધાંગ્રધા'ની નવી. ... કર્યું હતું તો પોણો લાખ ખર્ચ્યા. અહીંથી ઓલી નીકળી હતી. સ્પેશ્યલ (ટ્રેન). 'પાલિતાણા'. પોણો લાખ ખર્ચ્યા હતા. એટલે જાણે આમાં ધર્મ થઈ ગયો. અને કહેનારા પણ બધા મનાવે. હો.. હા.. હો.. દેખાય સારું. હવે આ ન દેખાય એની વાતું. દેખાય એના મીંડા વાળે અને ન દેખાય એની વાત (ચાલે). આહાહા..! એ શેત્રુંજયની જાત્રા અને ગિરનારની અને મેરુ શું? સમ્મેદશિખર, એ બધાની જાત્રા શુભભાવ છે, સંસાર છે. આહાહા..! એને રોકીને... આહાહા..!

એ કીધું ને અહીં? **'નિયમથી...'** **'(તે મહાતપોધનને) નિયમથી શુદ્ધનિશ્ચયનિયમ છે...'** એને શુદ્ધનિશ્ચયનિયમ છે. આહાહા..! એણે શુદ્ધનિશ્ચયનિયમને આદર્યો. આહાહા..! શુદ્ધનિશ્ચયનિયમ. પ્રત્યાખ્યાન કહો, કાયોત્સર્ગ કહો, પ્રતિક્રમણ કહો, નિશ્ચયનિયમ કહો. એણે કર્યો. આહાહા..! એવાને, મુનિરાજ પાછો આધાર આપે છે કે આવું જે કઠણ કહેવાય છે, એથી હું એકલો કહું છું એમ નહિ. આહાહા..! **'ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે.'** છે? ભગવાન 'કુંદકુંદાચાર્ય' એનો આ અભિપ્રાય છે. આહાહા..! પહેલા આવી ગયું છે. ૮૮ પાને. ઓલા નહિ? નકાર કર્યો. આ નહિ... આ નહિ... આ નહિ. ત્યાં એમ 'કુંદકુંદાચાર્ય'નું

(આવ્યું છે). છેવટે કહ્યું. આ બધા ભગવાન પરમાત્માને શુદ્ધનિશ્ચયના બળે નથી એમ ભગવાન સૂત્રકર્તાનો અભિપ્રાય છે. આહાહા..! એટલે મુનિરાજ પોતે કહે છે, ભાઈ! હું કહું છું એટલે તમને આમ.. પણ 'કુંદકુંદાચાર્ય'. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. ત્રીજે નંબરે. એમનો આ અભિપ્રાય છે. આહાહા..! આકરું લાગે એટલે આગળ ચાલે નહિ. એવી વાત છે. અંદર વાંચન, શ્રવણ અને મનન એ બધી વાતું વિકલ્પ અને રાગ.

અહીં કહે છે કે **'નિયમથી શુદ્ધનિશ્ચયનિયમ છે એમ...'** મુનિરાજ કહે છે. એ 'કુંદકુંદાચાર્ય'ને મુનિરાજ ભગવાન તરીકે બોલાવે છે. મુનિ પોતે છે એ ભગવાન તરીકે બોલાવે છે. આહાહા..! **'એમ ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે.'** આ ગાથાના શબ્દો એ સૂત્રકાર ભગવાન 'કુંદકુંદાચાર્ય'ના છે. એ 'કુંદકુંદાચાર્ય'ની આ ગાથામાં આ અભિપ્રાય છે એમ કહે છે. જુઓને પાઠ છે ને. **'सुहअसुहवयणरयणं'** છે ને? **'रायादीभाववारणं किच्चा'** આહાહા..! **'अप्पाणं जो झायदि तस्स दु णियमं हवे णियमा'** તેને નિયમ હોય. આહાહા..! પાઠમાં છે. ગાથા. **'रयणं'** શુભાશુભ વચનરૂપી રચના. આહાહા..! અને રાગાદિ ભાવ વારણં. શબ્દોને છોડીને, રાગને પણ છોડીને... આહાહા..! જે કોઈ **'अप्पाणं जो'** એ **'अप्पाणं'** નો અર્થ પરમતપોધન એ કર્યો. આનંદ ઝરે તે. આહાહા..!

પોતાના આત્માનું જે ધ્યાન કરે છે. વચનો છોડી... આહાહા..! અને રાગને છોડી, નિરાગી ભગવાન અંદર એને જે સેવે છે, એનો અનુભવ કરે છે તેને નિશ્ચયથી નિયમ છે **'એમ ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે.'** આહાહા..! એક ગાથાએ તો એમાં કેટલું આવ્યું! અને પાછો આધાર 'કુંદકુંદાચાર્ય'નો (આપ્યો). હું એકલો ટીકા કરું છું એમ નહિ, હું કહું છું એમ નહિ ભગવાન 'કુંદકુંદાચાર્ય'ની ટીકા કરનારો હું તો એ ભગવાન 'કુંદકુંદાચાર્ય'નો અભિપ્રાય આ છે. એ ગાથાનો અર્થ હું કરું છું પણ એ ગાથાનો અર્થ એ ભગવાનનો અભિપ્રાય છે, 'કુંદકુંદાચાર્ય'નો અભિપ્રાય છે. મારા ઘરનો અભિપ્રાય એક્કેય નથી. આહાહા..! પાછી નરમાશ પણ કેટલી! આહાહા..!

મુમુક્ષુ :– અનંત પંચ પરમેષ્ઠીનો એ અભિપ્રાય.

ઊત્તર :– બધાનો એ અભિપ્રાય. અનંત તીર્થંકરોનો એ અભિપ્રાય છે. અહીં સૂત્રકાર ભગવાનનો જ કીધું છે. આ સૂત્રકાર છે ને? એમ કહ્યું ને? આહાહા..! આ સૂત્રકાર છે ને? સૂત્ર–ગાથા તો એમનું કરેલું છે ને? તેથી ભગવાન સૂત્રકારનો આ અભિપ્રાય છે. આહાહા..!

'[હવે આ ૧૨૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે :]'

## શ્લોક–૧૯૧

(हरिणी)

वचनरचनां त्यक्त्वा भव्यः शुभाशुभलक्षणां
सहजपरमात्मानं नित्यं सुभावयति स्फुटम्।
परमयमिनस्तस्य ज्ञानात्मनो नियमादयं
भवति नियमः शुद्धो मुक्त्यंगनासुखकारणम्।।१९१।।

**[શ્લોકાર્થ :–] જે ભવ્ય શુભાશુભસ્વરૂપ વચનરચનાને છોડીને સદા સ્ફુટપણે સહજપરમાત્માને સમ્યક્ પ્રકારે ભાવે છે, તે જ્ઞાનાત્મક પરમ યમીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ એવો આ શુદ્ધ નિયમ નિયમથી (–અવશ્ય) છે. ૧૯૧.**

## શ્લોક–૧૯૧ ઉપર પ્રવચન

वचनरचनां त्यक्त्वा भव्यः शुभाशुभलक्षणां
सहजपरमात्मानं नित्यं सुभावयति स्फुटम्।
परमयमिनस्तस्य ज्ञानात्मनो नियमादयं
भवति नियमः शुद्धो मुक्त्यंगनासुखकारणम्।।१९१।।

**શ્લોકાર્થ** :- આહાહા..! **'જે ભવ્ય...'** આહાહા..! **'શુભાશુભસ્વરૂપ વચનરચનાને છોડીને...'** એ શુભ ને અશુભ બેયને છોડીને. આહાહા..! અને **'સદા સ્ફુટપણે...'** સદા પ્રગટપણે **'સહજપરમાત્માને સમ્યક્ પ્રકારે ભાવે છે,...'** પ્રગટપણે. શક્તિપણે સ્વભાવ તો છે. ભગવાન પરમાત્માનું સ્વરૂપ પોતે આત્મા શક્તિસ્વરૂપે તો છે. આહાહા..! પણ **'સદા સ્ફુટપણે...'** આહાહા..! સદા નિરંતર તેને પ્રગટપણે. આહાહા..! **'સહજપરમાત્માને સમ્યક્ પ્રકારે ભાવે છે,...'** આહાહા..! મન-વચન-કાયાની ક્રિયા કાઢી નાખી. અને એના તરફના વલણવાળો રાગ થાય એને કાઢી નાખ્યો. આહાહા..! આ લખવા વખતનો રાગ છે એ બેય એણે કાઢી નાખ્યો. આહાહા..! એ રાગ એ મારો નથી, હું એમાં નથી. આહાહા..! મને તો આ ભગવાનનો આનંદ ઝરતો એ હું છું અને એ જ નિયમ છે અને એ નિયમને ભગવાન સૂત્રકાર આ નિયમને કહેવા માગે છે. 'નિયમસાર'. 'નિયમસાર'માં નિયમ આમ કહેવા માગે છે. આહાહા..!

**'જે ભવ્ય શુભાશુભસ્વરૂપ વચનરચનાને છોડી...'** આહાહા..! શુભ વચનને છોડી, ભગવાનની વાણી અને આ બધા... આહાહા..! એ બધા શુભવચનને છોડી. આહાહા..! ભગવાનની વાણી પણ ફેરવવી ને પર્યટન કરવું ને... આહાહા..! એ બધો શુભરાગ છે. આહાહા..!

મુમુક્ષુ :– શાસ્ત્રનો સ્વાધ્યાય એ પણ રાગ છે?

ઉત્તર :– એ રાગ છે. પરદ્રવ્યમાં લક્ષ જાય એ બધો રાગ છે. લખાણમાં, અક્ષરોમાં, બોલવામાં એ બધો રાગ (છે). આહાહા..! એ રાગથી નિવર્તીને... આહાહા..! **'ભવ્ય શુભાશુભસ્વરૂપ વચનરચનાને છોડીને...'** આહાહા..! સ્વાધ્યાયની વચનની રચના એ પણ શુભભાવની છે. અંદર શુભભાવ છે. આહા..! એને છોડીને... આહાહા..! **'સદા સ્ફુટપણે...'** પ્રગટપણે. શક્તિપણે પડ્યો છે એ ભલે હો. પણ એનાથી પ્રગટપણે પર્યાયમાં... આહાહા..! આનંદનો સાગર ભગવાન એને પ્રગટપણે... આહાહા..! સદા પ્રગટપણે **'સહજ પરમાત્માને...'** સ્વભાવિક જે પરમાત્મા પોતે પ્રભુ છે. આહાહા..! આ બધું ગુજરાતી છે. ગુજરાતી સમજાય છે? બહેનોને સમજાય છે? આહાહા..!

**'જે ભવ્ય...'** અભવી ન લીધા. એને હોઈ શકતું નથી. **'શુભાશુભસ્વરૂપ વચનરચનાને છોડીને સદા સ્ફુટપણે સહજપરમાત્માને...'** સ્વભાવિક પરમાત્મા અરૂપી શરીર પ્રમાણે અને રૂપ નથી માટે તને હાથ નથી આવતો. એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી અને કદ શરીર પ્રમાણે છે પણ અનંતગુણનું દળ છે, અનંતગુણનો પિંડ છે, સહજપરમાત્મા છે. આહાહા..! સ્વભાવિક એ પરમાત્મા છે. સ્વભાવિક પરમાત્મા જ છે. આહાહા..! સહજ પરમાત્મા છે. સ્વભાવિક પરમાત્મા છે. પરમાત્મા થશે વળી... આહાહા..! ભગવાન અંદર સહજપરમાત્મા છે. એને **'સમ્યક્ પ્રકારે ભાવે છે,...'** શુભાશુભને છોડી... આહાહા..! સદા પ્રગટપણે સહજ પરમાત્માને સમ્યક્ પ્રકારે ભાવે છે. આહાહા..! અનુભવમાં એને ભાવે છે. આહાહા..! વીતરાગભાવે આત્માને ભાવે છે. આહાહા..! રાગનો કણ જેના સંબંધમાં નથી, રાગની અપેક્ષા જેમાં નથી. એને છોડીને એમ અહીં તો કહ્યું છે. શુભરાગ વ્યવહારરત્નત્રય, કથનમાત્ર જે શુભરાગ છે એને પણ છોડીને. આહાહા..!

**'તે જ્ઞાનાત્મક પરમ યમીને...'** જે આવી રીતે સદા સ્ફુટપણે સહજપરમાત્માને સમ્યક્ પ્રકારે સાચી રીતે ભાવે છે. આહાહા..! કલ્પના થઈ જાય કે આ મને સમજાય છે, એ નહિ. સાચી રીતે ભાવે છે કહે છે. આહાહા..! **'સમ્યક્ પ્રકારે ભાવે છે, તે જ્ઞાનાત્મક પરમ યમીને...'** એ જીવ જ્ઞાનસ્વરૂપ પરમ યમી. આહાહા..! યમ એટલે વ્રત, નિશ્ચય. એ પરમસંયમી. આહાહા..! **'યમીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ...'** મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ **'એવો આ શુદ્ધ નિયમ...'** આહાહા..! **'એવો આ શુદ્ધ નિયમ નિયમથી (–અવશ્ય) છે.'** એવો આ શુદ્ધ નિયમ નિયમથી છે. આહાહા..! એકલું અમૃત વરસાવ્યું છે. લોકોએ સાંભળ્યું ન હોય

વ્યવહારમાં... વ્યવહાર આમ બહાર દેખાય. અપવાસ કરે, આ લે, બોલે એ બધું બહારમાં દેખાય. અને દેખાવમાંથી કલ્પે કે આ ઠીક છે. આહાહા..! એ દેખાવની ક્રિયામાંથી અંતરનું અનુમાન થઈ શકે એવું નથી. આહાહા..! એ તો અંતરની દશાથી રાગરહિત... આહાહા..! જ્ઞાનસ્વરૂપ પરમ યમી.

મુનિ કહે છે કે મુનિ કેવો હોય? જ્ઞાનસ્વરૂપ મુનિ છે. આહાહા..! એ **'મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ એવો આ શુદ્ધ નિયમ નિયમથી (અવશ્ય) છે.'** આહાહા..! એનો નિયમ તે અવશ્ય નિયમ છે. બાકી આત્માના અનુભવ અને દૃષ્ટિ વિના જે કાંઈ નિયમો લઈને બેસે એ બધા નિયમ ખોટા છે એમ કહે છે. આહા..! આત્માના જ્ઞાન વિના, આત્માના આનંદના અનુભવ વિના જે વ્રત, તપ, ક્રિયા લઈને બેસે એ બધા મીંડા ખોટા છે. આહાહા..! સંપ્રદાયના આગ્રહથી બેઠા હોય એને આ વાત આકરી પડે. માર્ગ તો આ છે, પ્રભુ! એ તો ભગવાન સૂત્રકાર એ પોકારે છે. 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા. આહાહા..! મુનિરાજ ભગવાન સૂત્રકારનો આધાર આપે છે અને સૂત્રકાર ભગવાન પાસે ગયા હતા. આહાહા..! એણે આ 'નિયમસાર' બનાવ્યું છે અને તે પણ પોતે કહે છે, કે મેં તો મારા માટે બનાવ્યું છે. આહાહા..! આ નિયમ બીજામાં 'સમયસાર', 'પંચાસ્તિકાય' (બનાવ્યા) પણ આ તો મારે માટે બનાવ્યું છે. આહાહા..! ૧૯૧ (કળશ પૂરો) થયો.

## શ્લોક-૧૯૨

(मालिनी)

**अनवरतमखंडाद्वैतचिन्निर्विकारे**
**निखिलनयविलासो न स्फुरत्येव किंचित्।**
**अपगत इह यस्मिन् भेदवादस्समस्तः**
**तमहमभिनमामि स्तौमि संभावयामि।।१९२।।**

**[શ્લોકાર્થ :–] જે અનવરતપણે (–નિરંતર) અખંડ અદ્વૈત ચૈતન્યને લીધે નિર્વિકાર છે તેમાં (–તે પરમાત્મપદાર્થમાં) સમસ્ત નયવિલાસ જરાય સ્ફુરતો જ નથી. જેમાંથી સમસ્ત ભેદવાદ (–નયાદિ વિકલ્પ) દૂર થયેલ છે તેને (–તે પરમાત્મપદાર્થને) હું નમું છું, સ્તવું છું, સમ્યક્ પ્રકારે ભાવું છું. ૧૯૨.**

## શ્લોક–૧૯૨ ઉપર પ્રવચન

૧૯૨–શ્લોક.

अनवरतमखंडाद्वैतचिन्निर्विकारे
निखिलनयविलासो न स्फुरत्येव किंचित्।
अपगत इह यस्मिन् भेदवादस्समस्तः
तमहमभिनमामि स्तौमि संभावयामि।।१९२।।

**શ્લોકાર્થ :-** જે પરમાત્મપદાર્થમાં **'અનવરતપણે (–નિરંતર) અખંડ...'** આહાહા..! **'(–નિરંતર) અખંડ અદ્વૈત ચૈતન્યને લીધે નિર્વિકાર છે...'** પ્રભુ તો અંદર નિર્વિકાર છે. આહાહા..! પુણ્યના વિકલ્પનો વિકાર પણ જેમાં નથી. **'જે અનવરતપણે (–નિરંતર) અખંડ અદ્વૈત ચૈતન્યને લીધે...'** આવા એના સ્વરૂપને લીધે, એમ કહે છે. જે **'અખંડ અદ્વૈત ચૈતન્યને લીધે નિર્વિકાર છે...'** નિર્વિકાર કેમ છે? કે નિરંતર ચૈતન્યપણું એનામાં છે એથી એ નિર્વિકાર છે. આહાહા..! **'તેમાં (–તે પરમાત્મપદાર્થમાં) સમસ્ત નયવિલાસ જરાય સ્ફુરતો જ નથી.'** આહાહા..! આ આવો છે ને તેવો છે એવું એમાં છે જ નહિ, કહે છે. **'નયવિલાસ સ્ફુરતો નથી...'** આહાહા..! અહીં તો વિકલ્પવાળા–ભેદવાળા નિશ્ચય અને વ્યવહારનય બેય કાઢી નાખ્યા. આહાહા..! **'સમસ્ત નયવિલાસ જરાય સ્ફુરતો જ નથી.'** ભગવાન ચૈતન્યસ્વરૂપે બિરાજમાન (છે). આહાહા..!

**'અખંડ અદ્વૈત ચૈતન્યને લીધે નિર્વિકાર...'** હોવાથી વિકારવાળો નય એનામાં છે નહિ. એ ચૈતન્યને લીધે નિર્વિકાર છે એથી જે વિકારનય છે તે એમાં છે નહિ. આહાહા..! **'જેમાંથી સમસ્ત ભેદવાદ (–નયાદિ વિકલ્પ) દૂર થયેલ છે...'** ભેદ એટલે નયાદિ વિકલ્પ. ગુણ-ગુણીનો ભેદ ને દ્રવ્ય-પર્યાયનો ભેદ એ **'(–નયાદિ વિકલ્પ) દૂર થયેલ છે તેને (–તે પરમાત્મપદાર્થને)...'** આહાહા..! **'હું નમું છું,...'** તે ચીજને હું નમું છું. આહાહા..! તેને **'સ્તવું છું,...'** તેની સ્તવના કરું છું અને તેને **'સમ્યક્ પ્રકારે ભાવું છું.'** આ સિવાય બીજો કોઈ ઉપાય મોક્ષને માટે નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૯૩

(अनुष्टुभ्)

इदं ध्यानमिदं ध्येयमयं ध्याता फलं च तत्।
एभिर्विकल्पजालैर्यन्निर्मुक्तं तन्नमाम्यहम्।।१९३।।

**[શ્લોકાર્થ :–] આ ધ્યાન છે, આ ધ્યેય છે, આ ધ્યાતા છે અને પેલું ફળ છે—આવી વિકલ્પજાળોથી જે મુક્ત (–રહિત) છે તેને (–તે પરમાત્મતત્ત્વને) હું નમું છું. ૧૯૩.**

**પ્રવચન નં. ૧૩૯, શ્લોક-૧૯૩-૧૯૪, ગાથા-૧૨૧, શુક્રવાર, જ્યેષ્ઠ વદ ૧, તા.૩૦-૦૫-૧૯૮૦**

'નિયમસાર', કળશ-૧૯૩.

इदं ध्यानमिदं ध्येयमयं ध्याता फलं च तत्।
एभिर्विकल्पजालैर्यन्निर्मुक्तं तन्नमाम्यहम्।।१९३।।

શું કહે છે? આહાહા..! છેલ્લામાં છેલ્લો સાર છે. આ હું ચૈતન્યસત્તાનું ધ્યાન કરું છું અને ચૈતન્યસત્તા ધ્યેય છે અને આ ધ્યાતા છે એ ચૈતન્યસ્વરૂપ. પેલું ફળ છે. એ ધ્યાનનું આનંદ ફળ છે. આહાહા..! **'આવી વિકલ્પજાળોથી જે મુક્ત (–રહિત) છે...'** ચૈતન્યસ્વરૂપ વસ્તુ સત્તા ચૈતન્ય જાણકસ્વભાવ. બીજી ચીજને પણ જાણતા જાણતા એ પ્રસિદ્ધ કરે છે ને? આ જ્ઞાન પ્રસિદ્ધ કરે છે ને? આ છે... આ છે... એમ રાગ પણ એ પ્રસિદ્ધ કરે છે. આહાહા..! એ ચૈતન્યસ્વરૂપ, એમાં એકાગ્ર થતાં ધ્યાન, ધ્યાતા અને ધ્યેય અને તેનું ફળ. આ ચારેય જેમાં ભેદના વિકલ્પો નથી. આહાહા..! આ તો (અત્યારે કહે છે) શુભભાવથી થાય. આહાહા..!

વસ્તુ છે ને? જ્ઞાનસ્વભાવ છે ને? જેમાં આ જણાય છે ને? એ જણાય છે તે જાણનાર પોતે સ્વરૂપ છે. અને જેનું સ્વરૂપ નિત્ય છે અને નિત્ય હોવાથી તેમાં તેનું ધ્યાન કરતાં જે વિકલ્પ ઊઠે એ વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા..! આવી વાત છે. સમ્યગ્દર્શન થતાં એ વિકલ્પ હોતા નથી. થવા કાળે. પછી હોય એ જુદી વાત છે. આહાહા..!

**'આ ધ્યાન છે,...'** એ પર્યાય છે. **'આ ધ્યેય છે,...'** એ દ્રવ્ય છે. **'આ ધ્યાતા છે...'** ધ્યાતા ધ્યાન કરનારો છે અને એનું ફળ આનંદ છે. **'આવી વિકલ્પજાળોથી...'** આહાહા..!

**'આવી વિકલ્પજાળોથી જે મુક્ત (–રહિત) છે...'** મુનિરાજ કહે છે, કે તેને. તેવું જે આ પરમસ્વરૂપ તત્ત્વ, પરમાત્મા પરમસ્વરૂપ તત્ત્વ... આહાહા..! જેમાં કાંઈ વિકલ્પો નથી એવું જે પરમસ્વરૂપ તત્ત્વ... આહાહા..! એને **'હું નમું છું.'** એને નમું છું એ તો નિર્મળ પર્યાય થઈ, વિકલ્પ નથી. એ બાજુ ઢળી ગયો. ચૈતન્ય સ્વરૂપ છે, કે જે આ જડ આદિ બાહ્ય ચીજ છે એને પ્રસિદ્ધ કરે છે કે આ... આ... આ... આ... એમાં પોતે જ પ્રસિદ્ધ છે. આહાહા..! એમાં એ ચૈતન્ય પોતે પ્રસિદ્ધ છે. હવે એ ચૈતન્યની પ્રસિદ્ધિની પ્રસિદ્ધિ કરવા ધ્યાનમાં જાય... આહાહા..! વિકલ્પ ઊઠે એ એનું સ્વરૂપ નથી. આહાહા..! અહીં સુધી લઈ જવું. ઓલા હજી તો વ્યવહારથી થાય, નિમિત્તથી થાય... આહાહા..! નિમિત્તથી પણ કોઈ વખતે થાય. એ 'વર્ણીજી' એમ કહેતા.

અરે..! પ્રભુ! કયું દ્રવ્ય પર્યાય વિનાનું છે? કયા કાળે કયું દ્રવ્ય પર્યાય વિનાનું છે? આહાહા..! એથી તે બીજી પર્યાયને કરે એ તો પ્રશ્ન અહીં છે જ નહિ. અહીં તો દ્રવ્ય એકરૂપ છે. ચૈતન્યસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ એકરૂપ છે. એકરૂપમાં ધ્યાન-ધ્યાતા–ધ્યેય અને એનું ફળ. આ ચાર ભેદ એકરૂપમાં નથી. આહાહા..! આવી વાત છે, 'દેવીલાલજી'! ક્યાંના ક્યાં. ઓલા તો બહારથી આ કરે, ભક્તિ કરે, પૂજા કરે, ગિરનારની, સમ્મેદશિખરની જાત્રા કરે. ધર્મ ... રાગ થોડો તો ઘટે. અહીં કહે છે, જરીએ ઘટે નહિ.

આત્મા અભેદ અખંડ દ્રવ્ય છે. વસ્તુ છે ને? વસ્તુ છે તે તેના સ્વભાવથી ખાલી ન હોય. તેથી જેમ વસ્તુ એક છે તેમ સ્વભાવ પણ એક અભેદ અખંડ છે. એવા અખંડ ગુણનું ધ્યાન કરવું અને ધ્યાતા–ધ્યેય ને ફળનો વિચાર કરવો, એ પણ એક વિકલ્પ અને ઉપાધિ છે. આહાહા..! તેથી તે **'આવી વિકલ્પજાળથી...'** આહા..! **'एभिर्विकल्पजालै'** સંસ્કૃતમાં છે ને? **'આવા વિકલ્પજાળોથી જે મુક્ત (–રહિત) છે તેને (–તે પરમાત્મતત્ત્વને) હું નમું છું.'** આહાહા..! રહિત છે, રહિત છે, વિકલ્પજાળથી રહિત છે. એકરૂપ છે તેને હું નમું છું. એ પર્યાય લીધી.

મુમુક્ષુ :– સન્મુખની પર્યાય.

ઉત્તર :– સન્મુખની પર્યાય લીધી. વિકલ્પ નહિ. નમું છું. ત્રિકાળ એકરૂપ ચીજને, અખંડને, અભેદને, ચૈતન્યસત્તાવાળી ચીજને એકરૂપ જાણીને તેને નમું છું. આહાહા..! કહો, અહીં સુધી ધર્મની વાત. અહીં તો હજી દયા પાળો, વ્રત પાળો એટલે ધર્મ થઈ જાય. લોકોને આકરું લાગે. આવી વાત સાંભળીને સંપ્રદાયના માણસને આકરું લાગે, કે આ શું? આ બધું આખું ઉથાપી નાખે છે.

બાપુ! એક મહાપ્રભુને જોવા બીજા કોઈની જરૂર નથી. એ મહાપ્રભુ ચૈતન્ય અંદર છે. જેની હયાતી વિના બીજી ચીજ છે એમ જાણશે કોણ? આહાહા..! જેની મોજૂદગી વિના... ઊર્ધ્વતા સ્વભાવ છે ને ઊર્ધ્વતા? સમતા, રમતા, ઊર્ધ્વતા. કોઈપણ (ચીજને) જાણવાના કાળમાં

જ્ઞાનની હયાતીવાળુ તત્ત્વ ન હોય તો જાણશે કઈ રીતે? આહાહા..! કોઈપણ ચીજને જાણવા કાળે. અરે..! રાગને જાણવા કાળે... આહાહા..! શરીર, વાણી, મન, આ બાહ્યની ચીજને જાણવાકાળે પણ જાણનારો ન હોય તો આ છે એમ જાણશે કોણ? આહાહા..! એ જાણનારો જણાય છે તેનાથી જુદો અને એ જાણનારો એકરૂપ છે, એમાં અનેક વિકલ્પ ઉઠાવવા એનાથી પણ એ રહિત છે. આહાહા..! એ ૧૯૩ શ્લોક (પૂરો) થયો.

મુમુક્ષુ :– પર્યાયમાં આ બધું જ્ઞાન વર્તે ને?

ઉત્તર :– પર્યાય વિકલ્પ વિના વળી ગયેલી છે. વિકલ્પ વિના પર્યાય દ્રવ્યમાં વળી ગઈ છે. આહાહા..! પણ હું ધ્યાન કરું છું એ વિકલ્પ નથી. એ વાત છૂટી ગઈ એટલે પર્યાય સ્વભાવમાં ઢળી ગઈ છે. એકરૂપ ચૈતન્યભગવાન... આહાહા..! જેની અખંડતામાં ખંડ કોઈ દિ' થતો નથી. એવું અખંડ તત્ત્વ ભગવાન એને વિકલ્પના ધ્યાનની જાળની પણ જેને જરૂર નથી. આહાહા..! એ તો એની તરફ ઢળી ગયો. નમન થઈ ગયું, આદર થઈ ગયો, સ્વીકાર થઈ ગયો. આહાહા..! ત્યારે તેને સમ્યગ્દર્શન થયું, ત્યારે તેને મોક્ષનો માર્ગ શરૂ થયો. આહાહા..! ૧૯૩.

## શ્લોક–૧૯૪

(अनुष्टुभ्)

**भेदवादाः कदाचित्स्युर्यस्मिन् योगपरायणे।**
**तस्य मुक्तिर्भवेन्नो वा को जानात्यार्हते मते।।१९४।।**

**[શ્લોકાર્થ :–] જે યોગપરાયણમાં કદાચિત્ ભેદવાદો ઉત્પન્ન થાય છે (અર્થાત્ જે યોગનિષ્ઠ યોગીને ક્યારેક વિકલ્પો ઊઠે છે), તેની અર્હત્‌ના મતમાં મુક્તિ થશે કે નહિ થાય તે કોણ જાણે છે? ૧૯૪.**

## શ્લોક–૧૯૪ ઉપર પ્રવચન

**भेदवादाः कदाचित्स्युर्यस्मिन् योगपरायणे।**
**तस्य मुक्तिर्भवेन्नो वा को जानात्यार्हते मते।।१९४।।**

આહાહા..! મુનિરાજ તો બે ફડકા પાડે છે. આહાહા..!

**શ્લોકાર્થ :- 'જે યોગપરાયણ...'** છે. આત્મામાં જે યોગ એટલે જોડાણ છે. ચૈતન્યસત્તાની

મહાસત્તા, એમાં જેનું અંદર જોડાણ છે, કહે છે. **'યોગપરાયણમાં કદાચિત્ ભેદવાદો ઉત્પન્ન થાય...'** કદાચિત્ એમાં ધ્યાનમાં એકાગ્રતાનો વિકલ્પ ઊઠે. આહાહા..! અંદર સ્વરૂપનું ધ્યાન કરતાં.. યોગ એટલે જોડાણ. ચૈતન્યસત્તાની સત્ત્વનું સત્ત્વ જે ત્રિકાળી છે, છે એ દ્રવ્ય છે. વસ્તુ છે એ તો અનાદિ છે, એવી ચીજ ઉપર ધ્યાન કરતા યોગપરાયણ... આહાહા..! એના જોડાણ કરતા કરતા લક્ષમાં ક્યાંય જો ભેદ અને વિકલ્પ આવે... આહાહા..! ભેદ અને વિકલ્પ જો ઊઠે, **'ભેદવાદો ઉત્પન્ન થાય છે (અર્થાત્ જે યોગનિષ્ટ યોગીને ક્યારેક વિકલ્પો ઊઠે છે), તેની અર્હત્‌ના મતમાં મુક્તિ થશે કે નહિ થાય તે કોણ જાણે છે?'** આહાહા..! એટલે કે વિકલ્પથી એને મુક્તિ થશે નહિ. ભેદથી મુક્તિ નહિ થાય. આહાહા..!

ભગવાનઆત્મા વસ્તુ છે, એકરૂપ છે, પૂર્ણ છે. તેમાં પણ પાછો ભેદવાદ લક્ષમાં ઉઠ્યો... આહાહા..! તો એને **'અર્હત્‌ના મતમાં મુક્તિ થશે કે નહિ થાય તે કોણ જાણે છે?'** એટલે ભેદવાળાને મુક્તિ થશે નહિ. આહાહા..! આવી વાત છે. ક્યાંથી ક્યાં જવાનું? કેટલું કરવાનું? હજી બહારથી નવરો થતો નથી. અંદરમાં સાંભળવાનો પણ વખત લેતો નથી. એકાદ-બે કલાક દે એમાં કાંઈ પકડાય નહિ. આહાહા..! કોઈની કાળલબ્ધિ પાકી ગઈ હોય અને આવી જાય તરત. એ પુરુષાર્થથી જ્યારે થાય છે... આહાહા..!

મુમુક્ષુ :– કાળલબ્ધિ .. પુરુષાર્થથી...

ઉત્તર :– પુરુષાર્થથી જ્યારે થાય ત્યારે કાળલબ્ધિ ભલે ભેગી હો. મૂળ પુરુષાર્થથી છે. કેમકે વીર્યનું વલણ જે અનાદિથી પર તરફ છે અને એ વીર્યનું સ્વરૂપ, સ્વરૂપની રચના કરે તે એનું સ્વરૂપ છે. આહાહા..! આત્માનું જે વીર્ય–બળ સ્વરૂપ છે એ સ્વરૂપની રચના (કરે). શુભની રચના કરે એ વીર્ય નહિ. આહાહા..! વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો વિકલ્પ, પંચમહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્રનું ભણતર એનો વિકલ્પ એ ત્રણે નપુંસક છે. કેમકે આત્માનું જે વીર્ય–બળ છે એ તો એના સ્વરૂપની શુદ્ધિની રચના કરે તેવું એનું સ્વરૂપ છે. શુદ્ધિની રચના કરે તે તેનું સ્વરૂપ છે. એમાં અશુદ્ધતાનું સ્વરૂપ આવે એને નપુંસક કીધો છે. આહાહા..! કેમકે નપુંસકને વીર્ય ન હોય એટલે પુત્ર ન થાય. એમ શુભભાવમાં ધર્મપ્રજા ન થાય. એ શુભભાવ નપુંસક છે. આહાહા..!

મુમુક્ષુ :– આપ ઝીણી વાત ફરમાવો છો.

ઉત્તર :– આ વસ્તુ આવી છે. એમાં આ ગાથાઓ વળી તાકડે આવી. આહાહા..!

બધેથી છૂટી જઈને એકલું આત્માનું ધ્યાન કરતા પણ જો વિકલ્પ ઉઠે... આહાહા..! તોપણ તેની મુક્તિ નથી એમ અહીં તો કહે છે. આહાહા..! ચારે બાજુથી સંકેલી... પહેલું યોગપરાયણ કીધું છે ને? યોગપરાયણ છે. ચારે બાજુથી છૂટ્યો છે આમ. એમ લીધું છે. યોગમાં પરાયણ છે. એને કદાચિત્ ભેદવાદ ઉત્પન્ન થાય. આહાહા..! ગજબ કરે છે. દિગંબર સંતની વાણી કેવળીની દિવ્યધ્વનિ છે! આવી વાણી ક્યાંય બીજે નથી. આહાહા..! સત્યાર્થ

છે... સત્યાર્થ છે.

એવો ભગવાન ચૈતન્યકંદ છે. પદાર્થ છે, વસ્તુ છે એ એકરૂપ ચીજ છે. એનું ધ્યાન કરતાં કરતાં જો ખસી ગયો અને વિકલ્પમાં આવી ગયો, તો કહે છે કે અર્હંતના મતમાં મુક્તિ થશે કે નહિ? અન્યમતિઓ ભલે કોઈ એવાને મુક્તિ ઠરાવે... આહાહા..! પણ વીતરાગમાર્ગમાં એ વિકલ્પવાળાની મુક્તિ નથી. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એના પંથમાં યોગપરાયણ જીવને પણ જો વિકલ્પ ઊઠે... આહાહા..! ગજબ છે. અંતરમાં જેની એકાગ્રતા છે, એમાંથી ખસીને જો વિકલ્પ ઉઠ્યો, એને અર્હંતના મતમાં મુક્તિ નથી. આહાહા..! આવી વાતું છે. અજાણ્યા માણસને તો એમ લાગે કે આવી કઈ વાત? આ બહારથી કાંઈ આ કરવું... આ કરવું... આ કરવું.. એ તો કાંઈ વાત આવતી નથી. આ તો અંદરમાં વિકલ્પ કરવો એ પણ નુકસાન થાય છે. આહાહા..!

અખંડાનંદ પ્રભુ ચૈતન્યના ધ્યાનમાં પણ ખસી જઈને... આહાહા..! ધ્યાનમાંથી પણ ખસી જઈને, જો વિકલ્પ ઉઠ્યો, ભેદ પડ્યો એની મુક્તિ અર્હંત મતમાં નથી. કોણ જાણશે એટલે કે અરિહંતના મતમાં મુક્તિ નથી. આહાહા..! છે? '**તેની અર્હત્‌ના મતમાં...**' એમ કેમ કહ્યું? કે બીજા મતમાં તો ઘણો ઘણો રાગથી, વ્યવહારથી, નિમિત્તથી, પર્યાયથી, વિકલ્પથી ઘણે ધર્મ મનાવ્યો છે. વીતરાગ ત્રણલોકના નાથ... આહાહા..! એમણે એક અભેદમાં દૃષ્ટિ કરીને અભેદથી તેને સમકિત થાય અને મુક્તિ થાય. ભેદથી, વિકલ્પથી પણ ન થાય એ અર્હંત મતમાં કહ્યું છે. એ બીજે ક્યાંય નથી. આહાહા..!

મુમુક્ષુ :– બીજા મતમાં તો દુઃખી થાય એવું છે.

ઉત્તર :– બીજા મતમાં કાંઈકની કાંઈક વાતું છે. જૈનના વાડામાં પણ આ શ્વેતાંબર, સ્થાનકવાસી, દેરાવાસીમાં કાંઈકને કાંઈક બહારની વાતું. થોથા. આહાહા..!

અહીં તો ભગવાન લુગડા રહિત, કપડા રહિત બધું છોડ્યું છે, શુભભાવ છોડ્યો છે અને યોગપરાયણમાં અંદર ગયો છે. પણ જો ત્યાંથી ખસી ગયો... આહાહા..! જરી જો વિકલ્પનો ધક્કો લાગી ગયો તો મુક્તિ નહિ થાય. આહાહા..! આવી વાત છે. બહુ ઊંચા કળશ! એકલો માલ માલ ભર્યો છે. આહાહા..! એકલો અખંડ પ્રભુ ચૈતન્યસત્તા છે ને. એકરૂપ સત્તા છે એમાં વળી બે રૂપ વિકલ્પ બીજો ક્યાંથી આવ્યો? આ ગુણી છે અને આ ગુણ છે એવો પણ વિકલ્પ એના સ્વરૂપમાં ક્યાં છે? અને આ દ્રવ્ય છે અને આ પર્યાય છે એવા ભેદનો વિકલ્પ પણ એનામાં ક્યાં છે? આહાહા..! એ તો વિકલ્પ વિનાની પર્યાય ત્રિકાળ જ્ઞાયક સ્વભાવમાં ઢળી જાય છે ત્યારે એને સમકિત થાય છે. કોઈ વિકલ્પ પહેલો આવો હતો માટે એને લઈને અંદર થયું (એમ નથી). ઘણા પ્રશ્ન પૂછે છે ને? 'ચંદુભાઈ' ડોક્ટર બહુ પૂછતા હતા. 'રાજકોટ'માં. એમ કે સમકિત થવા પહેલા કયો વિકલ્પ હોય? વિકલ્પ કયો હોય એનો મેળ નથી. વિકલ્પરહિત થવું એ વસ્તુ છે. આહાહા..!

મુમુક્ષુ :– અંદરમાં ...

ઉત્તર :– અંદર ગયો એટલે થઈ રહ્યું. આનંદનું ધામ સ્વયં જ્યોતિ સુખધામ ફળ છે, ક્ષેત્ર છે. એ અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે. આહાહા..! જૈન સિવાય અસંખ્ય પ્રદેશી કોઈએ જાણ્યું નથી. કોઈએ જાણ્યું નથી. આહાહા..! શ્વેતાંબરમાં પણ અસંખ્ય પ્રદેશ કહ્યા છે પણ એ ફેરફાર છે. ૩૪૩ રાજુમાં ફેર છે. ફેર છે ત્યારે ૩૪૩ રાજુ પ્રમાણે આત્માના પ્રદેશ છે. એ ખોટી વાત છે. વાત સમજાણી? એમણે પોતે એમના પુસ્તકમાં લખ્યું છે. પુસ્તક છે ત્યાં. ભાઈ! આપણે ૩૪૩ રાજુ કહીએ છીએ પણ એ આપણા બધા મેળથી મળતું નથી. એમ ત્યાં લખ્યું છે. પુસ્તક છે. શ્વેતાંબર તરફનું, હોં! ત્યારે આત્માના પ્રદેશ લોક પ્રમાણે છે. ત્યારે લોકના પ્રદેશનો મેળ નથી ત્યાં આત્માના પ્રદેશનો મેળ ક્યાં રહ્યો? બહુ ફેર પડી ગયો, પ્રભુ!

મુમુક્ષુ :– આપોઆપ નાનો થઈ ગયો ને?

ઉત્તર :– નાનો નહિ. એ વસ્તુ જ આખી અસંખ્ય પ્રદેશ જે છે. ક્ષેત્ર જ એનું એવડું છે. એ રૂપ જ છે, એ સ્વરૂપે છે. એને બીજી રીતે કહેવું હોય તો ફેરફાર... આહાહા..! ઓલો પણ તકરારમાં ચડ્યો છે ને? 'વિદ્યાનંદજી'. **'अपदेशसंतमज्झं'** અખંડ પ્રદેશ લેવા. અખંડ લેવું. અસંખ્ય નહીં, એકરૂપ ત્યાં છે.

મુમુક્ષુ :– ... મુંઝાઈ જાય, એ ન મુંઝાણો.

ઉત્તર :– એ તો મૂળ બ્રાહ્મણ છે અને અસંખ્ય પ્રદેશ વેદાંતમાં છે નહિ. અને બધાને સરખું સારુ લગાડવું છે. અસંખ્ય પ્રદેશી હોય તો એક સર્વજ્ઞ વીતરાગ અને તે પણ દિગંબર જૈન સિવાય અસંખ્ય પ્રદેશી આત્મા પૂરો બીજે ક્યાંય છે નહિ. પૂરો. શ્વેતાંબરે અસંખ્ય પ્રદેશ કહ્યો છે પણ અધૂરો. આહાહા..! છે ને. છે તો અસંખ્ય પ્રદેશી કહ્યા છે. પણ પૂરો નથી. એ અસંખ્ય પ્રદેશી લોકના ત્રણ ક્ષેત્રના રાજુ પ્રમાણે જોઈએ તે પ્રમાણે નથી. એ મેળ ખાતો નથી તો આત્માના અસંખ્ય પ્રદેશનો મેળ ખાતો નથી. આહાહા..! પુસ્તક છે. શ્વેતાંબરનું, હોં! શ્વેતાંબર પોતે લખે છે. પણ વિચાર કોણ કરે છે? ઓઘે જે વાડામાં જન્મ્યા, જે કૂળે જન્મ્યો અને જેનો સંગ રહ્યો, જેનો પરિચય રહ્યો એની માન્યતામાં પડ્યા, થઈ રહ્યું. 'જેસે કુળે ... જૈન ..' જેનો વાસ રહ્યો અને જે કુળમાં જન્મ્યા, બસ! એ અમારો ધર્મ. થઈ રહ્યું. આમાં સત્ય છે કે ફેરફાર છે (એ નિર્ણય કરે નહિ). કેમ 'ટોળિયાજી'! એને ક્યાં તમારે દરકાર હતી? એ તો 'શાંતાબહેન' વળી આવ્યા બિચારા. ત્યારે ઢસડાઈને પછી આવ્યા છે એ. આહાહા..! આ તો સંસારમાં ઘણા પ્રકારે બને છે ને? આહાહા..!

અહીં કહે છે. અરે..! અર્હંતનો મત... આહાહા..! સર્વજ્ઞ ભગવાનનો અભિપ્રાય, એ વસ્તુમાં ધ્યાન કરતા કરતા જો ખસી ગયો અને ભેદમાં, વિકલ્પમાં આવી ગયો, કે આ ગુણ છે અને ગુણી છે એવો પણ વિકલ્પ ઉઠ્યો, એની મુક્તિ અરિહંત મતમાં નથી. આહાહા..!

આવું સાંભળ્યું નથી. આવું 'રામજીભાઈ' વખતે નહોતું. આહાહા..! એ બુદ્ધિવાળા હતા. પણ આ વાત તે દિ' નહોતી. સામાયિક, પોષા, પડિક્કમણા કરે, ગાયન ગાતા. ગાતા ખબર છે. આહાહા..! આ ચીજ!

મુમુક્ષુ :- તે દિ' આ ક્યાં હતું?

ઉત્તર :- તે દિ' હતું જ નહિ કાંઈ. ...માં બેસે. સામાયિક કરીને પછી એકકોર બેસે. ગાયન બોલે. પણ આ વાત જ હતી નહિ. આહાહા..!

વાહ! ધન્ય અવતાર જેના! આહાહા..! એકરૂપની દશામાં ભિન્ન ભેદવાદ કરવો કે આ પર્યાય છે અને દ્રવ્ય છે એવો પણ જો વિકલ્પ ઉઠ્યો તો વીતરાગ મતમાં મુક્તિ નહિ થાય. એને બંધ થાશે. આહાહા..! પછી ભલે ભવિષ્યમાં વિકલ્પ તોડીને કરે પણ વિકલ્પ છે ત્યાં સુધી એની મુક્તિ નહિ થાય. આહાહા..! એટલો વિકલ્પ જે ભેદનો, હોં! છે ને? **'भेदवादाः'** વસ્તુ છે, આ પર્યાય છે અને આ ગુણ છે અને આ દ્રવ્ય છે. એ તો 'નિયમસાર'માં આવ્યશ્યક કહ્યું ને? ભાઈ! દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણનો વિચાર કરે તે પણ પરાવશ્યક છે, પરાધીન છે. આહાહા..! આવશ્યકના અધિકારે. દ્રવ્ય આ દ્રવ્ય છે પોતે વસ્તુ અખંડ, એનો ગુણ... ચેતન છે એ દ્રવ્ય છે, એનો ચૈતન્ય છે એ ગુણ છે, એની વર્તમાન રાગને અને પરને જાણે છે તે પર્યાય છે. એવા ત્રણ પ્રકારના વિચારમાં રોકાય છે એ પરાધીન છે. એને આવશ્યક–અવશ્ય ક્રિયા જે કરવાની છે એ કરી નથી. એ અનાવશ્યક છે. આહાહા..! આવું છે. એ ગાથા પૂરી થઈ.

## ગાથા-૧૨૧

**कायाईपरदव्वे थिरभावं परिहरत्तु अप्पाणं।**
**तस्स हवे तणुसग्गं जो झायइ णिव्वियप्पेण।।१२१।।**

**कायादिपरद्रव्ये स्थिरभावं परिहृत्यात्मानम्।**
**तस्य भवेत्तनूत्सर्गो यो ध्यायति निर्विकल्पेन।।१२१।।**

**निश्चयकायोत्सर्गस्वरूपाख्यानमेतत्।**

**सादिसनिधनमूर्तविजातीयविभावव्यंजनपर्यायात्मकः स्वस्याकारः कायः। आदिशब्देन क्षेत्रवास्तुकनकरमणीप्रभृतयः। एतेषु सर्वेषु स्थिरभावं सनातनभावं परिहृत्य नित्यरमणीयनिरंजननिजकारणपरमात्मानं व्यवहारक्रियाकांडाडम्बरविविधिविकल्पकोलाहल-विनिर्मुक्त-सहजपरमयोगबलेन नित्यं ध्यायति यः सहजतपश्चरणक्षीरवारांराशिनिशीथिनीहृदयाधीश्वरः, तस्य खलु सहजवैराग्यप्रासादशिखरशिखामणेर्निश्चयकायोत्सर्गो भवतीति।**

**કાયાદિ પરદ્રવ્યો વિષે સ્થિરભાવ છોડી આત્મને**
**ધ્યાવે વિકલ્પવિમુક્ત, કાયોત્સર્ગ છે તે જીવને. ૧૨૧.**

અન્વયાર્થ :– [ कायादिपरद्रव्ये ] કાયાદિ પરદ્રવ્યમાં [ स्थिरभावम् परिहृत्य ] સ્થિરભાવ છોડીને [ यः ] જે [ आत्मानम् ] આત્માને [ निर्विकल्पेन ] નિર્વિકલ્પપણે [ ध्यायति ] ધ્યાવે છે, [ तस्य ] તેને [ तनूत्सर्गः ] કાયોત્સર્ગ [ भवेत् ] છે.

ટીકા :– આ, નિશ્ચયકાયોત્સર્ગના સ્વરૂપનું કથન છે.

સાદિ-સાંત મૂર્ત વિજાતીય-વિભાવ-વ્યંજનપર્યાયાત્મક પોતાનો આકાર તે કાય. 'આદિ' શબ્દથી ક્ષેત્ર, ઘર, કનક, રમણી વગેરે. આ બધામાં સ્થિરભાવ–સનાતનભાવ પરિહરીને (–કાયાદિક સ્થિર છે એવો ભાવ છોડીને) નિત્ય-રમણીય નિરંજન નિજ કારણપરમાત્માને વ્યવહાર ક્રિયાકાંડના આડંબર સંબંધી વિવિધ વિકલ્પરૂપ કોલાહલ વિનાના સહજ–પરમ–યોગના બળથી જે સહજ-તપશ્ચરણરૂપી ક્ષીરસાગરનો ચંદ્ર (–સહજ તપરૂપી ક્ષીરસાગરને ઉછાળવામાં ચંદ્ર સમાન એવો જે જીવ) નિત્ય ધ્યાવે છે, તે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિને (–તે પરમ સહજ-વૈરાગ્યવંત જીવને) ખરેખર નિશ્ચયકાયોત્સર્ગ છે.

## ગાથા–૧૨૧ ઉપર પ્રવચન

૧૨૧. આવું ઝીણું છે, ભાઈ! આહાહા..!

**कायाईपरदव्वे थिरभावं परिहरत्तु अप्पाणं।**
**तस्स हवे तणुसग्गं जो झायइ णिव्वियप्पेण।।१२१।।**
**કાયાદિ પરદ્રવ્યો વિષે સ્થિરભાવ છોડી આત્મને**
**ધ્યાવે વિકલ્પવિમુક્ત, કાયોત્સર્ગ છે તે જીવને. ૧૨૧.**

લ્યો! આ કાયોત્સર્ગ આવ્યો. તમારા તત્સુત્રી કરણેનમાં આવે છે ને? ... તત્સુત્રીમાં આવે છે. ...

મુમુક્ષુ :– ... આપણા ...માં આવે છે.

ઉત્તર :– એ આવે છે. પણ એ તો વ્યવહારના વિકલ્પની વાતું છે. વ્યવહારનો વિકલ્પ છે ત્યારે આવું હોય છે એટલું જણાવ્યું છે પણ એ વસ્તુસ્થિતિ નથી. આહાહા..!

કાયોત્સર્ગ એટલે આત્મા અસંખ્ય પ્રદેશી કાય છે, જીવ શરીર કાય છે. એના સિવાયનો કોઈપણ વિકલ્પ તેને લાગુ પડતો નથી. એ વિકલ્પ કોઈ હોય તો એ કાયોત્સર્ગ કહેવાતો નથી. એણે કાયાને છોડી નથી. આત્માની પૂર્ણ કાયાને પકડીને વિકલ્પાદિ બધાને છોડવા એ બધી કાયા છે. બે કાયા છે. એક આત્મકાયા ચૈતન્ય, એક વિકલ્પથી માંડીને આ બધું

કાયા. આહાહા..! આવું છે.

મુમુક્ષુ :– બાહુબલીજીએ બાર મહિના કાયોત્સર્ગ કર્યો.

ઉત્તર :– એ કાયોત્સર્ગ હતો. એ તો સમકિતી હતા, મુનિ હતા. પણ જરી શલ્ય રહી ગયું. શલ્ય રહી ગયું કે આ એટલું. બાકી સમકિતી, મુનિ હતા. પણ શલ્ય રહી ગયું કે આની જમીનમાં ઊભો છું. એટલું રહી ગયું. એ અટક્યા તો કેવળજ્ઞાન અટકી ગયું. આહાહા..! મુનિ હતા, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હતા. બાર વર્ષ સુધી એ પ્રમાણે ઝૂલતા (હતા). પણ જરી અંદરમાં ખટક રહેતી હતી. આ જમીનમાં ઊભો છું. એમાં 'ભરત' ચક્રવર્તી આવ્યા અને જ્યાં પગે લાગે છે, ત્યાં એને તો.. ઓહોહો..! આને તો કાંઈ નથી. કાંઈ નથી એવું અંદર ઉતરતા કેવળજ્ઞાન થયું. આહાહા..! તૈયારી તો હતી જ. છઠ્ઠે-સાતમે તો હતા. પણ જરી વિકલ્પનું શલ્ય રહી ગયું હતું તેથી કેવળમાં આગળ જઈ શક્યા નહોતા. વેલડી હાથે વીંટાઈ ગઈ. જંગલમાં બાર મહિના ઊભા રહ્યા. હાથે ને પગે વેલડી વીંટળાઈ ગઈ છે. એનો અર્થ એ થયો કે પગ ને હાથ હલાવ્યા પણ નથી. આહાહા..! કારણ કે હલાવે તો એવી વનસ્પતિ રહે નહિ. બરાબર હાથે ને પગે વેલડી વીંટી છે. હાથને પગને સ્થિર કર્યાં છે. આહાહા..! એ તો જડની ક્રિયા છે પણ સ્થિર થઈ છે. અંદરમાં ફેરફાર વિકલ્પ રહી ગયો. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા છતાં... આહાહા..! એક વિકલ્પ રહી ગયો કે આ જમીન એમની છે. એ આવીને પગે લાગે છે અને (વિકલ્પ) છૂટી જાય છે. વિકલ્પ છૂટી કેવળજ્ઞાન થઈ જાય છે. આહાહા..! એટલું પણ શલ્ય છે. ભલે મિથ્યાદર્શન નહિ. ત્રણ પ્રકારના શલ્ય છે ને? માયા, મિથ્યાત્વ અને નિદાન. ત્રણ શલ્ય છે. જરી એ જાતની માયા રહી ગઈ. આહાહા..! વિશલ્યીકરણેન. એમ કાયોત્સર્ગમાં નથી આવતું? વીશલ્યી કરણેન. ત્રણ શલ્ય રહિત હોય તો કાયોત્સર્ગ થાય. હવે આ મિથ્યાત્વની શલ્યની ખબર ન મળે અને એને કાયોત્સર્ગ થાય? એમાં આવે છે કે નહિ? વિશલ્યી કરણેન... વિશલ્યી કરણેન... ગડિયા હાંકે. આહાહા..!

મુમુક્ષુ :– મુનિ તો વિશલ્યી જ હોય.

ઉત્તર :– મુનિને હોય. કાયોત્સર્ગ હોય છે ને?

મુમુક્ષુ :– નિશલ્યોવૃત્તિ હોયને.

ઉત્તર :– એને છ આવશ્યક હોય છે. છ આવશ્યકનો વિકલ્પ આવે છે. સામાયિક, ચોવિસંથો એમાં છ આવશ્યક આવે છે. છદ્મસ્થ છે ને. અહીં તો કહે છે કે એ વિકલ્પ તો ઠીક પણ અભેદમાં ભેદનો વિકલ્પ કરે તોપણ નહિ. છઠ્ઠે ગુણસ્થાને આવે તો ખરા. મોટો અધિકાર આવે છે. આચાર્યે રચના કરી જે પ્રતિક્રમણની, તે પ્રતિક્રમણને કરતો સાધુ, તેને છોડીને અંતરમાં જાવું. એમ આવે છે. આહાહા..!

**'ટીકા :– આ, નિશ્ચયકાયોત્સર્ગના સ્વરૂપનું કથન છે.'** નિશ્ચયકાયોત્સર્ગ. એ વિકલ્પ

પણ જડની કાયા છે. આહાહા..! ભગવાન જ્ઞાન કાયા છે. પ્રભુનું જ્ઞાનશરીર છે, પ્રભુનું આનંદ અને વીતરાગશરીર છે. એ સિવાય વિકલ્પ આદિ બધો કાય છે. એ જડ કાય છે. આ ચૈતન્યકાય છે. આહાહા..! આવું છે. **'નિશ્ચય કાયોત્સર્ગના...'** નિશ્ચયથી કાયાનો ત્યાગ, એના **'સ્વરૂપનું કથન છે.'** આહાહા..! **'સાદિ-સાંત મૂર્ત વિજાતીય-વિભાવ-વ્યંજનપર્યાયાત્મક પોતાનો આકાર તે કાય.'** આ પહેલી શરીરની વાત કરી. સાદિ-સાંત. ઉત્પન્ન થયું છે એ એની સાદિ છે અને નાશ થવાનો છે.

**'મૂર્ત...'** છે. **'વિજાતીય...'** આત્માથી વિજાત છે. આહાહા..! આત્મા ચૈતન્યજાત છે, એની આ વિજાત છે. **'વિભાવ–વ્યંજનપર્યાયાત્મક...'** છે. એ વિજાતી. વિભાવ વ્યંજનપર્યાય આ શરીર છે. આહાહા..! **'પોતાનો આકાર તે કાય.'** એનો આ આકાર તે કાયા છે. **''આદિ' શબ્દથી ક્ષેત્ર,...'** આહાહા..! કાયોત્સર્ગમાં એકલી કાયાનો વિસર્ગ નહિ એમ કહે છે. આ મારું ઘર છે, આ મારું ક્ષેત્ર છે એનો પણ ત્યાગ. **'ઘર,...'** ક્ષેત્ર અને ઘરનો ત્યાગ. આહાહા..! એને કાયોત્સર્ગ હોય છે. ઘર છે એ બધું પર કાયોત્સર્ગમાં આવે છે, કાયામાં આવે છે. જેમ આ શરીર કાયા છે, ચૈતન્યભગવાન કાયા છે. એમ શરીર, ક્ષેત્ર અને ઘર પરકાયામાં આવે છે. એ પરકાય છે. આહાહા..!

**'કનક,..'** સોનું. સોનું એ પરકાયમાં જાય છે. આહાહા..! **'રમણી...'** સ્ત્રી પરકાયમાં જાય છે. આહાહા..! સ્વકાય તો ચૈતન્યમૂર્તિ તેની સ્વકાય છે. રમણી અને એનો પુત્ર અને પુત્રી વગેરે વગેરે. છે? **'વગેરે.'** છે ને? **'રમણી વગેરે.'** આહાહા..! દીકરા, દીકરી એ બધું પરકાય છે. આહાહા..! સ્વકાય અને પરકાય બે જ વાત. એમાં સ્વકાયમાં એકલો આત્મા આવે. પરકાયમાં વિકલ્પથી માંડીને આખી દુનિયા (આવે). આહાહા..! **'આ બધામાં સ્થિરભાવ–સનાતનભાવ પરિહરી...'** આહાહા..! એ શું લીધું? આ આત્મા તો કાયા છે એ સ્થિર છે, નિત્ય છે. આ વસ્તુને નિત્ય અને સ્થિર કરવા માગે છે. વિકલ્પથી માંડી પરને. આહાહા..! એ સ્થિરભાવ, સનાતન ભાવ. રાગ અને શરીર અને સ્ત્રી એ બધો સનાતન પરભાવ છે. જૂનું, જૂનું અનાદિનો એ પરભાવ છે, પરકાય છે. આહાહા..!

**'ઘર, કનક, રમણી વગેરે.'** દીકરા-દીકરી, હોશિયાર દિકરા થયા હોય તો આમ અંદરથી પોરો ચડી જાય કે, આહાહા..! મહિને લાખ-લાખ રૂપિયા પેદા કરે છે અને અમારી કાંઈ જરૂર પડતી નથી. બહુ હોંશિયાર છે. કહે છે, એ બધું પરકાય છે. તારી કાય નહિ. આહાહા..! તારી કાયમાં એ નહિ અને એની કાયમાં તું નહિ. આહાહા..! એવો સ્થિર ભાવ એટલે કે આ મારા છે અને ટકી રહેશે. આહાહા..! વિકલ્પ પણ ટકી રહેશે, સ્ત્રી ટકી રહેશે, કનક ટકી રહેશે, ઘર ટકી રહેશે. આહાહા..! એવો જે સ્થિર ભાવ સનાતન, જૂનો, અનાદિનો પરને પોતાનો માનવાનો ભાવ **'પરિહરીને (–કાયાદિક સ્થિર છે એવો ભાવ છોડીને)...'** કાયાદિ બધું સ્ત્રી આદિ સ્થિર છે. જુવાન છે તો ૨૫-૫૦ વર્ષ તો રહેશે કે નહિ? એ બધું અસ્થિર

છે. ક્યારે સમય... આહાહા..!

હમણા એક છોડી મરી ગઈ હતી ને? લગન કર્યા ત્યારે એના બાપે ૩૦ હજાર રૂપિયા ખર્ચ્યા હતા. 'મુંબઈ'માં. દીકરો નહોતો. દીકરી હતી. ૩૦ હજાર. એ એક સેકન્ડમાં ગુજરી ગઈ. આવ્યું હતું. નામ આપણે જાણતા નથી. આવ્યું હતું. આહાહા..! લાખો રૂપિયા દાન આપે દહેજમાં. સોના મૂકે, સો-બસ્સો તોલા સોનું મૂકે, પંખા ને પંખા શું કહેવાય આ? વીંઝણા. એ બધું મૂકે. કપડા ને સાડલા ને ઢોલિયા ઉપર પાથરે પછી સગાવ્હાલાને જોવા બોલાવે, કે જુઓ આ. આહાહા..! પ્રભુ! એ તો પરકાય છે ને, કહે છે. આહાહા..! એ તો પર શરીર છે ને? આહાહા..! વિકલ્પથી માંડીને, પ્રભુ! એ બધું પર શરીર છે, પરકાય છે. સ્વકાય તો અંદર આનંદનો નાથ અખંડાનંદ પ્રભુ જ્ઞાનશરીર. કહે છે ને? આવે છે. જ્ઞાનશરીર. જ્ઞાનવિગ્રહમ્. જ્ઞાનરૂપી શરીર. એ અખંડ છે, અભેદ છે, એકરૂપ છે. એનાથી જેટલા ભેદ અને પરના ભાવ એ બધાને સ્થિર કરીને માન્યા છે કે આ સ્થિર રહેશે... રહેશે. આહાહા..!

**'સનાતનભાવ પરિહરીને (–કાયાદિક સ્થિર છે એવો ભાવ છોડીને) નિત્ય-રમણીય નિરંજન...'** આહાહા..! આવ્યો ભગવાન. નિત્ય રમણીય છે. ભગવાન તો નિત્ય રમણીય આનંદમાં રમે એ સ્વરૂપ છે. **'નિરંજન...'** આહાહા..! જેને મેલ અને અંજન કાંઈ છે નહિ. એવું ચૈતન્યદળ, અખંડાનંદ ચૈતન્યકાય... આહાહા..! જ્ઞાનવિગ્રહ. જ્ઞાનની સાથે અનંતગુણ આવ્યા. જ્ઞાનની પ્રધાનતાએ એને જ્ઞાનશરીર કહ્યું. ભગવાનઆત્માને જ્ઞાનશરીરી કહ્યો છે. આહાહા..! એ **'નિત્ય-રમણીય નિરંજન...'** અંજન-બંજન–મેલ ભગવાનઆત્મામાં નથી. આહાહા..! અને **'કારણ પરમાત્માને...'** આહાહા..! એવો જે કારણપ્રભુ ત્રિકાળી નિત્યાનંદ, પ્રભુ, એ કારણપરમાત્મા. જેમાં પર્યાયની પણ અપેક્ષા નથી. આહાહા..!

એવા **'કારણ પરમાત્માને વ્યવહાર ક્રિયાકાંડના આંડબર સંબંધી...'** આહાહા..! વ્યવહારની ક્રિયાકાંડ. આ કરવું... આ કરવું... આ કરવું... આહાહા..! **'વ્યવહાર ક્રિયાકાંડના આડંબર...'** એ તો બધો આડંબર છે. આહાહા..! શુભભાવની ક્રિયા એ તો બધો આડંબર છે. સામાયિક, પોષા, પડિક્કમણા, અપવાસ, આઠ અપવાસ ચોવિહારા નકોરડા કર્યા. વર્ષીતપ કર્યા અને પછી એને પારણે ધામધૂમ કરવી. આહાહા..! એ બધો આડંબર છે. એમાં જરીએ ધર્મનો અંશ નથી. આહાહા..! શ્વેતાંબરમાં પુસ્તકોનું બનાવે છે. પુસ્તકનો મોટો વરઘોડો કાઢે. પુસ્તક. એ બધો આડંબર. આહાહા..!

એ **'આડંબર સંબંધી વિવિધ વિકલ્પરૂપ કોલાહલ...'** આહાહા..! ભગવાન નિર્વિકલ્પ ચૈતન્ય સિવાય વિકલ્પથી માંડીને બધું કોલાહલ છે, કહે છે. શાંતપણું એમાં ક્યાંય નથી. આહાહા..! હવે પોતે ટીકા બનાવે છે તો એમાં વિકલ્પ છે તો કહે છે, કોલાહલ છે. એમ કહે છે. મારું કર્તવ્ય નથી. વિકલ્પ આવી જાય છે અને થાય છે. એનાથી શરીર, વાણી-વાણીથી પુસ્તક બની જાય છે. આહાહા..! **'વ્યવહાર ક્રિયાકાંડના આડંબર સંબંધી...'** આડંબર,

જોયું? આહાહા..! **'વિવિધ વિકલ્પરૂપ કોલાહલ વિનાના...'** બહારના લક્ષવાળા વિકલ્પના કોલાહલથી જુદો. કોઈપણ બાહ્યનું લક્ષ, બાહ્ય પદાર્થ ઉપર એના લક્ષમાં થતો જે વિકલ્પ. આહાહા..! એ કોલાહલ વિનાનું.

**'સહજ-પરમ-યોગના બળથી...'** સ્વભાવિક પરમયોગના અંતર બળથી. આહાહા..! અંતર આનંદ અને શાંતિના સ્વભાવિક બળથી **'જે સહજ-તપશ્ચરણરૂપી...'** સ્વભાવિક તપસ્યા એટલે સ્વરૂપમાં લીનતા. આહાહા..! ઓલા બાહ્ય ક્રિયાકાંડ અને વ્યવહારક્રિયાકાંડને આડંબર કહી દીધો. આ તો સહજ-તપશ્ચરણ. વસ્તુમાં અંદરમાં એકાગ્રતાથી અતીન્દ્રિય આનંદની શોભા વધી જાય, વૃદ્ધિ પામે, ભરતી પામે. આહાહા..! એવું જે તપશ્ચરણ એનું નામ તપશ્ચર્યા. આ અપવાસ કરવો ને ફલાણું કરવું એ વ્યવહાર છે, આડંબર, ક્રિયાકાંડનો આડંબર છે. આહાહા..!

(સ્વભાવિક) **'સહજ-તપશ્ચરણરૂપી ક્ષીરસાગરનો ચંદ્ર...'** છે? **'ક્ષીરસાગરનો ચંદ્ર...'** એટલે કે જેમ ચંદ્ર ઉગે અને ક્ષીરસાગર ઉછળે... આહાહા..! એમ **'(–સહજ તપરૂપી ક્ષીરસાગરને ઉછાળવામાં ચંદ્ર સમાન એવો જે જીવ)...'** પોતાના અતીન્દ્રિય આનંદને ઉછાળવામાં... આહાહા..! પૂનમનો ચંદ્ર હોય ત્યારે દરિયો ભરતીમાં હોય. પૂનમને દિ' ભરતી આવે. એવો ચંદ્ર અને દરિયાને સંબંધ છે. આહાહા..! પૂનમની ભરતી હોય.

મુમુક્ષુ :–ભરતી આવે અને તે વખતે ભજીયા કરે તો તેલ ઓછું જોય.

ઉત્તર :– એ ન થાય. એ મોળું પડે. ભરતી વખતે એ તેલ કામ ન કરે બહુ. સાંભળ્યું છે. બધું સાંભળ્યું છે. બધી વાતું સાંભળી છે. એની એટલી હવા બહાર આવે છે.

અહીં **'સહજ–તપશ્ચરણ...'** સ્વભાવિક તપશ્ચરણ. એટલે ચૈતન્ય સ્વરૂપમાં રમણતા એ સ્વભાવિક તપસ્યા. આહાહા..! એનું નામ તપસ્યા વીતરાગ કહે છે. અહીં તો બહારમાં વર્ષીતપ કરે અને બે-પાંચ હજાર ખર્ચે. ઓહોહો..! તપસ્યા કરી, ભાઈ! નાની ઉંમરમાં. ૨૫-૩૦ વર્ષની ઉંમર હોય અને કરે એટલે એને તો.. આહાહા..! હવે રાંડી રાંડ બાઈ થાય એટલે એ તો નાની ઉંમરમાં કરે. **'(–સહજ તપરૂપી ક્ષીરસાગરને ઉછાળવામાં ચંદ્ર સમાન એવો જે જીવ)...'** ક્ષીરસાગરને ઉછાળવામાં સહજ તપરૂપી ચંદ્ર. આહાહા..! સ્વભાવિક તપસ્યા અંદર એકાગ્રતા ક્ષીરસાગરને ઉછાળવામાં નિમિત્ત છે. એમ ભગવાનનો આત્મા અંદરમાં એકાગ્રતારૂપી ચંદ્ર– તપસ્યા એ આત્માની શાંતિને ઉછાળવામાં કારણ છે. આહાહા..!

**'ચંદ્ર સમાન એવો જે જીવ...'** આહાહા..! **'નિત્ય ધ્યાવે છે,...'** નિત્ય આત્માનું ધ્યાન કરે છે. આહાહા..! વિકલ્પની બીજી પણોજણ છોડી દઈને... આહાહા..! એકલો ભગવાનઆત્મા એનું જે ધ્યાન કરે છે એ ક્ષીરસાગરને ઉછાળવા સમાન જીવ છે. જેમ પૂનમનો ચંદ્ર હોય અને દરિયો ઉછળે એમ ભગવાન પોતે એમાં એકાગ્ર થાય, એ જીવ પોતે શાંતિને ઉછાળવામાં કારણ છે. વિકલ્પ કારણ નથી. આહાહા..! હવે આવી ઝીણી વાતું, લ્યો! **'(–સહજ તપરૂપી**

**ક્ષીરસાગરને ઉછાળવામાં ચંદ્ર સમાન એવો જે જીવ) નિત્ય ધ્યાવે છે,...'** આહાહા..! એવા આત્માને નિત્ય ધ્યાનમાં રાખે છે. કાયમ. ઉત્કૃષ્ટ મુનિની વાત છે ને. મુનિ ધ્યાનમાં અંદર આનંદમાં કાયમ રહે છે. એ ધ્યાનમાં રહે એ જ મુનિપણું છે. પંચમહાવ્રત ને એ બધા વિકલ્પ કાંઈ મુનિપણું નથી. આહાહા..!

**'નિત્ય ધ્યાવે છે, તે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિને...'** આહાહા..! સહજ વૈરાગ્યરૂપી મહેલ. સહજ. આનંદના નાથને જ્યાં અવલંબ્યો. અંતર ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ એને અવલંબ્યો, ત્યાં પરથી સહજ વૈરાગ્ય છે. હઠથી નથી. સહજ વૈરાગ્ય. પરથી ઉદાસ છે. વિકલ્પ માત્રથી અને બીજી ક્રિયાકાંડ માત્રથી (ઉદાસ છે). આહાહા..! **'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણી...'** આહાહા..! વૈરાગ્યમાં જામી ગયો છે, કહે છે. અંતરની દૃષ્ટિ કરીને સ્થિરતામાં જામી ગયો છે. આહાહા..! સહજ વૈરાગ્યરૂપી મહેલ, એનો એ શિખર, એનો એ શિખામણિ. આહાહા..! **'(–તે પરમ સહજ-વૈરાગ્યવંત જીવને)...'** તે પરમ સહજ વૈરાગ્યવંત જીવને **'ખરેખર નિશ્ચયકાયોત્સર્ગ છે.'** આહાહા..! આ તો આ કાયોત્સર્ગ આમ કરે અને તત્સુત્રી કરણેન... અપ્પાણં વોસરે... જાવ. એ આત્માને ઓસરાવી દે છે. આહાહા..! ક્યા આત્માને ઓસરાવવો અને કોને ન ઓસરાવવો... આહાહા..! આને કાયોત્સર્ગ કહે છે.

**'ખરેખર નિશ્ચયકાયોત્સર્ગ છે.'** આહાહા..! અંતરના અખંડાનંદના રમણમાં રમતા પર તરફથી વિકલ્પ માત્રથી પણ વૈરાગ્ય, એનો શિરનો શિખામણિ મોટો. આહાહા..! નિર્વિકલ્પ આનંદમાં રમે છે તેને **'ખરેખર નિશ્ચયકાયોત્સર્ગ છે.'** કાયા એટલે રાગ અને વિકલ્પ પણ કાયા છે. એને છોડીને ઉત્સર્ગ છે ને? કાયોત્સર્ગ. આહાહા..! શુભભાવ એ પણ કાયા પરકાય છે. એને છોડીને નિશ્ચય ઉત્સર્ગ અંદરમાં રમે એને નિશ્ચય કાયોત્સર્ગ હોય છે. વ્યવહાર કાયોત્સર્ગ હોય એ તો શુભભાવ છે. એ કાંઈ મૂળ ચીજ કોઈ નથી. આહાહા..! આ તો તત્સુત્રી બોલે એના ઠેકાણા ન હોય. અર્થની ખબર ન હોય. તત્સુત્રીકરણેન... અર્થ પૂછીએ તો અર્થ આવડે નહિ. આહાહા..!

**'ખરેખર નિશ્ચયકાયોત્સર્ગ છે.'** ખૂબી શું કરી છે? કે એકકોર વીતરાગમૂર્તિ તદ્દન નિર્વિકલ્પ અખંડ આત્મા. જ્ઞાનશરીરી, આનંદશરીરી એમાં એકાગ્રતા થઈને સ્થિરતા. અને વિકલ્પથી માંડીને બધું તે પરકાય છે એ પરકાયથી ખસીને વૈરાગ્યમાં, એ વૈરાગ્ય છે, પરકાયથી ખસે એનું નામ વૈરાગ્ય. સ્વકાયમાં એકાગ્ર થાય એનું નામ ધ્યાન. આહાહા..! **'(–પરમ સહજ–વૈરાગ્યવંત જીવને)...'** આહાહા..! ઉદાસ... ઉદાસ... દુનિયાથી ઉદાસ. કોણ વંદન કરે છે અને કોણ આદર કરે છે એની કાંઈ પણ પડી નથી. ઉદાસ. આહાહા..! રાજા અને કરોડપતિ આવીને પગે લાગે તો એનું લક્ષ નથી. અંદર ધ્યાનમાં મસ્ત છે. આહાહા..! એનું નામ ખરેખર કાયોત્સર્ગ કહેવાય છે.

'[હવે આ શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ પાંચ શ્લોક કહે છે :]' શ્લોક આવશે હવે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

'[હવે આ શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ પાંચ શ્લોક કહે છે :]'

## શ્લોક–૧૯૫

(मंदाक्रांता)

कायोत्सर्गो भवति सततं निश्चयात्संयतानां
कायोद्भूतप्रबलतरतत्कर्ममुक्तेः सकाशात्।
वाचां जल्पप्रकरविरतेर्मानसानां निवृत्तेः
स्वात्मध्यानादपि च नियतं स्वात्मनिष्ठापराणाम्।।१९५।।

**[શ્લોકાર્થ :–] જે નિરંતર સ્વાત્મનિષ્ઠાપરાયણ (–નિજ આત્મામાં લીન) છે તે સંયમીઓને, કાયાથી ઉત્પન્ન થતાં અતિ પ્રબળ સત્–કર્મોના (–કાયા સંબંધી પ્રબળ શુભ ક્રિયાઓના) ત્યાગને લીધે, વાણીના જલ્પસમૂહની વિરતિને લીધે અને માનસિક ભાવોની (વિકલ્પોની) નિવૃત્તિને લીધે, તેમ જ નિજ આત્માના ધ્યાનને લીધે, નિશ્ચયથી સતત કાયોત્સર્ગ છે. ૧૯૫.**

**પ્રવચન નં. ૧૪૦, શ્લોક-૧૯૫-૧૯૭, શનિવાર, જયેષ્ઠ વદ ૨, તા.૩૧-૦૫-૧૯૮૦**

'નિયમસાર' શ્લોક–૧૯૫. અધિકાર પ્રાયશ્ચિત્તનો છે. પ્રાયશ્ચિત્તનો અર્થ, સ્વરૂપ જે આત્માનું, અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માનું છે એમાં એકાગ્ર થવું અને પુણ્ય અને પાપના, મન-વચન-કાયાના શુભ-અશુભભાવને છોડવા. હિન્દી લેવાનું છે. હિન્દી છે, હોં! મન-વચન-કાયાથી જે ક્રિયા થાય છે એને છોડવી અને પોતાના આત્માના સ્વરૂપમાં લીન થવું. એનું નામ કાયોત્સર્ગ, પ્રાયશ્ચિત્ત અને ધ્યાન છે. એને ધર્મ કહે છે. મન-વચન-કાયાની ક્રિયા એ કોઈ ધર્મ નથી. એ પરદ્રવ્ય છે. પોતાનું સ્વરૂપ અંદર સચ્ચિદાનંદ સત્ ત્રિકાળ રહેનાર અને જ્ઞાનાનંદ જેનો સ્વભાવ છે, એ સ્વભાવમાં મન-વચન-કાયાની ક્રિયાનો અભાવ છે. એ કારણે એ ક્રિયાને છોડીને સ્વરૂપમાં એકાગ્ર થવું એ કાયોત્સર્ગ કહો, પ્રાયશ્ચિત્ત કહો, સમ્યગ્દર્શન

કહો, ધ્યાન કહો, સમાધિ કહો એ બધા એને લાગુ પડે છે.

જુઓ! પહેલો શ્લોક. ૧૯૫.

**कायोत्सर्गो भवति सततं निश्चयात्संयतानां**
**कायोद्भूतप्रबलतरतत्कर्ममुक्तेः सकाशात्।**
**वाचां जल्पप्रकरविरतेर्मानसानां निवृत्तेः**
**स्वात्मध्यानादपि च नियतं स्वात्मनिष्ठापराणाम्।।१९५।।**

**શ્લોકાર્થ :-** '**જે નિરંતર...**' ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! '**સ્વાત્મનિષ્ઠાપરાયણ...**' જે નિરંતર સ્વઆત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ સ્વઆત્મા, એમાં નિષ્ઠાપરાયણ. સ્વાત્મનિષ્ઠા. એમાં રહીને તત્પર રહેવું. આહાહા..! એમાં તત્પર રહેવું એ કાયોત્સર્ગ અને પ્રાયશ્ચિત્ત છે. સામાયિક પણ એ, પ્રતિક્રમણ પણ એ, પ્રાયશ્ચિત્ત પણ એ. આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાનમૂર્તિમાં એકાગ્ર થવું અને '**નિરંતર સ્વાત્મનિષ્ઠાપરાયણ...**' જેને આત્મજ્ઞાન થયું હોય, રાગથી ભિન્ન છે, મન-વચન-કાયાની ક્રિયાથી પણ ભિન્ન છે એવા આત્માને '**સ્વાત્મનિષ્ઠાપરાયણ (–નિજ આત્મામાં લીન)...**' પોતાના આત્મામાં લીન છે. આહાહા..! માર્ગ ભારે છે, ભાઈ!

'**તે સંયમીઓને,...**' મુનિની વાત લીધી છે. સાચા સંત હોય, ભાવલિંગી હોય, બાહ્યમાં તો નગ્ન જ હોય. એવા સાચા '**સંયમીઓને, કાયાથી ઉત્પન્ન થતાં...**' કાયાથી ઉત્પન્ન થનારી ક્રિયા. આહાહા..! જડની ક્રિયા. હાથ, પગના હલનચલનની ક્રિયા એ બધી જડની ક્રિયા છે. એ કાયાની ક્રિયાથી ભિન્ન છે. છે? '**કાયાથી ઉત્પન્ન થતાં અતિપ્રબળ કર્મોના...**' એટલે ક્રિયા. એ '**(–કાયા સંબંધી પ્રબળ ક્રિયાઓના) ત્યાગને લીધે,...**' આહાહા..! આ તો જડ, માટી, ધૂળ છે. એની કોઈપણ ક્રિયા એ જડની ક્રિયા છે. એનો ત્યાગ કરીને. આહાહા..! એક વાત.

બીજી વાત. '**વાણીના જલ્પસમૂહની વિરતિને લીધે...**' બીજો બોલ. પહેલા કાયાની ક્રિયા તરફનું લક્ષ છોડી દેવું, પછી વાણીનો જલ્પ થવો–બોલવું, એ વિકલ્પ અંદર ઉત્પન્ન થવો એ (જલ્પ)સમૂહની વિરતિથી નિવૃત્ત થવું. આહાહા..! આનું નામ કાયોત્સર્ગ છે. ઓલા તો તત્સુત્રી કરેણન, પ્રાયશ્ચિત કરેણ ન, એમ કરીને અપ્પાણં ઓસરે. થઈ ગયો કાયોત્સર્ગ. પણ સમ્યગ્દર્શન વિના કાયોત્સર્ગ ક્યાંથી આવ્યો? હજી આત્મા ચિદાનંદસ્વરૂપ છે એવું ભાન નથી. હું જ્ઞાનાનંદ છું, તો કાયાની ક્રિયાથી પણ ભિન્ન છું અને વાણીની ક્રિયાથી પણ ભિન્ન છું.

અને ત્રીજામાં, જુઓ! '**અને માનસિક ભાવોની (વિકલ્પોની) નિવૃત્તિને લીધે,...**' અને માનસિક ક્રિયા એટલે મનથી જે વિકલ્પ ઊઠે છે, એનાથી પણ હું ભિન્ન છું. આહાહા..! આવો માર્ગ છે. મન-વચન-કાયા ત્રણે અજીવ છે, જડ છે. એની ક્રિયાથી રહિત અને પોતાના આત્મામાં–સ્વઆત્મામાં પરાયણ, તત્પર. પરથી વિરતિ અને સ્વમાં તત્પર, પરથી વિરતિ

અને સ્વમાં રક્ત. પરથી વિરક્ત અને સ્વમાં રક્ત. આહાહા..! પુણ્ય અને પાપ અને મન, એ બધી ક્રિયાઓથી વિરક્ત અને સ્વરૂપમાં રક્ત, એનું નામ પ્રાયશ્ચિત્ત અને કાયોત્સર્ગ અને સમકિત અને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! છે?

**'અને માનસિક ભાવોની (વિકલ્પોની) નિવૃત્તિને લીધે,...'** આહાહા..! મન, વચન અને કાયા એ તો જડની ક્રિયા છે. એ તો જડમાં છે, આત્મામાં એ નથી. માનસિક વિકલ્પ ઊઠે, અંદર મનમાં કલ્પના ઊઠે એ પણ માનસિક ક્રિયા છે, આત્માની ક્રિયા નથી. આહાહા..! એનાથી હટીને વિરતિ કરીને. આહાહા..! પહેલામાં એમ લીધું કે, **'કાયાથી ઉત્પન્ન થતાં અતિ પ્રબળ કર્મોના ત્યાગને લીધે, વાણીના જલ્પસમૂહની વિરતિને લીધે અને માનસિક ભાવોની (વિકલ્પોની) નિવૃત્તિને લીધે,...'** ત્રણેના ત્રણ શબ્દો ભિન્ન ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તેમ જ નિજ આત્માના ધ્યાનને લીધે,...'** પોતાનો આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એની સત્તા, એની હયાતી, જ્ઞાનસ્વરૂપે હયાતી, જાણકસ્વરૂપે એની હયાતી, મોજૂદગી છે. અનાદિઅનંત જ્ઞાનસ્વરૂપે આત્માની મોજૂદગી છે. એમાંથી મન-વચન-કાયાની ક્રિયાથી હટીને જે જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા, એમાં લીન રહેવું, લીન થવું, રક્ત થવું, પરથી વિરક્ત થવું. એનું નામ કાયોત્સર્ગ અને પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આહાહા..! આ તો કેટલાયે કાયોત્સર્ગ કર્યા હશે. તિકખુતો આયાણં ને ખોટે ખોટા. એ ક્યાં કાયોત્સર્ગ છે?

કાયોત્સર્ગ એક ન્યાયે તો એમ કહ્યું ને પહેલું, કે એક કોર ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ કાયા, જ્ઞાનસ્વરૂપી કાયા અને એક કોર મન-વચન અને કાયાથી માંડીને, દયા, દાનના વિકલ્પથી માંડીને બધું કાયા. એ જડ કાયા છે. કાયા બે પ્રકારની છે. એક જ્ઞાનકાયા અને એક જડકાયા. મન, વચન, કાયા અને પુણ્ય-પાપના ભાવ એ જડકાયા છે. આહાહા..! એનાથી નિવૃત્ત થઈને જ્ઞાનસ્વરૂપી જે કાયા આત્મામાં છે, એમાં લીન થવું એ કાયોત્સર્ગ. પોતાની કાયાથી ભિન્ન છે એનો ત્યાગ અને પોતાના જ્ઞાનરૂપી કાયામાં લીનતા થવી એનું નામ કાયોત્સર્ગ કહેવામાં આવે છે. આહાહા..! ક્યાં નવરાશ ન મળે ને આવી વાત. તિકખુતો વંદામી આયાણં એમાં આવે છે ને? ... એમ આવે છે. કાયોત્સર્ગ કરું. કાયોત્સર્ગની ભાન ન મળે અને કાયોત્સર્ગ કરું.

કાયોત્સર્ગ તો એને હોય કે જેને નિજ જ્ઞાનાનંદ સ્વરૂપ કાયા પોતાના સ્વરૂપ અને રાગ, દયા, દાનના વિકલ્પથી માંડીને આખી દુનિયા એ પર કાયા છે. એ પર કાયાથી વિરક્ત અને પોતાના સ્વભાવરૂપી કાયાથી રક્ત, એનું નામ સામાયિક, પ્રાયશ્ચિત્ત અને કાયોત્સર્ગ કહે છે. આહાહા..! અહીં તો કંઈ ભાન ન હોય ને કહે પાંચ સામાયિક કરી, ત્રણ સામાયિક કરી. ધૂળમાં પણ સામાયિક નથી. સામાયિકમાં સમતાનો, વીતરાગપણાનો લાભ મળે, સામાયિકમાં સમતા–વીતરાગપણાનો આય–લાભ. તો વીતરાગપણાનો લાભ ક્યારે મળે? ક્યારે

મળે? વીતરાગપણાનો લાભ ક્યારે થાય? કે વીતરાગસ્વરૂપ આત્મા છે એમાં લીન થવાથી વીતરાગનો લાભ થાય છે. બાકી મન, વચનની બધી ક્રિયા છે એ તો રાગની ક્રિયા અને જડની ક્રિયા છે. એમાં તો કાંઈ આત્માએ લીન થવાનું નથી. આહાહા..! એ શ્લોક કહ્યો.

**'નિવૃત્તિને લીધે,...'** છે? ત્રણેય શબ્દને ફેરવ્યા છે. કાયાની ક્રિયાનો ત્યાગ. **'ત્યાગને લીધે, વાણીના જલ્પસમૂહની વિરતિને લીધે અને માનસિક ભાવોની (વિકલ્પોની) નિવૃત્તિને લીધે,...'** આહાહા..! ત્રણેના ત્રણ અર્થ કર્યા છે. એના લીધે. એ ત્રણ બોલ થયા. **'નિજ આત્માના ધ્યાનને લીધે,...'** આહાહા..! **'નિજ આત્માના ધ્યાનને લીધે,..'** જ્ઞાનસ્વરૂપી, આનંદસ્વરૂપી, વીતરાગસ્વરૂપી આત્મા, એનું ધ્યાન થવું એનું નામ કાયોત્સર્ગ છે, એનું નામ સમ્યગ્દર્શન સહિત આત્મામાં લીનતા છે. આહાહા..! જે કોઈ હજી મન-વચન-કાયાની ક્રિયાને ધર્મ માને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ જૈન નથી. આહાહા..!

જૈન એને કહીએ કે 'ઘટ ઘટ અંતર જૈન વસે..' 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, મતમદિરા કે પાન સો, મતવાલા સમજે ન.' 'ઘટ ઘટ અંતર જિન વસે.' જિનસ્વરૂપ આત્માનું ઘટ ઘટમાં છે. એને જૈન, એનું જ્ઞાન કરીને એમાં લીન થવું એ જૈન. પણ 'મતમદિરા કે પાન સો...' પોતાના મતના આગ્રહની મદિરા પીધી છે તો એ સત્ય તરફ જતા નથી. એ બહારની ક્રિયાકાંડમાં ધર્મ મનાવે છે અને ત્યાં ને ત્યાં મરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'નિજ આત્માના ધ્યાનને લીધે, નિશ્ચયથી...'** આહાહા..! **'સતત કાયોત્સર્ગ છે.'** એક ક્ષણ, એક સમય એમ નહિ. **'સતત કાયોત્સર્ગ...'** એ સંયમીઓની વિશેષ વાત છે. સમકિતી થોડો કાળ અંદર સ્થિર થાય છે. મુનિ–સાચા મુનિ છે એ તો અંદર આનંદમાં ખૂબ લીન થાય છે. એને અહીંયાં મુનિ કહે છે. એ સંયમીઓને કાયોત્સર્ગ છે. નિરંતર કાયોત્સર્ગ છે. સતત છે ને સતત? આહાહા..! **'સતત કાયોત્સર્ગ છે.'** ૧૯૫ (શ્લોક પૂરો) થયો.

## શ્લોક–૧૯૬

(मालिनी)

जयति सहजतेज:पुंजनिर्मग्नभास्वत्-
सहजपरमतत्त्वं मुक्तमोहान्धकारम्।
सहजपरमदृष्टया निष्ठितन्मोधजातं (?)
भवभवपरितापैः कल्पनाभिश्च मुक्तम्।।१९६।।

**[શ્લોકાર્થ :–] સહજ તેજઃપુંજમાં નિમગ્ન એવું તે પ્રકાશમાન સહજ પરમ તત્ત્વ જયવંત છે–કે જેણે મોહાંધકારને દૂર કર્યો છે (અર્થાત્ જે મોહાંધકાર રહિત છે), જે સહજ પરમ દૃષ્ટિથી પરિપૂર્ણ છે અને જે વૃથા-ઉત્પન્ન ભવભવના પરિતાપોથી તથા કલ્પનાઓથી મુક્ત છે. ૧૯૬.**

## શ્લોક–૧૯૬ ઉપર પ્રવચન

૧૯૬.

**जयति सहजतेजःपुंजनिर्मग्नभास्वत्-**
**सहजपरमतत्त्वं मुक्तमोहान्धकारम्।**
**सहजपरमदृष्टया निष्ठितन्मोधजातं (?)**
**भवभवपरितापैः कल्पनाभिश्च मुक्तम्।।१९६।।**

**શ્લોકાર્થ :-** આહાહા..! **'સહજ તેજઃપુંજમાં નિમગ્ન...'** તેજ. ચૈતન્યનું તેજ અંદર. ભગવાનઆત્મા જ્ઞાનના તેજનું પૂર છે. આહાહા..! આ બધા આંધળા છે. શરીર, વાણી, મન, પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ એ બધા અંધ છે, જડ છે. પ્રભુ અંદર ચૈતન્યતેજનો પુંજ છે. આહાહા..! ચૈતન્યવસ્તુ જે છે એ તો તેજનો પુંજ છે. એમાં **'નિમગ્ન એવું તે પ્રકાશમાન સહજ...'** કહે છે, કે સ્વભાવિક તેજપુંજમાં નિમગ્ન એવું પ્રકાશમાન. અંતરમાં જે પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ પડ્યો છે એની એકાગ્રતાથી એનો પ્રકાશ થાય છે. જ્ઞાનની પર્યાયમાં પ્રકાશ પ્રગટ થાય છે. આહાહા..! આવી વાત. જ્ઞાનતેજથી ભરેલો આત્મા છે. એની એકાગ્રતા થવાથી એની પર્યાયમાં જ્ઞાનનો પ્રકાશ પ્રગટે છે, કે જે જ્ઞાન પોતાને પણ જાણે અને પરને પણ જાણે એવો પ્રકાશ અંદરથી થાય છે. એનું નામ કાયોત્સર્ગ અને પ્રાયશ્ચિત્ત છે. આહાહા..!

**'સહજ તેજઃપુંજમાં...'** પ્રભુ સ્વભાવિક તેજપુંજ છે. કોઈ સત્તા, એ ભગવાનઆત્માનું અસ્તિત્વ નવું નથી. કોઈએ ઉત્પન્ન નથી કર્યું, નાશ નથી કર્યો. એ તો સત્તા છે, અસ્તિત્વ છે. જગતની એક ચીજ છે આત્મતત્ત્વ આનંદકંદ પ્રભુ. એમ જેણે... આહાહા..! **'સહજ તેજઃપુંજમાં....'** સ્વભાવિક તેજઃપુંજ. અંતરના જ્ઞાનનો પુંજ સહજ ભરેલો છે, પ્રભુ! એમાં જે લીન છે... આહાહા..! નિમગ્ન છે. **'એવું તે પ્રકાશમાન...'** એવું તે પ્રકાશમાન... રાગ-દ્વેષાદિ અંધકાર છે. પુણ્ય અને પાપનો વિકલ્પ રાગ, રાગ પોતાને જાણતો નથી, રાગને જાણનાર તો જ્ઞાન છે. તો જ્ઞાનસ્વરૂપ જે ભગવાન એ તેજનો પુંજ છે. એ પ્રકાશમાન છે. આહાહા..!

**'સહજ પરમ તત્ત્વ જયવંત છે—'** આહાહા..! મુનિરાજ પોતાની વાત પણ કરે છે.

આહાહા..! તેજના પુંજનો પ્રકાશ સહજ તેજ જયવંત વર્તે છે. છે, જયવંત છે. અમારી દૃષ્ટિમાં એ આવ્યું છે. આવ્યું છે તો અમે કહીએ છીએ કે આ તો સત્તા કાયમની, અનાદિની છે. એ જયવંત વર્તે છે. આહાહા..! ભાષા.. **'પ્રકાશમાન સહજ પરમ તત્ત્વ જયવંત છે...'** આહા..!

આ બધું તો નાશવાન છે. શરીર, વાણી, મન, એની ક્રિયા હલન-ચલન એ તો જડની ક્રિયા છે. એ કાંઈ આત્માની નથી. આત્મા કરી શકતો નથી. હાથ-બાથ હલાવે, ભાષા (થાય) એ આત્મા કરી શકતો નથી. જડની ક્રિયામાં આત્માનું અસ્તિત્વ નથી. તો જેમાં પોતાનું અસ્તિત્વ નથી, એનું કાંઈ કરી શકે નહિ. પોતાનું અસ્તિત્વ પોતાના આનંદ અને જ્ઞાનમાં છે. તો ત્યાં આગળ રાગને નિવૃત્ત કરીને એમાં લીન થઈ શકે છે. આહાહા..!

આ કઈ જાતનો ઉપદેશ છે? કોઈ દિ' વાડામાં તો સાંભળવા મળ્યો ન હોય. આહાહા..! બધું કરતા. અમે પણ તે દિ' પહેલા કહેતા હતા ને. ૧૯ વર્ષ. આ કરો... આ કરો... ગુરુએ બતાવેલું છે એમ કરતા. પછી અંદરથી આવ્યું કે આ વસ્તુ તો ખોટી છે. બહારની ક્રિયા એ ધર્મ એ ખોટી વાત છે. ધર્મ તો આત્માનો આનંદ અને જ્ઞાન છે તે ધર્મ છે. અંતર સહજ સ્વરૂપ એની દૃષ્ટિ કરતા પર્યાય–અવસ્થામાં ચૈતન્યનો પ્રકાશ આવે કે જે પ્રકાશ સ્વને જાણે અને રાગાદિને જાણે એવો પ્રકાશ, એમાં લીન થવું (એ ધર્મ છે). આહાહા..!

**'પ્રકાશમાન સહજ પરમ તત્ત્વ જયવંત છે—'** આહાહા..! જ્ઞાનના તેજથી ભરેલો પ્રભુ, જેમ સાકર ગળપણથી ભરેલી છે, સાકર મીઠાશથી ભરેલી છે. એમ ભગવાનઆત્મા જ્ઞાનથી ભરેલો છે. આહાહા..! આવી વાતું. જ્ઞાન અને આનંદ. આત્મામાં સર્વાંગ આનંદ છે, આત્મામાં સર્વાંગ જ્ઞાન છે, આત્મામાં સર્વાંગ વીતરાગતા છે. પણ એની દૃષ્ટિ એના ઉપર નથી અને અનાદિથી પર ઉપર દૃષ્ટિ છે. મનની, વાણીની, વિકલ્પની, દયાની, દાનની, વ્રતની, ભક્તિની, કામ-ક્રોધની, ભોગની, ધંધાની, બાયડી-છોકરા રાજી રાખવાની અને ધંધો કરવાની. પાપ અને પુણ્ય બેય અધર્મ છે. બેય અધર્મ છે. આહાહા..!

**'એવું તે પ્રકાશમાન સહજ પરમ તત્ત્વ જયવંત છે—'** આહાહા..! કહે છે, કે એ ચૈતન્યતત્ત્વનું અમને ભાન થયું છે. એથી અમે કહીએ છીએ કે એ જયવંત વર્તે છે. સત્તા છે. ચૈતન્યની સત્તા છે એ અણઉત્પત્તિ એટલે ઉત્પત્તિ જેની નથી, જેનો વિનાશ એટલે ભવિષ્યમાં જેનો નાશ નથી અને જે વર્તમાનમાં ચૈતન્યના પ્રકાશથી ભરેલું તત્ત્વ છે. આહાહા..! એ તત્ત્વ જયવંત વર્તે છે. આહાહા..! દયા, દાનના પરિણામ જયવંત વર્તે છે એમ ન કહ્યું. એને તો રાગ કહ્યો. આહાહા..! ચૈતન્યના પ્રકાશથી ભરેલો પ્રભુ જયવંત વર્તે છે. સત્તા, જેની મોજૂદગી, જેનું હોવાપણું અનાદિઅનંત મોજૂદ છે. ભગવાન અનાદિઅનંત અંદર મોજૂદ છે. આહાહા..! મોજૂદ છે. આહાહા..!

**'જેણે મોહાંધકારને દૂર કર્યો છે...'** આહાહા..! ભગવાન ચૈતન્યપ્રકાશ જયવંત વર્તે છે.

એનું ધ્યાન અને આલંબન લઈને **'જેણે મોહાંધકારને દૂર કર્યો છે...'** રાગ અને દ્વેષ મારા, પુણ્ય અને પાપ મારા, દયા મેં કરી, પરની મેં દયા પાળી, દયા પાળવાનો ભાવ તો રાગ છે. એ રાગ મોહ છે. આહાહા..! એ **'મોહાંધકારને દૂર કર્યો છે...'** બે વાત લીધી ને? પહેલા પ્રકાશમાન લીધું હતું ને? ચૈતન્યનો પ્રકાશ લીધો હતો અને મોહનો અંધકાર લીધો. આહાહા..! ચૈતન્ય પ્રકાશથી ભરેલું છે અને મોહ, રાગ-દ્વેષ એ અંધકાર છે. આહાહા..! અંદર છે કે નહિ?

**'સહજ તેજઃપુંજમાં નિમગ્ન એવું તે પ્રકાશમાન સહજ પરમ તત્ત્વ જયવંત છે—કે જેણે મોહાંધકારને દૂર કર્યો છે (અર્થાત્ જે મોહાંધકાર રહિત છે),...'** શબ્દ એવો છે. મોહાંધકારને દૂર કર્યો છે. ખરેખર મોહઅંધકાર એમાં છે જ નહિ. સમજાણું કાંઈ? પ્રાયશ્ચિત્તના શ્લોક આવ્યા છે. પ્રાયશ્ચિત્તના છેલ્લા શ્લોક. શું કહ્યું સમજાણું કાંઈ? **'—કે જેણે મોહાંધકારને દૂર કર્યો છે...'** એનો અર્થ શું? કે વસ્તુ જે છે એમાં મોહ છે જ નહિ. મોહઅંધકારને દૂર કર્યો છે એ તો પર્યાયની વાત થઈ. સમજાણું કાંઈ? પણ જેમાં મોહાંધકાર, રાગ, દ્વેષ, દયા, દાન ભાવ બધા મોહ છે. અંદર વસ્તુમાં એ મોહ છે જ નહિ. એ મોહ નથી એ અંધકારને નાશ કર્યો એમ કહેવામાં આવ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :– મોહઅંધકારને દૂર કરવાની શકિતવાળો.

ઉત્તર :– છે જ નહિ. મોહ છે જ નહિ. પણ નાશ કરનારો કહ્યું એનો અર્થ એ કે એમાં નાશ જ છે. ચૈતન્યતત્ત્વમાં મોહનો નાશ જ છે. મોહ છે જ નહિ. દ્રવ્યને મોહ નાશ કરવો એમ ક્યાં હોય? એનો અર્થ એ... કર્યો હતો. ભાઈએ અર્થ કર્યો હતો ને? જે મોહાંધકાર રહિત છે. નાશનો અર્થ એ. દ્રવ્યસ્વભાવ જે ચૈતન્યમૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ, ભગવાન અરિહંત કેવળજ્ઞાની, ત્રિલોકનાથે આત્મા જોયો. જૈન પ્રકાશમય આત્મા ચૈતન્યપ્રકાશ. એ મોહાંધકારનો નાશ કરવાનો અર્થ કે એમાં મોહાંધકાર છે જ નહિ. જૈન પ્રકાશનો ચૈતન્યનો પુંજ છે એમાં મોહ છે જ નહિ. આહાહા..! છે ને? **'(અર્થાત્ જે મોહાંધકાર રહિત છે),...'** અર્થ કર્યો છે. એવું આવે છે. એવી શૈલી આવે છે.

મુમુક્ષુ :– બીજો અર્થ એમ લેવાય ને કે નાશ કરવાની શક્તિ રાખે છે.

ઉત્તર :– નહિ. નહિ, એ નહિ. એમાં છે જ નહિ પછી નાશ શેનો? એમાં છે નહિ. એમાં છે એનો નાશ કરવાની શક્તિ હોય. એને નાશ કરવાની અને એને પ્રગટ કરવાની. પણ એમાં છે જ નહિ. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! દુનિયામાં તો અત્યારે બધું ચાલે છે. આહાહા..! વીતરાગ ત્રિલોકનાથ, એનું જૈનતત્ત્વ એ અલૌકિક તત્ત્વ છે. એવું તત્ત્વ સર્વજ્ઞ સિવાય અને તે પણ દિગંબર ધર્મ સિવાય ક્યાંય છે નહિ. કોઈ ઠેકાણે વાતેય નથી ક્યાંય. આહાહા..! બધું જોયું છે ને. ૨૧ વર્ષ તો તેમાં રહ્યા છીએ. દીક્ષામાં. પિતાજી સ્થાનકવાસી હતા ને. એમાં દીક્ષા લીધી. દીક્ષા પહેલા પણ હું તો દુકાને શાસ્ત્ર વાંચતો. 'પાલેજ'માં ઘરની

દુકાન છે. 'ભરુચ' અને 'વડોદરા' વચ્ચે. સ્થાનકવાસીના શાસ્ત્ર વાંચતો. દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ... નાની ઉંમરથી. ૧૯ વર્ષની ઉંમર હતી. અત્યારે ૯૧ થયા. અત્યારે તો શરીરને ૯૧ વર્ષ થયા. ૯૦ ને ૧. ૧૯ વર્ષની ઉંમરથી દુકાને અભ્યાસ કરતો હતો. પૂર્વના સંસ્કાર હતા એટલે. આહાહા..! ભાગીદાર દુકાને બેઠા હોય તો હું અંદર વાંચુ. એ ન હોય ત્યારે દુકાને મારે બેસવું પડે. અત્યારે દુકાન છે ને. એ દુકાન હજી છે મોટી દુકાન છે. ૪૦ લાખ રૂપિયા છે. અત્યારે ૪ લાખની પેદાશ છે. તે દિ'ની હતી એ દુકાન. પાંચ વર્ષ મેં ચલાવી હતી. પાપ. પાપ ચલાવ્યું હતું. દુકાનનો ધંધો એટલે પાપ. આખો દિ' પાપ, પાપ ને પાપ. આહાહા..! ધર્મ તો નહિ પણ પુણ્ય પણ નહિ. આહાહા..!

અહીં તો કહે છે કે પુણ્ય અને પાપ અને મન-વચન-કાયાની ક્રિયા એ અંધકાર છે. અંધકાર એમાં છે નહિ. પ્રકાશમાં અંધકાર નથી અને અંધકારમાં પ્રકાશ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આચાર્યને એ કહેવું છે. ભગવાન ચૈતન્યપ્રકાશનો પિંડ અંદર છે પણ કદી નજર નથી કરી, કદી વિચાર્યું નથી, કદી મનન કર્યું નથી, કદી સાંભળ્યું નથી. આહાહા..! અંદરમાં ચૈતન્યપ્રકાશનું પૂર–નૂર પ્રકાશમાન છે અને મોહ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ અંધકાર છે તો બે એક થતા નથી. નાશ કર્યો એમ કહ્યું. એનો અર્થ કે એ એમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? હવે આવું કો'ક દિ' સાંભળવા મળે. ઓલો ભુક્કો તમારો. શેનો ભુક્કો? પ્લાસ્ટિક. પ્લાસ્ટિક ને? 'મુંબઈ' પ્લાસ્ટિકનો મોટો ધંધો ચાલે. આહાહા..! આ (સમજવાની) નવરાશ ક્યાં મળે?

હું તો અમારા દુકાનદારને કહેતો. બે દુકાનો. ભાગીદાર હતા. બે દુકાન હતી. અમે બે ભાઈઓ અને બે ભાઈ એ. તે દિ' હું એને કહેતો, આ શું કરો આખો દિ'? કાંઈક શ્રવણ, મનન, વિચાર (કાંઈ નહિ). એ તો ૧૯ વર્ષની ઉંમરની વાત છે. અત્યારે તો ૯૧ વર્ષ થયા. આહાહા..! પણ શું થાય? દુનિયાને આખી પડી છે. બાયડી, છોકરા, કુટુંબ, રળવું, ધંધો. બસ. આહાહા..! ધર્મ સાંભળવા જાય તો એક કલાક એવું સંભળાવે કે કુગુરુ એનો કલાક લુંટી લે. 'શ્રીમદ્' એમ કહે છે. કારણ કે એ પુણ્યમાં, દયા-દાનમાં, વ્રતમાં ધર્મ મનાવે તો એનો કલાક લુંટી લીધો. આહાહા..!

અહીં કહે છે,... આહાહા..! મોહાંધકાર રહિત છે. આહાહા..! ભગવાનઆત્મા પ્રકાશની મૂર્તિ છે અને રાગાદિ અંધકારનો એમાં અભાવ છે. આહાહા..! એ અંધકારમાં પ્રકાશ નથી અને પ્રકાશસ્વરૂપ ભગવાનઆત્મામાં અંધકાર નથી. આહાહા..! આવી વાત છે. **'સહજ પરમ દૃષ્ટિથી પરિપૂર્ણ છે...'** આહાહા..! સમ્યગ્દર્શનથી જો આત્માને જુઓ, સહજ નિર્મળ નિર્વિકારી નિશ્ચય સમ્યગ્દર્શનથી જુઓ તો તે પરિપૂર્ણ છે. ભગવાન પરિપૂર્ણ છે આત્મા. વસ્તુ છે એ પરિપૂર્ણ છે. વસ્તુ છે અપૂર્ણ અને વિકારી હોતી નથી. એ તો અજ્ઞાનભાવે અનાદિકાળથી લક્ષમાં લીધું નથી એટલે રખડે છે. વસ્તુ છે એ પરિપૂર્ણ છે. એ દૃષ્ટિ કીધી, હોં! કીધી

ને? **'સહજ પરમ દૃષ્ટિથી પરિપૂર્ણ છે...'** એમાં દૃષ્ટિ દીધા વિના પરિપૂર્ણ છે એનો ખ્યાલ ક્યાંથી આવ્યો? આહાહા..! આ પરિપૂર્ણ છે એ ખ્યાલમાં આવ્યા વિના પરિપૂર્ણ છે એ આવ્યું ક્યાંથી? જે ચીજનો જ્ઞાનમાં ખ્યાલ નથી આવ્યો એની પ્રતીતિ કેવી? જે જ્ઞાનમાં આ ચીજ આવી છે એવો ખ્યાલ આવ્યા વિના એની પ્રતીતિ કેવી? અંધશ્રદ્ધા છે? આંધળી માન્યતા (કરવી છે)? આહાહા..! છે તો લોજીકથી (વાત) પણ આકરી વાતું બહુ. આહાહા..!

કહે છે, કે **'સહજ પરમ દૃષ્ટિથી...'** એટલે સમકિત. સ્વભાવિક સમકિત. શુદ્ધ પરમાત્મા–આત્મા એની પ્રતીતિ અને અનુભવ. અનુભવ સહિત પ્રતીતિ. એ દૃષ્ટિથી પ્રભુ પરિપૂર્ણ છે. આહાહા..! પર્યાયમાં અપૂર્ણતા છે પણ વસ્તુ તરીકે પરિપૂર્ણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'સહજ પરમ દૃષ્ટિથી પરિપૂર્ણ છે...'** સ્વભાવિક પરમ દૃષ્ટિ કૃત્રિમ નથી. અંતરમાંથી જાગૃત થયો, ચૈતન્યને ઢંઢોળીને જાગૃત થયો અને અંધકારનો જ્યાં નાશ થયો. ભલે થોડો રહ્યો. પણ અંદર મારી ચીજમાં એ નથી એવી ચીજમાં જ્યાં દૃષ્ટિ થઈ તો એ દૃષ્ટિનો વિષય પરિપૂર્ણ છે. આહાહા..! ભગવાનઆત્મા દૃષ્ટિનો વિષય પરિપૂર્ણ છે. આહાહા..!

આવો ઉપદેશ અને આવી વાતું. આમાં એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, દયા પાળવી, છકાયની દયા પાળવી, છ કાયના પીર ને એ બધું ક્યાં આવ્યું? એ બધું અજ્ઞાન છે. છકાયની દયા પાળું એ માનનારો મિથ્યાદૃષ્ટિ છે. જૈન નથી. કેમ કે એક તત્ત્વ બીજા તત્ત્વને કાંઈ કરી શકતો નથી. અડતો નથી. એક તત્ત્વ બીજા તત્ત્વને અડતું–સ્પર્શતું નથી. અને અજ્ઞાની માને કે હું આની દયા પાળું છું. એ તો મિથ્યાત્વ છે પણ દયા પાળવાનો ભાવ જે છે એ પણ રાગ અને મોહ છે. આહાહા..! કેમકે પર ઉપર લક્ષ છે એટલે રાગ છે, હિંસા છે. એનાથી રહિત ભગવાનનો ચૈતન્યપ્રકાશ એ અંધકારથી રહિત છે. આહાહા..! દયાનો ભાવ એ અંધકાર છે. ગજબ વાત છે ને! આ તો બધા દયા પાળવા હાલી નીકળ્યા ઘણા. મંડળીના નાયક થાય, બે-પાંચ લાખ ભેગા કરીને આપણે પાંજરાપોળ કરો, બોકડાને સાચવો અને ફલાણા... એ બધી ક્રિયાઓ જડની છે, બાપુ! ભાઈ! તને ખબર નથી. પ્રભુ તું તો પ્રકાશનો પુંજ છો. એ જે થાય તેને પર તરીકે જાણે. પણ થાય તેને સ્વ તરીકે માને, એમ નથી. આહાહા..!

સ્વભાવિક **'પરમ દૃષ્ટિથી પરિપૂર્ણ છે...'** દૃષ્ટિમાં પરિપૂર્ણ લીધું. જોયું? આહાહા..! સમ્યગ્દર્શન જે થયું એમાં આત્મા પરિપૂર્ણ માનવામાં આવે છે. સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શનનો વિષય પરિપૂર્ણ તત્ત્વ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શન નથી. કારણ કે એ તો પર્યાય છે. એ સમ્યગ્દર્શનનો વિષય પરિપૂર્ણ તત્ત્વ છે. આહાહા..! **'સહજ પરમ દૃષ્ટિથી પરિપૂર્ણ છે...'** સ્વભાવિક સમ્યગ્દર્શન... આહાહા..! એનાથી તો ભગવાન પરિપૂર્ણ છે.

**'અને જે વૃથા-ઉત્પન્ન ભવભવના પરિતાપોથી...'** આહાહા..! ભગવાન છે તો પરિપૂર્ણ આવો. **'વૃથા ઉત્પન્ન ભવભવના...'** ભવભવના કારણો જે વિકારભાવ... આહાહા..! ચાહે

તો દયા, દાન, ભક્તિનો ભાવ પણ ભવનું કારણ છે. ભવ મળશે, સંસાર મળશે. આહાહા..! અરે..રે..! ખબર નથી. પ્રભુ! ચૈતન્યપ્રકાશમાં દયાનો ભાવ રાગ છે, એ તો હિંસા છે. આહાહા..! સ્વરૂપની હિંસા છે એને ધર્મ માને છે. એને ક્યાં જાવું? આહાહા..!

અહીં કહે છે, કે સ્વભાવિક પરમદૃષ્ટિ જે છે એનાથી વસ્તુ પરિપૂર્ણ છે. આહાહા..! દૃષ્ટિનો વિષય પરિપૂર્ણ છે. આહાહા..! **'અને જે વૃથા—'** મફતનો, કહે છે. **'ઉત્પન્ન ભવભવના પરિતાપોથી...'** આહાહા..! ભવભવના તાપનું દુઃખ. રાગ અને દ્વેષ, દયા અને દાન, ભક્તિ અને પૂજા, કામ અને ક્રોધ, ભોગ અને ધંધા એ બધા એકલા પાપ અને પુણ્ય બેય ભવભવનો પરિતાપ છે. એનું ફળ ભવભવના પરિતાપમાં રખડવાનું છે. આહાહા..! આકરી વાત, પ્રભુ! નવાએ તો હજી કાને સાંભળી ન હોય. છે એવી વાત છે ને.

અહીં તો ૯૧ વર્ષ થયા. ૪૫ તો અહીં 'સોનગઢ'માં થયા. ૪૫ વર્ષે આવ્યા હતા. આહાહા..! એ પહેલા તો નાની ૧૯ વર્ષની ઉંમરથી આ બધું છે. ૧૦ વર્ષની ઉંમરથી તો સામાયિક, પોષા બધું કરેલું. ૧૦ વર્ષની ઉંમરથી. આહાહા..! અને ચોવિહાર પણ જાવજીવનો (સંવત) ૧૯૬૫ની સાલ. ૧૯૬૫ની સાલથી જાવજીવ રાત્રે પાણીનું બિંદુ નહિ, આહાર નહિ. અને ૧૯૬૫ની સાલથી આથણું નહિ. આથણું સમજ્યા? આચાર કહે છે ને આચાર? એમાં જીવાત પડે છે. બરણીમાં રહે છે ને? બરણીમાં આથણું રહે છે. એમાં જે ઉપર કપડું રહે અને ઢાંકણું હોય. તો કપડું મેલું થાય. હાથ અડે એટલે બહુ મેલું થાય તો એમાં કંથવા થાય છે. આ બધું નજરે જોયું છે. અમારી દુકાન છે ત્યાં અમે નજરે જોયું હતું. અરે..! આ આથણું! ખવાય નહિ આપણે. જૈનને આવા કંથવા પડેલા (અથાણા ખવાય નહિ). આહાહા..!

અહીં એ કહે છે, કે **'વૃથા-ઉત્પન્ન ભવભવના પરિતાપોથી...'** મફતનો ભવભવના પરિતાપના પરિણામને કરે છે. આહાહા..! પરિપૂર્ણ ભગવાનઆત્મા એની દૃષ્ટિ નથી કરતો અને આ વૃથા... આહાહા..! મફતનો. આ વસ્તુ અંદર પડી છે. ભગવાનમૂર્તિ એકલો પ્રકાશનો પુંજ પડ્યો છે. તું એની સામું જોતો નથી એટલે તને દેખાતો નથી. એકલો ચૈતન્યનો પુંજ છે. જેમ સાકરનો ગાંગડો આખો ગળપણથી ભરેલો હોય. એમ આ ભગવાન જ્ઞાન અને આનંદથી ભરેલો ગાંગડો છે. એ મોટી ગાંઠ છે. શરીરથી ભિન્ન. આ તો માટી-ધૂળ છે. મનથી જુદો, વાણીથી જુદો, કાયાથી જુદો. આહાહા..!

વૃથા. અરે..! પ્રભુ! પરિપૂર્ણ તું છો. દૃષ્ટિ જો દે તો તને પરિપૂર્ણ દેખાશે. પણ મફતનો પુણ્ય અને પાપ, રાગ-દ્વેષ કરી ભવભવના પરિતાપને સહન કરે છે. ભવભવમાં દુઃખ છે. કોઈપણ ભવમાં સુખ નથી. દેવને પણ દુઃખ છે. આ કરોડોપતિ, અબજોપતિ મનુષ્ય છે એ બધા બિચારા દુઃખી છે. કારણ કે એ પૈસા મારા એવી માન્યતા એ મહામિથ્યાત્વનું દુઃખ છે. આહાહા..! હમણા આફ્રિકા ગયા હતા ને? 'આફ્રિકા'માં ૨૬ દિ' રહ્યા. 'નાઈરોબી'.

પૈસાવાળા. બહુ પૈસા. એક ગામમાં સાડા ચારસો તો કરોડપતિ છે. એક ગામમાં સાડા ચારસો કરોડપતિ અને પંદર અબજપતિ છે. તમારા મહાજન. એ બિચારો આવ્યો હતો. એ અબજપતિ શ્વેતાંબર આવ્યો હતો. મહારાજ! આ બધું ફેરફાર... અમારે અને આને... મેં કીધું તત્ત્વની દૃષ્ટિ કરો પછી સમજાશે. તત્ત્વની દૃષ્ટિ સમજ્યા વિના તમારા અબજ-બબજ ધૂળમાં કાંઈ નથી. એવા અબજપતિ તો ત્યાં 'નાઈરોબી'માં પંદર પડ્યા છે. આહાહા..! ૨૬ દિ' ત્યાં રહ્યા. માણસનો પ્રેમ બહુ. બધા મહાજન આવતા. મોટી સભા. આપણી ગુજરાતી ભાષા. સવાર-બપોર બધા સાંભળતા. રાત્રે ત્યાં ચર્ચા રહેતી. પોણો કલાક રહેતી. આહાહા..!

શું કહે છે? આહાહા..! અરે..! દૃષ્ટિમાં પરિપૂર્ણ વિષય પરમાત્મા અંદર પડ્યો છે એની સામું જોતો નથી. વૃથા–મફતનો **'ભવભવના પરિતાપોથી તથા કલ્પનાઓથી મુક્ત છે.'** અને તું કરે છે મફતનો. છે? **'વૃથા–ઉત્પન્ન ભવભવના પરિતાપોથી તથા કલ્પનાઓથી મુક્ત છે.'** પ્રભુ. આહાહા..! ક્યારે? મુક્ત થાય ત્યારે? ના, ના અત્યારે મુક્ત છે. આહાહા..! છે? **'વૃથા-ઉત્પન્ન ભવભવના પરિતાપોથી તથા કલ્પનાઓથી મુક્ત છે.'** કેમકે પરિપૂર્ણ વસ્તુ છે. પરિપૂર્ણ વસ્તુ છે. એમાં પરવસ્તુ, આતાપ ને તાપ ને દયા, દાન એ બધા વિકલ્પ એમાં નથી. આહાહા..! બે શ્લોક થયા.

## શ્લોક–૧૯૭

(मालिनी)

भवभवसुखमल्पं कल्पनामात्ररम्यं
तदखिलमपि नित्यं संत्यजाम्यात्मशक्त्या।
सहजपरमसौख्यं चिच्चमत्कारमात्रं
स्फुटितनिजविलासं सर्वदा चेतयेहम्।।१९७।।

**[શ્લોકાર્થ :–] અલ્પ (–તુચ્છ) અને કલ્પનામાત્રરમ્ય (–માત્ર કલ્પનાથી જ રમણીય લાગતું) એવું જે ભવભવનું સુખ તે સઘળુંય હું આત્મશક્તિથી નિત્ય સમ્યક્ પ્રકારે તજું છું; (અને) જેનો નિજ વિલાસ પ્રગટ થયો છે, જે સહજ પરમ સૌખ્યવાળું છે અને જે ચૈતન્યચમત્કારમાત્ર છે, તેને (–તે આત્મતત્ત્વને) હું સર્વદા અનુભવું છું. ૧૯૭.**

## શ્લોક–૧૯૭ ઉપર પ્રવચન

૧૯૭. ૧૯૭ છે ને?

**भवभवसुखमल्पं कल्पनामात्ररम्यं**
**तदखिलमपि नित्यं संत्यजाम्यात्मशक्त्या।**
**सहजपरमसौख्यं चिच्चमत्कारमात्रं**
**स्फुटितनिजविलासं सर्वदा चेतयेहम्।।१९७।।**

આહાહા..! ૧૯૭ આવ્યો ને?

**શ્લોકાર્થ :- 'અલ્પ (–તુચ્છ) અને કલ્પનામાત્ર...'** આહાહા..! આ ભવભવનું સુખ, તારા અબજોપતિનું, દેવનું, રાજાનું... આહાહા..! એક **'અલ્પ (તુચ્છ) અને કલ્પનામાત્રરમ્ય (–માત્ર કલ્પનાથી જ રમણીય લાગતું)...'** વસ્તુ રમણીય નથી. મન-વચન-કાયામાં, ભોગમાં ક્યાંય રમણીય નથી. મનની કલ્પનાથી રમણીય માનીને દુઃખી થાય છે. આહાહા..! આ તો ભાઈ સંસાર છોડે ત્યારે થાય. પણ પહેલું હજી અંદર નક્કી તો કર. છોડે પછી. સમજ્યા વિના શું છોડે? આ બુદ્ધિ વિનાના બાવા થઈ ગયા. સમ્યગ્દર્શન નહિ અને બાવા–સાધુ થઈ ગયા. આહાહા..!

અહીંયાં કહે છે, **'અલ્પ (તુચ્છ) અને કલ્પનામાત્રરમ્ય (–માત્ર કલ્પનાથી જ રમણીય લાગતું) એવું જે ભવભવનું સુખ...'** આહાહા..! એમાં મનુષ્ય, રાજા, દેવ બધા આવી ગયા. બધા દુઃખી છે. આહાહા..! ચારેય ગતિ દુઃખી. ચાર ગતિ છે. નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ. ચારેય ગતિ દુઃખી છે. આહાહા..! નરકની અંદર અનંતવાર ગયો. ત્યાં સંયોગના લક્ષે દુઃખી, દુઃખી ને દુઃખી. સ્વભાવનું લક્ષ નહિ. ત્યાં સંયોગ આ મળ્યો... આ મળ્યો, મને અગ્નિ પડી. દુઃખી. માણસ આમ ઊભા છે અને ગાય ને ભેંસ આડા છે. કેમકે બહુ આડોડાઈ કરી છે. મનુષ્ય આમ છે અને ઓલા આડા છે. ભગવાન કહે છે કે બહુ આડોડાઈ કરી. ક્રોધ, માન, માયા, લોભ અને આડોડાઈ એટલી કરી કે શરીર આડું થઈ ગયું. આત્મા તો અવળો છે જ તે. આહાહા..! મનુષ્ય થયો તો એ ભોગમાં, વિષયમાં, આબરુમાં, કીર્તિમાં ઘૂસી ગયો. દેવમાં ગયો ત્યાં સુખની કલ્પનામાં ઘૂસી ગયો. આહાહા..! ચારે ગતિમાં દુઃખ છે. આહાહા..! અહીં તો જાણે પાંચ-પચ્ચીસ લાખ, કરોડ-બે કરોડ થાય ત્યાં તો અમારા સગા સુખી છે. દિકરીનો વર હોંશિયાર છે. પાંચ કરોડ રૂપિયા છે અને સુખી છે. ધૂળેય નથી સાંભળને હવે. આહાહા..! આવી વૃથા કલ્પનાઓ એનાથી તો મુક્તસ્વરૂપ છે. એવી કલ્પના-ફલ્પના આત્મામાં છે નહિ. આહાહા..! અરે..રે..! આ કોણ માને?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– માને કોણ પણ? ઉગમણો–આથમણો ફેર. સંપ્રદાયમાં વાત ચાલે છે એનાથી વાત તદ્દન બીજી. એ તો છોડ્યું છે તે દિ' ખબર છે ને. તેથી છોડ્યું ને. ૪૫ વર્ષ અહીં થયા. ત્યાં બધું કર્યું હતું. અનેક ક્રિયાકાંડ બધું કર્યું હતું. જેટલું હતું (બધું). એમાં ધર્મ માન્યો હતો. આહાહા..!

ભગવાનઆત્મા ચૈતન્યના પ્રકાશનો પૂર અને નૂર, વૃથા ભવભવના તાપમાં પડ્યો છો પણ એનાથી તો મુક્ત છો, પ્રભુ! આહાહા..! ચોર્યાશીના ભવભવના તાપથી તો મુક્ત છો, પ્રભુ! આહાહા..! આચાર્ય મહારાજ જીવોને પ્રભુ કહીને બોલાવે છે. ભગવાન કહીને બોલાવે છે. પ્રભુ! ભગવાન છો તું. તું ભગવાન છો. ભગવાન છો તો પર્યાયમાં ભગવાન થઈશ. આહાહા..! બધા આત્માને ભગવાન તરીકે તો બોલાવે છે. નાના-મોટા અંદર અંતર ભગવાન તારું સ્વરૂપ છે. આહાહા..!

એ અહીં કહે છે, **'ભવભવનું સુખ તે સઘળુંય હું આત્મશક્તિથી નિત્ય સમ્યક્ પ્રકારે તજું છું;...'** મુનિરાજ કહે છે, કે ભવભવના દુઃખનું કારણ જે વિકાર એને હું છોડું છું અને પ્રભુને હું ગ્રહણ કરું છું. આહાહા..! ભારે વાતું, ભાઈ! છે? આહાહા..! **'એવું જે ભવભવનું સુખ...'** રમણીય લાગતું માત્ર કલ્પનારમ્ય. **'તે સઘળુંય હું આત્મશક્તિથી નિત્ય સમ્યક્ પ્રકારે તજું છું;...'** જુઓ! આત્મશક્તિથી. આત્માના સામર્થ્ય દ્વારા, હું આનંદ અને જ્ઞાન છું એના સામર્થ્ય દ્વારા એ ભવભવના સુખનું કારણ જે વિકાર, તેને છોડું છું. આહાહા..! એને હું છોડું છું. આહાહા..! હિન્દી ભાઈ આવ્યા છે ને. જરીક હિન્દી... પણ આપણે ગુજરાતી મૂળ હોય એટલે આવી જાય. આહાહા..!

**'આત્મશક્તિથી નિત્ય સમ્યક્ પ્રકારે તજું છું;...'** આહાહા..! છોડું છું ને છોડવાલાયક છે એમ ધારી રાખ્યું છે એમ નહિ. આહાહા..! પ્રભુ અંદર આનંદનો નાથ, આનંદ અને જ્ઞાન અને શાંતિના સાગરથી પરિપૂર્ણ ભરેલો પ્રભુ, એ દૃષ્ટિનો જે વિષય છે, એ પરિપૂર્ણ દૃષ્ટિને કારણે ભવના કારણ જે પરિતાપ, પુણ્ય-પાપની કલ્પનાઓ એને હું છોડું છું. આહાહા..! કહો, સમજાય છે કે નહિ? 'ટોળિયા'! નવા માણસને આ... આમાં સંપ્રદાયની વાતની એક્કે વાત આવે નહિ. ઓલામાં તો કહે, એકેન્દ્રિયની દયા પાળો, છપરબી દયા પાળો, છપરબી બ્રહ્મચર્ય પાળો, ચોવિહાર કરો, અપવાસ કરો. એ તો બધી રાગની ક્રિયાની વાતું છે. આહાહા..! એ કાંઈ આત્મા-બાત્મા નથી અને ત્યાં એમાં ધર્મ-બર્મ નથી. અહીં એ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– ધર્મ ન હોય તો કાંઈ નહિ, અધર્મ તો નથી ને?

ઉત્તર :– અધર્મ છે. ધર્મ નહિ તે અધર્મ છે. અહીં તો કડક હોય કે આ હોય. પરની દયા પાળવાનો ભાવ અધર્મ છે. પોકાર કરીને કહીએ છીએ. આ વાત ક્યાં ગુપ્ત રાખી છે? કારણ કે પરપદાર્થને આત્મા અડી શકતો નથી. કોઈપણ પદાર્થ સ્વપણે છે અને

પરપણે નથી. પરપણે નથી તે પણ પદાર્થ તેના પણે છે અને પરપણે નથી. તેથી કોઈ પદાર્થ પરને અડે અને પરનું રક્ષણ કરે કે મારે એમ ત્રણકાળમાં બને નહિ. આહાહા..! આવી વાત તો ક્યાંય સાંભળવા મળે નહિ. જાવું ક્યાં બિચારાને? આહાહા..! આવી વાત છે.

**'ભવભવનું સુખ તે સઘળુંય હું આત્મશક્તિથી નિત્ય સમ્યક્ પ્રકારે તજું છું;...'** આહાહા..! એ છૂટ્યા એ છૂટ્યા, હવે મને રાગ થવાનો નથી એમ કહે છે. મારો નાથ ભગવાન વીતરાગદેવે જે આત્મા કહ્યો, ત્રણલોકના નાથ અરિહંતે જે આત્મા કહ્યો, એમાં કોઈ રાગ-દ્વેષ મોહ છે નહિ. નવ તત્ત્વમાં પુણ્ય-પાપ, આસ્રવ, બંધતત્ત્વ ભિન્ન છે, જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. નવ તત્ત્વમાં જ્ઞાયક જાણનાર ભિન્ન છે. પુણ્ય-પાપ, રાગ-દ્વેષ એ ભિન્ન તત્ત્વ છે. ભગવાને એમ કહ્યું એમ હું માનું છું અને અનુભવ કરું છું તો હું રાગ-દ્વેષને છોડું છું. આહાહા..! આવી વાત આવી. છે?

**'હું આત્મશક્તિથી નિત્ય...'** પાછું. આમ અશુભને છોડવું અને શુભને કરું એમ નથી. શુભ અને અશુભ બેય વિકાર છે. આહાહા..! બેયને છોડું છું. આહાહા..! છે? **'(અને) જેનો નિજ વિલાસ પ્રગટ થયો છે,...'** ભગવાનઆત્મા વસ્તુ છે, સત્તા છે, મોજૂદગી ચીજ છે તો એનો સ્વભાવ પણ સત્તા ત્રિકાળ છે. એ ત્રિકાળ વસ્તુ છે તો સ્વભાવ પણ ત્રિકાળ છે. એ ત્રિકાળ વસ્તુના વિલાસમાં... આહાહા..! **'નિજ વિલાસ પ્રગટ થયો છે,...'** આ જે રાગમાં હું સુખ માનતો હતો, પુણ્યમાં સુખ માનતો હતો એ બધો નાશ થઈને નિજ વિલાસ પ્રગટ થયો. પોતાના આનંદનું સ્વરૂપ ભગવાન, એ ઉપર નજર કરતાં આનંદનો વિલાસ પર્યાયમાં–દશામાં પ્રગટ થયો. આહાહા..! બહુ ટૂંકામાં ઘણું ભર્યું છે.

**'જે સહજ પરમ સૌખ્યવાળું છે...'** પ્રભુ કોણ છે? સ્વભાવિક આનંદસ્વરૂપ આત્મા છે. આ તો તમારા ભોગ, બાયડી, છોકરા, પૈસા. તમે કલ્પના કરીને ભોગમાં સુખ માને એ તો ઝેરના પ્યાલા છે. આહાહા..! ઝેરના પ્યાલા પીવે અને માને કે અમે સુખી છીએ. ઝેર છે. અમૃતનો સાગર તો ભગવાનઆત્મા છે. આહાહા..! છે, જુઓને! **'જે સહજ પરમ સૌખ્યવાળું છે...'** આત્મા. સ્વભાવિક પરમ સુખ.. સ્વભાવિક પરમ સુખ. આહાહા..! અહીં તો જરી જ્યાં ચાર શેર ઘી પાયેલો મૈસુબ મળ્યો અને એમાં પતરવેલીયા મળે, અળવીના પાન આવે છે ને? તેલમાં આમ કટકા કરીને તળે અને લાડવા... આહાહા..! અંદરથી હોંશ આવી જાય. જાણે અંદર ખાધું શું? ધૂળ ખાધી છે. આહાહા..!

આત્માનો સ્વભાવ **'પરમ સૌખ્યવાળું છે...'** અંદર છે? આત્માનો સ્વભાવ પરમ સૌખ્યવાળો છે. **'અને જે ચૈતન્યચમત્કારમાત્ર છે,...'** આહાહા..! અને એ ચૈતન્યચમત્કારમાત્ર છે. ચમત્કાર છે. પોતાના ક્ષેત્રમાં રહીને સર્વને જાણે, પરની અપેક્ષા વિના સર્વને જાણે એવો ચૈતન્યચમત્કાર છે. આહાહા..! **'ચૈતન્યચમત્કારમાત્ર છે, તેને (–તે આત્મતત્ત્વને) હું સર્વદા અનુભવું છું.'** આહાહા..! રાગનો અનુભવ નહિ. વિકારના અનુભવમાં ભવતાપ મળશે. જેમાં

દુઃખ મળશે. આહાહા..! માટે તેને છોડીને '**હું સર્વદા...**' સર્વદા '**અનુભવું છું.**' આત્મા આનંદ છે, સુખ છે એનો હું અનુભવ કરું છું. એ ધર્મ અને એ મોક્ષનો માર્ગ છે. બાકી બધી વાતું છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૧૯૮

(પૃથ્વી)

**निजात्मगुणसंपदं मम हृदि स्फुरन्तीमिमां**
**समाधिविषयामहो क्षणमहं न जाने पुरा।**
**जगत्रितयवैभवप्रलयहेतुदुःकर्मणां**
**प्रभुत्वगुणशक्तितः खलु हतोस्मि हा संसृतौ।।१९८।।**

**[શ્લોકાર્થ :–] અહો! મારા હૃદયમાં સ્ફુરાયમાન આ નિજ આત્મગુણસંપદાને—કે જે સમાધિનો વિષય છે તેને—મેં પૂર્વે એક ક્ષણ પણ જાણી નહિ. ખરેખર, ત્રણલોકના વૈભવના પ્રલયના હેતુભૂત દુષ્કર્મોની પ્રભુત્વગુણશક્તિથી (–દુષ્ટ કર્મોના પ્રભુત્વ ગુણની શક્તિથી), અરેરે! હું સંસારમાં માર્યો ગયો છું. (–હેરાન થઈ ગયો છું). ૧૯૮.**

**પ્રવચન નં. ૧૪૧, શ્લોક-૧૯૮-૨૦૦, ગાથા-૧૨૨, રવિવાર, જ્યેષ્ઠ વદ ૩, તા.૦૧-૦૬-૧૯૮૦**

નિશ્ચયપ્રાયશ્ચિત્ત અધિકાર. શુદ્ધ નિશ્ચયપ્રાયશ્ચિત્ત અધિકાર. ૧૯૮ (કળશ).

**निजात्मगुणसंपदं मम हृदि स्फुरन्तीमिमां**
**समाधिविषयामहो क्षणमहं न जाने पुरा।**
**जगत्रितयवैभवप्रलयहेतुदुःकर्मणां**
**प्रभुत्वगुणशक्तितः खलु हतोस्मि हा संसृतौ।।१९८।।**

**શ્લોકાર્થ :-** '**અહો!**' મુનિરાજ પોતે કહે છે. '**મારા હૃદયમાં સ્ફુરાયમાન આ નિજ આત્મગુણસંપદાને—કે જે સમાધિનો વિષય છે...**' આહાહા..! અંતરનો વિષય છે. '**અહો! મારા હૃદયમાં સ્ફુરાયમાન...**' પ્રગટ. '**આ નિજ આત્મગુણસંપદાને—કે જે સંપદા અંદરની સમાધિનો વિષય છે...**' આહાહા..! અંતર સમાધિ. મન-વચન-કાયાના વિકલ્પ રહિત નિર્વિકલ્પ

સમાધિનો આ આત્મા વિષય છે. આત્મા રાગ, પુણ્ય અને વ્યવહારનો વિષય નથી. આહાહા..! નિર્વિકલ્પ રાગ રહિત એવો આત્મા, એનો વિષય છે. એને **'મેં પૂર્વે એક ક્ષણ પણ જાણી નહિ.'** અરે..રે..! અનંતકાળ થયો. એક ક્ષણ પણ મેં આ જાણ્યું નહિ. મહા સંપદાવંત પ્રભુ અંદર પડ્યો છે, જે નિર્વિકલ્પ સમાધિનો વિષય છે એ વિષય મેં અનંતકાળમાં કદી કર્યો નહિ. આહાહા..! બીજી ક્રિયાકાંડના કુટારામાં આ પડ્યું રહ્યું. આહાહા..!

**'મેં પૂર્વે એક ક્ષણ પણ જાણી નહિ. ખરેખર, ત્રણલોકના વૈભવના પ્રલયના હેતુભૂત...'** આહાહા..! નિમિત્તથી કથન કરે છે. **'ત્રણલોકના વૈભવના પ્રલયના હેતુભૂત દુષ્કર્મોની પ્રભુત્વગુણશક્તિથી (-દુષ્ટ કર્મોના પ્રભુત્વગુણની શક્તિથી),...'** દુષ્ટ કર્મોના પ્રભુત્વગુણ શક્તિથી, **'અરેરે! હું સંસારમાં માર્યો ગયો છું...'** અત્યાર સુધી અનંતકાળ... કર્મનું લક્ષ કરીને, મૂળ તો એમ (કહેવું છે). કર્મનું લક્ષ કરીને કુકર્મના જોરે એ કર્મની પ્રભુતા એટલે તેના તરફનું જોર, એ પ્રભુતાથી હું માર્યો ગયો છું. અનંતકાળમાં મારું જીવન ચૈતન્યઆનંદ, એ એને લઈને હાથ ન આવ્યું. આહાહા..! છે?

**'(-દુષ્ટ કર્મોના પ્રભુત્વગુણની શક્તિથી), અરેરે! હું સંસારમાં માર્યો ગયો છું (-હેરાન થઈ ગયો છું).'** કર્મનું તો નિમિત્તથી કથન છે. પણ મારો જે વિષય છે એ ઉપર દૃષ્ટિ ન દેતાં પર ઉપર દૃષ્ટિ દીધી એમ કહેવું છે. જે આત્મા આનંદસ્વરૂપ, શાંતસ્વરૂપ (છે) એનો વિષય જે નિર્વિકલ્પનો વિષય દૃષ્ટિનો જે વિષય છે તે અનાદિથી ન કર્યો. અને કર્મના અંદરના લક્ષના જોરે હેરાન હેરાન થઈને ચોર્યાશીલાખના અવતારમાં હું મરી ગયો. આહાહા..! મોટો અબજોપતિ શેઠ પણ મરતા રાગની એક્તામાં મરીને દુર્ગતિએ જાય. આહાહા..! અહીં લાખો રૂપિયાના ઢોલિયા હોય, એમાં સૂતો હોય, અબજો રૂપિયા હોય અને છોકરાઓ બધા... સારા... આત્માનો વિષય જેણે કર્યો નથી, એમ કહેવું છે. ભગવાનઆત્માને વિષય બનાવ્યો નથી, અંતર્મુખ થવાનું જેણે કર્યું નથી તે બહિર્મુખ કર્મના લક્ષે મરી ગયો છે, મરાઈ ગયો છે. અનાદિથી હેરાન થઈ ગયો છે. આહાહા..!

**'હું સંસારમાં માર્યો ગયો છું (-હેરાન થઈ ગયો છું).'** આહાહા..! જુઓ! આ ભૂતકાળ યાદ કર્યો. ગયા કાળમાં ક્યાં ક્યાં રખડ્યો... ઓહોહો..! ત્યાં તો કંઈ હતું નહિ. આત્માનું તત્ત્વ હતું નહિ અને બહારમાં એનું કાંઈ... રાગ અને દ્વેષના ફળ તરીકે સંયોગ (પ્રાપ્ત કર્યા). નારકીમાં સંયોગનું દુઃખ નથી. કેમકે સંયોગ એને અડતા નથી પણ સંયોગ ઉપર લક્ષના દોરાણને લઈને દુઃખી છે. એનું દોરાણ આમ દોરાણ છે. સંયોગ તો અડતા પણ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને તો અડતું નથી. આહાહા..! તો એ પણ જીવ પોતાના સ્વભાવને ભૂલી જે પ્રતિકૂળ શીત અને ઉષ્ણ સંયોગો એના લક્ષે મરી ગયો છે. આહાહા..! એના લક્ષે હેરાન થઈ ગયો છે. અહીં એ જ કીધું. કુકર્મે હેરાન કર્યો એનો અર્થ એ કુકર્મના લક્ષે હું હેરાન થઈ ગયો. મારા અપરાધથી હેરાન થઈ ગયો છે એમ કહ્યું.

## શ્લોક-૧૯૯

(आर्या)

भवसंभवविषभूरुहफलमखिलं दुःखकारणं बुद्धवा।
आत्मनि चैतन्यात्मनि संजातविशुद्धसौख्यमनुभुंक्ते।।१९९।।

इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रह श्री पद्मप्रभमलधारिदेव-विरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृतौ शुद्धनिश्चयप्रायश्चित्ताधिकारः अष्टमः श्रुतस्कन्धः।।

**[શ્લોકાર્થ :–] ભવોત્પન્ન (–સંસારમાં ઉત્પન્ન થતા) વિષવૃક્ષના સમસ્ત ફળને દુઃખનું કારણ જાણીને હું ચૈતન્યાત્મક આત્મામાં ઉત્પન્ન વિશુદ્ધસૌખ્યને અનુભવું છું. ૧૯૯.**

**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર નામનો આઠમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

## શ્લોક-૧૯૯ ઉપર પ્રવચન

૧૯૯.

भवसंभवविषभूरुहफलमखिलं दुःखकारणं बुद्धवा।
आत्मनि चैतन्यात्मनि संजातविशुद्धसौख्यमनुभुंक्ते।।१९९।।

**શ્લોકાર્થ :-** શું કહે છે? **'ભવોત્પન્ન (–સંસારમાં ઉત્પન્ન થતા)...'** ચાહે તો નારકી હોય, ચાહે તો દેવ હો. પણ સંસારમાં ઉત્પન્ન થતાં. શું? **'વિષવૃક્ષના સમસ્ત ફળને...'** ઝેરના ફળને ભોગવ્યા. આહાહા..! ચાહે તો અબજોપતિ શેઠમાં ઉપજ્યો, ચાહે તો દેવમાં ઉપજ્યો કે ચાહે તો નરકમાં ઉપજ્યો કે નિગોદમાં ઉપજ્યો... આહાહા..! પણ ત્યાં તો **'વિષવૃક્ષના સમસ્ત ફળને દુઃખનું કારણ જાણીને...'** આહાહા..! એ ઝેરના દુઃખ ઝેર સમાન છે. આહાહા..! શુભ અને અશુભભાવ, જે પર તરફના જોકવાળો ભાવ ઝેર છે. એને છોડીને હવે **'વિષવૃક્ષના**

**સમસ્ત ફળને દુઃખનું કારણ જાણીને...'** પણ એને દુઃખનું કારણ જાણીને. જાણ્યા વિના નહિ. આહાહા..! આ તો પરવસ્તુ જ્યાં અનુકૂળ થઈ હોય ત્યાં સુખી માને. શરીર ઠીક હોય તો સુખ માને, સ્ત્રી ઠીક હોય, પૈસા ઠીક હોય, દુકાન ચાલતી હોય, ધંધો ચાલતો હોય, પાંચ-દસ હજારના પગારની નોકરી સારી મળી હોય તો અમે સુખી છીએ. ઝેરના ફળ છે. આહાહા..!

મુમુક્ષુ :– લૌકિક માન્યતામાં ફેર હોય.

ઉત્તર :– બધો આખો ફેર, આખો ફેર છે. દુનિયા માને પૈસાવાળાને ..

અહીં તો પ્રભુ કહે છે, તું આત્માના અંતર વિષય સિવાય બહારના કોઈપણ વિષયમાં અટકવું અને જોવામાં અટકવું એ ઝેરના ઝાડ છે. એને હું છોડી દઈને... આહાહા..! એને હું છોડી દઈને કીધું ને? આહાહા..! **'વિષવૃક્ષના સમસ્ત ફળને દુઃખનું કારણ જાણીને હું ચૈતન્યાત્મક આત્મામાં ઉત્પન્ન...'** આહાહા..! ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા, જાણકસ્વભાવ આત્મા. એને હું... આહાહા..! **'ઉત્પન્ન વિશુદ્ધસૌખ્યને અનુભવું છું.'** આહાહા..! આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એ પર તરફના ઝેરના લક્ષ છોડી દઈને હું તો આત્માનો અનુભવ કરું છું. એમાં સુખ અને શાંતિ છે, બીજે ક્યાંય સુખ અને શાંતિ નથી. આહાહા..! એ અધિકાર પૂરો થઈ ગયો.

**જીવ જ્ઞાન ને આનંદના પરિણામે ઉપજતો થકો રાગના પરિણામનું કારણ નથી. ચૈતન્યપ્રકાશસ્વરૂપ અતીન્દ્રિય આનંદના સ્વભાવથી પૂર્ણ ભરેલો ભગવાન છે, તેને દૃષ્ટિમાં લીધો છે. એવો જીવ જ્ઞાતા-દ્રષ્ટાના પરિણામો ઉપજવા છતાં રાગના કાર્યનો કર્તા નથી. જે જીવ અનુભવના કાર્યપણે ઊપજ્યો તે રાગના કાર્યપણે ઉપજે એમ બનતું નથી, કારણ કે વિકારરૂપ પરિણમે એવી તેની કોઈ શક્તિ નથી. જીવ કર્તા એટલે કે કારણ અને વીતરાગી પર્યાય તે તેનું કાર્ય એવું હોવા છતાં રાગના કાર્યનું કારણ જીવ નથી કે પરદ્રવ્યના કાર્યનું કારણ જીવ નથી.**

**(પરમાગમસાર બોલ નં.૧૨૭)**

– ૯ –

## પરમ-સમાધિ અધિકાર

### ગાથા–૧૨૨

अथ अखिलमोहरागद्वेषादिपरभावविध्वंसहेतुभूतपरमसमाध्यधिकार उच्यते।

वयणोच्चारणकिरियं परिचत्ता वीयरायभावेण।
जो झायदि अप्पाणं परमसमाही हवे तस्स।।१२२।।

वचनोच्चारणक्रियां परित्यज्य वीतरागभावेन।
यो ध्यायत्यात्मानं परमसमाधिर्भवेत्तस्य।।१२२।।

परमसमाधिस्वरूपाख्यानमेतत्।

क्वचिदशुभवंचनार्थं वचनप्रपंचांचितपरमवीतरागसर्वज्ञस्तवनादिकं कर्तव्यं परमजिनयोगीश्वरेणापि। परमार्थतः प्रशस्ताप्रशस्तसमस्तवाग्विषयव्यापारो न कर्तव्यः। अत एव वचनरचनां परित्यज्य सकलकर्मकलंकपंकविनिर्मुक्तप्रध्वस्तभावकर्मात्मकपरमवीतरागभावेन त्रिकाळनिरावरणनित्यशुद्धकारणपरमात्मानं स्वात्मयनिश्चयधर्मध्यानेन टंकोत्कीर्णज्ञायकैकस्वरूप-निरतपरमशुद्धकारणपरमात्मानं स्वात्माश्रयनिश्चयधर्मध्यानेन टंकोत्कीर्णज्ञायकैकस्वरूपनिरत-परमशुक्लध्यानेन च यः परमवीतरागतपश्चरणनिरतः निरुपरागसंयतः ध्यायति, तस्य खलु द्रव्यभावकर्मवरूथिनीलुंटाकस्य परमसमाधिर्भवतीति।।

---

વચનોચ્ચરણકિરિયા તજી, વીતરાગ નિજ પરિણામથી
ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૨.

અન્વયાર્થ :– [ वचनोच्चारणक्रियां ] વચનોચ્ચારણની ક્રિયા [ परित्यज्य ] પરિત્યાગીને [ वीतरागभावेन ] વીતરાગ ભાવથી [ यः ] જે [ आत्मानं ] આત્માને [ ध्यायति ] ધ્યાવે છે, [ तस्य ] તેને [ परमसमाधिः ] પરમ સમાધિ [ भवेत् ] છે.

ટીકા :– આ, પરમ સમાધિના સ્વરૂપનું કથન છે.

ક્યારેક *અશુભવંચનાર્થે વચનવિસ્તારથી શોભતું પરમવીતરાગ સર્વજ્ઞનું સ્તવનાદિક પરમ જિનયોગીશ્વરે પણ કરવાયોગ્ય છે. પરમાર્થથી પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનસંબંધી વ્યાપાર

* અશુભવંચનાર્થે = અશુભથી છૂટવા માટે; અશુભથી બચવા માટે; અશુભના ત્યાગ માટે.

**કરવાયોગ્ય નથી. આમ હોવાથી જ, વચનરચના પરિત્યાગીને જે સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત છે અને જેમાંથી ભાવકર્મ નષ્ટ થયેલાં છે એવા ભાવે—પરમ વીતરાગ ભાવે—ત્રિકાળ નિરાવરણ નિત્ય-શુદ્ધ કારણપરમાત્માને સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનથી અને ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વરૂપમાં લીન પરમશુક્લધ્યાનથી જે પરમવીતરાગ તપશ્ચરણમાં લીન, નિરુપરાગ (નિર્વિકાર) સંયમી ધ્યાવે છે, તે દ્રવ્યકર્મ-ભાવકર્મની સેનાને લૂટનાર સંયમીને ખરેખર પરમ સમાધિ છે.**

## ગાથા–૧૨૨ ઉપર પ્રવચન

હવે ૯મો સમાધિ અધિકાર. પરમ-સમાધિ અધિકાર.

**वयणोच्चारणकिरियं परिचत्ता वीयरायभावेण।**
**जो झायदि अप्पाणं परमसमाही हवे तस्स।।१२२।।**

**વચનોચ્ચરણક્રિયા તજી, વીતરાગ નિજ પરિણામથી**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૨.**

આહાહા..! આમ સમાધિ શબ્દ તો લોગસ્સમાં આવે છે. શ્વેતાંબરમાં **'लोगस्स उज्जोअगरे,'** એમાં આવે છે. **'समाहिवरमुत्तमं दिंतु'** પણ અર્થની કોને ખબર છે. હાંકે જાય છે મોઢે હોય ઇ. **'समाहिवरमुत्तमं दिंतु. चंदेसु निम्मलयरा, आईच्चेसु अहिंय पयासयरा;'** લોગસમાં આવે છે. તિકખુતો ને પાઠ .. કરે ને? આહાહા..! એમાં એ આવે છે. નમોત્થુણં. અહીં કહે છે, **'વચનોચ્ચારણની ક્રિયા...'** આહાહા..! વચનની ઉચ્ચારણની ક્રિયા એ જડ છે. ટીકા ટીકા જ લઈએ.

ટીકા :- **'આ પરમ સમાધિના સ્વરૂપનું કથન છે. ક્યારેક અશુભવંચનાર્થે...'** શું કહે છે? કોઈ વખતે, ક્યારેક અશુભવંચનાર્થે–અશુભને ટાળવા માટે શુભભાવ આવે છે. પુણ્યનું બંધન છે એ શુભભાવ આવે છે. સમકિતીને અને આત્મજ્ઞાનીને પણ અશુભવંચનાર્થે–અશુભને છોડવા શુભભાવ આવે છે પણ શુભભાવ બંધન છે, ધર્મ નહિ. આહાહા..! **'ક્યારેક અશુભવંચનાર્થે વચનવિસ્તારથી શોભતું...'** આહાહા..! **'પરમવીતરાગ સર્વજ્ઞનું સ્તવનાદિક...'** તીર્થંકરદેવનું સ્તવન, સ્તુતિ, ગુણગ્રામ વચન દ્વારા આવે છે. એ અશુભ ટાળવા માટે આવે છે. એ ધર્મ માટે આવે છે એમ નહિ. આહાહા..! એ શુભભાવ ધર્મ છે એમ નહિ. **'અશુભવંચનાર્થે = અશુભથી છૂટવા માટે; અશુભથી બચવા માટે; અશુભના ત્યાગ માટે.'** આહાહા..! **'શોભતું પરમવીતરાગ સર્વજ્ઞનું સ્તવનાદિક પરમ જિનયોગીશ્વરે પણ...'** પરમ જિનયોગીશ્વરે પણ અશુભવંચનાર્થે શુભભાવ આવે છે. પણ એ કોઈ ધર્મ નથી. આહાહા..! ભગવાનની સ્તુતિ, સ્તવન, ગુણગ્રામ...

મુમુક્ષુ :— એ કરવાયોગ્ય છે એમ કીધું.

ઉત્તર :– એ કરવાયોગ્ય વ્યવહારથી છે. નિશ્ચયથી છોડવા યોગ્ય છે. નિશ્ચયદૃષ્ટિ સહિત અશુભને ટાળવા માટે એ ભાવ આવે. પણ ભાવ છે એ બંધનનું કારણ કીધું છે. એ પુણ્યનો ભાવ બંધનનું કારણ છે. ધર્મ નહિ. આહાહા..! છે?

**'પરમ જિનયોગીશ્વરે પણ...'** સમકિતીને તો આવે, પાંચમાને આવે. ભગવાનનું સ્તવન, ગુણગ્રામ, વીતરાગાદિનું સ્તવન... આહાહા..! **'પણ કરવાયોગ્ય છે.'** એ અપેક્ષાએ કરવાયોગ્ય છે. અશુભ ટાળવા માટે કરવાયોગ્ય છે. વ્યવહાર નાખ્યો છે. **'પરમાર્થથી...'** આવ્યું હવે. **'પરમાર્થથી પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનસંબંધી વ્યાપાર કરવાયોગ્ય નથી.'** ખરેખર તો શુભભાવ... પ્રશસ્ત એટલે શુભભાવ, અપ્રશસ્ત એટલે અશુભભાવ એ **'સમસ્ત વચનસંબંધી વ્યાપાર કરવાયોગ્ય નથી.'** પહેલા વ્યવહારે કરવાયોગ્ય કહ્યું હતું. પણ નિશ્ચયથી એ કરવાયોગ્ય નથી. આહાહા..! પહેલું તો કહ્યું, પરમયોગીશ્વરને પણ અશુભ ટાળવા માટે શુભ આવે. શુભ હોય. શુભ તો બધા મુનિને હોય. પણ **'સમસ્ત વચનસંબંધી વ્યાપાર કરવાયોગ્ય નથી.'** આહાહા..! એકકોર કરવાયોગ્ય કહ્યું અને એકકોર કરવાયોગ્ય નથી એમ કહ્યું. વ્યવહારથી કરવાયોગ્ય છે, નિશ્ચયથી કરવાયોગ્ય નથી. આહાહા..! આવી વાત છે. એ તો રાગ છે.

એ ઓલા સવારમાં આવ્યા હતા બિચારા. એ કહેતા હતા કે રાગથી તો ભિન્ન આત્મા છે. એમ કરીને બતાવ્યું હતું. શાસ્ત્ર બધા વાંચ્યા છે. 'સમયસાર', 'પ્રવચનસાર' બીજા બધા શાસ્ત્ર વાંચ્યા છે. 'બહેનશ્રીના વચનામૃત' બધું વાંચ્યું છે. પણ એમાં આ છેલ્લો સાર છે. રાગથી આત્મા ભિન્ન છે. નરમ માણસ હતા. સાડા ત્રણ, સાડા ચાર.. આવી શકે નહિ. બહારના પ્રતિબંધ...

અશુભને ટાળવા માટે કસ્થાનથી બચવા માટે દેવ-ગુરુ-શાસ્ત્રની સ્તુતિનો શુભભાવ આવે છે. સ્તુતિ અને ગુણનો (શુભભાવ) આવે છે. પણ પરમાર્થથી... આહાહા..! ભલા અને ભૂંડા બેય ભાવ **'સમસ્ત વચનસંબંધી વ્યાપાર કરવાયોગ્ય નથી.'** એ વચનસંબંધી વેપાર કરવાયોગ્ય નથી. આહાહા..! કેમકે વચનસંબંધી વેપારમાં શુભરાગ છે. શુભરાગ. સ્તુતિ કરે, શ્રવણ કરે, ગુણગ્રામ કરે, ભક્તિ કરે એમાં તો શુભરાગ છે. એ શુભરાગ અશુભ ટાળવા માટે કરવાયોગ્ય છે એમ કહ્યું. અશુભ ટાળવા માટે કરવાયોગ્ય છે. પણ નિશ્ચયથી તો બેય છોડવાલાયક છે.

બે સિદ્ધાંત કહ્યા. અશુભથી વંચનાર્થે કરવાયોગ્ય છે. આહાહા..! અશુભભાવમાં ન જવાય એથી એને શુભભાવ આવે. પણ વચનસંબંધી સઘળો વેપાર એ બંધનું કારણ જાણી કરવાયોગ્ય નથી. આહાહા..! ભગવાનની મોટી સ્તુતિઓ કરે છે ને? શ્વેતાંબરમાં તો બહુ કરે. સ્તુતિ, ... શું કહેવાય એ? આહાહા..!

કહે છે કે કદાચિત્... કદાચિત્ છે, હોં! પાઠ જોયો? **'ક્યારેક...'** એમ છે ને? સદા નહિ. **'ક્યારેક અશુભવંચનાર્થે...'** ભગવાનની સ્તુતિ આદિનો ભાવ તો યોગીશ્વરને પણ આવે.

એ તો એક જ્ઞાન કરાવ્યું. આહાહા..! પણ **'પ્રશસ્ત-અપ્રશસ્ત...'** શુભરાગ અને અશુભરાગ. **'સમસ્ત વચનસંબંધી વ્યાપાર કરવાયોગ્ય નથી. આમ હોવાથી જ, વચનરચના પરિત્યાગીને...'** આહાહા..! વચનરચનાને છોડીને. આહાહા..! **'જે સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત છે...'** ભગવાન તો વચનરચનાને પરિત્યાગીને **'સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી...'** એ શુભ-અશુભ તો બધા કર્મ છે. ભગવાન તો એનાથી—કાદવથી રહિત છે. એ શુભ-અશુભ તો કાદવ છે. આહાહા..! એ શુભ-અશુભ કાદવ, **'કાદવથી વિમુક્ત...'** પ્રભુ ચૈતન્ય જિનસ્વરૂપ અંદર છે. એ તો એનાથી ભિન્ન છે. આહાહા..! વિમુક્ત છે. અંદર કાદવથી વિમુક્ત છે.

**'અને જેમાંથી ભાવકર્મ નષ્ટ થયેલાં છે...'** જેમાંથી પુણ્ય અને પાપના પરિણામ, એનું નામ ભાવકર્મ. એ ભાવકર્મ જેનો નાશ થયો છે, **'એવા ભાવે—પરમ વીતરાગભાવે—'** એવા ભાવથી એટલે કે પરમ વીતરાગભાવથી. આહાહા..! વચનનો વેપાર એ રાગભાવ છે. ત્યારે આત્મા તરફ જવા માટે વીતરાગભાવ છે. આહાહા..! તે પણ **'પરમ વીતરાગભાવે—ત્રિકાળ-નિરાવરણ નિત્ય-શુદ્ધ કારણપરમાત્માને...'** આહાહા..! **'ત્રિકાળ-નિરાવરણ નિત્ય-શુદ્ધ...'** પ્રભુ. અનાદિઅનંત એ તો શુદ્ધ ચૈતન્યદ્રવ્ય અંદર પડ્યું છે. એ તો પર્યાય–અવસ્થામાં વિકાર દેખાય છે. વસ્તુમાં તો કાંઈ છે નહિ. વસ્તુ તો ત્રિકાળ નિરાવરણ છે. પણ એ તરફ દૃષ્ટિ નથી કરી અને ક્રિયાકાંડમાં રોકાઈ ગયો. ક્રિયાકાંડને વિષય બનાવ્યો, ભગવાનને (વિષય) ન બનાવ્યો. આહાહા..! સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. પણ સમકિત વિના સામયિક, પોષા આવ્યા ક્યાંથી? વસ્તુની તો ખબર નથી. અને વસ્તુની ખબર વિના સમતા આવે ક્યાંથી? સામાયિકમાં તો સમતાનો લાભ જોઈએ. સમતાનો લાભ તો ત્યારે આવે કે વીતરાગમૂર્તિ, વચન અને કાયાની ક્રિયાથી ભિન્ન છે એમ ધ્યાનમાં, જ્ઞાનમાં પ્રતીત થાય, પછી એમાં સ્થિરતા થાય તો સામાયિક થાય. આહાહા..!

એ 'જામનગર'માં થયેલું. (સંવત) ૧૯૮૧ની સાલ. પહેલા ગયા હતા 'જામનગર'. લોકાશાના અપાસરે ઉતરેલા. માણસો આવતું બહુ.. એમાં વારિયા. 'વીરજીભાઈ'ના બાપ 'તારાચંદભાઈ'. આ વાત સાંભળી. કીધું, શુભ અને અશુભભાવ બંધનું કારણ છે. ૧૯૮૨ની સાલની વાત છે. કેટલા થયા? લોકાશાનો અપાસરો છે ત્યાં ઉતર્યા હતા. અને એ આવે વહેલા. પોષો કરવો હોય તો વહેલા આવે. રાત્રે એક કલાક પહેલા. પછી આ વાત સાંભળતા... કારણ કે એ તો એ જ વાત માનેલી અને એ કહેલી. એ સૂત્ર વાંચતા. સૂત્ર સાધુને વંચાવતા. 'તારાચંદ વારિયા' 'વીરજીભાઈ'ના બાપ. એ કહે, પણ આ તમે (કહો છો), મન-વચન-કાયાની ક્રિયા ધર્મ નહિ. આ શું? કીધું વાંચો. તમારું જ્ઞાનસાગર 'પૂનાતર' તરફથી છપાણું છે. 'જ્ઞાનસાગર' છે. એ પૂનાતર તરફથી છપાણું છે. તે દિ'નું છે. 'જ્ઞાનસાગર'. એમાં શું લખ્યું છે? કે મન-વચન-કાયાના ભાવથી પુણ્ય નામકર્મ બંધાય. ધર્મ નહિ. એટલે પછી મૌન રહી ગયા. પછી તો ત્યાં સાંભળ્યું. 'ચેલા' ગયા હતા. જોડે 'ચેલા' છે ને? ત્યાં પણ આવ્યા

હતા. પણ વાત આ પ્રરૂપણા સૌ કરે છે. મન-વચન-કાયાની શુભની ક્રિયા કરો. કીધું, પાઠ જુઓ. નામકર્મમાં ચાર કારણે પુણ્ય નામકર્મ બંધાય છે. મનની સરળતા, વચનની સરળતા, કાયાની સરળતા અને કોઈની સાથે ઝઘડા નહિ. એ ચાર બોલથી નામકર્મ બંધાય. પાઠ છે, કીધું. જ્ઞાનસાગરમાં 'પૂનાતર' તરફથી છપાણું. તમારા ગામથી. વાંચો. મૌન રહી ગયા. એ જ ચાલ્યું છે. માણસને નવરાશ ક્યાં છે? આહાહા..! અનંતકાળથી પુણ્ય અને ક્રિયા, બહુ તો પાપ છોડીને પુણ્યની ક્રિયા (કરે) એ ધર્મ. જિંદગી નિષ્ફળ, જાવ. નરક અને નિગોદ. આહાહા..!

અહીં કહે છે. આહાહા..! ત્રિકાળ નિરાવરણ ભગવાન અંદર છે. તે નિત્ય છે, તે શુદ્ધ છે. આહાહા..! **'કારણપરમાત્માને સ્વઆત્માશ્રિત...'** આહાહા..! એ કારણપરમાત્મા છે. કોણ? આ બધા આત્મા, હોં! આહાહા..! બધા આત્મા અંદરમાં કારણપરમાત્મા છે. કેમકે એને આશ્રયે કાર્યપરમાત્મા, અરિહંત પરમાત્મા એ કારણપરમાત્માને આશ્રયે થાય છે. અંદર કારણપરમાત્મસ્વરૂપ છે, એની એકાગ્રતા કરવાથી કાર્યપરમાત્મા કેવળી થાય છે. આહાહા..! છે?

**'ત્રિકાળ-નિરાવરણ...'** પાછી એ કેવી ચીજ છે? આત્મદ્રવ્ય. દ્રવ્ય એટલે વસ્તુ. ત્રિકાળ નિરાવરણ છે. વસ્તુમાં આવરણ છે નહિ. એ તો એક સમયની હાલત છે તેમાં રાગનો સંબંધ છે. કર્મનો નિમિત્તનો સંબંધ એમાં છે. વસ્તુ તો ત્રિકાળ નિરાવરણ છે. આહાહા..! **'પરમ વીતરાગ ભાવે—ત્રિકાળ-નિરાવરણ નિત્ય-શુદ્ધ...'** ત્રિકાળ શુદ્ધ. ત્રિકાળ નિરાવરણ એમ ત્રિકાળ શુદ્ધ પ્રભુ છે. આત્મા જે છે એ તો અંદર ત્રિકાળ શુદ્ધ છે. આહાહા..! કારણપરમાત્મા. એ કારણપરમાત્મા છે. આહાહા..! બધાના આત્માની વાત છે, હોં! બધા આત્મા અંદર ભગવાન છે, કારણપરમાત્મા છે. કેમ બેસે? કાર્યપરમાત્મા કેવળજ્ઞાન થાય. ભગવાનને, અરિહંતને તેરમે ગુણસ્થાને કેવળજ્ઞાન, અનંતઆનંદ (પ્રગટે છે) એ બધું આવ્યું ક્યાંથી? બહાર કાંઈ લટકે છે તો આવે? અંદરમાં ભર્યું છે, પૂર્ણ ભર્યું છે. પૂર્ણ પરમાત્મા પોતે છે, કારણપરમાત્મા છે. આહાહા..!

એ જ પ્રશ્ન વારિયાએ કર્યો હતો. 'વીરજીભાઈ'નો 'ત્રિભુવન' છે ને? 'વીરજી' વકીલનો 'ત્રિભુવન'. એને કહ્યું, મહારાજ! આ કારણપરમાત્મા, કારણપરમાત્મા કહો છો, તો કારણ હોય તો કાર્ય તો આવવું જોઈએ. કારણપરમાત્મા જો કહેતા હો તો કાર્ય તો આવવું જોઈએ. કીધું, પણ કારણ પરમાત્મા જેને માને એને કે ન માને એને? જેણે કારણપરમાત્મા છે એવું માન્યું એને કાર્યસમકિત થયા વિના રહે નહિ. આહાહા..! છે, પણ માન્યું છે કે દિ'? સાંભળવામાં મુશ્કેલી પડી છે. આહા..! 'તલાટી'! આ જુદી જાતની વાત છે. આહાહા..! એ 'ત્રિભુવનભાઈ' છે ને? એણે પ્રશ્ન કર્યો હતો. 'વીરજીભાઈ'નો દીકરો. કારણપરમાત્મા તમે કહો છો, તો કારણપરમાત્મામાં કારણ છે તો કાર્ય આવવું જોઈએ. પણ કોને કાર્ય આવે? કારણપરમાત્મા છે, અસ્તિ છે, સત્તા છે એવી કબુલાત થાય એને કાર્ય આવે. કારણપરમાત્મા ઉપર નજર

પણ ન મળે, શ્રદ્ધા ન મળે. રાગ ઉપર અને પર્યાય ઉપર શ્રદ્ધા અને કારણપરમાત્માનું કાર્ય આવે એ શી રીતે આવે? ન્યાય લોજિકથી વાતને સમજશે કે નહિ? આહાહા..!

અંતર કારણપરમાત્મા વસ્તુ આત્મા છે. પણ એ છે એ કબુલે, માને, વિશ્વાસમાં લે, પ્રતીતમાં લે, અનુભવમાં લે ત્યારે એને સમકિત થયા વિના રહે જ નહિ. એનું કારણનું કાર્ય આવ્યા વિના રહે જ નહિ. પણ કારણને સ્વીકારે ત્યારે ને? કારણનો સ્વીકાર ક્યાં છે? સ્વીકાર બહારનો બધો છે. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા બહારની ધૂળમાં રોકાઈ ગયો છે. આહાહા..!

મુમુક્ષુ :– બધા ધંધો મૂકી દે તો નભે કેમ?

ઉત્તર :– અંદરમાં બધા છે જ નહિ. આહાહા..! પોતે તો કરે. બીજાનું શું કામ છે? એકવાર કહ્યું નહોતું? (સંવત) ૧૯૭૮ની સાલ. 'ચુડા'માં વ્યાખ્યાન થાતું હતું. પહેલેથી ૧૯૭૪ની સાલથી વ્યાખ્યાન ચાલે છે ને. હજારો માણસો, ગામે ગામ માણસો ખૂબ ભરાય. બજારમાં બારણું છે. ત્યાં એક પોલીસ બેઠેલો. પોલીસ સાંભળે. સાંભળતા એણે પછી પ્રશ્ન કર્યો, મહારાજ! આ બધા તમે ત્યાગી ત્યાગી થઈ જાવ, પછી તમને રોટલા દેનારું કોણ રહેશે? ૧૯૭૮ની સાલની વાત છે. આહાહા..! ૨૨ અને ૩૬ એટલા વર્ષ થયા. ૫૮ વર્ષ થયા. વ્યાખ્યાન તો ૧૯૭૪ની સાલથી ચાલે છે ને. ઠેઠથી. આહાહા..!

મેં કહ્યું, ભાઈ! કરોડપતિ થવા માગે એ એમ વિચાર કરે કે હું કરોડપતિ થાઉં તો પછી ભાણા ઉટકનાર મજુર કેમ રહેશે? બધા કરોડપતિ થાય તો. એમ કોઈ વિચાર કરે છે? હું કરોડપતિ થાઉં તો બીજા ભિખારી નહિ રહે, ભાણા ઉટકનાર નહિ રહે એવો વિચાર કર્યો છે કોઈ દિ'? એ તો ભ્રમણા છે. પોતે ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એનું ભાન થતાં એને સમ્યગ્દર્શન થાય, આનંદનો સ્વાદ આવે અને જન્મ-મરણ મટી જાય. બધાને મટી જાય એવું છે? આહાહા..!

વચનસંબંધી **'ભાવકર્મ નષ્ટ થયેલાં છે એવા...'** ભાવથી, પરમ વીતરાગભાવથી એમ પાછું. એ આ કારણપરમાત્મા જણાય કેમ? કહે છે કે ભાવકર્મ નષ્ટ (કરવાથી). ભાવકર્મ એટલે પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ. એને નષ્ટ કરવાથી... આહાહા..! અને પરમ વીતરાગભાવને ઉત્પન્ન કરવાથી. આહાહા..! પરમ વીતરાગભાવ, એને ઉત્પન્ન કરતાં **'ત્રિકાળ-નિરાવરણ નિત્ય-શુદ્ધ...'** ત્રણે કાળે નિરાવરણ ભગવાનઆત્મા અંદર છે અને નિત્ય છે અને શુદ્ધ છે. એ **'કારણપરમાત્માને સ્વાત્માશ્રિત...'** તેનો આશ્રય કરે તેને નિશ્ચય ધર્મધ્યાન હોય છે. આહાહા..! એ પરમાત્મા જે ત્રિકાળ નિરાવરણ, અખંડ, નિત્ય વીતરાગભાવથી જ તે જણાય એવો છે. રાગભાવથી જણાય એવો છે નહિ. આહાહા..! એક એક ગાથાએ... **'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...'** પરને આશ્રયે થાય એ નિશ્ચય ધર્મધ્યાન છે જ નહિ. એ પુણ્યબંધનું કારણ છે. ભગવાનઆત્મા સ્વ આત્માને આશ્રયે–અવલંબે–આધારે–જે પરિણામ

પ્રગટ થાય એ ધર્મધ્યાન છે. આહાહા..! વાતમાં ફેર બહુ એટલે લાગે.

વસ્તુ તો આ છે. અનંતકાળ ગયો પણ એણે એ ચીજને ધ્યાનમાં, જ્ઞાન ઉપર વાત લીધી નથી. જ્ઞાન ઉપર એ વાત જ લીધી નથી. આહાહા..! જે જ્ઞાન ઉપર વાત નથી લીધી તે જ્ઞાન અંતરમાં કેમ વળી શકે? શું કહ્યું? સમજાણું? જેણે વર્તમાન જ્ઞાન ઉપર પણ આ વસ્તુ આવી છે એમ ધ્યાન ઉપર લીધું નથી... આહાહા..! તે જ્ઞાન આત્મા તરફ કેમ વળી શકે? એ તો રાગ તરફ વળીને સંસારમાં રખડશે. આહાહા..! 'દેવીલાલજી'! શ્વાસ ચડી જાય એવું છે. થાક ઊતરી જાય એવું છે. આહાહા..! ભાષા કેવી કરી છે!

શુભ-અશુભભાવને નષ્ટ કરી પરમવીતરાગભાવથી ત્રિકાળ નિરાવરણ નિત્ય શુદ્ધ કારણપરમાત્માનો સ્વઆશ્રય લઈને... આહાહા..! સ્વઆશ્રય લઈને આવ્યું ને? **'નિશ્ચય ધર્મધ્યાનથી...'** આહાહા..! એ નિશ્ચયધર્મધ્યાનથી **'અને ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વરૂપમાં લીન પરમશુક્લધ્યાનથી...'** આ બીજી વાત. પહેલા ધર્મધ્યાન કીધું, બીજું શુક્લધ્યાન. આહાહા..! **'–શુદ્ધ કારણપરમાત્માને સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનથી અને ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વરૂપમાં લીન પરમશુક્લધ્યાન...'** અત્યારે એ શુક્લધ્યાન નથી. **'ટંકોત્કીર્ણ જ્ઞાયક...'** ટંકોત્કીર્ણ એટલે શાશ્વત. જ્ઞાયક પ્રભુ અંદર જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... આહાહા..!

**'એક સ્વરૂપમાં...'** જ્ઞાયકસ્વભાવ એક સ્વરૂપ છે. દ્વિવિધા એમાં નથી. એમાં દ્વિવિધા એટલે દ્રવ્ય અને પર્યાય બે ભેદ પણ નથી. આહાહા..! એકલો જ્ઞાયક ચૈતન્યબિંબ પ્રભુ. આહાહા..! આવી વાત. જૈનમાં જન્મ્યા એને પણ કાને પડતી નથી તો અન્યને તો બિચારાને ક્યાં સાચી વાત (કાને પડે)? બધો ફેરફાર ઘણો, ભાઈ! ઘણા વર્ષથી તો આ કહેતા આવીએ છીએ ને. આહાહા..! કેટલાકને નિશ્ચય લાગે. એ તો નિશ્ચય છે, એ તો એકાંત નિશ્ચય છે. વ્યવહાર આવતો નથી. વ્યવહાર આવતો નથી કીધું નહિ? અશુભવંચનાર્થે કોઈ વખતે વ્યવહાર આવે છે. અને તે કરવાયોગ્ય છે એમ પણ કહ્યું. કોઈ વખતે. સદાય નહિ. સદા કરવાયોગ્ય હોય તો એ શુભાશુભ વિકલ્પથી છૂટી વચનનો સંબંધ છોડીને અંતરમાં સ્વઆશ્રિત જાવું, કારણપરમાત્મા નિત્ય શુદ્ધ જે ભગવાન, એનો આશ્રય લઈને અંદર જાવું. આહાહા..! એ પુણ્યના વચનના વિકલ્પનો આશ્રય ન લેવો. આહાહા..! આવો માર્ગ.

**'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનથી અને ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વરૂપમાં લીન પરમશુક્લધ્યાનથી...'** શાશ્વત જ્ઞાયક સ્વરૂપમાં લીન પરમશુક્લધ્યાન. લીન–એકાકાર. ધર્મધ્યાનમાં થોડો લીન છે. શુક્લધ્યાનમાં વિશેષ (લીન છે). **'જે પરમવીતરાગ તપશ્ચરણમાં લીન,...'** એ પરમવીતરાગભાવમાં લીન. એ પરમવીતરાગભાવ એ તપશ્ચર્યા. આહાહા..! રાગભાગ એ અતપસ્યા. અને રાગથી આત્મા ભિન્ન પડી વીતરાગભાવથી લીન થાય એ તપશ્ચરણ. એ આત્માની તપસ્યા. બાકી આત્માના વીતરાગ તરફના વલણ વિના જે તપસ્યા

(કરે) એ તો બધી લાંઘણું છે. આહાહા..!

**'પરમવીતરાગ તપશ્ચરણમાં...'** ભાષા કેવી લીધી? **'પરમશુક્લધ્યાનથી જે પરમવીતરાગ તપશ્ચરણ...'** આહાહા..! એ શુક્લધ્યાન એ પરમતપસ્યા છે. આહાહા..! તપસ્યાનો અર્થ સ્વરૂપની શુદ્ધિની વૃદ્ધિ થવી અને અશુદ્ધિનો નાશ થવો એનું નામ તપસ્યા છે. આ તો હજી આત્માની તો ખબર પણ ન મળે કે આત્મા કોણ છે? તપસ્યા કરવા મંડી પડ્યા. વર્ષીતપને... આહાહા..! **'પરમવીતરાગ તપશ્ચરણ...'** ભાષા કેવી છે! પરમવીતરાગભાવ એ તપસ્યા છે. આહાહા..! રાગ એ અતપસ્યા છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ (હોય). અપવાસ કરીને અપવાસ કરું છું એવો રાગ એ તપસ્યા નથી. આહાહા..! મેં છઠ કર્યો, મેં અઠ્ઠમ કર્યો, મેં આઠ દિ' અપવાસ કર્યા. એ તો વિકલ્પ રાગ છે. રાગ એ તપસ્યા નથી. એમાં સ્વઆત્માનો આશ્રય નથી. આહા..! જેમાં સ્વઆત્માનો આશ્રય નથી તેને ધર્મધ્યાન નથી. ઉગ્રપણે સ્વઆત્માનો આશ્રય લે તેને શુક્લધ્યાન છે. આહાહા..! આવી વાત છે. આ સમાધિ અધિકાર છે.

લોગસ્સમાં આવે છે, લોગસ્સમાં નહિ? મોઢે કર્યું હોય તો. **'समाहिवरमुत्तमं दिंतु'** લોગસ્સમાં આવે છે. આ તો દસ વર્ષની ઉંમરથી કરેલું છે. આ તો ૯૧ વર્ષ થયા. ૮૧ વર્ષથી નવકાર કર્યું. નવકાર તિક્ખુત્તો એ બધું. અમારે 'ઉમરાળા'માં નિશાળ ચાલતી. એક આંધળા 'સોમચંદ' ભગત હતા. એ ભણાવતા હતા. તે દિ', હોં! તે દિ'થી આ બધી પરીક્ષા આપતા. સામાયિક, પડિક્કમણા બધા. આહાહા..! પડિક્કમણુ ત્યાં દુકાન ઉપર હું 'પાલેજ'માં કરાવતો. પર્યુષણમાં આઠ દિ' હોં! પછી કાંઈ નામ-બામ નહિ. આઠ દિ' પર્યુષણ હોય તો સાંજે બધા ભેગા થઈ પ્રતિક્રમણ કરે. અને જાણે થઈ ગયો ધર્મ. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ મિથ્યાત્વ એ મોટું પાપ છે. એ ગયું નથી. રાગને કરતાં ધર્મ થાય એ મિથ્યાત્વ છે, મહાપાપ. એ નરક અને નિગોદનું મૂળીયું છે. મિથ્યાત્વ એ જ સંસાર છે. આવે છે ને? મિથ્યાત્વ એ રખડવાનો સંસાર છે. ઘણે ઠેકાણે અર્થ આવે છે. આહાહા..! મિથ્યાત્વ કોને કહેવું એની ખબર ન મળે. એ રાગની ક્રિયા, વચનની, વાણીની...

મુમુક્ષુ :– આપણા ધર્મમાં ન હોય એ બધા મિથ્યાદૃષ્ટિ.

ઉત્તર :– એ બધા મિથ્યાદૃષ્ટિ. પણ જૈનના ધર્મમાં રહેલા છો, વાડામાં પડ્યા છો એ તમે મિથ્યાદૃષ્ટિ છો. આહાહા..!

અંતરમાં રાગથી રહિત સ્વઆશ્રય કરે તેને જઘન્ય દરજ્જાનું નિશ્ચય ધર્મધ્યાન થાય. અને ઉત્કૃષ્ટપણે વીતરાગભાવે સ્વઆશ્રય કરે એને શુક્લધ્યાન થાય. આહાહા..! આવું તો તમારા બાપે 'રામજીભાઈ'એ ત્યાં સાંભળ્યું નહોતું. જાતા, સામાયિક કરતા અને ગાતા. જજ હતા. નહિ? ક્યાં?

મુમુક્ષુ :– 'હિંમતનગર'માં.

ઉત્તર :– એ વાત હતી જ નહિ. શું કરે? એ બિચારા હોશિયાર હતા. બહુ મગજવાળા હતા. આના બાપ 'રામજીભાઈ'. પણ આ વાત હતી નહિ, શું કરે? આહાહા..! અત્યારે પણ સાંભળીને કેટલાકને તો એમ થાય કે આવું! આવું કે દિ' થાય ત્યારે? પણ એવું થયા વિના જન્મ-મરણ મટે એવા નથી. મરી જા તારી ક્રિયાકાંડ કરીને. અપવાસ અને ચોવિહાર, શરીરથી જાવજીવનું બ્રહ્મચર્ય પાળે એ ધર્મ નથી. એ તો શુભભાવ છે. આહાહા..! બ્રહ્મચર્ય તો એને કહીએ, બ્રહ્મ એટલે આત્મા આનંદ નિરાવરણ, તેમાં ચરવું એનું નામ બ્રહ્મચર્ય છે. આહાહા..! દરેકની વ્યાખ્યા જુદી છે, પ્રભુ! આહાહા..!

'પદ્મનંદી'નું કહ્યું નહોતું? 'પદ્મનંદિ' શાસ્ત્ર છે. એમાં બ્રહ્મચર્યની વ્યાખ્યા એવી વર્ણવી છે. ખૂબ વર્ણવી કે તમારી કાયાથી બ્રહ્મચર્ય પાળો એ બ્રહ્મચર્ય નથી. મન, વાણી અને કાયાથી બ્રહ્મચર્ય પાળો કે જાવજીવથી અમે બાળબ્રહ્મચારી છીએ. બાળબ્રહ્મચારી એ ધર્મ નથી. આહાહા..! એ તો રાગ, શુભરાગ છે. અંતર ચૈતન્ય આનંદમૂર્તિમાં રમણતા કરતાં જે આનંદ આવે એને નિશ્ચય બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. આહાહા..! 'પદ્મનંદિ પંચવિંશતિં' ગ્રંથ શાસ્ત્ર છે. એમાં ખૂબ વર્ણન કર્યું છે. કરીને પછી બ્રહ્મચર્યનું બહુ વર્ણન કરતા સાધારણ જુવાન માણસો અને જુવાન અવસ્થા, જુવાન બાયડી હોય, જુવાનીમાં પૈસા-બૈસા ઠીક હોય. એને આવી વાત આમ (ઠીક ન લાગે) તો મુનિરાજ કહે છે, કે મેં આ બ્રહ્મચર્યની વ્યાખ્યા કરી એ તમને ન રુચે તો માફ કરજો. હું મુનિ છું. મારી પાસેથી શું લેશો? મારી પાસે છે એ આવશે. 'પદ્મનંદિ પંચવિંશતિ'માં એમ કહ્યું છે.

હજારો શાસ્ત્રો જોયા છે. આહાહા..! છેલ્લો ૨૬મો અધિકાર છે. નામ 'પદ્મનંદિ પંચવિશતિ' છે પણ ૨૬માં બ્રહ્મચર્યનો અધિકાર છે. ગાથા થોડી છે. પણ વર્ણન બહુ. મન-વચન-કાયાથી બ્રહ્મચર્ય (પાળે) એ બ્રહ્મચર્ય નહિ. આત્માના આશ્રયે જે અંદર રમણતા થાય અને રાગથી છૂટે અને અંદરમાં લીનતા થાય એ બ્રહ્મચર્ય. બ્રહ્મ એટલે આત્મા, એમાં ચર્ય નામ રમત. એનું નામ બ્રહ્મચર્ય છે. બાકી બધું અબ્રહ્મચર્ય છે. આહાહા..! વાતે વાતે ફેર. ઓલા કહે છે ને, 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક વાતે તો ન મળે...' 'એક લાખે ન મળે, એક ત્રાંબાના તેર. વાતે વાતે ફેર' એમ આ વાતે વાતે ફેર છે. દુનિયાની માન્યતા અને વીતરાગની માન્યતામાં વાતે વાતે ફેર છે. આહાહા..!

**'એક સ્વરૂપમાં લીન પરમશુક્લધ્યાનથી જે પરમવીતરાગ તપશ્ચરણમાં લીન,...'** ભાષા જુઓ! **'પરમશુક્લધ્યાનથી જે પરમવીતરાગ તપશ્ચરણમાં લીન, નિરુપરાગ (નિર્વિકાર) સંયમી ધ્યાવે છે,...'** અંદર વસ્તુને ધ્યાનમાં લીધી છે અને ધ્યાન કરે છે. **'તે દ્રવ્યકર્મ-ભાવકર્મની સેનાને લૂંટનાર...'** આહાહા..! એ તો દ્રવ્યકર્મનો જડનો પણ નાશ થઈ જાય છે અને પુણ્ય-પાપ ભાવકર્મ છે એનો પણ સ્વઆશ્રય–ધ્યાન કરતાં નાશ થઈ જાય છે. માટે ખરું ધ્યાન

એ સ્વનો આશ્રય લેવો તે. ચૈતન્યભગવાન અંદર બિરાજે છે. પૂર્ણાનંદનો નાથ ત્રિકાળ નિરાવરણ છે, અખંડાનંદ છે. એનું ધ્યાન કરવાથી દ્રવ્યકર્મ અને ભાવકર્મનો નાશ થાય છે. દ્રવ્યકર્મ એટલે જ્ઞાનાવરણી આદિ જડ. ભાવકર્મ એટલે પુણ્ય અને પાપ. આહાહા..! આવું ઝીણું લાગે. આખો દિ' સંસારનું કરવું. સંસારનું કરવું, સંસારમાં બાયડી-છોકરાનું કરવું, છ-સાત કલાક સૂવું, હવે આમાં આ ક્યારે નવરો થાય? નિર્ણય કરવા નવરો ક્યારે થાય? કલાક વખત મળે તો જેના જે સંપ્રદાયમાં હોય ત્યાં સાંભળવા જાય તો કુગુરુ એનો કલાક લુંટી લે. એને એમ કહે કે તું વ્રત કર, અપવાસ કર અને આ કર અને આ કર. આહાહા..! નિર્વિકાર સંયમી ધ્યાતા છે. એ ધ્યાન કરનાર તો આ સંયમી હોય. આહાહા..!

**'તે દ્રવ્યકર્મ-ભાવકર્મની સેનાને લૂંટનાર સંયમીને ખરેખર પરમ સમાધિ છે.'** આહાહા..! **'समाहिवरमुत्तमं दिंतु'** લોગસ્સમાં આવે છે. સમાધિ (એટલે) ઓલા બાવાની સમાધિ નહિ. અહીંયાં તો ઉપાધિ આ સંયોગ. સંયોગથી રહિત નિરુપાધિ—ઉપાધિથી રહિત. અંતરની રાગની એ પણ ઉપાધિ. એનાથી રહિત, મનની ઉપાધિથી રહિત, કાયાની ઉપાધિથી રહિત અંદર આત્મા અને સ્વભાવમાં એકાકાર થવું તે ઉપાધિરહિત છે. આહાહા..! તે વિના તો બધી ઉપાધિ છે. આહાહા..!

એ અહીં કહે છે, કે **'દ્રવ્યકર્મ–ભાવકર્મની સેના...'** આહાહા..! પુણ્ય અને પાપના ઢગલા ઉત્પન્ન થાય અને કર્મ ઢગલા બંધાય. આહાહા..! એવી **'સેનાને લૂંટનાર સંયમીને ખરેખર પરમ સમાધિ છે.'** આહાહા..! આધિ-વ્યાધિ અને ઉપાધિથી રહિત તે સમાધિ. આધિ, વ્યાધિ. વ્યાધિ એટલે શરીરનો રોગ આદિ. આધિ એટલે મનમાં વિકલ્પ અને પુણ્ય-પાપના વિકલ્પ (થાય) એ. ઉપાધિ, આધિ, વ્યાધિ ત્રણથી રહિત. આહાહા..! ઉપાધિ બહારની, વ્યાધિ શરીરની, આધિ મન વિકલ્પની. ઉપાધિ, વ્યાધિ અને આ અંતર... શું કીધું? આધિ. આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત તે સમાધિ. આહાહા..! આવી વાતું છે.

ભગવાન અંદર નિરાવરણમાં જેને ઉપાધિ સંયોગી ચીજ છે સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન એ તો બધું પર પર, એ ઉપાધિ છે. એનાથી રહિત. પછી વ્યાધિ. શરીરમાં કાંઈક ફેરફાર રહ્યા કરે તો એનું ધ્યાન રાખ્યા કરે. આને આમ સાચવો, આને આમ સાચવો. આમાં આમ સાચવો એ વ્યાધિ. આધિ—અંદરમાં સંકલ્પ અને વિકલ્પ પુણ્ય અને પાપ થાય એ આધિ. એ આધિ-વ્યાધિ-ઉપાધિ ત્રણથી રહિત તે સમાધિ. આહાહા..! વાતે વાતે ફેર. નિર્ણય કરવાની નવરાશ ન મળે. જિંદગી ચાલી જાય છે. મરણની નજીક જાય છે. આહાહા..! દેહ છૂટવાને નજીક ટાઈમ જાય છે. જે ટાઈમ જાય છે એ દેહ છૂટવાનો ટાઈમ નક્કી છે. કેવળી ભગવાન દેખે છે અને એના આયુષ્યનું નક્કી છે. જે ક્ષેત્રે, જે નિમિત્તે, જે સંયોગે દેહ છૂટવાનો એ છૂટવાનો જ. એ છૂટવાનો કાળ મૃત્યુને સમીપ જાય છે. આહાહા..! છતાં એને મૃત્યુ પહેલા શું કરવું એની દરકાર અને ગરજ કરતો નથી. આહાહા..!

'[હવે આ ૧૨૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :]'

## શ્લોક–૨૦૦

(वंशस्थ)

समाधिना केनचिदुत्तमात्मनां
हृदि स्फुरन्तीं समतानुयायिनीम्।
यावन्न विद्मः सहजात्मसंपदं
न मादृशां या विषया विदामहि।।२००।।

[શ્લોકાર્થ :–] કોઈ એવી (–અવર્ણનીય, પરમ) સમાધિ વડે ઉત્તમ આત્માઓના હૃદયમાં સ્ફુરતી, સમતાની [1]અનુયાયિની સહજ આત્મસંપદાને જ્યાં સુધી અમે અનુભવતા નથી, ત્યાં સુધી અમારા જેવાઓનો જે [2]વિષય છે તેને અમે અનુભવતા નથી. ૨૦૦.

## શ્લોક–૨૦૦ ઉપર પ્રવચન

समाधिना केनचिदुत्तमात्मनां
हृदि स्फुरन्तीं समतानुयायिनीम्।
यावन्न विद्मः सहजात्मसंपदं
न मादृशां या विषया विदामहि।।२००।।

**શ્લોકાર્થ** :- આહાહા..! **'કોઈ એવી (–અવર્ણનીય, પરમ) સમાધિ વડે...'** આહાહા..! ઉત્તમ જ્યાં સુધી અમે અનુભવ નથી કરતા. મુનિરાજ એમ કહે છે... આહાહા..! પુરુષાર્થનું જોર ઉપાડે છે. **'કોઈ એવી (–અવર્ણનીય, પરમ) સમાધિ...'** વર્ણનમાં ન આવે એવી સમાધિ છે. વર્ણન જડ છે અને સમાધિ ચૈતન્ય છે. શાંત અને વીતરાગ છે. આહાહા..! **'એવી (–અવર્ણનીય, પરમ) સમાધિ વડે ઉત્તમ આત્માઓના...'** ઉત્તમ આત્માના **'હૃદયમાં સ્ફુરતી,...'** પ્રગટ થનારી **'સમતાની અનુયાયિની...'** આહાહા..! સમતાની સાથે રહેનારી. **'સહજ**

૧. અનુયાયિની = અનુગામિની; સાથે સાથે રહેનારી; પાછળ પાછળ આવનારી. (સહજ આત્મસંપદા સમાધિની અનુયાયિની છે.)

૨. સહજ આત્મસંપદા મુનિઓનો વિષય છે.

**આત્મસંપદાને...'** સ્વભાવિક આત્મસંપદા. આહાહા..! મુનિરાજ કહે છે, કે એ અમારો વિષય છે. મુનિરાજ કહે છે કે અમારો વિષય તો આ છે. કોણ?

**'એવી (–અવર્ણનીય, પરમ) સમાધિ વડે ઉત્તમ આત્માઓના હૃદયમાં સ્ફુરતી, સમતાની અનુયાયીની સહજ આત્મસંપદાને જ્યાં સુધી અમે અનુભવતા નથી, ત્યાં સુધી અમારા જેવાઓનો જે વિષય છે...'** આહાહા..! મુનિ કહે છે કે મારો વિષય તો અંદર ત્રિકાળીને વિષય કરવો એ વિષય અમારો વિષય છે. પુણ્ય અને પાપ અને વ્યવહાર એ અમારો વિષય નથી. આહાહા..! સમજાણું કાંઈ? ધર્માત્માનો વિષય એટલે ધ્યેય. પરમાત્મા કારણપરમાત્મા, રાગ વિનાનો નિરાવરણ પરમાત્મા તે ધર્મીનું ધ્યેય છે. આહાહા..! મુનિરાજ કહે છે, કે અરે..! અમારો વિષય તો આ છે. આહાહા..!

**'સમતાની અનુયાયિની સહજ આત્મસંપદાને જ્યાં સુધી અમે અનુભવતા નથી,...'** છઠ્ઠે ગુણસ્થાને જરી વિકલ્પ ઊઠે છે ને? એથી કહે છે. આત્મામાં આવીને આનો અનુભવ જ્યાં સુધી નથી કરતા... આહાહા..! **'ત્યાં સુધી અમારા જેવાઓનો જે વિષય છે...'** ત્યાં સુધી અમારા જેવાઓનો જે વિષય છે... આહાહા..! મુનિરાજ કહે છે કે મુનિનો વિષય શું? પંચમહાવ્રત, દયા અને દાન એ એનો વિષય નથી. આહાહા..! વિષય એટલે ધ્યેય. અંદર ત્રિકાળ નિરાવરણ પરમાત્મસ્વરૂપ એ ધર્મીનું ધ્યેય અને વિષય છે. ધર્મીનું એ ધ્યેય અને એ વિષય છે. એ વિષયમાં જવાનું છે. વિષય એટલે ઓલા વિષયાવિષ નહિ. પાંચ ઇન્દ્રિયના વિષય એ નહિ. પણ વિષય એટલે તે ધ્યેય કરવા લાયક. આહાહા..! અમને તો ધ્યેય કરવાલાયક તો આત્મા છે. અરે..રે..! અમે એને પૂર્ણ અનુભવ નથી કરતા. આહાહા..! છે?

**'વિષય છે તેને અમે અનુભવતા નથી.'** સાતમું આવે ત્યારે અનુભવ થાય ને? છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ આવે છે એનો નિષેધ કરે છે. આહાહા..! અમારો વિષય તો અંદર પૂર્ણ અનુભવ કરવો એ છે. પણ એમાં ઠરી શકતા નથી અને વિકલ્પ આવે છે પણ અમારો વિષય એ નથી. અમારો વિષય તો અંદર ધ્યાનમાં જાવું એ વિષય છે. આહાહા..! વિશેષ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૨૪

किं काहदि वणवासो कायकिलेसो विचित्तउववासो।
अज्झयणमोणपहुदी समदारहियस्स समणस्स।।१२४।।

किं करिष्यति वनवासः कायक्लेशो विचित्रोपवासः।
अध्ययनमौनप्रभृतयः समतारहितस्य श्रमणस्य।।१२४।।

अत्र समतामन्तरेण द्रव्यलिङ्गधारिणः श्रमणाभासिनः किमपि परलोककारणं नास्तीत्युक्तम्।

सकलकर्मकलंकपंकविनिर्मुक्तमहानंदहेतुभूतपरमसमताभावेन विना कान्तारवासावासेन प्रावृषि वृक्षमूले स्थित्या च ग्रीष्मेऽतितीव्रकरकरसंतप्तपर्वताग्रग्रावनिषण्णतया वा हेमन्ते च रात्रिमध्ये ह्याशांबरदशाफलेन च, त्वगस्थिभूतसर्वाङ्गक्लेशदायिना महोपवासेन वा, सदाध्ययनपटुतया च, वाग्विषयव्यापारनिवृत्तिलक्षणेन संततमौनव्रतेन वा किमप्युपादेयं फलमस्ति केवलद्रव्यलिंगधारिणः श्रमणाभासस्येति।

तथा चोक्तम् अमृताशीतौ-

(मालिनी)

'गिरिगहनगुहाद्यारण्यशून्यप्रदेश-<br>
स्थितिकरणनिरोधध्यानतीर्थोपसेवा-।<br>
प्रपठनजपहोमैर्ब्रह्मणो नास्ति सिद्धिः<br>
मृगय तदपरं त्वं भोः प्रकारं गुरुभ्यः।।'

---

વનવાસ વા તનક્લેશરૂપ ઉપવાસ વિધવિધ શું કરે?<br>
રે! મૌન વા પઠનાદિ શું કરે સામ્યવિરહિત શ્રમણને? ૧૨૪.

અન્વયાર્થ :– [ वनवासः ] વનવાસ, [ कायक्लेशः विचित्रोपवासः ] કાયક્લેશરૂપ અનેક પ્રકારના ઉપવાસ, [ अध्ययनमौनप्रभृतयः ] અધ્યયન, મૌન વગેરે (કાર્યો) [ समतारहितस्य श्रमणस्य ] સમતારહિત શ્રમણને [ किं करिष्यति ] શું કરે છે (–શો લાભ કરે છે)?

ટીકા :– અહીં (આ ગાથામાં), સમતા વિના દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને કિંચિત્ પરલોકનું કારણ નથી (અર્થાત્ જરાય મોક્ષનું સાધન નથી) એમ કહ્યું છે.

કેવળ દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત મહા આનંદના હેતુભૂત પરમસમતાભાવ વિના, (૧) વનવાસે વસીને વર્ષાઋતુમાં વૃક્ષ નીચે સ્થિતિ કરવાથી, ગ્રીષ્મઋતુમાં પ્રચંડ સૂર્યના કિરણોથી સંતપ્ત પર્વતના શિખરની શિલા ઉપર બેસવાથી અને હેમંતઋતુમાં રાત્રિમધ્યે દિગંબરદશાએ રહેવાથી, (૨) ત્વચા અને અસ્થિરૂપ (માત્ર હાડ-ચામરૂપ) થઈ ગયેલા આખા શરીરને ક્લેશદાયક મહા ઉપવાસથી, (૩) સદા અધ્યયનપટુતાથી (અર્થાત્ સદા શાસ્ત્રપઠન કરવાથી), અથવા (૪) વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિસ્વરૂપ સતત મૌનવ્રતથી શું જરાય *ઉપાદેય ફળ છે? (અર્થાત્ મોક્ષના સાધનરૂપ ફળ જરાય નથી.)

---

* ઉપાદેય = પસંદ કરવા જેવું; વખાણવા જેવું.

**એવી રીતે (શ્રી યોગીંદ્રદેવકૃત) અમૃતાશીતિમાં (૫૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–**

**'[શ્લોકાર્થ :–] પર્વતની ઊંડી ગુફા વગેરેમાં કે વનના શૂન્ય પ્રદેશમાં રહેવાથી, ઇન્દ્રિયનિરોધથી, ધ્યાનથી, તીર્થસેવાથી (તીર્થસ્થાનમાં વસવાથી), પઠનથી, જપથી અને હોમથી બ્રહ્મની (આત્માની) સિદ્ધિ નથી; માટે, હે ભાઈ! તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.'**

---

## પ્રવચન નં. ૧૪૨, શ્લોક-૨૦૨, ગાથા-૧૨૪, સોમવાર, જ્યેષ્ઠ વદ ૪, તા.૦૨-૦૬-૧૯૮૦

---

ગાથા–૧૨૪. ફરીને.

**'કેવળ દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને...'** એટલે કે બાહ્યની ક્રિયા કરે, બાયડી, છોકરા, કુટુંબ છોડે અને નગ્નપણું ધારણ કરે, બાવીશ પરિષહ સહન કરે અને પાંચ મહાવ્રત પાળે છતાં એ દ્રવ્યલિંગી છે. જેને અંતર ભગવાન આત્મતત્ત્વની પ્રાપ્તિ નથી થઈ... આહાહા..! કહ્યું છે ને એ? અંદર વસ્તુ જે ચૈતન્યસ્વરૂપ, જ્ઞાન અને આનંદથી ભરેલો પ્રભુ, એની પ્રાપ્તિ નથી તેને આનાથી કાંઈ ફળ નથી. છે એનું ફળ, સંસારમાં રખડવાનું. રખડવાનું ફળ છે. આહાહા..! **'કેવળ દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત મહા આનંદના હેતુભૂત....'** એવી **'પરમસમતાભાવ વિના,...'** આવી સમતા જોઈએ. સમતાની વ્યાખ્યા કરી, કે **'કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત...'** પરથી નાસ્તિ લીધી. હવે અસ્તિ.

**'મહા આનંદના હેતુભૂત પરમસમતાભાવ...'** આહાહા..! સમતાભાવ એને કહ્યો. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એ સમતાભાવ છે. એમ કહે છે. આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન, એનો સ્વાદ આવવો, એનો અનુભવ થવો, એનું નામ સમતા કહે છે. આ સમતાની વ્યાખ્યા છે. એને સામાયિક કહે છે. એ **'પરમસમતાભાવ વિના, (૧) વનવાસે વસીને...'** ભલે વનમાં–જંગલમા વસે. **'વર્ષાઋતુમાં વૃક્ષ નીચે સ્થિતિ કરવાથી,...'** આત્માના અનુભવ વિના, આત્માના આનંદના સ્વાદ વિના વનમાં રહે કે ચોમાસામાં વૃક્ષની નીચે રહે, કે **'ગ્રીષ્મઋતુમાં પ્રચંડ સૂર્યના કિરણોથી સંતપ્ત પર્વતના શિખરની શિલા...'** ધગધગતી. એના **'ઉપર બેસવાથી...'** એ શું છે? એ ક્રિયાકાંડ છે. આહાહા..! **'અને હેમંતઋતુમાં રાત્રિમધ્યે દિગંબરદશાએ રહેવાથી,...'** હેમંત એટલે શિયાળો. શિયાળામાં રાત્રિમાં દિગંબરદશાએ રહે.

**'(૨) ત્વચા અને અસ્થિરૂપ (માત્ર હાડ-ચામરૂપ) થઈ ગયેલા...'** એવી તપસ્યા (કરી કે) માંડ ચામડા અને હાડકા બે રહ્યા. એવી તપસ્યા પણ નિરર્થક છે. આહાહા..! સ્વ આશ્રય વિના.. પ્રભુ! અતીન્દ્રિય આનંદમય આ આત્મા, એની સન્મુખતા, એનો આશ્રય, એનું અવલંબન વર્તમાનમાં આનંદના અનુભવ વિના એ બધી ક્રિયા નિષ્ફળ છે. એનાથી કાંઈ આત્માનું કલ્યાણ છે નહિ. આહાહા..!

**'આખા શરીરને ક્લેશદાયક મહા ઉપવાસથી,...'** અપવાસ કરે. કેવા? કે ક્લેશદાયક અપવાસ પાછા. આનંદ તો નથી. આત્માનો આનંદ તો નથી એટલે ક્લેશ છે કહે છે. આહાહા..! સમકિત વિનાના અપવાસ ક્લેશ છે. આહાહા..! **'ક્લેશદાયક મહા ઉપવાસથી,...'** મહા એટલે ઘણા ઉપવાસ. આહાહા..! **'(૩) સદા અધ્યયનપટુતાથી...'** શાસ્ત્રવાંચનમાં પણ પટુ એટલે ડાહ્યો. શાસ્ત્ર વાંચે, ખૂબ અધ્યયન કરે એથી શું? આહાહા..! કહ્યું? શાસ્ત્ર અધ્યયનમાં પટુતા. શાસ્ત્ર અધ્યયયન સદા પઠન-પઠન. શાસ્ત્ર પઠન કરે રાત, દિ'. આહાહા..! અહીંયાં આપણે આવે છે ને? પહેલે પહોરે મુનિ સ્વાધ્યાય કરે, પછી ધ્યાન કરે, પછી પાછલી પહોરે સહેજ શયન કરે. રાત્રીના પાછલા ભાગમાં. 'છ ઢાળા'માં આવે છે ને? 'છ ઢાળા'માં આવે છે. પાછલી રાતે. એથી શું? કહે છે. આતમજ્ઞાન વિના એ બધી ક્રિયા નિષ્ફળ છે. ફળવાળી છે પણ સંસારના. આહાહા..! આ વસ્તુ લોકોને આકરી લાગે.

**'(અર્થાત્ સદા શાસ્ત્રપઠન કરવાથી),...'** આહાહા..! એકકોર કહ્યું, કે શાસ્ત્રનું અધ્યયન કરવું, શાસ્ત્રનો અભ્યાસ કરવો. 'પ્રવચનસાર'માં આવ્યું છે ને? પણ એ તો સ્વલક્ષે. પોતાના આત્માના જ્ઞાનને લક્ષે સ્વાધ્યાય (કરવો). આ તો એકલી આત્માના જ્ઞાન વિના એકલી સ્વાધ્યાય કર્યા કરે અને માને કે એમાંથી કાંઈક થઈ જશે. આહાહા..! શાસ્ત્ર, મહા શાસ્ત્ર પાછું. **'સદા શાસ્ત્રપઠન...'** સદાય કરે. રાત અને દિ' શાસ્ત્ર.. શાસ્ત્ર. આહાહા..!

**'અથવા (૪) વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિ...'** મૌન ધારણ કરે. બોલવું બંધ કરે. **'સતત મૌનવ્રતથી...'** નિરંતર મૌનવ્રત ધારણ કરે. **'શું જરાય ઉપાદેય ફળ છે?'** એનાથી શું કિંચિત્ પણ ફળ ઉપાદેય છે? નથી. આહાહા..! શ્લોક આકરો આવ્યો. આટલા અપવાસ કરે, મૌન રહે, શાસ્ત્રપઠન કરે, રાત-દિ' શાસ્ત્રવાંચન કરે પણ એ તો બધું પરલક્ષી છે. આહાહા..! અંતર આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય શાંતસ્વરૂપ, એ દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યા વિના એ બધી ક્રિયાઓ સંસાર ખાતે છે. એ ક્રિયાથી કાંઈ આત્માને લાભ થાય એમ બિલકુલ નથી. આહાહા..! અહીં તો આવી ચોખ્ખી વાત છે. દુનિયાને આકરું લાગે.

મુમુક્ષુ :– સંસારી કરતાં સારા ને?

ઉત્તર :– બિલકુલ જરીએ સારા નહિ. અહીં તો કહે જેવા અનાદિ સંસારીપ્રાણી છે એવો ઇ છે. આહાહા..!

**'શું જરાય ઉપાદેય ફળ છે? (અર્થાત્ મોક્ષના સાધનરૂપ ફળ જરાય નથી.)'** જરીએ. કિંચિત્ કીધું ને? કિંચિત્ કીધું છે ને? જરીએ પણ આત્મામાં લાભ નથી. આ કંઈ સારા છે જ નહિ. સમ્યગ્દર્શન વિના એ બધી ક્રિયા સંસાર ખાતે રખડવાની છે. આત્માને માટે કાંઈ ફળ નથી. આહાહા..! **'મોક્ષના સાધનરૂપ ફળ જરાય નથી.'** સાધનરૂપ કિંચિત્ સાધન નથી. જેને લોકો સાધન કહે છે. વ્રત કરવા, તપ કરવા, તપસ્યા કરવી, ભગવાનની ભક્તિ કરવી એ સાધન અને સમ્યગ્દર્શન સાધ્ય. અહીં કહે છે, તારા સાધનનું કિંચિત્ ફળ નથી.

આહાહા..! સમ્યગ્દર્શન તો પરની અપેક્ષા વિના નિરપેક્ષ ભગવાનઆત્માનું અવલંબન કરતાં અનુભવ થાય તે સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન છે. પરને કારણે કાંઈ નથી. કે પરની ક્રિયા આટલી કરી તો કાંઈક મદદ મળી. તપસ્યા ઘણી કરી, શાસ્ત્ર અધ્યયન બહુ કર્યાં, તો સમકિત પ્રાપ્ત થવામાં મદદ મળી, એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :– સમ્યગ્દર્શનના હેતુથી ક્રિયા કરી.

ઉત્તર :– જરીએ નહિ. સમ્યગ્દર્શનના હેતુથી ક્રિયા કરે તોપણ સમ્યગ્દર્શન નહિ. એ તો રાગ છે. રાગ એ સમ્યગ્દર્શન વીતરાગનો હેતુ હોય? આકરી વાત છે, બાપુ! સમ્યગ્દર્શન ચીજ એવી છે. શું થાય? કોને કહેવું? અત્યારે બધો ફેરફાર થઈ ગયો. આત્મા અંતર સચ્ચિદાનંદ પ્રભુ! અનાકુળ આનંદસાગર, એને કોઈ આ ક્રિયાકાંડના કારણે કંઈ પણ લાભ નથી. એ ક્રિયાકાંડ તો અનંતવાર કરી છે. આહાહા..!

મુમુક્ષુ :– દ્રવ્યે ક્રિયા કરતાં કરતાં ભાવ આવે એવું નહિ?

ઉત્તર :– ક્રિયા કરતાં કરતાં રખડશે. પુણ્ય બાંધે. મિથ્યાત્વસહિત પુણ્ય બાંધે. ચાર ગતિમાં રખડે. આહાહા..! આમાં 'છ ઢાળા'માં આવ્યું નહિ? 'મુનિ વ્રત ધાર અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત ધારણ (કરી) દિગંબર મુનિ (થયો), હોં! એ 'મુનિવ્રત ધાર અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચમહાવ્રત પાળે, અઠ્યાવીશ મૂળગુણ પાળે પણ એ બધું દુઃખ છે, રાગ છે, દુઃખ છે. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પંચમહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણના પરિણામ એ આસ્રવ અને દુઃખ છે. દુઃખથી આત્માની મુક્તિ થાય? સમ્યક્ થાય? સમ્યગ્દર્શન તો આનંદસ્વરૂપ છે. આહાહા..! બહુ ફેર.

મુમુક્ષુ :– કરતાં કરતાં થાય ને?

ઉત્તર :– કરતાં કરતાં ઝેર થાય. એ કરતાં કરતાં રાગનું ઝેર થાય. એનાથી અમૃતસાગર ભગવાન (પ્રાપ્ત ન થાય). આહાહા..! આકરી વાત બહુ, ભાઈ! માર્ગ એવો કોઈ છે. આહાહા..!

મુમુક્ષુ :– એનું ફળ પણ અપૂર્વ છે ને.

ઉત્તર :– અપૂર્વ ફળ છે, અલૌકિક છે આ. આ રહિત થઈને અંતર ચૈતન્યસ્વરૂપને (અવલંબી)... આહાહા..! વિકલ્પને પણ છોડી દેવા. હું આત્મા છું એવો જે વિકલ્પ છે એને પણ છોડી દેવો અને સ્વરૂપમાં રહેવું, ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. આહાહા..! સમ્યગ્દર્શન વિના... કીધું ને? આવી આવી ક્રિયા કરે. ચામડા રહે અને બે હાડકા રહે એટલી તપસ્યા અને અપવાસ કરે તોપણ એનું ફળ સંસાર છે. એક પણ ભવ ઘટે કે આ ક્રિયાકાંડને લઈને સમકિતની સન્મુખ થાય (એમ ત્રણકાળમાં નથી). આહાહા..!

મુમુક્ષુ :– આકરી વાત છે.

ઉત્તર :– આકરી વાત છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. આહાહા..!

**'એવી રીતે (શ્રી યોગીંદ્રદેવકૃત) અમૃતાશીતિમાં (૫૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કેઃ–'**

**गिरिगहनगुहाद्यारण्यशून्यप्रदेश-**
**स्थितिकरणनिरोधध्यानतीर्थोपसेवा- ।**
**प्रपठनजपहोमैर्ब्रह्मणो नास्ति सिद्धिः**
**मृगय तदपरं त्वं भोः प्रकारं गुरुभ्यः ।।**

આહાહા..! દિગંબર મુનિ 'યોગીન્દ્રદેવ', જેણે દોહા બનાવ્યા છે. 'યોગીન્દ્રદેવે'. એમાં એમ કહ્યું, કે 'પાપ પાપકો તો સૌ કહે...' હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના. પણ 'અનુભવીજન તો પુણ્ય કો પાપ કહે.' ધર્મીજીવ તો પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિને પાપ કહે. આહાહા..! આકરી વાત છે. અત્યારે તો પોલંપોલ આ બધું ચાલ્યું છે. કાંઈ ઠેકાણા ન મળે. પંચમહાવ્રતના પણ ઠેકાણા ન મળે. એને માટે આહાર કરીને લે, પાણી કરીને લે, એના માટે લુગડા વેચાતા લે. એ તો વ્યવહારના પણ ઠેકાણા નથી. ધર્મ તો છે જ ક્યાં? આહાહા..! આકરી વાત છે, ભાઈ!

**'પર્વતની ઊંડી ગુફા વગેરેમાં...'** કહે છે, ભલે કોઈ પર્વતની ગુફામાં રહે. આહાહા..! **'વનના શૂન્ય પ્રદેશમાં રહેવાથી,...'** વનના કોઈ શૂન્ય પ્રદેશમાં એકલો રહે. **'ઇન્દ્રિયનિરોધ...'** કરે. આહાહા..! પાંચ ઇન્દ્રિયનો નિરોધ કરે એ તો શુભભાવ છે. ધર્મ નથી, ભાઈ! આહાહા..! **'ધ્યાનથી,...'** અહીં તો ધ્યાન પણ કહ્યું. એ રાગનું શુભ ધ્યાન. હું ધ્યાન કરું છું... ધ્યાન કરું છું.. એવો વિકલ્પ. વિકલ્પ છે. એ ધ્યાનથી પણ મુક્તિ નથી. એ વિકલ્પરૂપી ધ્યાન, હોં! અને **'તીર્થસેવા...'** તીર્થની સેવા કરવી. શેત્રુંજયની, ગિરનારની, સમ્મેદશિખરની જાત્રા કરવી અને સેવા કરવી. એનાથી કાંઈ મુક્તિ-બુક્તિ છે નહિ, ધર્મ છે નહિ. આહાહા..! એનાથી કંઈ ધર્મ થતો નથી.

જ્ઞાનીને પણ અશુભથી બચવા શુભભાવ આવે છે પણ ધર્મ માનતા નથી. બંધ માને છે, હેય માને છે. આહાહા..! ધર્મીને પણ શુભભાવ તો આવે છે પણ એને હેય જાણીને એનું ફળ ઇચ્છતા નથી. હું તો આનંદ છું, જ્ઞાન છું. રાગ તો બંધનું કારણ ઝેર છે. શુભરાગ જ્ઞાનીને થાય છે તોપણ જ્ઞાની તો એમ માને છે કે આ તો કાળો નાગ છે. આવ્યું છે ને? આહાહા..!

મુમુક્ષુ :– વચનામૃતમાં છે.

ઉત્તર :– કાળો નાગ. જેમ કાળો નાગ આમ ઝેર દેખાય. એમ ધર્મીને શુભભાવ આવે એ કાળો નાગ જેવો દેખાય. આહાહા..! આકરી વાતું બહુ. અહીં તો હજી ધંધા-પાણી આડે શુભના ઠેકાણા ન મળે. નોકરી કરવી કે જજપણા કરવા ત્યાં રોકાવું. હવે એમાં નિર્ણય કરવા નવરા કે દિ' હોય? આવો આત્મા... આવો આત્મા..

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આહાહા..! એ બધી... 'રામજીભાઈ' પાસે સલાહ લેવા આવતા હતા. સલાહ આપતા હતા. એક મહિનો કેદમાં ગયા હતા. લૌકિકમાં પણ એક જાતની વિરુદ્ધતા છે. સલાહ દેવી, સંસારની સલાહ એ તો પાપ છે. કોની સલાહ દેવી? આહાહા..! 'ઢેબરભાઈ' ને આવે ને? 'ઢેબરભાઈ' 'રામજીભાઈ' પાસે સલાહ લેવા જાતા હતા. સલાહ લેવા જતા. સલાહ દેતા એના ફળમાં એક મહિનો જેલમાં જાવું પડ્યું. આહાહા..! એ સંસાર આવો છે, ભાઈ!

અહીંયા તો નિર્વિકલ્પ આનંદનો નાથ, પ્રભુ! જેમાં શુભરાગની ગંધ નથી એવા અખંડાનંદ તરફ દૃષ્ટિ દીધા વિના, એના અનુભવ વિના જેટલી ક્રિયાકાંડ છે એ બધો સંસાર છે. ચાર ગતિમાં રખડવાની વાત છે. આહાહા..! **'તીર્થસેવા...'** આહાહા..! **'(તીર્થસ્થાનમાં વસવાથી),...'** કોઈ કહે કે આપણે બસ! શેત્રુંજય મોટું તીર્થ કહેવાય, સમ્મેદશિખર મહાતીર્થ કહેવાય, ત્યાં આપણે રહીએ તો ત્યાંથી મુક્તિ થાય. આ લોકો કહે છે ને? કે સમ્મેદશિખરમાં તો જે વનસ્પતિ ઊગી છે એ પણ મોક્ષગામી છે. એમ કહે છે. અહીં એક 'મહાવીરકીર્તિ' હતા ને? દિગંબરના (સાધુ) અહીં આવ્યા હતા. 'મહાવીરકીર્તિ'. એની સાથે વાત થઈ. જેમ શ્વેતાંબરમાં આ શેત્રુંજય તીર્થ છે ને એનું?

મુમુક્ષુ :– મહાત્મ્ય.

ઉત્તર :– મહાત્મ્ય. શેત્રુંજય મહાત્મ્ય એક (પુસ્તક) છે. છે, બધા પુસ્તકો જોયો છે. એવું એક સમ્મેદશિખરનું મહાત્મ્યનું પુસ્તક છે. તો એણે કહ્યું. અહીં આવ્યા હતા. અહીં ઓરડી હતી ત્યાં ઉતર્યા હતા. સમ્મેદશિખરની જાત્રા કરે તો ૪૮ ભવે મોક્ષે જાય. કીધું, એ વચન વીતરાગનું નહિ, અજ્ઞાનીનું છે. કેમકે પરને આશ્રયે ભવનો અભાવ થાય એ ત્રણકાળ, ત્રણલોકમાં નથી. ૪૮ ભવે મોક્ષ જાય. પછી ફરી ગયા. કીધું પછી એ બિલકુલ જૂઠી વાત છે. એ મહાત્મ્ય કર્યું હશે એ મહાત્મ્ય જૂઠું છે. સમ્મેદશિખરનું એવું મહાત્મ્ય એ તો પત્થર છે. પત્થર પાસે એવા અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો. ભગવાન મહાવિદેહમાં તીર્થનો વિરહ તો કદી નથી. કાયમ તીર્થંકર હોય. સમવસરણમાં અનંતવાર ગયો છે, શાસ્ત્ર ભણ્યો છે પણ આત્મજ્ઞાન કર્યું નથી અને સમ્યગ્દર્શન શું એની કિંમત જ કરી નથી. ચોર્યાશીના અવતારમાં રખડી મરે છે. આહાહા..! ધ્યાન કરવા માંડે તો બહારના ધ્યાન કરવા માંડે. આ કરવું... આ કરવું... અપવાસ કરવો, વાંચન કરવું, ધ્યાન કરવું, ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં.... ણમો અરિહંતાણં... એ ધ્યાન કર્યું. ધ્યાન કીધું છે ને? ધ્યાન. પાંચ નવકારનું ધ્યાન એ રાગ છે. એ ધર્મનું કારણ નહિ. આવી વાત! આપણે તો અહીં આ ૪૫ વર્ષથી ચાલે છે. આ કાંઈ ગુપ્ત નથી. આહાહા..!

**'(તીર્થસ્થાનમાં વસવાથી),...'** અરે..! **'પઠનથી,...'** શાસ્ત્ર પઢ્યા કરે, ભણ્યા કરે, ગોખ્યા કરે એ બધો વિકલ્પ-રાગ છે. આહાહા..! **'પઠનથી, જપથી...'** જપ કર્યા કરે. ણમો અરિહંતાણં...

ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... આનુપૂર્વી ગણે. આનુપૂર્વી–ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં... ણમો ઉવજ્જાયણં.. ણમો સિદ્ધાણં, ણમો અરિહંતાણં, ણમો ઉવ્વજ્ઝાયાણં.. આનુપૂર્વી આવે છે ને? આડાઅવળા.

મુમુક્ષુ :– અશુભમાંથી શુભમાં તો આવે.

ઉત્તર :– એ શુભ પણ સંસાર રખડવાનો. રખડવાનો સંસાર. અજ્ઞાનીને અશુભમાંથી શુભ એ સંસારનો રખડવાનો (ભાવ છે). જ્ઞાનીને અશુભ ટાળવા માટે શુભ આવે, સમ્યગ્દષ્ટિને અશુભ ટાળવા માટે શુભ આવે. અજ્ઞાનીને, મિથ્યાદષ્ટિને એ શુભ શુભ નથી. એ અશુભ જ છે. આહાહા..! આત્માનો જરીએ લાભ નહિ. સમ્યગ્દષ્ટિને હેયબુદ્ધિ છે. તેથી અશુભથી બચવા માટે શુભ આવે, તોપણ એ પુણ્ય બાંધે, એને પણ ધર્મ થાય નહિ, નિર્જરા ન થાય, સંવર ન થાય. સમકિતીને પણ ભગવાનની સેવા અને તીર્થસેવા, પૂજા કે જાત્રા (કરવાથી) ધર્મ ન થાય. આહાહા..! આકરું કામ છે.

મુમુક્ષુ :– શેત્રુંજય તો નજીક છે.

ઉત્તર :– શેત્રુંજય નજીક છે. ઘણા આવે છે ને. શેત્રુંજયના મહાત્મ્યમાં લખ્યું છે. શેત્રુંજયની જાત્રા કરે પછી ગમે તે સાધુને જમાડે તોપણ એને ધર્મલાભ થાય. એ બધું ખોટું. બધી ખોટી વાત છે. અહીં તો આ ભગવાન ત્રણલોકનો નાથ અનંત આનંદ, અનંત શાંતિ અને ચૈતન્યના અનંત રત્નાકરથી ભરેલો પ્રભુ, એની અંતરદષ્ટિ, અનુભવ વિના બધું ફોગટ છે. એ વિના સંસારનો એક પણ ભવ ઘટતો નથી. આહાહા..! વાત આ છે. માણસને ક્યાં નવરાશ છે? આહાહા..!

**'પઠનથી, જપથી...'** ચોવીસ કલાક ણમો અરિહંતાણંના જપ કર્યા કરે, માળા ગણ્યા કરે. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... એ સંસાર છે, મિથ્યાત્વ સહિત શુભરાગ છે. એનાથી ધર્મ માને છે એ મિથ્યાત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :– નવ લાખ નવકારમંત્ર ગણે.

ઉત્તર :– નવ લાખ ગણે એ મિથ્યાત્વ છે. લાખ, કરોડ ગણે નહિ. કરોડ પૂર્વનું આયુષ્ય હોય, તો દરરોજના ગણે તો અબજો વાર થઈ જાય. આહાહા..! એક દિવસમાં એકવાર નવકાર ગણે તો કેટલા અબજો (થાય). એમાં શું થયું? ભગવાનઆત્મા અંદર વિકલ્પરહિત, રાગરહિત પૂર્ણાનંદનો નાથ બિરાજમાન છે એના સ્પર્શ વિના, એના અનુભવ વિના બધા એકડા વિનાના મીંડા છે. અહીં તો ચોખ્ખી વાત છે, આ ક્યાં ખાનગી છે? પુસ્તક પણ ૩૦ લાખ બહાર પડ્યા છે. અને હજી પુસ્તક 'મુંબઈ'થી બહાર પડે છે ને? સાત લાખના પડવાના છે. ૩૦ લાખ તો બહાર પડી ગયા છે. ૨૨ લાખ અહીંથી, ૮ લાખ 'જયપુર'થી અને ૭ લાખ હવે 'મુંબઈ'થી નવા બહાર પડવાના છે. પહેલું એક આવી ગયું છે. બીજા સાત લાખ બહાર પડવાના છે. લોકો તો ઘણા પૈસાના ઢગલા કરે છે, જ્યાં હોય ત્યાં.

એની મેળાએ વગર કીધે અને વગર ઓલે. આહાહા..!

આ જુઓને! 'આફ્રિકા'માં ગયા ત્યાં ૨૬ દિ' માં ૩ લાખ. ૩ લાખ આપ્યા. ૧ લાખ જ્ઞાન ખાતે અને ૨ લાખ પગલા કર્યા એના. 'સોનગઢ'ને ૩ લાખ આપ્યા. અને ૯૧મું વર્ષ બેઠું ને એમાં 'મુંબઈ'થી બે લાખ આવ્યા. દોઢ મહિનામાં પાંચ લાખ આવ્યા. શાસ્ત્રની કિંમત ઘટાડવા. બીજું કાંઈ નહિ. દસ રૂપિયાનું પડ્યું હોય તો આઠ રૂપિયે આપવું, સાતે આપવું. એ શાસ્ત્રની કિંમત ઘટાડવા બધી લક્ષ્મી આવે છે. કારણ કે શાસ્ત્રનો પ્રચાર કેમ થાય? ખ્રિસ્તી લોકો તો એક રૂપિયાનું પુસ્તક ચાર પૈસે આપે. એવું તો બધું જોયું છે ને. ખ્રિસ્તીના જે માણસ આવે ને એ એક રૂપિયાનું પુસ્તક ચાર પૈસે આપે. કોઈ રીતે પ્રચાર થાય ને. 'હિન્દુસ્તાન'માં કેટલાયને ખ્રિસ્તી કરી દીધા છે. ખબર છે ને. આહાહા..! આ શાસ્ત્રનો પ્રચાર કરે, સાંભળે-વાંચે તો એને ખબર પડે કે સત્ય શું છે.

અહીં એ કહે છે. **'જપથી અને હોમથી...'** ભગવાનને હોમ કરે સ્વાહા... સ્વાહા... ભગવાનની ભક્તિ કરતા સ્વાહા (કરે) એ શુભભાવ છે. ધર્મ કિંચિત્ નહિ. એનાથી કિંચિત્ ધર્મ થતો નથી. એવા હોમ અનંતવાર કર્યા છે. આહાહા..! **'બ્રહ્મની (આત્માની) સિદ્ધિ નથી;...'** બ્રહ્મની ઉપાસના સિદ્ધિ નથી. આ બધું કરવાથી બ્રહ્મ એટલે ભગવાનઆત્મા... આહાહા..! એની ઉપાસના, ફળ નથી. આહાહા..!

**'માટે, હે ભાઈ!'** આહાહા..! મુનિરાજ કરુણા કરીને કહે છે. **'હે ભાઈ! તું ગુરુઓ દ્વારા...'** જે ગુરુ રાગથી ધર્મ ન મનાવે, ક્રિયાકાંડથી ધર્મ ન મનાવે એવા ગુરુ પાસે તું જા અને માર્ગ લે. આ તો બધા ગુરુ ઘણા ફરે છે. **'તું ગુરુઓ દ્વારા...'** જુઓ! ભાષા છે ને? **'તેનાથી અન્ય પ્રકારને...'** જે આ બધી ક્રિયાઓ છે એનાથી અન્ય પ્રકારે ગુરુ કહેશે. એ ગુરુ કહેવાય. આનાથી જે ધર્મ મનાવે, માને એ ગુરુ નથી. એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! જૈનધર્મનો વેરી છે. આહાહા..! આકરું કામ બહુ, બાપુ! આહાહા..! નવા હોય એને આકરું લાગે.

મુમુક્ષુ :– ભગવાન થાવું એ કાંઈ રમત વાત છે?

ઉત્તર :– અરે..! બાપુ! પોતે ભગવાન જ છે. પણ એની એને પ્રતીતિ ક્યાં છે? પ્રતીત તો એની સન્મુખ થાય, આ ક્રિયાકાંડમાં ધર્મ ક્યાંય નથી એમ ત્યાંથી નિવર્તે ત્યારે આત્મામાં જઈ શકે. આહાહા..! બહારની પ્રવૃત્તિમાં કાંઈ નથી. એ તીર્થની શેત્રુંજયની, સમ્મેદશિખરની જાત્રા લાખ વાર કરે (તોપણ ધર્મ થાય નહિ). આહાહા..!

મુમુક્ષુ :– 'સોનગઢ'ની કરે તો તો થાય ને.

ઉત્તર :– અહીં 'સોનગઢ'ની જાત્રા ક્યાં છે? અહીં સાંભળીને અંદર સમજે તો થાય. અહીં આવે ને પઠન કરે અને સાંભળે તોપણ શું થઈ ગયું? 'સોનગઢ' આવે માટે એને સમકિત થઈ જાય (એમ નથી). આહાહા..! કહ્યું નહોતું? નિમિત્તથી કાંઈ થાતું નથી. પરમાં

નિમિત્તથી કાંઈ થાતું નથી. 'કેશવલાલ'. 'વઢવાણ'માં 'કેશવભાઈ' છે. એને એક જણાએ કહ્યું, કે નિમિત્તથી કાંઈ થતું નથી તો તમે 'સોનગઢ' શું કરવા જાવ છો? 'સોનગઢ' એ નિમિત્ત છે. પ્રશ્ન ઉઠે ને. ત્યારે એણે જવાબ દીધો, કે નિમિત્તથી ન થાય એની વિશેષ દઢતા માટે અમે જઈએ છીએ. અમારી દઢતા કરવા માટે જઈએ છીએ. નિમિત્તથી થાતું નથી. આહાહા..! નિમિત્તથી પરમાં કાંઈ થાતું નથી. કેમકે નિમિત્તની પર્યાય અને ઉપાદાનની પર્યાય વચ્ચે અન્યોન્યઅભાવ છે. આહાહા..!

એ 'સમયસાર'ની ત્રીજી ગાથામાં કહ્યું છે. દરેક દ્રવ્ય પરમાણુ હો કે આત્મા કે ધર્માસ્તિ, એનામાં રહેલા ગુણ અને પર્યાયરૂપી ધર્મ, ધર્મ એટલે ધારી રાખેલું, ધારી રાખેલા ગુણ અને પર્યાય એને એ દ્રવ્ય સ્પર્શે–ચુંબે છે. પણ પરદ્રવ્યની પર્યાયને એ કદી ચુંબતા નથી. આહાહા..! આત્મા પણ કર્મને કોઈ દિ' અડ્યો જ નથી અને કર્મ આત્માને કદી અડ્યા નથી. ભિન્ન-ભિન્ન દ્રવ્ય છે. આહાહા..! આ ગળે ઉતારવું. મોટો ફેરફાર. અત્યારે તો ઉગમણો–આથમણો ફેરફાર થઈ ગયો છે. આહાહા..!

સંપ્રદાયમાં હવે એ ગોટો ઉઠ્યો ને. બધા કહે, વ્યવહાર વ્રત કરવાથી થાય. કીધું, વ્રત કરવાથી બિલકુલ ન થાય. ગુરુ સંપ્રદાયમાં કહેતા. કીધું, અનુભવ સમજો છો તમે? ત્યારે એ કહે કે અનુભવ શું વળી? એટલે એની ખબર ન મળે. આ સાંજે પડિક્કમણા કરવા, સામાયિક કરવી થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી. આહાહા..! આત્માનો અનુભવ શું ચીજ છે...? આહાહા..! એ રાગના કોઈપણ જાતની ક્રિયાકાંડના વિકલ્પથી રહિત એવો જે ભગવાન અંદર બિરાજે છે, એના અંદર ભેટા થવા, એનું વેદન થવું, એનો સ્વાદ આવવો, એની દશા નિર્મળ પરિણતિથી જાણવામાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહાહા..! આકરી વાતું છે.

અહીં આચાર્યે કીધું ને? ગુરુ પાસે અન્ય પ્રકારે શોધ. આ બધા પ્રકારો વિના. જે ઉપર આ બધા પ્રકાર કહ્યા એ વિના **'અન્ય પ્રકારે શોધ.'** બે વાત કરી. ગુરુ એવા હોય કે આ ક્રિયામાં ધર્મ મનાવે નહિ. એવા ગુરુ પાસે જા તો એ કહેશે તને કે આ ક્રિયા વિનાનો અંદર આત્મા છે એની દૃષ્ટિ કર. ભાષા એવી કરી, જોયું? આહા..! **'તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.'** આવી જે ક્રિયા કીધી ધ્યાનની, તીર્થ સેવાની, પઠનની, ઇન્દ્રિય નિરોધની એનાથી ભિન્ન જાતનું ગુરુ તને કહેશે. અને ભિન્ન જાતનું ન કહે તો એ ગુરુ જ નથી. એ તો કુગુરુ છે. અનાદિકાળના જે છે ઇ છે. આહાહા..!

મુમુક્ષુ :– ધર્મ ન મનાવે પણ ધર્મનું કારણ મનાવે.

ઉત્તર :– જરીએ કારણ નથી. રાગ, દુઃખ આનંદનું કારણ? રાગ તો દુઃખ છે. અને આત્માનું સમ્યગ્દર્શન એ સુખ છે. રાગ કારણ, દુઃખ કારણ અને સુખ આ કાર્ય. તદ્દન જૂઠી વાત છે. એ તો અમારે તો ઘણા વર્ષથી ચાલે છે. પુસ્તકો પણ છપાઈ ગયા. વ્યવહાર

એટલે રાગ. રાગ એટલે દુઃખ. આ કહ્યું ને હમણા. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો...' દિગંબર મુનિ અનંતવાર થયો. 'ગ્રૈવેયક ઉપજાયો...' ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. પણ સમ્યગ્દર્શન વિનાની એકલી ક્રિયા. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એવા પંચમહાવ્રત પાળ્યા, પાંચ અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા પણ એ દુઃખ છે, આસ્રવ છે, દુઃખ છે. તેથી કહ્યું કે 'આતમજ્ઞાન વિના...' 'આતમજ્ઞાન બિના લેશ સુખ ન પાયો.' ત્યારે એ દુઃખ છે. દુઃખથી સુખ મળે? શુભ કરતાં કરતાં શુદ્ધ થાય? આહાહા..! શુભ તો મેલ છે, ઝેર છે. શુભ તો કાળો નાગ ઝેર છે. ભગવાનઆત્મા અમૃતજીવન છે તો શુભરાગ તો ઝેરના જીવન છે. 'સમયસાર'ના 'મોક્ષ અધિકાર'માં લીધું છે કે શુભભાવ વિષકુંભ છે. ઝેરનો ઘડો. આહાહા..! આવી વાત!

મુમુક્ષુ :– લોભીઓના લોભનું મૂળ છે એમ કીધું.

ઉત્તર :– વિષનો ઘડો કીધો છે ને? વિષનો ઘડો કીધો છે ને? આહાહા..! શુભભાવ– દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ શુભભાવ એ ઝેરનો ઘડો છે. આકરી વાત છે, ભાઈ! આ તો વાડામાં ન મળે. વાડામાં હોય તો મુશ્કેલી પડી જાય. આહાહા..!

મુમુક્ષુ :– ... એને આપ ઝેરનો ઘડો કહો છો.

ઉત્તર :– ઝેરનો ઘડો જ છે. આત્મા અમૃતનો પિંડ છે. આત્મા જીવનું જીવન, અમૃતનું જીવન તે જીવનું જીવન છે. રાગનું જીવન એ ઝેરના જીવન છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! બધું આવી ગયું છે. પુસ્તકમાં છપાઈ ગયું છે. ઘણા ઠેઠથી પહેલેથી.

મુમુક્ષુ :– આકરા રેચની જરૂર છે.

ઉત્તર :– આકરો રેચ આ છે. આકરો આ રેચ છે. પણ લોકોને બહારથી રુચિ ખસે નહિ અને એ જાતનું પોષણ જ આખો દિ' આપ્યું હોય. અને એ જાતનું પોષણ આપીને... તમે દીક્ષા લ્યો. તમારું કલ્યાણ થશે. દીક્ષામાં પંચમહાવ્રત છે. પંચમહાવ્રતથી આમ થાશે. આહાહા..! પાછા એને માટે કરેલા આહાર લે કે એને માટે પાણી કર્યાં હોય એ લે. તો એક પાણીના બિંદુમાં અસંખ્ય જીવ. એ પાણી લે. એને વ્યવહાર વ્રત પણ ક્યાં છે? આહાહા..! ધર્મ તો ક્યાં છે? પણ વ્યવહાર જે અજ્ઞાનનો વ્યવહાર (પણ નથી). એને માટે કરેલા આહાર-પાણી લે. દિગંબર સાધુ પણ એને માટે કરેલા ચૌકા કરે છે.

મુમુક્ષુ :– મંદિરમાં જઈને ચૌકા કરે.

ઉત્તર :– ખબર છે કે નહિ? દિગંબર સાધુને પણ એને માટે ચૌકા, એને માટે બધું બનાવે. અહીં કોઈની દરકાર નથી. અહીં તો સત્ય છે એ સત્ય છે. ત્રણલોકના નાથ 'સીમંધરસ્વામી'નું ફરમાન છે તે આ ફરમાન છે. એમાં દુનિયાને ઠીક લાગે, ન લાગે એની સાથે કાંઈ સંબંધ નથી. સંખ્યાની સાથે સંબંધ નથી કે આમાં સંખ્યા જાજી થાય કે ઓછી થાય. આહાહા..!

અહીં બહુ સરસ કહ્યું, કે આવું જે કરે એનાથી તને આત્માનું કાંઈ ફળ નથી. **‘(આત્માની) સિદ્ધિ નથી; હે ભાઈ! તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.’** જે ગુરુ એ ન કહે અને એનાથી અન્ય કહે એની પાસે જા. જે ગુરુ તને વ્રત ને નિયમ ને તપથી કલ્યાણ મનાવે એની પાસે ન જા. આહાહા..! છે એમાં? **‘તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય...’** માથે જેટલા ક્રિયાકાંડ કીધા એનાથી અન્ય પ્રકારે શોધ. ગુરુ તને અનેરા પ્રકારની વાત કરશે. એ ગુરુ.

‘આત્માવલોકન’ પુસ્તક છે એમાં તો ત્યાં સુધી કહ્યું છે, કે મુનિ છે એ વીતરાગનો જ ઉપદેશ કરે. મુહુ મુહુ એવો શબ્દ છે. વારંવાર વીતરાગ... વીતરાગ... વીતરાગ... રાગથી બિલકુલ લાભ નહિ. વીતરાગ આત્મા વીતરાગ છે. એના આશ્રયે વીતરાગતા થશે અને વીતરાગતાના આશ્રયે વીતરાગતા પ્રાપ્ત થશે. જૈનધર્મ વીતરાગભાવ છે. જૈનધર્મ કોઈ પક્ષ પંથ નથી. આહાહા..! બહુ આકરું લાગે. મૂળ એ પ્રથા જ આખી છૂટી ગઈ છે.

આ વાત તો કહી નહોતી? ૧૯૬૯ની સાલમાં. સંવત્ ૧૯૬૯. દીક્ષા લીધા પહેલા. આપણે હજી દુકાન છોડી અને હું તો દીક્ષા લેવા આવેલ. મને કાંઈ બહુ લાંબી ખબર નહિ. થોડો અભ્યાસ કર્યો. આ દશવૈકાલિકના આઠ અધ્યયન મોઢે કર્યા. પછી એક બીજા ગુરુ મળ્યા ‘ગુલાબચંદજી ગાંધી’. ‘બોટાદ’માં. એણે એમ કહ્યું કે સાધુ માટે અપાસરા કરે તો એ વાપરે તો સાધુ નહિ. અરે..! આ શું? આવી વાત તો આપણે કોઈ દિ’ સાંભળી નથી. સાધુ માટે અપાસરો કર્યો હોય, મકાન વાપરે એ સાધુ નહિ. એ પ્રશ્ન મેં મારા ગુરુને કર્યો. સંપ્રદાયના ગુરુને. દીક્ષા પહેલા, હોં! હજી.

પ્રશ્ન કર્યો કે, મહારાજ! મકાન સાધુ માટે વાપરે તો એ સાધુ ખરા? કે સાધુને દોષ લાગે? ત્યારે એણે (જવાબ) જરી ઢીલો આપ્યો. તમારા ભાઈ ‘ખુશાલભાઈ’ છે. એણે તમારા માટે મકાન કર્યું અને તમે વાપરો તો એમાં શું? પણ એ વાપરે ત્યાં અનુમોદન છે. નવ કોટીમાં કરવું, કરાવવું, અનુમોદન, મન, વચન અને કાયા. નવ કોટીમાં આ એક કોટી તૂટી તો નવેય તૂટી ગઈ. એકેય કોટીનું પચ્ચખાણ રહ્યું નહીં. આ તો ૧૯૬૯ની સાલ. દીક્ષા લીધા પહેલા પ્રશ્ન કર્યો હતો. એમને એમ કીધું દીક્ષા લઈ લે. શું છે આ? આમ જવાબ આપ્યો. એ જાણે કે હું આવું કહીશ તો પછી દીક્ષા નહિ લે. અને મેં કીધું, આ ભદ્રિક છે. હમણાં તો આમાં લ્યો હવે દીક્ષા. પછી વળી વાત. છોડી દેવાની વાત પછી. આહાહા..! અપાસરો–મકાન એને માટે કર્યું હોય અને વાપરે તોપણ હિંસાનો ભાગી હિંસા કરનારો છે એ. એ સાધુ હિંસક છે. આહાહા..!

માટે કહે છે, કે **‘તું ગુરુઓ દ્વારા...’** આહાહા..! જે આ ક્રિયાકાંડ કીધી **‘તેનાથી અન્ય પ્રકારને શોધ.’** એમ કહેવામાં (એમ કહેવું છે) કે જે ગુરુ આનાથી અન્ય કહેતા હોય તેની પાસે સાંભળ. એમ કહ્યું ને? **‘તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.’** આહાહા..!

એ ગુરુ એવા જોઈએ કે જે રાગથી, ક્રિયાથી ધર્મ મનાવે નહિ. રાગથી, ક્રિયાથી ધર્મ મનાવે તો મિથ્યાદૃષ્ટિ કુગુરુ છે. એથી રાગથી ધર્મ ન મનાવે એવી ચીજ જેની પાસે છે એની પાસે જા, તને અન્ય પ્રકારે બતાવશે. અન્ય પ્રકાર આવ્યો ને? જે ક્રિયાકાંડ છે એનાથી અન્ય પ્રકારથી બતાવશે. તેથી અન્ય પ્રકારે એ સાચા ગુરુ (પાસેથી) સાચું તને મળશે. આહાહા..! હવે આવા જુના માણસે કાંઈ નવરાશ પણ કરી ન હોય. નિર્ણય નહીં. જે વાડામાં જન્મ્યા, એમાં ને એમાં રહ્યા અને એ કાંઈક થોડું ઘણું જાણ્યું હોય. જાત્રા, ભગવાનની પૂજા કરવા જાય, એકાદ સામાયિક કરે, માળા ગણે. થઈ ગયો ધર્મ. ધૂળમાં પણ ધર્મ નથી. એ તો બધું બંધન છે, સંસાર છે, આહાહા..! આકરી વાત છે, પ્રભુ! મારગ બહુ જુદી જાતનો, બાપા! આહાહા..!

'પ્રભુતા પ્રભુ તારી તો ખરી.' એ અમારે નિશાળમાં આવતું. પોણો સો વર્ષ પહેલાની વાત છે. 'દલપતરામ કદડા' 'કવિ દલપતરામ ડાહ્યાભાઈ'. એને ગાયન કર્યું, કે 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજ રો, મુજ રોગ લે હરિ.' સંસારનો રોગ હરિ લે તો તારી ખરી પ્રભુતા. 'દલપતરામ ડાહ્યાભાઈ'ની કવિતા પહેલા નિશાળમાં ચાલતી. પોણો સો વર્ષ પહેલાની વાત છે. મૂળ તો એમાંથી સાર સાર ગોતી લેતા. એ તો કહેતા પ્રભુ એટલે ઈશ્વર કોઈ. હું કહું, પ્રભુ એટલે આ. 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજ રો, મુજ રોગ–અજ્ઞાન લે હરિ.' આહાહા..! આકરું લાગે.

**'તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય...'** આમાં બે-ત્રણ સિદ્ધાંત (લીધા છે). એક તો ગુરુ એને કહીએ કે જે આ ઉપર કીધું, એનાથી અન્ય કહેવાની વાત હોય અને અન્ય કહેતો હોય તે ગુરુ. ઉપર કહ્યું એ પ્રમાણે કહે તો તે ગુરુ નહિ. આહાહા..! આ એવા સિદ્ધાંત એમાંથી નીકળે છે. ન્યાય–લોજિકથી કાંઈક વિચાર કરશે કે નહિ? આહાહા..! **'તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.'** એમ કહીને તો એ વાત કરી કે ગુરુ એને કહીએ, કે જે ક્રિયાકાંડથી ધર્મ મનાવે નહિ. આત્માનો અનુભવ કરે એનાથી ધર્મ મનાવે તેને ગુરુ કહીએ. અને તે ગુરુ આવી ક્રિયાકાંડની વાત નહિ કરે. એ આત્માની કરશે. એવા ગુરુ પાસે જા અને એ તને ધર્મ બતાવશે. આહાહા..! શાસ્ત્રના અર્થ પણ કઠણ છે, બાપા! ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..!

(સંવત) ૧૯૬૯માં મોટી ચર્ચા ચાલી હતી. સાધુ માટે કરેલું હોય અને લે, તો કઈ કોટી તૂટે? કીધું. અમારા ગુરુ પાસે જતા. એ તો બહુ કષાયવાળા. એય..! આવું કોણે કીધું? આને કોણે કીધું આવું? 'ગુલાબચંદજી'એ નિંદા કરી. 'ગુલાબચંદજી'એ કહ્યું, 'ગુલાબચંદ ગાંધી'. ભાઈ! ગમે તેણે કહ્યું આ શું છે એ વાતનો ન્યાય લ્યો ને. સાધુ માટે અપાસરા બનાવ્યા, રહેવાના મકાન બનાવ્યા અને તે સાધુ વાપરે. એમ સાધુ માટે આહાર બનાવ્યો, પાણી બનાવ્યું, એક પાણીના બિંદુમાં અસંખ્ય જીવ, એ દસ શેર પાણી બનાવ્યું અને એ સાધુ લે. એ

સાધુ કહેવાય? આહાહા..! જરી ઝીણી વાત છે, ભાઈ! 'પાલિતાણા' ધર્મશાળા એક કરી છે. પહેલા જતા. સાધુ માટે આહાર, પાણી બને. પહેલા જતા આ બાજુ છે. આખી ધર્મશાળા જ સાધુ માટે. અર..ર..! આવી સ્થિતિ! પ્રભુ! પ્રભુ! શું કરે? ભાઈ! કોઈ શરણ નથી. એવે ટાણે બીજા તને માનનારા કોઈ લાખોપતિ, કરોડપતિ મળ્યા, એ મરતા તને મિથ્યાત્વથી મારી નાખશે. આહાહા..! મરતા મિથ્યાશ્રદ્ધાથી દુર્ગતિ થશે. આહાહા..! અસાધ્ય થઈ જઈશ, પ્રભુ! તને આત્માની સાધ્ય નહિ રહે કે હું ચૈતન્ય છું. કેમકે ઊંધી શ્રદ્ધા સેવી છે. એથી તારી સાધ્ય નહિ રહે. અત્યારે અસાધ્ય છે. મિથ્યાત્વની દૃષ્ટિ સેવે છે એ વસ્તુથી અસાધ્ય છે. એ વખતે શરીરથી અસાધ્ય થઈ જશે. આહાહા..! આ ભાષાએ વાત કરી છે ને.

હે ભાઈ! આનાથી કાંઈ લાભ નથી. તેથી **'હે ભાઈ! તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.'** આહાહા..! આ તો હજારો વર્ષ પહેલાની ગાથા છે. 'કુંદકુંદાચાર્ય'ની બે હજાર વર્ષ પહેલાની ગાથા (છે). 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા. આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી આવીને આ શ્લોક બનાવ્યા છે. પછી ટીકા મુનિએ બનાવી. હજાર વર્ષ થયા. 'પદ્મપ્રભમલધારિદેવ' આ મુનિ. 'સમયસાર'ની ટીકા 'અમૃતચંદ્રાચાર્ય' અને આની ટીકા 'પદ્મપ્રભમલધારિદેવે' બનાવી છે. મહામુનિ છે. આહાહા..! આનંદમાં ઝુલતા. છઠ્ઠે અને સાતમે ગુણસ્થાને અતીન્દ્રિય આનંદમાં (ઝુલતા). મુનિ તો એને કહીએ. સાતમું ગુણસ્થાન પહેલું આવે. મુનિને સાતમું પહેલું આવે. ચોથેથી, પાંચમેથી દીક્ષા લે ત્યારે સાતમું પહેલું ધ્યાનમાં આવે. પછી ત્યાંથી વિકલ્પ ઊઠે તો છઠ્ઠું આવે. આહાહા..! પછી છઠ્ઠે-સાતમે, છઠ્ઠે-સાતમે હજારો વાર જિંદગીમાં રહે. એનું નામ મુનિ છે. બાકી બધા કોઈ મુનિ-બુનિ છે નહિ. આહાહા..! પણ આ ખબર ન હોય અને મુનિને માને, શું કરે? આહાહા..! વેશ ધાર્યો હોય. જય મહારાજ. આવા ને આવા અનાદિથી અજ્ઞાન કર્યા છે. આહાહા..! આ શબ્દમાં ઘણું ભર્યું છે.

**'તું ગુરુઓ દ્વારા...'** આહાહા..! એટલે કે ગુરુ આ વાત નહિ કરે. એમ એનો અર્થ થયો ને? એ વ્રત, તપ, ક્રિયા, પઠન, જપ તેનાથી કલ્યાણ થાય એ વાત નહિ કરે. **'તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.'** એ ગુરુ અન્ય પ્રકારે કહેશે અને તું પણ અન્ય પ્રકારે અંદર શોધ. આત્માને રાગથી ભિન્ન અન્ય પ્રકારથી શોધ. આહાહા..!

'વળી (આ ૧૨૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–'

## શ્લોક–૨૦૨

(द्रुतविलंबित)

अनशनादितपश्चरणैः फलं
समतया रहितस्य यतेर्न हि।
तत इदं निजतत्त्वमनाकुलं
भज मुने समताकुलमंदिरम्।।२०२।।

[શ્લોકાર્થ :–] ખરેખર સમતા રહિત યતિને અનશનાદિ તપશ્ચરણોથી ફળ નથી; માટે, હે મુનિ! સમતાનું *કુલમંદિર એવું જે આ અનાકુળ નિજ તત્ત્વ તેને ભજ. ૨૦૨.

## શ્લોક–૨૦૨ ઉપર પ્રવચન

अनशनादितपश्चरणैः फलं
समतया रहितस्य यतेर्न हि।
तत इदं निजतत्त्वमनाकुलं
भज मुने समताकुलमंदिरम्।।२०२।।

આહાહા..! ગાથા તો અમૃતસમાન છે.

**શ્લોકાર્થ :- 'ખરેખર સમતા રહિત...'** સમતા એટલે આનંદનો સાગર આત્મા, એનો અનુભવ તે સમતા. બાકી બધી અસમતા. મહાવ્રતાદિ બધી અસમતા. આહાહા..! **'ખરેખર સમતા રહિત...'** સમ્યગ્દર્શનની અને સમ્યગ્જ્ઞાનની જે સમતા. આત્મામાં વીતરાગતા અને સમતા ભરી છે, તેનાથી પ્રગટ કરેલી સમતા. એ **'સમતા રહિત યતિને અનશનાદિ તપશ્ચરણોથી ફળ નથી;...'** એને તપશ્ચરણાદિથી ધર્મનું ફળ નથી. આહાહા..! સંસારનું ફળ છે. રખડવાનું ફળ મળશે. અરે..! પ્રભુ! કોઈ શરણ નથી. કોઈ સહાય નથી. આહાહા..! દેહમાં રોગ આવ્યો હોય પછી એકલો તડફડે. આહાહા..! પોતે આત્મકલ્યાણ તો કર્યું નથી. પછી તરફડે એકલો, તરફડીને મરીને ચાલ્યો જાય. કોઈ અકસ્માતે મરી જાય. કાંઈ તરફડે નહિ અને વળી ફૂ..

* કુલમંદિર = (૧) ઉત્તમ ઘર; (૨) વંશપરંપરાનું ઘર.

થઈને મરી જાય. આહાહા..! અરે..રે..! આવો વખત મળ્યો. અનંતેકાળે મનુષ્ય અને જૈન પરમેશ્વરની વાણી મળી. એમાં જો આ રીતે સમજે નહિ (અને) બીજી રીતે સમજશે તો મરી જશે, ભાઈ! વીતરાગમાર્ગમાં કોઈની કાંઈ સફારશ ચાલતી નથી. આહાહા..! ત્રણલોકનો નાથ બિરાજે છે ત્યાં એ વાત ચાલે છે. વીસ તીર્થંકરો બિરાજે છે, લાખો કેવળી બિરાજે છે. આ જ વાત ત્યાં ચાલે છે. આહાહા..! ત્રણકાળમાં બીજો માર્ગ છે નહિ. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' આહાહા..!

અહીં કહે છે, **'ખરેખર સમતા...'** નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન **'રહિત યતિને અનશનાદિ તપશ્ચરણોથી...'** અનશન અને બધી તપસ્યાઓ કરે. રસ છોડે, ફલાણું કરે... આહાહા..! બાર પ્રકારની તપસ્યા કરે, અનશન, ઉણોદરી, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ... અભ્યંતર જે તપ છે એ પણ બાહ્ય છે. વિનય, વૈયાવચ્ચ... એ પણ બહારની વાત છે. વિનય કરવો એ શુભભાવ છે. વૈયાવચ્ચ કરવો એ શુભભાવ છે. આહાહા..! અભ્યંતર કીધો છે એ તો શું કે અંદરનો ભાવ છે માટે. બાકી છે તો બારેય તપ શુભભાવ. આહાહા..! અંદર ધ્યાન પણ આવી ગયું ને? ધ્યાન આવી ગયું. આહાહા..!

આ પ્રભુ અંદર બધી ક્રિયાકાંડના ક્લેશથી ભિન્ન બિરાજે છે. એ ક્રિયાકાંડ તો ક્લેશ છે, દુઃખ છે. એને કોની સાથે દુઃખને મેળવે? આનંદસ્વરૂપ ભગવાન છે એની તો ખબર નથી. તો આ રાગ દુઃખ છે એને કોની સાથે મેળવે? એક જુવાર સારી હોય તો બીજી જુવાર સાથે મેળવે કે આના કરતા આ છે. એમ દુઃખને મેળવે કોની સાથે? આનંદની તો ખબર ન મળે. જે કરે છે એ ઠીક કરે છે એમ આંધળે આંધળો ચાલ્યો જાય. આહાહા..!

**'સમતા રહિત યતિને...'** સમતા એટલે આ, હોં! પાછું સમતા એટલે રાગ મંદ કરીને સમતા (કરે) એ નહિ. વીતરાગી પરિણતિ તે સમતા. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ એ ત્રણે વીતરાગ પરિણતિ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય વીતરાગ પરિણતિ છે. એ વીતરાગ પરિણતિની વાત અહીં કહે છે. આહાહા..! સમતા રહિત એ વીતરાગ પરિણતિ રહિત યતિને, સાધુ નામ ધરાવે. **'અનશનાદિ તપશ્ચરણોથી...'** અનશનાદિ તપસ્યા કરે, જુઓ! અનશનાદિ બધું કીધું, હોં! અનશન, ઉણોદરી, રસ છોડે, એક રસ ખાય, બે રસ ન લે, ફલાણુ ન લે, ઢીકણું લે. એ બધી બાહ્ય ક્રિયા છે. એ **'તપશ્ચરણોથી ફળ નથી;...'** ધર્મનું ફળ નથી. આહાહા..!

**'માટે, હે મુનિ! સમતાનું કુલમંદિર...'** આહાહા..! સમતાનું કુલમંદિર **'(૧) ઉત્તમ ઘર; (૨) વંશપરંપરાનું ઘર.'** આહાહા..! છે ને? **'હે મુનિ! સમતાનું કુલમંદિર એવું જે આ અનાકુળ...'** અનાકુળ એટલે આનંદ નિજ તત્ત્વ. **'અનાકુળ નિજ તત્ત્વ...'** આહાહા..! **'તેને ભજ.'** આહાહા..! ભગવાન અનાકુળ તત્ત્વ છે. ક્રિયાકાંડનો જેટલો વિકલ્પ ઊઠે એ બધું આકુળતા અને દુઃખ છે. આહાહા..! અનાકુળ એવું જે આત્મતત્ત્વ, અતીન્દ્રિય આનંદથી ભરેલો જે ભગવાન,

એને ભજ. આહાહા..! એની સેવા કર તો તને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે અને એ અતીન્દ્રિય આનંદનો ધર્મ એ મુક્તિ આપશે. આહાહા..!

**'સમતાનું કુલમંદિર એવું જે આ અનાકુળ નિજ તત્ત્વ...'** અનાકુળ નિજ તત્ત્વ. ક્રિયાકાંડ એ બધા નિજ તત્ત્વ નહિ. આહાહા..! નિજ તત્ત્વ. **'અનાકુળ નિજ તત્ત્વ...'** આનંદસ્વરૂપ એવું નિજ તત્ત્વ. એનો અર્થ કે જેટલી ક્રિયાકાંડ કીધી એ બધી દુઃખરૂપ છે. પંચમહાવ્રતથી માંડીને અભવી અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો. અનંતવાર એવી ક્રિયાકાંડ કરીને શુક્લલેશ્યા (કરી). શુક્લલેશ્યા... નવમી ગ્રૈવેયક ગયો શુક્લલેશ્યાથી જાય. એ પણ દુઃખ છે. આહાહા..! અહીં તો કહે છે, **'અનાકુળ નિજ તત્ત્વ તેને ભજ.'** ભગવાનને ભજ. અંદર આનંદના નાથને ભજ. એ આકુળતાને છોડી દે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૨૫

विरदो सव्वसावज्जे तिगुत्तो पिहिदिंदिओ।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१२५।।

विरतः सर्वसावद्ये त्रिगुप्तः पिहितेन्द्रियः।
तस्य सामायिकं स्थायि इति केवलिशासने।।१२५।।

इह हि सकलसावद्यव्यापाररहितस्य त्रिगुप्तिप्तस्य सकलेन्द्रियव्यापारविमुखस्य तस्य च मुनेः सामायिकं व्रतं स्थायीत्युक्तम्।

अथात्रैकेन्द्रियादिप्राणिनिकुरंबक्लेशहेतुभूतसमस्तसावद्यव्यासंगविनिर्मुक्तः, प्रशस्ताप्रशस्तसमस्तकायवाङ्मनसां व्यापाराभावात् त्रिगुप्तः, स्पर्शनरसनघ्राणचक्षुः श्रोत्राभिधानपंचेन्द्रियाणां मुखैस्तत्तद्योग्यविषयग्रहणाभावात् पिहितेन्द्रियः, तस्य खलु महामुमुक्षुः परमवीतरागसंयमिनः सामायिकं व्रतं शश्वत् स्थायि भवतीति।

**સાવદ્યવિરત, ત્રિગુપ્ત છે, ઇન્દ્રિયસમૂહ નિરુદ્ધ છે,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૫.**

**અન્વયાર્થ :– [ सर्वसावद्ये विरतः ] જે સર્વ સાવદ્યમાં વિરત છે, [ त्रिगुप्तः ] જે ત્રણ ગુપ્તિવાળો છે અને [ पिहितेन्द्रियः ] જેણે ઇન્દ્રિયોને બંધ (નિરુદ્ધ) કરી છે, [ तस्य ] તેને [ सामायिकं ] સામાયિક [ स्थायि ] સ્થાયી છે [ इति केवलिशासने ] એમ કેવળીના શાસનમાં કહ્યું છે.**

**ટીકા :– અહીં (આ ગાથામાં), જે સર્વ સાવદ્ય વ્યાપારથી રહિત છે, જે ત્રિગુપ્તિ વડે ગુપ્ત છે અને જે સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારથી વિમુખ છે, તે મુનિને સામાયિકવ્રત સ્થાયી છે એમ કહ્યું છે.**

**અહીં (આ લોકમાં) જે એકેન્દ્રિયાદિ પ્રાણીસમૂહને ક્લેશના હેતુભૂત સમસ્ત સાવદ્યના *વ્યાસંગથી વિમુક્ત છે, પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત કાય-વચન-મનના વ્યાપારના અભાવને લીધે ત્રિગુપ્ત (ત્રણ ગુપ્તિવાળો) છે અને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્ર નામની પાંચ ઇન્દ્રિયો દ્વારા તે તે ઇન્દ્રિયને યોગ્ય વિષયના ગ્રહણનો અભાવ હોવાથી બંધ કરેલી ઇન્દ્રિયોવાળો છે, તે મહામુમુક્ષુ પરમવીતરાગસંયમીને ખરેખર સામાયિકવ્રત શાશ્વત-સ્થાયી છે.**

---

**પ્રવચન નં. ૧૪૩, શ્લોક-૨૦૩-૨૦૪, ગાથા-૧૨૫-૧૨૬, મંગળવાર, જયેષ્ઠ વદ ૫, તા.૦૩-૦૬-૧૯૮૦**

---

'નિયમસાર' ગાથા–૧૨૫.

**विरदो सव्वसावज्जे तिगुत्तो पिहिदिंदिओ।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१२५।।**

**સાવદ્યવિરત, ત્રિગુપ્ત છે, ઇન્દ્રિયસમૂહ નિરુદ્ધ છે,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૫.**

સામાયિક કોને કહીએ? એ તો સામાયિક કહો, પ્રાયશ્ચિત્ત કહો, કાયોત્સર્ગ કહો, ધર્મધ્યાન કહો, સમકિત દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો, બધી એક જ વાત. નામ જુદા જુદા પાડીને વિસ્તાર કર્યો. સામાયિક.

**ટીકા :- 'અહીં (આ ગાથામાં), જે સર્વ સાવદ્ય વ્યાપારથી રહિત છે,...'** આહાહા..! બહારના પાંચ ઇન્દ્રિયના વિષયોના સાવદ્ય વ્યાપારે ઘેરો ઘાલ્યો છે. એમાંથી નવરો થાતો નથી. આહાહા..! પાંચ ઇન્દ્રિયના વિષયથી, સાવદ્ય એટલે વ્યાપારથી રહિત છે. **'જે ત્રિગુપ્તિ વડે ગુપ્ત છે...'** આહાહા..! આ બાજુથી નિવૃત્તિ અને આમ અંતરમાં મન-વચન-કાયા એનાથી આત્મામાં ગુપ્ત કરવું. મન-વચન-કાયાથી આત્મામાં ગુપ્ત થવું. મન-વચન-કાયાની ક્રિયા એ પણ કાંઈ સામાયિકની નથી. આહાહા..! **'અને જે સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારથી વિમુખ છે,...'** પાંચેય ઇન્દ્રિયોનો જે વેપાર... આહાહા..! બોલવું, સાંભળવું, જોવું, સુંઘવું, સ્પર્શવું એવા પાંચેય ઇન્દ્રિયોના વ્યાપારથી વિમુખ છે. **'તે મુનિને...'** એવા મુનિને **'સામાયિકવ્રત સ્થાયી છે...'** સ્થાયી એટલે સાચું છે. એનું સામાયિક સાચું છે. **'એમ કહ્યું છે.'**

**'અહીં (આ લોકમાં) જે એકેંદ્રિયાદિ પ્રાણીસમૂહને ક્લેશના હેતુભૂત સમસ્ત સાવદ્યના**

---

* વ્યાસંગ = ગાઢ સંગ; સંગ; આસક્તિ.

**વ્યાસંગથી વિમુક્ત છે,...'** જે પ્રાણી એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય. એવા પ્રાણીનો સમૂહ જે ઢગલો... આહાહા..! એના **'ક્લેશના હેતુભૂત...'** એ જીવોને ક્લેશનું કારણ એવો **'સમસ્ત સાવદ્યના વ્યાસંગ...'** સાવદ્યનો સંગ, ગાઢ સંગ, આસક્તિ એનાથી **'વિમુક્ત છે,..'** આહાહા..! એકેન્દ્રિય આદિ પાંચ ઇન્દ્રિય. પોતાની પાંચેય ઇન્દ્રિયથી નિવૃત્ત અણીન્દ્રિયમાં જા. ત્યારે સામાયિક થાય છે. ઇન્દ્રિય તરફના વલણમાં સામાયિક થતી નથી. આહાહા..! એક તો સાવદ્ય તરફના વલણમાં સામાયિક થતી નથી. બીજું ઇન્દ્રિયના વિષયોના વલણમાં સામાયિક થતી નથી. આહાહા..! સાવદ્યથી પણ નિવૃત્તિ થવી અને પાંચ ઇન્દ્રિયના વિષયના ઘેરાના... ચારે કોર વિષયનો ઘેરો. આ રૂપ, આ વર્ણ, આ ગંધ, આ ખાવું, રસ, ને સ્પર્શ. આહાહા..! એ પાંચ ઇન્દ્રિયના વિષયથી વિરક્ત થવું. છે? આહાહા..!

સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારથી મુક્ત છે. ઇન્દ્રિયનો વેપાર જ જેને નથી. જેને ઇન્દ્રિયનો વેપાર છે જ નહિ એ મુનિને સામાયિક વ્રત છે. આહાહા..! આવા મુનિને સામાયિક વ્રત છે. સામાયિક નામ ધરાવે. અહીં તો આઠ વર્ષની છોકરી સામાયિક કરીને બેસે. બે સામાયિક, પાંચ સામાયિક કરે એને લોકો પછી કાંઈક રૂપિયો-બે રૂપિયા આપે. થઈ ગઈ સામાયિક. દેનારને ધર્મનું અનુમોદન આવ્યું. આહાહા..! એકે એક વાત ખોટી છે. આત્મા અંદર પ્રભુ પૂર્ણાનંદનો નાથ, એની સન્મુખમાં ગયા વગર સ્થિરતા થતી નથી અને સામાયિક થતી નથી. આહાહા..!

**'એકેન્દ્રિયાદિ પ્રાણીસમૂહને ક્લેશના હેતુભૂત સમસ્ત સાવદ્યના વ્યાસંગથી વિમુક્ત છે,...'** **'ગાઢ સંગ;...'**. વ્યાસંગનો અર્થ કર્યો છે. એકલો સંગ નથી લીધો, વ્યાસગં. વ્યાસંગ એટલે **'ગાઢ સંગ; સંગ; આસક્તિ.'** આહાહા..! **'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત કાય-વચન-મનના વ્યાપારના અભાવને લીધે...'** આહાહા..! સાવદ્યયોગથી નિવૃત્તિ, પાંચ ઇન્દ્રિયોના વલણથી નિવૃત્તિ અને મન-વચન-કાયાના વલણથી પણ નિવૃત્તિ. આહાહા..! આ બાજુ અંદર ઢળે. સાવદ્યથી નિવૃત્તિ કરીને ઇન્દ્રિયો તરફના વલણને છોડી દઈને ઢળે અને મન-વચન-કાયાના વેપારને છોડીને આત્મામાં ઢળે. આહાહા..! **'તે મુનિને સામાયિકવ્રત સ્થાયી છે...'** એ મુનિને સામાયિક સાચી છે. સ્થાયી એટલે સત્ય છે. બાકી તો બધી કહેવામાત્ર સામાયિક કરી છે. આ ગૃહસ્થ લોકો સામાયિક કરે છે ને? સવારમાં ઊઠીને બે ઘડી સામાયિક કરી. ણમો અરિહંતાણં કરીને કાંઈ ગણી, ન ગણી બે ઘડી કાઢે તો થઈ ગઈ સામાયિક. પથરણું પાથરીને. સામાયિક તો... બાપુ! આકરી વાત છે.

સાવદ્યપણાથી નિવૃત્તિ, ઇન્દ્રિયોના વિષયથી નિવૃત્તિ અને મન-વચન-કાયાના યોગથી નિવૃત્તિ. આહાહા..! ગાથા એકમાં કહે છે. એને સામાયિક સ્થાયી કહેવામાં આવી. આહાહા..! એ બધી બાહ્ય વસ્તુ છે. અને બાહ્ય વસ્તુને પોતાની માનવી એ તો બહિર્આત્મા છે. સાવદ્યને, પાંચ ઇન્દ્રિયોને, એના વિષયને, મન-વચન-કાયાને મારા માનવા એ બહિર્વસ્તુ છે. માટે

બહિર્આત્મા છે. બહિર્વસ્તુને પોતાની માનવી એટલે બહિર્આત્મા એટલે મિથ્યાદષ્ટિ છે. આહાહા..! એને સામાયિક હોતી નથી. સાવદ્યયોગથી, ઇન્દ્રિયોના વિષયથી, મન-વચન-કાયા એ ત્રણેથી તદ્દન નિવૃત્તિ થઈ અંદરમાં એકલો એ આત્મા. એકલો ધ્યાનમાં આત્મા... આહાહા..! જ્યાં એકલી આત્માની સમતા, આનંદનું સમતાનું વેદન, જેમાં સાવદ્ય આદિ કાંઈ અસર નથી. એવી દશાને સામાયિકવ્રત કહેવામાં આવે છે. આહાહા..!

આ સામાયિક તો ઘણાએ કરી હશે. સામાયિક કરે વાડાના નામે. અમે તો ૧૦ વર્ષની ઉંમરથી કરતા. ૧૦ વર્ષની ઉંમરથી. આ તો ૯૧ થયા. ૮૦ વર્ષ પહેલાથી કરતા. જૈનશાળા ભણી સામાયિક કરો. આહાહા..! એ સામાયિક નહિ. આહાહા..! જેમાં સમતા એટલે વીતરાગભાવનો લાભ થાય, સાવદ્યયોગ, મન-વચન-કાયા અને ઇન્દ્રિયોનો વ્યાપાર એ તો વિકારી ભાવ ક્લેશ છે. આહાહા..! એ ચાહે તો શુભભાવ હોય તોપણ ક્લેશ છે. શુભભાવ એ ક્લેશ છે. એનાથી નિવૃત્ત થઈને પોતાના આત્મામાં લીન થવું એનું નામ સામાયિક કહેવામાં આવે છે. આહાહા..! હજી સામાયિક કોને કહેવી એ બધું સાંભળ્યું ન હોય, નિર્ણય કર્યો ન હોય. જઈને પથરણું પાથરીને બેસે.

મુમુક્ષુ :– સંભળાવનાર જ નથી, ક્યાં જાવું?

ઉત્તર :– બધો ફેરફાર બહુ થઈ ગયો. ઘણો ફેરફાર. આહાહા..! 'હિરાજીમહારાજ' અમારા સંપ્રદાયના ગુરુ હતા બિચારા. બસ, એ માને કે આ અમારા પંચમહાવ્રત છે. અમે આ નિર્દોષ આહાર લઈએ, વિહાર કરીએ, શાસ્ત્ર પ્રરૂપણા કરીએ. આપણે મુનિ નહિ હોઈએ તો મુનિ કોણ હશે? એમ કહેતા હતા. 'મુળચંદજી'. ... 'મુળચંદજી' જોડે હતા એમ કહેતા, કે આપણે મુનિ નહિ હોઈએ તો અત્યારે મુનિ કોણ છે? આપણે એમ કે સાવદ્ય લેતા નથી, નિર્દોષ આહાર લઈએ છીએ. આહાહા..! બહારની ક્રિયામાં માની બેઠા, બસ.

અહીં તો કહે છે, '**પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત કાય-વચન-મનના વ્યાપાર...**' શુભભાવ પણ મનનો વેપાર. આહાહા..! શુભ હું સામાયિક કરું, એવો જે શુભરાગ એ પણ સામાયિક નહિ. આહાહા..! શુભરાગથી ખસી અંતરમાં વીતરાગભાવ તરફ વલણ જાય ત્યારે વીતરાગી સમતા પર્યાય પ્રગટે ત્યારે એને સામાયિક કહેવામાં આવે છે. આહાહા..! '**પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત કાય-વચન-મનના વ્યાપારના અભાવને લીધે ત્રિગુપ્તિ...**' મન-વચન-કાયા ત્રણથી ગુપ્તિ '**અને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્ર નામની પાંચ ઇન્દ્રિયો દ્વારા તે તે ઇન્દ્રિયને યોગ્ય વિષયના ગ્રહણનો અભાવ...**' સાંભળવાનો પણ અભાવ, બોલવાનો પણ અભાવ. આહાહા..!

મુમુક્ષુ :– અંતરમાં જવામાં સદ્ભાવ.

ઉત્તર :– અંદરમાં જવાને માટે તૈયારી. ભગવાન બિરાજે છે. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતિ (છે) ત્યાં જાવું. અહીંથી બધાથી નિવર્તવું તેને સામાયિક કહેવામાં આવે છે. આહાહા..! એ ન હોય તો આવી સામાયિક પણ સાધન કરતા કરતા થશે ને? આ

સામાયિક સાધન કરશે તો કો'ક દિ' સાચી થાશે. એમ છે નહિ. એવી બહારની સામાયિક અનંતવાર કરી. આહાહા..!

**'પાંચ ઇન્દ્રિયો દ્વારા તે તે ઇન્દ્રિયને યોગ્ય વિષયના ગ્રહણનો અભાવ...'** પાંચ ઇન્દ્રિયના વિષયનું–સ્પર્શનું ગ્રહણ કરવું, સ્પર્શનું ગ્રહણ કરવું, રૂપનું ગ્રહણ કરવું, ગંધનું, રસનું અને સ્પર્શનું ગ્રહણ કરવાનો અભાવ. આહાહા..! પાંચેય ઇન્દ્રિયના વિષયો રોકાય જાય ત્યારે પોતાના સ્વરૂપમાં અંદરમાં લીન થાય તેને અહીંયા સામાયિક કહે છે. આહાહા..! **'વિષયના ગ્રહણનો અભાવ હોવાથી બંધ કરેલી ઇન્દ્રિયોવાળો છે,...'** ઇન્દ્રિયનો વેપાર તો બંધ કરી દીધો. ઇન્દ્રિય વેપાર જ બંધ કર્યો. આહાહા..! પાંચે ઇન્દ્રિય, મન-વચન-કાયા, સાવદ્યથી તો નિવૃત્તિ એ તો ઠીક, પણ પાંચ ઇન્દ્રિય, મન-વચન-કાયા ત્રણથી નિવૃત્તિ. એ આઠથી નિવૃત્તિ **'બંધ કરેલી ઇન્દ્રિયોવાળા...'** એનો વેપાર અંદર સાંભળવાનો, જોવાનો, કહેવાનો બધો બંધ કર્યો. આહાહા..! **'બંધ કરેલી ઇન્દ્રિયોવાળો છે,...'** પાંચે ઇન્દ્રિયના **'વિષયના ગ્રહણનો અભાવ હોવાથી બંધ કરેલી ઇન્દ્રિયોવાળો છે,...'** આહાહા..! **'તે મહામુમુક્ષુ પરમવીતરાગસંયમીને...'** એ મહામુમુક્ષુ મોક્ષના અભિલાષી **'પરમવીતરાગસંયમીને ખરેખર સામાયિકવ્રત શાશ્વત–સ્થાયી છે.'** એની સામાયિક સાચી છે. સત્ય સામાયિક છે. આહાહા..!

મુમુક્ષુ :– આ તો મુનિને લાયક સામાયિકની વાત છે.

ઉત્તર :– મુનિને સામાયિક અને ગૃહસ્થને સામાયિક હોય. આ તો વિશેષ પરમવીતરાગ છે. એમ છે ને? જુઓને! કીધું ને પરમવીતરાગસંયમી. પણ નીચે છે એ પરમવીતરાગસંયમી નથી પણ અલ્પ વીતરાગસંયમી છે. ચોથામાં પણ હોય. મુનિની વાત મુખ્યતાથી કરે છે. પરમવીતરાગ એમ લીધું અને મહામુમુક્ષુ લીધું. સાધારણ મુમુક્ષુ નહિ.

**'મહામુમુક્ષુ પરમવીતરાગસંયમીને ખરેખર સામાયિકવ્રત શાશ્વત–સ્થાયી છે.'** આહાહા..! એ સામાયિકનો અર્થ, જેને સમ્યગ્દર્શન થાય છે, સ્વરૂપ તરફના વલણથી પર આખું જગત, વિકલ્પથી આખું જગત એનાથી ભિન્ન પોતાની ચીજનો અનુભવ થાય ત્યારે એને સમકિતરૂપી સામાયિક થાય છે. સમકિત સામાયિક, જ્ઞાન સામાયિક અને ચારિત્ર. આ સમકિત સામાયિક છે. આહાહા..! એમાં જ્ઞાન કરીને સ્થિર થાય એ જ્ઞાન સામાયિક અને રાગરહિત થઈને સ્થિર થવું ચારિત્ર સામાયિક છે. આહાહા..! અજાણ્યા માણસને આવું આકરું લાગે. નવા માણસને (એમ થાય) તો પછી અમે આ બધું કરીએ.. સામાયિક, પોષા, પડિક્કમણા (એ કંઈ નહિ?). બધી ધૂળ છે.

મુમુક્ષુ :– એ પણ સામાયિક ક્યાં છે? પોષો ક્યાં છે?

ઉત્તર :– હતી કે દિ' સામાયિક? પોષા-પડિક્કમણા હતા કે દિ'? હજી સમ્યક્ ચીજ શું છે? અંતર ચીજ શું છે? એ અંતર ચીજમાં અંતર જવું, અંતર ચીજમાં અંતર જવું, એમાં સ્થિર રહેવું એનું નામ સામાયિક છે. આહાહા..!

'[હવે આ ૧૨૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'

## શ્લોક–૨૦૩

(मंदाक्रांता)

इत्थं मुक्त्वा भवभयकरं सर्वसावद्यराशिं
नीत्वा नाशं विकृतिमनिशं कायवाङ्मानसानाम्।
अन्तःशुद्धया परमकलया साकमात्मानमेकं
बुद्धवा जन्तुः स्थिरशममयं शुद्धशीलं प्रयाति।।२०३।।

**[શ્લોકાર્થ :–] આ રીતે ભવભયના કરનારા સમસ્ત સાવદ્યસમૂહને છોડીને, કાય-વચન-મનની વિકૃતિને નિરંતર નાશ પમાડીને, અંતરંગ શુદ્ધિથી પરમ કળા સહિત (પરમ જ્ઞાનકળા સહિત) એક આત્માને જાણીને જીવ સ્થિરશમમય શુદ્ધ શીલને પ્રાપ્ત કરે છે (અર્થાત્ શાશ્વત સમતામય શુદ્ધ ચારિત્રને પ્રાપ્ત કરે છે). ૨૦૩.**

## શ્લોક–૨૦૩ ઉપર પ્રવચન

इत्थं मुक्त्वा भवभयकरं सर्वसावद्यराशिं
नीत्वा नाशं विकृतिमनिशं कायवाङ्मानसानाम्।
अन्तःशुद्धया परमकलया साकमात्मानमेकं
बुद्धवा जन्तुः स्थिरशममयं शुद्धशीलं प्रयाति।।२०३।।

**શ્લોકાર્થ** :- આહાહા..! **'આ રીતે ભવભયના કરનારા...'** આહાહા..! જે સાવદ્યપણું છે, ઇન્દ્રિયનો વિષય અને હિંસા અને પાંચ ઇન્દ્રિયનો વિષય અને મન-વચન-કાયાનું પ્રવર્તન એ ભવભયનું કારણ છે. એ ભવનું કારણ છે. આહાહા..! **'આ રીતે ભવભયના કરનારા સમસ્ત સાવદ્યસમૂહને છોડીને,...'** આહાહા..! એકેન્દ્રિયને મારવું એ સાવદ્યપણું ભવભયનું કારણ છે. આહાહા..! એનાથી ભવ થશે. ક્યાં જશે? આહાહા..! દેહ છૂટી જશે. આત્મસત્તા તો શાશ્વત છે તો બીજા ભવમાં ચાલ્યો જશે. પછી આ ભવ ક્યારે મળશે? જેણે સાવદ્ય અને ઇન્દ્રિયના વિષયોમાં લીનતા કરી છે અને મન-વચન-કાયાની પ્રવૃત્તિમાં પોતાપણું માન્યું છે એ આત્મા તો ભવભ્રમણ રખડશે. આહાહા..! ભવભયકરણ. ભવનો જેને ભય અંદર હોય છે. અરે..! દેહ છૂટીને જઈશ ક્યાં? દેહની સ્થિતિ પૂરી થવા આવી. ૫૦-૬૦-૭૦ થાય

એને તો એટલા કાઢવાના હોય નહિ. ૫૦-૬૦ થયા હોય એને ૫૦-૬૦ કાઢવાના હોય? આહાહા..! આ તો ૯૧ થયા. ૯૧ તો શું હવે દસેય કાઢવાના નથી. આહાહા..!

કહે છે, **'ભવભયના કરનારા...'** ભવિષ્યમાં ક્યાં ભવ થશે? આત્માનો ધર્મ ન કર્યો, આત્માનું જ્ઞાન ન કર્યું, આત્મા જેવી ચીજ છે એની સન્મુખ ન થયો, તો ક્યાં ભવ થાશે? આહાહા..! એ ભવના ભયના ડરનારા **'સમસ્ત સાવદ્યસમૂહને છોડીને...'** આહાહા..! દુનિયાના દેખાવ માટે નહિ. ભવભયના ડરને માટે સાવદ્યનો ત્યાગ એમ કહે છે. દુનિયા માને કે મેં આમ સામાયિક કરીને બેસીએ છીએ ને પોષા કર્યા. દુનિયા માને એ નહિ. એના અંતરમાં ભવના ભયનો ત્રાસ (હોય). આહાહા..! દેહની સ્થિતિ પૂરી થઈ જશે. આત્મા તો અનાદિઅનંત છે. તો ક્યાં જશે? આહાહા..! અહીંથી છૂટ્યો એવો બીજા ભવમાં તરત.. આહાહા..!

ભવના ભય કરનારા જીવને ક્યાં ભવ થશે? એવો ભય છે. એ આત્મામાં આવે છે. આહાહા..! આત્મામાં ભવ અને ભવનો ભાવ, બેયનો અભાવ છે. આત્મામાં ભવ અને ભવનો ભાવ, બેયનો અભાવ છે. આહાહા..! આવી વાતું છે. ભગવાનઆત્મામાં ભવ પણ નથી, પુણ્ય-પાપ પણ નહિ, ભવ પણ નહિ. ભવનું કારણ પુણ્ય-પાપ એ પણ નહિ. એ તો જ્ઞાયકમૂર્તિ, ચૈતન્યમૂર્તિ પ્રભુ છે. આહાહા..! એમાં પર તરફના વિષય અને સાવદ્યયોગ અને મન-વચન-કાયા ત્રણેથી હટીને... આહાહા..! **'કાયા-વચન-મનની વિકૃતિને નિરંતર નાશ પમાડીને,...'** જુઓ! અહીં તો શુભભાવને વિકૃતિ કીધી. કાયાનો શુભભાવ, વચન અને મનથી શુભભાવ એ વિકૃતિ છે. આહાહા..! એને **'નિરંતર નાશ પમાડીને,...'** નિરંતર એટલે ક્ષણિક શુભભાવ આવ્યો એટલે જાણે કાયમ રહેશે. શુભભાવ નાશ (પામશે). મારી ચીજ અંદર ભિન્ન છે. આહાહા..! આકરી વાત છે.

**'નિરંતર નાશ પમાડીને, અંતરંગ શુદ્ધિથી પરમ કળા સહિત...'** આહાહા..! અંતર શુદ્ધિથી પરમ જ્ઞાનકળા. આહાહા..! 'જ્ઞાનકળા સબ જાગી.' આહાહા..! મન-વચન-કાયાની ક્રિયા, સાવદ્ય ક્રિયા અને ઇન્દ્રિયના વિષય એ તો બધી અજ્ઞાન ક્રિયા છે. અજ્ઞાન એટલે એમાં કાંઈ જ્ઞાન નથી. એ તો જડ છે. આહાહા..! આ જ્ઞાનકળા અંદર છે. **'પરમ કળા સહિત (પરમ જ્ઞાનકળા સહિત) એક આત્માને જાણીને...'** ગુણ-ગુણીનો ભેદ પણ નહિ. એક આત્મા. આહાહા..! પૂર્ણાનંદનો નાથ એક સ્વરૂપ આત્મા. સાવદ્ય, ઇન્દ્રિયના વિષય એ અણીન્દ્રિય, સાવદ્યથી નિર્દોષ, મન-વચન-કાયાના યોગથી રહિત એવી જે આત્માની જ્ઞાનકળા. આહાહા..! જ્ઞાનકળા દ્વારા **'એક આત્માને જાણીને...'** શું કહ્યું?

**'(પરમ જ્ઞાનકળા સહિત) એક આત્માને જાણીને...'** રાગથી નહિ જણાય, ભેદથી નહિ જણાય. જ્ઞાનકળા (સહિત) **'એક આત્માને...'** એક આત્માને. આહાહા..! અભેદ આત્માને જાણીને. આહાહા..! જ્ઞાનકળા વડે એક અભેદ આત્માને જાણીને... આહાહા..! જે સ્થિર સમભાવ. **'સ્થિરશમમય શુદ્ધ શીલને પ્રાપ્ત કરે છે...'** સ્થિરશમમય શુદ્ધ. શીલ સ્વભાવ,

શુદ્ધ સ્વભાવ **'પ્રાપ્ત કરે છે...'** આહાહા..! શુદ્ધ સ્વભાવ પ્રાપ્ત કરે છે એ સામાયિક છે. આહાહા..! અહીં તો પડિમા લઈને ઘણા બેઠા હોય. સાત-આઠ પડિમા, આઠ પડિમા ને અગિયાર પડિમા. આહાહા..!

ઘણા વર્ષ પહેલા અહીં એક પડિમાધારી આવ્યો હતો. કહે, આઠ પડિમા છે પણ હજી લોકો આદર કરતા નથી. અગિયાર પડિમા લેવી પડશે ત્યારે લોકો આદર કરશે. આમ કહેતો હતો. ચોખ્ખું કહેતો હતો. અહીં જાવું હતું ને ભાઈને. 'ચુનીભાઈ'ને ત્યાં. કોણે કહ્યું? 'ચુનીભાઈ'ને ત્યાં જાવું છે. 'ચુનીભાઈ'નું ઘર અહીં છે ને? 'મૂળશંકર'નો ભાઈ. ત્યાં આહાર કરવા જાવું છે. હું પણ ત્યાં જવાનો. એ એમ કહેતો, કે આઠ પડિમા લીધી પણ લોકો આદર કરતા નથી. અગિયાર પડિમા લેશું ત્યારે આદર કરશે. આહાહા..! અરે..રે..! આદર કોણ કરે? શેનો આદર? ભાઈ! તારે બીજા પાસે આદર કરાવવો છે? એ તો બહિરાત્મબુદ્ધિ થઈ. આહાહા..! આત્માને બહાર પડવું છે એનો અર્થ બહિરાત્મા છે. અંદરમાં સમાવું નથી પણ બહાર પડવું છે... બહાર પડવું છે કાંઈક. આહાહા..! બહાર પડવું છે એ બહિરાત્મા છે. આહાહા..!

**'એક આત્માને જાણીને...'** જોયું? આત્મા પણ એક, ભેદ નહિ. ગુણ-ગુણી ભેદ નહિ. એવો એક **'જીવ સ્થિરશમમય શુદ્ધ શીલ...'** શુદ્ધ સ્વભાવને **'પ્રાપ્ત કરે છે...'** અંદર શુદ્ધ પવિત્ર જે સ્વભાવ છે એને એ પર્યાયમાં પ્રાપ્ત કરે છે એનું નામ સામાયિક છે. આહાહા..! આ સામાયિક અપ્રચલિત છે. ચારે કોર બધા... સામાયિક-બામાયિક કરી હશે કે નહિ? કરી છે. આહાહા..!

**'(અર્થાત્ શાશ્વત સમતામય શુદ્ધ ચારિત્રને પ્રાપ્ત કરે છે).'** આહાહા..! શાશ્વત જે સમતામય પ્રભુ! આહાહા..! એ શુદ્ધ ચારિત્રને પ્રાપ્ત કરે છે. એમાં રમણતા પ્રાપ્ત કરે છે. શાશ્વત શુદ્ધ સ્વરૂપ ભગવાન, એમાં રમણતા કરે છે એનું નામ સામાયિક છે. આહાહા..! અત્યારે સામાયિકની વ્યાખ્યા તો સાધારણ છે. આ સામાયિક કરી. પથરણું પાથર્યું ણમો અરિહંતાણં... ... સાત પાઠ બોલ્યા એટલે સામાયિક થઈ ગઈ. પછી વાંચે કાંઈક કાં વિકથા કરે અને કાં વાંચે. થઈ ગઈ સામાયિક. આહાહા..!

'તારાચંદભાઈ' હતા ને? 'વારિયા, જામનગર'. એ આર્જિકાને, સાધુને સૂત્ર વંચાવતા. પહેલાવહેલા હું (સંવત) ૧૯૮૨ની સાલમાં ગયેલો. મેં પહેલાવહેલા જઈને પહેલાવહેલા કહ્યું, કે મન-વચન-કાયાની ક્રિયા એ શુભભાવ છે, એ બંધનું કારણ છે. એ સામાયિક અને પ્રતિક્રમણ નથી. એ ભડક્યા. 'તારાચંદભાઈ' ભડક્યા. કોઈ નહોતું ત્યારે એકલા આવ્યા. મહારાજ! આમ હોય? પણ જુઓને! તમારા પુનાતરનું બનાવેલું 'જ્ઞાનસાગર'માં શું લખ્યું છે? કે મનની સરળતા, વચનની સરળતા, કાયાની સરળતા અને ઝગડા રહિત એ ચારથી શુભ નામકર્મ બંધાય. ધર્મ નહિ. ૧૯૮૨ની સાલની વાત છે. એ 'તારાચંદભાઈ'એ બહુ વાંચેલું. સાધુને

વંચાવતા. અને આ વાત જ્યાં આવી ત્યાં ભડક્યા. પણ માણસ નરમ. ઝઘડાળુ કે પ્રકૃતિ એવી નહિ. ખાનગી આવ્યા એકલા. મહારાજ! આમાં આમ આવ્યું પણ એ.. જુઓને! તમારા શાસ્ત્રમાં. અહીંના પુસ્તકમાં. ચાર કારણે તો શુભ, પુણ્ય નામકર્મ બંધાય છે. મનની સરળતા, વચનની સરળતા, કાયાની સરળતા, ઝઘડારહિત, કોઈ સાથે ઝઘડો નહિ. એવી અંદર નિવૃત્તિ એને તો શુભભાવ કહે છે. એને શુભભાવ કહે છે, ધર્મ નહિ, કીધું. પણ નરમ માણસ, કબુલ કર્યું હતું.

મુમુક્ષુ :– ત્યાં શુભયોગને સામાયિક કીધી છે?

ઉત્તર :– શુભયોગ એ સામાયિક. કાલે આ સાધુએ નહોતું કીધું? કે આ શુભયોગ કહેવાય ને? પણ શુભયોગ એટલે શું? રાગ, ઝેર. અમૃતનું જીવન ભગવાનનું. આહાહા..! અમૃતથી ભરેલો ભગવાન, એનાથી વિરુદ્ધનો શુભભાવ એ તો ઝેર છે. આહાહા..! અરે..! કોઈ દિ' સાંભળ્યું નથી. પ્રભુ અમૃતથી ભરેલો છે. પૂર્ણાનંદનો નાથ અમૃતથી ભરેલો, એનાથી વિરુદ્ધનો શુભભાવ–દયા, દાન, વ્રત, ભક્તિ, પચ્ચખાણ આદિ એ બધું ઝેર છે. આહાહા..! એ ઝેરથી છૂટીને અમૃતજીવનમાં જાય ત્યારે સામાયિક થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'સ્થિરશમમય શુદ્ધ શીલ...'** એમ કહ્યું ને? શુભ નથી કહ્યું. શુદ્ધ કીધું છે. **'શુદ્ધ શીલને પ્રાપ્ત કરે છે...'** એટલે એકલું શરીરનું બ્રહ્મચર્ય એ નહિ. શુદ્ધ શીલ સ્વભાવ. શુદ્ધ અંદર સ્વભાવ ભગવાન શુદ્ધ સ્વભાવ છે તેને **'પ્રાપ્ત કરે છે (અર્થાત્ શાશ્વત સમતામય શુદ્ધ ચારિત્રને પ્રાપ્ત કરે છે).'** આહાહા..! ભગવાન વીતરાગમૂર્તિ સમતામય વસ્તુ છે એમાં ચારિત્રનો ઘેરો ઘાલીને સ્થિર થાય છે. આહાહા..! ચરવું, સ્વરૂપમાં ચરવું, ચારિત્ર એટલે ચરવું. સ્વરૂપની દૃષ્ટિ થઈને... આહાહા..! ચારિત્ર એટલે સ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું, જ્ઞાનમાં જણાયું, એમાં ચરવું, એમાં રમવું એનું નામ ચારિત્ર છે. આહાહા..! આ તો સમકિતની અને મિથ્યાત્વની કાંઈ ખબરેય ન મળે. થઈ ગયા ચારિત્ર અને થઈ ગયા સાધુ. ભાઈ! આકરી વાતું છે, બાપુ! આહાહા..!

## ગાથા–૧૨૬

जो समो सव्वभूदेसु थावरेसु तसेसु वा।
तस्स सामाइगं ठाइ इद केवलिसासणे।।१२६।।

यः समः सर्वभूतेषु स्थावरेषु त्रसेषु वा।
तस्य सामायिकं स्थायि इति केवलिशासने।।१२६।।

परममाध्यस्थ्यभावाद्यारूढस्थितस्य परममुमुक्षोः स्वरूपमत्रोक्तम्।

यः सहजवैराग्यप्रासादशिखरशिखामणिः विकारकारणनिखिलमोहरागद्वेषाभावाद् भेदकल्पनापोढपरमसमरसीभावसनाथत्वात्रसस्थावरजीवनिकायेषु समः, तस्य च परमजिनयोगीश्वरस्य सामायिकाभिधानव्रतं सनातनमिति वीतरागसर्वज्ञमार्गे सिद्धमिति।

**સ્થાવર અને ત્રસ સર્વ ભૂતસમૂહમાં સમભાવ છે,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૬.**

અન્વયાર્થ :– [ यः ] જે [ स्थावरेषु ] સ્થાવર [ वा ] કે [ त्रसेषु ] ત્રસ [ सर्वभूतेषु ] સર્વ જીવો પ્રત્યે [ समः ] સમભાવવાળો છે, [ तस्य ] તેને [ सामायिकं ] સામાયિક [ स्थायी ] સ્થાયી છે [ इति केवलिशासने ] એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

ટીકા :– અહીં, પરમ માધ્યસ્થભાવ વગેરેમાં આરૂઢ થઈને રહેલા પરમમુમુક્ષુનું સ્વરૂપ કહ્યું છે.

જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ (અર્થાત્ પરમ સહજવૈરાગ્યવંત મુનિ) વિકારના કારણભૂત સમસ્ત મોહરાગદ્વેષના અભાવને લીધે ભેદકલ્પનાવિમુક્ત પરમ સમરસીભાવ સહિત હોવાથી ત્રસ-સ્થાવર (સમસ્ત) જીવનિકાયો પ્રત્યે સમભાવવાળો છે, તે પરમ જિનયોગીશ્વરને સામાયિક નામનું વ્રત સનાતન (સ્થાયી) છે એમ વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં સિદ્ધ છે.

## ગાથા–૧૨૬ ઉપર પ્રવચન

૧૨૬–ગાથા. આ ચાલતો.

**जो समो सव्वभूदेसु थावरेसु तसेसु वा।**
**तस्स सामाइगं ठाइ इद केवलिसासणे।।१२६।।**

આ તો સામાયિકમાં આવે છે.

મુમુક્ષુ :– આપણા પડિકમણામાં આવે છે.

ઉત્તર :– પડિક્કમણામાં આવે છે. '**जो समो सव्वभूदेसु**' બહુ ઊંચી ગાથા છે. એના અર્થ તો કરશે પણ એના આઠ તો કળશ કરશે. એક ગાથાના આઠ કળશ. કારણ કે આ તો પ્રચલિત ગાથા છે.

**जो समो सव्वभूदेसु थावरेसु तसेसु वा।**
**तस्स सामाइगं ठाइ इद केवलिसासणे।।१२६।।**

નીચે. **સ્થાવર અને ત્રસ સર્વ ભૂતસમૂહમાં સમભાવ છે,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૬.**

કેવળી શાસન વીતરાગમાર્ગમાં આને સામાયિક કહેવામાં આવે છે. આહાહા..!

**ટીકા :-** **'અહીં, પરમ માધ્યસ્થભાવ વગેરેમાં આરૂઢ થઈને...'** મધ્યસ્થ–પુણ્ય-પાપથી રહિત મધ્યસ્થ. એકલો વીતરાગી ભાવ અંદર ભર્યો છે એમાં આરૂઢ થવું. આહાહા..! **'મધ્યસ્થભાવ વગેરેમાં આરૂઢ થઈને...'** વગેરે એટલે વીતરાગ આદિ ભાવ. અંદર ત્રિકાળી વીતરાગીભાવ, શુદ્ધભાવ, પવિત્રભાવ, નિરાવરણભાવ, નિરાલંબનભાવ એવી જે ત્રિકાળી ચીજ, એમાં આરૂઢ થઈને. આહાહા..! આ તો શેત્રુંજય આરૂઢ કર્યું, ઉપર જરીક ચડ્યા એટલે થઈ ગઈ જાત્રા. સાધુને આપવું. એવું શેત્રુંજય મહાત્મ્યમાં લખ્યું છે. જાત્રા કરીને ઉતરીને સાધુને આપે તો બહુ લાભ થાય. ગમે તેવો સાધુ હોય. આહાહા..! સાધુ હતો કે દિ'?

મુમુક્ષુ :– સાધુને લાભ દેવા માટે થઈને...

ઉત્તર :– પણ હતો કે દિ' સાધુ? શેત્રુંજય લાખ વાર જાને. ઉપર ચડ અને નીચે ઉતર. શુભભાવ થાય કદાચ. નીચે મુનિ હોય એ મુનિ પણ સાચા છે કે દિ'? આહાહા..! બહુ આકરું કામ છે. આહાહા..!

મુનિ તો અંદર અને બાહ્ય નગ્ન હોય છે. બાહ્યમાં નગ્ન અને અંતરમાં વિકલ્પથી રહિત, નિર્વિકલ્પ આનંદકંદમાં ઝુલનારા, અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આરૂઢ થયા છે. આહાહા..! એને મુનિ કહે છે. કોઈ પંચમહાવ્રત કે ક્રિયા કરે કે નગ્ન થઈ જાય માટે મુનિપણું છે, એમ છે નહિ. બહુ આકરું કામ, ભાઈ! અહીં **'પરમ મધ્યસ્થભાવ...'** જોયું? મધ્યસ્થ. એકલો વીતરાગભાવ. ભગવાનઆત્મા એકલો અનાકુળ આનંદમય ભાવ. પ્રભુઆત્મા અતીન્દ્રિય આનંદના પૂરરૂપ ભાવ, એમાં **'આરૂઢ થઈને...'** આહાહા..! **'રહેલા પરમમુમુક્ષુનું સ્વરૂપ કહ્યું છે.'** એ પરમમુમુક્ષુનું સ્વરૂપ આ ગાથામાં કહ્યું છે. જઘન્ય મુમુક્ષુ હોય એ નહિ. પરમમુમુક્ષુની વાત (કરે છે). મુનિ છે ને તો મુનિની વાત કરે છે. આહાહા..!

**'અહીં, પરમ મધ્યસ્થભાવ વગેરેમાં...'** શુદ્ધ ભાવમાં શુદ્ધ ઉપયોગરૂપ થઈને. આહાહા..! શુભ-અશુભભાવ એ અશુદ્ધઉપયોગ છે. એ અશુદ્ધ ભાવને છોડીને શુદ્ધ સ્વરૂપમાં આરૂઢ થઈને. આહાહા..! ભગવાનઆત્મા ત્રિકાળી શુદ્ધ પવિત્ર પિંડ છે, પવિત્ર મૂર્તિ છે. એ પવિત્રમાં આરૂઢ થઈને... આહાહા..! **'રહેલા...'** આરૂઢ થઈને એમાં સ્થિત **'પરમમુમુક્ષુનું સ્વરૂપ કહ્યું છે.'** આમાં પરમમુમુક્ષુનું સ્વરૂપ કહેવામાં આવે છે. તેથી એક ગાથાના આઠ તો કળશ છે. આહાહા..!

**'જે સહજ વૈરાગ્યરૂપી...'** શું કહે છે? આત્મા સિવાય બહારની બધી ચીજમાં તો ઉદાસ છે. આત્મા સિવાય વિકલ્પથી માંડીને બધી ચીજમાં જેને ઉદાસભાવ છે. કેમકે એ મારી ચીજ નથી. મારી ચીજ નથી એમાં ઉદાસભાવ છે. આહાહા..! **'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો...'** સહજ વૈરાગ્ય. આત્મા સિવાય કોઈ ચીજ પ્રત્યે પ્રેમ નથી. આહાહા..!

મુમુક્ષુ :– વૈરાગ્ય મહેલ કહેવાય કાંઈ?

ઉત્તર :– સમ્યગ્દૃષ્ટિને વૈરાગ્ય કહેવાય.

મુમુક્ષુ :– રાજાનો મહેલ કહેવાય.

ઉત્તર :– આ મહેલ અંદર. શું કહ્યું?

**'વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ...'** એવા વૈરાગ્યનું... આહાહા..! વૈરાગ્યમાં ઝૂલતો ઝૂલતો આત્મા. પર તરફથી બિલકુલ ઉદાસ છે. આત્મા સિવાય પર તરફથી બિલકુલ ઉદાસ અને અંતરમાં વૈરાગ્યમાં આરૂઢ. આહાહા..! **'શિખરનો શિખામણિ...'** આહાહા..! એક તો સ્વભાવિક વૈરાગ્ય. સ્વભાવિક વૈરાગ્ય એને કહીએ, કે પુણ્ય અને પાપના ભાવથી વિરક્ત એનું નામ વૈરાગ્ય કહીએ. દયા, દાનના ભાવમાં રક્ત એને અવૈરાગ્ય કહીએ. એ રાગ છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં ઉદાસ છે એને વૈરાગ્ય કહીએ. એમાં પ્રેમ છે એને અવૈરાગ્ય કહીએ. વૈરાગ્ય છે નહિ. આહાહા..! આવી વાત છે.

સ્વભાવિક વૈરાગ્ય. અંતર આત્મામાં અંદર બેઠક કરવાથી... આહાહા..! ઉદાસીન. પરથી આસન છોડીને જેણે આત્માના આનંદમાં આસન લગાવ્યું. ઉદાસીન. આહાહા..! ઉદાસીન. એવો વૈરાગ્ય સહજ સ્વભાવિક. હઠથી નહિ. સહજ વૈરાગ્ય. આહાહા..! દુનિયાની ચીજના અનિત્યતાના ભાવને દેખી, સહજ વૈરાગ્ય આવે એને અહીંયા વૈરાગ્યનો મહેલ કહ્યો. એનું શિખર એટલે વિશેષ વૈરાગ્ય. એનો શિખામણિ. આહાહા..! વૈરાગ્યની ધૂન લાગી છે, કહે છે. આહાહા..!

**'(અર્થાત્ પરમ સહજવૈરાગ્યવંત મુનિ) વિકારના કારણભૂત...'** આહાહા..! **'સમસ્ત મોહરાગદ્વેષના અભાવને લીધે...'** વિકારના કારણભૂત સમસ્ત મોહ-રાગ-દ્વેષ. શુભ-અશુભભાવ, મોહ, રાગ અને શુભ-અશુભ ભાવના **'અભાવને લીધે ભેદકલ્પનાવિમુક્ત...'** ભેદની કલ્પનાથી પણ મુક્ત. આહાહા..! આત્મા આનંદ છે એવો પણ ભેદ, એ ભેદની કલ્પના પણ રાગ છે. આહાહા..! ભગવાન ગુણી છે અને ગુણવાન છે એવો વિચાર પણ રાગ છે. આહાહા..! છે? **'ભેદકલ્પનાવિમુક્ત...'** **'મોહરાગદ્વેષના અભાવને લીધે ભેદકલ્પનાવિમુક્ત..'** એને ભેદકલ્પના છે જ નહિ. આહાહા..! આ સામાયિક.

**'પરમ સમરસીભાવ સહિત...'** પરમ વીતરાગભાવ સહિત. અસ્તિ લીધી. અને વૈરાગ્ય ત્યાં પરથી ઉદાસ હતું. અહીં **'પરમ સમરસીભાવ સહિત...'** શુદ્ધોપયોગમાં પરમસમરસીભાવ આવ્યો. પરમ સમતાભાવ, વીતરાગભાવ, અનાકુળભાવ, આનંદભાવ, સમતાભાવ આવ્યો. આહાહા..! **'સહિત હોવાથી...'** એવા પરમસમરસીભાવ સહિત હોવાથી **'ત્રસ-સ્થાવર (સમસ્ત) જીવનિકાય પ્રત્યે સમભાવવાળો છે,...'** આહાહા..! એકેન્દ્રિયનો, નિગોદના જીવ પ્રત્યે પણ એને મારવાનું વલણ નહિ. ઉદાસ... ઉદાસ... આહાહા..! **'જીવનિકાયો પ્રત્યે સમભાવવાળો છે,...'** એટલે એ તરફનું લક્ષ જ નથી. આત્માના વીતરાગસ્વભાવ સન્મુખ છે, પરથી તો સમભાવ છે. આહાહા..!

'**તે પરમ જિનયોગીશ્વરને...**' અહીં તો ઉત્કૃષ્ટથી વાત લીધી છે ને? '**તે પરમ જિનયોગીશ્વરને સામાયિક નામનું વ્રત સનાતન (સ્થાયી) છે...**' તેને સ્થાયી સામાયિક છે. '**જીવનિકાયો પ્રત્યે સમભાવવાળો છે,...**' આહાહા..! કોઈ દુશ્મન નથી, કોઈ વેરી નથી. બધા જીવો પ્રત્યે એકરૂપ ભાવ છે. એકરૂપ ભાવ છે. આ માતા-પિતા કે છોકરા અનુકૂળ છે અને આ પ્રતિકૂળ છે એવા બધા વિકલ્પ છૂટી ગયા. આહાહા..! અનુકૂળ અને પ્રતિકૂળનો વિકલ્પ છૂટીને પરમ વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં સ્થિત છે. એ વ્રત સનાતન છે. '**એમ વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં સિદ્ધ છે.**' આવી સામાયિક સર્વજ્ઞ વીતરાગના માર્ગમાં છે. બીજે આવી સામાયિક હોતી નથી. અન્ય માર્ગમાં ક્યાંય સામાયિક-ફામાયિક હોતી નથી. આહાહા..! 'કબીર' વૈરાગ્યની વાતું કરે, જનકવિદેહીની વાતું કરે.

મુમુક્ષુ :- આત્મા વગરનો વૈરાગ્ય આવ્યો ને?

ઉત્તર :- એ ખોટું. આ તો અંતરનો વૈરાગ્ય છે. એ તો જનકવિદેહીની વાતું કરે છે. પણ પોતાને અંદર સમ્યગ્દર્શન ક્યાં છે? આહાહા..! આકરી વાત છે, પ્રભુ!

અંતરમાં ચૈતન્યચમત્કાર વસ્તુ પડી છે. ચૈતન્યચમત્કાર જે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને દેખે એવી ચીજ પડી છે. એ ચીજનું મહાત્મ્ય કરીને પરચીજમાંથી મહાત્મ્ય ઉઠાવીને... આહાહા..! ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હોય, એમાંથી પણ મહાત્મ્ય ઉઠાવીને અંદર સ્વભાવના મહાત્મ્યમાં ઠરે. આહાહા..!

'**પરમ જિનયોગીશ્વરને સામાયિક નામનું વ્રત સનાતન (સ્થાયી) છે...**' આહાહા..! અનાદિ જે વીતરાગે કહ્યું એ સામાયિક છે. '**એમ વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં સિદ્ધ છે.**' એવી સામાયિક સર્વજ્ઞ વીતરાગમાર્ગમાં છે, બીજે ક્યાંય છે નહિ. કોઈ માર્ગમાં વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. આહાહા..!

---

**'[હવે આ ૧૨૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ આઠ શ્લોક કહે છે :]'**

## શ્લોક-૨૦૪

(मालिनी)

**त्रसहतिपरिमुक्तं स्थावराणां वधैर्वा**
**परमजिनमुनीनां चित्तमुच्चैरजस्रम्।**
**अपि चरमगतं यन्निर्मलं कर्ममुक्त्यै**
**तदहमभिनमानि स्तौमि संभावयामि।।२०४।।**

**[શ્લોકાર્થ :–] પરમ જિનમુનિઓનું જે ચિત્ત (ચૈતન્યપરિણમન) નિરંતર ત્રસ જીવોના ઘાતથી તેમ જ સ્થાવર જીવોના વધથી અત્યંત વિમુક્ત છે, વળી જે (ચિત્ત) અંતિમ અવસ્થાને પામેલું અને નિર્મળ છે, તેને હું કર્મથી મુક્ત થવાને અર્થે નમું છું, સ્તવું છું, સમ્યક્ પ્રકારે ભાવું છું. ૨૦૪.**

## શ્લોક–૨૦૪ ઉપર પ્રવચન

આહાહા..! છે પછી, હોં! ગાથાઓ છે.

**त्रसहतिपरिमुक्तं स्थावराणां वधैर्वा**
**परमजिनमुनीनां चित्तमुच्चैरजस्रम्।**
**अपि चरमगतं यन्निर्मलं कर्ममुक्त्यै**
**तदहमभिनमानि स्तौमि संभावयामि।।२०४।।**

આહાહા..! મુનિરાજ પોતે કહે છે હવે.

**શ્લોકાર્થ :- 'પરમ જિનમુનિઓનું જે ચિત્ત...'** આહાહા..! જેને આત્મઅનુભવ થઈને આત્મામાં જમવટ જામી ગયો છે. ચારિત્રની જમવટ જામી ગઈ છે. આહાહા..! એવા મુનિને ચારિત્ર હોય છે. **'પરમ જિનમુનિઓનું જે ચિત્ત (ચૈતન્યપરિણમન) નિરંતર ત્રસ જીવોના ઘાતથી તેમ જ સ્થાવર જીવોના વધથી અત્યંત વિમુક્ત છે,...'** આહાહા..! ત્રસ અને સ્થાવર જીવ છે. એના વધથી એ વિમુક્ત છે, એના તરફના વલણથી વિમુક્ત છે. આહાહા..! **'વળી જે (ચિત્ત) અંતિમ અવસ્થાને પામેલું...'** જ્ઞાન. ચિત્ત એટલે જ્ઞાન. એ જ્ઞાન **'અંતિમ અવસ્થાને પામેલું અને નિર્મળ છે,...'** આહાહા..! **'તેને...'** મુનિરાજ પોતે કહે છે, જેનું જ્ઞાન ઉત્કૃષ્ટ નિર્મળ થયું અને પરથી હટી ગયું **'તેને હું કર્મથી મુક્ત થવાને અર્થે...'** હું કર્મથી મુક્ત થવાને અર્થે **'નમું છું,...'** લ્યો!

મુમુક્ષુ :– .... નમન કરે તો કર્મથી મુકત થાય.

ઉત્તર :– એ તો નિમિત્તથી કથન છે. અહીં કોઈ કહે કે એના કર્મથી મુક્ત થવાનો હેતુ નમન કરવું એ છે. નમન કરવું એ તો શુભભાવ છે. પણ મારી ભાવના અંતરમાં નમન કરવાની છે. અંતરમાં વલણની ભાવના છે. વિકલ્પ આવે એનો મને આદર નથી. આહાહા..! બહુ આકરી વાતું. જૈનધર્મને અત્યારે અજૈન તરીકે કરી નાખ્યો. રાગ, પુણ્ય, વિકલ્પ બધું એમાં અજૈનપણું અને એ અજૈન જૈન છે. નામ ધરાવે છે. આહાહા..!

અહીં તો પ્રભુ મુનિ કહે છે, **'હું કર્મથી મુક્ત થવાને અર્થે...'** એટલે કોઈપણ પુણ્યબંધ મને હો અને સ્વર્ગ મળે એમ નહિ. એમ લેવું. **'હું કર્મથી મુક્ત થવાને અર્થે નમું છું,...'** હું તો અંદરમાં નમન કરું છું. સર્વ કર્મથી મુક્ત થવાને અર્થે. આહાહા..! આત્મા આનંદસ્વરૂપમાં

નમન કરું છું. આહાહા..! **'સ્તવું છું,...'** એનું હું સ્તવન–સ્તુતિ કરું છું અને **'સમ્યક્ પ્રકારે ભાવું છું.'** લ્યો! ભાવના કરું છું. સમ્યક્ પ્રકારે શુદ્ધ ચિદાનંદ પ્રભુ, પુણ્ય-પાપના ભાવની ક્રિયાથી રહિત એવો ચૈતન્યપ્રભુ, એને દૃષ્ટિમાં, જ્ઞાનમાં લઈને એની હું ભાવના કરું છું. એમાં એકાગ્ર રહેવાની ભાવના કરું છું. શુદ્ધ સ્વરૂપ ચૈતન્યમાં એકાગ્ર રહેવાની ભાવના કરું છું. આહાહા..! શુદ્ધ શું અને શુભ શું? એ તો શુભ આવે એ બધો ધર્મ. આહાહા..! અહીં બધું 'સમયસાર'માં વાંચ્યું છે. ... બધા ... ઘણા હોય છે. અહીંના પુસ્તક. એને બીજો નાનો છે ને ભાવસાર? એનો જે ફુવો છે એ અહીંનો પ્રેમી. અહીં ઘણીવાર આવે છે. ભાવસાર છે. કચ્છમાં જાય. અહીંના બધા પુસ્તકો આપે છે. વાંચ્યા છે બધા. પણ હજી શુભભાવ... દસ વર્ષની ઉંમર નહિ હોય અને દીક્ષા લીધી. કાંઈ ભાન ન મળે કે આત્મા શું?

મુમુક્ષુ :– દીક્ષા દેનારને ક્યાં ભાન છે?

ઉત્તર :– એને ભાન (નથી). પણ આ તો નાનો છે. કોણ છે? ખબર નથી કે મહાવ્રત કોને કહેવા, સમકિત કોને કહેવું. વાણિયા એવા .. છે ને. એને જય નારાયણ કરે. એવી બાહ્ય ક્રિયાકાંડવાળાને વંદન કરે, પગે લાગે તો પોતાનું નભે. આહાહા..!

અહીં તો કહે છે, કે હું તો સમ્યક્ પ્રકારે મારા આત્માને ભાવું છું. મારો આત્મા આનંદસ્વરૂપ છે એની હું ભાવના કરું છું. બીજાની ભાવના મને છે નહિ. એનું નામ સામાયિક છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૦૫

(अनुष्टुभ्)

**केचिदद्वैतमार्गस्थाः केचिद्द्वैतपथे स्थिताः।**
**द्वैताद्वैतविनिर्मुक्तमार्गे वर्तामहे वयम्।।२०५।।**

**[શ્લોકાર્થ :–] કોઈ જીવો અદ્વૈતમાર્ગમાં સ્થિત છે અને કોઈ જીવો દ્વૈતમાર્ગમાં સ્થિત છે; દ્વૈત અને અદ્વૈતથી વિમુક્ત માર્ગમાં (અર્થાત્ જેમાં દ્વૈત કે અદ્વૈતના વિકલ્પો નથી એવા માર્ગમાં) અમે વર્તીએ છીએ. ૨૦૫**

**પ્રવચન નં. ૧૪૪, શ્લોક-૨૦૫-૨૦૮, બુધવાર, જ્યેષ્ઠ વદ ૬, તા.૦૪-૦૬-૧૯૮૦**

'નિયમસાર' ૨૦૫ કળશ છે. ૨૦૪ થઈ ગયા છે.

**केचिदद्वैतमार्गस्थाः केचिद्द्वैतपथे स्थिताः।**
**द्वैताद्वैतविनिर्मुक्तमार्गे वर्तामहे वयम्।।२०५।।**

**શ્લોકાર્થ :- 'કોઈ જીવો અદ્વૈતમાર્ગમાં સ્થિત છે...'** (એટલે કે) વિકલ્પ. વેદાંત અદ્વૈતમાર્ગ છે. પણ અહીં તો અદ્વૈત એટલે વિકલ્પ. હું એક છું, શુદ્ધ છું આદિ એવા અદ્વૈતના વિકલ્પમાં કોઈ રહે છે. એ પણ બંધનું કારણ છે. અદ્વૈત. **'કોઈ જીવ અદ્વૈતમાર્ગમાં સ્થિત છે અને કોઈ જીવો દ્વૈતમાર્ગમાં સ્થિત છે;...'** કોઈ ગુણ-ગુણીના ભેદ વગેરેમાં રહે. આહા..! **'દ્વૈત અને અદ્વૈતથી વિમુક્ત માર્ગમાં...'** હું તો દ્વૈત અને અદ્વૈતના વિકલ્પથી મુક્ત છું. આહાહા..! અખંડ આનંદ પૂર્ણાનંદનો નાથ પ્રભુ અભેદ અખંડ છે એમાં વિકલ્પનો અવકાશ નથી. હું આવો છું કે તેવો છું એવા વિકલ્પને જ્યાં અવકાશ નથી. એવું એ ભગવાનઆત્માનું સ્વરૂપ છે. એવા સ્વરૂપને હું તો ભજુ છું, એમ કહે છે. આહાહા..!

**'અદ્વૈતથી વિમુક્ત માર્ગમાં (અર્થાત્ જેમાં દ્વૈત કે અદ્વૈતના વિકલ્પો નથી એવા માર્ગમાં) અમે વર્તીએ છીએ.'** આહાહા..! ક્યાં સાધુ પદ (અને) ક્યાં સાધુ પદ માને છે. આહાહા..! અહીંયા તો ચૈતન્ય અખંડ સ્વરૂપ નિત્યાનંદ પ્રભુ, હું એકરૂપે છું એવો પણ વિકલ્પ નથી. અને હું ગુણ-ગુણી ભેદરૂપ છું એવો પણ વિકલ્પ નથી. એવા વિકલ્પથી રહિત હું છું. એ આત્મા. આહાહા..! **'અમે વર્તીએ...'** એમાં અમે વર્તીએ છીએ. એમ કહ્યું. છે ને? આહાહા..! અહીં તો હજી બહારની તકરાર. વ્યવહાર કરવો, આ કરે... આ કરે.. આ કરે... અહીં તો કહે છે, કે દ્વૈત અને અદ્વૈતના બે વિકલ્પ ઉઠે એ પણ હું નહિ. આહાહા..! એ રાગ છે.

'સમયસાર'માં ત્યાં કહ્યું ને? કે હું જ્ઞાયક છું, અભેદ છું એવો જે વિકલ્પ (ત્યાં સુધી આવ્યો) એથી શું થયું? ત્યાં સુધી આવ્યો તેથી શું? તને શું લાભ છે? આહાહા..! વિકલ્પથી રહિત ચૈતન્યમૂર્તિ નિત્યાનંદ અખંડ આનંદ પ્રભુ, સચ્ચિદાનંદ સ્વરૂપ, ધ્રુવસ્વરૂપ, નિત્યસ્વરૂપ, અભેદસ્વરૂપ, એકસ્વરૂપ, સામાન્યસ્વરૂપ એ હું છું. આહાહા..! પર્યાયમાં એ સામાન્યનો અનુભવ કરવો એ ધર્મ છે. સામાન્યનો અનુભવ તો ન થાય, પણ સામાન્ય તરફનું લક્ષ જતાં નિર્મળ પર્યાય પ્રગટ થાય તેનું વેદન થાય તેનું નામ ધર્મ. આહાહા..! બહુ આકરું કામ. ક્યાં બહારમાં માને અને ક્યાં (માર્ગ છે). અહીં તો કહે છે, દ્વૈત-અદ્વૈતમાં પણ હું નથી. એવા વિકલ્પથી પણ હું તો રહિત છું. આહાહા..!

**'જેમાં દ્વૈત કે અદ્વૈતના વિકલ્પો નથી એવા માર્ગમાં અમે વર્તીએ છીએ.'** આહાહા..! એવા માર્ગમાં અમે વર્તીએ છીએ. લખતી વખતે વિકલ્પ છે પણ અમે તો વિકલ્પ રહિત (વસ્તુ છે) એમાં વર્તીએ છીએ. એમ કહે છે. કળશ, ટીકા લખતી વખતે વિકલ્પ તો છે. એ વિના, વિકલ્પ વિના પર ઉપર લક્ષ જાય નહિ. પણ કહે છે કે વિકલ્પ હો પણ હું એમાં વર્તતો નથી. હું તો વિકલ્પરહિત નિર્મળાનંદ પ્રભુ, શુદ્ધ ચૈતન્ય આનંદઘન, એમાં હું તો વર્તુ છું. એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! આવી આકરી વાત છે. એકાંત લાગે. દ્વૈત-અદ્વૈતનો વિકલ્પ પણ નહિ. આહાહા..! વસ્તુ છે ને? વસ્તુ છે એ પરની કોઈ અપેક્ષા રાખતી નથી. એને રાગના વિકલ્પની અપેક્ષા નથી. એ તો નિર્વિકલ્પ ચીજ છે. અખંડ પરમાનંદ

મૂર્તિ એકરૂપે બિરાજમાન આત્મા છે. આહાહા..! તેનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. એનું નામ ધર્મ છે. લ્યો! આહાહા..! ૨૦૫ (શ્લોક પૂરો થયો).

## શ્લોક–૨૦૬

(अनुष्टुभ)

कांक्षंत्यद्वैतमन्येपि द्वैतं कांक्षन्ति चापरे।
द्वैताद्वैतविनिर्मुक्तमात्मानमभिनौम्यहम्।।२०६।।

**[શ્લોકાર્થ :–] કોઈ જીવો અદ્વૈતને ઇચ્છે છે અને અન્ય કોઈ જીવો દ્વૈતને ઇચ્છે છે; હું દ્વૈત અને અદ્વૈતથી વિમુક્ત આત્માને નમું છું. ૨૦૬.**

## શ્લોક–૨૦૬ ઉપર પ્રવચન

૨૦૬.

कांक्षंत्यद्वैतमन्येपि द्वैतं कांक्षन्ति चापरे।
द्वैताद्वैतविनिर्मुक्तमात्मानमभिनौम्यहम्।।२०६।।

**શ્લોકાર્થ :- 'કોઈ જીવો અદ્વૈતને ઇચ્છે છે...'** હું એક જ છું, બસ, બીજું કાંઈ નથી. એવા અદ્વૈતની ઇચ્છા કરે છે. **'અને અન્ય કોઈ જીવો દ્વૈતને ઇચ્છે છે;...'** ગુણ અને ગુણી ભેદ કે દ્રવ્ય અને પર્યાય બે, દ્રવ્ય ત્રિકાળી અને પર્યાય વર્તમાન એ બેમાં લક્ષ કરવું એ પણ દ્વૈત છે. આહાહા..! હવે આવી ધર્મની રીત. આહાહા..! **'કોઈ જીવો અદ્વૈતને ઇચ્છે છે અને કોઈ જીવો દ્વૈતને ઇચ્છે છે;...'** દ્રવ્ય અને પર્યાય એની ઇચ્છા કરે, કોઈ અદ્વૈત એકલા દ્રવ્યની ઇચ્છા કરે. પણ ઇચ્છા કરે એ વસ્તુ બરાબર નથી. આહાહા..! જ્ઞાનીને રાગ આવે છે. આ કહ્યું ને? દ્વૈત-અદ્વૈતનો રાગ આવે. છતાં એમાં મારું વર્તન નથી. મારું વર્તન તો અંતર સ્વરૂપમાં છે. એ મારી ચીજ છે. આહાહા..!

'આત્મધર્મ' વાંચીને આજે કો'કનો પત્ર આવ્યો છે. 'દિલ્હી'થી કો'ક 'અંબાશંકર' કે એમ કોઈક છે. 'આત્મધર્મ' વાંચીને બહુ ખુશી બતાવી છે. બહુ ખુશી. ઓહોહો..! આ વસ્તુ! વસ્તુ જે વિચારમાં ચડે અને જે વાંચીને મેળવણ કરે તો એને ખબર પડે. પણ વાંચીને કાંઈ થઈ રહ્યું, એમ ને એમ વાંચીને મૂકી દે (તો કાંઈ ન થાય). મેળવણ કરે કે આ વેદાંત કહે છે એમ આ નથી. અદ્વૈતને અહીંયાં કહે એ વેદાંતનું અદ્વૈત નથી. વેદાંતનું અદ્વૈત

તો સર્વવ્યાપક એક આત્મા છે. એમ નથી. અહીંયાં અદ્વૈત એટલે આત્મા એકરૂપ હું છું એ અદ્વૈત. અને દ્રવ્ય અને પર્યાય બે રૂપે હું એ દ્વૈત. બેથી રહિત હું તો આત્માનું ધ્યાન કરું છું. આહાહા..! આવો માર્ગ છે. તેનું નામ સામાયિક છે, એનું નામ સમાધિ છે.

સમાધિ અધિકાર ચાલે છે ને? આહાહા..! જેટલો વિકલ્પ ઊઠે, વૃત્તિ ઊઠે. હું શુદ્ધ છું, ચૈતન્ય છું એ વૃત્તિ એ અસમાધિ નામ દુઃખ છે. આમ તો શ્વેતાંબરમાં 'લોગસ્સ'માં આવે છે. **'समाहिवरमुत्तमं दिंतु'** પણ અર્થ કોને કરવા છે. ઘડિયો હાંકી પૂરો કરીને ચાલ્યા જાય. પાછા કામમાં જોડાય જાય. **'समाहिवरमुत्तमं दिंतु'** એવો 'લોગસ્સ'માં શબ્દ છે. 'લોગસ્સ'માં છે. **'समाहिवरमुत्तमं दिंतु'** સમાધિ પણ વર એટલે ઉત્તમ અને ઊંચી દ્યો. એ આ સમાધિ. આહાહા..! નિત્યાનંદ એક વસ્તુ છે ને? અને એ નિત્ય વસ્તુને કોઈ અપેક્ષા છે નહિ. એ તો અનાદિનો સહજ સ્વભાવ છે. એમાં કોઈ પર્યાય અને દ્રવ્ય બે મળે તો મળી જાય એમ પણ નથી. એમાંથી તો પર્યાયનું લક્ષ છોડીને, દ્રવ્યનો અદ્વૈતનો પણ વિકલ્પ છોડીને અંતરમાં જાય ત્યારે સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આહાહા..! આવો માર્ગ છે. ૨૦૬.

## શ્લોક–૨૦૭

(अनुष्टुभ)

**अहमात्मा सुखाकांक्षी स्वात्मानमजमच्युतम्।**
**आत्मनैवात्मनि स्थित्वा भावयामि मुहुर्मुहुः ।।२०७।।**

**[શ્લોકાર્થ :–] હું—સુખને ઇચ્છનારો આત્મા—અજન્મ અને અવિનાશી એવા નિજ આત્માને આત્મા વડે જ આત્મામાં સ્થિત રહીને વારંવાર ભાવું છું. ૨૦૭.**

## શ્લોક–૨૦૭ ઉપર પ્રવચન

૨૦૭.

**अहमात्मा सुखाकांक्षी स्वात्मानमजमच्युतम्।**
**आत्मनैवात्मनि स्थित्वा भावयामि मुहुर्मुहुः ।।२०७।।**

**શ્લોકાર્થ :-** **'હું—સુખને ઇચ્છનારો આત્મા—'** હું અતીન્દ્રિય આનંદની ઇચ્છા કરનારો. આહાહા..! આત્મામાં અતીન્દ્રિય આનંદ પૂર્ણ ભર્યો છે. એ અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ આત્મા છે. આહાહા..! એ અતીન્દ્રિય આનંદસ્વરૂપ **'હું—સુખને ઇચ્છનારો...'** એ અતીન્દ્રિય આનંદની

અભિલાષા કરનારો. **'આત્મા–અજન્મ અને અવિનાશી...'** એને કોઈ જન્મ નથી અને જન્મ નહિ એટલે મૃત્યુ અને વિનાશ પણ નથી. આહાહા..! માખણ છે. એકલી માખણની વાત છે. કારણ કે આ ગાથા સંપ્રદાયમાં બહુ ચાલે છે. **'जो समो सव्वभूदेसु थावरेसु तसेसु वा। तस्स सामाइगं ठाइ'** એ શબ્દ ચાલે છે. સ્થાનકવાસીમાં પણ ચાલે છે, દેરાવાસીમાં પણ એ ગાથા ચાલે છે. પણ એ ગાથાનો અર્થ શું છે એ સમજે નહિ. સામાયિક કરે છે તેને સામાયિક કહીએ. **'तस्स सामाइगं ठाइ'** અખંડાનંદ પ્રભુ, નિત્ય અવિનાશી, સહજસ્વરૂપ, અણઉત્પત્તિ અને વિનાશ વિનાનું તત્ત્વ. એની હું ભાવના કરું છું. આહાહા..! એમાં હું રહેવા માગું છું.

વિકલ્પ અને અવિકલ્પ બેય દુઃખ અને રાગ છે. એનાથી છૂટીને... આહાહા..! હું તો એવા **'નિજ આત્માને...'** પાછો (વિકલ્પ) છોડીને પરઆત્મા ને વીતરાગ ને એ નહિ. આહાહા..! હવે આવી વાતું છે. કેટલાક જૈનમાં જન્મ્યા હોય તો સાંભળ્યું પણ ન હોય. એમ ને ઢસરડા કરીને જિંદગી કાઢી. આહાહા..! અંદર ભગવાન ચૈતન્યમૂર્તિ અરૂપી પણ વસ્તુ છે ને? પદાર્થ છે ને? અસ્તિ સત્તા છે ને? મોજૂદગી પદાર્થ ચીજ છે. એ મહા અતીન્દ્રિય આનંદનો નાથ છે. એની હું ભાવના રાખું છું.

**'હું—સુખને ઇચ્છનારો આત્મા—અજન્મ અને અવિનાશી એવા નિજ આત્માને આત્મા વડે...'** એ તો અજન્મ છે. આત્માને જન્મ નથી. આત્મામાં મૃત્યુ–નાશપણું નથી. એ તો જન્મ-મૃત્યુ રહિત પ્રભુ અંદર છે. આહાહા..! એ આત્મા તો ત્રિકાળ નિરાવરણ અખંડાનંદ છે. જેમાં પર્યાયનો પણ જ્યાં સ્પર્શ નથી. આહાહા..! એવી જે ચીજ છે એને હું **'નિજ આત્માને આત્મા વડે જ...'** ભાષા છે. જ શબ્દ છે. દયા, દાન અને રાગના વિકલ્પથી આ વસ્તુ મળશે એમ નથી. **'આત્મા વડે જ...'** એકાંત કર્યું. આત્મામાં જે આનંદ અને જ્ઞાન ભર્યાં છે એ આનંદના જ્ઞાન દ્વારા જ પ્રાપ્ત થાય છે. એમાં જે સ્વભાવ છે એ સ્વભાવથી પ્રાપ્ત થાય છે. એમાં પુણ્ય-પાપ આદિ પરવસ્તુ નથી એનાથી પ્રાપ્ત નથી થતી, ભગવાનથી પણ એ ચીજ મળતી નથી. આહાહા..! તીર્થંકર અને તીર્થંકરની વાણી, એનાથી પણ મળે એમ નથી. આહાહા..! વસ્તુ એવી છે. અખંડ આત્મા...

મુમુક્ષુ :– બે વાતમાં એક તરફ પક્ષથી નિષેધ આવે છે.

ઉત્તર :– નિષેધ આવે છે. આવી જાય છે. આનું આ એટલે ઓલું નહિ. સ્વભાવ તરફ વળવું તો વિભાવ તરફથી વિમુખ થવું એ આવી જાય છે. અરે..! પ્રભુ! માર્ગ કોઈ જુદો રહી ગયો. અને લોકોના વલણમાં આખા સંપ્રદાયના વલણ બીજા થઈ ગયા.

ચૈતન્યસ્વભાવ અનંત અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત અનંત અવિકારી અનંતગુણોનો સમુદાય પ્રભુ આત્મા, એ અનાદિનો સહજ એક જ રૂપે રહેલ છે. અનાદિનો દ્રવ્ય સ્વભાવ એક જ રૂપે રહેલો છે. આહાહા..! એને.. આહાહા..! **'આત્માને**

**આત્મા વડે જ...**' વ્યવહાર દ્વારા, રાગ દ્વારા, વિકલ્પ દ્વારા નહિ. આહાહા..! આકરું લાગે. બાપુ! વીતરાગ માર્ગ,... વીતરાગમાર્ગ વીતરાગસ્વરૂપે આત્મા છે. આત્મા વીતરાગસ્વરૂપ જ છે. એ વીતરાગસ્વભાવથી પ્રાપ્ત થાય છે. રાગથી એ પ્રાપ્ત થતો નથી. આહાહા..!

આ '**આત્માને આત્મા વડે જ...**' સ્વભાવ વડે જ. આહાહા..! આત્માને સ્વભાવ વડે જ. શુદ્ધ સ્વભાવ, પુણ્ય અને પાપના ભાવથી રહિત એવો જે શુદ્ધ સ્વભાવ તેના વડે જ '**આત્મામાં સ્થિત રહીને...**' આત્મામાં સ્થિત રહીને, આવા આત્મામાં સ્થિત રહીને. અસ્થિત જે વિકલ્પ છે એને છોડીને... આહાહા..! '**વારંવાર ભાવું છું.**' એવા આત્માને વારંવાર ભાવું છું. વિકલ્પ આવે છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને મુનિ છે. પણ હું વારંવાર પૂર્ણાનંદના નાથને ભાવું છું. છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ ઊઠે એનો પણ મને આદર નથી. આહાહા..! આવી ઝીણી વાતું, લ્યો! આ તો બહારથી કાંઈ સમજ્યા વિના સામાયિક કરે, પોષા કરો, પડિક્કમણા, ચોવિહાર, રાત્રે આહાર ન લેવો, છપરબી કંદમૂળ ન ખાવા, છપરબી બ્રહ્મચર્ય પાળવું. અરે..! એ બધી ક્રિયાઓ, બાપુ! એ બધી રાગની ક્રિયા છે. આત્માની નહિ. આહાહા..! આત્માની અલૌકિક ક્રિયા આ છે.

'**આત્મા વડે જ...**' નિમિત્ત દ્વારા, રાગ દ્વારા પણ નહિ. એમ આવ્યું ને? નિમિત્ત દ્વારા પણ નહિ. વીતરાગ અને વીતરાગની વાણી દ્વારા પણ નહિ. આહાહા..! '**આત્મામાં સ્થિત રહીને...**' આત્મામાં આત્માથી સ્થિત રહીને... આહાહા..! '**વારંવાર...**' શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાનની હું ભાવના કરું છું. એની હું ભાવના કરું છું. આહાહા..! આ પંચમઆરાના મુનિ. આ કાંઈ ચોથો આરો નથી. આ તો પંચમઆરાના મુનિ છે. એક હજાર વર્ષ પહેલા થયા છે. 'કુંદકુંદાચાર્ય' પણ પંચમઆરાના મુનિ છે. બે હજાર વર્ષ (પહેલા) થયા. એ બેય મુનિઓનો એક જ પોકાર છે. પંચમઆરો હોય કે ચોથોઆરો હોય, એ કોઈ આરા-ફારા એમાં છે નહિ.

અખંડ આનંદકંદ પ્રભુ! અરૂપી પણ અનંતગુણનો ઘન પિંડ, તે તેના સ્વભાવ દ્વારા પ્રાપ્ત થાય એવો છે. એના સ્વભાવ દ્વારા પ્રાપ્ત થાય એવો છે. એનાથી વિરુદ્ધ વિભાવ આદિ નિમિત્તથી પ્રાપ્ત થતો નથી. આહાહા..! ત્યારે આ બધું ભણવું ને પાઠશાળાઓ ખોલવી ને ભણાવવા, શિક્ષણ શિબિર કાઢવી. એના માટે આ બધું કરે છે ને મકાન-બકાન? શિક્ષણ શિબિરમાં જાજા માણસ આવે છે. સમાતા નથી તો એના માટે કરે છે. આહાહા..! પહેલું સાંભળે તો ખરા કે શું ચીજ છે. એને સાંભળે, માણસ લક્ષમાં તો લે. તારા જ્ઞાન ઉપર તો વાતને ધાર. આહાહા..! જ્ઞાન ઉપર પણ ધારતો નથી એ અંતર કઈ રીતે જઈ શકશે? આહાહા..! જેના જ્ઞાનમાં દાદ મળતી નથી. આવા અભેદની, વિકલ્પ વિનાના આત્મતત્ત્વની, જ્ઞાનના જાણપણામાં પણ જેનો નાદ આવતો નથી, દાદ મળતી નથી એ નિર્વિકલ્પ થઈને અંદર કેમ જઈ શકશે? આહાહા..! વાત એવી છે.

**'વારંવાર ભાવું છું.'** ભાષા છે ને? વારંવાર હું તો આત્મામાં જાઉં છું. આહાહા..! અતીન્દ્રિય આનંદ પ્રભુ છે ત્યાં વારંવાર જાઉં છું. આહાહા..! પર્યાયને ત્યાં લઈ જાઉં છું એમ (કહેવું છે). એ પર્યાય જે બહિર્મુખ છે એ અંતર્મુખમાં લઈ જાઉં છું. આહાહા..! એનું નામ આત્માનું ધ્યાન, એનું નામ આત્માની સામાયિક, એનું નામ આત્માનું પ્રાયશ્ચિત્ત અને પ્રત્યાખ્યાન. પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત, પ્રતિક્રમણ... આહાહા..! બધી આ દશા છે એના બધા નામ લીધા છે. એ ૨૦૭ શ્લોક (પૂરો) થયો.

## શ્લોક-૨૦૮

(**शिखरिणी**)

**विकल्पोपन्यासैरलमलममीभिर्भवकरैः**
**अखंडानन्दात्मा निखिलनयराशेरविषयः।**
**अयं द्वैताद्वैतौ न भवति ततः कश्चिदचिरात्**
**तमेकं वन्देऽहं भवभयविनाशाय सततम्।।२०८।।**

**[શ્લોકાર્થ :–] ભવના કરનારા એવા આ વિકલ્પ-કથનોથી બસ થાઓ, બસ થાઓ. જે અખંડાનંદસ્વરૂપ છે તે (આ આત્મા) સમસ્ત નયરાશિનો અવિષય છે; માટે આ કોઈ (અવર્ણનીય) આત્મા દ્વૈત કે અદ્વૈતરૂપ નથી (અર્થાત્ દ્વૈત-અદ્વૈતના વિકલ્પોથી પર છે). તેને એકને હું અલ્પકાળમાં ભવભયનો નાશ કરવા માટે સતત વંદું છું. ૨૦૮.**

## શ્લોક-૨૦૮ ઉપર પ્રવચન

૨૦૮.

**विकल्पोपन्यासैरलमलममीभिर्भवकरैः**
**अखंडानन्दात्मा निखिलनयराशेरविषयः।**
**अयं द्वैताद्वैतौ न भवति ततः कश्चिदचिरात्**
**तमेकं वन्देऽहं भवभयविनाशाय सततम्।।२०८।।**

**શ્લોકાર્થ :- 'ભવના કરનારા એવા આ વિકલ્પ-કથનોથી બસ થાઓ,...'** આહાહા..! એ શુભ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ એ પણ શુભ છે એ વિકલ્પ છે. એ ભવભય **'ભવના કરનારા એવા આ વિકલ્પ...'** આહાહા..! એ શુભભાવથી તો સંસાર રખડવાનો ભવ

મળશે. આહાહા..! અહીં તો કહે, શુભક્રિયા કાંઈક કરે એ ધર્મ, બસ. દુકાનનો ધંધો છોડી કલાક-બેકલાક બેસે. ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં (કરે એટલે) થઈ ગયો એને ધર્મ. ભાઈ! ધર્મ કોઈ અલૌકિક ચીજ છે. ધર્મ હજી સાંભળવા પણ મળ્યો નથી.

અહીં કહે છે, કે **'ભવના કરનારા એવા આ વિકલ્પ...'** એ બધા વિકલ્પ ભવના કરનારા છે. આહાહા..! શુભ અને અશુભ વિકલ્પ ભવના કરનારા છે. આહાહા..! એના **'કથનોથી બસ થાઓ, બસ થાઓ.'** 'અલમ્' એમ બે વાર પાઠ છે. બે વાર પાઠ છે ને? 'અલમ્'. 'અલમ્' 'અલમ્'. શું કહે છે? અનાદિકાળથી શુભ-અશુભ વિકલ્પ તો કર્યા એમાંથી તો ભવ મળ્યા. હવે 'અલમ્', **'બસ થાઓ, બસ થાઓ.'** એમ કહે છે. આહાહા..! 'અલમ્ અલમ્' હવે એ બસ થાઓ. એ વિકલ્પથી સંસાર અને ભવ મળતા હતા. ભલે શુભભાવ હો પણ એ ઝેર છે. ઝેર.. આહાહા..! એનાથી પ્રકૃતિ બંધાય એ પણ વિષના વૃક્ષ કીધા–ઝેરના વૃક્ષ કીધા.

મુમુક્ષુ :– કાળો નાગ છે.

ઉત્તર :– એ વળી શુભને કાળ નાગ કહ્યો. આ તો એનાથી જે પ્રકૃતિ બંધાણી, પ્રકૃતિ જે બંધાણી એને વિષનું ઝાડ કહે છે. વિષકુંભ નહિ, વિષવૃક્ષ. ૧૪૮ પ્રકૃતિ. ૧૪૮ પ્રકૃતિને વિષવૃક્ષ કીધા છે. શુભભાવને વિષકુંભ કહ્યા છે. પણ શુભભાવનું ફળ પ્રકૃતિ બંધાય, એ ચાહે તો તીર્થંકર પ્રકૃતિ બંધાય તોપણ વિષવૃક્ષ–ઝેરના ઝાડ છે એમ કીધું છે. આહાહા..! કર્મની ૧૪૮ પ્રકૃતિ છે. આઠ કર્મ છે. આઠ કર્મના પેટા ભેદ ૧૪૮. ૧૪૮ પ્રકૃતિને... આહાહા..! ઝેરના ઝાડ કહ્યા છે. અમૃતનો સાગર તો ભગવાન છે. ત્યારે એનાથી વિરુદ્ધભાવ અને એનું ફળ બધું ઝેર છે. આહાહા..! ૧૪૮ પ્રકૃતિને વિષવૃક્ષ કીધું ને? વિષવૃક્ષ કીધા. ભાવને વિષકુંભ કીધા પણ શુભ-અશુભભાવ જે છે એને ઝેર કીધું. પણ નિમિત્ત થઈને એનાથી જે પ્રકૃતિ બંધાય, નિમિત્ત છે, પ્રકૃતિના કાળે પ્રકૃતિ બંધાય, એ પ્રકૃતિ પોતે વિષનું વૃક્ષ છે. આ ઝેરના ઝાડ છે. એમાંથી ઝેર પાકશે. આહાહા..! સાંભળવું આકરું પડે. સંપ્રદાય સાથે તો મોટા મોટા વાંધા ઉઠ્યા છે. વાંધા ઉઠાવે બિચારા. પહેલા શરૂઆતમાં વિરોધ બહુ કર્યો હતો. છૂટ્યા હતા ત્યારે. સ્થાનકવાસીએ વિરોધ કર્યો, શ્વેતાંબરે પણ વિરોધ કર્યો, દિગંબરે પણ વિરોધ કર્યો. ત્રણેએ વિરોધ કર્યો. હવે ઠર્યું છે.

મુમુક્ષુ :– વિરોધ વિરોધમાં રહ્યો.

ઉત્તર :– હવે શું વિરોધ કરે. હશે, કો'ક ન આવે, ભલે એ કાંઈ નહિ. આવે કોઈક બોલે. વિરોધ કરે, લખે. 'કરુણાદીપ' એક પુસ્તક આવે છે ને? માસિક. એમાં ખૂબ વિરોધ લખે છે. શુભથી ધર્મ માનતા નથી, આમ છે, એકાંત છે, ફલાણું છે, ઢીકણું છે. અરે..! પ્રભુ! તારા હિતની વાત છે ને, નાથ! તું કેમ પ્રગટ થાય અને તું કેમ જાહેર થાય એની વાત છે. એની અનાદિથી અપ્રસિદ્ધિ છે. આહાહા..! અનાદિથી પુણ્ય અને પાપની પ્રસિદ્ધિ

છે અને એના ફળની પ્રકૃતિની પ્રસિદ્ધિ અને એના ફળના સંયોગની પ્રસિદ્ધિ (છે). આ સંયોગ બહારના ધૂળ પાંચ-પચ્ચીસ લાખ મળવા કે... શુભભાવ તે ઝેર છે. પ્રકૃતિ વિષવૃક્ષ છે અને આ સંયોગ મળે છે એ તો બહારની ચીજ છે. આહાહા..! એમાં ત્રણેયમાં આત્મા ક્યાં આવ્યો ક્યાંય? આહાહા..!

'**ભવના કરનારા...**' આહાહા..! વિકલ્પથી ભવના કરનારા છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ, પાંચ પરમેષ્ઠીનું સ્મરણ શુભભાવ છે, એ બધા ભવના કારણ છે. આહાહા..! આ સાંભળ્યું હતું ત્યાં સ્થાનકવાસીમાં? આહાહા..! ભાઈ! માર્ગ બહુ જુદો, બાપુ! આહાહા..! વિકલ્પથી ખસી અને નિર્વિકલ્પમાં જવાની વાત જ કોઈક જુદી છે. અને એ વિના ભવનો અભાવ ત્રણકાળમાં થાતો નથી. ત્રણકાળમાં ભવનો અભાવ થતો નથી. આહાહા..! એ માટે કહ્યું ને? '**ભવના કરનારા એવા આ વિકલ્પ...**' આહાહા..! ચાહે તો શુભ વિકલ્પ હો, દયા, દાન, વ્રત, ભક્તિ એ ભવનું કારણ છે. એમાંથી ભવ મળે. અને ભવ છે એ દુર્ગતિ છે. આત્માના હિસાબે ચાર ગતિ એ દુર્ગતિ છે. આહાહા..!

'પંચાસ્તિકાય'ના બીજા શ્લોકમાં નથી આવ્યું? ચારેય ગતિઓ દુઃખરૂપ છે. ચારેય ગતિ સંસાર રખડવાની છે. 'પંચાસ્તિકાય'માં આવે છે. આહાહા..! મનુષ્યગતિ મળે માટે મને કલ્યાણ થશે, મનુષ્યગતિમાં જ કેવળજ્ઞાન થાય માટે મને મનુષ્યગતિ મળે. તો એ કહે છે, ના. મનુષ્યગતિથી તો નહિ, પણ વિકલ્પ આવે કે મને આ મનુષ્યગતિ છે માટે (કલ્યાણ થાય) એ વિકલ્પથી પણ નહિ. આહાહા..!

'**ભવ કરનારા એવા આ વિકલ્પ-કથનોથી બસ થાઓ, બસ થાઓ.**' પંચમહાવ્રત પાળો, આ કરો, વ્રત પાળો, એ વાત હવે બસ રાખો. આહાહા..! એ બધા ભવના કરનારા છે. આહાહા..! અરે..રે..! સત્ય વાત સાંભળવા મળે નહિ. એ પ્રથા જ તૂટી ગઈ હતી. એટલે આકરું લાગે. પ્રથા નવી આવી એટલે. આહાહા..! શુભ વિકલ્પ છે, જે ભાવે તીર્થંકર (પ્રકૃતિ) બંધાય એ ભાવ પણ ભવનું કારણ છે. આહાહા..! કારણ કે એ પ્રકૃતિ બંધાય ત્યારે એનું ફળ ભવ મળશે, ભવ મળશે. આહાહા..! એથી અહીં કહે છે, કે '**ભવના કરનારા એવા આ વિકલ્પ...**' આહાહા..! પછી ચાહે તો સ્વર્ગનો ભવ હો કે તીર્થંકર પ્રકૃતિનો ભવ હો, પણ પ્રકૃતિ પડી છે એના ફળ તો ભવ છે. આહાહા..!

આ 'પાલિતાણા' પાંચ પાંડવો ધ્યાનમાં હતા. પાંચ પાંડવો મહાયોદ્ધા. ભીમ, અર્જુન, ધર્મરાજા, સહદેવ અને નકુલ પાંચ. ધ્યાનમાં સાંભળ્યું કે નેમિનાથ ભગવાન મોક્ષ પધાર્યા છે. એવું સાંભળ્યું ને દર્શન કરવા જતા હતા. સાંભળ્યું કે ભગવાન મોક્ષ પધાર્યા એટલે ઉપર ચડી ગયા. શેત્રુંજય. ધ્યાનમાં, આનંદમાં અંદર મસ્ત! એમાં દુર્યોધનના ભાણેજે આવી લોઢાના ધગધગતા દાગીના બનાવ્યા. આહાહા..! એ ધગધગતા ઘરેણા હાથમાં પહેરાવ્યા, પગમાં પહેરાવ્યા, માથે મુગુટ પહેરાવ્યા. લ્યો, આ તમારે રાજ જોઈતું હતું અમારા દુર્યોધનની

સામે. લ્યો આ રાજ. આહાહા..! એ પાંચેય પાંડવોના ગળામાં, માથામાં, હાથમાં અને પગમાં લોઢાના ધગધગતા (ઘરેણા પહેરાવ્યા). સહદેવ અને નકુલ, બે ભાઈને જરી વિકલ્પ આવ્યો, અરે..! ભાઈઓ છે આ. અને પોતાને પણ ધગધગતા લોઢાના ઘરેણા પહેરાવ્યા છે. ભાઈને કેમ હશે? એટલો એક શુભ વિકલ્પ આવ્યો ત્યાં આયુષ્ય બંધાઈ ગયું. સર્વાર્થસિદ્ધિનો ભવ. ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું. વિકલ્પમાં તો ભવ છે. આહાહા..! ત્રણ તો ત્યાં મોક્ષ પધાર્યા. ધર્મરાજા, ભીમ અને અર્જુન એ તો ધ્યાનમાં આનંદમાં કેવળ પામીને મોક્ષ પધાર્યા. બે જણાને, નાના ભાઈને આવો વિકલ્પ આવ્યો. પોતાને લોઢાના પહેરાવ્યા હતા પણ મોટા ભાઈ છે એને આવી અગ્નિમાં કેમ થતું હશે? આહાહા..! એ તો ધ્યાનમાં, આનંદમાં હતા. એ પરિષહ છે કે નહિ એની પણ ખબર નહોતી. આહાહા..! એ તો વિકલ્પ ઊઠે તો જાણવામાં આવે. બાકી નિર્વિકલ્પ આનંદમાં તો એ પરિષહ અડતો પણ નથી. ત્રણ તો મોક્ષ પધાર્યા. બે જણાને એક આટલો વિકલ્પ આવી ગયો ત્યાં ૩૩ સાગરનું સર્વાર્થસિદ્ધિનું આયુષ્ય બંધાઈ ગયું. ૩૩ સાગર કોને કહે! એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ અને એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. આહાહા..!

પાંચેય ભાઈઓ સાધુ હતા. એનો એક વિકલ્પ આવ્યો કે અરે...! એમને કેમ થાતું હશે? અગ્નિના માથે પહેરાવ્યા, લોઢાના ધગધગતા દાગીના પહેરાવ્યા. આહાહા..! અત્યારે એ દેવમાં છે. ઓલા ત્રણ મોક્ષ પધાર્યા. ૩૩ સાગર ત્યાં રહેશે. ત્યાંથી પાછા મનુષ્યભવ થશે. ત્યાં પણ કેટલોક કાળ રહ્યા પછી મોક્ષ જશે. આહાહા..! એક વિકલ્પ આટલો આવ્યો એમાં આટલું થયું. એ ભવનું કારણ વિકલ્પ છે. આહાહા..!

**'ભવના કરનારા એવા આ વિકલ્પ-કથનોથી બસ થાઓ, બસ થાઓ.'** એ વિકલ્પથી હવે લાભ થાશે અને વિકલ્પ આવે ઠીક, એ બસ થાઓ. વિકલ્પ છે એ બંધનું કારણ, ભવનું કારણ છે. આહાહા..! આવું સાંભળવું કઠણ પડી જાય. બહારથી હજી ચોવીસ કલાકમાં બે કલાક નિવૃત્તિમાં કાઢવો હોય એ પણ કાઢી શકે નહિ. એમાં આવી તદ્દન વિકલ્પ વિનાની વસ્તુ આખી. આહાહા..! જેમાં હું ધર્મનો ધર્મી છું અને ધર્મનો આ વિકલ્પ છે એ પણ જેમાં નથી. આહાહા..! **'ભવના કરનારા એવા આ વિકલ્પ-કથનોથી...'** 'અલમ્' 'અલમ્'. હવે **'બસ થાઓ, બસ થાઓ.'** કહે છે. અમારે હવે વિકલ્પની સાથે કામ નથી. આહાહા..! એ ચાહે તો શુભરાગ હો, ભગવાનની ભક્તિનો, સ્મરણનો ભાવ બસ થાઓ હવે, એનું અમારે કામ નથી. આહાહા..! પક્ષવાળાને તો આકરું પડી જાય એવું છે. સંપ્રદાયનો પક્ષના આગ્રહ બંધાઈ ગયો હોય. આ ક્રિયાકાંડમાં ધર્મ થાય. અહીં કહે, ક્રિયાકાંડ ને એ બધું તારું ઝેર છે. આહાહા..! હવે બસ થાઓ. એનાથી પૂરું પડો, હવે પૂરું પડો. બસ થઈ જાઓ. મારો નાથ અંદર વિકલ્પ વિનાનો છે એની અંદરમાં સ્થિરતા તે જ મને શાંતિનું કારણ છે. આહાહા..!

**'વિકલ્પ-કથનોથી બસ થાઓ, બસ થાઓ. જે અખંડાનંદસ્વરૂપ છે...'** અને જે અખંડાનંદસ્વરૂપ છે. આહાહા..! આનંદ તો છે પણ દ્રવ્યમાં આનંદ અખંડ છે. એકરૂપ અખંડ આનંદ અંદર છે. ચૈતન્યમાં અખંડ આનંદ એકરૂપ આનંદ છે. સર્વાંગ આનંદ છે. અસંખ્ય પ્રદેશમાં સર્વાંગ અતીન્દ્રિય આનંદ ભર્યો પડ્યો છે. આહાહા..! એવો અખંડાનંદ, પ્રભુ! **'તે (આ આત્મા)...'** વિકલ્પ એ આત્મા નહિ. શુભરાગ, દયા, દાન, વ્રત, ભક્તિ એ બધો રાગ એ આત્મા નહિ. આહાહા..!

**'સમસ્ત નયરાશિનો અવિષય છે;...'** ઠીક. વિકલ્પ તો ભવનું કારણ (છે) પણ નય, જે જ્ઞાનના પ્રકાર, એનાથી જે નય, નિશ્ચય અને વ્યવહાર, એનો જે વિકલ્પ, એનો એ વિષય નથી. નયના વિકલ્પનો એ વિષય આત્મા નથી. ધ્યેય નથી. એનાથી તે પકડાય એવો નથી. આહાહા..! નિશ્ચયનય સ્વભાવને આશ્રયે પકડાય એમ છે. પણ નિશ્ચયનયનો જે વિકલ્પ, જે રાગ છે એનાથી એ પકડાય એવો નથી. આહાહા..! ક્યાંની વાત ચાલે છે આ તો?

પ્રભુ! તું કેવડો છો? તારી મોટપનો પાર નથી, પ્રભુ! તને હીણો બતાવવો એ કલંક છે. આહાહા..! એને હીણો બતાવવો, અલ્પ બતાવવો, ઓછો બતાવવો એ બધું કલંક છે. એ અખંડાનંદ પ્રભુ અંદર વસ્તુ છે ને? પદાર્થ છે ને? હયાતીવાળું તત્ત્વ અરૂપી ચૈતન્ય ભગવાન છે ને? એ અખંડાનંદ આનંદથી ભરેલો ભગવાન પૂર્ણ છે. આહાહા..! એ વિપરીત તો નથી પણ અપૂર્ણતા એમાં નથી. આહાહા..! અખંડાનંદનો નાથ ભગવાનઆત્મા છે એમાં દયા, દાનની વિપરીતતા તો નથી પણ એમાં અખંડાનંદમાં... આહાહા..! ભેદ પણ નથી. એકરૂપ છે.

**'તે (આ આત્મા) સમસ્ત નયરાશિનો અવિષય છે;...'** બધી નયરાશિ. અહીં તો વિકલ્પવાળી લીધી. નય બે પ્રકારની છે ને? વિકલ્પવાળી અને નિર્વિકલ્પ. પ્રમાણ પણ વિકલ્પવાળું અને નિર્વિકલ્પ. આહાહા..! **'સમસ્ત નયરાશિ...'** જ્ઞાનના અંશોથી જેટલી નયો છે, વ્યવહાર અને નિશ્ચયના વિકલ્પો, એ બધાનો અવિષય છે. એનાથી તે જણાય એવો નથી. એનો એ વિષય નથી. માણસ નથી કહેતા? કે, ભાઈ! આ તારો વિષય નહિ. કુંભારને એમ કહે કે ઝવેરાતનો તારો વિષય નથી, બાપુ! ઝવેરાતનો વિષય તારો નથી, ભાઈ! તું સાંભળવા બેઠો પણ એ વિષય જુદી જાતનો છે. તું ઘડા ઘડ. કુંભાર તો ઘડા ઘડે કાં તો એ ટીપણા-ટીપણા કર્યા કરે. એનો કાંઈ ઝવેરાતનો વિષય છે? આહાહા..! એમ અનાદિનો નયરાશિનો વિષય નથી. આહાહા..! એ તો નયથી પાર–વિકલ્પની નયથી પાર છે. એવો ભગવાન અવિષય છે. અવિષય સમજાણું? એના ધ્યેયમાં, વિષયમાં એ આવી શકતો નથી. નયના વિકલ્પમાં એ આવી શકતો નથી. ભગવાનઆત્મા નિશ્ચયનયના અને વ્યવહારનયના વિકલ્પમાં વિષય એનો થઈ શકતો નથી. એનાથી એ જાણી શકાતો નથી, એનાથી એનો અનુભવ થઈ શકતો નથી, એની સત્તાનો પત્તો નયના વિકલ્પથી મળતો નથી. આહાહા..! વ્યવહાર,

નિશ્ચય આદિ નય ઘણા પ્રકારે છે પણ એ બધાથી ભગવાનનો પત્તો મળે એવું નથી. કારણ કે એ નયના વિકલ્પો વસ્તુમાં નથી. જેમાં નથી તેનાથી મળે એ વસ્તુ હોઈ શકે નહિ. આહાહા..! ભારે આકરું કામ. સંપ્રદાયમાં વાત સાંભળી હોય અને આ વાત સાંભળે એને ઊગમણી-આથમણી લાગે. આ કઈ જાતની વાત! આહાહા..! શું હશે આ તે? આ તે કાંઈ અદ્ધરથી લાવ્યા હશે?

આ તો ભગવાનની વાણી છે, પ્રભુ! ભગવાન ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ, જિનેશ્વરદેવની આ વાણી છે. આ કોઈ પક્ષ અને સંપ્રદાયની વાણી નથી. આહાહા..! કહે છે, કે **'તે (આત્મા) સમસ્ત નયરાશિનો અવિષય છે; માટે આ કોઈ (અવર્ણનીય)...'** છે. માટે આ કોઈ અવર્ણનીય છે. એનું વર્ણન કરવામાં આવતું નથી. વર્ણન કરવા જાય તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. આહાહા..! અખંડાનંદ એમ છે પણ એ તો વિકલ્પ આવ્યો. એનું વર્ણન કર્યું એ વિકલ્પથી વર્ણન (થયું). આહાહા..! એ અવર્ણનીય છે.

**'આત્મા દ્વૈત કે અદ્વૈતરૂપ નથી...'** આહાહા..! શ્લોકો બહુ ઊંચા કર્યા. એ દ્વૈતનો વિકલ્પ દ્રવ્ય અને પર્યાય, આત્મા દ્રવ્ય પણ છે અને પર્યાય પણ છે એવા બેનો વિકલ્પ પણ એનો વિષય નથી. તેમ અદ્વૈત દ્રવ્ય એક છે એનો પણ વિકલ્પનો વિષય નથી. આહાહા..! **'(અર્થાત્ દ્વૈત-અદ્વૈત વિકલ્પોથી પર છે). તેને એકને હું...'** તે એકને–ત્રિકાળી ભગવાન એકને... આહાહા..! એક સ્વરૂપે બિરાજમાન અનાદિઅનંત નિત્ય ધ્રુવ છે એ તો. નિત્યાનંદ પ્રભુ ધ્રુવ. બધાના ભગવાનઆત્મા નિત્યાનંદ ધ્રુવ છે. પ્રસિદ્ધિ ન આવી અને પામરની પ્રસિદ્ધિએ પ્રભુને ત્યાં રોકી લીધો. આહાહા..! આબરૂ, પૈસા, કીર્તિ, વિકલ્પ, દયા, દાન, વ્રત એણે ઘેરો ઘાલ્યો. આહાહા..! જેથી ત્યાંથી ખસીને અંદરમાં જવાનો અવકાશ લીધો નહિ. તેથી એનું ભવભ્રમણ મટ્યું નહિ. આહાહા..!

**'તેને એકને હું અલ્પ કાળમાં ભવભયનો નાશ કરવા માટે...'** એકસ્વરૂપી પ્રભુ. અનંત અનંતગુણસ્વરૂપ. ગુણવાળો પણ નહિ. ગુણવાળો એ ભેદ પડી ગયો. ગુણી ભગવાન અને ગુણવાળો એ ભેદ. એ તો ગુણમય છે. આહાહા..! જ્ઞાન-દર્શન-આનંદ, અખંડાનંદ એ બધા ગુણમય ભગવાન છે. **'તેને એકને હું અલ્પ કાળમાં ભવભયનો નાશ કરવા માટે...'** અલ્પકાળમાં ભવના ભયનો નાશ કરવા માટે **'સતત વંદું છું.'** આહાહા..! નિરંતર એને વંદન કરું છું, આદર કરું છું. આહાહા..! આ વાણી સાંભળવા મળે નહિ. સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો, આ કરો, તે કરો. અમે (સંવત) ૧૯૮૨ની સાલમાં 'જામનગર'માં રહ્યા હતા ને. ઓલા લોકાશાના અપાસરે. આઠમના અને પૂનમના પોષા કરે. ૨૫-૩૦-૪૦ માણસો આવે. પોષા કરે એટલે બસ જાણે કે, ઓહોહો..! ધર્મ થઈ ગયો આપણને જાણે.

મુમુક્ષુ :– આખો દિ' દુકાને ન ગયા.

ઉત્તર :– દુકાને ન ગયા એમાં શું દાળિયા થયા? આ અંદર દુકાન છે એમાં તો ગયો

નહિ. તેથી 'તારાચંદભાઈ'ને એ પ્રશ્ન ઊઠ્યો હતો. કીધું નહિ? એકલા આવ્યા. મેં કહ્યું જેટલી આ શુભાશુભની ક્રિયાકાંડ જે છે એ ધર્મ નથી. શુભભાવની જે આચરણ ક્રિયા એ ધર્મ નથી. ત્યારે આ ખાનગી એકલા આવ્યા. મહારાજ! આ બધું શું છે ત્યારે? આ બધું ઓલું થાય છે. ગમે તેમ થાય. જુઓ! તમારું 'જ્ઞાનસાગર'. મન, વચનની, કાયાની શુભક્રિયાથી પુણ્ય બંધાય. શુભક્રિયાથી પુણ્ય બંધાય. નામકર્મ. એનાથી ધર્મ ન થાય. જુઓ! તમારા 'પુનાતરે' કરેલું છે. 'જ્ઞાનસાગર' છાપ્યું છે ને? એ વાંચ્યું તે દિ' આખુ વાંચ્યું. ૧૯૬૮માં એમાંથી ઘણું વાંચીને મોઢે કરેલું. ૧૯૬૮ની સાલમાં. એમાં થોકડા પણ બધા છે. આહાહા..! આ થોકડો રહી ગયો.

અનંતગુણનો થોકડો, પ્રભુ! નિર્વિકલ્પ, ભવના કારણરૂપ વિકલ્પથી રહિત... આહાહા..! એવા આત્માને **'એકને હું અલ્પ કાળમાં...'** એકને જ વંદન કરું છું. કેમ? કે **'અલ્પ કાળમાં ભવભયનો નાશ કરવા માટે...'** અલ્પ કાળમાં ભવભયનો નાશ. આહાહા..! પાંચમા આરાની વાત.. પણ ટીકા છે ને? 'અધ્યાત્મ તરંગણિ' એમાં લખ્યું ત્રણ ભવ. ટીકા છે. જાજુ થાય તો ત્રણ ભવ થાય. એવું ટીકામાં છે. બતાવ્યું હતું ને? 'અધ્યાત્મ તરંગણિ' પાઠમાં સંસ્કૃત ટીકામાં છે. આવો કાળ, કેવળી નહિ, મનઃપર્યય નહિ, અવધિ નહિ, કોઈ લબ્ધિ વિશેષ ચમત્કારિક કાંઈ નહિ. એમાં જે કોઈ ધર્મ પામે એ તો અલ્પ કાળમાં જ મોક્ષ જશે હવે. એને બે-ત્રણ ભવ સિવાય હોય નહિ, એમ લખ્યું છે. 'અધ્યાત્મ તરંગણિ'. આ કળશના અર્થ કર્યા છે. આ કળશના થોકડા છે. એક આ કળશના. એ બીજા. ઓલા કળશનો અર્થ... છે આમાં? આ છે? આ નહિ? પાછળ છે. ત્રણ ભવ લખ્યા છે. ટીકામાં છે.

જે આત્માનું આરાધન કરશે, વિકલ્પથી રહિત નિર્વિકલ્પથી (આરાધન) કરશે, એ અહીં કહે છે, એને અલ્પ કાળમાં ભવભયનો નાશ થશે. આહાહા..! તેને **'સતત વંદું છું.'** નિરંતર એનો આદર કરું છું. ત્રિકાળી ચીજ આનંદકંદ પ્રભુ! એનો જ હું આદર (કરું છું). આહાહા..! ત્રણ ભવનું સંસ્કૃતમાં છે. લખ્યું હશે, ક્યાંય આપ્યું નથી. આપ્યું નહિ હોય. એમાં લખ્યું છે? એ તો આ બાજુમાં છે. બહાર બતાવ્યું. અહીં તો આ કાળ છે એમ કહ્યું ને?

**'એકને હું અલ્પ કાળમાં ભવભયનો નાશ કરવા માટે...'** એક ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, એનું જ હું ભજન કરું. ભક્તિ, એની ભક્તિ તે ભક્તિ. ભગવાનની ભક્તિ તે શુભરાગ. આહાહા..! હોય છે. અશુભથી બચવા શુભરાગ આવે. ત્યાં છે ને? 'अचिरात् शीघ्रम तद्भव तृतीय हवादो अवश्यम' પાઠ છે જુઓ! 'અચીરાત્'નો અર્થ કર્યો. એ ૪૮મો શ્લોક છે. ''एको मोक्षपंथा' એનો અર્થ કર્યો છે. 'अचिरात्' એટલે શું? अचिरात्', 'शीघ्रम',.. 'अचिरात्'નો અર્થ કર્યો. ૪૮ શ્લોક છે. એમાં અર્થ કર્યો છે, 'अचिरात्' – અલ્પ કાળમાં જાશે એટલે શું? 'शीघ्रम',.. એમાં છે. અહીં કહે છે કે અવશ્ય **'ભવભયનો નાશ કરવા માટે...'** એકને જ હું વંદન કરું છું. આહાહા..! વિશેષ આવશે.... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૦૯

(शिखरिणी)

सुखं दुःखं योनौ सुकृतदुरितव्रातजनितं
शुभाभावो भूयोऽशुभपरिणतिर्वा न च न च।
यदेकस्याप्युच्चैर्भवपरिचयो बाढमिह नो
य एवं संन्यस्तो भवगुणगणैः स्तौमि तमहम्।।२०९।।

**[શ્લોકાર્થ :–] યોનિમાં સુખ અને દુઃખ સુકૃત અને દુષ્કૃતના સમૂહથી થાય છે (અર્થાત્ ચાર ગતિના જન્મોમાં સુખદુઃખ શુભાશુભ કૃત્યોથી થાય છે). વળી બીજી રીતે (–નિશ્ચયનયે), આત્માને શુભનો પણ અભાવ છે તેમ જ અશુભ પરિણતિ પણ નથી–નથી, કારણ કે આ લોકમાં એક આત્માને (અર્થાત્ આત્મા સદા એકરૂપ હોવાથી તેને) ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી. આ રીતે જે ભવગુણોના સમૂહથી સંન્યસ્ત છે (અર્થાત્ જે શુભ-અશુભ, રાગ-દ્વેષ વગેરે ભવના ગુણોથી–વિભાવોથી–સહિત છે) તેને (–નિત્યશુદ્ધ આત્માને) હું સ્તવું છું. ૨૦૯.**

**પ્રવચન નં. ૧૪૫, શ્લોક-૨૦૯-૨૧૦, ગુરુવાર જ્યેષ્ઠ વદ ૭, તા.૦૫-૦૬-૧૯૮૦**

૨૦૯મો કળશ.

सुखं दुःखं योनौ सुकृतदुरितव्रातजनितं
शुभाभावो भूयोऽशुभपरिणतिर्वा न च न च।
यदेकस्याप्युच्चैर्भवपरिचयो बाढमिह नो
य एवं संन्यस्तो भवगुणगणैः स्तौमि तमहम्।।२०९।।

**શ્લોકાર્થ** :- અરે..! આ ઉત્પત્તિ! '**યોનિમાં સુખ અને દુઃખ સુકૃત અને દુષ્કૃતના સમૂહથી થાય છે...**' આહાહા..! ચોર્યાશી લાખ યોનિમાં અનંતવાર અવતરવું એ શુભ-અશુભભાવથી થાય છે. આહાહા..! નિગોદની વાત જુઓને! એ અશુભભાવથી ગયો ને? એક નિગોદ લસણ અને ડુંગળી, એમાં એક શ્વાસ લઈએ એમાં અઢાર ભવ થાય. આહાહા..! ભગવાનની વાણીમાં ભગવાને કહ્યું. એક શ્વાસમાં અઢાર ભવ. એનો એક અંતર્મુહૂર્ત ૪૮ મિનિટ. અંતર્મુહૂર્ત ૪૮ મિનિટ. મુહૂર્ત તો બે ઘડી. ૪૮ મિનિટની અંદર આ તો. અંતર્મુહૂર્તમાં નિગોદના ભવ અશુભથી...

આવ્યું ને અહીંયાં? અશુભથી. આહાહા..! ૬૬૩૩૬ ભવ કરે. આહાહા..! ઘણો કાળ તો નિગોદમાં ગયો. આહાહા..! ત્યાં નિગોદમાં તો એકલો અક્ષરના અનંતમાં ભાગનો ઉઘાડ, બાકી બધું દુઃખ. આહાહા..! અંદર ભાવમાં દુઃખ, હોં! સંયોગનું નહિ. નારકીને કાંઈ સંયોગનું દુઃખ નથી. સંયોગના લક્ષનું દુઃખ છે. તેના ઉપર લક્ષ કરે છે ત્યાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થાય છે. આહાહા..! સંયોગને તો અડતો પણ નથી. આહાહા..!

કહે છે, એ નિગોદમાં,... **'યોનિમાં સુખ અને દુઃખ સુકૃત અને દુષ્કૃત...'** શુભભાવ અને અશુભભાવ. એના સમૂહ. અનંતવાર અસંખ્ય શુભભાવ થયા અને અનંતવાર અશુભભાવ થયા. એથી એના **'સમૂહથી થાય છે...'** આહાહા..! જોયું? **'સુકૃત અને દુષ્કૃતના સમૂહથી થાય છે...'** સુકૃત અને દુષ્કૃત, શુભભાવ અને અશુભભાવ અનંતવાર કર્યા છે. એ કોઈ ધર્મ નથી, એ કોઈ ચીજ નથી. આહાહા..! 'વ્રજલાલજી'! આવું ન્યાં કોઈ દિ' સાંભળ્યું નથી. આહાહા..! એવી વાત, ભગવાન! એવી આકરી વાત છે. અત્યારે વસ્તુ ફરી ગઈ. આહાહા..!

સવારે વાંચતા ખ્યાલમાં આવ્યું, કે ઓહો..! એક અંતર્મુહૂર્તમાં, ૪૮ મિનિટમાં, ૪૮ મિનિટની અંદર. અંતર્મૂહુર્ત તો ૪૮ મિનિટ થાય ત્યારે અંતર્મુહૂર્ત થાય. એની પણ અંદર... આહાહા..! નિગોદના એક શ્વાસ લઈએ એમાં અઢાર ભવ, એવા એક અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ ભવ. ગજબ વાત, બાપુ! પ્રભુએ જોયું છે, કેવળીએ જોયું છે. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... આદિ વિનાનો કાળ. ક્યાંય આદિ ક્યાં છે? એ અનાદિઅનંત એવા એક અંતર્મુહૂર્તમાં એટલા ભવ એવા અનંતવાર કર્યા. આહાહા..! અને અહીં જરી આવે ત્યાં સગવડતામાં રોકાય જાય, ખુશી થઈ જાય. આહાહા..!

કહે છે, કે યોનિમાં, આ ઊપજવાના સ્થાનોમાં નિગોદ આદિમાં કે ચોર્યાશીલાખની યોનિમાં **'સુખ અને દુઃખ સુકૃત અને દુષ્કૃતના સમૂહથી થાય છે...'** એ યોનિમાં સુખ અને દુઃખ થાય છે એ શુભ અને અશુભભાવના સમૂહથી થાય છે. આહાહા..! **'(અર્થાત્ ચાર ગતિના જન્મોમાં સુખ-દુઃખ શુભાશુભકૃત્યોથી થાય છે)'**. કૌંસમાં છે ને? **'ચાર ગતિના જન્મોમાં...'** આહાહા..! **'સુખદુઃખ શુભાશુભ કૃત્યોથી થાય છે.'** અહીં તો દયા, દાન, વ્રત, ભક્તિ શુભભાવ છે એ અનંતવાર કર્યા છે. આહાહા..! અને અનંતવાર એ શુભભાવનું ફળ મનુષ્ય કે સ્વર્ગ એને મળ્યા. અશુભભાવનું ફળ આ નિગોદ અને એકેન્દ્રિયાદિ મળ્યા. આહાહા..! અનાદિકાળ–આદિ વિનાનો કાળ. આ ભવ છે એના પહેલા ભવ... એના પહેલા ભવ.. પછી ક્યાંય ભવનો અંત છે કે આ છેલ્લો ભવ અનાદિમાં? આહાહા..! એવા અનંત અનાદિ ભવમાં યોનિમાં ઉપજ્યો એ સુકૃત અને દુષ્કૃતને કારણે. એને કારણે સુખ અને દુઃખ થાય છે. આહાહા..!

અંતર્મુહૂર્તમાં ૬૬ હજાર નિગોદના ભવ કરે એ દુઃખ કેટલું હશે? જેને અક્ષરના અનંતમો ભાગનો જ ઉઘાડ છે. આહાહા..! અત્યારે આ બહાર જાણપણાનો ઉઘાડ દેખાય છે ને?

એનો ઉઘાડ એને તો અક્ષરના અનંતમાં ભાગે એક જરીક છે. આહાહા..! દ્રવ્ય છે એ પરિપૂર્ણ ભગવાન અંદર છે. પરિપૂર્ણ પ્રભુ છે. પણ પર્યાયમાં અક્ષરના અનંતમે ભાગે વિકાસ જે આ બહારથી ઉઘાડ દેખાય છે એવો એને ઓછો ઉઘાડ છે. એમાં અનંતવાર જઈ આવ્યો છે. આહાહા..!

**'(અર્થાત્ ચાર ગતિના જન્મોમાં સુખદુઃખ શુભાશુભ કૃત્યોથી થાય છે). વળી બીજી રીતે...'** જોઈએ તો **'આત્માને શુભનો પણ અભાવ છે.'** વસ્તુમાં તો અભાવ છે. આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાનનો સાગર, અતીન્દ્રિય આનંદનો દરિયો પ્રભુ, એમાં તો શુભ અને અશુભ છે નહિ. વસ્તુમાં શુભ-અશુભ છે નહિ. એ પર્યાયમાં નવા ઊભા કરે છે અને સુખદુઃખને ભોગવે છે. આહાહા..! **'(–નિશ્ચયનયે), આત્માને શુભનો પણ અભાવ છે...'** પણ કેમ કહ્યું કે એને અશુભ કહેવું છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ વસ્તુમાં નથી. એ તો વિકાર અવસ્થા ઉપરની છે. આહાહા..! પર્યાયમાં છે. અને પર્યાયમાં હવે અનંત સુખ દુઃખ ભોગવવાનો છે. આહાહા..! દ્રવ્યમાં એ શુભાશુભભાવ પણ નથી. તેથી એને દ્રવ્યમાં સુખદુઃખનું ભોગવવું પણ નથી. આહાહા..! દ્રવ્ય તો સચ્ચિદાનંદ પ્રભુ, અનંત આનંદનો નાથ... આહાહા..! અખંડાનંદ અનાદિઅનંત દ્રવ્ય વસ્તુ પડી છે. આ બધી પર્યાય–અવસ્થાની વાતું છે. આહાહા..! એ અવસ્થામાં અવતાર, અવસ્થામાં સંસાર અને અવસ્થામાં મોક્ષમાર્ગ અને અવસ્થામાં મોક્ષ. એ બધું અવસ્થામાં–પર્યાયમાં છે. છે?

**'આત્માને શુભનો પણ અભાવ છે...'** દયા, દાન, વ્રત, ભક્તિ આદિના શુભભાવ, ભગવાનનું સ્મરણ કરવું આદિ પણ એ શુભભાવનો દ્રવ્યમાં તો અભાવ છે. એ પર્યાયમાં છે, વસ્તુમાં નથી. આહાહા..! **'તેમ જ અશુભ પરિણતિ પણ નથી–નથી,...'** ત્યાં બે વાર નાખ્યું. આહાહા..! દ્રવ્ય સ્વભાવમાં **'અશુભ પરિણતિ પણ નથી—નથી,...'** અશુભ અવસ્થા વસ્તુ સચ્ચિદાનંદ દ્રવ્ય તત્ત્વ વસ્તુ છે એ તો સકળ નિરાવરણ અખંડાનંદ એક અવિનાશી પરમ શુદ્ધ પરિણામિકભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય છે. આહાહા..! એને તો શુભ અને અશુભનો ભાવ વસ્તુમાં નથી. પર્યાયમાં છે, એની અવસ્થામાં છે, હાલતમાં, પલટતી દશામાં એ છે. એમાં એ શુભાશુભભાવ થાય છે એના સુકૃત અને દુષ્કૃત દુઃખો ભોગવે છે. આહાહા..!

કોઈ દિ' ઊંચું માથુ કર્યું નથી. કે હું કોણ છું? હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? ક્યાં જઈશ? 'શ્રીમદ્દે' ન કહ્યું? 'શ્રીમદ્દે' ૧૬ વર્ષે કહ્યું.

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે. રાખું કે એ પરિહરું.
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિકજ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.'

આહાહા..! ૧૬ વર્ષે કહે છે. શરીરની અવસ્થા સોળ છે. આત્માને ક્યાં અવસ્થા છે?

આત્મા તો અનાદિ-અનંત છે. આહાહા..! આવામાં હું કોણ છું? ક્યાંથી થયો? એણે કે દિ' વિચાર કર્યો? હું આત્મા છું. ક્યાંથી થયો? કે અનાદિનો છું. મારું ખરું સ્વરૂપ શું છે? ખરું સ્વરૂપ તો શુદ્ધ આનંદકંદ એ જ સ્વરૂપ છે. પુણ્ય અને પાપના ભાવ એ એનું ખરું સ્વરૂપ નથી. એ તો બધી વિકૃત અવસ્થા છે એને લઈને દુઃખી છે અને ચાર ગતિમાં રખડે છે. આહાહા..!

**'કારણ...'** અશુભની પરિણતિ અને શુભનો ભાવ બેય, ભગવાન શુદ્ધ ચૈતન્યતત્ત્વ જે તત્ત્વ છે, દ્રવ્ય છે, વસ્તુ છે, એમાં શુભાશુભભાવનો અભાવ છે. એ તો પર્યાયમાં શુભાશુભ છે. આહાહા..! **'કારણ કે આ લોકમાં એક આત્માને...'** આહાહા..! **'(અર્થાત્ આત્મા સદા એકરૂપ હોવાથી તેને) ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી.'** આહાહા..! ભગવાન દ્રવ્યસ્વભાવ ચૈતન્યસ્વભાવ ત્રિકાળ, એને તો ભવનો પરિચય નથી. એને ભવ નથી અને ભવનો પરિચય નથી. આહા..! પર્યાયમાં ભવ થયા પણ દ્રવ્ય તો એ પર્યાયને અડતું પણ નથી, કહે છે. આહાહા..! એવું અંતરતત્ત્વ પડ્યું છે ભગવાન. એની દૃષ્ટિ કર્યે જન્મ-મરણ મટે એવું છે. આહાહા..!

**'ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી.'** આહાહા..! ભગવાન દ્રવ્યસ્વરૂપ જે વસ્તુ છે, ત્રિકાળી સનાતન, સનાતન સત્ય, પર્યાય–અવસ્થા સિવાય સત્ વસ્તુ જે છે એ એકરૂપ છે તેથી ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી. આહાહા..! એવા અનંતા અનંતા લસણ અને ડુંગળી અને લીલ-ફુગ... લીલ-ફુગ આ પાણીમાં આવે છે ને? શેવાળ. એ શેવાળની એક કટકીમાં તો અસંખ્ય શરીર છે અને એક એક શરીરમાં અનંત જીવ છે. અરે..! કોણ મને આ વાત? વીતરાગ પરમાત્મા કેવળી પરમેશ્વરે પ્રત્યક્ષ જોયું છે અને છે એમ વસ્તુ. આહાહા..! કહે છે, કે એ ભવ થયા. પણ એ તો પર્યાય–અવસ્થામાં થયા. વસ્તુને તો એનો પરિચય બિલકુલ નથી. આહાહા..! એ ચીજને જો ને. આહાહા..! જેમાં ભવનો બિલકુલ પરિચય નથી, એવી ચીજને પ્રભુ તું જો ને. ભવનો અભાવ કરવામાં આ એક જ રીત છે. આહાહા..! કોઈ ક્રિયાકાંડ આ કરું ને તે કરું ને એ બધું કરી રખડી મરવાના છે. આહાહા..! આકરી વાતું છે બધી. એ તો માથે આવી ગયું–સુકૃત અને દુષ્કૃત. શુભ અને અશુભના ફળ સુખ અને દુઃખ સંસારના, એ પર્યાય અવસ્થામાં વેદ્યા. ભગવાન જે દ્રવ્ય વસ્તુ છે એ તો સનાતન છે એને ભવનો બિલકુલ પરિચય (નથી). આહાહા..! કહો, પર્યાયમાં ભવ છે, દ્રવ્યમાં નથી.

મુમુક્ષુ :– દ્રવ્યમાં નથી માટે તો અભાવ છે.

ઉત્તર :– એ માટે તું દ્રવ્યદૃષ્ટિ કર. જો ભવરહિત થવું હોય, પ્રભુ! તો વસ્તુ જે અનાદિઅનંત સનાતન સત્ય છે. એ આ પર્યાય બદલે છે તેમાં બધો સંસાર અને ભવ છે. ભવનો અભાવ કરવો હોય તો પ્રભુ એ દ્રવ્યની દૃષ્ટિ કર. આહાહા..! કે જે દ્રવ્ય એટલે

વસ્તુ ભવના બિલકુલ પરિચયમાં નથી. આહાહા..! આવી વાતું હવે. એક તો પકડાવી કઠણ, પહેલી તો સાંભળવી મળે નહિ. શું થાય? આ ત્રણલોકના નાથ 'સીમંધર' ભગવાન બિરાજે છે એમની વાત છે. ત્યાંથી આવેલી વાત છે આ. આહાહા..!

કહે છે, કે આ સુખ-દુઃખ જે તેં અનંતવાર અને અનંતકાળ વેદ્યા એનું કારણ તો તારા શુભાશુભભાવ છે. આહાહા..! એનું કારણ દ્રવ્ય નથી. આહાહા..! ઇ શું આ છે? દ્રવ્ય ને પર્યાય ને... આહાહા..! ભગવાન! તારું સ્વરૂપ દ્રવ્યરૂપે છે, પર્યાયરૂપે પણ છે. પ્રમાણનો વિષય દ્રવ્ય અને પર્યાય બે છે. શુદ્ધનિશ્ચયનો વિષય એકલું દ્રવ્ય, તેમાં શુભાશુભ પર્યાયનો વિષય જ નથી. પર્યાયનો વિષય જોવે ત્યારે શુભાશુભભાવ થાય. આહાહા..! વિષય શું? ને નય શું? આહાહા..!

પહેલી વાત કરી. સુખ-દુઃખને ભોગવવા માટે અનંતવાર જીવે શુભ અને અશુભ કર્યાં. પણ પાછું કહ્યું, પ્રભુ! તારે શુભ-અશુભ રહિત થવું હોય તો દ્રવ્ય છે એમાં શુભ-અશુભ છે નહિ. આહાહા..! વસ્તુ પડી છે ભગવાન સનાતન સત્ હયાતીવાળી સત્તા ચીજ છે આત્મા. એનો જ્ઞાન અને આનંદ આદિ ત્રિકાળ સ્વભાવ (છે). એ દ્રવ્ય અને ગુણ તો.. આહાહા..! ભવની પર્યાયના શુભાશુભ કારણો તેને તે અડ્યો પણ નથી. આહાહા..! એમ કહેવાનો આશય એમ છે, કે એવા ભવ તેં કર્યાં એ જો હવે ન કરવા હોય તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે કે જેમાં ભવ નથી. આહાહા..! સમજાય છે ભાઈ! એવી આ જુદી જાત છે. ન્યાં 'અમદાવાદ'માં કોઈ દિ' સાંભળ્યું નથી. બહુ ફેરફાર થઈ ગયો છે. અમને તો ખબર છે, અહીં ૯૧ વર્ષ થયા. ૭૦ વર્ષથી તો આ માંડી છે. આહાહા..! અરે..રે..! આ વસ્તુ ક્યાં રહી ગઈ? સત્ય ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકરોએ મૂળ તત્ત્વ કહ્યું, એ મૂકીને (બીજી બધી) વાત. અહીં ન કીધું?

શુભાશુભભાવથી, સુકૃત-દુષ્કૃતથી સુખ દુઃખ થશે. હવે એનો અર્થ શું થયો? જે કાંઈ તારા શુભ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, આ ભગવાનના દર્શન, ગમે તે જાત્રા (કરે), એ શુભનું ફળ શુભ આવશે. આહાહા..! સાંસારિક અનુકૂળ સુખ મળશે. રખડવાનું ત્યાં રહેશે. આહાહા..! હવે એમાં તારે રખડવું મટાડવું હોય, પ્રભુ! તો તારો આત્મા જે અંદર છે એમાં શુભાશુભનો અભાવ છે. આહાહા..!

**'આ લોકમાં...'** આહાહા..! **'એક આત્માને...'** એક સ્વરૂપે ભગવાન અંદર ચૈતન્ય ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, સહજાનંદ પ્રભુ અંદર (છે), એને **'ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી.'** આહાહા..! આવી વાત પણ કાને પડવી મુશ્કેલ પડે. બીજે ક્યાં છે? દયા પાળો, આમ કરો, તેમ કરો, વ્રત પાળો, પંચમહાવ્રત (પાળો) ને એવી બધી વાતું. આહાહા..! એ સમ્યગ્દર્શન વિના થોથા. ચાર ગતિમાં રખડવાનું ફળે. આકરી વાત પડે, પ્રભુ! આહાહા..! **'ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી.'** આહાહા..! પ્રભુ! તારે જો ભવરહિત થવું હોય, આવા ભવ કર્યાં...

આહાહા..! એક અંતર્મુહૂર્તમાં કેટલા શ્વાસ હશે? એ ક્યાંક લખ્યું હશે. મગજમાં આવ્યું નથી.

મુમુક્ષુ :– ૩૬૮૫.

ઉત્તર :– શ્વાસ? ક્યાં છે?

મુમુક્ષુ :– 'હેમંતભાઈ'એ હિસાબ કરીને કાઢ્યું.

ઉત્તર :– 'હેમંતભાઈ'એ શું?

મુમુક્ષુ :– 'હેમંતભાઈ'એ હિસાબ કરીને કાઢ્યું.

ઉત્તર :– ચોપડી કાઢી?

મુમુક્ષુ :– હેમંતભાઈ હિસાબ કરીને કાઢે છે એમ કહે છે.

ઉત્તર :– એમ? ક્યા 'હેમંતભાઈ'?

મુમુક્ષુ :– આપણો 'હેમંત ગાંધી'.

ઉત્તર :– આપણો 'હેમંત'! હા. એ છે ખરો. એ મગજવાળો છે. વિચાર બહુ કરે છે, વાંચન બહુ કરે છે, હોં! તેં કે દિ' કાઢ્યું હતું? હમણાં? હા, હશે. એને વાંચન છે. 'હેમંતભાઈ'ની ૨૬-૨૭ વર્ષની ઉંમર છે. માસિક ૭૦૦નો પગાર છે. 'મુંબઈ' બેંકમાં હતો. છોડી દીધું. ૮૦૦ પગાર થવાનો હતો. બે વર્ષમાં ૧૦૦૦ થવાનો હતો. છોડી દીધું. બાળબ્રહ્મચારી જાવજીવ રહેવું છે એને. છોડી દીધું. વિચાર સારો કર્યો. આહાહા..!

એક શ્વાસમાં અઢાર ભવ... આહાહા..! એ શ્વાસ એમાં અઢાર ભવ કરે. લસણ, ડુંગળી ને લીલ-ફુગ. પાણી ઉપર લીલ-ફુગ હોય ને? એમાં એક કટકીમાં અસંખ્ય શરીર છે. લસણની એક રાય જેટલી કટકી લ્યો તો એમાં અસંખ્ય તો શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા, છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધ થાય, એટલી સંખ્યા જે સિદ્ધ થઈ અત્યાર સુધી, એથી અનંતગુણા એક શરીરમાં જીવ છે. આહાહા..! કોણ માને આ? લસણની રાય જેટલી કટકી લ્યો તો એમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એથી અનંતગુણા જીવ છે. આહાહા..! વીતરાગની વાતું કેવળી ત્રણકાળ, ત્રણલોક જોવે. 'સીમંધર' ભગવાન તો તીર્થંકર છે. કેવળી તીર્થંકર છે. બીજા સામાન્ય તીર્થંકર ... લાખો કેવળી, મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. બધા ભગવાનોનું આ કથન છે. આહાહા..! અનંતા તીર્થંકરો થયા, થાય અને થશે એ બધાનું આ કથન છે. આહાહા..!

**'ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી.'** તારે ભવરહિત થવું હોય, પ્રભુ! તો એ વસ્તુ છે એમાં ભવ નથી. ચોક્કસ કહીએ છીએ. ચોક્કસ બિલકુલ. આહાહા..! જ્ઞાયકસ્વરૂપ જે અંદર ચિદાનંદ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એને ભવ કેવા? એ તો પર્યાય–અવસ્થા–દશા–પલટન એમાં ભવ છે. એ પર્યાય એમાં નથી. આહાહા..! **'ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી.'**

**'આ રીતે જે ભવગુણોના સમૂહથી સંન્યસ્ત છે...'** આહાહા..! ભવના ગુણોથી જેને ત્યાગ છે **'તેને (–નિત્યશુદ્ધ આત્માને...)'** એવો જે આત્મા... આહાહા..! શું કહ્યું? જેને ભવના

રખડવાના ગુણો... આહાહા..! એનો અસંખ્ય સમૂહ. શુભ અસંખ્ય અને અશુભ અસંખ્ય એનો ઢગલો. એ બધું અનંતવાર કર્યું. એનો **'સંન્યસ્ત છે...'** એ વસ્તુમાં એનો ત્યાગ છે. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ! દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ એ તો શુભાશુભભાવ એ તો ભવના ગુણો છે, બાપા! આહાહા..! એ ભવના ગુણોના સમૂહથી ત્યાગી છે. આહાહા..! આ તો બહારના બાયડી-છોકરા છોડીને બેસે એટલે ત્યાગી સાધુ થઈ ગયા. પણ આ અંદર ભવના ભાવ વિનાનું તત્ત્વ છે, એની દૃષ્ટિ વિના ભવનો અભાવ ત્રણકાળમાં નહિ થાય. જેમાં ભવ નથી, ભવનો જેને બિલકુલ પરિચય નથી, એવું જે દ્રવ્ય છે એની દૃષ્ટિ અને અનુભવ વિના ભવ મટશે નહિ, બાપા! આહાહા..! આવી વાત છે. આ દુનિયાની હોંશુ અને હરખમાં જિંદગી ચાલી જાય છે. પૂરી થશે. ક્યાં જશે? ચોર્યાશી લાખના મોટા અવતાર પડ્યા છે. આહાહા..!

એ ભવના ગુણ વિનાનો હોય તો ભગવાન! તું એકલો છો. ભવના ગુણો આત્મામાં નથી. ભવના ગુણો પર્યાયમાં છે. આહાહા..! ઝીણું છે પણ પરમ સત્ય છે, પ્રભુ! આહાહા..! અરે..! એણે કોઈ દિ' સાંભળ્યું નથી. સાંભળીને એણે વિચાર–નિર્ણય કર્યો નથી. અરે..! હું અહીંથી ક્યાં જઈશ? આહાહા..! ભાષા કેવી કરી છે? એ **'ભવગુણોના સમૂહથી સંન્યસ્ત છે...'** ભવના ગુણો એટલે શુભ અને અશુભભાવ. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધાદિ પરિણામ ભવના ગુણો છે. આહાહા..! એ ભવના ગુણો છે. એ ભવના ગુણોનો સમૂહ એમાં સંન્યસ્ત છે. ભગવાન અંદર દ્રવ્ય તો એનાથી રહિત છે. વસ્તુ જે દ્રવ્યતત્ત્વ છે, જે આત્મતત્ત્વ છે એ પર્યાયથી રહિત છે માટે પર્યાયમાં ગુણ છે એ અંદરમાં નથી. આહાહા..! અરે..! એના ઘરની વાત સાંભળવા મળે નહિ. સાંભળવા મળે તો ઉપરથી કાઢી નાખે. થઈ રહ્યું. આહાહા..! કેટલો શ્લોક સરસ છે. ૯મો શ્લોક છે, ૨૦૯. ઓહોહો..!

**'આ રીતે જે ભવગુણોના સમૂહથી સંન્યસ્ત છે (અર્થાત્ જે શુભ-અશુભ, રાગ-દ્વેષ વગેરે ભવના ગુણોથી–વિભાવોથી–રહિત છે)...'** પ્રભુ અંદર. ભગવાનઆત્મા ત્રિકાળી સનાતન સત્ય એ તો ભવના ગુણથી રહિત છે. ભવના રખડવાના ગુણ એ તો પર્યાયમાં–અવસ્થામાં છે. પલટતી, બદલતી દશામાં છે. નહિ પલટતું ધ્રુવ જે ત્રિકાળ છે એમાં એ નથી. આહાહા..! એકવાર તો સાંભળીને ઠરી જાય એવું છે. આહાહા..! આવી વાત છે. આ તો આપણે તો વ્યાખ્યાનમાં ઘણી વાર વંચાઈ ગયું છે.

**'જે શુભ-અશુભ, રાગ-દ્વેષ વગેરે ભવના ગુણોથી–વિભાવોથી–રહિત છે તેને...'** એવો જે ભગવાન નિત્ય દ્રવ્ય તેને, જેમાં ભવના ગુણનો અભાવ છે તેને, જેને ભવનો પરિચય નથી તેને.. આહાહા..! દ્રવ્યને **'(નિત્યશુદ્ધ આત્માને)...'** **'તેને...'** એટલે કોણ? **'(–નિત્યશુદ્ધ આત્માને)...'** આહાહા..! તેને એટલે નિત્યશુદ્ધ આત્મા. એને **'હું સ્તવું છું.'** મુનિરાજ કહે છે કે હું તો એને સ્તવું છું. હું કોઈ ભગવાનની સ્તુતિ-બુતિને સ્તવતો નથી. આહાહા..!

ભવના જે ગુણો છે તેને હું સ્તવતો નથી એટલે? તેની હું પ્રશંસા કરતો નથી. આહાહા..! આવો જે નિત્ય શુદ્ધઆત્મા છે અસ્તિપણે છે, સત્તાપણે છે, હોવાપણે અનાદિઅનંત છે. એવી હોવાપણાવાળી ચીજ જે પલટન વિનાની, પલટતી પર્યાયમાં તો ભવના ભાવ છે. આહાહા..! એનાથી રહિત એવો જે નિત્યશુદ્ધ આત્મા તેને '**હું સ્તવું છું.**' તેના હું ગુણગાન કરું છું, તેનું સ્તવન કરું છું. આહાહા..! ભારે શ્લોક આવ્યો. ૨૦૯મો ભારે શ્લોક છે. આહાહા..! થોડામાં પણ ઘણું ભર્યું છે. એ ૨૦૯ (શ્લોક પૂરો થયો).

## શ્લોક-૨૧૦

(मालिनी)

इदमिदघसेनावैजयन्तीं हरेत्तां
स्फुटितसहजतेजःपुंजदूरीकृतांहः-।
प्रबलतरतमस्तोमं सदा शुद्धशुद्धं
जयति जगति नित्यं चिच्चमत्कारमात्रम्।।२१०।।

**[શ્લોકાર્થ :–] સદા શુદ્ધ-શુદ્ધ એવું આ (પ્રત્યક્ષ) ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ જગતમાં નિત્ય જયવંત છે—કે જેણે પ્રગટ થયેલા સહજ તેજઃપુંજ વડે સ્વધર્મત્યાગરૂપ (મોહરૂપ) અતિપ્રબળ તિમિરસમૂહને દૂર કર્યો છે અને જે પેલી *અઘસેનાની ધજાને હરી લે છે. ૨૧૦.**

## શ્લોક-૨૧૦ ઉપર પ્રવચન

૨૧૦.

इदमिदघसेनावैजयन्तीं हरेत्तां
स्फुटितसहजतेजःपुंजदूरीकृतांहः-।
प्रबलतरतमस्तोमं सदा शुद्धशुद्धं
जयति जगति नित्यं चिच्चमत्कारमात्रम्।।२१०।।

**શ્લોકાર્થ :-** આહાહા..! '**સદા શુદ્ધ-શુદ્ધ એવું આ (પ્રત્યક્ષ)...**' જેવું આ કીધું ને આ? '**આ...**' એનો અર્થ '**(પ્રત્યક્ષ)...**' કર્યો. આ સદા શુદ્ધ. આહાહા..! સદા–ત્રિકાળ ભગવાન

* અઘ = દોષ; પાપ.

દ્રવ્યસ્વભાવ **'શુદ્ધ-શુદ્ધ એવું આ (પ્રત્યક્ષ)...'** આહાહા..! **'ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ...'** એ ભગવાનઆત્મા તો ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ અલ્પ ક્ષેત્રમાં રહ્યું છે. શરીર પ્રમાણે રહ્યું પણ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે એવી તાકાત છે. એવું ચૈતન્યચમત્કારથી ભરેલું તત્ત્વ છે. દુનિયા બહારના ચમત્કારને ચમત્કાર માને છે. ભગવાન આ કહે છે, પ્રભુ! તારું ચૈતન્યચમત્કાર એવું છે કે એ શરીર પ્રમાણે એની અવગાહના–કદ-કદ ભલે હો, છતાં તેની તાકાત તો અનંતકાળ ત્રણકાળ, ત્રણલોકને જાણવાની છે. આહાહા..! છે?

**'સદા શુદ્ધ-શુદ્ધ...'** બે વાર લીધું છે. દ્રવ્યે પણ શુદ્ધ અને પર્યાયે પણ શુદ્ધ. એની પર્યાય શુદ્ધ. કારણપર્યાય છે એ શુદ્ધ છે. **'એવું આ (પ્રત્યક્ષ)...'** આહાહા..! **'ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ...'** ચૈતન્યચમત્કારમાત્ર એટલે જેનો સમય એક, એમાં જાણે ત્રણકાળ, ત્રણલોક. એવો ચૈતન્યચમત્કાર ભગવાન છે. આહાહા..! એ વસ્તુ અંદર એવી છે. ચૈતન્યચમત્કાર એટલા ક્ષેત્રમાં રહી છે પણ તેનું જ્ઞાન ત્રણકાળ, ત્રણલોકને જાણે. એ પણ તેને અડ્યા વિના જાણે એવી તાકાતવાળું તત્ત્વ છે. એવો ભગવાનઆત્મા તું છો. આહાહા..!

**'ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ જગતમાં નિત્ય જયવંત છે—'** દેખો! આહાહા..! પ્રભુ! તું જગતમાં જયવંત વર્તે છો. તારો કોઈ દિ' અભાવ, નાશ, ઉણપ, વિકાર એ તારામાં નથી. ઉણપ, વિકાર, પ્રતિકૂળતા (વિના) સદા અંદર જયવંત એકરૂપ વર્તે છે. આહાહા..! ચૈતન્ય દ્રવ્યસ્વરૂપ જે વસ્તુ એક સમયની પર્યાય રહિત એવું સદા જગતમાં નિત્ય જયવંત છે. આહાહા..! બહુ સારી વાત આવી છે. ગાથા પણ સારી છે. વર્તમાન એક સમયની જે વિચારની પર્યાય છે, એ વિચારની પર્યાય બદલ્યા કરે છે. પણ વસ્તુ અંદર જે છે એ ધ્રુવ છે, એ નિત્ય સનાતન, નિત્ય જયવંત છે. એનું અનિત્યપણું નથી. એ તો પર્યાયમાં અનિત્યપણું છે. વિચાર આદિ વિચાર બદલાય છે એ પર્યાય છે, એ અનિત્ય છે. વસ્તુ છે એ તો ત્રિકાળ નિત્ય છે. આહાહા..!

**'જગતમાં નિત્ય...'** પાછું જગત કીધું. આ જગતમાં તે ભગવાનઆત્મા દ્રવ્યસ્વભાવ તે નિત્ય જયવંત વર્તે છે. આહાહા..! જગત બહાર નથી. જગતની અંદર છે, અહીં છે. આહાહા..! પહેલું સાંભળવું જ કઠણ પડે. અરે..રે..! અને પાછો અભ્યાસ કરવાની નવરાશ ક્યાં? ભવની પર્યાય, એનો સમૂહ, ૬૬૩૩૬ ભવ એક અંતર્મુહૂર્તમાં કરે એ પર્યાય એમાં નથી. આહાહા..! એનું દુઃખ અને એનું સુખ એ દ્રવ્યમાં નથી. આહાહા..! ભલે એ નિગોદના જીવે એટલા અનંત ભવ કર્યા અને હજી કરે છે પણ પર્યાય વિનાની વસ્તુ તત્ત્વ જે છે એ તો જગતમાં જયવંત વર્તે છે. સદા ત્રિકાળ વર્તે છે. આહાહા..!

**'નિત્ય જયવંત (વર્તે) છે—'** આહાહા..! આવી વાત કેવી પાછી? ઉપદેશ આવો? આમાં શું કરવું એની સૂઝ પડતી નથી. પણ આ અંદરમાં વસ્તુ છે એમાં કરવી એ સૂઝ પડતી નથી? અંદરમાં ધ્રુવ પ્રભુ બિરાજે છે, જેમાં ભવના ભાવનો–ગુણનો અભાવ છે. એવી ચીજને

અંદર જોવા–જાણવાનો પ્રયત્ન કરવો એ પુરુષાર્થ નથી? પણ એ પુરુષાર્થ સૂઝતો નથી. સાંભળ્યું નથી. આહાહા..!

**'જગતમાં નિત્ય જયવંત (વર્તે) છે—'** આહાહા..! **'કે જેણે પ્રગટ થયેલા સહજ તેજઃપુંજ વડે...'** આહાહા..! ભગવાન અંદર કેવો છે? કે **'જેણે પ્રગટ થયેલા સહજ તેજઃપુંજ વડે સ્વધર્મત્યાગરૂપ...'** સ્વધર્મત્યાગરૂપ. પોતાનો જે આત્મા આનંદસ્વરૂપ એવો જે સ્વધર્મ, તેના ત્યાગરૂપ મોહ. આહાહા..! સ્વધર્મ એના ત્યાગરૂપ મોહ. આહાહા..! સ્વધર્મ શુદ્ધ ચૈતન્યમૂર્તિ. ત્રિકાળ આનંદકંદ જયવંત એવો જે ભગવાનઆત્મા એ પ્રગટેલા સહજ તેજઃપુંજ વડે વ્યક્તિ પ્રગટ કરી, પ્રગટ થયું. વસ્તુ જે દ્રવ્યમાં પૂર્ણતા હતી એ અંદર પ્રગટ થયું. અંદર ધ્યાન કરવાથી પર્યાયમાં પ્રગટ થઈ ગયું.

**'પ્રગટ થયેલા સહજ તેજઃપુંજ વડે સ્વધર્મત્યાગરૂપ...'** સ્વધર્મનો ત્યાગ એટલે મોહ, સ્વધર્મનો ત્યાગ એટલે મિથ્યાત્વ. આહાહા..! સ્વધર્મનો ત્યાગ... આહાહા..! અનાદિથી સ્વધર્મના ત્યાગરૂપ મિથ્યાત્વ. આહાહા..! **'સ્વધર્મત્યાગરૂપ (મોહરૂપ) અતિપ્રબળ તિમિરસમૂહ...'** અતિપ્રબળ અંધકાર. અજ્ઞાન, પુણ્ય-પાપ, શુભાશુભભાવ. અતિપ્રબળ અંધકાર (છે). આહાહા..! શું કહ્યું ઇ? કે અંતરથી ચૈતન્યનો પ્રકાશ પ્રગટ્યો ત્યારે અંધકાર શુભાશુભભાવ એ તો અજ્ઞાન છે, અંધકાર છે. શુભ-અશુભભાવમાં જાણવાની તાકાત નથી. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ આદિ, વિષય, વાસના આદિના વિકલ્પો, એમાં એને જાણવાની તાકાત નથી. એ તો આંધળા છે. આહાહા..!

**'સ્વધર્મત્યાગરૂપ...'** આહાહા..! સ્વધર્મના અભાવસ્વભાવરૂપ મોહ. આહાહા..! **'અતિપ્રબળ તિમિરસમૂહને દૂર કર્યો છે...'** એવા અતિપ્રબળ અંધકારના સમૂહને ચૈતન્યના પ્રકાશથી, ભગવાન અંદર ચૈતન્ય ચમત્કારથી ભરેલો પ્રભુ (છે), એની દૃષ્ટિ કરતાં જે પ્રકાશ પર્યાયમાં પ્રગટ્યો, એ પ્રકાશે... આહાહા..! **'અતિપ્રબળ તિમિરસમૂહ...'** અંધકાર. અતિપ્રબળ–અતિ અંધકારને દૂર કર્યો છે. સૂર્ય ઊગે અને અંધકાર રહે? આહાહા..! એમ ભગવાન અંદરમાં જાગ્યો, હું ચૈતન્યસ્વરૂપ છું. જ્ઞાન અને આનંદ જેની દશામાં આવ્યા. પ્રકાશ બહાર આવ્યો. એ અંદરમાં પ્રકાશ શક્તિરૂપે છે એ દૃષ્ટિ કરતાં બહાર પર્યાયમાં પ્રકાશ આવ્યો. આહાહા..! એ પ્રકાશ વડે... આહાહા..! **'અતિપ્રબળ તિમિરસમૂહને દૂર કર્યો છે...'** આહાહા..! વિકારીભાવ એ મારા, એમાં રોકાઈને એની ધજા ફરકતી. એટલે એને લઈને ચાર ગતિમાં રખડતો. આહાહા..!

આ લશ્કર લડાઈમાં એક ધજા રાખે. હારી જાય તો એ ધજા પાડી નાખે. જીતે એ તો ધજા રાખે. અહીં કહે છે... આહાહા..! **'અઘસેનાની ધજા...'** **'અઘ = દોષ; પાપ.'** એ પુણ્ય અને પાપ બેય. પુણ્ય અને પાપની સેનાની ધજા. એટલે કે પુણ્ય અને પાપનો જે પ્રભાવ અને તેજ વર્તતું હતું, તેમાં જ જાણે બધું અનાદિથી આવી ગયું હતું એવા તિમિરને

દ્રવ્યના સ્વભાવથી નાશ કરી નાખ્યો. આહાહા..! અરે..! આવી વાતું ક્યાંથી સાંભળવા મળે? અહીં તો ૫-૨૫ હજાર જ્યાં પેદા થાય ત્યાં ઓહોહો..! આપણને કાંઈક લાભમાં મળ્યા. લાભ સવાયા! દિવાળીમાં લખે છે ને?

મુમુક્ષુ :– શાળીભદ્રની રુદ્ધિ હજો.

ઉત્તર :– હા. શાળીભદ્રની રુદ્ધિ હજો. હજી કેટલી રુદ્ધિ જોતી હશે એને? અરે..! ભગવાન! શાળીભદ્રની નહિ, આત્માની રુદ્ધિ હજો, ઇ તો કહે. આહાહા..! શાળીભદ્રની રુદ્ધિ હજો, ફલાણી રુદ્ધિ (હજો), એવા કાંઈક ઘણા બે-ત્રણ બોલ આવે છે.

મુમુક્ષુ :– આત્માની રુદ્ધિ ચોપડામાં રહેલી છે.

ઉત્તર :– ન્યાં ક્યાં ચોપડો છે?

મુમુક્ષુ :– બાહુબલીનું બળ હજો.

ઉત્તર :– બાહુબલીનું બળ હજો, શાળીભદ્રની રુદ્ધિ હજો. ક્યાં જાવું છે પણ તારે? આવું કરીને તારે શું કરવું છે? લાભ સવાયા. લાભ સવાયા લખે પણ એ ધૂળનો. સવાયા લાભ થાય, આમ થાય. બારણામાં લખે. બારણું હોય ને પોતાનું બારણું? આહાહા..! એ બારણું તારામાં નથી. એ બારણું મારું એવો અશુભભાવ પણ તારામાં નથી. આહાહા..! ભવના ગુણોથી પ્રભુ! તું ખાલી છો ને. અને તારા ગુણોથી તું ભરેલો છો ને. આહાહા..! ભવના ગુણો જે શુભાશુભભાવ અનંતવાર કર્યા એવા અનંતા, એવા શુભાશુભભાવના ગુણથી ખાલી છો ને. અને તારા અનંતા જ્ઞાન-દર્શન-આનંદગુણથી ભરેલો છો. આહાહા..! આવું ત્રણલોકના નાથનું કથન છે. આહાહા..! પરમાત્મા જગતને જગાડવા માટે આ વાણી છે. જાગ રે જાગ નાથ! તું અંધકારમાં સૂતો છો. એ અંધકારનો નાશ કરવા તૈયાર થા. એ ચૈતન્યના પ્રકાશની આગળ અંધકાર નહિ ટકે. આહાહા..! બીજું કોઈ ક્રિયાકાંડ કરવાથી નહિ ટકે. ચૈતન્યનો પ્રકાશ, અંદર ચૈતન્ય રુદ્ધિ. એ ચૈતન્યની રુદ્ધિ અંદર પડી છે. અનંત-અનંતગુણોની રુદ્ધિ-સંપદા પડી છે. એ સંપદાના પ્રકાશથી, એમાં એકાગ્ર થતાં તેના પ્રકાશથી મોહતિમિરનો જેણે નાશ કરી નાખ્યો. અઘસેનાની ધજાને લૂંટી લીધી છે. આહાહા..! એ વિકારની ધજા મોઢા આગળ પડતી, જ્યાં હોય ત્યાં હું પુણ્યવાળો છું, હું પાપવાળો છું, હું શેઠિયો છું, હું રાજા છું, હું વકિલ છું, અમલદાર છું, જજ છું. આહા..! મારી નાખ્યા. અજ્ઞાનની ધજા ફરતી (હતી), કહે છે. શું કીધું?

અઘસેના પાપની સેનાની ધજા ફરતી એને હરી લીધી. આહાહા..! એ ચૈતન્યસ્વભાવ આનંદ ચમત્કારથી ભરેલો ભગવાન, તેના આશ્રયે આ અંધકારને હરી લીધો. આહાહા..! આવો ઉપદેશ. માણસ બિચારા એમ કહે, 'સોનગઢ'વાળા તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... વ્યવહારની તો વાત જ કરતા નથી. વ્યવહારની વાત નથી કરતા? વ્યવહાર ખોટો છે એમ નથી કહેતા? આ શુભાશુભભાવ શું કીધું? શુભાશુભભાવના ગુણો ભવના ગુણો છે. ભવના

ગુણોનો જેમાં અભાવ છે. આહાહા..! પણ કોઈ દિ' જિંદગીમાં સાંભળ્યું ન હોય, કુટુંબ પરંપરામાં મળ્યું ન હોય. આહાહા..! એટલે એને આકરું લાગે. બાપુ! પ્રભુ! તારા ઘરની વાત છે. તારું ઘર જુદી જાતનું છે.

અબ હમ કબહુ ન નિજ ઘર આયે,
પર ઘર ભમત અનેક નામ ધરાયે,

'પર ઘર ભમત...' પુણ્ય અને પાપના ભાવમાં 'પર ઘર ભમત અનેક નામ ધરાયે.' શેઠિયો ને મુર્ખ ને દેવ ને નારકી ને મનુષ્ય ને ઢોર ને તિર્યંચ... આહાહા..! 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે.' નિજઘર ભગવાન અંદર છે એમાં તું આવ્યો નહિ. અને એ ઘર વિના બહારના ઘરમાં ચાળા કરીને રખડી મર્યો. આહાહા..!

**'અઘસેનાની ધજાને હરી લે છે.'** આહાહા..! લશ્કરી માણસ હોય છે ને? એને એક મોટી ધજા હોય છે. એમાં જે હારી જાય એની ધજા પાડી નાખે. જીતે એની ધજા લડાઈમાં ઊંચી રાખે. લડાઈમાં એવું (કરે છે). આ 'રાણપુર'માં થયું હતું ને? 'રાણપુર' માં થયું હતું. કિનારે. કટક આવ્યું કિનારે. રાણા! રમતું મેલ. કટક આવ્યું કિનારે. રાણો હતો. એ 'રાણપુર' ગામ છે. કટક આવ્યું. તે ગંજીપાની રમત કરતો હતો. એમાં એક બારોટે આવીને કહ્યું, અરે..! રાણા! રમતું મૂક. આ કટક આવ્યું કિનારે. કિનારે લડવા આવ્યું છે. આ પહોંચી ગયું. હમણા આવી જશે અને લુંટશે. ઊભો થયો. બાયડીને બધાને કીધું કે જો હું ત્યાં હારી જાવ તો મારી ધજા પડી જશે. પણ કુદરતી એવું થયું કે હાર્યો નહિ પણ કુદરતી ધજા પડી ગઈ. હારીને નહિ પણ કુદરતે પડી. એટલે રાણીયું... ત્યાં છે ને સામે? 'રાણપુર'માં સામે નથી? ગઢ ગઢ મોટો. કૂવો છે મોટો. રાણી કૂવામાં પડીને મરી ગઈ. આપણા રાજા હારી ગયા. આપણે જીવીને શું કરવું? ત્યાં કૂવો છે. મેં જોયું છે. એક ફેરી જોઈ આવ્યા છીએ. દિશાએ જઈએ, જંગલ જતા ત્યાં જોયું. રાણીઓ બધી પડીને મરી ગઈ. આહાહા..! રાણા! રમતું મેક.

એમ રાજા! આતમરાજા! તું બહારની રમતું મૂક. હવે મરણ આવ્યું કિનારે. હવે મરણ સમીપમાં આવ્યું. હવે મરવાને જાજી વાર નથી. ૫૦-૫૦ વર્ષ કાઢ્યા એમાં ૫૦ નીકળશે નહિ, બાપા! આહાહા..! એ ધજા કુદરતી પડી ગઈ. આ લોકોને એવું થઈ ગયું કે આપણા રાજા હાર્યા. એટલે રાણી કૂવામાં પડીને મરી ગઈ. આહાહા..! સામે છે, સામે ગઢ છે ને? 'રાણપુર' નદીના કાંઠે ગઢ છે. ત્યાં અમે ચોમાસા કર્યા છે.

**'પેલી અઘસેનાની ધજાને હરી લે છે.'** આહાહા..! ચૈતન્યચમત્કારી પ્રભુ આત્મા, ચૈતન્યહીરલો જ્યાં અંદરમાં નજરમાં આવ્યો ત્યાં આગળ અજ્ઞાનની ધજા લૂંટાઈ ગઈ. આહાહા..! એ ધજા પડી ગઈ એની, હવે રહે નહિ. એની મોટપ રહી નહિ. હવે આત્માની મોટપ આવી. આહાહા..! એવી આત્માની મોટપ સંસારના અભાવનું કારણ થાય છે. આહાહા..!

આવા શબ્દો પણ સાંભળ્યા ન હોય. 'સજ્જનભાઈ'! આખી વાત જ બીજી છે, બાપા! બીજી વાતું છે, ભાઈ! શું કરીએ? આહાહા..! માણસને ઝીણી પડે એમ કરીને ન સંભળાવે. એને પણ ખબર ન મળે. સંભળાવનારને પણ ખબર ન મળે. આવડત ન મળે. જે-તે હાંકે. સાંભળનારા જય નારાયણ કર્યા કરે. આહાહા..!

અહીં ત્રણલોકનો નાથ જગતમાં ચૈતન્યમૂર્તિ ત્રિકાળી જયવંત વર્તે છે. એટલે તું જ્યારે જોવા માગ ત્યારે જોઈ શકે છો. એને કાળ નડતો નથી, રોગ નડતો નથી, શરીર નડતું નથી, પાપ નડતું નથી. કારણ કે એમાં એ પાપ આદિ છે નહિ. આહાહા..! અરે..! અમે આવા પાપના ઉદયમાં ક્યાં નિવૃત્તિ લઈએ? એ પાપ એમાં છે જ નહિ. એ તો નિવૃત્ત સ્વરૂપ અંદર પડ્યું છે. ભગવાન દ્રવ્ય સ્વભાવ, એમાં જા અને પાપની અને પુણ્યની ધજા લૂંટી લે. એની મોઢા આગળ મોટપ હતી એ લૂંટાઈ ગઈ અને પોતે મોઢા આગળ થાય ત્યારે તેના ભવનો અભાવ થાય. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૨૩

संजमणियमतवेण दु धम्मज्झाणेण सुक्कझाणेण।
जो झायइ अप्पाणं परमसमाही हवे तस्स।।१२३।।

संयमनियमतपसा तु धर्मध्यानेन शुक्लध्यानेन।
यो ध्यायत्यात्मानं परमसमाधिर्भवेत्तस्य।।१२३।।

इह हि समाधिलक्षणमुक्तम्।

संयमः सकलेन्द्रियव्यापारपरित्यागः। नियमेन स्वात्माराधनातत्परता। आत्मानमात्मन्यात्मना संधत्त इत्यध्यात्मं तपनम्। सकलबाह्यक्रियाकांडाडम्बरपरित्यागलक्षणान्तःक्रियाधिकरणमात्मानं निरवधित्रिकालनिरुपाधिस्वरूपं यो जानाति, तत्परिणतिविशेषः स्वात्माश्रयनिश्चयधर्मध्यानम्। ध्यानध्येयध्यातृतत्फलादिविविधविकल्पनिर्मुक्तान्तर्मुखाकारनिखिलकरणग्रामागोचरनिरंजन-निजपरमतत्त्वाविचलस्थितिरूपं निश्चयशुक्लध्यानम्। एभिः सामग्रीविशेषैः सार्धमखंडाद्वैत-परमचिन्मयमात्मानं यः परमसंयमी नित्यं ध्यायति, तस्य खलु परमसमाधिर्भवतीति।

સંયમ, નિયમ ને તપ થકી, વળી ધર્મ-શુક્લધ્યાનથી,
ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૩.

અન્વયાર્થ :– [ संयमनियमतपसा तु ] સંયમ, નિયમ ને તપથી તથા [ धर्मध्यानेन शुक्लध्यानेन ] ધર્મધ્યાન ને શુક્લધ્યાનથી [ यः ] જે [ आत्मानं ] આત્માને [ ध्यायति ]

ધ્યાવે છે, [ तस्य ] તેને [ परमसमाधिः ] પરમ સમાધિ [ भवेत् ] છે.

ટીકા :– અહીં (આ ગાથામાં) સમાધિનું લક્ષણ (અર્થાત્ સ્વરૂપ) કહ્યું છે.

સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ તે સંયમ છે. નિજ આત્માની આરાધનામાં તત્પરતા તે નિયમ છે. જે આત્માને આત્મામાં આત્માથી ધારી–ટકાવી–જોડી રાખે છે તે અધ્યાત્મ છે અને એ અધ્યાત્મ તે તપ છે. સમસ્ત બાહ્યક્રિયાકાંડના આડંબરનો પરિત્યાગ જેનું લક્ષણ છે એવી અંતઃક્રિયાના *અધિકરણભૂત આત્માને—કે જેનું સ્વરૂપ અવધિ વિનાના ત્રણે કાળે (અનાદિકાળથી અનંતકાળ સુધી) નિરુપાધિક છે તેને–જે જીવ જાણે છે, તે જીવની પરિણતિવિશેષ તે સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન છે. ધ્યાન-ધ્યેય-ધ્યાતા, ધ્યાનનું ફળ વગેરેના વિવિધ વિકલ્પોથી વિમુક્ત (અર્થાત્ એવા વિકલ્પો વિનાનું), અંતર્મુખાકાર (અર્થાત્ અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવું), સમસ્ત ઇન્દ્રિયસમૂહથી અગોચર નિરંજન-નિજ-પરમતત્ત્વમાં અવિચળ સ્થિતિરૂપ (–એવું જે ધ્યાન) તે નિશ્ચયશુક્લધ્યાન છે. આ સામગ્રીવિશેષો સહિત (–આ ઉપર્યુક્ત ખાસ આંતરિક સાધનસામગ્રી સહિત) અખંડ અદ્વૈત પરમ ચૈતન્યમય આત્માને જે પરમ સંયમી નિત્ય ધ્યાવે છે, તેને ખરેખર પરમ સમાધિ છે.

---

પ્રવચન નં. ૧૪૬, શ્લોક--૨૦૧, ગાથા-૧૨૩, શુક્રવાર, જ્યેષ્ઠ વદ ૮, તા.૦૬-૦૬-૮૦

---

'નિયમસાર' ૧૨૩ ગાથા.

**संजमणियमतवेण दु धम्मज्झाणेण सुक्कझाणेण।**
**जो झायइ अप्पाणं परमसमाही हवे तस्स।।१२३।।**

**સંયમ, નિયમ ને તપ થકી, વળી ધર્મ-શુક્લધ્યાનથી,**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૩.**

અહીં સમાધિનો અર્થ પરમ અતીન્દ્રિય આનંદમાં રમવું એ પરમસમાધિ છે. પરમ અતીન્દ્રિય આનંદ એવો જે પ્રભુ આત્મા એવો, એમાં રમવું, એનું નામ સમાધિ છે. ઓલા બાવા સમાધિ લગાવે એવું નથી. 'લોગસ્સ'માં પણ આવે છે ને? **'समाहिवरमुत्तमं दिंतु'** પણ એ સમાધિનો અર્થ આવડે નહિ. એમ ને એમ ગડિયા હાંકે જાય.

ટીકા :- **'અહીં (આ ગાથામાં) સમાધિનું લક્ષણ (અર્થાત્ સ્વરૂપ) કહ્યું છે.'** શું? **'સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ તે સંયમ છે.'** પાંચેય ઇન્દ્રિયો તરફનું લક્ષ છોડી અતીન્દ્રિય આનંદ તરફ લક્ષ કરવું એનું નામ સંયમ છે. આહા..! પાંચેય ઇન્દ્રિયનો વિષય જે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, તેનું લક્ષ છોડી, આશ્રય છોડી, તેના તરફનું વલણ છોડી અણિન્દ્રિય

---

* અધિકરણ = આધાર. (અંતરંગ ક્રિયાનો આધાર આત્મા છે.)

એવો જે ભગવાનઆત્મા તેમાં લીનતા કરવી. આહાહા..! છે? એ પરિત્યાગ. ઇન્દ્રિયોનો પરિત્યાગ અને સ્વરૂપમાં એકાગ્રતા એ સંયમ છે. આહાહા..! આનું નામ સંયમ. એકલી ઇન્દ્રિયોનો પરિત્યાગ નહિ. ઇન્દ્રિયનો પરિત્યાગ તો ત્યારે કહેવામાં આવે કે અણિન્દ્રિય આત્માનો અનુભવ થાય, શુદ્ધ ચૈતન્ય આનંદકંદ પ્રભુનો અનુભવ થાય ત્યારે ઇન્દ્રિયોનો પરિત્યાગ કહેવામાં આવે છે. અસ્તિના ભાન વિના પરિત્યાગ થતો નથી. આહાહા..! શું કહ્યું સમજાણું?

અહીં તો એમ લીધું કે **'સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ...'** લ્યો! આમ ઇન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ કરીને બેઠા ને આમ... એમ નહિ. ઇન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ ત્યારે કહેવાય કે આત્મા પોતાના આનંદસ્વરૂપ છે, એમાં લીનતા કરે છે ત્યારે ઇન્દ્રિયોનો પરિત્યાગ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ઉપર ભાષા તો એમ લઈ લે કે ઇન્દ્રિયનો વેપાર ઘટ્યો, છોડી દીધો. ફરીને વિશેષ લેશે.

**'નિજ આત્માની આરાધનામાં તત્પરતા તે નિયમ છે.'** આ 'નિયમસાર' છે ને? નિયમ કોને કહેવો? પહેલા સંયમ આવ્યો. સંયમ–સં–સમ્યગ્દર્શનપૂર્વક યમ એનું નામ સંયમ. જેને સમ્યગ્દર્શન નથી ત્યાં સંયમ હોતો નથી. એથી કહે છે કે **'સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ...'** પરિત્યાગ. એકલો ત્યાગ નથી લીધું. સમસ્ત પરિત્યાગ. ઇન્દ્રિય તરફનું વલણ છોડીને અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ, એમાં સંયમ રહેવો, સ્થિર રહેવું એ સંયમ છે. સંયમ કોઈ બાહ્ય ક્રિયાકાંડ અને ક્રિયા આડંબર એ કોઈ સંયમ નથી. **'નિજ આત્માની આરાધનામાં તત્પરતા તે નિયમ છે.'** આહાહા..! નિયમ એને કહીએ કે નિજ આત્મા જે આનંદકંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદનું દળ, એમાં લીન થવું એ આરાધનાને અહીં નિયમ કહે છે. આહાહા..! વ્યવહારની વાતું તો... એ વ્યવહારના પણ અત્યારે ક્યાં ઠેકાણા છે? આહાહા..! ઝીણી વાત બહુ. **'આત્માની આરાધનામાં તત્પરતા તે નિયમ છે.'**

**'જે આત્માને આત્મામાં આત્માથી ધારી–ટકાવી-જોડી રાખે છે તે અધ્યાત્મ છે...'** આહાહા..! આત્મામાં પુણ્ય-પાપના વિકલ્પથી રહિત પૂર્ણાનંદનો નાથ, એ બાજુની તત્પરતા, એનું નામ નિયમ છે. આહાહા..! છે? **'તે અધ્યાત્મ છે અને એ અધ્યાત્મ તે તપ છે.'** બાકી અપવાસ આદિ અને વર્ષીતપ કરે એ તો બધી લાંઘણ છે, લાંઘણ. તપ નથી. આહાહા..! તપ તો એને કહીએ કે **'આત્માની આરાધનામાં તત્પરતા...'** અને આત્માને એટલે શુદ્ધ ચૈતન્ય. એમાં **'આત્માને આત્મામાં...'** આધાર ... અને **'આત્માથી...'** અપાદાન. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન છ બોલ આવે છે ને? છ બોલ. એમાં **'આત્માને આત્મામાં...'** આત્મામાં... આહાહા..! **'આત્માને આત્મામાં આત્માથી...'** રાગના વિકલ્પથી નહિ. આત્મા જે અતીન્દ્રિય આનંદ સ્વભાવ છે, એના નિર્વિકલ્પ આત્મપરિણામથી આત્મામાં ટકવું, રહેવું એનું નામ.. છે? તપ છે. અધ્યાત્મ છે. એનું નામ તપ છે. આહાહા..!

અહીં તો એક અપવાસ કરે, અઠ્ઠમ કરે, વર્ષીતપ કરે થઈ ગઈ તપશ્ચર્યા. પાંચ-સાત હજાર ખર્ચે અને ઢંઢેરો પીટે કે વર્ષીતપ કર્યું. ધૂળેય નથી. એ બધી લાંઘણું છે. લાંઘણ છે લાંઘણ. આહાહા..! મિથ્યાત્વનું પોષણ છે. છે કોઈ શુભભાવ અને માને છે તપ, ધર્મ, નિર્જરા. મિથ્યાત્વનું પોષણ છે. આકરી વાત છે, પ્રભુ! વીતરાગનો માર્ગ બહુ આકરો છે, ભાઈ! અપૂર્વ અને આકરો બે છે. આહાહા..! પૂર્વે એક સમય પણ અનંતકાળના પ્રવાહમાં કદી કર્યો નથી. એવી ચીજ અમુલ–જેની કિંમત નથી, એવી અપૂર્વ ચીજ આનંદકંદ નાથ, નવ તત્ત્વમાં જે આત્મા છે, પુણ્ય-પાપ-આસ્રવ-બંધ તો પર્યાય પર છે, એનાથી ભિન્ન જે આત્મા છે... આહાહા..! દ્રવ્યસ્વરૂપે ભગવાનઆત્મા છે એ આત્માથી આત્મમાં તત્પર (રહેવું) એનું નામ અધ્યાત્મ છે અને એ અધ્યાત્મ તે તપ છે. આહાહા..!

**'સમસ્ત બાહ્યક્રિયાકાંડના આડંબરનો પરિત્યાગ જેનું લક્ષણ છે...'** આહાહા..! બીજી વાત કરે છે. જરી લાંબી વાત છે. **'સમસ્ત બાહ્યક્રિયાકાંડ...'** મન-વચનથી કાંઈ કરવું, કરાવવું, અનુમોદવું એ બધી ક્રિયાકાંડથી રહિત. આહાહા..! **'બાહ્યક્રિયાકાંડના આડંબર...'** એ તો બધા આડંબર છે. દુનિયામાં દેખે કે, ઓ..હો..! આ ત્યાગી છે. લુગડા છોડ્યા છે, બાયડી-છોકરા છોડ્યા છે. પણ અંદર મિથ્યાત્વ છોડવું જોઈએ એ તો છોડ્યું નથી. ત્યાગ તો એનો પહેલા થવો જોઈએ એની તો ખબર નથી. મિથ્યાત્વ કોને કહીએ એની તો ખબર પણ નથી. આહાહા..!

અહીં કહે છે, કે એ **'બાહ્યક્રિયાકાંડના આડંબરનો પરિત્યાગ જેનું લક્ષણ છે...'** જેનું લક્ષણ છે. આહાહા..! **'એવી અંતઃક્રિયાના અધિકરણભૂત આત્માને—'** અંતરની નિર્મળ વીતરાગી ક્રિયા જેનો આધાર આત્મા છે. આત્માના આધારે, આશ્રયે, અવલંબને જે વીતરાગી આનંદ પ્રગટ્યો એ ક્રિયા એ ધર્મ છે. આહાહા..! માણસને બહુ આકરું લાગે. **'બાહ્યક્રિયાકાંડના આડંબરનો પરિત્યાગ...'** પરિત્યાગ છે ને? પરિ એટલે સમસ્ત પ્રકારે. અંશે પણ બાહ્યક્રિયા આડંબરનો ભાગ નહિ કે આ ક્રિયા શુભ છે. ભગવાનની ભક્તિ છે એટલે એ ભક્તિથી મને કાંઈક થશે, એમ બિલકુલ નહિ. બાહ્યપદાર્થના અવલંબને અંતર અવલંબન કદી થતું નથી. આહાહા..! આકરું છે, ભગવાન!

**'બાહ્યક્રિયાકાંડના આડંબરનો પરિત્યાગ જેનું લક્ષણ છે એવી અંતઃક્રિયાના અધિકરણભૂત આત્માને—'** નીચે **'આધાર. (અંતરંગ ક્રિયાનો આધાર આત્મા છે.)'** દયા, દાન બાહ્ય ક્રિયાનો આધાર દિશા પર છે. પુણ્ય, પાપ, દયા, દાન, ભક્તિ, બ્રહ્મચર્ય શુભ એ રાગ છે. રાગની દિશા પર તરફ છે. રાગની દશાની દિશા પર તરફ છે અને વીતરાગી પરિણતિની દશા સ્વ તરફ છે. આહાહા..! સમજાણું કાંઈ? જેટલો વિકલ્પ ઊઠે છે, ચાહે તો ભગવાનની ભક્તિ કે સ્મરણ કે જાત્રા કે ગમે તે, એ વિકલ્પની દિશા પર છે. દશાની દિશા પર છે. અને એ વખતે નિર્વિકલ્પ દશાની દિશા સ્વ છે. તો પોતાના આત્માના આધારે ઉત્પન્ન થયો..

આહાહા..! આવ્યું?

**'અંતઃક્રિયાના અધિકરણભૂત...'** અંતરની નિર્વિકલ્પ,... રાગની ક્રિયા અને પાંચ ઇન્દ્રિયના વિષયથી રહિત અણીન્દ્રિય એવો જે ભગવાન, એની ક્રિયા, એનો આધાર ભગવાનઆત્મા છે. બાહ્યક્રિયાનો આધાર પરવસ્તુ છે. આહાહા..! અંતર રાગરહિત વીતરાગી પરિણતિની ક્રિયાનો આધાર આત્મા છે. આહાહા..! બેની દિશા ફેર છે. બેની દશાફેર છે, બેની દિશાફેર છે. દયા, દાન આદિનો જેટલો રાગ ઉત્પન્ન થાય છે, એ દશાની દિશા પર તરફ છે. પરદ્રવ્ય તરફ લક્ષ છે. અને વીતરાગી પરિણતિ થાય એ દશાની દિશા સ્વઆત્મા આધાર છે. વીતરાગ પરિણતિનો આધાર ત્રિકાળ આત્મા છે. આહાહા..! આવો માર્ગ છે. મનુષ્યપણું મળ્યું, જૈનમાં જન્મ્યા તોપણ જૈન પરમેશ્વર શું કહે છે એને સાંભળવા મળે નહિ અને પોતાની કલ્પનાથી જે મત, પરંપરા માનીને બેઠા એ બધી પાપની વાતું આખો દિ' કર્યા કરે. આહાહા..! આત્માની વાતું બાપુ! એવી ઝીણી છે.

સમ્યગ્દર્શન, પાંચ ઇન્દ્રિયના વિષય તરફનું વલણ છૂટી, મન, વચન, કાયાની ક્રિયાનું વલણ છૂટી, એ તરફનો ઝુકાવ છૂટી અંદર ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, એમાં વળે છે ત્યારે પર્યાયમાં આત્મા અનુભવાય છે એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને સમ્યગ્દર્શન વિના જ્ઞાન થતું જ નથી. મિથ્યાજ્ઞાન છે, ચારિત્ર મિથ્યા છે. વ્રત-તપ એ બધું મિથ્યા નિષ્ફળ છે. ચાર ગતિમાં રખડવાના કારણ છે. આહાહા..!

**'અંતઃક્રિયાના અધિકરણભૂત...'** અંતરની વીતરાગી પરિણતિ નિર્વિકલ્પ દશાનો આધાર, અંતઃક્રિયા એટલે અંતર વીતરાગી પર્યાય. પાંચ ઇન્દ્રિય તરફનું વલણ અને મન-વચન-કાયા તરફનું વલણ છોડી અંતઃક્રિયા જે વીતરાગ સ્વરૂપ તરફ ઢળે એ ક્રિયાનો આધાર આત્મા છે. એ આત્માના આધારે વીતરાગ પરિણતિ ઉત્પન્ન થાય છે. એ વીતરાગ પરિણતિ કોઈ રાગ, વ્યવહારરત્નત્રય કર્યો, તો વ્યવહારરત્નત્રયથી ધર્મની અંતઃક્રિયા ઉત્પન્ન થાય છે એમ છે નહિ. માર્ગ સમજે, ન સમજે. દુનિયા ગમે ત્યાં રખડે. માર્ગ તો આ છે. આહાહા..! આવ્યું?

**'અંતઃક્રિયાના અધિકરણભૂત...'** અંતર ધર્મની ધાર્મિકક્રિયા, વીતરાગભાવની ક્રિયા, વીતરાગભાવની પરિણતિની પર્યાય, એનો આધાર આત્મા છે. આહાહા..! કોઈ રાગની મંદતા કરી કે ભક્તિ આદિ કરી, પરમેશ્વરની સ્તુતિ કરી તો એનાથી અંતરક્રિયા પ્રગટે છે, એમ નથી. આહાહા..! **'કે જેનું સ્વરૂપ અવધિ વિનાના...'** જે અંતઃક્રિયા, વીતરાગ પરિણતિની ક્રિયા, એનો આધાર આત્મા. એ આત્મા કેવો છે? આહાહા..! **'જેનું સ્વરૂપ અવધિ વિનાના...'** જેની મર્યાદા નથી. **'ત્રણે કાળે...'** આત્મા ભગવાન છે. આહાહા..! કોઈ કાળે પર્યાય ઉત્પન્ન થાય એનો કાળ હોય છે. પર્યાય નાશ થાય એના કાળે નાશ થાય. પણ ભગવાનઆત્મા તો ત્રણે કાળે મર્યાદા, ત્રણે કાળ જેની અવધિ અને મર્યાદા છે. આહાહા..! છે?

**'(અનાદિકાળથી અનંતકાળ સુધી) નિરુપાધિક છે...'** ભગવાનઆત્મા તો પરમાત્મસ્વરૂપ નિરુપાધિક છે. પર્યાયમાં વિકારાદિ છે એ આત્મામાં–દ્રવ્યમાં નથી. આહાહા..! દ્રવ્યસ્વરૂપ જે ભગવાનઆત્મા એ તો નિરુપાધિક છે, ત્રિકાળ નિરાવરણ છે, ત્રિકાળ ઉપાધિથી રહિત છે. આહાહા..! ત્રિકાળ નિરુપાધિક, (ઉપાધિથી) રહિત, એમાં નિર્મળપર્યાય પણ નથી. વિકાર આદિ તો નથી પણ ધર્મની નિર્મળ પર્યાય જે દ્રવ્યના અવલંબને ઉત્પન્ન થાય છે એ પર્યાયનો પણ દ્રવ્યમાં અભાવ છે. આહાહા..! દ્રવ્ય તો ત્રણે કાળે એકરૂપ છે. એના અવલંબને પર્યાય ઉત્પન્ન થાય એ સમય છે. આહાહા..! એ એક સમય છે. એક સમયમાં દ્રવ્યના અવલંબે અનંતી નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે. જેની નિર્મળ પર્યાયનો આધાર આત્મા છે. નિર્મળ પર્યાયનો આધાર કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર અને મૂર્તિ–પ્રતિમા કે સમ્મેદશિખર અને શેત્રુંજયની જાત્રા (એ નથી.)

મુમુક્ષુ :– જિનવાણી...

ઉત્તર :– શાસ્ત્ર ભણતર-ફણતર એ પણ આધાર નથી. શાસ્ત્ર ભણવું એ પણ વિકલ્પ છે. શાસ્ત્રમાં તો એમ પણ કહ્યું છે, કે શાસ્ત્ર તરફ લક્ષ જશે તો વ્યભિચારિણી બુદ્ધિ થશે. કેમકે એ પરદ્રવ્ય છે. કઠણ છે, ભગવાન! અમે દુનિયાને બધાને જાણીએ છીએ. આહાહા..! માર્ગ કોઈ બીજો જ છે. આહાહા..! એ કહે છે.

**'ત્રણે કાળે (અનાદિકાળથી અનંતકાળ સુધી) નિરુપાધિક છે...'** ભગવાનઆત્મા. જેમાં ભગવાનની ભક્તિના રાગની પણ ઉપાધિ નથી. આહાહા..! રાગ તે ઉપાધિ છે. **'ત્રણે કાળે (અનાદિકાળથી અનંતકાળ સુધી) નિરુપાધિક છે તેને–જે જીવ...'** એવો જે આત્મા **'તેને–જે જીવ જાણે છે, તે જીવની પરિણતિવિશેષ...'** એ જીવની અવસ્થા–દશા વિશેષ. આહાહા..! **'તે સ્વાત્માશ્રિત...'** તે પરિણતિ સ્વઆત્મા આશ્રિત. ત્રણે કાળ રહેનાર ભગવાન આનંદકંદ પ્રભુ, એના સ્વઆશ્રયે જે પર્યાય ઉત્પન્ન થાય... આહાહા..! એ **'નિશ્ચયધર્મધ્યાન છે.'** આહાહા..! ગજબ વાત છે.

મુમુક્ષુ :– આત્મામાં અને આત્માને આશ્રયે પ્રગટ થયેલી શુદ્ધ પર્યાય.

ઉત્તર :– આત્માના આશ્રયે પ્રગટ થયેલી પર્યાય છે એ. ધર્મધ્યાન. એને આશ્રયે પ્રગટ થયેલી. પરને આશ્રયે નહિ. નિર્મળ વીતરાગ ધર્મની પરિણતિ જે ઉત્પન્ન થાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની, એનો આધાર દ્રવ્ય ત્રિકાળી આત્મા છે. આહાહા..! જુદી જાતના છે. જજ! આ તમારા બધા કાયદા જુદી જાતના. સરકારના કીધા એ કાયદા દીધે રાખો. આ કાયદો ભગવાનના ઘરનો. કદી સાંભળ્યા નથી એણે. અરે..! પ્રભુ! આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અત્યારે તો બહુ ફેરફાર થઈ ગયો. કોટવાળ... ઓલા કહે છે ને. ચોર કોટવાળને દંડે એવું થઈ ગયું. સત્ય વાત કહે છે તો એ નહિ... નહિ... એ એકાંત છે...

એકાંત છે. કરો એકાંત. મરો એકાંત કરીને. આહાહા..!

ભાઈ! એ નિરુપાધિક આત્મતત્ત્વ જે છે એ નિશ્ચય સ્વઆત્મ આશ્રિત, સ્વ આત્મા આશ્રિત. પરમાત્માને આશ્રિત નહિ, વીતરાગ આશ્રિત નહિ. વીતરાગ આશ્રિત કરે તો રાગ જ થાય છે. આહાહા..! પોતાના દ્રવ્યનો આશ્રય છોડીને કોઈપણ પરદ્રવ્ય અરિહંતદેવ પંચ પરમેષ્ઠી, એનો આશ્રય કરે તો રાગ જ ઉત્પન્ન થાય છે. અને રાગ એ ચૈતન્યની ગતિ નથી. એ દુર્ગતિ છે. એ ચૈતન્યથી વિરુદ્ધ ગતિ છે. આહાહા..!

એ 'મોક્ષપાહુડ'માં કહ્યું છે. **'परदव्वादो दुग्गई'** 'કુંદકુંદાચાર્યે' પોતે 'મોક્ષપાહુડ'ની ૧૬મી ગાથામાં કહ્યું. **'परदव्वादो दुग्गई'** પોતે કહે છે કે અમે પરદ્રવ્ય છીએ. તારું લક્ષ જો અમારા ઉપર જશે તો તને ચૈતન્યની દુર્ગતિ એટલે રાગ થશે. રાગનું ફળ ચાર ગતિ છે. આ રાગનું ફળ સ્વર્ગ છે. એ સ્વર્ગ પણ દુર્ગતિ છે. આહાહા..! ઝીણી વાત બહુ, બાપુ! અહીં તો ૪૫ વર્ષથી ચાલે છે. સાંભળનાર પણ સાંભળે છે. દેશ-પરદેશ બધે ચારે કોર ફેલાવ થઈ ગયો છે. 'આફ્રિકા' સુધી વયું ગયું છે. ૪૫ વર્ષથી આ પુસ્તકો ઘણા છપાઈ ગયા. ૨૨ લાખ તો અહીં છપાણા છે. અને ૮ લાખ 'જયપુર'થી છપાણા. હજી ૭ લાખ રૂપિયાના 'મુંબઈ' તરફથી છપાવાના છે. ૭ લાખના 'મુંબઈ' તરફથી. એમાં એક પુસ્તક આવ્યું છે. આહાહા..! બધી વ્યાખ્યા સ્પષ્ટ, ઘણી ચોખ્ખી. સાધારણ ચાર ચોપડી ભલેણો માણસ પણ વાંચી શકે એવી સાદિ ભાષા છે. પણ ગરજ હોય એની વાત છે.

અહીં કહે છે, **'સ્વાત્માશ્રિત...'** આહાહા..! **'નિશ્ચયધર્મધ્યાન છે.'** ભગવાન પૂર્ણાનંદનો નાથ, નિર્વિકલ્પ રાગરહિત, ભેદરહિત, ગુણ અને ગુણીનો જેમાં ભેદ પણ નથી. એવા ભગવાનઆત્મામાં ધ્યાન લગાવવું એ નિશ્ચય ધર્મધ્યાન છે. નિશ્ચયધર્મધ્યાનનો આશ્રય આત્મા છે. નિશ્ચય સાચા ધર્મધ્યાનનો આશ્રય પરચીજ નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ નિશ્ચય ધર્મધ્યાનનો આશ્રય નથી. આહાહા..!

મુમુક્ષુ :– ધર્મધ્યાનનો કાઉસ્સગ કરીએ છીએ.

ઉત્તર :– આત્માના આશ્રય વિના ધર્મધ્યાન ક્યાં છે? રાગ છે. રાગ છે રાગ. વિકલ્પ. એ તો વિકલ્પ છે. અરિહંત... અરિહંત... અરિહંત... અરિહંત... અંદર ધુન લગાવે એ વિકલ્પ છે, રાગ છે. રાગ છે એ તો ઠીક પણ એમાં ભેદ નથી. આત્મા ગુણી છે અને આ આનંદગુણ છે એવો ભેદ પણ દૃષ્ટિનો વિષય નથી. આહાહા..! સમ્યગ્દર્શનનો વિષય તો એકલો અભેદ આત્મા છે. સ્વઆશ્રય. અખંડ સ્વઆશ્રય. આવી વાત છે, પ્રભુ! બેસે ન બેસે દુનિયા જાણે. અહીં કાંઈ દુનિયા માને કે આદરે તો આ ઠીક છે એવું કાંઈ છે નહિ. સત્‌ને સંખ્યાની કાંઈ જરૂર નથી. સત્‌ને સત્‌ની જરૂર છે. જાજી સંખ્યા હોય અને લાખો માણસ માને તો સાચું, થોડા માને તો ખોટું એવું કાંઈ છે નહિ. આહાહા..! ભાષા તો જુઓ! આહાહા..!

**'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન છે. ધ્યાન-ધ્યેય-ધ્યાતા, ધ્યાનનું ફળ વગેરેના વિવિધ**

**વિકલ્પોથી વિમુક્ત (અર્થાત્ એવા વિકલ્પો વિનાનું), અંતર્મુખાકાર...**' અંતર્મુખની પરિણતિ. તદ્દન અંતર્મુખ પરિણતિ. આહાહા..! '**(અર્થાત્ અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવું), સમસ્ત ઇન્દ્રિયસમૂહથી અગોચર...**' કોઈ પણ ઇન્દ્રિયથી, મનથી પણ અગોચર-ગમ્ય નહિ એવો પ્રભુ અંદર આત્મા છે. આહાહા..! '**અગોચર નિરંજન-નિજ-પરમતત્ત્વમાં...**' આહાહા..! નિરંજન નિજ પરમતત્ત્વ ભગવાનઆત્મા, એમાં '**અવિચળ સ્થિતિરૂપ...**' એમાં ચળવું નહિ, સ્થિર થવું. એવા નિશ્ચય '**સ્થિતિરૂપ (–એવું જે ધ્યાન) તે નિશ્ચયશુક્લધ્યાન છે.**' ધર્મધ્યાનમાં તો હજી ધ્યાતા-ધ્યાન-ધ્યેય આદિ વિકલ્પ આવે છે અને પછી એકાગ્ર થાય છે. પણ થોડી એકાગ્રતા (હોય છે). શુક્લધ્યાનમાં ઘણી એકાગ્રતા (છે). બાકી વીતરાગભાવ એ ધર્મધ્યાન, વીતરાગભાવ એ શુક્લધ્યાન. વીતરાગભાવ એ ધર્મ. કેમ? કે આત્મા વીતરાગસ્વરૂપ છે.

'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. મત મદિરા કે પાન સો મતવાલા સમજે ન.' પોતાના મતના આગ્રહના પક્ષને લઈને... આહાહા..! 'ઘટ ઘટ અંતર જિન વસે...' પોતે ભગવાન જ છે આત્મા. આહાહા..! અને 'ઘટ ઘટ અંતર જૈન...' એનો અનુભવ કરે એ જૈન. જૈન કોઈ વાડો અને પક્ષ નથી. હરિજન પણ આત્માનો અનુભવ કરે તો એ પણ જૈન છે. અને જૈનમાં જન્મેલાને જૈનનું ભાન નથી તો એ પણ જૈન નથી. કહો, 'દામોદરભાઈ'! આવી વાતું છે. આહાહા..!

'**(–એવું જે ધ્યાન) તે નિશ્ચયશુક્લધ્યાન છે. આ સામગ્રીવિશેષો સહિત...**' આ સામગ્રીવિશેષ એટલે અંતરદષ્ટિ. અંતરદષ્ટિ, અંતરજ્ઞાન, અંતર રમણતા '**આ સામગ્રીવિશેષો સહિત (–આ ઉપર્યુક્ત ખાસ આંતરિક સાધનસામગ્રી સહિત)...**' અંતરના સાધનસામગ્રી સહિત '**અખંડ અદ્વૈત પરમ ચૈતન્યમય આત્માને જે પરમ સંયમી નિત્ય ધ્યાવે છે, તેને ખરેખર પરમ સમાધિ છે.**' આહાહા..! એક એક બોલ આકરો છે. સમાધિનો અધિકાર છે ને? બાવા સમાધિ ચડાવે એ નહિ, હોં! એ તો અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. જૈન સિવાય બધા માર્ગ મિથ્યાદષ્ટિના છે. આ જરી ઝીણી વાત પડે, ભાઈ! આહાહા..! દિગંબર ધર્મ સિવાય પણ કોઈપણ ધર્મ એ બધા મિથ્યાદષ્ટિ છે. માને ન માને સ્વતંત્ર છે. ત્રિલોકનાથની વાણી છે. સમજાણું કાંઈ? આહાહા..! આ વાણી... કેવી?

'**આંતરિક સાધનસામગ્રી સહિત અખંડ અદ્વૈત...**' એકરૂપ પ્રભુ. '**પરમ ચૈતન્યમય આત્માને...**' હવે આત્મા કેવો છે એ સિદ્ધ કર્યું. રાગાદિ, ઇન્દ્રિય આદિનો વિષય નહિ પણ ચૈતન્યમય આત્મા. ચેતન-ચૈતન્યમય. ચેતનદ્રવ્ય આત્મા, ચૈતન્યમય એ જ્ઞાનમય. આહાહા..! ચૈતન્યમય કેમ કહ્યું? ચેતનવાળો એમ પણ નહિ. અભેદ કહ્યો છે. ચૈતન્યમય. ચેતન ચૈતન્યમય છે. ચૈતન્યવાળો છે એમ પણ નહિ. વાળામાં ભેદ થાય છે. આહાહા..! '**પરમ ચૈતન્યમય આત્માને જે પરમ સંયમી નિત્ય ધ્યાવે છે,...**' આહાહા..! '**તેને ખરેખર પરમ સમાધિ છે.**' છદ્મસ્થની વાત છે. આહાહા..! એને અંતરમાં શાંતિનો સ્વાદ આવે છે અને અતીન્દ્રિય આનંદનો

સ્વાદ આવે છે. અને એ બધી વીતરાગ પર્યાય છે એનો અનુભવ પર્યાયમાં થાય છે. દ્રવ્યમાં અનુભવ નથી થતો. દ્રવ્ય તો ધ્રુવ છે. એના આશ્રયે પર્યાયમાં અનુભવ થાય છે. એ શુક્લધ્યાન, ધર્મધ્યાનની વીતરાગી પર્યાય એ સ્વઆશ્રયે છે. આત્માને આશ્રયે બેય ઉત્પન્ન થાય છે. પરને આશ્રયે ઉત્પન્ન થતી નથી. આહાહા..! એક શ્લોક આટલો બધો કઠણ પડે. અહીં તો ઘણીવાર વંચાઈ ગયું છે આ.

મુમુક્ષુ :– નિશ્ચયની સમાધિ બતાવી આપે. નિશ્ચય સાધન.

ઉત્તર :– સાધન જ આ છે, સામગ્રી જ ઇ છે. સામગ્રી જ નિશ્ચય સામગ્રી છે. અંતરમાં આનંદસ્વરૂપની રાગરહિત એકાગ્રતા એ એની સામગ્રી છે. આહાહા..! આવી વાત. અહીં તો હજી એકેન્દ્રિયની દયા પાળો, પરને કાંઈક દાન આપો, આહાર આપો, પાણી આપો તો ધર્મ થાય. અહીં તો કહે છે, ત્રણલોકના નાથ તીર્થંકર છદ્મસ્થ હોય. છદ્મસ્થ જ્યારે આહાર લેવા જાય છે એમને આહાર દેનારને શુભભાવ થાય છે. ધર્મ નિર્જરા નહિ, પરિતસંસાર નહિ. આહાહા..!

મુમુક્ષુ :– એનાથી સંસાર કૃષ થાય.

ઉત્તર :– બિલકુલ નહિ. એ વાત કીધી હતી. 'પોપટભાઈ' સાથે 'ગોંડલ'માં (સંવત) ૧૯૭૭ની સાલ. એના વેવાઈ. ૧૯૭૭ની સાલમાં 'ગોંડલ'માં ઘણી ચર્ચા થઈ કે આ ભગવતીસૂત્રમાં એમ આવ્યું છે કે ભગવાનને રોગ થયો તો રેવતીના ઘરેથી દવા લઈ આવ્યા. અને દવા ખાધી. દવા લીધી તો એને પરિત સંસાર થયો. કીધું, એ વાત ખોટી છે. ભગવાનને રોગ થાય એ વાત ખોટી, દવા લાવ્યા એ વાત ખોટી, દવા ખાધી એ વાત ખોટી અને પરિતસંસાર થયો એ વાત પણ ખોટી છે. ૧૯૭૭ની સાલની વાત ચાલે છે. ૧૯૭૭ની સાલમાં 'ગોંડલ'માં 'રામજીભાઈ'ના વેવાઈ 'પોપટભાઈ' વૃદ્ધ હતા. આહાહા..! 'પોપટલાલ જાદવજી'? વ્યાખ્યાનમાં તો બધા આવતા ને. જ્યાં જઈએ ત્યાં બધા આવે તો ખરા. કેટલાકને ન બેસે અને કેટલાકને બેસે. બધાને ક્યાંથી આ બેસે? બાપુ! આહાહા..! એ ભગવાન છે. પણ ભગવાનનું સ્વરૂપ એને બેસે કેમ? પામર બે બીડી પીવે ત્યારે દિશા ઉતરે. સવારમાં બે બીડી-સીગરેટ પીવે ત્યારે દિશા ઉતરે. હવે એને ભગવાન ભગવાન બતાવવો. તું ભગવાન છો. તારા આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે. પરને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણકાળ, ત્રણલોકમાં થતા નથી. આજ માને, કાલ માને, પછી માને આ માને છૂટકો છે. દુનિયા તો દુનિયા ઘણે પ્રકારે ઉંધે રસ્તે મનાવે છે. એ અહીં કહે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ બધી વાતું ઘણી છે. ખબર છે. બધી વાત થઈ ગઈ છે. ...કુમારે દયા પાળી. ઓલા શું? પગ નીચે આવ્યો તો પરિતસંસાર. બધી ખોટી વાત છે. વાત તદ્દન ખોટી છે. આહાહા..! બીજો વિપાક અધિકાર છે. વિપાકમાં દસ જણા મિથ્યાદષ્ટિએ સાધુને આહાર

આપ્યો અને પરિતસંસાર કર્યો એ વાત ખોટી છે.

અહીં તો વાત સત્ય છે. માને એ માને અને ન માને એ એને ઘરે રહ્યા. અહીં કાંઈ પક્ષ કરવો નથી. તેમાં કાંઈ જાજા માણસ વધારવા નથી. આહાહા..! મોટી ચર્ચા થઈ હતી. વિપાકની મોટી ચર્ચા થઈ હતી. વિપાકસૂત્ર છે. સુખવિપાક–દુઃખવિપાક. સુખવિપાકમાં દસ પ્રકારના અધિકાર છે. બધું જોયું છે. સત્તર વાર તો ભગવતી જોયું છે. ભગવતીના ૧૬ હજાર શ્લોક અને સવા લાખની ટીકા. સત્તર વાર. બધા શાસ્ત્ર (જોયા છે). એમાં આ જ્યારે અધિકાર આવ્યો કે રેવતીને ત્યાં આહાર લેવા ગયા, ભગવાનને રોગ થયો એણે પરિતસંસાર થયો. બિલકુલ જૂઠ છે, કીધું. પરદ્રવ્યના આશ્રયે કદી સંસાર ઘટતો નથી. સંસાર વધે છે, પ્રભુ! શું કહીએ? કોને કહીએ? શું કહીએ? આમ છે. આહાહા..!

મુમુક્ષુ :– ... પ્રકૃતિનો બંધ તો કર્યો ને?

ઉત્તર :– પ્રકૃતિ એનાથી બંધ નથી થયો. એ તો શુભભાવથી થયો છે. એ તો શુભભાવ હતો ત્યારે થયો, પોતાને. આ તો ઓલી રેવતી આહાર દેવા ગઈ'તી ને? એમ કહે છે ને ભગવાનને રોગ થયો. શું કહેવાય? ઝાડા.

મુમુક્ષુ :– લોહીખંડ ઝાડા.

ઉત્તર :– લોહીખંડ ઝાડા. ભગવાનને હોય લોહીખંડ ઝાડા? એને અશાતાનો ઉદય હોય? આહાહા..! ત્રણલોકના નાથ એ તો આનંદકંદ. પરમ ઔદારિક શરીર હોય છે.

મુમુક્ષુ :– વીતરાગને અશાતા હોય નહિ.

ઉત્તર :– વીતરાગને હોય નહિ, ભાઈ! બહુ કઠણ વાત છે, બાપુ! બધી ખબર છે. દુનિયા કહે છે એ બધી ખબર છે. બધું વાચ્યું છે ને. અનેક શાસ્ત્રો (જોયા છે). ૪૫ સૂત્રો અનેક વાર વાંચ્યા છે. ૩૨ સૂત્ર તો આઠ મહિનામાં વરસો વરસ વાંચતા. પછી આ જે .. ૧૩ છે એ એકવાર (સંવત) ૧૯૭૬માં જોઈ લીધા. ૪૫ છે ને? 'દામનગર'માં ૧૯૭૬ની સાલ. એક અધિક મહિનો હતો. એ પાંચ મહિનામાં તો ૪૫ વખત લાખો-કરોડો ટીકા બધું જોયું. વાંચન તો... નિવૃત્તિ હતી ને. પણ આ વાત... આહાહા..! ક્યાંય નથી.

જુઓ! **'સામગ્રીવિશેષો સહિત...'** એ સામગ્રીવિશેષ સહિત. **'(–આ ઉપર્યુક્ત ખાસ આંતરિક સાધનસામગ્રી સહિત)...'** આંતરિક સામગ્રી. અંતરની એકાગ્રતા ધ્યાનમાં, આનંદમાં એ અંતરની સામગ્રી છે. આહાહા..! નિર્વિકલ્પ દશા એ અંતરની સામગ્રી છે. અંતરની સામગ્રી સહિત **'અખંડ અદ્વૈત પરમ ચૈતન્યમય આત્માને જે પરમ સંયમી નિત્ય ધ્યાવે છે,...'** જે પરમ સંયમી સમકિતી... સમકિત વિના સંયમ હોતો નથી. સં–યમ એટલે સમ્યક્ સહિત યમ હોય છે. યમ એટલે વ્રત. જેને સમ્યગ્દર્શન નથી એને તો કાંઈ છે જ નહિ. બધા મિથ્યાદૃષ્ટિ છે. સંયમ પણ નથી, ઇન્દ્રિયદમન પણ નથી અને વ્રત પણ નથી અને તપ પણ નથી. આહાહા..! આકરી વાત છે.

**'પરમ ચૈતન્યમય આત્માને જે પરમ સંયમી નિત્ય ધ્યાવે છે, તેને ખરેખર પરમ સમાધિ છે.'** શાંતિ છે. આહાહા..! ત્યાં આત્મામાં શાંતિ છે. કેમકે આત્મા શાંતસ્વભાવથી પૂરો ભર્યો પડ્યો છે. શાંતસ્વભાવનો અર્થ ચારિત્રસ્વરૂપ. આત્મામાં ચારિત્રસ્વરૂપ ત્રિકાળ છે. પર્યાયમાં પ્રગટે એ બીજી ચીજ છે. અંદર આત્મામાં ચારિત્ર નામનો ગુણ ત્રિકાળ ધ્રુવ છે, ધ્રુવ. આહાહા..! એને અકષાયભાવ કહે છે. એને અકષાયભાવ કહે છે, શાંતભાવ કહે છે, ચારિત્રભાવ કહે એ બધા ધ્રુવ છે. ધ્રુવ. એને આશ્રયે જે સંયમ ઉત્પન્ન થાય છે એને સંયમ અને ચારિત્ર કહે છે. આહાહા..! એ કહ્યું. જુઓ! **'સંયમી નિત્ય ધ્યાવે છે, તેને ખરેખર પરમ સમાધિ છે.'**

**'[હવે આ ૧૨૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'**

## શ્લોક-૨૦૧

(अनुष्टुभ्)

**निर्विकल्पे समाधौ यो नित्यं तिष्ठति चिन्मये।**
**द्वैताद्वैतविनिर्मुक्तमात्मानं तं नमाम्यहम्।।२०१।।**

**[શ્લોકાર્થ :–] જે સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે, તે દ્વૈતાદ્વૈતવિમુક્ત (દ્વૈત-અદ્વૈતના વિકલ્પોથી મુક્ત) આત્માને હું નમું છું. ૨૦૧.**

## શ્લોક-૨૦૧ ઉપર પ્રવચન

**निर्विकल्पे समाधौ यो नित्यं तिष्ठति चिन्मये।**
**द्वैताद्वैतविनिर्मुक्तमात्मानं तं नमाम्यहम्।।२०१।।**

આહાહા..! એક તો દુનિયાના ધંધા આડે નવરા નથી. નવરાશ મળે ને કલાક સાંભળવા જાય ત્યાં કુગુરુ લૂંટી લે. 'શ્રીમદ્' કહે છે. કુગુરુ એક કલાક લૂંટી લે. એને વ્રત, નિયમ અને તપમાં ધર્મ મનાવી લે. મિથ્યાત્વને સેવે. એનો એક કલાક લૂંટી ગયા. આહાહા..! 'શ્રીમદ્' કહે છે. અરે..રે..! તત્ત્વની વાત વિના, પ્રભુ! અનંતકાળથી રખડે છે. નિજ જાતિને જાણ્યા વિના પરજાતથી કાંઈક મને થશે, પરદ્રવ્યથી મને કાંઈક લાભ થશે એ માન્યતા મિથ્યાત્વ છે. આહાહા..! એ મિથ્યાત્વ અનંત સંસારનું કારણ છે. મિથ્યાત્વ એ સંસાર છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, લક્ષ્મી, ધન, મકાન એ કાંઈ સંસાર નથી. એ તો અજીવ ચીજ, પર ચીજ

છે. સંસાર તો સ્વરૂપથી સંસરણ ઇતિ સંસાર. સ્વરૂપ જે ત્રિકાળી આનંદનો નાથ છે, એમાંથી ખસીને રાગાદિને પોતાના માનવા એ સંસાર છે. આહાહા..! સંસાર એ આત્માની એક વિકારી પર્યાય છે. આહાહા..! પર્યાય એટલે અવસ્થા.

સમ્યગ્દર્શન છે એ આત્માની નિર્વિકારી પર્યાય છે. મિથ્યાત્વ એ આત્માની વિકારી પર્યાય છે. કેવળજ્ઞાન એ આત્માની પૂર્ણ નિર્વિકારી પર્યાય છે. બધી પર્યાય છે. સંસાર પર્યાય છે, મોક્ષમાર્ગ પર્યાય છે, સિદ્ધ પર્યાય છે, આર્તધ્યાન પર્યાય છે, રૌદ્રધ્યાન પર્યાય છે, શુક્લધ્યાન પર્યાય છે, ધર્મધ્યાન પર્યાય છે. એ બધી પર્યાય છે. આહાહા..! આમાં અજાણ્યાએ કોઈ દિ' સાંભળ્યું ન હોય. આમાં કેટલું ધ્યાન રાખવું? 'માણેકલાલ'ના કુટુંબમાં છો ને? અહીં સાંભળ્યું હતું. 'માણેકલાલ' આવે છે ને. ગુજરી ગયા ને. એના મોટા ભાઈ પણ ગુજરી ગયા. બેય ગુજરી ગયા. નાનો આવે છે. આહાહા..!

પ્રભુ! વાત બહુ ઝીણી છે. કોઈનો અનાદર કરવાની વાત છે નહિ. પ્રભુ! તારી મોટપનો પાર નથી, નાથ! તું પરને આશ્રયે પ્રગટ થાય એવો તું પાંગળો–પામર નથી. પરને આશ્રયે તને કાંઈક ધર્મનો લાભ મળે એવો તું પામર નથી, પ્રભુ! આહાહા..! તારી અંદરમાં એટલું અનંત રતન ભર્યું છે. ચૈતન્યરત્નાકર આત્મા છે. ચૈતન્યના રત્નનો આકર–દરિયો અંદર છે, ભાઈ! આહાહા..! એની અંદરમાં ધ્યાનમાં નજર કરતાં પર રાગાદિની ક્રિયાનો અભાવ થતાં નિર્મળ પર્યાય પ્રગટે એનું નામ ધર્મધ્યાન અને મોક્ષનું કારણ કહેવામાં આવે છે. આહાહા..! અહીં કહે છે, જુઓ!

**'શ્લોકાર્થ :– જે સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે,...'** આહાહા..! મુનિ તો જંગલમાં રહેતા હતા. મુનિને કદી વસ્ત્ર, પાત્ર હતા નહિ. ત્રણકાળમાં નહીં. ભગવાન પાસે આ માર્ગ છે, અહીં કહે છે એ માર્ગ ત્યાં મહાવિદેહમાં છે. અહીં કહે છે... આહાહા..! **'સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે, તે દ્વૈતાદ્વૈતવિમુક્ત...'** આહાહા..! હું દ્વૈત–ગુણી છું અને મારામાં ગુણ છે, એવો દ્વૈતનો વિકલ્પ પણ જેને છૂટી ગયો છે. અને હું ગુણી છું એવો વિકલ્પ પણ છૂટી ગયો છે. દ્વૈતનો પણ વિકલ્પ રાગ છૂટી ગયો છે, અદ્વૈતનો પણ વિકલ્પ છૂટી ગયો છે. દ્વૈત-અદ્વૈતનો અર્થ **'જે સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિ...'** જેમાં કોઈ રાગના અંશનું અવલંબન નથી. ભગવાનની ભક્તિ, ભગવાનની પૂજા, ભગવાનનું સ્મરણ એનો અંશે પણ આલંબન નથી. આહાહા..! એ તો બધો રાગ છે. એમાં ધર્મ માનવો એ તો મિથ્યાદષ્ટિ સંસાર છે. આહાહા..!

**'જે સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે, તે દ્વૈતાદ્વૈતવિમુક્ત (દ્વૈત-અદ્વૈતના વિકલ્પોથી મુક્ત) આત્માને હું નમું છું.'** આહાહા..! જે કોઈ પોતામાં દ્વૈત એટલે હું આત્મા છું અને આ ગુણ છે, એવો દ્વૈતનો વિકલ્પ પણ છોડે છે અને હું ગુણી છું એવો વિકલ્પ પણ છોડે છે એવો દ્વૈતાદ્વૈતનો વિકલ્પ છોડવાથી જે વીતરાગ ધ્યાન થાય છે એને હું નમું

છું. આહાહા..! છે? એવા **'આત્માને હું નમું છું.'** આહાહા..! આમાં એક કલાકમાં યાદ કેટલું રાખવું? ધંધાનું બધું યાદ રહે. વેપારની વાત બહુ યાદ રાખે. અમારે ત્યાં દુકાનમાં 'આનંદ' હતો. બહુ યાદ રાખે. મોટો વેપાર હતો ને. ક્યારે આવ્યો હતો, કેટલો ખપ્યો, કેટલો પડ્યો રહ્યો, અત્યારે એનો ભાવ 'મુંબઈ'માં શું છે. એ ત્રણપટી એને ખબર હોય. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કારણ કે દુકાન મોટી હતી એટલે 'મુંબઈ'નું ઓલું લેતા. શું કહેવાય? પાસ. 'મુંબઈ'નો પાસ એટલે ૩-૪ દિ'એ 'મુંબઈ' માલ લેવા કાયમ જાવું પડે. મોટો વેપાર. પછી 'મુંબઈ'નો માલ લાવે. એને ત્રણપટી ખબર હોય, કે આ ભાવ અત્યારે. દુકાનમાં હજારો ચીજો. આ ભાવ અત્યારે ચાલે છે, આ ભાવથી આ લાવેલા હતા. એમાંથી આટલું ખપ્યું છે, આટલું બાકી છે. એય..! 'કાન્તિભાઈ'! તમારો ભૂકો. આહાહા..!

જેને જેની પ્રીતિ તેનું તેને કામ સહેલું લાગે. આહાહા..! રુચિ અનુયાયી વીર્ય. રુચિ અનુયાયી વીર્ય. જેને જેની રુચિ અને પોષાણ તેના તરફ તેનું વીર્ય–પુરુષાર્થ કામ કર્યા વિના રહે નહિ. જેની જેને જરૂરિયાત જણાય ત્યાં તે પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. આહાહા..! ન્યાય લોજિકથી (વાત છે). આ તો વીતરાગ ત્રણલોકના નાથના ન્યાય છે. આહાહા..! રુચિ જે બાજુની છે એ બાજુ વીર્ય કામ કરે છે. જો પુણ્ય-પાપની રુચિ હોય તો ત્યાં કામ કરે છે. પણ ભગવાને તો એમ કહ્યું, કે પુણ્ય-પાપમાં રુચિ કરે, પુણ્ય-પાપ કરે છે એ નપુંસક છે. એ નપુંસક છે. પાવૈયાને હિજડાને જેમ વીર્ય ન હોય, પુત્ર ન હોય એમ આના શુભભાવમાંથી ધર્મપ્રજા ન હોય. માટે શુભભાવની રચના કરવાવાળો નપુંસક છે. આહાહા..! 'સમયસાર'માં આવી ગયું છે. શુભભાવ ગમે તે જાતનો હોય પણ એનો સ્વામી થાય છે અને કર્તા થાય છે એ નપુંસક-પાવૈયા-હીજડા છે. આહાહા..! કેમકે પાવૈયાને વીર્ય નહિ એટલે હીજડાને પુત્ર નથી થતા. એમ આ શુભભાવમાં ધર્મની પ્રજા ઉત્પન્ન નથી થતી. આહાહા..! ગજબ વાતું છે. .. આકરી પડે. માર્ગ તો આવો છે, પ્રભુ! ભગવાન 'સીમંધરપ્રભુ' બિરાજે છે. એમની આ બધી વાત છે. આહાહા..!

કહે છે, **'આત્માને હું નમું છું.'** એવા આત્માને હું નમું છું. જેને દ્વૈતાદ્વૈતનો વિકલ્પ છૂટી ગયો છે. હું એક છું કે હું ગુણ ને ગુણી બે છું. એવો જેને રાગ વિકલ્પ છૂટી ગયો છે એને હું નમન કરું છું. આહાહા..! એનો અર્થ એ થયો કે વિકલ્પથી કોઈ ધર્મ માને છે તો એ નમન કરવા લાયક નથી. આહાહા..! રાગથી ધર્મ માને, મનાવે અને પ્રરૂપણા કરે એ નમન કરવાલાયક નથી. આહાહા..!

ગાથા–૧૨૪.

**किं काहदि वणवासो कायकिलेसो विचित्तउववासो।**
**अज्झयणमोणपहुदी समदारहियस्स समणस्स।।१२४।।**

**વનવાસ વા તનક્લેશરૂપ ઉપવાસ વિધવિધ શું કરે?**
**રે! મૌન વા પઠનાદિ શું કરે સામ્યવિરહિત શ્રમણને? ૧૨૪.**

**ટીકા** :- આહાહા..! **'અહીં (આ ગાથામાં), સમતા વિના...'** સમતા કોને કહે છે? વીતરાગભાવને. આહાહા..! અંદરમાં વીતરાગભાવથી ભર્યો પ્રભુ છે એના અવલંબને જે વીતરાગ દશા ઉત્પન્ન થાય એ વીતરાગદશાને સમતા કહે છે. સામાયિકમાં કહે છે ને? સામાયિકમાં સમતાનો આય લાભ. પણ હજી સમ્યગ્દર્શન નથી એને સામાયિક ક્યાંથી આવી ગઈ? સમતાનો લાભ સમતાસ્વરૂપ વીતરાગ આત્મા છે, એની અનુભવદૃષ્ટિ થાય પછી એમાં લીન થાય તો સમતાનો, વીતરાગનો લાભ થાય છે. આહાહા..! ગજબ વાત છે. ઠીક આવ્યા. થોડા સાંભળવા તો આવ્યા અહીંયાં શું છે આ? કાંઈક બીજી જાત છે. આહાહા..!

**વનવાસ વા તનક્લેશરૂપ ઉપવાસ વિધવિધ શું કરે?**
**રે! મૌન વા પઠનાદિ શું કરે સામ્યવિરહિત શ્રમણને? ૧૨૪.**

ટીકા **'અહીં (આ ગાથામાં), સમતા વિના દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને કિંચિત્ પરલોકનું કારણ નથી (અર્થાત્ જરાય મોક્ષનું સાધન નથી)...'** **'સમતા વિના દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને...'** સમતા શબ્દે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર નિશ્ચય વીતરાગભાવ. આત્મા વીતરાગસ્વરૂપ જ ત્રિકાળ છે. એ વીતરાગસ્વરૂપની દૃષ્ટિ, એનું જ્ઞાન અને એની રમણતા ત્રણેય વીતરાગ છે. મોક્ષમાર્ગ એ વીતરાગભાવ છે. તો એ કહે છે, કે એ વીતરાગભાવ **'વિના દ્રવ્યલિંગધારી શ્રમણાભાસ...'** સાધુ નામ ધરાવીને દ્રવ્યલિંગ ધારણ કર્યું છે. આહાહા..! **'કિંચિત્ પરલોકનું કારણ નથી...'** એવા દ્રવ્યલિંગ ધારણ કરીને સાધુ થાય છે, નગ્ન મુનિ દિગંબર થાય, પંચમહાવ્રત પાળે, અઠ્યાવીશ મૂળગુણ પાળે એને કિંચિત્ પરલોકનું કારણ નથી, મોક્ષનું કિંચિત્ કારણ નથી. પરલોક એટલે મોક્ષ. આહાહા..!

**'અહીં (આ ગાથામાં), સમતા વિના...'** વીતરાગી દૃષ્ટિ વિના, વીતરાગી પરિણતિ વિના મોક્ષનું કારણ નથી. **'દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને કિંચિત્ પરલોકનું કારણ નથી (અર્થાત્ જરાય મોક્ષનું સાધન નથી) એમ કહ્યું છે.'** આહાહા..!

**'કેવળ દ્રવ્યલિંગધારી શ્રમણાભાસ...'** દ્રવ્યલિંગ નગ્નપણું ધારણ (કર્યું). નગ્નપણું એ દ્રવ્યલિંગ છે. સમજાણું કાંઈ? વસ્ત્રસહિત તો દ્રવ્યલિંગ પણ નથી. આ ભગવાનનું વચન છે. **'કેવળ દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને...'** આહાહા..! **'સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત મહા આનંદના હેતુભૂત પરમસમતાભાવ વિના,...'** આહાહા..! અંતરમાં સમતાનો પિંડ પ્રભુ વીતરાગભાવથી ભર્યો છે. એ વીતરાગભાવના અવલંબને સમતા, વીતરાગતા ઉત્પન્ન થાય છે એ જ મોક્ષમાર્ગ છે. એ સમતા વિના, એ મોક્ષમાર્ગ જે સ્વદ્રવ્યને આશ્રયે છે એ વિના... આહાહા..! છે ને? એના વિના..

'**(૧) વનવાસે વસીને...**' શું થયું? નગ્ન મુનિ દિગંબર વનમાં વસે છે. તો એમાં શું થયું? આહાહા..! આવ્યું? '**કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત મહા આનંદના હેતુભૂત પરમસમતાભાવ વિના, (૧) વનવાસે વસીને વર્ષાઋતુમાં વૃક્ષ નીચે સ્થિતિ કરવાથી,...**' તેથી શું થયું તને? વૃક્ષ નીચે સ્થિતિ કરે, માથે વરસાદનું પાણી પડે તો એમાં શું લાભ છે? કાંઈ લાભ નથી. આહાહા..! આકરી વાત છે, ભગવાન! '**આનંદના હેતુભૂત પરમસમતાભાવ વિના, (૧) વનવાસે વસીને વર્ષાઋતુમાં વૃક્ષ નીચે સ્થિતિ કરવાથી, ગ્રીષ્મઋતુમાં પ્રચંડ સૂર્યના કિરણોથી સંતપ્ત પર્વતના શિખરની શીલા ઉપર બેસવાથી...**' ધોમ તડકો હોય અને શીલા ઉપર બેસે તેથી શું થયું? આહાહા..! એ બધા એકડા વિનાના મીંડા છે.

અંતર સ્વરૂપસામગ્રી સમ્યગ્દર્શન, રાગથી, વિકલ્પથી, ભેદથી રહિત એવી દૃષ્ટિ થઈ નથી, અનુભવમાં આનંદ આવ્યો નથી તો એ ક્રિયાકાંડ બધો ફોગટ છે. ફોગટ નહિ, સંસાર ફળશે, પરિભ્રમણ મળશે. આહાહા..! એ કહે છે, જુઓ! આહાહા..! '**શિખરની શીલા ઉપર બેસવાથી અને હેમંતઋતુમાં રાત્રિમધ્યે દિગંબરદશાએ રહેવાથી,...**' મૂળ તો દિગંબર ધર્મ અનાદિ છે. અનાદિ છે અને ભગવાન પાસે એ ચાલે છે. એ કોઈ સંપ્રદાય નથી, પક્ષ નથી, કોઈ પંથ નથી. વસ્તુનું સ્વરૂપ છે. એ ચીજ છે. એ કહે છે, કે '**દિગંબરદશાએ રહેવાથી, (૨) ત્વચા અને અસ્થિરૂપ (માત્ર હાડચામરૂપ) થઈ ગયેલા આખાં શરીરને ક્લેશદાયક મહા ઉપવાસથી,...**' આહાહા..! છ-છ મહિનાના અપવાસ કર્યા, મહિનાના અપવાસ કર્યા, વર્ષીતપ કર્યા. ક્લેશદાયક. છે ને? '**આખા શરીરને ક્લેશદાયક મહા ઉપવાસથી,...**' એનાથી શું થયું? એ બધું બંધનું કારણ છે. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૧૧

(પૃથ્વી)

जयत्यनघमात्मतत्त्वमिदमस्तसंसारकं
महामुनिगणाधिनाथहृदयारविन्दस्थितम्।
विमुक्तभवकारणं स्फुटितशुद्धमेकान्ततः
सदा निजमहिम्नि लीनमपि सद्दृशां गोचरम्।।२११।।

[શ્લોકાર્થ :–] આ અનઘ (નિર્દોષ) આત્મતત્ત્વ જયવંત છે—કે જેણે સંસારને અસ્ત કર્યો છે, જે મહામુનિગણના અધિનાથના (–ગણધરોના) હૃદયારવિંદમાં સ્થિત છે, જેણે ભવનું કારણ તજી દીધું છે, જે એકાંતે શુદ્ધ પ્રગટ થયું છે (અર્થાત્ જે સર્વથા શુદ્ધપણે સ્પષ્ટ જણાય

**છે) અને જે સદા (ટંકોત્કીર્ણ ચૈતન્યસામાન્યરૂપ) નિજ મહિમામાં લીન હોવા છતાં સમ્યગ્દષ્ટિઓને ગોચર છે. ૨૧૧.**

**પ્રવચન નં. ૧૪૭, શ્લોક--૨૧૧, ગાથા-૧૨૭, શનિવાર, જ્યેષ્ઠ વદ ૯, તા.૦૭-૦૬-૮૦**

'નિયમસાર' કળશ-૨૧૧.

**जयत्यनघमात्मतत्त्वमिदमस्तसंसारकं**
**महामुनिगणाधिनाथहृदयारविन्दस्थितम्।**
**विमुक्तभवकारणं स्फुटितशुद्धमेकान्ततः**
**सदा निजमहिम्नि लीनमपि सद्दृशां गोचरम्।।२११।।**

**શ્લોકાર્થ :- 'આ અનઘ (નિર્દોષ) આત્મતત્ત્વ...'** અનઘ એટલે નિર્દોષ. એમાં કોઈ પુણ્ય ને પાપ કે કોઈ ચીજ છે નહિ. એમાં સંસાર છે નહિ. નિર્દોષ આત્મતત્ત્વ. અનઘ એટલે નિર્દોષ **'આત્મતત્ત્વ જયવંત છે—'** એ કાયમ છે. નવું થાય છે. લક્ષમાં લેનારને નવું લાગે. વસ્તુ તો અનાદિ અનાદિ સનાતન, નિત્યાનંદ પ્રભુ, નિર્દોષ આત્મતત્ત્વ આખું પડ્યું છે. કે જે **'આત્મતત્ત્વ જયવંત છે—કે જેણે સંસારને અસ્ત કર્યો છે,...'** આહાહા..! એ ચૈતન્ય જે વસ્તુ, નિર્દોષ જે આત્મતત્ત્વ, એણે સંસારને અસ્ત કર્યો છે. સંસાર આથમી ગયો છે. પોતે ઊગ્યો છે, સંસારને આથમી દીધો છે. આહાહા..! એવા આત્માની દૃષ્ટિ કરો તો સમ્યગ્દર્શન થાય એમ કહેવું છે. આહાહા..! ધર્મની પહેલી સીઢી.

**'જેણે સંસારને અસ્ત કર્યો છે,...'** આહાહા..! ચૈતન્યજ્યોત ભગવાનઆત્મા દ્રવ્ય, જેમાં સંસારનું અસ્તિપણું છે જ નહિ. આહાહા..! **'જે મહામુનિગણના...'** મહામુનિગણના ટોળા એના અધિનાથ. મહામુનિના ટોળા–ગણ, એના અધિનાથ **'(–ગણધરોના) હૃદયારવિંદમાં...'** આહાહા..! ગણધર જે ગૌતમ આદિ, એના હૃદયમાં. હૃદયારવિંદ—હૃદયરૂપી કમળ. એમાં આત્મા સ્થિત છે. આહાહા..! એટલે એમ કહેવું છે કે જ્ઞાન જ્ઞાનમાં સ્થિત છે. એવો ભગવાનઆત્મા બીજે ક્યાંય જાતો નથી. આહાહા..! એ **'હૃદયારવિંદમાં સ્થિત છે,...'** આહાહા..!

**'જેણે ભવનું કારણ તજી દીધું છે,...'** વસ્તુસ્વરૂપ એવું છે કે ભવ તો નહિ પણ ભવના કારણ જેણે તજી દીધા છે. આહાહા..! જેમાં ભવ તો નથી. કેમકે ભવના કારણ જેમાં નથી. આહાહા..! એ તો મોક્ષના કારણરૂપ આખું તત્ત્વ પડ્યું છે. આહાહા..! હવે આ વાત કેમ બેસે? આ કરો.. આ કરો... (એમ કહે) તો એને સમજાય. આ કહે, ભગવાન અંદર પર્યાય સિવાય આખું તત્ત્વ જે છે, સંસારનો જેણે અંત કરી દીધો છે. સંસાર તો જેમાં અસ્ત છે.

અને ભવનું કારણ. પહેલા સંસારને અસ્ત કર્યો છે કીધું. પછી કહ્યું **'ભવનું કારણ તજી દીધું છે,...'** શું કીધું ઇ સમજાણું? પહેલું કહ્યું કે ભવનો જ અભાવ કર્યો. સ્વરૂપમાં સંસાર છે જ નહિ. બીજી રીતે કહ્યું કે સંસારના ભવના જે કારણો છે એ કારણ એનામાં નથી. કારણ ત્યજી દીધા છે. આહાહા..! આવો માર્ગ, લ્યો!

મુમુક્ષુ :– ... છે ને?

ઉત્તર :– ... મહા વસ્તુ છે. પરમ પરમાત્મા પોતે છે.

અંદર દ્રવ્ય સ્વભાવ વસ્તુસ્વરૂપ એવું છે કે જેમાં સંસારનો અસ્ત છે. સંસાર છે જ નહિ. આહાહા..! સંસાર નથી એને હવે સંસારનો નાશ કરવો એ રહેતું નથી એમ કહે છે. એ તો વસ્તુની દૃષ્ટિ અને અનુભવ થયો એટલે સંસાર છે જ નહિ. આહાહા..! પછી કહ્યું છે કે ગણધરોના હૃદયમાં છે. **'જેણે ભવનું કારણ તજી દીધું છે,...'** આહાહા..! સ્વર્ગનું કારણ જે શુભભાવ... આહાહા..! ભવના કારણ તજી દીધા છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભવનું કારણ છે એ એણે તજી દીધું છે. આહાહા..! આવો માર્ગ છે. અખંડાનંદ પ્રભુ ચૈતન્યતત્ત્વ આત્મતત્ત્વ છે. એમાં કહે છે કે, આહાહા..! **'ભવનું કારણ તજી દીધું છે,...'** આહાહા..! ભવના કારણ હવે છોડવા નથી. તજી દીધા છે, એમાં છે જ નહિ. આહાહા..! વસ્તુ છે એમાં અનંત અનંતગુણ વસેલા છે. એમાં સંસારના કારણ અને સંસાર બે ચીજનો અભાવ છે. આહાહા..! એવું જે ભગવાન આત્મતત્ત્વ, એની દૃષ્ટિ કરવી.

**'જે એકાંતે શુદ્ધ પ્રગટ થયું છે...'** એકાંતે શુદ્ધ પ્રગટ થયું છે **'(અર્થાત્ જે સર્વથા શુદ્ધપણે સ્પષ્ટ જણાય છે)...'** આહાહા..! આવી ચીજ છે એની અંદર નજર કરવાથી, પર્યાયને તેના તરફ વાળવાથી એ સર્વથા શુદ્ધપણે સ્પષ્ટ જણાય છે. સર્વથા શુદ્ધપણે પ્રત્યક્ષ વેદનમાં આવે છે. આહાહા..! બહુ શ્લોક ઊંચો! એક શ્લોકે તો... આહાહા..! **'(અર્થાત્ જે સર્વથા શુદ્ધપણે સ્પષ્ટ જણાય છે)...'** છે? **'એકાંતે શુદ્ધ પ્રગટ થયું છે...'** એનો અર્થ કર્યો. **'એકાંતે શુદ્ધ પ્રગટ થયું છે (અર્થાત્ જે સર્વથા શુદ્ધપણે સ્પષ્ટ જણાય છે)...'** આહાહા..! આનંદ અને જ્ઞાન પ્રત્યક્ષપણે જણાય છે. આહાહા..! જેમાં સંસાર અને સંસારના કારણો તો છે જ નહિ પણ આ વસ્તુ છે એ સ્પષ્ટપણે જણાય છે. આહાહા..! પ્રત્યક્ષપણે વસ્તુ છે. એ પ્રત્યક્ષપણે જણાય છે. સર્વથા શુદ્ધપણે પ્રત્યક્ષ જણાય છે. આહાહા..! અશુદ્ધતાનો તો જેમાં અંશ પણ નથી. આવું જે આત્મતત્ત્વ અંદર, એની દૃષ્ટિ કરતાં, એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય એ ધર્મનું પહેલું પગથિયું છે. આહાહા..! એ વિના ધર્મની શરૂઆત છે નહિ. બહારના લાખ વ્રત અને તપ ને ક્રિયા કર્યા કરે એ બધો સંસાર રખડવાનો (માર્ગ છે). આહાહા..!

**'અને જે સદા (ટંકોત્કીર્ણ ચૈતન્યસામાન્યરૂપ)...'** એકરૂપ. જેનું રૂપ એકરૂપ (છે). પર્યાયમાં તો હિનાધિકતા થાય, વસ્તુ છે એમાં હિનાધિકતા નથી. એ તો સદા એકરૂપ છે. સદા ધ્રુવ નિત્ય એકરૂપ છે. આહાહા..! **'નિજ મહિમામાં લીન હોવા છતાં...'** ખૂબી શું કીધી

છે? કે શાશ્વત સદા ચૈતન્યસામાન્ય હોવા છતાં **'સમ્યગ્દષ્ટિઓને ગોચર છે.'** આહાહા..! સંસારની દશા નથી, સંસારના કારણો નથી અને સ્પષ્ટ પ્રગટ જણાય છે. એવો સદા ટંકોત્કીર્ણ એટલે શાશ્વત ચૈતન્યસામાન્યરૂપ એવો જે નિજ મહિમામાં લીન. એ તો સામાન્યસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ, નિત્યસ્વરૂપ એમાં એ આત્મા લીન છે. આહાહા..! આવી વાત વાડામાં તો સાંભળવા મળે એવી નથી. એ તો સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. મિથ્યાદષ્ટિ. મિથ્યાત્વ સહિત સંસારમાં રખડવાનું છે, બાપુ! અરે..રે..! જેમાં, જે તત્ત્વમાં સંસાર નથી એને સંસારના ભાવથી લાભ થાય... આહાહા..! જેમાં સંસારના ભવના કારણો જ નથી એ ભવના કારણથી એને લાભ થાય એમ ત્રણકાળમાં બને નહિ. ઝીણું લાગે, ગૂઢ લાગે પણ વસ્તુ પરમસત્ય તો આ છે. અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ પરમાત્મા, આમ અનાદિકાળથી કહેતા આવ્યા છે. અનાદિકાળથી આમ કહેતા આવ્યા છે અને અત્યારે પણ ભગવાન એમ કહે છે. આહાહા..! અને ભવિષ્યમાં અનંતતીર્થંકરો આમ જ કહેશે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' આહાહા..! શ્લોક પણ કેવો!

**'નિજ મહિમામાં લીન હોવા છતાં...'** આહાહા..! એ શું કહે છે? કે ધ્રુવ નિત્ય હોવા છતાં, સામાન્ય હોવા છતાં, એમ કહે છે. સામાન્ય હોવા છતાં **'નિજ મહિમામાં લીન હોવા છતાં...'** એટલે સામાન્ય સામાન્યમાં જ લીન છે. આહાહા..! સામાન્ય એ સામાન્યમાં જ લીન છે. **'છતાં સમ્યગ્દષ્ટિઓને ગોચર છે.'** આહાહા..! શું કીધું સમજાણું? સામાન્ય, જેમાં સંસાર નથી, સંસારના કારણ નથી, સ્પષ્ટ પ્રગટ વસ્તુ છે અને (જે)... આહાહા..! નિજ મહિમામાં સામાન્યસ્વરૂપે (લીન છે). સામાન્ય એટલે? વિશેષ નહિ. પર્યાયની વિશેષતા એમાં નથી. આહાહા..! એવું જે સામાન્ય એકરૂપ તત્ત્વ **'નિજ મહિમામાં લીન હોવા છતાં...'** ખૂબી શું કહે છે? કે વસ્તુ સામાન્ય છે, નિજ મહિમામાં લીન છે **'છતાં સમ્યગ્દષ્ટિઓને ગોચર છે.'** આહાહા..!

મુમુક્ષુ :– ... ગોચર હોય ત્યારે કહેવાયને?

ઉત્તર :– પણ એ ગોચર સમ્યગ્દષ્ટિ કરે ત્યારે એને ખબર પડે ને? એ વિના આવું છે એમ જાણે કોણ? આમ તો કીધું, સામાન્ય છે. પોતાના સ્વરૂપમાં લીન છે એટલે સામાન્યમાં લીન છે. વિશેષમાં આવતો નથી. છતાં તે ચીજ સમ્યગ્દષ્ટિને ગોચર છે. આહાહા..! આવી વાત છે. લોકોને પછી લાગે (કે) 'સોનગઢ'ની વાત એકાંત છે. નિશ્ચય નિશ્ચય વાતું છે. બાપુ! નિશ્ચય એટલે સત્ય. સત્ય એટલે પરમસત્ય. પરમસત્ય તે આ છે. આહાહા..!

ખૂબી શું કરી છે આમાં? કે સંસાર અને સંસારનું કારણ, એના વિનાનું છે. બાકી છે શુદ્ધ સ્વરૂપ સામાન્ય. સામાન્યમાં સામાન્ય લીન છે. સામાન્ય છે એ સામાન્ય વિશેષ વિના, પર્યાય વિના, ભેદ વિના, સામાન્ય વસ્તુ તે ત્રિકાળ સામાન્યમાં લીન છે. છતાં સમ્યગ્દષ્ટિને ગોચર છે. એમ ત્યાં સુધી કહ્યું. આહાહા..! ભલે સામાન્ય સામાન્યમાં હો,

પણ સમ્યગ્દષ્ટિની પર્યાય વિશેષ, તે સામાન્યને જાણી લે છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ આવી વાત છે.

સમ્યગ્દર્શન–પ્રથમ ધર્મનું સોપાન–ધર્મનું પહેલું પગથિયું. આહાહા..! કહે છે, કે એ ભગવાન સામાન્યસ્વરૂપ છે, ધ્રુવ છે અને તે ધ્રુવમાં લીન છે, છતાં સમ્યગ્દષ્ટિ ત્યાં દૃષ્ટિ કરે તો તેને પ્રાપ્ત થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ આમાં? ન્યાયથી, લોજિકથી વાત કરી છે. ન્યાયનો માર્ગ, ન્યાયનો અર્થ નિ ધાતુ છે. ન્યાયમાં નિ ધાતુ છે. નિ ધાતુનો અર્થ એવો છે. જેવું સ્વરૂપ છે તેવું તે જ્ઞાનને લઈ જવું, દોરી જવું, એનું નામ ન્યાય. 'સજ્જનલાલજી'! તમારા ન્યાય એ ન્યાય નહિ. કોર્ટના ન્યાય નહિ. આહાહા..!

મુમુક્ષુ :– પેલા લૌકિક છે, આ લોકોત્તર ન્યાય છે.

ઉત્તર :– એ લૌકિક બધા જૂઠા. આહાહા..!

શું વાત કરી? આહાહા..! જેમાં પ્રભુમાં સંસાર અને સંસારના કારણ નથી એટલે છેદવું રહ્યું નહિ. આહાહા..! અને જે સામાન્ય પોતાના સ્વરૂપમાં લીન છે એ કેમ જાણવામાં આવે? સામાન્ય છે એ પોતામાં લીન છે તોપણ સમ્યગ્દષ્ટિને જાણવામાં આવે છે. આહાહા..! આવો શ્લોક છે. ગજબ વાત છે. એક શ્લોકે તો ગજબ કરી નાખ્યો! આ તો જિનવાણી છે. સંતો, દિગંબર સંતો એટલે વીતરાગ. દિગંબર સંતો એટલે વીતરાગ. એ વીતરાગની આ વાણી છે. આહાહા..!

પ્રભુ! તારામાં રાગની ગંધ નથી ને. એટલે છોડવું એમ કેમ? કહે છે. તારે એ ઉપર લક્ષ ક્યાં કરવું છે? જે નથી એમાં લક્ષ કરવું ક્યાં? આહાહા..! જેમાં સંસાર અને સંસારના કારણ નથી. નથી તેના ઉપર તારે લક્ષ ક્યાં કરવું છે? આહાહા..! અને જે છે એ સામાન્યમાં લીન છે. એથી કોઈને એમ લાગે સામાન્યમાં લીન છે, સામાન્ય વિશેષમાં કેમ જણાય? તો કહે છે કે એ સમ્યગ્દષ્ટિ જીવ અંતર નજર કરતાં એને સામાન્ય ધ્રુવ જણાય છે. આહાહા..! આવી વાત છે, ભગવાન!

ચોર્યાશીના અવતાર... આહાહા..! કાલે કહ્યું નહોતું? ૬૬૩૩૬ એક અંતર્મુહૂર્તમાં નિગોદના ભવ કરે. જન્મે અને મરે. જન્મે અને મરે... જન્મે અને મરે. અંતર્મુહૂર્ત એટલે ૪૮ મિનિટ. આહાહા..! ૪૮ મિનિટમાં એ લીલ-ફૂગમાં અને આ લસણ અને ડુંગળીમાં અને કાંદામાં, મૂળાનો કાંદો. એના પાંદડા નહિ. પાંદડા પ્રત્યેક છે. એક કાંદો છે એની એક કટકીમાં અનંતા જીવ છે. આહાહા..! કહે છે, કે એવા જે જીવો છે... આહાહા..! એ અંદર જીવ છે એ પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન છે. છતાં ભૂલીને એક અંતર્મુહૂર્તમાં ૬૬ હજાર ભવ કરે. અર..ર..! એ જન્મ-મરણના દુઃખ બાપા! કેવા હશે? આહાહા..!

અહીં માતાના પેટમાંથી નીકળે તો ભીંસ થઈને પેટ દુઃખે. મહા પીડા થાય. જન્મ વખતે મહા પીડા થાય. અને જન્મ્યા પછી પાધરો પહેલો ઉંહકારો કરે. આંખ ઉઘાડે નહિ. જન્મ્યો

એટલે બાળક ઉંહકારો ઉં.. કરે. આંખ ઉઘાડે નહિ. પછી એની મા આવીને જુએ કે આ છોકરો છે કે... પછી વળી એને પંપાળે અને આમ કરે, પછી ઉંહકારો કરે, આમ કરે એમ કર્યા કરે. આહાહા..! મનુષ્યભવમાં એ તો સાધારણ દુઃખ છે. એ તો સાધારણ છે. અને નિગોદમાં તો અનંતુ દુઃખ છે. જેને પર્યાયમાં અક્ષરમાં અનંતમાં ભાગનો વિકાસ છે. આહાહા..!

જે જ્ઞાનમૂર્તિ પ્રભુ ભવસાગર રહિત સ્વરૂપ, પણ એની પર્યાયમાં, વિકાસમાં... વિકાસમાં તો અક્ષરના અનંતમાં ભાગનો વિકાસ છે. બાકી એનું સ્વરૂપ પૂર્ણ છે એ પૂર્ણ ભવ વિનાનું છે. આહાહા..! એમાં ૬૬ હજાર ભવ. અંતર્મુહૂર્તમાં શું હશે આ? આહાહા..! અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬. આહાહા..! એકવાર તો અંદર ઘા વાગવો જોઈએ ને. હૃદયમાં ઘા વાગવો જોઈએ કે આહાહા..! આવા ભવ પ્રભુ! તેં કર્યા અને જ્યાં સુધી હજી મિથ્યાત્વ નહિ ટાળે ત્યાં સુધી ભવભ્રમણ કરશે. આહાહા..!

તેથી અહીં કહે છે કે એ મિથ્યાત્વ-ફિથ્યાત્વ તારામાં નથી. સાંભળને! આહાહા..! મિથ્યાત્વ એ સંસારનું કારણ છે. એ કારણ તારામાં નથી. એ તો પર્યાયમાં છે. આહાહા..! અને તે સામાન્યસ્વરૂપ છે અને એકરૂપ છે. એકરૂપ ખ્યાલમાં કેમ આવે? એમ કહે છે. જે સામાન્ય છે, ધ્રુવ છે, એકરૂપ છે, સદાય નિત્ય શાશ્વત છે એ અનુભવમાં કેમ આવે? એ સમ્યગ્દૃષ્ટિના અનુભવમાં આવે છે. આહાહા..! ભાષા તો સાદિ સમજાય એવું છે. નથી સમજાય એવું નથી. પણ વસ્તુ કડક છે, બાપુ! આહાહા..! ધર્મ કોઈ એવો વીતરાગ છે. વીતરાગ સિવાય ક્યાંય ધર્મ છે પણ નહિ. આહાહા..! આવું સ્વરૂપનું કથન પણ ક્યાં છે? દયા પાળો, વ્રત કરો, એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, જીવિયા વહરોવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. કાયોત્સર્ગ કરો. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ કાયોત્સર્ગ તો આપણે આવી ગયું.

આત્મા આનંદમૂર્તિ પૂર્ણાનંદ નિત્યાનંદમાં કાયાનો ઉત્સર્ગ જ છે. આ શરીરથી માંડીને બધી ચીજોનો પ્રભુમાં અભાવ જ છે. એટલે એને છોડવું એ કાંઈ છે નહિ. આહાહા..! એ વસ્તુ છે એમાં સ્થિર થવું, ધ્રુવ છે એમાં સ્થિર થવું, સામાન્ય છે એમાં વિશેષપણે રહેવું-થવું. આહાહા..! સામાન્ય વસ્તુ ત્રિકાળ એકરૂપ હોવા છતાં સમ્યગ્દૃષ્ટિની પર્યાય વિશેષ, એ વિશેષ તેને જાણી લે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'સમ્યગ્દૃષ્ટિઓને ગોચર છે.'** એકવચન નથી લીધું. સમ્યગ્દૃષ્ટિઓને (એટલે) ઘણા સમ્યગ્દૃષ્ટિ જીવો છે એને એ ગમ્ય છે. આહાહા..! આવી ચીજ છે. ધીરેથી વસ્તુનું સ્વરૂપ શું છે (તે સમજવું). સર્વજ્ઞ પરમાત્મા ઇન્દ્રની હાજરીમાં, ગણધરોની હાજરીમાં જે વાણી નીકળી એ આ વાણી છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા. સંવત્ ૪૯. આઠ દિ' રહ્યા

હતા. ત્યાંથી આવ્યા અને પછી આ શાસ્ત્રમાં તો એમ કહ્યું, કે મેં મારી ભાવના માટે આ શાસ્ત્ર બનાવ્યું છે. આહાહા..! 'સમયસાર' અને 'પ્રવચનસાર'માં બીજી રીતે કહ્યું. ત્યાં તો આ હું કહીશ અને વર્ણવીશ એમ (કહ્યું). અને આમાં તો એમ કહ્યું, કે મેં મારી ભાવના... છેલ્લી ગાથા છે ને? મારી ભાવના માટે મેં તો આ બનાવ્યું છે. છેલ્લી છે. ૧૮૭ છેલ્લી ગાથા. આહાહા..! ૧૮૭.

**'णियभावणाणिमित्तं'** ૧૮૭. ગુજરાતીમાં પાનું-૩૭૧. **'णियभावणाणिमित्तं'** મારી ભાવનાને કારણે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે. મારી ભાવનાને કારણે **'मए कदं'** મેં કર્યું. **'णिमसारणामसुदं'** 'નિયમસાર' નામ સૂત્ર **'णच्चा जिणोवदेसं'** વીતરાગના ઉપદેશને પૂર્વાપર અવિરોધ જાણીને. આહાહા..! વીતરાગ ત્રિલોકનાથ કેવળી પરમાત્માની વાણીને પૂર્વાપર વિરોધ રહિત જાણીને. **'णच्चा'** એટલે જાણીને. જિનોપદેશ. **'पूर्वापरदोषनिर्मुक्तम्'** પહેલા અને પછીમાં ક્યાંય વિરોધ નથી. પહેલા કાંઈક કહે અને પછી કાંઈક કહે (એમ નહિ). **'દોષ રહિત...'** દોષનો વિરહ છે. દોષ એમાં છે નહિ. **'पूर्वापरदोषनिर्मुक्तम्'** આહાહા..! પોતે કહે છે કે મેં મારા માટે બનાવ્યું, લ્યો! આહાહા..!

મારે તો એમ કહેવું છે, 'કુંદકુંદાચાર્ય' જેવા એક ભવે મોક્ષ જનારા, ભગવાન પાસે ગયા, આઠ દિ' ત્યાં રહ્યા. એ એમ કહે, મેં મારા માટે 'નિયમસાર' બનાવ્યું છે, બાપા! આહાહા..! મેં તો મારી ભાવના માટે... આહાહા..! અનંત આનંદનો નાથ, એની ભાવના, એનો અનુભવ, એની પર્યાયમાં એનું બધું સર્વસ્વ આવે, એની પર્યાયમાં અંદર સર્વસ્વ આવે એને માટે મેં બનાવ્યું છે. આહાહા..!

## ગાથા-૧૨૭

**जस्स संणिहिदो अप्पा संजमे णियमे तवे।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१२७।।**

यस्य सन्निहितः आत्मा संयमे नियमे तपसि।
तस्य सामायिकं स्थायि इति केवलिशासने।।१२७।।

अत्राप्यात्मैवोपादेय इत्युक्तः।

यस्य खलु बाह्यप्रपंचपराङ्मुखस्य निर्जिताखिलेन्द्रियव्यापारस्य भाविजिनस्य पापक्रियानिवृत्तिरूपे बाह्यसंयमे कायवाङ्मनोगुप्तिरूपसकलेन्द्रियव्यापारवर्जितेऽभ्यन्तरात्मनि

परिमितकालाचरणमात्रे नियमे परमब्रह्मचिन्मयनियतनिश्चयान्तर्गताचारे स्वरूपेऽविचलस्थितिरूपे व्यवहारप्रपंचितपंचाचारे पंचमगतिहेतुभूते किंचनभावप्रपंचपरिहीणे सकलदुराचारनिवृत्तिकारणे परमतपश्चरणे च परमगुरुप्रसादासादितनिरंजननिजकारणपरमात्मा सदा सन्निहित इति केवलिनां शासने तस्य परद्रव्यपराङ्मुखस्य परमवीतरागसम्यग्दृष्टेर्वीतरागचारित्रभाजः सामायिकव्रतं स्थायि भवतीति।

संयम, नियम ने तप विषे आत्मा समीप छे जेहने,
स्थायी समायिक तेहने भाख्युं श्री केवळीशासने. १२७.

અન્વયાર્થ :– [ यस्य ] જેને [ संयमे ] સંયમમાં, [ नियमे ] નિયમમાં અને [ तपसि ] તપમાં [ आत्मा ] આત્મા [ सन्निहितः ] સમિપ છે, [ तस्य ] તેને [ सामायिकं ] સામાયિક [ स्थायी ] સ્થાયી છે [ इति केवलिशासने ] એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

ટીકા :– અહીં (આ ગાથામાં) પણ આત્મા જ ઉપાદેય છે એમ કહ્યું છે.

બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ અને સમસ્ત ઇન્દ્રિયવ્યાપારને જીતેલા એવા જે ભાવી જિનને પાપક્રિયાની નિવૃત્તિરૂપ બાહ્યસંયમમાં, કાય-વચન-મનોગુપ્તિરૂપ, સમસ્ત ઇન્દ્રિયવ્યાપાર રહિત અભ્યંતરસંયમમાં, માત્ર પરિમિત (મર્યાદિત) કાળના આચરણસ્વરૂપ નિયમમાં, નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ, ચિન્મય-પરમબ્રહ્મમાં નિયત (નિશ્ચય રહેલા) એવા નિશ્ચયઅંતર્ગતઆચારમાં (અર્થાત્ નિશ્ચય-અભ્યંતર નિયમમાં), વ્યવહારથી *પ્રપંચિત (જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાચારરૂપ) પંચાચારમાં (અર્થાત્ વ્યવહાર–તપશ્ચરણમાં), તથા પંચમગતિના હેતુભૂત, કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત, સકળ દુરાચારની નિવૃત્તિના કારણભૂત એવા પરમ તપશ્ચરણમાં (–આ બધામાં) પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો નિરંજન નિજ કારણપરમાત્મા સદા સમીપ છે (અર્થાત્ જે મુનિને સંયમમાં, નિયમમાં અને તપમાં નિજ કારણપરમાત્મા સદા નિકટ છે), તે પરદ્રવ્યપરાઙ્મુખ પરમવીતરાગ–સમ્યગ્દૃષ્ટિ વીતરાગચારિત્રવંતને સામાયિકવ્રત સ્થાયી છે એમ કેવળીઓના શાસનમાં કહ્યું છે.

## ગાથા–૧૨૭ ઉપર પ્રવચન

૧૨૭–ગાથા.

जस्स संणिहिदो अप्पा संजमे णियमे तवे।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१२७।।

* પ્રપંચિત = દર્શાવવામાં આવેલા; વિસ્તાર પામેલા.

**સંયમ, નિયમ ને તપ વિષે આત્મા સમીપ છે જેહને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૭.**

આહાહા..! અલૌકિક વાતું છે.

**ટીકા :-** **'અહીં (આ ગાથામાં) પણ આત્મા જ ઉપાદેય છે એમ કહ્યું છે.'** આત્મા જ ઉપાદેય છે. પર્યાય નહિ, વ્યવહાર નહિ, નિમિત્ત નહિ, કાંઈ નહિ. આહાહા..! એ આત્મા ઉપાદેય છે એ જ સમ્યગ્દર્શન છે. આહાહા..! **'(આ ગાથામાં) પણ આત્મા જ ઉપાદેય છે એમ કહ્યું છે.'**

**'બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ...'** આહાહા..! **'અને સમસ્ત ઇન્દ્રિયવ્યાપારને જીતેલા...'** સમસ્ત ઇન્દ્રિય વિષયને જીતેલા. **'એવા જે ભાવિ જિન...'** આહાહા..! ભવિષ્યમાં તીર્થંકર થવા લાયક. આહાહા..! ભાવી જિન. કળશમાં પણ પછી આવે છે. ભાઈ! ભાવિ તીર્થાધિનાથ. પછી ૨૧૨મો કળશ આવે છે ને? એમાં છેલ્લે શબ્દ છે ભાવિ તિર્થાધિનાથ. ધ્વનિ તો એવો ઉઠતો હોય જાણે કે આ ભવિષ્યમાં તીર્થંકર થવાના હશે. એવી ધ્વનિ ઊઠે છે. એક ભક્તાંમરમાં એવી ધ્વનિ આવે છે. ભક્તાંમર છે એમાં એવી ધ્વનિ આવે છે. જાણે ભવિષ્યમાં તીર્થંકર થવાના હોય. આહાહા..!

**'એવા જે ભાવિ જિનને...'** ભવિષ્યમાં પરમાત્મા થવાના, ભવિષ્યમાં કેવળજ્ઞાન થવાનું. એવા જીવને **'પાપક્રિયાની નિવૃત્તિરૂપ બાહ્યસંયમમાં,...'** પાપક્રિયાની નિવૃત્તિરૂપ બાહ્યસંયમ હોય છતાં અંદર આત્મા સમીપ છે. એ ક્રિયા સમીપ નથી. આત્મા આનંદસ્વરૂપ છે એ સમીપમાં વર્તે છે. આહાહા..! **'પાપક્રિયાની નિવૃત્તિરૂપ બાહ્યસંયમમાં, કાય-વચન-મનોગુપ્તિરૂપ,...'** એના વચનમાં પણ **'સમસ્ત ઇન્દ્રિયવ્યાપાર રહિત અભ્યંતરસંયમમાં,...'** આહાહા..! અંતરના અભ્યંતર સંયમમાં આનંદસ્વરૂપમાં સમ્યક્ પ્રકારે યમ, સંયમ. યમ એટલે લીનતા થવી. આહાહા..! એવા સંયમમાં પણ **'માત્ર પરિમિત (મર્યાદિત) કાળના આચરણસ્વરૂપ નિયમમાં,...'** આહાહા..! ભલે મુનિ કોઈ પરિમિત કરે. બપોરે આહાર કરે, પ્રત્યાખ્યાન કરે, ... એવા મર્યાદિતકાળના આચરણ નિયમમાં **'નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ,...'** આહાહા..! તે દરેકમાં પણ **'નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ,...'** આહાહા..! એ ક્રિયાના કાળમાં પણ નિજ સ્વરૂપમાં સ્થિતિરૂપ. આહાહા..!

**'ચિન્મય-પરમબ્રહ્મમાં નિયત...'** જ્ઞાનમય એવો જે પરમબ્રહ્મ ભગવાન. એમાં **'(નિશ્ચય રહેલા).'** આહાહા..! **'એવા નિશ્ચયઅંતર્ગત આચારમાં...'** ઓલું બહારનું લીધું હતું. આ અંદરનું લીધું. **'એવા નિશ્ચયઅંતર્ગત આચારમાં (અર્થાત્ નિશ્ચય-અભ્યંતર નિયમમાં),...'** આત્મા વસે છે એમ કહેવું છે. આત્મા સમીપ છે. બધામાં નજીક છે. સામે પડ્યો છે. આહાહા..! ગમે તે ક્રિયા થતી હોય છતાં ભગવાન તો આમ સમીપે પડ્યો છે. નજરું ત્યાં નથી. નજરું

અહીં છે એમ કહે છે. આહાહા..! એ બાહ્યક્રિયા કે અભ્યંતરક્રિયા, એના ઉપર નજર નથી. એ વર્તે છે પણ એનામાં પ્રભુ સમીપ વર્તે છે. પોતાનો આત્મા ભગવાન સામાન્ય ધ્રુવસ્વરૂપ સમીપમાં, દરેકમાં સમીપમાં વર્તે છે. આહાહા..! આવો ઉપદેશ છે, લ્યો!

**'વ્યવહારથી પ્રપંચિત...'** આહાહા..! વ્યવહારથી જે વર્ણવેલો **'(જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાચારરૂપ)...'** વ્યવહાર. વ્યવહારથી વર્ણન હોય ને. જ્ઞાનનું, દર્શનનું, ચારિત્રનું. એવા **'પંચાચારમાં...'** આહાહા..! પણ ભગવાન સમીપ વર્તે છે, કહે છે. પંચાચાર છે એ તો વિકલ્પ છે પણ એના સમીપમાં પ્રભુ વર્તે છે. આહાહા..! સમ્યગ્દષ્ટિને એવી ક્રિયા વખતના કાળમાં પણ દૃષ્ટિમાં એ પ્રભુ તરવરે છે. દૃષ્ટિમાં એ ક્રિયા તરવરતી નથી. આહાહા..! એ ક્રિયા આદિને જાણે પણ સમીપમાં વર્તનારો પ્રભુ એના ઉપર એની દૃષ્ટિ છે. આહાહા..! **'વ્યવહારથી પ્રપંચિત (જ્ઞાન-દર્શન...)'** પ્રપંચિત, જોયું! **'દર્શાવવામાં આવેલા; વિસ્તાર પામેલા.'** જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર, તપાચાર. આહાહા..!

**'તથા પંચમગતિના હેતુભૂત, કાંઈપણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત,...'** પંચમગતિના હેતુભૂત કાંઈપણ પરિગ્રહપ્રપચંથી સર્વથા રહિત. આહાહા..! એક કપડાનો કટકો પણ મુનિને હોય નહિ. કપડાનો કટકો રાખીને મુનિ માને તો નિગોદમાં જવાના. આહાહા..! 'અષ્ટપાહુડ'માં એ પાઠ છે. આ તો કપડાના ઢગલા રાખે. ચાલે મોટા ટોપલા બાંધે. અમે નિર્ગ્રંથ છીએ, અમે મુનિ છીએ (એમ માને). બહુ ફેર, ભગવાન! બહુ ફેર. આહાહા..! 'મોક્ષપાહુડ'ની ૧૬મી ગાથામાં એમ કહે છે, એક વસ્ત્રનો કટકો પણ રાખીને મુનિપણું માને, મનાવે એ નિગોદમાં જશે.

મુમુક્ષુ :– તલના ફોતરા જેટલી, તલતુષ.

ઉત્તર :– સાચી વાત છે. તલતુષ માત્ર ફોતરું રાખે તો પણ એમ છે. તલતુષનું ફોતરું જેટલું પણ રાખે... સમજાય છે?

એ 'સૂત્રપાહુડ'માં છે. 'મોક્ષપાહુડ'માં તો **'परदव्वादो दुग्गई'** (છે). પરદ્રવ્યથી તો દુર્ગતિ થશે. વીતરાગ કહે છે કે તું મારી સામું જોઈશ તો તને રાગ થશે, વિકાર થશે, દુર્ગતિ થશે. આહાહા..! એ તો વીતરાગ એમ કહે. ઓલું 'સૂત્રપાહુડ'માં છે. 'મોક્ષપાહુડ'માં એ છે. 'સૂત્રપાહુડ'ની ૧૮મી ગાથા. **'जहजायरूवसरियो'** જન્મ માતાએ કર્યો એનાથી વિશેષ **'तिलतुसमित्तं'** તલના તુષમાત્ર **'ण गिहदि हत्तेसु'** જે વસ્ત્રનો કટકો હાથથી ગ્રહણ કરે. **'जह लेइ झप्पबहुयं'** થોડું કે ઘણું ગ્રહણ કરે. **'तत्तो पुण जाइ णिग्गोदम्'** આહાહા..! એ વસ્ત્ર રાખીને મુનિપણું માને, મનાવે અને માનતાને રૂડું જાણે એ બધા નિગોદગામી છે. ગજબ વાત છે. છે? 'સૂત્રપાહુડ'ની ૧૮મી ગાથા. **'तिलतुसमित्तं ण गिहदि'** તલના ફોતરા જેટલું પણ ન ગ્રહે. જો ગ્રહે તો નિગોદમાં જશે. મુનિપણું કોને કહે? આહાહા..! અલૌકિક દશા છે!

**'પંચમગતિના હેતુભૂત, કાંઈપણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત, સકળ દુરાચારની નિવૃત્તિના કારણભૂત એવા પરમ તપશ્ચરણમાં...'** આહાહા..! આત્માના આનંદનું ઉગ્રપણું પ્રગટવું એ તપસ્યા. આહાહા..! અતીન્દ્રિય આનંદમાં રમવું એ ચારિત્ર અને એમાંથી ઉગ્ર પુરુષાર્થ કરવો તેનું નામ તપ. આ બધા તપ કરે છે એ તો બધી લાંઘણું છે. એમાંથી રખડવાનો સંસાર વધશે. આહાહા..! બહુ દુનિયાથી આખો ફેર છે. **'દુરાચારની નિવૃત્તિના કારણભૂત એવા પરમ તપશ્ચરણમાં (–આ બધામાં) પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો...'** આહાહા..! એટલું મૂક્યું. પરમગુરુએ કહેલું. એ સિવાય કોઈ એ વસ્તુને કહી નહિ શકે. આહાહા..!

**'પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો...'** એટલું નિમિત્ત મૂક્યું. એનાથી મળ્યું. એણે કહ્યું છે કે આ, આ આત્મા. ધ્રુવ તે આત્મા ત્યાં ધ્યાન (આપ). પરમગુરુ પાછા લીધા છે. એકલા અજ્ઞાની ગુરુ નહિ. આહાહા..! **'પરમ ગુરુના પ્રસાદથી...'** એના પ્રસાદથી કીધું, જોયું? આહાહા..! એ તો પાંચમી ગાથામાં કહ્યું. ચાર બોલ. આગમ સેવાથી, ગુરુની સેવાથી. ચાર બોલ કહ્યા છે. નિમિત્તથી કથન કરે ને. આવી વાત સંભળાવનારા કોણ હોય? એ પરમગુરુ સંત હોય. નગ્ન દિગંબર મુનિ, એ આવી વાત સંભળાવવાને લાયક છે. આહાહા..! એની પાસેથી આવું સાંભળવા મળે. આહાહા..! લુગડાના પોટલા રાખે એની પાસેથી સાંભળવાનું મળે નહિ. ઉંધું સાંભળવાનું મળે. આહાહા..!

મુમુક્ષુ :– લુગડા તો પરદ્રવ્ય છે, એ શું હેરાન કરે?

ઉત્તર :– હેરાન લુગડું ક્યાં કરે છે? લુગડા પ્રત્યેનો મમત્વભાવ તે હેરાન કરે છે. લુગડું તો જડ છે. જડ તો આત્માને અડતું પણ નથી. પણ એ કપડા મારા છે એમ કરીને ઓઢે અને રાખે એ નિગોદમાં જશે. લસણ ને ડુંગળીમાં અવતરવાના. આહાહા..! આવી વાતું છે.

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્ય'ની શિક્ષા મોટી.

ઉત્તર :– શિક્ષા મોટી નથી. જેવું સ્વરૂપ છે એમ કહ્યું છે. શિક્ષા મોટી તો અધિકપણું કહ્યું. આ (તો) જેવું છે તેવું કહ્યું. કેમ? કે વસ્ત્રનો એક કટકો પણ રાખે તો નવે તત્ત્વની ભૂલ થાય છે. ઝીણી વાત છે, પ્રભુ! એક તો જીવની, મુનિની જે દશા છે, તે દશામાં વસ્ત્રનો રાગ હોય નહિ. વસ્ત્ર લેવાનો રાગ હોય નહિ. રાગનું એને જ્ઞાન નથી. તેમ વસ્ત્રનો સંયોગ એને ન હોય. તો સંયોગ એ અજીવનું જ્ઞાન નથી. એ વખતે સંવરની દશા, રાગ અને વસ્ત્રથી રાગ આવ્યો, એમાં જે સંવરની દશા જોઈએ તે નથી. એ સંવરદશાની ભૂલ છે, નિર્જરાતત્ત્વની ભૂલ છે. નવેય તત્ત્વની ભૂલ છે. આહાહા..! એવી વાત છે, ભાઈ! આ વાત તો ઘણીવાર કહેવાય ગઈ છે.

વસ્તુસ્વરૂપ છે એનાથી વસ્ત્રનો ટુકડો મુનિની દશા, એ ટુકડાની જે મમતા છે એ રાગ છે એને મુનિપણું હોય નહિ. છતાં એ રાગ છે અને મુનિપણું મનાવે છે અને સંયોગ

પણ એને એવો હોય નહિ. રાગ હોય નહિ, તો કપડાનો સંયોગ પણ હોય નહિ. છતાં સંયોગના પોટલા રાખે અને મુનિપણું મનાવે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! અને જીવની દશા જેટલી જોઈએ તેટલી તેમાં નથી. છતાં એ મુનિપણાની દશા માને છે. સંવર નિર્જરાની ભૂલ છે, પુણ્ય-પાપની ભૂલ છે, અજીવની ભૂલ છે. અજીવ એટલો સંયોગે ન હોય, મુનિને અજીવનો, કપડાનો સંયોગ ન હોય એને સંયોગ માને છે એ અજીવતત્ત્વની ભૂલ છે. આહાહા..! વાડાવાળાને તો આકરું લાગે એવું છે. સ્થાનકવાસી અને શ્વેતાંબર બેય... અહીં તો વસ્ત્ર રાખે એ નિગોદગામી છે એમ કહ્યું છે. આહાહા..! આકરું પડે, બાપુ! શું થાય? વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરની વાણી છે. દિવ્યધ્વનિ એ છે. કોઈએ સાંભળી ન હોય એટલે એમ લાગે. આહાહા..!

મુમુક્ષુ :– સ્થવિરકલ્પી અને જિન કલ્પીના ભેદ શું કામ કીધા?

ઉત્તર :– એ ભેદ... એ વિકલ્પ. જિનકલ્પી એકલા રહે. સ્થવિરકલ્પી સાધુ સાથે રહે એટલે. બસ. બીજું કાંઈ નગ્નપણામાં બીજામાં કાંઈ ફેર નહિ. જિનકલ્પી એકલા જંગલમાં રહે. અને સ્થવિરકલ્પી છે એ સાધુની સાથે રહે. નગ્નપણું દિગંબર મુનિ. એક વસ્ત્રનો ટુકડો પણ નહિ, પાત્રનો ટુકડો નહિ. વસ્ત્ર અને પાત્ર બેય નહિ. આહાહા..! એક મોરપીંછી અને કમંડળ હોય. આહાહા..! આવી મુનિની દશા, એનાથી વિપરીત માને તો મિથ્યાત્વ છે. અને મિથ્યાત્વ છે એ નિગોદમાં જવાના છે. આહાહા..! અહીં તો ખુલ્લી રીતે વાત મૂકી છે. કાંઈ ગુપ્ત રાખી નથી. શાસ્ત્રમાં પાઠ છે. બતાવ્યો ને? સૂત્રમાં 'સૂત્રપાહુડ'ની ૧૮મી ગાથા. આહાહા..! હજી તો વાડામાં ક્યો વાડો સાચો એની પણ ખબર નથી એને તત્ત્વ અંદર શું છે એની તો ખબર જ ક્યાં છે? આહાહા..!

**'પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો...'** એટલે શું કહે છે? પરમ ગુરુ એમ કહે છે, કે સંસાર તારામાં નથી, ક્રિયાકાંડ એ તારામાં નથી, તું એનાથી તદ્દન જુદો છો. વ્યવહારના આચાર જેટલા છે એ પણ તારામાં નથી. આહાહા..! જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર. **'સકળ દુરાચારની નિવૃત્તિના કારણભૂત...'** ઓહોહો..! એ શુભભાવ પણ દુરાચારની નિવૃત્તિ છે. આહાહા..! શુભભાવ, અશુભભાવ બેય એક જાત છે. બેય ઝેર છે, બેય બંધના કારણ છે. આહાહા..! **'એવા પરમ તપશ્ચરણમાં (–આ બધામાં) પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો...'** આવી બધી જે ક્રિયા કીધી એમાં **'નિરંજન નિજ કારણપરમાત્મા સદા સમીપ છે...'** એ ક્રિયાના વિકલ્પ વખતે પણ ભગવાન અંદર ચૈતન્ય નિર્મળાનંદ નજીક (વર્તે છે) ત્યાં દૃષ્ટિ છે. આહાહા..!

ત્યારે વસ્ત્ર રાખીને સાધુપણું માને એ બધા ખોટા? વસ્ત્ર ને પાત્ર. આહાહા..! ખોટા તે ખોટા કેવા? મિથ્યાદૃષ્ટિ. મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવો માર્ગ છે. એને દુઃખ થાય એ કાંઈ કોઈ ઇચ્છે? પણ વિપરીત માન્યતાનું ફળ દુઃખ છે, બાપુ! વિપરીત માન્યતાનું ફળ

નરક અને નિગોદ છે. એ કોઈ નરક અને નિગોદમાં જાય એ કાંઈ જ્ઞાની ઇચ્છે? બધા આત્માઓ ભગવાન થાવ. આહાહા..! અપવિત્રતાને છોડી દ્યો. પવિત્ર પ્રભુ છે તેને ગ્રહણ કરી લ્યો. બધા પરમાત્મા થાવ. જ્ઞાની તો અવાયમાં એમ વિચારે છે. આહાહા..! એમ નહિ કે મારા વિરોધી છે એ નરકમાં જાવ, નિગોદમાં જાવ. આહાહા..! એ તો સ્વરૂપ જણાવ્યું. કે આવો ભાવ હોય એ આમ થાય. પણ બધા આત્માઓ પવિત્ર થાઓ અને અપવિત્રતાની જૂઠી વાત છોડી દ્યો. આહાહા..! આકરું પડે.

ઉપર આ બધી જે વાત કરી ને માથે? કે એક તો પ્રપંચથી પરાઙ્મુખ, ઇન્દ્રિય વેપારને જિતેલો, ભાવી જિનને પાપક્રિયાની બાહ્ય સંયમ. એમાં પણ આત્મા છે એમ કહ્યું. એની સમીપમાં આત્મા વર્તે છે. **'કાય–વચન–મનોગુપ્તિરૂપ, સમસ્ત ઇન્દ્રિયવ્યાપાર રહિત અભ્યંતરસંયમમાં,...'** નજીક આત્મા વર્તે છે. **'માત્ર પરિમિત (મર્યાદિત) કાળના આચરણ...'** બે ઘડી, બે ચાર દિ' અમુક ન ખાવું એવી પ્રતિજ્ઞા હોય. એમાં પણ આત્મા નજીક હોવો જોઈએ. આહાહા..! **'નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ,...'** એમાં પણ આત્મા. **'ચિન્મય-પરમબ્રહ્મમાં નિયત (નિશ્ચળ રહેલા)...'** જ્ઞાનમય પરમબ્રહ્મમાં નિયત **'એવા નિશ્ચયઅંતર્ગતઆચારમાં (અર્થાત્ નિશ્ચય-અભ્યંતર નિયમમાં),..'** પણ ભગવાનઆત્મા નજીક અને **'વ્યવહારથી પ્રપંચિત...'**માં પણ ભગવાનઆત્મા નજીક છે. આહાહા..! વ્યવહાર હોય ખરો. પણ નિશ્ચયમાં, જ્ઞાનાનંદમાં એનો આદર હોય છે. વ્યવહારનો આદર હોતો નથી. આહાહા..!

આ બધી જે વાત કરી, એમાં પરમાત્મા નજીક વર્તે છે. એટલે દરેક સમયમાં જે ક્રિયા થાય, તેમાં આત્મા ઉપર નજર છે. આત્મા ઉપર નજર અને આત્મા સમીપ છે. એ ક્રિયા સમીપ નહિ. આહાહા..! અને પરમગુરુએ કહેલું એ. આહાહા..! જૈન પરમેશ્વરના પંથના જે ગુરુ, એ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા. બીજા ગુરુ જે કાંઈકનું કાંઈ કુગુરુએ કીધું હોય એનાથી તો અજ્ઞાન મળે. આહાહા..!

**'પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો નિરંજન નિજ કારણપરમાત્મા...'** આહાહા..! **'સદા સમીપ છે...'** આ લેવું છે. આ બધા જેટલા કીધા એ બધામાં ભગવાનઆત્મા મુખ્ય છે. આનંદકંદપ્રભુ મુખ્ય છે. એ રાગ ભલે હો. પંચાચારનો રાગ હોય કે નિવૃત્તિનો હોય. છતાં અંદર ભગવાન શુદ્ધ ચૈતન્ય છે, એ એનામાં સમીપમાં છે. ત્યાં તેનો આદર છે. ઓલી ક્રિયા આદિનો આદર નથી. વ્યવહાર વચ્ચે આવે. પૂર્ણ વીતરાગ ન હોય એને વ્યવહાર–રાગ આવે. પણ એનો આદર નથી. આદર તો ભગવાન ત્રિલોકનાથ ચૈતન્યમૂર્તિ આનંદઘન, એનો આદર છે. આહાહા..! આવો ઉપદેશ કઈ જાતનો!? એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણેન્દ્રિયા તો કાંઈ આવતું નથી. તત્સુત્રી કરણેન અપ્પાણં ઓસરે. લોગસ્સમાં વિહુયરયમલા અરે..! પ્રભુ! એ તો બધા પાપ છે. એ પાપ બધા રાગનું કારણ છે. આહાહા..!

તે કહ્યું ને? પાઠ પણ ક્યાં સરખા છે? 'લીંબડી'માં શેઠિયાનો મોટો અપાસરો છે. અને વિશાશ્રીમાળીનો અહીં સંઘવીનો. સંઘવીનો અપાશ્રય. દશા અને વિશા બેને વિરોધ ચાલે. એમાં દશાશ્રીમાળી બાઈ સામાયિક કરતી હતી. વાંચતી'તી ઘડિયા આદિ. એમાં આ પાઠ આવ્યો. એમાં વિહા રોઈ મળ્યા એમ બોલી. 'લોગસ્સ' આવ્યું ત્યાં એમાં વિહા રોઈ મળ્યા. ઓલા કહે પણ આપણું અહીં ક્યાં આવ્યું આમાં? આપણી તકરાર 'લોગસ્સ'માં ક્યાં આવી? 'લોગસ્સ'માં છે વિહુઈરઇમળા. વિશેષે, હુઇ–ટાળ્યા છે કર્મરૂપી રજ અને રાગરૂપી મેલ. એ વિહુઈરઈમળાનો અર્થ છે. એ ડોશી સામાયિકમાં બોલી, વિહા રોઈ મળ્યા. આહાહા..! આવું અર..ર..! ગજબ છે ને કોઈ! આવું જ ચાલે છે એમ ને એમ પોગલ. અને નમોત્થુણંમાં આવે છે. દીવોતાણં, સરણગઈપઈટ્ઠા. નમોત્થુણં અરિહંતાણંમાં. એમાં એ બાઈ બોલી નમોત્થુણં, દિવા ટાણે સંઘવી પીટ્યા. દીવોતાણં સરણગઈપઈટ્ઠા. આહાહા..! અરે..રે..! આટલા અર્થની ખબર ન મળે. હવે એને આ આત્મા આવો અને આ આત્મા આવો કઈ રીતે બેસે?

**'(અર્થાત્ જે મુનિને સંયમમાં, નિયમમાં અને તપમાં નિજ કારણપરમાત્મા સદા નિકટ છે), તે પરદ્રવ્યપરાङ્મુખ...'** મુનિ પરદ્રવ્યથી પરાङ્મુખ છે. એ રાગાદિ બધું પરદ્રવ્ય છે. **'પરમવીતરાગ-સમ્યગ્દષ્ટિ...'** પરમ વીતરાગ સમ્યગ્દષ્ટિ મુનિ... આહાહા..! **'વીતરાગ-ચારિત્રવંતને...'** એવા વીતરાગચારિત્રવંતને **'સામાયિકવ્રત સ્થાયી છે...'** નિત્ય છે, એ સાચું છે **'એમ કેવળીઓના શાસનમાં કહ્યું છે.'** ભગવાન કેવળી તીર્થંકરના શાસ્ત્રમાં આમ કહ્યું છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**'[હવે આ ૧૨૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'**

## શ્લોક–૨૧૨

(मंदाक्रांता)

आत्मा नित्यं तपसि नियमे संयमे सच्चरित्रे
तिष्ठत्युच्चैः परमयमिनः शुद्धदृष्टेर्मनश्चेत्।
तस्मिन् बाढं भवभयहरे भावितीर्थाधिनाथे
साक्षादेषा सहजसमता प्रास्तरागाभिरामे।।२१२।।

**[શ્લોકાર્થ :–] જો શુદ્ધદષ્ટિવંત (–સમ્યગ્દષ્ટિ) જીવ એમ સમજે છે કે પરમ મુનિને તપમાં, નિયમમાં, સંયમમાં અને સત્ચારિત્રમાં સદા આત્મા ઊર્ધ્વ રહે છે (અર્થાત્ દરેક કાર્યમાં**

**નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે) તો (એમ સિદ્ધ થયું કે) રાગના નાશને લીધે *અભિરામ એવા તે ભવભયહર ભાવિ તીર્થાધિનાથને આ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે. ૨૧૨.**

## પ્રવચન નં. ૧૪૮, શ્લોક--૨૧૨-૨૧૩, ગાથા-૧૨૮, રવિવાર, જ્યેષ્ઠ વદ ૧૦, તા.૦૮-૦૬-૧૯૮૦

પહેલી એ વાત લીધી. સામાયિક હોય કોને? જેને પ્રથમ સમ્યગ્દર્શન થયું હોય. શુદ્ધ આત્મા પરમાનંદ મૂર્તિ અતીન્દ્રિય આનંદનો સાગર એવો આત્મા અનુભવમાં આવ્યો હોય એ સમ્યગ્દૃષ્ટિ (છે અને) એને સામાયિક હોય છે. સમ્યગ્દૃષ્ટિ વિના સામાયિક હોતી નથી. એટલે સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા આવી છે. ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચૈતન્યવસ્તુ સત્તા સત્ છે તેની સન્મુખ થઈને, તેની અનુભવમાં પ્રતીતિ (થવી) એનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન હોય એને સામાયિક હોય, નહિતર એને સામાયિક હોય નહિ. એ અહીં કહે છે.

**શ્લોકાર્થ :- 'જો શુદ્ધદૃષ્ટિવંત (–સમ્યગ્દૃષ્ટિ) જીવ એમ સમજે છે.'** સમ્યગ્દૃષ્ટિ જીવ એમ સમજે છે, **'કે પરમ મુનિને...'** તપમાં મુખ્ય એ હોય છે. તપસ્યા એ મુખ્ય હોતી નથી. આહા..! તપમાં પણ ભગવાન પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્યઘન, તપમાં પણ તેનું લક્ષ, દૃષ્ટિ અને ધ્યેય ત્યાં છે. આહાહા..! **'તપમાં, નિયમમાં,...'** કોઈ નિયમ લીધો હોય તો એ નિયમમાં પણ દૃષ્ટિનો વિષય તે ધ્રુવ સદાય હોય છે. ધ્રુવ ઉપરથી દૃષ્ટિ ખસતી નથી. આહાહા..! કહો, આને સામાયિક થાય. હજી તો સમ્યક્ શું એની ખબર ન હોય ને સામાયિક કરીને બેસે. આહાહા..!

**'નિયમમાં, સંયમમાં,...'** આત્મામાં અંદર સં–સમ્યક્ પ્રકારે સમ્યગ્દર્શન થઈ યમ એટલે આત્મલીનતા થાય એ સંયમમાં પણ સમ્યગ્દર્શન મુખ્ય છે. એમાં ધર્મી ધ્રુવ તે દૃષ્ટિમાં મુખ્ય છે. આહાહા..! ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ આત્મા જે છે, જે અનંત ચૈતન્યરત્નાકર, અનંત ચૈતન્યના રત્નનો ભરેલો આકર એટલે દરિયો એવો આ ચૈતન્ય, એ એને મુખ્ય હોય છે. **'સંયમમાં...'** પણ મુખ્ય એ હોય છે. **'સત્ચારિત્ર...'** સાચું ચારિત્ર–સ્વરૂપમાં રમણતા. એમાં પણ મુખ્ય તો ભગવાન દ્રવ્ય આત્મા હોય છે. એ જો ન હોય તો ચારિત્ર-ફારિત્ર હોતા નથી. આહાહા..! **'સદા આત્મા ઊર્ધ્વ રહે છે...'** આ બધામાં આત્મા ઊર્ધ્વ એટલે મુખ્ય રહે છે. સમજાણું આમાં?

**'તપમાં, નિયમમાં, સંયમમાં અને સત્ચારિત્રમાં સદા આત્મા ઊર્ધ્વ રહે છે...'** એક સમય પણ ધ્રુવની દૃષ્ટિ ખસતી નથી. ધ્રુવ જે ચૈતન્ય છે એમાં તેની મુખ્યતા છે. આહા..! એ

*** અભિરામ = મનોહર; સુંદર. (ભવભયના હરનારા એવા આ ભાવિ તીર્થંકરે રાગનો નાશ કર્યો હોવાથી તે મનોહર છે.)**

જો ન હોય તો તે ચારિત્ર નથી, સંયમ નથી, કાંઈ નથી. આહાહા..! એમાં **'સદા આત્મા ઊર્ધ્વ રહે છે...'** સદાય આત્મા સંયમમાં, સમ્યગ્દર્શનમાં, ચારિત્રમાં, નિયમમાં આત્મા ત્રિકાળી જ મુખ્ય રહે છે. દૃષ્ટિનો વિષય તે છે. તેની જ ઊર્ધ્વતા એટલે મુખ્યતા હોય છે. આહાહા..! જો એ શુદ્ધ આત્મા પવિત્ર પરમાત્માની દૃષ્ટિ નથી અને એનું મુખ્યપણું આવ્યું નથી તો એ બધા એકડા વિનાના મીંડા છે. એ બધા વ્રત કરે, તપ કરે, ક્રિયાકાંડ કરે એ બધા સંસારમાં રખડવાના છે. આહાહા..! આવું છે.

એ **'સત્ચારિત્રમાં સદા આત્મા ઊર્ધ્વ રહે છે...'** આહાહા..! એક સમય પણ ધ્રુવમાંથી દૃષ્ટિ ખસતી નથી. આહાહા..! ધ્રુવને ધ્યેયમાં લઈને ધ્રુવનો જે અનુભવ કર્યો એ ધ્રુવ દૃષ્ટિમાંથી એક સમય પણ ગમે તે સંયમ, ચારિત્ર, નિયમ આદિ હોય, પણ એમાંથી એ ધ્રુવ છે એ ખસતો નથી. ધ્રુવ છે એ દૃષ્ટિમાંથી ખસતો નથી. અને ધ્રુવમાંથી દૃષ્ટિ ખસે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. આહાહા..! **'(અર્થાત્ દરેક કાર્યમાં નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે)...'** ખુલાસો કર્યો. **'(અર્થાત્ દરેક કાર્યમાં નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય...)'** શુદ્ધ ત્રિકાળી દ્રવ્ય આનંદસ્વરૂપ પ્રભુ, વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા અનંત ચૈતન્યરત્નથી ભરેલો ભગવાન, એ દરેક ક્રિયામાં એની મુખ્યતા અને ઊર્ધ્વતા રહે છે. એની મુખ્યતા અને ઊર્ધ્વતા ન હોય તો એકેય ચીજ સાચી હોતી નથી. આહાહા..!

**'તો (એમ સિદ્ધ થયું કે)...'** તો એમ સાબિત થયું કે **'રાગના નાશને લીધે...'** આહાહા..! રાગ-દ્વેષના વિકલ્પો, એના નાશને લીધે **'અભિરામ એવા તે ભવભયહર ભાવિ તીર્થાધિનાથને આ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે.'** આહાહા..! તીર્થંકર થવાના છે. એને ભાવિ તીર્થાધિનાથને પણ આવી સમતા હોય છે. ત્યારે એ તીર્થંકર થાય છે. આહાહા..! એવી સમતા કે અંતરમાં, ચારિત્રમાં, સંયમમાં, નિયમમાં, દૃષ્ટિમાં, ધ્યેયમાં બધામાં આત્મા મુખ્ય રહે છે. તેવા ભાવિનાથને રાગ નાશને માટે આ ઉપાય છે. આહાહા..! વાત તો જુદી જાતની છે. સાંભળવું કઠણ પડે. એક તો આ શું છે પણ એ જાતનું? અને તે પણ લીધા છે કોણ? **'ભવભયહર ભાવિ તીર્થાધિનાથ...'** એટલે એવું લાગે કે પોતે ગ્રંથકાર, ટીકાકાર પણ તીર્થંકર થવાના. આહાહા..! બહુ નિર્મળ.

'પદ્મપ્રભમલધારિદેવ' આ ફોટો છે. મુનિ અંતરના પરમ પારિણામિક સ્વભાવમાં ત્રિકાળી સહજ પરની અપેક્ષા વિના સ્વભાવિક પરમપારિણામિક સ્વભાવભાવમાં તે લીન હોય છે. આહાહા..! એ લીન હોય છે એ ચારિત્ર અને સંયમ કહેવામાં આવે છે. પરમ સ્વભાવમાં લીન હોય છે તેને સામાયિક, સંયમ, તપ એને કહેવામાં આવે છે. બાકી બધી લાંઘણું છે. આહાહા..! આવી વાતું છે. એવા ભાવિ ભવભયહર. ભવના ભયના હરનારા. આહાહા..! એવા ભાવિ તીર્થાધિનાથને હવે ભવ જ નથી, કહે છે. એકાદ ભવે તીર્થંકર થઈને મોક્ષે જવાના. આહાહા..!

**'ભાવિ તીર્થાધિનાથને આ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે.'** સમતા એટલે વીતરાગતા. શુદ્ધ જે વીતરાગસ્વરૂપ આત્મા, આત્મા ત્રિકાળ વીતરાગસ્વરૂપ જ છે. આહાહા..! એની દૃષ્ટિ નથી એટલે રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ પર્યાયમાં ઊભા થાય છે. પણ વીતરાગસ્વરૂપની દૃષ્ટિ થઈ એટલે વીતરાગ જ ઉત્પન્ન થાય છે. વીતરાગતા તે સમતા છે. સમતા કહો કે વીતરાગતા કહો. વીતરાગતા કહો કે સમતા કહો. એ સમતાનો લાભ તે સામાયિક છે. એવી અંતર વીતરાગદશા, વીતરાગસ્વરૂપ ચૈતન્ય, એને અવલંબે થયેલી વીતરાગદશા તે સામાયિક છે. ઓહોહો..! અહીં તો સાધારણ માણસે સામાયિકનું રૂપ આપી દીધું. પાંચ વર્ષની છોડી હોય તો સામાયિક કરવા બેસે. થઈ ગઈ સામાયિક. પાંચ સામાયિક કરે પછી બક્ષીશમાં કાંઈક આપે વળી. આહાહા..!

અરે..! ભાઈ! ત્રણલોકના નાથ, કેવળજ્ઞાની પ્રભુ, અનંતા કેવળીઓ, અનંતા તીર્થાધિનાથ તીર્થંકરો, સામાયિક આને કહે છે. આહાહા..! અંતર ચૈતન્યસ્વરૂપ પ્રકાશનો પુંજ પ્રભુ! એ પ્રકાશના પુંજમાં પ્રકાશને પ્રગટ કરી અને સમતા અને વીતરાગતા સાથે લઈ અને સ્થિર થાય, તેને સામાયિક વ્રત કહેવામાં આવે છે. આહાહા..! એ કળશ થઈ ગયો. હવે ગાથા.

## ગાથા–૧૨૮

जस्स रागो दु दोसो दु विगडिं ण जणेइ दु।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१२८।।

यस्य रागस्तु द्वेषस्तु विकृतिं न जनयति तु।
तस्य सामायिकं स्थायि इति केवलिशासने।।१२८।।

इह हि रागद्वेषाभावादपरिस्पंदरूपत्वं भवतीत्युक्तम्।

यस्य परमवीतरागसंयमिनः पापाटवीपावकस्य रागो वा द्वेषो वा विकृतिं नावतरति, तस्य महानन्दाभिलाषिणः जीवस्य पंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहस्य सामायिकनामव्रतं शाश्वतं भवतीति केवलिनां शासने प्रसिद्ध भवतीति।

---

**નહિ રાગ અથવા દ્વેષરૂપ વિકાર જન્મે જેહને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૮.**

અન્વયાર્થ :– [ यस्य ] જેને [ रागः तु ] રાગ કે [ द्वेषः तु ] દ્વેષ (નહિ ઊપજતો થકો) [ विकृतिं ] વિકૃતિ [ न तु जनयति ] ઉત્પન્ન કરતો નથી, [ तस्य ] તેને [ सामायिकं ]

સામાયિક [ स्थायी ] સ્થાયી છે [ इति केवलिशासने ] એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

ટીકા :– અહીં, રાગદ્વેષના અભાવથી [1]અપરિસ્પંદરૂપતા હોય છે એમ કહ્યું છે.

પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન એવા જે પરમવીતરાગ સંયમીને રાગ કે દ્વેષ [2]વિકૃતિ ઉત્પન્ન કરતો નથી, તે મહા આનંદના અભિલાષી જીવને—કે જેને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહ છે તેને–સામાયિક નામનું વ્રત શાશ્વત છે એમ કેવળીઓના શાસનમાં પ્રસિદ્ધ છે.

---

## ગાથા–૧૨૮ ઉપર પ્રવચન

---

૧૨૮–ગાથા.

जस्स रागो दु दोसो दु विगडिं ण जणेइ दु।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१२८।।

**નહિ રાગ અથવા દ્વેષરૂપ વિકાર જન્મે જેહને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૮.**

આહાહા..! કેવળી ભગવાન ત્રિલોકનાથે આમ કહ્યું એમ મુનિરાજ કહે છે. પોતાના ઘરની વાત નથી કરતા. કેવળી ભગવાન ત્રિલોકનાથ એને સામાયિક કહે છે.

**નહિ રાગ અથવા દ્વેષરૂપ વિકાર જન્મે જેહને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૮.**

**ટીકા :- 'અહીં, રાગદ્વેષના અભાવથી...'** આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ જે ઊઠે છે એ બધો સામાયિકનો અભાવ છે. આહાહા..! **'રાગદ્વેષના અભાવથી અપરિસ્પંદરૂપતા...'** એટલે આત્મામાં **'અકંપતા;...'** સ્થિરતા. આહાહા..! નીચે **'અકંપતા; અક્ષુબ્ધતા; સમતા.'** છે ને? **'રાગદ્વેષના અભાવથી...'** સૂક્ષ્મ રાગ-દ્વેષનો પણ જ્યાં અભાવ છે. તેથી **'અપરિસ્પંદરૂપતા...'** જ્યાં સુંદર અકંપતા. આ અકંપ કોઈ જોગની અપેક્ષાનો નથી. આ અકંપતા રાગના અભાવની સ્થિરતાની અપેક્ષાએ છે. શું કહ્યું સમજાણું?

અકંપપણું બે પ્રકારે છે : એક અંદર જોગ કંપે છે એને પણ અંશે ઘટાડવો એ અકંપ છે અને અહીં અકંપતા સ્થિરતા કરવી એને સ્થિરતામાં અસ્થિર ન થાય તે અકંપ છે.

---

૧ અપરિસ્પંદરૂપતા = અકંપતા; અક્ષુબ્ધતા; સમતા.

૨ વિકૃતિ = વિકાર; સ્વાભાવિક પરિણતિથી વિરુદ્ધ પરિણતિ. [પરમવીતરાગસંયમીને સમતાસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યનો દૃઢ આશ્રય હોવાથી વિકૃતિભૂત (વિભાવભૂત) વિષમતા (રાગદ્વેષપરિણતિ) થતી નથી, પરંતુ પ્રકૃતિભૂત (સ્વભાવભૂત) સમતાપરિણામ થાય છે.]

આહાહા..! આવું ક્યારે સાંભળે? ક્યારે સમજે? ક્યારે દૃષ્ટિમાં લે? અને ક્યારે એમાં રમે? ક્યારે એના ભવનો અભાવ થાય? આહાહા..! (આ કર્યા વિના) ભવનો અભાવ ન થાય.

**'રાગદ્વેષના અભાવથી...'** વીતરાગતા જે પ્રગટે એને અહીંયાં અપરિસ્પંદ કહે છે. આહાહા..! સમતા. દુનિયાની અનુકૂળ અને પ્રતિકૂળ, સારી દુનિયા એની સામે ધર્મી સમકિતીને સામાયિકમાં વીતરાગતા હોય છે. કોઈ પ્રત્યે જ્ઞેયમાં અનુકૂળ અને પ્રતિકૂળ એ માનતો નથી. સ્વ સિવાય જ્ઞેય જેટલી ચીજ છે એ બધા જ્ઞેયના ભાગ બે નથી. એટલે કે એક ઠીક છે અને એક અઠીક છે એમ બે ભાગ નથી. આહાહા..! બધા જ્ઞેય છે. ત્રિલોકનાથ તીર્થંકર પણ જ્ઞેય છે, સ્ત્રી જ્ઞેય છે, નિગોદના જીવ જ્ઞેય છે, સિદ્ધના જીવ જ્ઞેય છે. એ બધા જીવો જ્ઞેય છે. આહાહા..! એ જ્ઞેયમાં સ્થિર ન થતાં જ્ઞાનમાં સ્થિર થાય છે. એ ભલે જ્ઞેયનું જ્ઞાન જ્ઞાનાકાર અહીં થાય, જ્ઞેય સંબંધીનું જ્ઞાન જ્ઞાનાકાર થાય, એમાં સ્થિર થાય એ અપરિસ્પંદ છે. આહાહા..! એ અકંપ સ્થિર પ્રભુમાં થયો. પ્રભુ પોતે અકંપ છે, વીતરાગસ્વરૂપ છે. આહાહા..! કેમ બેસે? પોતે વીતરાગસ્વરૂપ છે અત્યારે, એનો સ્વભાવ વીતરાગ છે. સર્વજ્ઞ સ્વભાવ છે, અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, શાંતરસથી પૂર્ણ ભરેલો છે. આહાહા..! એ એને પર્યાયમાં બેસવું જોઈએ. વસ્તુ તો વસ્તુ છે. વસ્તુમાં કોઈ ઘટ-વધ નથી, વિકાર નથી, ઊણપ નથી.

'બહેન'ના શબ્દમાં આવે છે. 'કંચનને કાટ હોય નહિ.' 'બહેનશ્રીનાં વચનામૃત'માં આવે છે. કંચનને કાટ હોય નહિ, અગ્નિમાં ઉધઈ હોય નહિ. એમ પ્રભુમાં અપૂર્ણતા અને અશુદ્ધતા હોય નહિ. આહાહા..! એવો અંદર ભગવાનઆત્મા, અગ્નિને જેમ ઉધઈ ન હોય એમ સ્વરૂપમાં એને કોઈ ખાય જાય એવી રાગાદિ વસ્તુ ન હોય. આહાહા..! કંચનને કાટ ન હોય. એમ ભગવાન પૂર્ણાનંદનો નાથ, એને મેલ અને કાટ અંદર વસ્તુ દ્રવ્યમાં હોય નહિ. આહાહા..!

એવું જે દ્રવ્ય અંદર ભગવાન બિરાજે છે એનું અપરિસ્પંદરૂપ. પર્યાયમાં એનું અકંપપણું (પ્રગટ થવું). અપરિસ્પંદરૂપ તો છે. વસ્તુ તરીકે અપરિસ્પંદરૂપ છે. પ્રભુ આત્માનું અકંપપણું છે. આહાહા..! પણ પર્યાયમાં અપરિસ્પંદતા હોય છે એમ કહે છે. આહાહા..! આનું નામ સામાયિક. સામાયિક-બામાયિક કરી હશે કે નહિ? સંપ્રદાયની દ્રવ્યસામાયિક. અમે પણ કરી હતી. સામાયિક કરતા, પડિક્કમણું કરતા. આઠ દિ' પર્યુષણ, હોં! પર્યુષણ. આઠ દિ' પર્યુષણ.. સાત-આઠ દુકાનમાં જેટલા આપણા સ્થાનકવાસી હોય એ બધા આવે, ભેગા થાય. પછી હું પડિક્કમણું કરાવતો. તે દિ'... તે દિ' (સંવત) ૧૯૬૫-૬૬ની સાલની વાત છે. સામાયિક કરીને પડિક્કમણું કર્યું એટલે બધાને ઓહો..! પછી એક ગાયન ગાતા. 'જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી.' એવું ગાયન આવે છે. એ ગાયન આવે છે. આ તો ૧૯૬૫ની સાલની વાત છે. આ બધું થઈ જાય પછી બેસે. દુકાનમાં બેસે. હું પછી આમ બહાર ઓલો બેઠો હોય ને, પડ્યો હોય ને? શું કહેવાય ઓલો બેસવાનો? ત્યાં બેસીને ગાયન ગાતો. સાંભળે.

કાંઈ ખબર ન મળે. ભાષા બોલી... આહાહા..!

અહીં પરમાત્મા કહે છે, પ્રભુ! તારું રૂપ અકંપ છે, હોં નાથ! પુણ્ય-પાપમાં આવી જાય, અસ્થિરતા થાય એ તારું સ્વરૂપ નહિ. દયા, દાન, વ્રતના પરિણામ આવે એ તારું સ્વરૂપ નહિ. આહાહા..! ભગવાન એમ કહે છે, મારું સ્મરણ કર એ પણ સામાયિક અને અકંપતા નહિ. આહાહા..! તારું સ્મરણ કર. અંદર પ્રભુ ચિદાનંદ સ્વરૂપ, અખંડાનંદ સ્વરૂપ છે, નિત્ય છે, નિત્ય સત્તા છે, હોવાવાળી ચીજ છે એની ઉત્પત્તિનો અભાવ છે. અનાદિ છે એને ઉત્પત્તિ શી? છે તેનો નાશ શો? અને છે તેના સ્વભાવથી ખાલી કેમ હોય? આહાહા..! એવા અપરિસ્પંદરૂપ. અહીં તો પર્યાયની વાત છે.

**'અપરિસ્પંદતારૂપ હોય છે...'** આ તો પર્યાયની વાત છે, હોં! અપરિસ્પંદરૂપ પોતે ભગવાન છે. અકંપ, સ્થિર ધ્રુવ એનો આશ્રય લઈને, એનું ધ્યાન કરીને, એનું અવલંબન લઈને, જે પર્યાયમાં અકંપતા, સ્થિરતા થાય તેને વીતરાગતા કહીને તેને સામાયિક કહી છે. આહાહા..! હવે આવું આકરું કહે... આવી સામાયિક ન હોય. પણ આ સામાયિક કરતાં કરતાં થાય કે નહિ? આવી સામાયિક પહેલી ન હોય. પણ આ બીજી વ્યવહાર સામાયિક કરે. ઝેર ખાતાં ખાતાં અમૃત હોય એવી વાત છે.

મુમુક્ષુ :– થોડું ઝેર આપે તો અમૃત તરીકે કામ આપે.

ઉત્તર :– બિલકુલ કામ (ન આપે). ઝેર મારી નાખે. થોડું ઝેર મારી નાખે. અમૃતનું કામ જરીએ ન કરે. જેની જાત જુદી, જેના ફળ જુદા, જેના લક્ષણ જુદા. આહાહા..! ભગવાનઆત્મા અને વિકારી પરિણામ, રાગ અને દ્વેષ. બેયના લક્ષણ જુદા, બેયની જાત જુદી, બેયની સ્થિતિ જુદી. આ વિકાર છે તો થોડો કાળ રહે અને આ વસ્તુ ભગવાન છે એ તો અંદર ત્રિકાળ છે. આહાહા..!

**'અહીં, રાગદ્વેષના અભાવથી અપરિસ્પંદરૂપતા હોય છે એમ કહ્યું છે.'** અપરિસ્પંદતાનો અર્થ નીચે કર્યો. **'અકંપતા; અક્ષુબ્ધતા; સમતા.'** વીતરાગતા. જેવી વીતરાગતા સ્વભાવે છે એવી પર્યાયમાં વીતરાગતા પ્રગટ કરે એનું નામ અહીં સામાયિક કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :– એ તો કેવળીના શાસનમાં.

ઉત્તર :– કેવળીએ કહેલું છે કે આનું નામ સામાયિક. કેવળી શાસનમાં કેવળીએ એમ કહ્યું છે (કે) આનું નામ સામાયિક છે. કેવળીને સામાયિક છે એમ નહિ. કેવળીએ એમ કહ્યું છે કે આનું નામ સામાયિક છે. છે ને, જુઓને! **'तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे'** પાઠમાં છે ને? કેવળી શાસનમાં એમ કહ્યું છે. પાઠ એવો છે ને. ભગવાનના શાસનમાં, તીર્થંકરના શાસનમાં, તીર્થંકરદેવના માર્ગમાં આમ કહ્યું છે. એ કહ્યું છે ભગવાને. કહ્યું છે એ માર્ગ ભિન્ન છે. આહાહા..!

**'પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન...'** એવા જે પરમ વીતરાગ સંયમી...

આહાહા..! અહીં તો પરમ વીતરાગ મુનિને લીધા છે. પરમ વીતરાગ સંયમી કેવા છે? પરમ વીતરાગ સંયમી (કેવા છે?) કે **'પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન...'** પાપરૂપી અટવી–વનને બાળવા તો અગ્નિ સમાન છે. આહાહા..! રાગની ઉત્પત્તિ તો થતી નથી. કેમકે એ આત્મામાં વીતરાગતામાં પડ્યા છે. આહાહા..! એનું નામ અહીં સામાયિક અને એનું નામ વીતરાગતા છે. આહાહા..!

**'પરમવીતરાગ સંયમીને રાગ કે દ્વેષ વિકૃતિ ઉત્પન્ન કરતો નથી,...'** આહાહા..! કોને? **'પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન એવા જે પરમવીતરાગ...'** મુનિ. મુનિની વાત છે, હોં! કેવળીની નથી. અંદર પરમ વીતરાગસ્વરૂપ પ્રગટ્યું છે. વીતરાગની મૂર્તિ પ્રભુ ત્રિકાળ અનાદિઅનંત છે. વીતરાગનો કંદ જ આત્મા છે. એનું અવલંબન લઈને પર્યાયમાં જે વીતરાગતા પ્રગટી, એ વીતરાગતા રાગ-દ્વેષ-વિકૃતિ ઉત્પન્ન કરતી નથી. એ સમતામાં રાગ-દ્વેષ હોતા નથી. આહાહા..! આવા શાસ્ત્રો છે, આવા પુસ્તકો પડ્યા છે. પણ એને વાંચવાનો વખત જોઈએ. આહાહા..! અને કુશાસ્ત્ર, કથાઓ, વિકથાઓ, કુકથા વાંચે. એમાં કાળ ગાળે. આહાહા..!

અહીં કહે છે, વીતરાગી મુનિને અપરિસ્પંદતા હોય છે. કેમકે **'પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન એવા જે પરમવીતરાગ સંયમીને રાગ કે દ્વેષ વિકૃતિ ઉત્પન્ન કરતો નથી.'** **'વિકાર; સ્વાભાવિક પરિણતિથી વિરુદ્ધ પરિણતિ.'** વિકૃતિ એટલે સ્વભાવપરિણતિ જે વીતરાગપરિણતિ, પરિણતિ એટલે પર્યાય. વીતરાગી સ્વરૂપ ત્રિકાળ, એને પર્યાય અવસ્થામાં વીતરાગપણું લાવવું, એનું નામ વીતરાગ પરિણતિ. એ વીતરાગ **'સ્વાભાવિક પરિણતિથી વિરુદ્ધ પરિણતિ. [પરમવીતરાગસંયમીને સમતાસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યનો...]'** સમતાસ્વભાવી. આહાહા..! ભગવાન પોતે વીતરાગસ્વભાવી છે, સમતાસ્વભાવી છે. એ સમતામાં જાય એને સમતા મળે. સામાયિક એને થાય. સમ–આય. સમતાનો આય એટલે લાભ. સામાયિક એટલે સમતાનો આય–લાભ. એ સ્વરૂપમાં જાય એને સમતાનો લાભ મળે. આહાહા..!

**'શુદ્ધાત્મદ્રવ્યનો દૃઢ આશ્રય હોવાથી...'** આહાહા..! **'પરમવીતરાગસંયમીને...'** નીચે. **'સમતાસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યનો દૃઢ આશ્રય હોવાથી...'** ત્રિકાળીનો દૃઢ આશ્રય હોવાથી **'વિકૃતિભૂત (વિભાવભૂત) વિષમતા (રાગદ્વેષપરિણતિ) થતી નથી, પરંતુ પ્રકૃતિભૂત (સ્વભાવભૂત) સમતાપરિણામ થાય છે.'** પ્રકૃતિ એટલે? સ્વભાવ. અહીં પ્રકૃતિ એટલે કર્મપ્રકૃતિ એ નહિ. વિકૃતિ એટલે વિકાર અને દુઃખ અને પ્રકૃતિ એટલે આત્માનો સ્વભાવ. આહાહા..! એ 'પ્રવચનસાર'માં આવી ગયું. 'પ્રવચનસાર'માં વીતરાગ... લખ્યું છે. 'પ્રવચનસાર' ૨૧૪ ગાથા. એમાં આ આવ્યું છે. આહાહા..!

**'પરંતુ પ્રકૃતિભૂત (સ્વભાવભૂત) સમતાપરિણામ થાય છે.'** વિકૃતિ એ રાગ-દ્વેષના વિકારી પરિણામ છે અને પ્રકૃતિ એટલે જીવનો નિજ સ્વભાવ. પ્રકૃતિ એટલે સ્વભાવ. માણસ નથી

કહેતા? કે તારી પ્રકૃતિ આવી છે. આમ નથી કહેતા? તારી પ્રકૃતિ આવી છે કે તારો સ્વભાવ એવો છે. એમ આત્માની પ્રકૃતિ એવી છે. આહાહા..! વીતરાગસ્વરૂપી પ્રકૃતિ આત્માની છે. એ પ્રકૃતિનો સ્વભાવ જેણે પકડ્યો અને પર્યાયમાં પ્રગટ કર્યો એને વિકૃતિના અભાવમાં પ્રકૃતિનો ભાવ ઉત્પન્ન થાય છે. આહાહા..! અનાદિકાળથી વિકારની પ્રકૃતિ ઉત્પન્ન થાય છે. આ સ્વભાવની પ્રકૃતિ છે. વિકારની પ્રકૃતિને વિકૃતિ કીધી. સ્વભાવની પ્રકૃતિને સ્વભાવ કીધો. આહાહા..! ચૈતન્યમૂર્તિ ભગવાન, અતીન્દ્રિય આનંદનો સાગર, એને અવલંબીને જે દશા થાય, તેને પ્રકૃતિ એટલે સ્વભાવ કહીએ. આહાહા..! અને એનાથી વિરુદ્ધ રાગ-દ્વેષ ઉત્પન્ન થાય તેને વિકૃતિ કહીએ. વિકૃતિવાળાને સામાયિક હોય નહિ. પ્રકૃતિવાળાને સામાયિક હોય. આહાહા..! આવી મોટી મોંઘી સામાયિક કરવી નહિ એમ કહે છે.

મુમુક્ષુ :– ... કર્યો હોય તો તો ઠીક પણ ...

ઉત્તર :– એમ કહે છે. 'સોનગઢ'વાળાએ સમ્યગ્દર્શનને અને સામાયિકને બહુ મોંઘી કરી નાખ્યું. જે ઊંધુ હતું સોંઘું, ઊંધુ સોંઘુ હતું. આહાહા..! અરે..! પ્રભુ! માર્ગ તો આ છે. આહાહા..! કોઈ શરણ નથી, બાપુ! દેહ છૂટતા જો આત્માની ચીજ આનંદકંદ પ્રભુ વીતરાગસ્વરૂપ એને પકડ્યો નહિ હોય તો મરતા શરણ કોઈનું નથી. આહાહા..! 'ગણેશપ્રસાદ વર્ણી' બિચારા મરતા બોલી ગયા. ક્ષુધા-તૃષા બહુ લાગેલી અને ઊભા થઈને પાણી પીવા આવ્યા. ક્ષુલ્લક હતા, ક્ષુલ્લક. અરે..રે..! આત્માનું શરણ છે એમ કહ્યું. એણે આત્મા તો જાણ્યો નહોતો. આહાહા..! આકરું કામ છે, ભાઈ!

**'જેણે જ્ઞાનજ્યોતિ વડે...'** ચૈતન્યના પ્રકાશ વડે ચૈતન્યપ્રકાશનો પુંજ છે, તેના ઉપર દૃષ્ટિ પડવાથી પ્રકાશ પ્રગટ થયો. તે **'વડે પાપસમૂહરૂપી ઘોર અંધકારનો નાશ કર્યો.'** આહા..!

મુમુક્ષુ :– ઉપરની ટીકા બાકી છે.

ઉત્તર :– **'તે મહા આનંદના અભિલાષી જીવને—'** વિકૃતિ ઉત્પન્ન થતી નથી. **'તે મહા આનંદના અભિલાષી જીવને...'** આહાહા..! વિકૃતિ કોને ઉત્પન્ન થતી નથી? પરમાનંદ અતીન્દ્રિય આત્મા, એની જેને ઉત્પત્તિ થાય તેને વિકૃતિ ઉત્પન્ન થતી નથી. આહાહા..! **'મહા આનંદના અભિલાષી જીવને—કે જેને પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર પરિગ્રહ...'** મુનિ. મુનિને એક દેહમાત્ર પરિગ્રહ હોય. મુનિને વસ્ત્ર-પાત્ર હોઈ શકે નહિ. વસ્ત્ર-પાત્ર એ પાછળથી આ લોકોએ નવા કલ્પિત શાસ્ત્ર બનાવ્યા એમાં નાખ્યા છે. આહાહા..! **'દેહમાત્ર પરિગ્રહ છે...'** છે? દેહ છૂટે નહિ, બાકી બધી ચીજો છોડી દીધી છે. આહાહા..!

**'તેને–સામાયિક નામનું વ્રત શાશ્વત છે...'** એટલે સાચું છે. **'એમ કેવળીઓના શાસનમાં પ્રસિદ્ધ છે.'** જોયું? કેવળી પરમાત્માના શાસનમાં આ વાત સાચી છે. બાકી અજ્ઞાનીઓ એની કલ્પનાથી માને એ રખડી મરવાના. આહાહા..! પરમાત્મા અરિહંતદેવ કેવળી પરમાત્માના શાસનમાં આ સામાયિકની આ સ્થિતિ છે. આહાહા..!

'[હવે આ ૧૨૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'

## શ્લોક–૨૧૩

(मंदाक्रांता)

रागद्वेषौ विकृतिमिह तौ नैव कर्तुं समर्थो
ज्ञानज्योतिःप्रहतदुरितानीकधोरान्धकारे।
आरातीये सहजपरमानन्दपीयूषपूरे
तस्मिन्नित्ये समरसमये को विधिः को निषेध।।२१३।।

[શ્લોકાર્થ :–] જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપસમૂહરૂપી ઘોર અંધકારનો નાશ કર્યો છે એવું સહજ પરમાનંદરૂપી અમૃતનું પૂર (અર્થાત્ જ્ઞાનાનંદસ્વભાવી આત્મતત્ત્વ) જ્યાં નિકટ છે, ત્યાં પેલા રાગદ્વેષો વિકૃતિ કરવાને સમર્થ નથી જ. તે નિત્ય (શાશ્વત) સમરસમય આત્મતત્ત્વમાં વિધિ શો અને નિષેધ શો? (સમરસસ્વભાવી આત્મતત્ત્વમાં 'આ કરવા જેવું છે અને આ છોડવા જેવું છે' એવા વિધિનિષેધના વિકલ્પરૂપ સ્વભાવ નહિ હોવાથી તે આત્મતત્ત્વને દૃઢપણે આલંબનાર મુનિને સ્વભાવપરિણમન થવાને લીધે સમરસરૂપ પરિણામ થાય છે, વિધિનિષેધના વિકલ્પરૂપ—રાગદ્વેષરૂપ પરિણામ થતા નથી.) ૨૧૩.

## શ્લોક–૧૨૩ ઉપર પ્રવચન

रागद्वेषौ विकृतिमिह तौ नैव कर्तुं समर्थो
ज्ञानज्योतिःप्रहतदुरितानीकधोरान्धकारे।
आरातीये सहजपरमानन्दपीयूषपूरे
तस्मिन्नित्ये समरसमये को विधिः को निषेध।।२१३।।

**શ્લોકાર્થ** :- આહાહા..! **'જેણે જ્ઞાનજ્યોતિ વડે...'** આહાહા..! ચૈતન્યના પ્રકાશ વડે. જેની નજરું ચૈતન્યપ્રકાશમાં અંદર પડી છે. આહાહા..! જેની દૃષ્ટિમાં ચૈતન્યપ્રકાશ, ચૈતન્યનું નૂરનું પૂર આવ્યું છે. આહાહા..! એ **'જ્ઞાનજ્યોતિ વડે પાપસમૂહરૂપી ઘોર અંધકારનો નાશ કર્યો છે...'** પાપ એટલે પુણ્ય અને પાપ બેય. આહાહા..! શુભ અને અશુભભાવ બેય પાપ છે. બેય ઘોર અંધકારનો નાશ કર્યો છે. આહાહા..! શું કહે છે? જ્ઞાનના પ્રકાશમાં, ચૈતન્ય

જ્ઞાનપ્રકાશમૂર્તિનો પ્રકાશ પ્રગટ કર્યો છે અને અંધકારનો નાશ કર્યો છે. ઉત્પાદ અને વ્યય કીધા. આહાહા..!

**'જેણે જ્ઞાનજ્યોતિ વડે...'** રાગ વડે કે પુણ્ય વડે નહિ. આહાહા..! વ્યવહારની ક્રિયાકાંડ વડે નહિ. જ્ઞાનજ્યોતિ અંતર ચૈતન્યની જ્યોતિ વડે **'પાપસમૂહરૂપી...'** પાપનો ઢગલો **'ઘોર અંધકાર...'** જ્ઞાનનો પ્રકાશ અંદર એકાગ્ર થઈને જાગ્યો ત્યાં પાપરૂપી અંધકારનો નાશ કર્યો. આહાહા..! **'એવું સહજ પરમાનંદરૂપી અમૃતનું પૂર...'** આહાહા..! હવે અહીં કહે કે મને દેખાય નહિ, જણાય નહિ. અમારે શી રીતે કરવું? પણ પ્રભુ! દેખાય નહિ એવો નિર્ણય કોણે કર્યો? જણાય નહિ એવો નિર્ણય કઈ સત્તામાં થયો? કોની સત્તામાં જણાય નહિ એવું નક્કી કર્યું? એ જ કહે છે કે સત્તા જ્ઞાનસત્તાસ્વરૂપ છે. આહાહા..! હું જણાતો નથી. એનો અર્થ એ થયો કે હું જણાવ છું, એમ. હું જણાતો નથી એ શેમાં થયું? એ જ્ઞાનમાં થયું કે અંધકારમાં થયું? આહાહા..! પણ ક્યાં વખત મળે? આ દુનિયાના.. આહાહા..! માન, સન્માન, આબરૂ, કીર્તિ, વિષય, ભોગ ને આ બધું... આહાહા..!

અહીં કહે છે જેણે... આહાહા..! **'સહજ પરમાનંદરૂપી અમૃતનું પૂર...'** આહાહા..! ભગવાનઆત્મા સ્વભાવિક પરમાનંદરૂપી અમૃતનું પૂર છે એ તો. આહાહા..! જેમ નદીનું પૂર હોય. બે કાંઠે જોરબંધ નદી ચાલતી હોય. અમારા 'ઉમરાળા'માં મોટી નદી છે. બહુ પાણી. પાણી આવે તો બે-ત્રણ માથોડા.. દરિયો. એ પણ સાધારણ.

અહીં તો કહે છે કે, **'સહજ પરમાનંદરૂપી અમૃતનું પૂર (અર્થાત્ જ્ઞાનાનંદસ્વભાવી આત્મતત્ત્વ) જ્યાં નિકટ છે,...'** જ્યાં ભગવાન આનંદસ્વરૂપ નજીકમાં છે. રાગ અને પુણ્ય ત્યાં નજીકમાં નથી. એ તો દૂર થઈ ગયા. આહાહા..! એ આનંદસ્વરૂપી ભગવાન, અતીન્દ્રિય આનંદસ્વરૂપી (છે). એ સુખ માટે બહારમાં ઝાવા નાખે. આહાહા..! મૃગની નાભિમાં કસ્તુરી છે. એની ગંધ આવે ત્યારે બહારમાં જોવા જાય. વનમાં રખડ્યા કરે. એની નાભિમાં કસ્તુરી છે. એમ આ ભગવાનમાં અંદરમાં કસ્તુરી–આનંદ છે. આહાહા..! એ આનંદ અહીં ગોતવા જાય. બાયડીમાં, ધૂળમાં, પૈસામાં, નોકરીમાં, પૈસા કાંઈક બે-પાંચ હજારનો પગાર થાય. આહાહા..! સારા લુગડા-બુગડા બરાબર પહેરે. આહાહા..! ધૂળમાં. ધૂળધોયામાં. ધૂળધોયો પણ ઠીક હોય. ધૂળ ધોયા જોયા છે? સોનીની (દુકાન) બહાર ધોવે. પહેલા ધોતા. અમે નજરે જોયા છે, બધા જોયા છે. સોનીની દુકાન નજીક નીચે ધૂળ ધોવે. સોનાનો કણ પડ્યો હોય, પીત્તળનો કણ હોય. આ વીંટી હોય છે ને? બાયુ પહેરે. એમાં પીળો પટ્ટો હોય છે. એનો કટકો પડ્યો હોય. એ ત્રણે કટકા પીળા હોય છતાં એ ત્રણમાંથી સોનાને તારવી લે. ધૂળધોયા. બધું નજરે જોયું છે. અમારો ભાઈબંધ સોની હતો. એની દુકાન હતી. એની દુકાન પાસે ધૂળ ધોયો ધોતો હતો. આ તો ઘણા વર્ષ પહેલાની વાતું છે. ૮૦ વર્ષ પહેલાની. આ શું કરો છો? એમાં ત્રણે પીળા કણ છે. પીળા તો ત્રણે કણ છે. કાચની બરણીમાં

પીળો પટ્ટો હોય છે ને? ભૂક્કો થઈ ગયેલો પીળો કટકો હોય. ધૂળમાં પડ્યો હોય. અને પીત્તળની ઝીણી કટકી પડી હોય અને સોનાની કટકી કો'ક જાણે પડી હોય. પણ ત્રણમાંથી તારવી, તોલદાર તે સોનું છે અને તોલ વિનાના કાચ અને પીત્તળ છે. આહાહા..! એમ એના લક્ષણ તારવીને ધૂળધોયા સોનું લઈ લે. પહેલા બહુ હતું. હવે તો અત્યારે...

અહીં કહે છે, ધૂળધોયા. ધૂળ–પુણ્ય અને પાપને ધોનાર અને આત્માના સોનાને પકડનાર. આહાહા..! જ્ઞાનાનંદસ્વભાવી **'પરમાનંદરૂપી અમૃતનું પૂર (અર્થાત્ જ્ઞાનાનંદસ્વભાવી આત્મતત્ત્વ) જ્યાં નિકટ છે,...'** આહાહા..! એની દશામાં, ધર્મીની દશામાં પૂર્ણાનંદનો નાથ નિકટ છે. અજ્ઞાનીની દશામાં રાગ અને દ્વેષ અને વિષયની વાસના નિકટ છે. આહાહા..! **'સહજ પરમાનંદરૂપી અમૃતનું પૂર...'** એટલે આત્મતત્ત્વ. **'જ્યાં નિકટ છે, ત્યાં પેલા રાગદ્વેષો વિકૃતિ કરવાને સમર્થ નથી જ.'** આહાહા..! જ્યાં આત્માના પરમાનંદના પૂરને, અરૂપી હોવા છતાં વસ્તુ છે, સત્તા છે, હોવાવાળી ચીજ છે. આહાહા..! એને પકડીને **'રાગદ્વેષો વિકૃતિ કરવાને સમર્થ નથી જ.'** એને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય એવી તાકાત નથી હવે. આહાહા..! પડિમા-બડિમા બહુ લે છે. પાંચ પડિમા, છ પડિમા, સાત પડિમા. સાત પડિમાવાળા ઘણા. શેની પડિમા? બાપુ! હજી સમ્યગ્દર્શન શું ચીજ છે એને ખબર પણ નથી. પ્રગટ થયા વિના સમ્યગ્દર્શનની પડિમા પણ હોતી નથી. આહાહા..! એને વ્રતની પડિમા ને એને અનેક પ્રકારની... આહાહા..! બધાનું ખોટું? આ એક જ સાચું ત્યારે? ભાઈ! આ તો કેવળીએ કહેલું એ એક સાચું છે. આ તો સર્વજ્ઞ ભગવાન વીતરાગે આ કહેલું છે. આ એક જ સાચું છે. આહાહા..!

જેણે અંતરના આનંદસ્વરૂપમાં એકાગ્રતા કરી છે એને રાગદ્વેષની વિકૃતિ ઉત્પન્ન થતી નથી. છે? **'વિકૃતિ કરવાને સમર્થ નથી જ. તે નિત્ય (શાશ્વત) સમરસમય આત્મતત્ત્વ...'** આહાહા..! આત્મા કેવો છે? કે પરમરસસ્વભાવી. સમરસ–વીતરાગરસ સ્વભાવી આત્મતત્ત્વ. આહાહા..! એ **'સમરસમય આત્મતત્ત્વમાં વિધિ શો અને નિષેધ શો?'** આહાહા..! આ છે અને આ નથી. એ બે વિકલ્પ ત્યાં ક્યાં છે? આહાહા..! આ છે–ભગવાન પૂર્ણાનંદ છે અને રાગાદિ નથી, એવા બેના વિકલ્પનો પણ ત્યાં અવકાશ ક્યાં છે? આહાહા..! વિધિ અને નિષેધ બે તેમાં છે જ નહિ. આહાહા..! પૂર્ણાનંદનો નાથ આનંદનું પૂર એ વિધિ–છે અને રાગ-દ્વેષ નથી. પણ એવા છે અને નથીનો પણ જ્યાં અવકાશ નથી. આહાહા..! કેમકે છે અને નથી એ પણ વિકલ્પ છે. આહાહા..! આવો કેવી જાતનો ઉપદેશ! દુનિયાથી જુદી જાત.

**'(સમરસમયસ્વભાવી આત્મતત્ત્વમાં 'આ કરવા જેવું છે અને આ છોડવા જેવું છે' એવા વિધિનિષેધના વિકલ્પરૂપ સ્વભાવ નહિ હોવાથી...'** આહાહા..! આ અંતરમાં જવા લાયક છે અને રાગ છોડવા લાયક છે એવા વિકલ્પ અંતર જનારને કાંઈ હોતા નથી. એવો વિકલ્પ એને હોતો નથી. **'એવા વિધિનિષેધના વિકલ્પરૂપ સ્વભાવ નહિ હોવાથી...'** આહાહા..! **'તે આત્મતત્ત્વને દઢપણે આલંબનાર મુનિને...'** આહાહા..! ભગવાનઆત્મા જ્યાં આ છે અને

રાગ નથી એ પણ જ્યાં વિકલ્પ છે, એને પણ છોડીને જે આત્માને પકડે છે. આહાહા..! મહાપ્રભુ અમૃતના પૂરને જ્યાં પકડે છે એવા તત્ત્વમાં વિધિ ને નિષેધ શો? આ છે અને રાગ-દ્વેષ નથી એવા વિકલ્પો ત્યાં નથી. ત્યાં તો વસ્તુસ્થિતિ આખી પડી છે. આહાહા..! આ તો વાતે વાતે ફેર બધો. સંપ્રદાયમાં સાંભળ્યું હોય અને આ તો આખી જાત જુદી. સંપ્રદાયમાં તો વાતું એવી કરે કે આ કરો... આ કરો... સામાયિક કરો... અમે સાધુ છીએ. અરે..! પ્રભુ! વિરુદ્ધ હશે એનું દુઃખ સહન કરવું પડશે, પ્રભુ! ત્યાં કોઈ સિફારશ ચાલે એવું નથી. કેવળી ભગવાને જે સત્ય કહ્યું, એનાથી જો વિરુદ્ધ બાંધશે એને નરક અને નિગોદના દુઃખ સહન કરવા પડશે. ત્યાં કોઈની સિફારશ ચાલશે નહિ. આહાહા..! એ તો 'સૂત્રપાહુડ'ની ૧૮મી ગાથામાં કહ્યું નહિ? એક કપડાનો કટકો રાખીને સાધુ છે એમ માનશે... આહાહા..! અર..ર..! એ નિગોદમાં જશે. લસણ અને ડુંગળીમાં અવતરવાના. અર..ર..! પ્રભુ પ્રભુ...! કેવળીના શાસનમાં આવી વાત છે.

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્ય' આકરા છે એટલે એમ કહે છે.

ઉત્તર :– 'કુંદકુંદાચાર્ય' જેવું છે એવું કહે છે. જેવું કેવળીએ કીધેલું છે એ 'કુંદકુંદાચાર્ય' કહે છે. આકરા પોતે કહે છે એમ કાંઈ છે નહિ. અનંત તીર્થંકરો ભગવાન ત્યાં મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે એ એમ કહે છે. (ત્યાંથી) લઈને આવ્યા અને એ વાત એમણે કરી. ત્યાં આઠ દિ' ગયા. હતા તો જ્ઞાની. ત્યાં ગયા એટલે વધારે સ્પષ્ટ થયું. વધારે સ્પષ્ટ થઈને શાસ્ત્રો બનાવ્યા. આહાહા..! એમાં આ નાખ્યું.

પ્રભુ! તું આનંદનો પૂર છો ને! અને છો અને આ નથી. એવી વિધિ નિષેધ પણ પ્રભુ! તારામાં શોભતી નથી. આહાહા..! ગજબ વાત છે. **'આ કરવા જેવું છે અને આ છોડવા જેવું છે એવા વિધિનિષેધ...'** વિધિ એટલે સ્થાપન અને નિષેધ એટલે નકાર. એવા **'વિકલ્પરૂપ સ્વભાવ નહિ હોવાથી...'** એવો વિકલ્પ સ્વભાવ તારામાં નથી. **'તે આત્મતત્ત્વને દઢપણે આલંબનાર...'** તે આત્મતત્ત્વને અંદર દઢપણે આલંબનાર **'મુનિને સ્વભાવપરિણમન થવાને લીધે...'** આહાહા..! એવો ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ છે, તેને દઢપણે અંદર પકડ્યો છે. તેથી તેને **'સ્વભાવપરિણમન થવાને લીધે...'** સ્વભાવિક પરિણમન થયું છે. ધ્રુવ તો હતો ભગવાન, પણ એનો આશ્રય લઈને પર્યાયમાં સ્વભાવપરિણમન થયું, વીતરાગી પરિણમન થયું, અતીન્દ્રિય આનંદનું પરિણમન થયું, અતીન્દ્રિય શાંતિનું પરિણમન થયું. આહાહા..! એને સામાયિક કહે છે. આહાહા..! મુનિને વિશેષ (શાંતિ હોય છે). ગૃહસ્થાશ્રમમાં સામાયિક હોય છે પણ થોડી શાંતિ હોય છે, થોડી શાંતિ હોય છે. મુનિને વિશેષ શાંતિ અને ઉગ્ર પુરુષાર્થ છે. અંતર આલંબનનો ઉગ્ર પુરુષાર્થ છે. સમકિતી ગૃહસ્થને, સમકિતીને પણ અવલંબન છે પણ થોડું છે. એથી એને થોડો આનંદ છે. બાકી રાગ પણ છે. મુનિને તો રાગ છે જ નહિ. આહાહા..! એમ કીધું ને?

**'મુનિને સ્વભાવપરિણમન થવાને લીધે...'** સ્વભાવની દશા થવાને લીધે. આત્માનો જે સ્વ-સ્વભાવ, આત્મા વસ્તુ છે એનો સ્વભાવ, સ્વભાવ–પોતાનો ભાવ. વીતરાગ અને આનંદકંદ એ સ્વભાવ છે. આહાહા..! **'એવા વિધિનિષેધના વિકલ્પરૂપ સ્વભાવ નહિ હોવાથી તે આત્મતત્ત્વને દઢપણે આલંબનાર મુનિને સ્વભાવપરિણમન...'** એ સ્વભાવપરિણમન છે. **'થવાને લીધે સમરસરૂપ પરિણામ થાય છે,...'** ત્યાં સમતા.. સમતા.. સમતા (પરિણમે છે). અનંત જ્ઞેયો પ્રતિકૂળ હોય તો પણ જ્ઞેયમાં ભાગ પાડતા નથી કે આ ઠીક અને અઠીક. એ તો જ્ઞેય છે. જ્ઞેયમાં ભાગ કેવા? આત્મા સિવાય બીજી બધી ચીજો એક જ પ્રકારે જ્ઞેય છે. જ્ઞાનમાં જણાય, બસ. એના બે ભાગ નથી કે આ જ્ઞેય ઠીક છે અને આ જ્ઞેય અઠીક છે. આહાહા..! એવી જેની દૃષ્ટિ છૂટી ગઈ છે. અંતરમાં સ્વભાવનું પરિણમન થયું છે એને સમરસરૂપ પરિણામ થાય છે. આહાહા..! તેને સમરસ-વીતરાગરસરૂપ દશા થાય છે. **'વિધિનિષેધના વિકલ્પરૂપ–રાગદ્વેષરૂપ પરિણામ થતાં નથી.'** આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૨૯

जो दु अट्टं च रुद्दं च झाणं वज्जेदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१२९।।

यस्त्वार्तं च रौद्रं च ध्यानं वर्जयति नित्यशः।
तस्य सामायिकं स्थायि इति केवलिशासने।।१२९।।

आर्तरौद्रध्यानपरित्यागात् सनातनसामायिकव्रतस्वरूपाख्यानमेतत्।

यस्तु नित्यनिरंजनिजकारणसमयसारस्वरूपनियतशुद्धनिश्चयपरमवीतरागसुखामृतपानपरायणो जीवः तिर्यग्योनिप्रेतावासनारकादिगतिप्रायोग्यतानिमित्तम् आर्तरौद्रध्यानद्वयं नित्यशः संत्यजति, तस्य खलु केवलदर्शनसिद्धं शाश्वतं सामायिकव्रतं भवतीति।

જે નિત્ય વર્જે આર્ત તેમ જ રૌદ્ર બન્ને ધ્યાનને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૯.

અન્વયાર્થ :– [ यः तु ] જે [ आर्त्त ] આર્ત [ च ] અને [ रौद्रं च ] રૌદ્ર [ ध्यानं ] ધ્યાનને [ नित्यशः ] નિત્ય [ वर्जयति ] વર્જે છે, [ तस्य ] તેને [ सामायिकं ]

**સામાયિક [ स्थायी ] સ્થાયી છે [ इति केवलिशासने ] એમ કેવળીના શાસનમાં કહ્યું છે.**

**ટીકા :– આ, આર્ત અને રૌદ્ર ધ્યાનના પરિત્યાગ દ્વારા સનાતન (શાશ્વત) સામાયિકવ્રતના સ્વરૂપનું કથન છે.**

**નિત્ય-નિરંજન નિજ કારણસમયસારના સ્વરૂપમાં નિયત (–નિયમથી રહેલા) શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃતના પાનમાં પરાયણ એવો જે જીવ તિર્યંચયોનિ, પ્રેતવાસ અને નારકાદિગતિની યોગ્યતાના હેતુભૂત આર્ત અને રૌદ્ર બે ધ્યાનોને નિત્ય તજે છે, તેને ખરેખર કેવળદર્શનસિદ્ધ (–કેવળદર્શનથી નક્કી થયેલું) શાશ્વત સામાયિકવ્રત છે.**

---

**પ્રવચન નં. ૧૪૯, શ્લોક-૨૧૪-૨૧૫, ગાથા-૧૨૯-૧૩૦, સોમવાર, જ્યેષ્ઠ વદ ૧૧, તા.૦૯-૦૬-૧૯૮૦**

---

'નિયમસાર' ૧૨૯–ગાથા.

**जो दु अट्टं च रुद्दं च झाणं वज्जेदि णिच्चसो।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१२९।।**

**જે નિત્ય વર્જે આર્ત તેમ જ રૌદ્ર બન્ને ધ્યાનને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૯.**

ટીકા :- **'આ, આર્ત અને રૌદ્ર ધ્યાનના પરિત્યાગ દ્વારા...'** સમજાવવું છે ને? **'આર્ત અને રૌદ્ર ધ્યાનના પરિત્યાગ દ્વારા સનાતન (શાશ્વત) સામાયિકવ્રતના સ્વરૂપનું કથન છે.'** છે સામાયિક પર્યાય પણ શાશ્વત જ્ઞાનસ્વરૂપ ભગવાન, જ્ઞાનસ્વરૂપ છે, જાણનાર છે. એ કરનાર તો કોઈનો નથી, પણ પરનો જાણનાર છે એ વ્યવહાર છે, એવું જે એનું જ્ઞાન સ્વરૂપ છે એના ભાન દ્વારા આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ (થાય) ત્યાં સમસ્વભાવ જે પ્રગટ થાય તેને સામાયિક કહે છે. આહાહા..!

**'નિત્ય-નિરંજન...'** આહાહા..! કાયમની સત્તા જેની છે, નિત્ય–કાયમ સત્તા જેની છે એવો નિત્ય-નિરંજન. જેને અંજન નથી. નિત્ય-નિરંજન ત્રિકાળ અંજન વિનાનો. આહાહા..! ભગવાનઆત્મા નિત્ય-નિરંજન છે. આહાહા..! **'નિજ કારણસમયસારના સ્વરૂપમાં...'** એવું જે નિજ કારણસમયસાર, ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ, એના **'સ્વરૂપમાં નિયત (–નિયમથી રહેલા)...'** નિયત એટલે નિશ્ચયથી રહેલો. આહાહા..! **'નિત્ય-નિરંજન નિજ કારણસમયસાર...'** એનું જે જ્ઞાન અને આનંદ સ્વરૂપ, એમાં જે રહેલો. આહાહા..!

**'શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખમૃતના પાનમાં પરાયણ...'** રહીને એમાં અંદરમાં રહ્યો. જ્ઞાનસ્વરૂપી ભગવાન, એમાં રહ્યો, ટક્યો ત્યારે શું મળ્યું? **'શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ...'** શુદ્ધ-

નિશ્ચય-પરમ-વીતરાગ **'સુખામૃતના પાનમાં...'** વીતરાગી આનંદના પાનમાં મશગુલ છે. આહાહા..! આનું નામ સામાયિક. શબ્દો પણ સાંભળ્યા ન હોય. સામાયિક કોને કહે. આહાહા..! **'શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃત...'** અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, નિત્ય ધ્રુવ શાશ્વત એમાં સ્થિત. અને સ્થિત હોવાથી **'પાનમાં પરાયણ...'** એ વસ્તુના પીવામાં, અનુભવમાં પરાયણ. આહાહા..!

આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપ (છે). એ જ્ઞાનસ્વરૂપ કરે શું? કોનું કરે? પરનું કરે? રાગ કરે? ના ના. પરને જાણે એ પણ વ્યવહાર. આહાહા..! અહીં કહેવું છે શું? કે વ્યવહારથી પરનું કરી શકે છે એ તો શબ્દ પણ નથી, એ તો કથનમાત્ર શબ્દ છે. પરને જાણે છે એ પણ વ્યવહાર છે. એ અંદર સ્વને જાણે છે એનું નામ નિશ્ચય છે. આહાહા..!

અંદરમાં રહેતા **'પરમ-વીતરાગ-સુખામૃત...'** વીતરાગી સુખનું અમૃત, એના **'પાનમાં પરાયણ...'** એને પીવામાં, અનુભવમાં પરાયણ. આહાહા..! અતીન્દ્રિય આનંદના પીવામાં એટલે અનુભવમાં જે તત્પર છે. આહાહા..! જ્યાં રાગ અને દ્વેષનો કણ નથી, જ્યાં ચૈતન્યના સુખામૃતથી ભરેલી શુદ્ધ નિરંજન ધ્રુવ સત્તા, એમાં તત્પર છે. **'એવો જે જીવ તિર્યંચયોનિ, પ્રેતવાસ અને નારકાદિગતિની યોગ્યતાના હેતુભૂત આર્ત અને રૌદ્ર બે ધ્યાનોને નિત્ય તજે છે,...'** આહાહા..! આર્તધ્યાન અને રૌદ્રધ્યાન પ્રેતવાસ (અર્થાત્) વ્યંતર અને ભૂતડાના ભવ થાય. કોઈ એવો સાધારણ શુભભાવ હોય તો વ્યંતરના ભવ થાય. આહાહા..! નારકી. પાપના તીવ્ર ભાવથી નરક આદિ, મનુષ્ય અને દેવ આદિ ગતિ. એની યોગ્યતાના હેતુભૂત. ચાર ગતિની યોગ્યતાના હેતુભૂત. ચાર ગતિ જે ભાવે મળે તેના હેતુભૂત. **'આર્ત અને રૌદ્ર બે ધ્યાનોને...'** આહાહા..! આર્ત અને રૌદ્રધ્યાનથી તો ચાર ગતિ મળે, પરિભ્રમણ મળે. આહાહા..! તેને **'નિત્ય તજે છે,...'** એ બે ધ્યાનોને નિત્ય તજે છે.

અંતરના સુખામૃતના... જ્ઞાનસ્વરૂપી આત્મા એ કરે શું? પરનું કાંઈ કરે? પરને હણે? પરને બચાવે? એ શું કરે? કાંઈ ન કરે. આહાહા..! ફક્ત થતું હોય તેને જાણે. એથી આર્ત અને રૌદ્રધ્યાન થાય નહિ. થતું હોય તેને જાણે. એ જાણવાનો વ્યવહાર છે. તેથી ત્યાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થાય નહિ. આહા..! કોઈને દૂર કરવા છે, કોઈને મળવું છે, કોઈની સાથે મેળ કરવો છે એ કાંઈ છે નહિ. મેળ આત્મા સાથે જ્યાં કર્યો છે. નિત્ય-નિરંજન ભગવાન સુખામૃત, એની સાથે જ્યાં મેળ કરીને અંદર અનુભવે છે, એનું પાન કરે છે. નિર્વિકલ્પ આનંદનું પાન કરે છે. આહાહા..!

એ **'પ્રેતવાસ...'** એટલે હલકા દેવ. **'અને નારકાદિગતિ...'** તિર્યંચ, મનુષ્ય. એની **'યોગ્યતાના હેતુભૂત આર્ત અને રૌદ્ર બે ધ્યાનોને નિત્ય તજે છે,...'** આહાહા..! **'તેને ખરેખર...'** તે જીવને ખરેખર **'કેવળદર્શનસિદ્ધ (–કેવળદર્શનથી નક્કી થયેલું)...'** કેવળજ્ઞાનથી સિદ્ધ થયેલું. આહાહા..! એવું **'શાશ્વત સામાયિકવ્રત છે.'** એને સામાયિકવ્રત સાચું છે. શાશ્વત શબ્દે સાચું.

જેવો ભગવાન શાશ્વત છે એવી જ પર્યાય પ્રગટી છે અને શાંતિમાં રમે છે. એ પણ એક શાશ્વત છે. આહાહા..! આનું નામ સામાયિક છે.

'[હવે આ ૧૨૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : ]'

## શ્લોક–૨૧૪

(आर्या)

इति जिनशासनसिद्धं सामायिकव्रतमणुव्रतं भवति।
यस्त्यजति मुनिर्नित्यं ध्यानद्वयमार्तरौद्राख्यम्।।२१४।।

**[શ્લોકાર્થ :–] એ રીતે, જે મુનિ આર્ત અને રૌદ્ર નામનાં બે ધ્યાનોને નિત્ય તજે છે તેને જિનશાસનસિદ્ધ (–જિનશાસનથી નક્કી થયેલું) અણુવ્રતરૂપ સામાયિકવ્રત છે. ૨૧૪.**

## શ્લોક–૨૧૪ ઉપર પ્રવચન

**શ્લોકાર્થ :- 'એ રીતે, જે મુનિ આર્ત અને રૌદ્ર નામનાં બે ધ્યાનોને...'** મુનિની મુખ્યતાથી વાત છે. જે કોઈ મુનિ આત્માના આનંદમાં રમે છે. આહાહા..! આત્માના સુખામૃતમાં જેની લીનતા છે એને આર્ત અને રૌદ્ર ધ્યાન હોતા નથી. **'બે ધ્યાનોને નિત્ય તજે છે...'** એટલે એને હોતા નથી. છોડવા માગે છે ને? આ આર્ત અને રૌદ્રધ્યાન ત્યજું, એમ નથી. આ સમજાવવાની શૈલી છે. સુખઆનંદ અમૃત પ્રભુ! જેનું જીવન અમૃતજીવન છે. એવા અમૃતજીવનમાં જે લીન છે તેને આર્ત અને રૌદ્રધ્યાન થતા નથી. ઉત્પન્ન થતા નથી તેને તજે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! આવી સામાયિકની વાતું! ઓલા તો બે ઘડી ણમો અરિહંતાણં કરી ... કરી ... સામાયિક થઈ ગઈ. અરે..! ભાઈ! એક સેકન્ડની સામાયિક ભવના અંતને લાવે. કેમકે ભવનો અંત, ભવ અને ભવના કારણ એવું એના સ્વરૂપમાં નથી. એ તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. એના સ્વરૂપની લીનતા કરતાં, સંસારના કારણો જે આર્ત અને રૌદ્રધ્યાન ઉત્પન્ન થતા નથી. એને અહીં તજે છે એમ કહેવામાં આવે છે. આહાહા..!

સવારે તો આવ્યું હતું ને? એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરે નહિ. આહાહા..! કરે નહિ પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યને જાણે એ પણ વ્યવહાર છે. થતી દશાને (જાણે), જડની અને પરદ્રવ્યની થતી અવસ્થા, તેને જ્ઞાનનો સ્વભાવ ભગવાનનો છે એટલે જાણવું. એ પણ પરને જાણવું એ પણ વ્યવહાર છે. પરને કરવું એ તો વસ્તુમાં છે જ નહિ. આહાહા..!

રાગનું કરવું એ પણ વસ્તુના સ્વરૂપમાં નથી. તો પછી હાથ-પગ હલાવવા, હાથ-પગને હું હલાવી શકું છું એ માન્યતા તો તદ્દન મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીની છે. જૈનની એને ખબર નથી. આહાહા..!

'ઘટ ઘટ અંતર જિન વસે.' તમારો છોકરો બોલે છે. 'સિદ્ધપ્રકાશ'. 'ઘટ ઘટ અંતર જિન વસે.' ચાર વર્ષનો નાનો છોકરો છે. 'ઘટ ઘટ અંતર જૈન. મતમદિરા કે પાન સો, મતવાલા સમજે ન.' 'ઘટ ઘટ અંતર જિન વસે.' ઘટ ઘટ અંતર જિન પ્રભુ બિરાજે છે. આહાહા..! જેની અંદરમાં આર્ત અને રૌદ્ર ધ્યાન ને કોઈ શુક્લલેશ્યા પણ નથી. શુક્લલેશ્યા પણ જેમાં નથી. ભવ અને ભવના કારણ જેમાં નથી. આહાહા..!

જે એકલા જ્ઞાનાનંદ સ્વભાવથી, અનંત એવા બીજા ગુણોથી ભરેલો છે. એને પકડીને તેમાં સ્થિર થાય ત્યારે આનંદનો અનુભવ થાય. ત્યારે આર્ત અને રૌદ્રધ્યાન ઊપજતા નથી તેથી તે સામાયિક સાચી કહેવામાં આવે છે. આહાહા..! નહિતર ખોટી સામાયિક છે. આહાહા..! ખોટીમાં પણ નુકસાન કેટલું? સામાયિક નથી અને સામાયિક માને એટલે મિથ્યાત્વનું મોટું પાપ છે. સામાયિકનું સ્વરૂપ જે રીતે છે એ રીતે જાણ્યું નથી અને બીજી રીતે કરે છે અને માને છે... આહાહા..! એની માન્યતા જ મિથ્યાત્વ છે. અને મિથ્યાત્વ એ સંસાર છે. મિથ્યાત્વ એ જ સંસાર છે. આહાહા..! ગજબ વાત છે. આ ભાવસામાયિક વિના દ્રવ્યસામાયિક કરનારા જીવો સંસારી છે. એટલે કે સંસારમાં રખડનારા છે. આહાહા..! આવી વાતું છે.

૨૧૪ કળશ. **'એ રીતે, જે મુનિ આર્ત અને રૌદ્ર નામનાં બે ધ્યાનોને નિત્ય તજે છે...'** એટલે થવા દેતો નથી અને એના સ્થાનમાં **'જિનશાસનસિદ્ધ (–જિનશાસનથી નક્કી થયેલું) અણુવ્રતરૂપ સામાયિકવ્રત છે.'** એ સામાયિક છે એ હજી અણુવ્રત છે. આહાહા..! ભગવાનની સામાયિક સમતા વીતરાગ પૂર્ણ એ પૂર્ણ છે. મુનિ પણ આત્મધ્યાનમાં હોય અને આનંદમાં સ્થિર રહે એ સામાયિકને પણ અહીંયાં અણુવ્રત સામાયિક કીધી છે. આહાહા..! કારણ કે પૂર્ણ વીતરાગ સર્વજ્ઞપણું હજી આવ્યું નથી. ભલે અંદર સુખામૃતમાં આત્માના આનંદમાં તૃપ્ત રહે, પણ પૂર્ણ વીતરાગ નથી એથી એ સામાયિકને અણુવ્રત સામાયિક કહેવામાં આવે છે. અણુવ્રત એટલે આ ગૃહસ્થના અણુવ્રત છે એ નહિ. એ સામાયિકને જ અણુવ્રત કહેવામાં આવે છે. આહાહા..! નાનું વ્રત છે.

પૂર્ણાનંદનો નાથ પૂર્ણ જ્યાં પ્રગટ થાય છે. આહાહા..! એના જ્ઞાનનો પ્રકાશ એટલે ધ્રુવ સ્વભાવ જ્ઞાન જ્યાં પૂર્ણ પ્રગટ થાય છે, આનંદ પૂર્ણ પ્રગટ થાય છે, વીર્ય સ્વરૂપની રચના પૂર્ણ પ્રગટ કરે છે ત્યારે તેને સામાયિક પૂરી હોય છે. આહાહા..! આ તો ખોટી સામાયિકમાં વ્યવહાર તો નથી પણ મિથ્યાત્વ છે. આહાહા..! જેમાં ધર્મ નથી. ધર્મને અધર્મ માનવો અને અધર્મને ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. ૨૫ મિથ્યાત્વ આવે છે ને? આહાહા..! જગતથી... તરવાનો ઉપાય અલૌકિક છે. એ વીતરાગ કેવળી સિવાય, કેવળીની વાણી સિવાય

ક્યાંય નથી. આહાહા..!

અહીં કહે છે, **'બે ધ્યાનોને તજે છે તેને જિનશાસનસિદ્ધ (–જિનશાસનથી નક્કી થયેલું)...'** વીતરાગ કેવળજ્ઞાનીના જ્ઞાનમાં સિદ્ધ થયેલી **'(–જિનશાસનથી નક્કી થયેલું) અણુવ્રતરૂપ...'** આહાહા..! એને અણુવ્રત સામાયિક કહીએ. આહાહા..! મુનિને, હોં! મુનિ હોય છે એ પહેલા દ્રવ્યલિંગી હોય છે. પહેલા નગ્નપણું હોય છે. મુનિને વસ્ત્રનો કટકો હોતો નથી.

મુમુક્ષુ :– કટકો ન હોય.

ઉત્તર :– ત્યારે મોટા થોપલા હોય. આ બધા રાખે ને. બધું અજ્ઞાન છે. એ આર્જિકાઓ મિથ્યાદૃષ્ટિ છે, સાધુ મિથ્યાદૃષ્ટિ છે. બધા મિથ્યાદૃષ્ટિ છે. કપડા રાખીને મુનિપણું માને, મનાવે એ મિથ્યાદૃષ્ટિ મૂઢ, અજ્ઞાની છે. એ જૈન નથી. આહાહા..! આવી વાત છે. આકરું લાગે. શું થાય? ભાઈ! પ્રભુનો રસ્તો કાંઈક જુદો અને દુનિયા બીજે રસ્તે ચડી ગઈ. માર્ગ રહી ગયો બીજે અને દુનિયા બીજે રસ્તે ચડી ગઈ અને માન્યું છે કે અમે કાંઈક જૈનનો ધર્મ કરીએ છીએ. આહાહા..!

મુમુક્ષુ :– ... પકડીને કબુલ કરવા બેસે.

ઉત્તર :– આ વસ્તુસ્થિતિ આવી છે. આહાહા..! બીજી રીતે ટૂંકું કહીએ તો એ તો જ્ઞાનસ્વરૂપ છે પ્રભુ. જ્ઞાન કરે શું? પરનું કરે? રાગ કરે? ફક્ત બહુ તો જ્ઞાન પરને જાણે. બસ, વ્યવહારની એટલી મર્યાદા. પરને જાણે. નિશ્ચયથી તો સ્વને જાણે. પરને પણ નિશ્ચયથી જાણે નહિ. આહાહા..! આવો જે જ્ઞાનસ્વરૂપ ભગવાન, નિત્યાનંદ નિત્ય પ્રભુ શાશ્વત, જ્ઞાન અને આનંદની અનાદિ સત્તા પડી છે, પ્રસિદ્ધ છે, પ્રગટ છે, પ્રસિદ્ધ છે, વ્યક્ત છે. ગુપ્ત નથી. આહાહા..! અનંતગુણોનો સંગ્રહ પ્રભુ પ્રગટ, પ્રસિદ્ધ, પ્રત્યક્ષ પ્રત્યક્ષ પ્રગટ છે. આહાહા..! એની સામું જોવું નથી. અને એને મૂકીને વિકલ્પની વાતું આ કર્યું અને તે કર્યું, સામાયિક કરી, પોષા કર્યા, પડિક્કમણા કર્યા, ચોવિહાર કર્યા. બધું વિકલ્પ અજ્ઞાન, રાગ છે. સંસારના પરિભ્રમણના કારણ છે. એ ક્રિયાકાંડ શુભભાવ પણ ઘોર સંસારમાં રખડવાનું કારણ છે. કેમકે રાગ છે. રાગ છે ત્યાં આત્માની હિંસા છે. આહાહા..! એ અહીં કહે છે.

**'(–જિનશાસનથી નક્કી થયેલું)...'** જૈનશાસનમાં નક્કી થયેલી સામાયિક આવી હોય. જૈન વીતરાગના માર્ગમાં, કેવળી પરમાત્માના માર્ગમાં આર્ત અને રૌદ્ર ધ્યાન રહિત (સામાયિક આવી હોય છે). આહાહા..! આર્તધ્યાનના ચાર ભેદ બધા છે ને, રૌદ્રધ્યાનના ભેદ ને. કોઈ અંશ ન હોય અને અંતરધ્યાન આનંદનું ધ્યાન હોય. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં મશગુલ પડ્યો છે. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં તૃપ્ત તૃપ્ત થયો છે. એને જૈનશાસનમાં સામાયિક કહેવામાં આવે છે. આહાહા..! બહુ ફેર છે. માર્ગ એવો છે, ભાઈ! દુનિયા બીજે ઊંધે રસ્તે ચડી ગયા. જૈનને નામે ઉંધે રસ્તે ચડી ગયા. આહા..!

આ તો મુનિની વાત લીધી ને? **'જે મુનિ...'** **'એને અણુવ્રતરૂપ સામાયિક...'** એમ કીધું

ને? આ કંઈ ગૃહસ્થની વાત નથી. અણુવ્રત શબ્દ આવ્યો છે પણ મુનિને માટે આવ્યો છે. જે પરમાત્મસ્વરૂપમાં પૂર્ણ લીન છે એવી જે પૂર્ણ વીતરાગ સામાયિક છે એ અહીં નથી. એથી એને અપૂર્ણ છે. એથી એને અણુવ્રત સામાયિક કહેવામાં આવે છે. વીતરાગી દશા અંતર વીતરાગી રાગ અને દ્વેષ, આર્ત અને રૌદ્રધ્યાન, એનાથી રહિત દશા વીતરાગી દશા પણ અલ્પ છે અને પૂર્ણ નથી. તેથી એને અણુવ્રત સામાયિક જૈનશાસનમાં સિદ્ધ થયેલી વાત છે. વીતરાગમાર્ગ સિવાય એ વાત ક્યાંય છે નહિ. આહાહા..!

## ગાથા–૧૩૦

जो दु पुण्णं च पावं च भावं वज्जेदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१३०।।

यस्तु पुण्यं च पापं च भावं वर्जयति नित्यशः।
तस्य सामायिकं स्थायि इति केवलिशासने।।१३०।।

शुभाशुभपरिणामसमुपजनितसुकृतदुरितकर्मसंन्यासविधानाख्यानमेतत्।

बाह्याभ्यन्तरपरित्यागलक्षणलक्षितानां परमजिनयोगीश्वराणां चरणनलिनक्षालन-संवाहनादिवैयावृत्यकरणजनितशुभपरिणतिविशेषसमुपार्जितं पुण्यकर्म, हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहपरिणामसंजातमशुभकर्म, यः सहजवैराग्यप्रासादशिखरशिखामणिः संसृतिपुरंध्रिकाविलासविभ्रमजन्मभूमिस्थानं तत्कर्मद्वयमिति त्यजति, तस्य नित्यं केवलिमतसिद्धं सामायिकव्रतं भवतीति।

જે નિત્ય વર્જે પુણ્ય તેમ જ પાપ બન્ને ભાવને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૦.

**અન્વયાર્થ :–** [ यः तु ] જે [ पुण्यं च ] પુણ્ય તથા [ पापं भावं च ] પાપરૂપ ભાવને [ नित्यशः ] નિત્ય [ वर्जयति ] વર્જે છે, [ तस्य ] તેને [ सामायिकं ] સામાયિક [ स्थायी ] સ્થાયી છે [ इति केवलिशासने ] એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

**ટીકા :–** આ, શુભાશુભ પરિણામથી ઊપજતાં સુકૃતદુષ્કૃતરૂપ કર્મના સંન્યાસની વિધિનું (–શુભાશુભ કર્મના ત્યાગની રીતનું) કથન છે.

બાહ્ય-અભ્યંતર પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત પરમજિનયોગીશ્વરોનું ચરણકમળપ્રક્ષાલન, [૧]ચરણકમળસંવાહન વગેરે વૈયાવૃત્ય કરવાથી ઊપજતી શુભપરિણતિવિશેષથી (વિશિષ્ટ શુભ

૧ ચરણકમળસંવાહન = પગ દાબવા તે; પગચંપી કરવી તે.

પરિણતિથી) ઉપાર્જિત પુણ્યકર્મને તથા હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ ને પરિગ્રહના પરિણામથી ઊપજતા અશુભકર્મને, તે બન્ને કર્મ સંસારરૂપી સ્ત્રીના [2]વિલાસવિભ્રમનું જન્મભૂમિસ્થાન હોવાથી, જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ (-જે પરમ સહજ વૈરાગ્યવંત મુનિ) તજે છે, તેને નિત્ય કેવળીમતસિદ્ધ (કેવળીઓના મતમાં નક્કી થયેલું) સામાયિકવ્રત છે.

## ગાથા-૧૩૦ ઉપર પ્રવચન

૧૩૦-ગાથા.

जो दु पुण्णं च पावं च भावं वज्जेदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१३०।।

**જે નિત્ય વર્જે પુણ્ય તેમ જ પાપ બન્ને ભાવને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૦.**

'**ટીકા :- આ, શુભાશુભ પરિણામથી...**' શુભ અને અશુભ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો શુભભાવ છે. એ સંસાર છે, બંધન છે. આહાહા..! અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ અશુભ છે. એ શુભ અને અશુભ '**પરિણામથી ઉપજતાં...**' એ શુભ અને અશુભ પરિણામથી ઉપજતાં '**સુકૃતદુષ્કૃતરૂપ...**' સુકૃત અને દુષ્કૃતરૂપ કર્મ. એના ત્યાગની વિધિનું, તેના ત્યાગની રીતનું આ '**કથન છે.**' '**(-શુભાશુભ કર્મના ત્યાગની રીતનું) આ કથન છે.**' આહાહા..! એને સામાયિક કહે છે.

મુનિ કેવા હોય છે? '**બાહ્ય-અભ્યંતર પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...**' બાહ્યમાં વસ્ત્રનો ટુકડો નહિ, પાત્ર નહિ. માતાએ જેવો જન્મ્યો એવો હોય છે. એને જૈનશાસનમાં અનાદિથી જૈન ધર્મ કહેતા આવે છે. આ શ્વેતાંબર અને સ્થાનકવાસી તો હમણા નવા નીકળ્યા છે. એમાંથી કલ્પિત ઊંધા અર્થ કરીને, મિથ્યાદૃષ્ટિ થઈને શાસ્ત્ર બનાવ્યા. આકરું લાગે, ભાઈ! આહાહા..! એકકોર ભગવાનના કેડા કહેવા અને અહીં કહે છે, મિથ્યાદૃષ્ટિના કેડા છે, બાપુ! આહાહા..! એમાં ભગવાનની કહેલી વાતથી તદ્દન વિરુદ્ધ છે બધું. બધું વિરુદ્ધ. દેવનું (સ્વરૂપ) વિરુદ્ધ, ગુરુનું વિરુદ્ધ, શાસ્ત્રનું વિરુદ્ધ, તત્ત્વનું વિરુદ્ધ, ધર્મનું વિરુદ્ધ.

મુમુક્ષુ :- કપડા રાખીને મુનિ માને એટલે બધામાં વિરુદ્ધ જ છે.

ઉત્તર :- બધામાં બધું વિપરીત છે. એકલા કપડા માટે નથી. કપડાવાળા સાધુને સાધુ માનવા એમાં નવેય તત્ત્વની ભૂલ છે. એના નવેય તત્ત્વ જૂઠા છે. ઝીણી વાત છે, ભાઈ! કેમકે જે મુનિ છે એ છઠ્ઠે ગુણસ્થાને એને કપડાનો વિકલ્પ હોય નહિ. અને એ કપડાનો

૨ વિલાસવિભ્રમ = વિલાસયુક્ત હાવભાવ; ક્રીડા.

વિકલ્પ માને છે માટે એ આસ્રવને પણ ઓળખતા નથી. અને જ્યારે એ વિકલ્પ છઠ્ઠું ગુણસ્થાન હોય ત્યારે આવો કપડાનો વિકલ્પ ન હોય ત્યારે એને સંવર કહેવાય. એ સંવરને પણ ઓળખતા નથી. એ કપડું ન હોય પણ કોઈપણ તાંતણાનો કટકો ન હોય ત્યારે એને અંદર સંવરદશાપૂર્વક નિર્જરા હોય છે. એમાં એની ભૂલ છે. બાકી અજીવમાં પણ નગ્નપણામાં સંયોગ ન હોય. કપડાનો સંયોગ માને છે એ અજીવમાં ભૂલ છે. એ નવેય તત્ત્વમાં ભૂલ છે. એનું એકેય તત્ત્વ સાચું છે નહિ. 'ભૂપતભાઈ'! આવી વાત છે. અહીં તો વગડામાં-જંગલમાં પડ્યા છીએ. કોઈ માને, ન માને એની સાથે શું છે? માર્ગ તો આ છે. આહાહા..!

**જે નિત્ય વર્જે પુણ્ય તેમ જ પાપ બન્ને ભાવને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૦.**

**'આ, શુભાશુભ પરિણામથી ઊપજતાં...'** ચાહે તો શુભ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણ, પંચ પરમેષ્ઠીની યાદગીરી સ્મરણ કરે એ બધો શુભભાવ સંસાર છે. એ **'સુકૃતદુષ્કૃતરૂપ કર્મના સંન્યાસની વિધિનું (–શુભાશુભ કર્મના ત્યાગની રીતનું) કથન છે.'** આહાહા..! **'બાહ્ય-અભ્યંતર પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...'** કેવળી ભગવાનના શાસનમાં મુનિ કેવા હોય છે? કે **'બાહ્ય-અભ્યંતર...'** પરિગ્રહ. બાહ્યમાં વસ્ત્ર-પાત્રનો ટુકડો નહિ અને અભ્યંતરમાં રાગનો અંશ નહિ. અભ્યંતર ચૌદ પ્રકારનો પરિગ્રહ, બાહ્ય દસ પ્રકારનો પરિગ્રહ. ચોવીસ પ્રકારનો પરિગ્રહ છે. એ બધા પરિગ્રહનો ત્યાગ જેને હોય. આહાહા..!

જૈનશાસનમાં સ્ત્રીને સાધુપણું હોતું નથી. સ્ત્રીને સાધુપણું આવતું નથી. અને એને સાધુપણું માને તો એ મિથ્યાત્વને પોષે છે. સંસારની વૃદ્ધિ કરે છે. આહાહા..! ગજબ વાતું. અને સાધુને પણ વસ્ત્રસહિત, પાત્રસહિત (સાધુપણું હોતું નથી). એ પણ ક્યાં છે? અપાસરા એને માટે કરેલા મકાન આદિમાં પણ અત્યારે તો રહે છે ને. એ વ્યવહાર પણ ક્યાં છે? આહા..! એ પ્રશ્ન (સંવત) ૧૯૬૯ની સાલમાં થયેલો. દીક્ષા ૧૯૭૦ની સાલમાં થઈ. ૧૯૬૯માં મેં અમારા ગુરુ 'હીરાજીમહારાજ'ને પ્રશ્ન કર્યો. ૧૯૬૯ની સાલ. ચોમાસામાં. સંસારમાં. મહારાજને કીધું, સાધુ માટે મકાન કર્યું હોય, તો એને નવ કોટી જે છે, મન, વચન, કાયા, કરવું, કરાવવું અને અનુમોદન (એમાં) કોટી કઈ તૂટે? આ પ્રશ્ન ૧૯૬૯ની સાલમાં થયેલો. 'હીરાજીમહારાજ' તો ભદ્રિક હતા. એને એમ કે આ તો દીક્ષા લેવાનો જ છે. એમ કહ્યું કે તમારા ભાઈ માટે મકાન કરાવ્યું અને તમે રહો એમાં શું? પણ એ મકાનમાં રહેવું એ જ અનુમોદન છે. એ અનુમોદનની કોટી તૂટી જાય છે. એ નવ કોટીમાં એકેય કોટી એને રહેતી નથી. એ અજ્ઞાની થઈ જાય છે. આહાહા..! આ તો ૧૯૬૯ની સાલથી ચર્ચા ચાલતી. મોટી ચર્ચા કરી.

એકવાર તો બધું ગાડું જોડીને 'પાળિયાદ' ગયા હતા. ૧૯૬૯ની સાલની વાત છે. ચોમાસામાં. આ શું? ત્યારે 'ગુલાબચંદજી' હતા ને? 'રાજકોટ'ના 'ગુલાબચંદ ગાંધી' હતા.

એકલવિહારી હતા. એકલા રહેતા. ક્રિયા કડક ખરી. એણે કહ્યું કે સાધુ માટે મકાનનું કાંઈ પણ કર્યું હોય અને વાપરે તો એ સાધુ નહિ. આપણે સાંભળેલું નહિ. દુકાન છોડીને દીક્ષા લેવા નીકળ્યો એમાં આ વાત સાંભળેલી નહિ. પહેલી સાંભળેલી. એટલે પછી 'પાળિયાદ' પૂછવા ગયા. તો જવાબનું કાંઈ ઠેકાણું નહિ. પછી (સંવત) ૧૯૬૯માં 'રાણપુર'માં પૂછ્યું. ત્યારે કાંઈ જવાબમાં ઠેકાણું નહિ. જે ચીજ જેને માટે કરી છે, ભલે એ કર્તા પોતે નથી, કરવાનું કહ્યું પણ ન હોય પણ એને માટે કરેલી એ ચીજ લે તો એને નવ કોટીમાં બધી કોટીઓ તૂટી જાય. એ અપચખાણી અને અવ્રતી છે.

મુમુક્ષુ :– એક કોટી તૂટી તો..

ઉત્તર :– નવેય તૂટી ગઈ. પછી એક્કે રહ્યું ક્યાં?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– .. શ્રાવક થાય, આ તો સાધુ છે. નવેય કોટી તૂટી ગઈ. આહાહા..! આ તો ૧૯૬૯ની સાલની વાત છે. ૬૭ વર્ષ (થયા). આહાહા..! પણ લોકોમાં કાંઈ વિચારશ્રેણી નહિ. ધંધા આદિમાં નવરા નહિ. એક કલાક સાંભળવા આવે. માથે પાટે (બેઠેલા) જે કહે એ કબુલ કરીને વયા જાય. તુલના કરવાને નવરા ક્યાં છે કે સત્ય શું છે અને અસત્ય શું છે. આહાહા..! વીતરાગ કેવળી પરમાત્માનું કથન શું છે અને દુનિયા અત્યારે શું કહે છે? એનો મેળ કરવાને નવરાશ ક્યાં છે? આહાહા..!

અહીં કહે છે, પરમજિનયોગી કેવા હોય? પરમયોગી સાધુ કેવા હોય? કે **'બાહ્ય-અભ્યંતર પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...'** બાહ્ય પરિગ્રહથી રહિત અને અભ્યંતર પરિગ્રહથી રહિત. એકલા બાહ્યથી ત્યાગ નહિ. એકલું નગ્નપણું તો અનંતવાર ધારણ કર્યું. અભ્યંતરમાં જે રાગાદિ છે એનો પણ જેને પરિત્યાગ છે. પરિત્યાગ શબ્દ છે. પરિ–સમસ્ત પ્રકારે ત્યાગ. આહાહા..! **'બાહ્ય-અભ્યંતર પરિત્યાગરૂપ...'** આહાહા..! **'લક્ષણથી લક્ષિત...'** એવા લક્ષણથી લક્ષમાં લેવા લાયક **'પરમજિનયોગીશ્વરનું...'** પરમયોગીશ્વરનું **'ચરણકમળપ્રક્ષાલન,...'** શું કહે છે? આવા સંત હોય એના ચરણમાં પ્રક્ષાલ કરે તો એને શુભભાવ થાય. ધર્મ નહિ. આહાહા..! એવા નથી એની તો વાત છે જ નહિ. પણ આવા મુનિ જે હોય... આહાહા..!

**'બાહ્ય-અભ્યંતર પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત પરમજિનયોગીશ્વરનું ચરણકમળપ્રક્ષાલન,...'** પગને પાણીથી સાફ કરવા. વ્હોરવા આવે છે ત્યારે પાણી નાખીને (સાફ કરે). **'ચરણકમળસંવાહન...'** **'ચરણકમળ = પગ દાબવા તે; પગચંપી કરવી તે.'** આવા મુનિ, હોં! પણ. આવા મુનિને. એ બધો શુભભાવ છે, પુણ્ય છે, સંસાર છે. આહાહા..! બીજા વસ્ત્રવાળા સાધુની તો વાત શું કરવી? એ તો પોતે મિથ્યાદૃષ્ટિ છે અને એને માને છે, પગે લાગે છે એ પણ મિથ્યાદૃષ્ટિ છે. એ જૈન જ નથી. આહાહા..! આવા મુનિને પણ પગચંપી અને પ્રક્ષાલન કરે, અરે..! **'વૈયાવૃત્ય કરવાથી ઊપજતી શુભપરિણતિ...'** એનાથી ઊપજતા

શુભપરિણામ. પુણ્યપરિણામ બંધન થાય. ધર્મ નહિ. આહાહા..!

મુનિને આહાર-પાણી દેવાથી સંસાર પરિત ન થાય. શુભભાવ થાય. આહાહા..! આકરું પડે. શ્વેતાંબરમાં 'વિપાકસૂત્ર' છે. દસ વિપાકના અધિકાર છે. એ દસેય મિથ્યાદૃષ્ટિ છે અને સાધુને આહાર આપ્યો અને પરિતસંસાર કર્યો એવો પાઠ છે. વિપાક છે એ તદ્દન મિથ્યાદૃષ્ટિએ બનાવેલું છે. ૩૨-૪૫ બધા શાસ્ત્રો મિથ્યાદૃષ્ટિએ બનાવ્યા છે. લોકોને આકરું પડે, બાપુ! પણ... આહાહા..! એ 'વિપાકસૂત્ર'ના દસ પાઠ છે. સાધુને આહાર આપ્યો એ દેનારો મિથ્યાદૃષ્ટિ છે પણ સાધુને (આહાર) આપ્યો તો પરિતસંસાર કર્યો–સંસાર તોડી નાખ્યો. એ ખોટી વાત છે. તેમ જ્ઞાતાસૂત્રમાં મેઘકુમારે ઓલા હાથીના ભવમાં સસલાની દયા પાળી પરિતસંસાર કર્યો એ જૂઠી વાત છે. પરની દયાથી શુભભાવ થાય, પરિતસંસાર થાય નહિ. આહાહા..! સમજાણું?

મુમુક્ષુ :– શુભથી પરિતસંસાર થાય તેવો એક મત છે.

ઉત્તર :– શુદ્ધથી થાય. શુભથી ન થાય. એ તો કીધું, મોટી ચર્ચા ચાલી હતી. રેવતી ભગવાન માટે આહાર લેવા ગઈ. 'ભગવતીસૂત્ર'માં પાઠ છે. એ બધું કલ્પિત બનાવેલું, ખોટું મિથ્યાદૃષ્ટિ છે. ભગવાનને રોગ થયો તો કેવો? સિંહઅણગાર આહાર લેવા ગયા. સિંહઅણગાર બાઈ પાસે લેવા ગયા. તો એણે ત્યાં ઘોડાને માટે બનાવેલો આહાર અને ભગવાનને માટે બનાવેલો. એમાંથી ઘોડા માટે બનાવેલો આહાર લીધો. પરિતસંસાર કર્યો એવો પાઠ છે. તદ્દન જૂઠું. પરદ્રવ્યની કોઈપણ ક્રિયા પરિણામમાં સંસારનો અંત આવે નહિ. પરદ્રવ્યનું લક્ષ જાય એટલે શુભભાવ જ થાય. દેવ-ગુરુ-શાસ્ત્ર (ઉપર લક્ષ જાય તો). આહાહા..! અરે..! આ કે દિ' પહોંચે અને કે દિ' જાય? મીંડા વાળે કે દિ'?

આવા મુનિની પણ સેવા કરે, વૈયાવૃત્ય કરે અને શુભપરિણતિને ઉપજાવે. **'શુભપરિણતિવિશેષથી (વિશિષ્ટ શુભ પરિણતિથી) ઉપાર્જિત પુણ્યકર્મ...'** એવા જે શુભપરિણામથી બંધાયેલું શુભકર્મ. આહાહા..! **'તથા હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ ને પરિગ્રહના પરિણામથી ઊપજતા અશુભકર્મને, તે બન્ને કર્મ સંસારરૂપી...'** આહાહા..! મુનિની વૈયાવૃત્ય અને ચરણકમળની સેવા, આ પગચંપી કરવી તે ભાવ **'સંસારરૂપી સ્ત્રીના વિલાસવિભ્રમનું જન્મભૂમિસ્થાન...'** છે. આહાહા..! એ ભાવ પરદ્રવ્ય તરફ વલણ છે એટલે શુભભાવ છે. ચાહે તો ત્રણલોકના નાથ તીર્થંકર સામું જોવે અને એનું નામ લે તો શુભભાવ સંસાર છે. સ્વઆશ્રયે સંસારનો નાશ થાય. અંદર આનંદના નાથનો (આશ્રય). પરાશ્રયે રાગ થાય. ઓહોહો..!

મુમુક્ષુ :– સામાયિક વ્રત બહુ આકરું.

ઉત્તર :– બાપુ! હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી. સામાયિક કેવી? આહાહા..! સમ્યગ્દર્શન કોને કહેવું? આહાહા..! વિકલ્પરહિત ચિદાનંદ જ્ઞાનમૂર્તિ અનંત આનંદનો કંદ પ્રભુ, એનું

ભાન થઈ, અનુભવ થઈને પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન. તો હજી એના ઠેકાણા નથી તો વ્રત-ફ્રત તો હતા કે દિ'? આહાહા..! (કોઈ કહે), તમે અહીં દીકરીઓને બ્રહ્મચર્ય (વ્રત) તો આપો છો. એ શુભભાવ છે, ધર્મ નહિ. બ્રહ્મચર્ય જે લે એને શુભભાવ હોય છે. પુણ્ય કર્મ બંધાય. ધર્મ નહિ.

મુમુક્ષુ :– ધર્મ નહિ કર્મ.

ઉત્તર :– કર્મ છે. ધર્મ નહિ. કહો, 'દામોદરભાઈ'! આવું તો તમારા બાપે કોઈ દિ' કાંઈ સાંભળ્યું પણ નહિ હોય.

મુમુક્ષુ :– બાપ-દાદાનો ચીલો છોડવાનો...

ઉત્તર :– એ ચેલો છોડવાની... એ ચેલો છોડ્યો. આહાહા..! બાપ-દાદાનો ચીલો કેમ છોડાય છે? આ વસ્તુ સત્ છે. ભગવાન ત્રણલોકના નાથનો પોકાર છે.

મુમુક્ષુ :– સાચા બાપ તો ભગવાન છે. એનો ચીલો હોય ને.

ઉત્તર :– એ સાચા પિતા છે અને એ જ માતા છે. એ પિતા ક્યાં હતો? એવા તો અનંતા થઈ ગયા. આહાહા..! જિનેશ્વર પિતા ત્રણલોકનો નાથ, જગતપિતા... આહાહા..! જગતનો નાથ જાણવાની અપેક્ષાએ. રક્ષાની અપેક્ષાએ નહિ. આહાહા..! એના શાસનમાં આમ કહ્યું છે, કે આવા જીવને પુણ્યકર્મ પણ થાય. આવા સાધુ નથી એને પુણ્ય થાય એ તો સાધારણ પાપાનુબંધી પુણ્ય થાય. આહાહા..! ધર્મ તો નહિ. આ પુણ્ય થાય. સાચા સાધુના વૈયાવૃત્યથી શુભભાવ થાય. એ પુણ્ય થાય. આહાહા..!

**'તથા હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ ને પરિગ્રહના પરિણામથી ઊપજતા અશુભકર્મને, તે બન્ને કર્મ સંસારરૂપી...'** આહાહા..! **'તે બન્ને કર્મ સંસારરૂપી સ્ત્રીના વિલાસવિભ્રમનું...'** એની સાથે વિલાસનો હાવભાવ, સંસારી સ્ત્રી, રખડવાની સ્ત્રી... આહાહા..! એની સાથે **'વિલાસ-વિભ્રમનું જન્મભૂમિસ્થાન હોવાથી,...'** એ વિલાસ અને વિભ્રમ રખડવાનું જન્મસ્થાન હોવાથી. આહાહા..! સંતોને પડી છે કાંઈ? પોતે પોતાની વાત કરે છે. અમે મુનિ છીએ. નગ્ન મુનિ દિગંબર સાચા ભાવલિંગી. છતાં અમને અમારી વૈયાવૃત્યથી (પુણ્ય બંધાશે). અમે પરદ્રવ્ય છીએ. બાકી એને શુભભાવ થાય, ધર્મ થાય નહિ. ભલે એને આહાર વહોરાવો કે એને... આહાહા..! તીર્થંકર પરમાત્મા જ્યારે છદ્મસ્થ હોય ત્યારે આહાર માટે નીકળે. એને જે આહાર આપે એને શુભભાવ થાય, ધર્મ નહિ. આહાહા..! વસ્તુસ્થિતિ એવી છે. અત્યારે તો બધું બગડી ગયું છે આખું.

એ પુણ્ય અને પાપના પરિણામથી થતાં કર્મ, એ કર્મ સંસારરૂપી સ્ત્રી... આહાહા..! એના રખડવાના **'વિલાસ-વિભ્રમનું જન્મભૂમિસ્થાન હોવાથી, જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ...'** મુનિ. એને છોડી દે છે એમ કહે છે. મુનિ એની સામું જોતો નથી. આહાહા..! સહજ વૈરાગ્ય, પુણ્ય-પાપથી વૈરાગ્ય, શુભ-અશુભભાવથી પણ વૈરાગ્ય. એ શુભ-

અશુભભાવ મારા નહિ. આહાહા..! વિરક્ત. શુભ-અશુભથી વિરક્ત, સ્વરૂપમાં રક્ત એનું નામ વૈરાગ્ય. બાયડી-છોકરા છોડે એ સ્મશાન વૈરાગ્ય છે. એ વૈરાગ્ય નહિ. અંદરમાં પુણ્ય-પાપના ભાવને છોડે, સમકિત સહિત છોડે તેને વૈરાગ્ય કહીએ.

'સમયસાર'ના પુણ્ય-પાપ (અધિકારમાં) આવે છે. આહાહા..! શુભ અને અશુભભાવ જે છોડે એને વૈરાગ્ય કહેવામાં આવે છે. પણ બાયડી, છોકરા છોડ્યા, દુકાન છોડી અહીં સાધુ થઈને શુભભાવમાં આવ્યો એથી સાધુ થઈ ગયો... એ મિથ્યાત્વ છે. મિથ્યાત્વનું પોષણ (કરીને) મિથ્યાત્વ બાંધે છે. આહાહા..! ક્ષણે ક્ષણે મિથ્યાત્વની સંસારની વૃદ્ધિ કરે છે. એમાં પણ સ્ત્રીને તો સાધુપણું હોય જ નહિ. એને પાંચમા ગુણસ્થાનથી ઉપર ત્રણકાળમાં હોઈ શકે નહિ. તે પણ દિગંબર ધર્મને સાચો માને અને અનુભવે તો. શ્વેતાંબરમાં તો સ્ત્રી અને પુરુષ બધા આખો સંપ્રદાય મિથ્યાદૃષ્ટિ છે. અહીં કાંઈ છાની વાત રાખતા નથી. આહાહા..! બધી ચીજ એવી છે. આકરું પડે, ભાઈ! શું થાય?

વીતરાગ એમ કહે છે અને વીતરાગે કહેલું સંતો એમ કહે છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે. આહાહા..! 'સૂત્રપાહુડ'માં 'કુંદકુંદાચાર્યે' કીધું ને? વસ્ત્રનો એક ટુકડો રાખે એ નિગોદમાં જશે. નિગોદમાં જશે એમ ૧૮મી ગાથામાં કહ્યું કે, પરદ્રવ્યને મારું માને અથવા પરદ્રવ્ય ઉપર લક્ષ કરે તેને દુર્ગતિ થશે. ભગવાન કહે છે કે મારી સામું જોવે એની દુર્ગતિ થશે. કારણ કે એને રાગ થશે. રાગનું ફળ સ્વર્ગ છે. સ્વર્ગ દુર્ગતિ છે. સ્વર્ગમાં ક્યાં સુખ છે? સુગતિ તો એક સિદ્ધગતિ છે. આહાહા..! બહુ ફેર. 'ભૂપતભાઈ'! કેટલુ ફેરવવું આમાં? ઊગમણો-આથમણો ફેર. આહાહા..! શું થાય? ભાઈ!

**'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ (–જે પરમ સહજ વૈરાગ્યવંત મુનિ)...'** એ આર્તધ્યાન અને જે ભાવ શુભ-અશુભ છે એને છોડે છે. જેનાથી કર્મ બંધાય છે એ ભાવને છોડે છે. આહાહા..! **'તેને નિત્ય કેવળીમતસિદ્ધ...'** એવા સાધુને નિત્યકેવળીએ કબુલેલું. **'(કેવળીઓના મતમાં નક્કી થયેલું)...'** પરમેશ્વરના, તીર્થંકરોના મતમાં સિદ્ધ થયેલું તે **'સામાયિકવ્રત છે.'** આહાહા..! કેવળીઓના મતમાં નક્કી થયેલું તે સામાયિક છે. આહાહા..! અજ્ઞાનીઓએ કલ્પિને મત કર્યો છે એ સામાયિક નહિ. કેવળી પરમાત્માએ આ રીતે જોઈને સિદ્ધ કર્યું છે. એને સામાયિક હોય છે. આહાહા..! આકરી વાત છે. સંપ્રદાયની પકડ હોય, ૫૦-૫૦ વર્ષ કાઢ્યા હોય. હવે એમાં કહે કે એ બધું મિથ્યાત્વ છે. આહાહા..!

'[હવે આ ૧૩૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે : ]'

## શ્લોક–૨૧૫

(मंदाक्रांता)

त्यक्त्वा सर्वं सुकृतदुरितं संसृतेर्मूलभूतं
नित्यानंदं व्रजति सहजं शुद्धचैतन्यरूपम्।
तस्मिन् सद्दृग् विहरति सदा शुद्धजीवास्तिकाये
पश्चादुच्चैः त्रिभुवनजनैरर्चितः सन् जिनः स्यात्।।२१५।।

**[શ્લોકાર્થ :–] સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારના મૂળભૂત સર્વ પુણ્યપાપને તજીને, નિત્યાનંદમય, સહજ, શુદ્ધચૈતન્યરૂપ જીવાસ્તિકાયને પ્રાપ્ત કરે છે; તે શુદ્ધ જીવાસ્તિકાયમાં તે સદા વિહરે છે અને પછી ત્રિભુવનજનોથી (ત્રણલોકના જીવોથી) અત્યંત પૂજાતો એવો જિન થાય છે. ૨૧૫.**

## શ્લોક–૨૧૫ ઉપર પ્રવચન

त्यक्त्वा सर्वं सुकृतदुरितं संसृतेर्मूलभूतं
नित्यानंदं व्रजति सहजं शुद्धचैतन्यरूपम्।
तस्मिन् सद्दृग् विहरति सदा शुद्धजीवास्तिकाये
पश्चादुच्चैः त्रिभुवनजनैरर्चितः सन् जिनः स्यात्।।२१५।।

**શ્લોકાર્થ** :- આહાહા..! '**સમ્યગ્દૃષ્ટિ જીવ...**' જેને આત્મા આનંદનો સ્વાદ આવ્યો છે, અતીન્દ્રિય આનંદનો અનુભવ થયો છે એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. આહાહા..! દેવ-ગુરુને માને, નવતત્ત્વને માને માટે સમકિતી છે, એ સમકિત નથી. નવતત્ત્વના ભેદને માને તો મિથ્યાત્વ છે એમ પણ શાસ્ત્રમાં કહ્યું છે. કળશમાં આવ્યું છે. નવતત્ત્વના ભેદ છે એને માને એ મિથ્યાત્વ છે. આહાહા..! એક સ્વરૂપી ભગવાન પૂર્ણાનંદનો નાથ દ્રવ્યસ્વભાવે શક્તિથી પૂર્ણ ભરેલો, એને જે સમ્યક્ રીતે માને, અનુભવથી માને એ '**સંસારના મૂળભૂત...**' સંસારનું મૂળ કોણ? પુણ્ય અને પાપ. આહાહા..! સંસારનું રખડવાનું મૂળીયું–પુણ્ય અને પાપ. આહાહા..! આવા '**સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારના મૂળભૂત સર્વ પુણ્યપાપને તજીને,...**' એને છોડી દે છે. પુણ્ય-પાપનો આદર કરતો નથી. છોડી દે છે. આહાહા..! '**નિત્યાનંદમય,...**'

મુમુક્ષુ :– આત્મા કેવો છે એની વ્યાખ્યા આપે છે.

ઉત્તર :– વ્યાખ્યા આપે છે. **'નિત્યાનંદમય,...'** નિત્ય આનંદમય. નિત્ય આનંદવાળો નહિ. નિત્ય આનંદમય. આનંદમય અને આનંદવાળો એમાં ફેર પડે છે. આનંદવાળો એ ભેદ પડે છે. નિત્ય આનંદમય પ્રભુ છે. અતીન્દ્રિય આનંદમય પ્રભુ છે. આહાહા..! નિત્ય અતીન્દ્રિય આનંદમય આત્મા અંદર બિરાજે છે.

**'સહજ, (સ્વભાવિક) શુદ્ધચૈતન્યરૂપ...'** અને ચૈતન્ય જેનું રૂપ સ્વભાવિક છે. આહાહા..! અંદર જાણવું, દેખવું એ તો એનું સહજ સ્વરૂપ છે. એ તો અનાદિનું એનું–આત્માનું નિત્ય સ્વરૂપ છે. આહાહા..! એવી **'જીવાસ્તિકાયને પ્રાપ્ત કરે છે;...'** સમ્યગ્દષ્ટિ જીવ પુણ્ય-પાપને છોડીને આવી **'જીવાસ્તિકાયને પ્રાપ્ત કરે છે;...'** જોયું? અસ્તિકાય લીધી. અસ્તિકાય અસંખ્યપ્રદેશી છે. જૈનમત સિવાય અન્યમતમાં એ ક્યાંય નથી. એક વીતરાગમાં જ અસંખ્યપ્રદેશી છે. આહાહા..!

**'સમ્યગ્દષ્ટિ જીવ સંસારના મૂળભૂત સર્વ પુણ્યપાપને તજીને, નિત્યાનંદમય, સહજ, શુદ્ધચૈતન્યરૂપ જીવાસ્તિકાયને પ્રાપ્ત કરે છે;...'** આને છોડે છે અને આને પ્રાપ્ત કરે છે. છોડે છે એ ભાષા વ્યાખ્યાનમાં... પણ આને પ્રાપ્ત કરે છે એટલે ઓલી છૂટી જાય છે. અસ્તિથી. નિત્યાનંદ સહજાનંદ પ્રભુ, એને પકડે છે, એમાં લીન થાય છે, એથી પુણ્ય અને પાપ બેય છૂટી જાય છે. છોડવા પડતા નથી. પણ ઉપદેશમાં તો એમ જ આવે ને. છોડે છે એમ આવ્યું.

**'તે શુદ્ધ જીવાસ્તિકાયમાં...'** આહાહા..! શુદ્ધ જીવાસ્તિકાય કીધું. જોયું? જીવમાં એમ નહિ. જીવાસ્તિકાય અસંખ્યપ્રદેશી છે. આહાહા..! જીવના અસંખ્ય પ્રદેશ છે. જેમ સાંકળીમાં મકોડા–કડી ૫૦-૧૦૦-૨૦૦ હોય. એમ આત્મામાં અસંખ્ય પ્રદેશ છે. આહાહા..! અસંખ્યપ્રદેશનો આખો પિંડ છે. આહાહા..! **'સદા વિહરે છે...'** **'શુદ્ધજીવાસ્તિકાયમાં તે સદા વિહરે છે...'** આહાહા..! **'અને પછી ત્રિભુવનજનોથી...'** પછી કહે છે કે કેવળજ્ઞાન થશે એને. એટલે **'ત્રિભુવનજનોથી (ત્રણલોકના જીવોથી) અત્યંત પૂજાતો...'** આહાહા..! પછી ઇન્દ્રોથી પૂજ્ય છે. કેવળજ્ઞાન થશે એટલે ત્રણલોકના અગ્રેસર મુખ્ય જીવો છે એ બધા પૂજશે. આહાહા..! પહેલી આવી સામાયિક કરે ત્યારે એ પુણ્ય-પાપને ત્યજે છે. અને પછી જ્યારે પૂર્ણ થાય છે (ત્યારે)... આહાહા..! **'પૂજાતો એવો જિન થાય છે.'** ત્રિભુવનજનોથી. જોયું? ત્રણ ભુવનના જનોથી, ત્રણલોકના જીવોથી. એ ત્રણલોકમાં ઊંચા જીવ હોય એ જ ગણાય છે. બીજા ભાન વિનાના હોય એ ગણવામાં નથી આવતા. આહાહા..! ત્રણલોકથી પૂજાય છે તો બધા ગરીબ, માણસ, મિથ્યાદષ્ટિ બધા આવવા જોઈએ. પણ એનો અર્થ જગતમાં જે સમ્યગ્દષ્ટિ અને ધર્મી જીવો છે એ ત્રણલોકમાં મોટા છે. એનાથી એ પૂજ્ય છે. આહાહા..! છે? **'(ત્રણલોકના જીવોથી) અત્યંત પૂજાતો એવો...'** અત્યંત પૂજાતો એવો **'જિન થાય છે.'** આહાહા..! પૂરેપૂરો વીતરાગ અને જિન થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્લોક–૨૧૬

(शिखरिणी)

स्वतःसिद्धं ज्ञानं दुरघसुकृतारण्यदहनं
महामोहध्वान्तप्रबलतरतेजोमयमिदम्।
विनिर्मुक्तेर्मुलं निरुपधिमहानंदसुखदं
यजाम्येतन्नित्यं भवपरिभवध्वंसनिपुणम्।।२१६।।

[શ્લોકાર્થ :–] આ સ્વતઃ સિદ્ધ જ્ઞાન પાપપુણ્યરૂપી વનને બાળનારો અગ્નિ છે, મહામોહાંધકારનાશક અતિપ્રબળ તેજમય છે, વિમુક્તિનું મૂળ છે અને *નિરુપધિ મહા આનંદસુખનું દાયક છે. ભવભવનો ધ્વંસ કરવામાં નિપુણ એવા આ જ્ઞાનને હું નિત્ય પૂજું છું. ૨૧૬.

**પ્રવચન નં. ૧૫૦, શ્લોક--૨૧૬-૨૧૭, ગાથા-૧૩૧-૧૩૨, મંગળવાર, જ્યેષ્ઠ વદ ૧૩, તા.૧૦-૦૬-૧૯૮૦**

'નિયમસાર' ૨૧૬ (કળશ).

स्वतःसिद्धं ज्ञानं दुरघसुकृतारण्यदहनं
महामोहध्वान्तप्रबलतरतेजोमयमिदम्।
विनिर्मुक्तेर्मुलं निरुपधिमहानंदसुखदं
यजाम्येतन्नित्यं भवपरिभवध्वंसनिपुणम्।।२१६।।

**શ્લોકાર્થ** :- આહાહા..! **'આ સ્વતઃ સિદ્ધ જ્ઞાન...'** ભગવાનઆત્માનું સ્વરૂપ જ્ઞાનપ્રધાન એ સ્વતઃસિદ્ધ છે. કોઈથી થયું નથી અને કોઈથી નવું થયું નથી, સાદિ થઈ નથી. અનાદિઅનંત સ્વતઃસિદ્ધ. એનું સ્વરૂપ જ અનાદિઅનંત સ્વતઃસિદ્ધ જ્ઞાન છે. આહાહા..! એ **'જ્ઞાન પાપ-પુણ્યરૂપી વનને...'** આહાહા..! જ્ઞાનસ્વભાવ ભગવાન, એમાં અંતર્મુખ થયે બહિર્મુખથી ઉત્પન્ન થયેલા પુણ્ય-પાપના ભાવને એ **'બાળનારો અગ્નિ છે,...'** આહાહા..! **'પાપપુણ્યરૂપી વનને બાળનારો અગ્નિ છે,...'** આહાહા..! સમજાવવું છે. બાકી તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે. અંદર જાય અને સ્થિર થાય છે. એટલે પુણ્ય-પાપ ઉત્પન્ન થતા નથી એને અહીંયાં બાળનારો

* નિરુપધિ = છેતરપિંડી વિનાના; સાચા; વાસ્તવિક.

અગ્નિ કહેવામાં આવે છે. આહાહા..! કર્તવ્ય તો આ છે. કરવાનું હોય તો આ (છે). બાકી મનુષ્યના ભવને અફળ કરવો હોય તો આ છે. અફળ એટલે ભવ ન કરવો હોય તો. અનાદિથી સફળ ભવ કરે છે. આહાહા..!

'પ્રવચનસાર'માં આવે છે ને? કે સંસાર મળે છે એ સફળ છે. અનાદિથી જે મળે છે એ સફળ છે. અને ધર્મ છે તે અફળ છે. આવે છે ને? આહાહા..! અનાદિથી જ્ઞાનસ્વરૂપથી વિરુદ્ધ ભાવ એનું ફળ સફળ છે. ચાર ગતિ સફળ છે. આહાહા..! અને જ્ઞાનસ્વરૂપી વસ્તુ છે તેને ભવ નથી તે જ્ઞાનસ્વરૂપ અફળ છે. એને હવે ભવભ્રમણનું ફળ નથી. આહાહા..!

એવો જે જ્ઞાનસ્વભાવ પાપ-પુણ્યરૂપી વન, એને બાળનારો અગ્નિ છે. આહાહા..! એક એક શબ્દે બાર અંગનો સાર છે. કરવાનું આ છે અને આ કર્યે એના ભવનો અભાવ થાય એવો છે. બાકી કોઈ એનો ઉપાય નથી. આહાહા..! કેમકે એક દ્રવ્ય તો બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી. સાચવી શકતું નથી, તોડી શકતું નથી, રાખી શકતું નથી, ભાંગી શકતું નથી, સંભાળી શકતું નથી. આહાહા..! એક આત્મતત્ત્વ બીજા કોઈ તત્ત્વને સંભાળી શકતું, તોડી શકતું નથી. આહાહા..! એ કરે તો અજ્ઞાનભાવ કરે, નહિતર જ્ઞાનભાવ એનો સ્વભાવ છે. ઓલો તો અજ્ઞાન તો નવો ઉત્પન્ન કરવાનો છે. પુણ્ય અને પાપ મારા એ તો અજ્ઞાનભાવ છે. પણ પુણ્ય-પાપને બાળનારો અગ્નિ, એ જ્ઞાનસ્વરૂપી સિદ્ધ, જ્ઞાનસ્વરૂપી સિદ્ધ, અસ્તિત્વ જેની હયાતી જ્ઞાનસ્વભાવી છે. એ જ્ઞાનસ્વભાવ પુણ્ય-પાપરૂપી વનને બાળવાની અગ્નિ છે. આહાહા..! વન લીધું વન. પુણ્ય-પાપનું વન. આહાહા..!

અનંતકાળથી પુણ્ય અને પાપના અનેક પ્રકાર સેવતો આવે છે. એમાં પરિભ્રમણ કરતો આવે છે. એથી એને વન કીધું. પુણ્ય-પાપનું વન, એને બાળનારો પ્રભુ આત્મા જ્ઞાન છે. એ જ્ઞાનસ્વભાવ સ્વતઃસિદ્ધ છે. કોઈથી નિષ્પન્ન, કોઈથી પ્રાપ્ત, કોઈથી બન્યો, કોઈથી રચાયેલો છે નહિ. આહાહા..! આવો જે ભગવાન જ્ઞાનસ્વભાવ, પુણ્ય-પાપનું જે વન વિસ્તાર, અનંતકાળમાં, ચાર ગતિમાં ચોર્યાશીનું મોટું વન પડ્યું છે. એને બાળનારો એ અગ્નિ છે. આહાહા..! એક વાત.

**'મહામોહાંધકારનાશક અતિપ્રબળ તેજમય છે,...'** વળી કેવો છે? મહામોહઅંધકાર. રાગને પોતાનો માનતો એવો જે મિથ્યાત્વભાવ–મિથ્યાત્વ. રાગનો કણ પણ પોતાનો છે એવો જે મિથ્યાત્વ મહામોહાંધકાર (છે). કારણ કે રાગ પોતે જ અંધકાર છે. મિથ્યાત્વ પણ અંધકાર છે. રાગ મારો અને રાગ હું એ મિથ્યાત્વરૂપી અંધકાર છે. એવો મહામોહઅંધકાર, એમ લીધું છે ને? એવા અંધકારનો નાશક... આહાહા..! એ મિથ્યાત્વનો નાશક **'અતિપ્રબળ તેજમય છે,...'** આહાહા..! અતિ જોરદાર તેજમય છે. અંતરસ્વરૂપ ભગવાન મહામોહરૂપી અંધકારને પ્રકાશમય ચીજથી તેને બાળવાને તેજમય છે. તેજબળ છે, તેજમય છે. આહાહા..! **'અતિપ્રબળ તેજમય છે,...'** જ્ઞાનસ્વરૂપી ભગવાન, એની વિરુદ્ધ જે માન્યતારૂપ હું પરનું કાંઈક કરું, પરથી

કાંઈક લઉં અને પરને કાંઈક મદદ કરું એવો જે મહામોહાંધકાર મિથ્યાત્વ, તેને એ જ્ઞાનસ્વભાવ તેજમય છે. એને નાશ કરવા માટે તેજમય છે. આહાહા..! થોડામાં ઘણું સમાડ્યું છે.

**'વિમુક્તિનું મૂળ છે...'** વિશેષે મુક્તિ એટલે પૂર્ણાનંદની પ્રાપ્તિ, મુક્તિ એટલે પરમ આનંદની પર્યાયમાં પ્રાપ્તિ. એનું એ મૂળ છે. જ્ઞાન તે જ જ્ઞાનસ્વરૂપ, ત્રિકાળી જ્ઞાનસ્વભાવ એ વિમુક્તિ, વિશેષ–મુક્તિનું એ મૂળ છે. આહાહા..! એને આશ્રયે મુક્તિ થાય છે. કોઈ દયા, દાન અને વ્રતના પરિણામથી મુક્તિ થતી નથી. આહાહા..! આકરું લાગે, લોકોને એકાંત લાગે. જોકે હવે તો લોકો વિચારમાં ચડી ગયા છે. નહિતર એકાંત આ તે શું? આહાહા..!

ચૈતન્યપુંજ પ્રભુ! જ્ઞાનનું અસ્તિત્વ–સત્તા એ અનાદિનો જે મહામોહાંધકાર, રાગ અને પુણ્ય અને પરને પોતાના માનવાનો જે મિથ્યાત્વભાવ, એવો જે અંધકાર, તેને નાશ કરવાને... આહાહા..! અતિપ્રબળ તેજમય છે. અતિ જોરદાર તેજમય છે. ચૈતન્યના તેજ, અતિપ્રબળ તેજમય છે. આહાહા..! કરવાનું શું? આ. આહાહા..! અતિપ્રબળ મહાતેજ જે મિથ્યાત્વ મહાઅંધકાર. એને નાશ કરવાને આ સમર્થ છે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કે સ્વાધ્યાય કે વાંચન કે વિકલ્પ એ કોઈ નાશ કરવાને સમર્થ નથી. આહાહા..!

**'વિમુક્તિનું મૂળ છે...'** વિશેષે મુક્તિ એટલે સમ્યગ્દર્શનમાં તો મુક્ત સ્વરૂપ છે એમ જણાય પણ વિશેષ મુક્તિ એટલે પૂર્ણ મુક્તિ. આહાહા..! પૂર્ણ શુદ્ધ આનંદ એવી વિમુક્તિ, તેનું એ જ્ઞાનસ્વરૂપ તેજમય–જોરદાર મૂળ છે. વિમુક્તિનું તો એ મૂળ છે. આહાહા..! કેમકે એ મુક્તસ્વરૂપ છે, નિરાવરણ છે. કલુષિત અને કલંકનો જેમાં અભાવ છે. એવો જે જ્ઞાનસ્વભાવ એ વિમુક્તિનું મૂળ છે. પૂર્ણ મુક્તિનું એ મૂળ છે. પહેલા સાધારણ વાત કરી કે મોહાંધકાર મિથ્યાત્વનો નાશ, પુણ્ય-પાપને બાળનારો અગ્નિ, એ પહેલી વાત કરી. પછી વિશેષ લઈ ગયા કે એ તો **'વિમુક્તિનું મૂળ છે...'** આહાહા..! આટલેથી એટલું નહિ પણ પૂર્ણ મુક્તિ થાય... આહાહા..! એનું એ મૂળ છે.

**'નિરુપધિ = છેતરપિંડી વિનાના; સાચા; વાસ્તવિક મહા આનંદસુખનું દાયક છે.'** આહાહા..! દુનિયામાં કલ્પના, છેતરપિંડી માનીને સુખ માને છે. આમાં સુખ છે, વિષયમાં સુખ છે, પૈસામાં સુખ છે. આહાહા..! છોકરો વારસો રાખશે એમાં સુખ છે. એ મહામોહાંધકાર (છે). આહાહા..! એનો નાશ કરીને **'નિરુપાધિ મહા આનંદસુખનું દાયક છે.'** મહા આનંદ, મહા આનંદ એવું જે સુખ, ભગવાન ચૈતન્યસ્વરૂપ, તેનો દાતાર છે. આહાહા..! એક શ્લોકે તો કેટલું કહ્યું! 'સમાધિશતક'. આ સમાધિ છે. આહાહા..! સમાધિ... સમાધિ... સમાધિ... શાંતિ... શાંતિ... શાંતિ... આહા..! મહા ઉપાધિ વિનાનું, મહા આનંદસુખનો દાતાર છે. કોણ? જ્ઞાનસ્વરૂપ સત્તા. જે જ્ઞાનસ્વરૂપ સત્તા છે તે આ સુખની ઉત્પન્ન કરનારી છે.

**'ભવભવનો ધ્વંસ કરવામાં...'** આહાહા..! **'ભવભવનો ધ્વંસ કરવામાં નિપુણ એવા આ જ્ઞાનને...'** આહાહા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન **'ભવભવનો ધ્વંસ કરવામાં નિપુણ એવા આ**

**જ્ઞાનને...**' આ જ્ઞાનને એમ લીધું છે ને? એટલે પ્રત્યક્ષ. આહાહા..! આ જ્ઞાન પ્રત્યક્ષ છે. તેને '**હું નિત્ય પૂજું છું.**' મારો આદર ત્રિકાળી ભગવાનઆત્મા ઉપર છે. એને હું પૂજું છું. એનો મને આદર છે. બાકી એ સિવાય કોઈ ચીજનો આદર મારે નથી. આહાહા..! આ ધર્મીનું લક્ષણ. કોઈનું કાંઈ એક રજકણને પણ કરી શકે નહિ અને પોતે પૂર્ણ પોતાનું કરી શકે. આહાહા..! પોતે પૂર્ણ સ્વરૂપ ભરેલો તેજ બળ છે. એ મહા મોહઅંધકારનો પણ નાશ કરવાને સમર્થ છે. પરનું એક રજકણ ફેરવવાને સમર્થ નથી. આહાહા..! આંખની પાંપણ ફેરવવાને પણ ભગવાન સમર્થ નથી. પણ પોતાનો મહાઅંધકાર જે અનાદિનો મોહઅંધકાર... આહાહા..! એને જો અંતર દૃષ્ટિ કરે તો નાશ થાય એવી એનામાં તાકાત છે. આહાહા..!

'**ભવભવનો ધ્વંસ કરવામાં નિપુણ...**' આહાહા..! ભવભવનો નાશ કરવામાં આત્મા નિપુણ છે. એમાં એ ડાહ્યો છે. જગતનું ડહાપણ અહીં કામ કરતું નથી. ભવભવનો... આહાહા..! '**ધ્વંસ કરવામાં નિપુણ...**' છે. એનું નામ નિપુણતા છે. ભવભવનો ધ્વંસ કરવામાં ભગવાન જ્ઞાનસત્તા, ત્રિકાળી સ્વભાવ એકરૂપ ધ્રુવ રહેનારું, એ ભવ ભવનો નાશ કરનાર નિપુણ એવા આ જ્ઞાનને... આ બધા વિશેષણ આપ્યા. એવા આ આત્માને. આ એટલે આ પ્રત્યક્ષ જે આત્મા ભગવાન પ્રસિદ્ધ છે, પ્રત્યક્ષ છે, વ્યક્ત છે. આહાહા..! એ જ ચીજ છે. એ પ્રત્યક્ષ છે. એને '**હું નિત્ય પૂજું છું.**' છે? નિત્ય તેને પૂજું છે. હંમેશા સમયે સમયે મારું વલણ જ ત્યાં છે. આહાહા..! પરમાનંદની મૂર્તિ પ્રભુ, એકલો જ્ઞાનજ્યોતિ તેજ તેના ઉપર મારું વલણ–ઝોંક છે. એ નિત્ય પૂજન છે. આહાહા..! એક શ્લોક (પૂરો) થયો.

## શ્લોક–૨૧૭

(**शिखरिणी**)

**अयं जीवो जीवत्यघकुलवशात् संसृतिवधू-**
**धवत्वं संप्राप्य स्मरजनितसौख्याकुलमतिः।**
**क्वचिद् भव्यत्वेन व्रजति तरसा निर्वृतिसुखं**
**तदेकं संत्यक्त्वा पुनरपि स सिद्धो न चलति।।२१७।।**

**[શ્લોકાર્થ :–] આ જીવ અઘસમૂહના વશે સંસૃતિવધૂનું પતિપણું પામીને (અર્થાત્ શુભાશુભ કર્મોના વશે સંસારરૂપી સ્ત્રીનો પતિ બનીને) કામજનિત સુખ માટે આકુળ મતિવાળો થઈને જીવે છે. ક્યારેક ભવ્યત્વ વડે શીઘ્ર મુક્તિસુખને પામે છે, ત્યારે પછી ફરીને તેને એકને**

**છોડીને તે સિદ્ધ ચલિત થતો નથી (અર્થાત્ એક મુક્તિસુખ જ એવું અનન્ય, અનુપમ અને પરિપૂર્ણ છે કે તેને પામીને તેમાં આત્મા સદાકાળ તૃપ્ત તૃપ્ત રહે છે, તેમાંથી કદીયે ચ્યુત થઈને અન્ય સુખ મેળવવા માટે આકુળ થતો નથી). ૨૧૭**

## શ્લોક–૨૧૭ ઉપર પ્રવચન

૨૧૯–શ્લોક.

**अयं जीवो जीवत्यघकुलवशात् संसृतिवधू-**
**धवत्वं संप्राप्य स्मरजनितसौख्याकुलमतिः।**
**क्वचिद् भव्यत्वेन व्रजति तरसा निर्वृतिसुखं**
**तदेकं संत्यक्त्वा पुनरपि स सिद्धो न चलति।।२१७।।**

આહાહા..! આવી વાત સાંભળવા મળે નહિ. આ કરો.. આ કરો.. એમાં કાંઈ આત્માને જરીએ લાભ ન મળે. કોઈની આલોચના નહિ. એ પ્રભુ છે. ઊલટી દશા કરશે તો એને દુઃખ થશે. જેવું સ્વરૂપ છે એથી બીજી રીતે માનશે તો એ જીવને દુઃખ થશે. કોઈ જીવને દુઃખ થાય એ ઇચ્છવા લાયક છે? આહાહા..! બધા જીવો સુખી થાવ. આત્મામાં જઈને આઠ કર્મનો નાશ કરો અને પ્રભુ થાવ. આહાહા..! બધા આત્માઓ ભગવાન થાવ. આહાહા..! એ પોતાનું જોર બતાવે છે. હું ભગવાન થવાનો છું, તો પછી તમે આત્મા છો ને? હું આત્મા છું તો ભગવાન થવાનો છું. તો તમે પણ આત્મા છો ને, પ્રભુ! તમે આઠ કર્મનો નાશ કરીને ભગવાન થાવ. કોઈ વેર ને વિરુદ્ધ ને વેરી જગતમાં છે નહિ. બધા પરમાત્મા છે. આહાહા..! મત મતાંતરને લઈને બધા ભેદ પડી ગયા પણ વસ્તુ તો અંદર ભગવાન પરિપૂર્ણ છે. એમાં કોઈ મત મતાંતર લાગુ પડતો નથી. આહાહા..!

વસ્તુસ્વરૂપ જે છે એમાં કોઈ ઓછું, અધિક, વિપરીત કરી શકતું નથી. કલ્પનામાં, પર્યાયની કલ્પનામાં આવું કરે, પણ આ તેજનું બળ એવું છે કહે છે... આહાહા..! ભવ ભવના નાશ કરનારું. મહામોહ એમ કહેતા મિથ્યાત્વ કહે છે. આહાહા..! જે મિથ્યાત્વનું જોર અનાદિથી છે... આહાહા..! એનો પણ નાશ કરવાને સમર્થ છે. એમ નહિ કે અનાદિનું છે માટે... તેથી શબ્દ આવેલો ને? મહામોહ.. જીવોને... આહાહા..! અહીં આ બાજુ. **'મહામોહાંધકારનાશક અતિપ્રબળ તેજમય છે,...'** અનાદિથી ભલે એનું બળ ચાલ્યું. આહાહા..! પોતે કહેશે. છેલ્લા શ્લોકમાં કહે છે ને? એકમાં ક્યાંક કહે છે. કર્મે હેરાન કર્યો છે. આહાહા..! છેલ્લો શ્લોક છે. અરે..રે..! હું આવો આત્મા! કર્મે માર્યો ગયો છું. માર્યો ગયો છું એટલે મેં મારું લક્ષ પર ઉપર કરીને મારી ચીજને મેં જોઈ નહિ, માની નહિ, જાણી નહિ, મહાત્મ્ય આવ્યા નહિ. છેલ્લો શ્લોક છે ને ક્યાંક?

મુમુક્ષુ :– પાનું ૨૪૬.

ઉત્તર :– એ આવી ગયું છે? ૨૪૬? એ આવી ગયું છે. અહો! ૨૪૬ પાનું. **'અહો! મારા હૃદયમાં સ્ફુરાયમાન આ નિજ આત્મગુણસંપદાને...'** મારા હૃદયમાં બિરાજમાન આ નિજ ગુણસંપદા **'—કે જે સમાધિનો વિષય છે...'** આહાહા..! પછી સમાધિ લેવી છે ને? એટલે એનો ઉપોદ્‌ઘાત કરે છે. જે આનંદનો વિષય છે. શાંતિ... શાંતિ... શાંતિનો વિષય (છે). એ વિકારનો, ભવનો વિષય આત્મા નથી. આહાહા..! **'તેને—મેં પૂર્વે એક ક્ષણ પણ જાણી નહિ.'** આહાહા..! એ સમાધિનો વિષય તેને **'મેં પૂર્વે એક ક્ષણ પણ જાણી નહિ. ખરેખર, ત્રણલોકના વૈભવના પ્રલયના હેતુભૂત...'** આહાહા..! જ્ઞાન કર્યું. ત્રણલોકના વૈભવના પ્રલય એટલે નાશના **'હેતુભૂત દુષ્કર્મોની પ્રભુત્વગુણશક્તિથી...'** આહાહા..! અહીં મહામોહાંધકાર કીધો છે ને? આહાહા..!

**'અરેરે! હું સંસારમાં માર્યો ગયો છું.'** આહાહા..! મારી ચીજને મેં જોયા વિના, મારી ચીજની સંભાળ કર્યા વિના અરેરે! કર્મને લઈને મારા લક્ષમાં એમાં હું માર્યો ગયો છું. આહાહા..! કર્મને લક્ષમાં લીધા, ભગવાનને લક્ષમાંથી છોડી દીધો. આહાહા..! તેથી હું માર્યો ગયો છું. આહાહા..! અને એનો અર્થ એ કે હું હવે મરવાનો નથી. હવે એવું તેજબળ મારા ચૈતન્યમાં આવ્યું છે એ અંધકારનો નાશ કરીને હું હવે જાગ્યો છું. આહાહા..! એ પ્રાયશ્ચિત્ત અધિકાર છે ને?

૨૧૭. **શ્લોકાર્થ :-** **'આ જીવ અઘસમૂહના વશે...'** પાપ અને પુણ્યના સમૂહને વશે. આહાહા..! ભગવાન અનંત ચમત્કારી ચીજ, જે એક કાળ, એક સમય અને ત્રણકાળ જાણે, એની સત્તામાં અનંતગુણની અનંતી પર્યાય. એમાં એક જ પર્યાય આવું જાણે. એવો ચમત્કારી પ્રભુ... આહાહા..! **'અઘસમૂહના વશે...'** પાપ અને પુણ્યના સમૂહને વશે. એને તાબે થયેલો, આવો હોવા છતાં. આહાહા..! અહીં કર્મના વશે કીધું નથી. અઘસમૂહના વશે. પોતાના પુણ્ય અને પાપના વિકારી ભાવના વશે **'સંસૃતિવધૂનું પતિપણું પામીને...'** સંસારરૂપી દશા એનું પતિપણું પામીને. એનો ધણી થયો. આહાહા..! વિકારી દશા. ત્રણલોકનો નાથ ભગવાન જેમાં વિકારની ગંધ નથી. એને ભૂલીને અરે..રે..! હું વિકૃતિ અવસ્થાનો ધણી થયો. વિકૃતિ અવસ્થાનો પતિ થયો. આહાહા..!

**'પામીને (અર્થાત્ શુભાશુભ કર્મોના વશે સંસારરૂપી સ્ત્રીનો પતિ બનીને)...'** આહાહા..! શુભ અને અશુભ જે ભાવ, તેના ધણીપત્તે તેને વશ થઈને ભગવાન શુભાશુભભાવ રહિત પ્રભુ આનંદનો નાથ (છે) એને ભૂલીને **'કામજનિત સુખ માટે આકુળ મતિવાળો થઈને...'** આહાહા..! પાંચેય ઇન્દ્રિયના વિષયોમાં કામજનિત. કામથી-ઇચ્છાથી ઉત્પન્ન થતા એવા **'સુખ માટે આકુળ મતિવાળો થઈને...'** આહાહા..! જે નિરાકુળ પ્રભુ, એ આકુળતામાં આકુળતાજનિત થઈને. કામજનિતમાં આકુળ થઈને... આહાહા..! **'જીવે છે.'**

**'કામજનિત સુખ માટે આકુળ મતિવાળો થઈને જીવે છે.'** આહાહા..! અનાદિ સંસારમાં આ રીતે જીવે છે. આહાહા..! પોતે નિષ્કામ ચીજ છે એને છોડીને પરપદાર્થની ઇચ્છા જે કામભોગ આદિ, પાંચેય ઇન્દ્રિયના વિષયની કામના, એને વશે સ્ત્રીનો પતિ બનીને, એ વિકારની દશાનો પતિ બનીને. આહાહા..! **'સંસારરૂપી સ્ત્રીનો પતિ બનીને...'** આહાહા..! એમ બનીને જીવે છે, કહે છે. આહાહા..! ધુતારાવેડામાં જીવે છે. પોતે ભગવાન અંદર છે એની સામું જોતો નથી. આહાહા..! વખત મળતો નથી. હમણા નહિ પછી વાત, પછી વાત. આહાહા..! દેહને છૂટવાનો કાળ ક્ષણમાં આવીને ઊભો રહે. પછીમાં પછી રહી જશે. પછીમાં તો પછી રહી જશે. આહાહા..!

**'આકુળ મતિવાળો થઈને જીવે છે.'** આહાહા..! અજ્ઞાનીનું જીવન અનાદિનું કેવું છે? કે કામજનિત આકુળતાવાળી મતિથી જીવે છે. બહારની કોઈપણ ઇચ્છા આ... આ... આ... સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસો, લક્ષ્મી, આબરૂ એની કામનાથી જીવે છે, એનો પતિ-ધણી થઈને જીવે છે. એ બધા મારા છે. આહાહા..! જે એના સપનામાં પણ એના નથી. આહાહા..! બહારમાં તો નથી પણ એના સપનામાં પણ નથી. એને પોતાના માની.. આહાહા..! **'કામજનિત સુખ માટે આકુળ મતિવાળો થઈને...'** આહાહા..! આમ કરું, આનાથી મળશે, આનાથી મળશે. બહારથી સુખ (મળશે)... આહાહા..! એ રીતે અનાદિથી જીવે છે.

**'ક્યારેક ભવ્યત્વ વડે શીઘ્ર મુક્તિસુખને પામે છે,...'** એનો એ પોતાના આત્માના સ્વભાવની સંભાળ કરી, ભવ્યત્વના લાયકાતની, પોતાના સ્વભાવની યોગ્યતાની કિંમત કરી અને એ ભવ્યતાને પામી... આહાહા..! **'શીઘ્ર મુક્તિસુખને...'** ત્યાં લીધું શીઘ્ર મુક્તિસુખને. ઓલામાં તો એનો પતિ થઈને રહેતો હતો. ક્યારે? કે ભવ્યત્વ વડે પોતાની યોગ્યતા અને લાયકાત વડે, આનંદ અને જ્ઞાનની જેની લાયકાત છે. આહાહા..! એની પ્રભુતાની લાયકાતને લીધે શીઘ્ર–અલ્પકાળમાં **'મુક્તિસુખને પામે છે,...'** કાં એ જ ભવે કાં બીજે ભવે પણ મુક્તિ પામે છે. એવી તાકાતવાળો છે. આહાહા..! બહારની કામજનિત આકુળતાના સુખને પામીને એનો ધણી થાય છે. પણ કહે છે કે એકવાર આ જો તો ભવ્યત્વપણાને પામીને તને શીઘ્ર–અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે. અલ્પકાળમાં. કેવળજ્ઞાનસ્વરૂપ છે, કેવળજ્ઞાનસ્વરૂપ છે. કેવળજ્ઞાન સ્વરૂપ છે જ. એ શીઘ્ર ભવ્યતાને લઈને પામી શકીશ. આહાહા..!

**'ત્યારે પછી ફરીને...'** મુક્ત થયો એટલે હવે **'ફરીને તેને એકને છોડીને...'** આહાહા..! મુક્તિના સુખને એકને છોડીને, આનંદના સુખને–આત્માના સુખને એકને છોડીને **'તે સિદ્ધ ચલિત થતો નથી...'** એ સિદ્ધ ત્યાંથી ખસતા નથી. એને ફરીને અવતાર ધારણ કરવો પડતો નથી. આહાહા..! કેટલાક કહે છે ને કે સિદ્ધ થાય છે પણ પછી પાછા આવે. અહીં જીવ ઘટી જાય, જીવ ઘટી જાય પછી પાછા આવે છે. સિદ્ધમાંથી પાછા આવે છે. આહાહા..! એ એક. ભાષા જોઈ! **'એકને છોડીને...'** એક સ્વરૂપ ભગવાન ચિદાનંદ. **'એકને છોડીને**

**તે સિદ્ધ ચલિત થતો નથી...'** સિદ્ધ ભગવાન ચલિત થતા નથી, અવતાર ધારણ કરતા નથી. આહાહા..!

**'(અર્થાત્ એક મુક્તિસુખ જ એવું અનન્ય,...)'** મુક્તિસુખનું અનન્ય. અનેરું નહિ એવું **'અનુપમ...'** ઊપમા નહિ એવું **'અને પરિપૂર્ણ છે...'** આહાહા..! મુક્તિનું સુખ કેવું છે? અનન્ય છે. અનેરું અનેરું નથી. અનન્ય છે. તેનું તે એકરૂપે રહેનારું છે. આહા..! અનુપમ–જેની ઉપમા નથી. અને જે પરિપૂર્ણ છે. આહાહા..! **'કે તેને પામીને...'** આવું જે પરિપૂર્ણ છે **'કે તેને પામીને તેમાં આત્મા સદાકાળ તૃપ્ત તૃપ્ત રહે છે,...'** આહાહા..! બધામાંથી નીકળીને એક આત્મામાં જ સદાકાળ, સાદિઅનંત તૃપ્ત તૃપ્ત રહે છે. આહાહા..! **'તેમાંથી કદીયે ચ્યુત થઈને અન્ય સુખ મેળવવા માટે આકુળ થતો નથી.'** આહાહા..! સિદ્ધના સુખને પ્રાપ્ત થઈ પછી કોઈ બીજાના સુખને કારણે દુનિયામાં વેર રાખશો તો વધી જાય તો જન્મ લેવો પડે એવું સિદ્ધને નથી. આહાહા..!

**'કદીયે ચ્યુત થઈને અન્ય સુખ મેળવવા માટે આકુળ થતો નથી.'** આહાહા..! અનાકુળ આનંદના સુખને પામી, એ તો શીઘ્ર પામી પાછો, એને કાળ લાંબો નથી. સંસાર છે એ તો અનાદિશાંત છે. અને મોક્ષ છે એ તો એક ક્ષણમાં મળે છે. પછી સાદિઅનંત રહે છે. ગયા કાળ કરતાં અનંતગુણો રહે છે. અને તે પણ શીઘ્ર પામીને... આહાહા..! પોતાની જાતને જાણતાં, પોતાની જાતને ઓળખતાં શીઘ્ર પૂર્ણ સુખને પામે છે. આહાહા..! એ સુખ ક્યાંયથી લેવા જવાનું નથી. બીજે ક્યાંય સુખ છે પણ નહિ. આત્મા સિવાય ક્યાંય સુખ માનવું એ મિથ્યા ભ્રમણા છે. આહાહા..!

મૃગની નાભિમાં કસ્તુરી, એની ગંધ બહારમાં ગોતવા જાય. એ ક્યાં મળે? એમ આ અંદરમાં સુખ, આનંદ (છે) એ બહારમાં સ્ત્રીમાં, પુરુષમાં, પૈસામાં, આબરૂમાં, કીર્તિમાં ગોતવા જાય. આહાહા..! ક્યાંય છે નહિ. બધે દુઃખ છે. એ એકરૂપ સુખ તે સુખ છે. એકરૂપ સુખ ફીટીને બીજી આકુળતા જરીએ થતી નથી. આહાહા..! થોડામાં પણ ઘણું સમાવ્યું છે.

## ગાથા–૧૩૧-૧૩૨

जो दु हस्सं रई सोगं अरतिं वज्जेदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१३१।।

जो दुगंछा भयं वेदं सव्वं वज्जेदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१३२।।

यस्तु हास्यं रतिं शोकं अरतिं वर्जयति नित्यशः।
तस्य सामायिकं स्थायि इति केवलिशासने।।१३१।।
यः जुगुप्सां भयं वेदं सर्वं वर्जयति नित्यशः।
तस्य सामायिकं स्थायि इति केवलिशासने।।१३२।।

नवनोकषायविजयेन समासादितसामायिकचारित्रस्वरूपाख्यानमेतत्।

मोहनीयकर्मसमुपजनितस्त्रीपुंनपुंसकवेदहास्यरत्यरतिशोकभयजुगुप्साभिधाननवनोकषाय-कलितकलंकपंकात्मकसमस्तविकारजालकं परमसमाधिबलेन यस्तु निश्चयरत्नत्रयात्मकपरमतपोधनः संत्यजति, तस्य खलु केवलिभट्टारकशासनसिद्धपरमसामायिकाभिधानव्रतं शाश्वतरूपमनेन सूत्रद्वयेन कथितं भवतीति।

---

જે નિત્ય વર્જે હાસ્યને, રતિ અરતિ તેમ જ શોકને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૧.

જે નિત્ય વર્જે ભય જુગુપ્સા, વર્જતો સૌ વેદને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૨.

અન્વયાર્થ :– [ यः तु ] જે [ हास्यं ] હાસ્ય, [ रतिं ] રતિ, [ शोकं ] શોક અને [ अरति ] અરતિને [ नित्यशः ] નિત્ય [ वर्जयति ] વર્જે છે, [ तस्य ] તેને [ सामायिकं ] સામાયિક [ स्थायी ] સ્થાયી છે [ इति केवलिशासने ] એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

[ यः ] જે [ जुगुप्सां ] જુગુપ્સા, [ भयं ] ભય અને [ सर्वं वेदं ] સર્વ વેદને [ नित्यशः ] નિત્ય [ वर्जयति ] વર્જે છે, [ तस्य ] તેને [ सामायिकं ] સામાયિક [ स्थायी ] સ્થાયી છે [ इति केवलिशासने ] એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

ટીકા :– આ, નવ નોકષાયના વિજય વડે પ્રાપ્ત થતા સામાયિકચારિત્રના સ્વરૂપનું કથન છે.

મોહનીયકર્મજનિત સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને જુગુપ્સા નામના નવ નોકષાયથી થતા કલંકપંકસ્વરૂપ (મળ-કાદવસ્વરૂપ) સમસ્ત વિકારસમૂહને પરમ સમાધિના બળથી જે નિશ્ચયરત્નત્રયાત્મક પરમ તપોધન તજે છે, તેને ખરેખર કેવળીભટ્ટારકના શાસનથી સિદ્ધ થયેલું પરમ સામાયિક નામનું વ્રત શાશ્વતરૂપ છે એમ આ બે સૂત્રોથી કહ્યું છે.

## ગાથા–૧૩૧-૧૩૨ ઉપર પ્રવચન

ગાથા.

जो दु हस्सं रई सोगं अरतिं वज्जेदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१३१।।

जो दुगंछा भयं वेदं सववं वज्जेदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१३२।।

આહાહા..! કેવળી શાસનમાં હોય છે બીજે હોતું નથી એમ કહે છે. આહાહા..!

**જે નિત્ય વર્જે હાસ્યને, રતિ અરતિ તેમ જ શોકને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૧.**

**જે નિત્ય વર્જે ભય જુગુપ્સા, વર્જતો સૌ વેદને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૨.**

આહાહા..! 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે કે હું કહું છું એમ પણ નહિ. આહાહા..! કેવળીના શાસનમાં કેવળી ભગવાને આમ કહ્યું છે. આહાહા..! કેવળીના શાસનમાં સામાયિક આમ કહી છે. અમે કહીએ છીએ એમ નહિ, ભગવાને કીધું છે. ભગવાનના માર્ગમાં આ માર્ગ છે. આહાહા..! એવી સામાયિક કેવળીશાસનમાં હોય છે. એવી સામાયિક બીજે હોતી નથી. આહાહા..!

**'ટીકા :– આ, નવ નોકષાયના વિજય વડે...'** નવ છે ને? હાસ્ય, રતિ, અરતિ આદિ. એ નવ નોકષાય છે. એ **'નવ નોકષાયના વિજય વડે પ્રાપ્ત થતા...'** એનો વિજય કરીને પ્રાપ્ત થતાં **'સામાયિકચારિત્રના સ્વરૂપનું કથન છે.'** એ હાસ્યને, રતિને, અરતિને, દુગંછાને, ભયને, વેદને જીતીને આત્માના સુખનો વિજય મેળવ્યો છે. **'નોકષાયના વિજય વડે...'** આહાહા..! એવી એનામાં તાકાત છે. નોકષાય તો ઉત્પન્ન થયેલી પર્યાયમાં ક્ષણિક વિકૃત સંસાર છે અને વસ્તુ સ્વરૂપ તો ત્રિકાળ વિજયસ્વરૂપ છે. આહાહા..! પર ઉપર વિજય મેળવે એવો પ્રત્યક્ષ સ્વભાવ છે. એના વિરુદ્ધથી એને કોઈ જીતી શકે એવો એ નથી. આહાહા..! એવો જે ભગવાનઆત્મા... **'સામાયિકચારિત્રના સ્વરૂપનું કથન છે.'**

**'નોકષાયના વિજય વડે પ્રાપ્ત થતા...'** આહાહા..! વિષયની વાસના, રતિ, અરતિ, હાસ્ય– દાંત કાઢવા, ખુશી થવું, એ બધાને છોડીને સામાયિકની પ્રાપ્તિ થાય ત્યાં નવ નોકષાયનો વિજય મેળવાય છે. આહાહા..! હાસ્ય પણ પરિગ્રહ છે ને? પાપ છે ને? આહાહા..! દુનિયાની ચીજને દેખી, દુનિયાની ચીજને દેખીને હરખ કરવો એ પાપ છે. આહાહા..! હાસ્ય કરવું,

રતિ કરવી, અરતિ કરવી, પ્રતિકૂળતામાં દિલગીરી કરવી, અનુકૂળતામાં રતિ–ખુશી થવું. આહાહા..! વિષયની વાસના. સ્ત્રી કે પુરુષ કે નપુંસકની. ત્રણે વાસના દુઃખરૂપ છે. આહાહા..! એના ઉપર વિજય મેળવી પ્રાપ્ત થતું સામાયિક, એને જીતીને પ્રાપ્ત થતું સામાયિક. આહાહા..!

અહીં તો સામાયિકનું રૂપ એવું કરી કાઢ્યું. લુંગડું પાથરીને ગમે તે કરી નાખે. થઈ ગઈ સામાયિક, લ્યો. બે ઘડી ગઈ. આહાહા..! અહીં કહે છે કે એક સમયની સામાયિક ભવના અંતને લાવે. સમતાનો આય–લાભ. સમતાસ્વરૂપ ભગવાન, વીતરાગસ્વરૂપ એનો લાભ થતાં, એની સન્મુખ થઈને પર્યાયમાં શાંતિ આવતા, તેનું નામ સામાયિક છે. એ ભવના અંતનું કારણ છે. આહાહા..! આ બહારની સમજ્યા વિનાની ક્રિયાકાંડ કરે એ સંસાર છે. એ સંસારનો પતિ છે. આહાહા..! એનો એ ધણી થાય છે. આહાહા..! ધણીયાણી ચીજ છે તેનો ધણી થતો નથી અને જેનો ધણી નથી, ક્ષણિક વિકૃત ઉત્પન્ન થાય એનો ધણી થઈને રખડે છે. આહાહા..! એને જીતી... આહાહા..! **'સામાયિકચારિત્રના સ્વરૂપનું કથન છે.'**

**'મોહનીયકર્મજનિત સ્ત્રીવેદ,...'** મોહનીયકર્મથી ઉત્પન્ન થયેલ સ્ત્રીનો વેદ **'પુરુષવેદ,...'** આહાહા..! **'નપુસંકવેદ,...'** પાવૈયા, હીજડા. એને જે અંદર વિકારની લાગણી થાય છે. આહાહા..! **'હાસ્ય,...'** નવિનતા દેખીને હાસ્ય થાય છે. જગતમાં કાંઈ નવિનતા છે નહિ. જે છે તે પ્રમાણે વ્યવસ્થિત દ્રવ્ય-ગુણ ને પર્યાયથી બધા દ્રવ્યો બિરાજે છે. જે દ્રવ્યો છે એ પોતપોતાની પર્યાય સહિત બિરાજે છે. નવિન કાંઈ છે નહિ. પણ નવિન દેખીને હાસ્ય કરે છે એ પાપ છે. આહાહા..! **'રતિ,...'** અનુકૂળ દેખીને ખુશી થવું. ખુશાલીમાં આવી જવું. અનુકૂળ દેખી અને ખુશાલીમાં ખુશ થવું એ પાપ છે.

**'અરતિ,...'** પ્રતિકૂળ દેખી દુઃખમાં નાખુશી થવું, પ્રતિકૂળતામાં અણગમો થવો... આહાહા..! એ અરતિ છે, એ બધા વિકાર છે. આહાહા..! **'શોક,...'** નાના બાળક આદિ મરી ગયું હોય, દીકરો મરી જાય એનો શોક થવો. **'ભય,...'** પોતાની નબળાઈ દેખીને બીજાની ચીજની મોટપ દેખીને ભય થવો. આહાહા..! કોનો ભય? **'અને જુગુપ્સા...'** દુગંછા. કોઈપણ ચીજ દેખીને દુગંછા. સડેલી ચીજ, વિષ્ટા, સડેલા ભૂંડ મરી ગયેલા, મરી ગયેલા મીંદડા, મરી ગયેલા ઉંદર એને દેખીને દુગંછા કરવી એ પાપ છે. આહાહા..! આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે તે જાણે છે. પરને જાણે છે તે હજી વ્યવહાર છે. એને ઠેકાણે જાણવા ઉપરાંત દુગંછા અને રતિ, અરતિ ઉત્પન્ન કરવી એ ઝેર છે. આહાહા..! એ દુઃખ છે.

મુમુક્ષુ :– પાપભાવમાં ગ્લાનિ આવે તો?

ઉત્તર :– ગ્લાનિ આવે એ રાગ છે. એટલો વિકલ્પ છે ને? પાપ ઉપર લક્ષ જ છે એ દુઃખ છે. લક્ષ ફેરવી નાખીને આમ ભગવાન ઉપર લક્ષ કરવું, કોઈ ચીજ ઉપર દુગંછા નહિ, રતિ નહિ, અરતિ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– અંદરમાં જાય તો જ એને થાય.

ઉત્તર :– એ અંતરમાં ઉતરે ત્યારે આ... અહીં તો પર્યાયબુદ્ધિ છોડી. ટૂંકી ભાષા તો એ છે. પર્યાયબુદ્ધિ છોડી દ્રવ્યબુદ્ધિમાં જાય ત્યારે ટાળી શકે. ટૂંકું આ છે. વિસ્તાર કરે તો પછી ઘણો બધો વિસ્તાર થાય. પણ બધાનો ટૂંકમાં સાર આ છે. આહાહા..! પર્યાયની વર્તમાનની બુદ્ધિ બહારમાં જાય છે. આહાહા..! એથી ઠીક અને અઠીક એવી કલ્પના ઉઠાવે છે. જ્ઞેયો છે એમાં બે ભાગ નથી. જ્ઞેયમાં આ અરિહંતજ્ઞેય ઠીક છે, વેરી ઠીક નથી, એવું જ્ઞેયમાં નથી. છે જ્ઞેયમાં? આહાહા..! એકકોર ભગવાન જ્ઞાન છે અને એકકોર જ્ઞેય છે. જાણવાનું જાણવાનું છે. જાણવામાં બે ભાગ પાડે કે આ ઠીક છે અને અઠીક (છે), એ મિથ્યાત્વ છે. આહાહા..! આવો માર્ગ, લ્યો!

મુમુક્ષુ :– સાંભળીને નક્કી તો કરે.

ઉત્તર :– હા. નક્કી તો કરે. વિચાર કરે. પહેલા સાંભળે, નિર્ણય કરે, વિચાર કરે કે આ પ્રમાણે જ કરવા જેવું છે. એને વીર્યમાં એટલો બંદોબસ્ત કરી દે કે કરવા જેવું આ જ છે અને ... વીર્યમાં, જ્ઞાનમાં, ધ્યાનમાં એમ લેવાય કે આ ચીજ કરવા જેવી છે અને આ ચીજ કરવા જેવી નથી. એવું ધ્યાન ઉપર તો લે, જ્ઞાન ઉપર તો લે એમ કહે છે. આહાહા..! પછી એ દશાને ફેરવે. પર ઉપરથી દિશા ફેરવીને સ્વ ઉપર લાવ. આહાહા..! આવી વાત છે. બહારની કોઈ ક્રિયા–પ્રવૃત્તિથી એ બને એવું નથી. કારણ કે બહારની ક્રિયા-પ્રવૃત્તિ એનામાં છે જ નહિ. શરીર, વાણી, મન બેસી જાય માટે ત્યાં સ્થિર થાય એવું છે નહિ. એ તો બધી પરચીજ છે. શરીર ને વાણી આમ બેસી જાય માટે ત્યાં સ્થિરતા થાય એમ નથી. આહાહા..! જે પર ચીજ છે એને અડતો નથી. એના અસ્તિત્વમાં, એના અંશમાં, પર્યાયમાં પણ નથી. દ્રવ્ય-ગુણમાં તો નથી પણ એની વિકૃત અવસ્થા ભલે હો, વિકૃત અવસ્થામાં કાંઈ પર ચીજની હયાતી નથી. વિકૃત અવસ્થા હો. આહાહા..! પરદ્રવ્યનું અસ્તિત્વ તેની વિકૃત અવસ્થામાં પણ નથી. આહાહા..! એટલે એ વિકૃત અવસ્થાને છોડી જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મામાં જા. ત્યાં તને શાંતિ મળશે, ત્યાં તને આનંદ મળશે. કેમકે એ આનંદનો સાગર છે. એ જ્ઞાનનો મોટો દરિયો છે. આહાહા..! એ અનંતગુણના પ્રભુથી ભરેલો, અનંતગુણના પ્રભુત્વથી ભરેલો પ્રભુ છે. આહાહા..! એના એક એક ગુણમાં અનંતી પ્રભુતા ભરેલી છે. એની સામું જોતાં આ પામર પ્રાણી, આ વિકારી (ભાવ) તો ક્યાંય ચાલ્યા જાય, કહે છે. એવું એનામાં જોર છે. માને એને.

મુમુક્ષુ :– ...સ્વીકાર કરે એની વાત છે.

ઉત્તર :– સ્વીકાર ન કરે તો એને છે નહિ. કારણપરમાત્મા તો ભગવાન છે પણ એ કારણપરમાત્માનો સ્વીકાર કરે એને છે. સ્વીકાર કરે છે રાગને અને કારણપરમાત્મા છે એમ કહે એ વાત તદ્દન જૂઠી છે. આહાહા..! ત્રિકાળી ભગવાન જ્ઞાનસ્વરૂપી કારણપ્રભુ, એનો સ્વીકાર કરનાર વળી રાગનો પણ સ્વીકાર કરે કે રાગ મારો અને હું આ, એમ

હોઈ શકે નહિ. આહાહા..!

અહીં તો કહે છે, **'એક મુક્તિસુખ જ એવું અનન્ય, અનુપમ અને પરિપૂર્ણ છે કે તેને પામીને તેમાં...'** આહા..! એ આવી ગયું ને? એ નહીં, અહીં છે. **'મોહનીયકર્મજનિત સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને જુગુપ્સા નામના નવ નોકષાયથી થતાં કલંકપંકસ્વરૂપ...'** છે. આહાહા..! એ નવ કષાય છે એ કલંકપંકસ્વરૂપ છે. સ્વરૂપમાં છે નહિ. એ તો કાદવ છે. આહાહા..! પંક કીધો ને? કલંક ને પંક. એ કલંક કાદવરૂપ સ્વરૂપ છે. આહાહા..! ભગવાન અમૃતનો સાગર અંદર છે. **'(મળ-કાદવસ્વરૂપ)...'** છે. આહાહા..! નવ કષાય છે એ મળ કાદવસ્વરૂપ છે.

**'સમસ્ત વિકારસમૂહને પરમ સમાધિના બળથી...'** આહાહા..! સમસ્ત વિકારના ઢગલા-સમૂહને **'પરમ સમાધિના બળથી...'** આહા..! આમ તો પડિક્કમણા, સામાયિક, લોગસ્સ કરે એમાં બોલે, **'समाहिवरमुत्तमं दिंतु'** પણ સમાધિ કોને કહેવી? વર કોને કહેવું અને દિંતુ કોને કહેવું? આહાહા..! એમ તો ભગવાન આચાર્ય પણ કહે છે, કે હે ભગવાન! મને બોધિ દ્યો. પણ એ તો સમજીને માગે છે. છે એને માગે છે. છે એને પરિપૂર્ણ માગે છે. 'કુંદકુંદાચાર્ય' 'અષ્ટપાહુડ'માં કહે છે. સમાધિ દ્યો. પ્રભુ! આપ દેવ છો ને. તો અમને સમાધિ દ્યો. એ સમજીને કહે છે. સમજણ થઈ છે, અનુભવ થયો છે. હવે પૂરું પામવા માટે પ્રાર્થના છે. આહાહા..! એથી માગે છે એટલે કોઈ પાસેથી મળે છે (એમ નથી). 'કુંદકુંદાચાર્ય' જેવા માગે છે. એકકોર કહે કોઈ પાસેથી મળે નહિ. એકકોર પોતે કહે, હે ભગવાન! તમે દેવ છો. દેવ છો માટે દદાપિ તે દેવ, આપ મને કાંઈક આપો. અમને સુખ આપો, કાંઈક મુક્તિ આપો. આહાહા..! આ 'લોગસ્સ'માં પણ એમ આવ્યું ને? **'समाहिवरमुत्तमं दिंतु'** આહાહા..! કોણ દે? ભાઈ! કોનામાં તું છો? કોનામાં તું છો તે એનાથી તને પ્રાપ્તિ થાય? જેનામાં જે તારું સ્વરૂપ છે એનાથી પ્રાપ્તિ થાય છે. પરમાં તું નથી કે તેથી પરથી પ્રાપ્તિ થાય. આહાહા..!

પુણ્ય અને પાપના ભાવ પણ પર છે. એમાં આત્મા નથી. તે પરમાંથી આત્મા ક્યાંથી પ્રાપ્ત થાય? આહાહા..! એ તો વિરોધ છે. આહાહા..! એને પુણ્યથી કરતા કરતા થાશે. વ્યવહારરત્નત્રય લોકોને ગળે વળગ્યું છે. અને આગળ અહીં કહે છે, વ્યવહારરત્નત્રય કથનમાત્ર અનંતવાર કર્યું છે. એ પહેલા આવી ગયું છે. વ્યવહાર કથનમાત્ર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ અનંતવાર કર્યું છે. છતાં ત્યાંથી મરીને કોઈ ક્ષેત્ર બાકી નથી રાખ્યું કે જ્યાં પાછો જન્મ્યો અને મર્યો ન હોય. આહાહા..! એવી સ્થિતિ પામીને પણ સમજ્યો નહોતો. તેથી અનંત ભવ.. દરેક ક્ષેત્રમાં એક કણ ઉપર પણ અનંતા ભવ અને જન્મ-મરણ કર્યા છે. આહાહા..! કોઈ કણ બાકી-ખાલી નથી. આવા લાંબા વિચારને કોણ કરે? નવરાશ ન મળે. આહાહા..! રખડવાના ભાવમાં હોશું ને હરખ. આહાહા..!

અહીં કહે છે, એવો જે **'કલંકપંકસ્વરૂપ (મળ-કાદવસ્વરૂપ) સમસ્ત વિકારસમૂહને પરમ સમાધિના બળથી...'** આહાહા..! પરમસમાધિ શાંતિ... શાંતિ... શાંતિ.. **'જે નિશ્ચયરત્નત્રયાત્મક પરમ તપોધન...'** એ લીધું. નિશ્ચયરત્નત્રયસ્વરૂપ મુનિ, જેણે નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય સમ્યક્ચારિત્ર એવા નિશ્ચયરત્નત્રયાત્મક, નિશ્ચરત્નત્રયસ્વરૂપ **'પરમ તપોધન તજે છે,...'** આહાહા..! એ હાસ્ય આદિને તજે છે અને સ્વરૂપમાં ઠરે છે. આહાહા..! **'તેને ખરેખર કેવળીભટ્ટારકના શાસનથી સિદ્ધ થયેલું...'** આહાહા..! ભટ્ટારક ઓલા છે એ નહિ, હોં! **'કેવળી ભટ્ટારકના શાસનથી સિદ્ધ થયેલું પરમ સામાયિક નામનું વ્રત શાશ્વતરૂપ છે...'** આહાહા..! છે તો પર્યાય પણ શાશ્વતરૂપ છે. **'એમ આ બે સૂત્રોથી કહ્યું છે.'** લ્યો!

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

'[હવે આ ૧૩૧-૧૩૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'

## શ્લોક–૨૧૮

(शिखरिणी)

त्याजाम्येत्सर्वं ननु नवकषायात्मकमहं
मुदा संसारस्त्रीजनितसुखदुःखावलिकरम् ।
महामोहान्धानां सततसुलभं दुर्लभतरं
समाधौ निष्ठानामनवरतमानन्दमनसाम् ।।२१८।।

**[શ્લોકાર્થ :–] સંસારસ્ત્રીજનિત *સુખદુઃખાવલિનું કરનારું નવ કષાયાત્મક આ બધું (–નવ નોકષાયસ્વરૂપ સર્વ વિકાર) હું ખરેખર પ્રમોદથી તજું છું—કે જે નવ નોકષાયાત્મક વિકાર મહામોહાન્ધ જીવોને નિરંતર સુલભ છે અને નિરંતર આનંદિત મનવાળા સમાધિનિષ્ઠ (સમાધિમાં લીન) જીવોને અતિ દુર્લભ છે. ૨૧૮.**

---

*** સુખદુઃખાવલિ = સુખદુઃખની આવલિ; સુખદુઃખની પંક્તિ–હારમાળા. (નવ નોકષાયાત્મક વિકાર સંસારરૂપી સ્ત્રીથી ઉત્પન્ન સુખદુઃખની હારમાળાનો કરનાર છે.)**

## ગાથા–૧૩૩

जो दु धम्मं च सुक्कं च झाणं झाएदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१३३।।

यस्तु धर्मं च शुक्लं च ध्यानं ध्यायति नित्यशः।
तस्य सामायिकं स्थायि इति केवलिशासने।।१३३।।

परमसमाध्यधिकारोपसंहारोपन्यासोऽयम्।

यस्तु सकलविमलकेवलज्ञानदर्शनलोलुपः परमजिनयोगीश्वरः स्वात्माश्रयनिश्चयधर्मध्यानेन निखिलविकल्पजालनिर्मुक्तनिश्चयशुक्लध्यानेन च अनवरतमखंडाद्वैतसहजचिद्विलासलक्षणमक्षयानन्दाम्भोधिमज्जंतं सकलबाह्यक्रियापराङ्मुखं शश्वदंतःक्रियाधिकरणं स्वात्मनिष्ठनिर्विकल्पपरमसमाधिसंपत्तिकारणाभ्यां ताभ्यां धर्मशुक्लध्यानाभ्यां सदाशिवात्मकमात्मानं ध्यायति हि तस्य खलु जिनेश्वरशासननिष्पन्नं नित्यं शुद्धं त्रिगुप्तिगुप्तपरमसमाधिलक्षणं शाश्वतं सामायिकव्रतं भवतीति।

---

જે નિત્ય ધ્યાવે ધર્મ તેમ જ શુક્લ ઉત્તમ ધ્યાનને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૩.

અન્વયાર્થ :– [ यः तु ] જે [ धर्मं च ] ધર્મધ્યાન [ शुक्लं च ध्यानं ] અને શુક્લધ્યાનને [ नित्यशः ] નિત્ય [ ध्यायति ] ધ્યાવે છે, [ तस्य ] તેને [ सामायिकं ] સામાયિક [ स्थायी ] સ્થાયી છે [ इति केवलिशासने ] એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

ટીકા :– આ, પરમસમાધિ અધિકારના ઉપસંહારનું કથન છે.

જે સકળ-વિમળ કેવળજ્ઞાનદર્શનનો લોલુપ (સર્વથા નિર્મળ કેવળજ્ઞાન અને કેવળદર્શનની તીવ્ર અભિલાષાવાળો–ભાવનાવાળો) પરમ જિનયોગીશ્વર સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન વડે અને સમસ્ત વિકલ્પજાળ રહિત નિશ્ચય-શુક્લધ્યાન વડે–સ્વાત્મનિષ્ઠ (નિજ આત્મામાં લીન એવી) નિર્વિકલ્પ પરમ સમાધિરૂપ સંપત્તિના કારણભૂત એવાં તે ધર્મ-શુક્લ ધ્યાનો વડે, અખંડ-અદ્વૈત-સહજ-ચિદ્વિલાસલક્ષણ (અર્થાત્ અખંડ અદ્વૈત સ્વાભાવિક ચૈતન્યવિલાસ જેનું લક્ષણ છે એવા), અક્ષય આનંદસાગરમાં મગ્ન થતા (ડૂબતા), સકળ બાહ્યક્રિયાથી પરાઙ્મુખ, શાશ્વતપણે (સદા) અંતઃક્રિયાના અધિકરણભૂત, સદાશિવસ્વરૂપ આત્માને નિરંતર ધ્યાવે છે, તેને ખરેખર જિનેશ્વરના શાસનથી નિષ્પન્ન થયેલું, નિત્યશુદ્ધ, ત્રિગુપ્તિ વડે ગુપ્ત એવી પરમ સમાધિ જેનું લક્ષણ છે એવું, શાશ્વત સામાયિકવ્રત છે.

## પ્રવચન નં. ૧૫૧, શ્લોક--૨૧૮-૨૧૯, ગાથા-૧૩૩-૧૩૪, બુધવાર, જ્યેષ્ઠ વદ ૧૪, તા.૧૧-૦૬-૧૯૮૦

**'જે સકળ-વિમળ કેવળજ્ઞાનદર્શનનો લોલુપ (અર્થાત્ નિર્મળ કેવળજ્ઞાન અને કેવળદર્શનની તીવ્ર અભિલાષાવાળો–ભાવનાવાળો) પરમ જિનયોગીશ્વર...'** સાચા દિગંબર જિનમુનિ એને કહીએ કે જેને અંતરમાં અતીન્દ્રિય આનંદની સમાધિ પ્રગટ થઈ. અતીન્દ્રિય આનંદની પ્રગટ દશા થઈ હોય તેને મુનિ કહે છે. એકલા પંચમહાવ્રત પાળે એને મુનિ નથી કહેતા. આહાહા..! એ **'પરમ જિન યોગીશ્વર સ્વાત્માશ્રિત...'** જેટલા વિકલ્પ ઉત્પન્ન થાય છે એ બધા પરાશ્રિત છે. અને આ ધર્મધ્યાન, શુક્લધ્યાન, સમાધિ, નિશ્ચયભક્તિ એ સ્વદ્રવ્ય આશ્રિત છે. સ્વદ્રવ્યાશ્રિત ઉત્પન્ન થાય છે અને વિકલ્પ ઉત્પન્ન થાય એ પરદ્રવ્યાશ્રિત છે. આહાહા..!

**'સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન...'** લ્યો! ધર્મધ્યાનને પણ સ્વ આત્માને આશ્રિત કહ્યું. ક્યાંક ધર્મધ્યાનને શુભભાવ પણ કહ્યો છે. મોક્ષ અધિકારમાં. એ ધર્મધ્યાન નહિ. એ તો વ્યવહારથી વાત કરી. આમાં સ્વાત્માશ્રિત એકલો ચિદાનંદ અનંત આનંદકંદ પ્રભુ, એના આશ્રયે, એના અવલંબનથી... આહાહા..! **'પરમ જિનયોગીશ્વર સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન વડે...'** વ્યવહારના વિકલ્પ દ્વારા ધર્મધ્યાન નહિ. ... ણમો અરિહંતાણ ગણે, પાંચ પરમેષ્ઠી ગણે એ કોઈ ધર્મ નથી. એ તો બધો વિકાર છે, રાગ છે. આહાહા..! **'નિશ્ચય-ધર્મધ્યાન વડે અને સમસ્ત વિકલ્પજાળ રહિત...'** બિલકુલ જેમાં રાગની વૃત્તિ નથી એવા **'નિશ્ચય-શુક્લધ્યાન વડે–સ્વાત્મનિષ્ઠ (નિજ આત્મામાં લીન એવી)...'** આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, અતીન્દ્રિય શાંતસ્વરૂપ, એની દૃષ્ટિ કરી એમાં લીન થવું એનું નામ અહીં સમાધિ કહે છે. આહાહા..! ઓલા બાવા સમાધિ કરે એ સમાધિ અહીં નથી.

**'નિર્વિકલ્પ પરમ સમાધિરૂપ...'** નિર્વિકલ્પ પરમ સમાધિ. જેમાં રાગનો અંશ નથી અને વીતરાગ દશા ઉત્પન્ન થાય. નિર્વિકલ્પ દશા એટલે વીતરાગદશા ઉત્પન્ન થાય એવી **'સંપત્તિના કારણભૂત...'** પરમ નિર્વિકલ્પ સમાધિરૂપ સંપત્તિ. એ સંપત્તિ આત્માની. આહાહા..! આ પૈસા, બાયડી-છોકરા, એ બધી ધૂળની સંપત્તિ છે. એ આત્માની સંપત્તિ નથી. આહાહા..! આ પૈસા પાંચ-પચાસ કરોડ, અબજ (મળે) એ બધી ધૂળ છે. ધૂળ આત્માની સંપદા ક્યાંથી? આત્માની સંપદા તો આ છે.

**'નિર્વિકલ્પ પરમ સમાધિરૂપ સંપત્તિના કારણભૂત....'** આહાહા..! **'એવાં તે ધર્મ-શુક્લ ધ્યાનો વડે,...'** ધર્મ-શુક્લ (ધ્યાન) દ્વારા... આહાહા..! સાધન આ કહ્યું, સાધન-બાધન કાંઈ કહ્યા નહિ. તેનું સાધન, વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય એમ છે નહિ. સીધો આત્મા આનંદકંદ પ્રભુ નિશ્ચય ધર્મધ્યાન અને શુક્લધ્યાન દ્વારા **'અખંડ-અદ્વૈત...'** અંતરમાં વસ્તુમાં અખંડતા ગુણ અને ગુણીના ભેદનો ખંડ નહિ અને અદ્વૈત એકરૂપ. એ એકરૂપ અંદર

સહજાત્મસ્વરૂપ **'સહજ-ચિદ્વિલાસલક્ષણ...'** આહાહા..! ભાષા ઓછી પડે છે. સહજ-ચિદ્વિલાસ આત્મા. જ્ઞાનનો વિલાસ જેમાં (છે). દુનિયા અજ્ઞાનમાં, રાગ અને દ્વેષમાં વિલાસ કરે છે. ધર્મી જ્ઞાનનો વિલાસ કરે છે. આહાહા..!

સહજ ચિદ્વિલાસ. જ્ઞાનનો વિલાસ એવું લક્ષણ **'(અર્થાત્ અખંડ અદ્વૈત સ્વાભાવિક ચૈતન્યવિલાસ જેનું લક્ષણ છે એવા), અક્ષય આનંદસાગરમાં મગ્ન થતાં (ડૂબતાં),...'** આહાહા..! એવો જે ભગવાનઆત્મા **'અક્ષય આનંદસાગર...'** ભગવાન અક્ષય અતીન્દ્રિય આનંદ સાગર ભર્યો છે. એમાં **'મગ્ન થતાં...'** એમાં ડૂબતાં. **'સકળ બાહ્યક્રિયાથી પરાઙ્મુખ,...'** આહાહા..! બાહ્યક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા બધી બાહ્યક્રિયા છે. એ કોઈ ધર્મ નથી. એ બધી પુણ્યની ક્રિયા છે, એ ધર્મ નથી. આહાહા..! **'સકળ બાહ્યક્રિયાથી પરાઙ્મુખ,...'** મન-વચન-કાયા કે પાંચ ઇન્દ્રિયોની પ્રવૃત્તિની સકળ બાહ્યક્રિયાઓ, એ બાહ્યક્રિયાથી પરાઙ્મુખ છે. ધર્મ-ધ્યાન એ પાંચ ઇન્દ્રિય અને મન-વચન-કાયાની ક્રિયાથી પરાઙ્મુખ છે.

**'શાશ્વતપણે...'** આહાહા..! **'(સદા) અંતઃક્રિયાના અધિકરણભૂત,...'** આહાહા..! નિર્વિકલ્પ શાંતિ, નિર્વિકલ્પ આનંદ, નિર્વિકલ્પ સમકિત એનો આધાર, અંતઃક્રિયાનો આધાર ભગવાનઆત્મા છે. આહાહા..! અંતઃક્રિયાનો આધાર કોઈ બાહ્ય ચીજ નથી. ભગવાન પણ અંતઃક્રિયાનો આધાર નથી. આહાહા..! **'સકળ બાહ્યક્રિયાથી પરાઙ્મુખ, શાશ્વતપણે (સદા) અંતઃક્રિયાના અધિકરણભૂત,...'** આહાહા..! નિર્વિકલ્પ વિકાર રહિત ક્રિયાનો આધાર ભગવાનઆત્મા છે. એ ધર્મની ક્રિયાનો આધાર આત્મા છે. ધર્મ વીતરાગી પરિણતિ છે. વીતરાગી પરિણતિનો અંતઃક્રિયાનો આધાર આત્મા છે. આહાહા..!

**'શાશ્વતપણે (સદા) અંતઃક્રિયાના અધિકરણભૂત, સદાશિવસ્વરૂપ આત્માને...'** એ અંતઃક્રિયાનો આધાર... આહાહા..! અંતર નિર્મળ આત્મસ્વભાવને અવલંબીને નિર્વિકલ્પ શાંતિ, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ વીતરાગતા એવી જે **'શાશ્વતપણે (સદા) અંતઃક્રિયાના અધિકરણભૂત, સદાશિવસ્વરૂપ આત્મા...'** આહાહા..! સદાશિવસ્વરૂપ. ત્રિકાળી ભગવાન તો શિવસ્વરૂપ છે. એમાં રાગ નથી, સંસાર નથી, પુણ્ય-પાપ નથી. પ્રભુ તો અંદર સદાશિવસ્વરૂપ છે. નિશ્ચયથી સમ્યગ્દર્શનનો વિષય સદાશિવરૂપ છે. આહાહા..! એ **'સદાશિવસ્વરૂપ આત્મા...'** એને ધર્મી **'ધ્યાવે છે,...'** **'નિરંતર ધ્યાવે છે,...'** આહાહા..! હવે આવી વાત સાંભળી ન હોય. બાહ્યક્રિયામાં ધર્મ માનીને બેઠા. પૂજા, ભક્તિ, વ્રત, તપ, જાત્રામાં ધર્મ છે. એ રાગક્રિયા છે, સંસાર છે. સંસારક્રિયાનો આધાર એ છે. અંતઃક્રિયાનો આધાર તો સદાશિવસ્વરૂપ આત્મા છે. આહાહા..! તેને **'નિરંતર ધ્યાવે છે,...'** એને નિરંતર ધ્યાનમાં ધ્યાવે છે. આહાહા..! ઝીણી વાત છે.

**'તેને ખરેખર જિનેશ્વરના શાસનથી નિષ્પન્ન થયેલું,...'** એવા જીવને **'જિનેશ્વરના શાસનથી નિષ્પન્ન થયેલું, નિત્યશુદ્ધ, ત્રિગુપ્તિ વડે ગુપ્ત...'** નિત્યશુદ્ધ... આહાહા..! ત્રિકાળી ભગવાન

તો શુદ્ધ છે. અને ત્રિગુપ્તિ ગુપ્ત. મન-વચન-કાયાની ગુપ્તિથી ગુપ્ત છે. આહાહા..! '**ગુપ્ત એવી પરમ સમાધિ જેનું લક્ષણ છે એવું, શાશ્વત સામાયિકવ્રત છે.**' એને સામાયિક કહેવામાં આવે છે. આહાહા..! અહીં તો સવારમાં એક લઈને બેઠા. બસ, સામાયિક થઈ ગઈ. આહાહા..!

'**નિત્યશુદ્ધ, ત્રિગુપ્તિ વડે ગુપ્ત એવી પરમ સમાધિ...**' શાંતિ, વીતરાગતા, અકષાયતા, શાંતરસના ઝરણા, આનંદના ઝરણા... આહાહા..! એ સમાધિ છે. એ '**જેનું લક્ષણ છે એવું, શાશ્વત સામાયિકવ્રત છે.**' એને સાચી સામાયિક છે. આહાહા..! શાશ્વત સામાયિક છે તો પર્યાય. કાયમ રહેનારી છે. આહાહા..! શાશ્વત એવો ભગવાન શાશ્વત આત્મા, એના અવલંબને, એના આશ્રયે શાંતિ અને વીતરાગતા ઉત્પન્ન થઈ એને સામાયિક કહે છે. બાકી બધી સામાયિક થોથા છે. આહાહા..!

મુમુક્ષુ :– પથરણું પાથરીને બેસે અને સામાયિકનો પાઠ બોલે એ સામાયિક.

ઉત્તર :– પથરણું પાથરીને બેસે ણમો અરિહંતાણ કહે, ઇરિયા વહરોવીયા. સામાયિક થઈ ગઈ. ધૂળેય સામાયિક નથી.

મુમુક્ષુ :– પહેલું પથરણું પાથરવું.

ઉત્તર :– પથરણું પાથરવામાં સામાયિક નથી. પથરણું અહીં અંદર પાથરે. આત્મા આનંદસ્વરૂપનો પથારો વિસ્તાર કરી, એમાં લીન થઈને બેસે, એમાં બેસે, એમાં લીન થાય, તેને જૈનશાસનમાં સામાયિક કહેવામાં આવે છે. એ સિવાય અન્યમતિ જૈનમાં ભળેલા પણ બીજાને સામાયિક કહે એ જૈન નથી. એ તો બધા અન્યમતિ છે. આહાહા..! એમ આવ્યું કે નહિ? કે જૈનશાસનથી નિષ્પન્ન થયેલું. આવા જિનશાસનથી ઉત્પન્ન થયેલું.

'**નિત્યશુદ્ધ, ત્રિગુપ્તિ વડે ગુપ્ત...**' મન-વચન-કાયાથી ગુપ્ત એવો ભગવાન અંદર આત્મા, એમાં લીન થયો. '**પરમ સમાધિ જેનું લક્ષણ...**' કોનું? એ સામાયિક વ્રતનું. સામાયિક વ્રતનું લક્ષણ આ. સાચી સામાયિક વ્રત. શાશ્વત એટલે સાચી. સાચી સામાયિક વ્રતનું એ લક્ષણ કે પરમસમાધિ જેનું લક્ષણ (છે). આહાહા..! આવી સામાયિક કોઈ દિ' સાંભળી પણ ન હોય. અને થઈ ગઈ સામાયિક, પોષા અને પડિક્કમણા. આહાહા..!

'[હવે આ પરમ-સમાધિ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :]'

## શ્લોક–૨૧૯

(मंदाक्रांता)

शुक्लध्याने परिणतमतिः शुद्धरत्नत्रयात्मा
धर्मध्यानेप्यनघपरमानन्ततत्त्वाश्रितेऽस्मिन्।
प्राप्नोत्युच्चैरपगतमहदुःखजालं विशालं
भेदाभावात् किमपि भविनां वाङ्मनोमार्गदूरम्।।२१९।।

[શ્લોકાર્થ :–] આ અનઘ (નિર્દોષ) પરમાનંદમય તત્ત્વને આશ્રિત ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં જેની બુદ્ધિ પરિણમી છે એવો શુદ્ધરત્નત્રયાત્મક જીવ એવા કોઈ વિશાળ તત્ત્વને અત્યંત પામે છે કે જેમાંથી (–જે તત્ત્વમાંથી) મહા દુઃખસમૂહ નષ્ટ થયો છે અને જે (તત્ત્વ) ભેદોના અભાવને લીધે જીવોને વચન અને મનના માર્ગથી દૂર છે. ૨૧૯.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીતશ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) પરમ-સમાધિ અધિકાર નામનો નવમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

## શ્લોક–૨૧૯ ઉપર પ્રવચન

છેલ્લો શ્લોક.

शुक्लध्याने परिणतमतिः शुद्धरत्नत्रयात्मा
धर्मध्यानेप्यनघपरमानन्ततत्त्वाश्रितेऽस्मिन्।
प्राप्नोत्युच्चैरपगतमहदुःखजालं विशालं
भेदाभावात् किमपि भविनां वाङ्मनोमार्गदूरम्।।२१९।।

આહાહા..! આ 'કુંદકુંદાચાર્ય'નું કહેલું છે. આ શ્લોકો 'કુંદકુંદાચાર્ય'ના છે. એની ટીકા

પછી 'પદ્મપ્રભમલધારિદેવે' કરી. આને સામાયિક કહીએ. અંતરમાં પરમ શાંતિ અને સમાધિ ઉત્પન્ન થાય, વિકલ્પ ઉત્પન્ન ન થાય, રાગની ઉત્પત્તિ ન થાય તેને સામાયિક કહેવામાં આવે છે. બાકી તો વ્યવહાર સંસાર છે. આહાહા..! આ શ્લોકનો અર્થ.

**શ્લોકાર્થ :- 'આ અનઘ (નિર્દોષ) પરમાનંદમય તત્ત્વને આશ્રિત...'** આહાહા..! કહે છે કે ધર્મધ્યાન અને શુક્લધ્યાન ઉત્પન્ન કોને આશ્રયે ઉત્પન્ન થાય છે? કોના આશ્રયે ઉત્પન્ન થાય છે? ધર્મ કોના આશ્રયે ઉત્પન્ન થાય છે? કે પરમાનંદમય તત્ત્વ. આહાહા..! નિર્દોષ પરમાનંદમય તત્ત્વ ભગવાન ત્રિકાળી. આહાહા..! નિર્દોષ પરમાનંદમય તત્ત્વ આત્મા.. આહાહા..! એને આશ્રિત ધર્મધ્યાન. એને આશ્રિત ધર્મધ્યાન... આહાહા..!

**'શુક્લધ્યાનમાં જેની બુદ્ધિ પરિણમી છે...'** સ્વઆત્માના આશ્રયે–ત્રિકાળી અતીન્દ્રિય આનંદમય પ્રભુ, એના આશ્રયે જેની બુદ્ધિ ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં પરિણમી છે **'એવો શુદ્ધરત્નત્રયાત્મક જીવ...'** આહાહા..! ભાષા ટૂંકી પડે છે એટલા ... આહાહા..! **'એવો શુદ્ધરત્નત્રયાત્મક જીવ...'** આહાહા..! કેવા? કે **'પરમાનંદમય તત્ત્વને આશ્રિત...'** પરમાનંદમય આત્મતત્ત્વને આશ્રિત **'ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં જેની બુદ્ધિ પરિણમી છે...'** આહાહા..! **'એવો શુદ્ધરત્નત્રયાત્મક જીવ...'** એવો શુદ્ધરત્નત્રયાત્મક જીવ. રત્નત્રય ત્રણેય–દર્શન-જ્ઞાન-ચારિત્ર.

**'એવા કોઈ વિશાળ તત્ત્વને...'** એવા કોઈ વિશાળ તત્ત્વને **'અત્યંત પામે છે...'** અંદર આત્મા. આત્મા વિશાળ તત્ત્વ છે. અનંતજ્ઞાન છે, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતગુણ. અનંતા અનંતા ગુણનો ગંજ છે. એવું વિશાળ તત્ત્વ. આહાહા..! જે સ્વને આશ્રયે રહે છે એ એવા કોઈ વિશાળ તત્ત્વને પ્રાપ્ત કરે છે. આહાહા..! કોઈ ક્રિયાકાંડ કરવાથી, દયા, દાન, વ્રત કરવાથી આ સામાયિક અને ધર્મ થાય એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– પંચમકાળમાં થાય કે નહિ?

ઉત્તર :– કાળ જ અહીં લાગુ પડતો નથી. ત્રિકાળમાં ભગવાન ત્રિકાળ સ્વરૂપ છે. ત્રિકાળ નિર્મળાનંદ પરમાનંદ... એ વાત કરી ને?

**'(નિર્દોષ) પરમાનંદમય તત્ત્વને આશ્રિત...'** ત્રિકાળી. આહાહા..! **'ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં જેની બુદ્ધિ પરિણમી છે...'** આહાહા..! **'એવો શુદ્ધરત્નત્રયાત્મક જીવ...'** એ શુદ્ધરત્નત્રયસ્વરૂપ જીવ **'એવા કોઈ વિશાળ તત્ત્વને...'** એવા કોઈ એટલે આત્મા. **'વિશાળ તત્ત્વને અત્યંત પામે છે...'** આહાહા..! એ વિશાળ તત્ત્વ અનંત અનંતગુણથી ભરેલો ભગવાન, અનંત અનંતગુણથી ભરેલો ભગવાન છે એને સમકિતી પ્રાપ્ત કરે છે. આહાહા..! **'વિશાળ તત્ત્વને અત્યંત પામે છે...'** આહાહા..! **'કે જેમાંથી (–જે તત્ત્વમાંથી) મહા દુઃખસમૂહ નષ્ટ થયો છે...'** એ ભગવાનઆત્માના તત્ત્વના આશ્રયે પડ્યો છે. અંદર સામાયિકમાં એને તો મહાદુઃખસમૂહ નષ્ટ થયો છે. મહાદુઃખનો સમૂહ નાશ થયો છે. આહાહા..!

**'અને જે (તત્ત્વ) ભેદોના અભાવને લીધે જીવોને વચન અને મનના માર્ગથી દૂર છે.'** શું કહે છે? એ ભગવાન તત્ત્વ અંદર એવું છે (કે) મન-વચનથી દૂર (છે). કેમકે ભેદનો અભાવ છે. આખું અભેદતત્ત્વ છે. પૂર્ણાનંદ પૂર્ણજ્ઞાનથી અભેદ છે. એવા અભેદ તત્ત્વમાં... આહાહા..! **'ભેદોના અભાવને લીધે જીવોને...'** ભવ્યોને, લાયકજીવને **'વચન અને મનના માર્ગથી દૂર છે.'** મન અને વચનના માર્ગથી ભવ્યજીવને સામાયિક દૂર છે. આહાહા..! આવું કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય અને અમે સામાયિક કરીએ છીએ. આવી સામાયિક. આણે સામાયિક કરી, આણે આટલી કરી, આણે આટલી કરી. આહાહા..!

એક સામાયિક કોને કહેવી? જે પરમાનંદમૂર્તિ પ્રભુ તત્ત્વવિલાસીનો આશ્રય કરીને જેમાં લીન થાય અને જેમાં વિકારનો વિકલ્પ ઉત્પન્ન ન થાય, એ દશાને અહીંયાં સામાયિક કહેવામાં આવે છે. આહાહા..! આ વ્યવહાર સામાયિક કરે એ શું હશે? પરાશ્રિત પણ એનું કાંઈક કારણ હશે ને? એનાથી અંદર મળે કે નહિ? કરતાં કરતાં જાજું કરે તો થોડું મળે ને? ઝાઝા ઝેર ખાય તો કાંઈ અમૃત મળે? આહાહા..! વ્યવહાર સામાયિક તો ઝેર છે, રાગ છે. આહાહા..! રાગથી અમૃત આત્મા મળે (એમ) ત્રણકાળમાં મળે નહિ.

**'આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ...'** મુનિને તો દેહમાત્ર જ હોય. મુનિને વસ્ત્ર-પાત્ર હોય નહિ. વસ્ત્ર-પાત્ર હોય એ મુનિ નહિ. આહાહા..! એ .. હતા ને એ કોઈ મુનિએ લખ્યું છે. મુનિ કોને કહેવા? ...કોઈકે લખ્યું છે એનો મોટો વિરોધ કર્યો છે. મુનિ ક્યાં છે? મુનિ તો વસ્ત્ર-પાત્ર રહિત જંગલમાં રહે અને અંતર ધ્યાનમાં, આનંદમાં રહે અને નગ્નદશા હોય, અંતર ધ્યાનમાં, આનંદમાં રહે એનું નામ મુનિ છે. આહા..! મુનિને વસ્ત્રનો કટકો પણ હોય નહિ, વહોરવા માટે પાત્રનો કટકો હોય નહિ. આહાહા..! એને મુનિ કહેવાય છે. કોઈ લખી નાખે મુનિ એટલે ટીકા કરે પછી. આહાહા..!

**'દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...'** જોયું? **'એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) પરમ-સમાધિ અધિકાર નામનો નવમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.'** લ્યો! નવમો અધિકાર પૂરો થયો.

# – ૧૦ –
# પરમ-ભક્તિ અધિકાર

## ગાથા–૧૩૪

अथ संप्रति हि भक्त्यधिकार उच्यते।

सम्मत्तणाणचरणे जो भत्तिं कुणइ सावगो समणो।
तस्स दु णिव्वुदिभत्ती होदि त्ति जिणेहि पण्णत्तं।।१३४।।

सम्यक्त्वज्ञानचरणेषु यो भक्तिं करोति श्रावकः श्रमणः।
तस्य तु निर्वृतिभक्तिर्भवतीति जिनैः प्रज्ञप्तम्।।१३४।।

रत्नत्रयस्वरूपाख्यानमेतत्।

चतुर्गतिसंसारपरिभ्रमणकारणतीव्रमिथ्यात्वकर्मप्रकृतिप्रतिपक्षनिजपरमात्मतत्त्वसम्यक्श्रद्धानावबोधाचरणात्मकेषु शुद्धरत्नत्रयपरिणामेषु भजनं भक्तिराराधनेत्यर्थः। एकादशपदेषु श्रावकेषु जघन्याः षट्, मध्यमास्त्रयः, उत्तमौ द्वौ च, एते सर्वे शुद्धरत्नत्रयभक्तिं कुर्वन्ति। अथ भवभयभीरवः परमनैष्कर्म्यवृत्तयः परमतपोधनाश्च रत्नत्रयभक्तिं कुर्वन्ति। तेषां परमश्रावकाणां परमतपोधनानां च जिनोत्तमैः प्रज्ञप्ता निर्वृतिभक्तिरपुनर्भवपुरंध्रिकासेवा भवतीति।

---

શ્રાવક શ્રમણ સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્રની ભક્તિ કરે,
નિર્વાણની છે ભક્તિ તેને એમ જિનદેવો કહે. ૧૩૪.

અન્વયાર્થ :– [ यः श्रावकः श्रमणः ] જે શ્રાવક અથવા શ્રમણ [ सम्यक्त्वज्ञानचरणेषु ] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની [ भक्तिं ] ભક્તિ [ करोति ] કરે છે, [ तस्य तु ] તેને [ निर्वृतिभक्तिः भवति ] નિર્વૃતિભક્તિ (નિર્વાણની ભક્તિ) છે [ इति ] એમ [ जिनैः प्रज्ञप्तम् ] જિનોએ કહ્યું છે.

ટીકા :– આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.

ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણના કારણભૂત તીવ્ર મિથ્યાત્વકર્મની પ્રકૃતિથી પ્રતિપક્ષ (વિરુદ્ધ) નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન-અવબોધ-આચરણસ્વરૂપ શુદ્ધરત્નત્રય પરિણામોનું

**જે ભજન તે ભક્તિ છે; આરાધના એવો તેનો અર્થ છે. *એકાદશપદી શ્રાવકોમાં જઘન્ય છ છે, મધ્યમ ત્રણ છે અને ઉત્તમ બે છે.—આ બધા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે. તેમ જ ભવભયભીરુ, પરમનૈષ્કર્મ્યવૃત્તિવાળા (પરમ નિષ્કર્મ પરિણતિવાળા) પરમ તપોધનો પણ (શુદ્ધ) રત્નત્રયની ભક્તિ કરે છે. તે પરમ શ્રાવકો અને પરમ તપોધનોને જિનવરોએ કહેલી નિર્વાણભક્તિ—અપુનર્ભવરૂપી સ્ત્રીની સેવા—વર્તે છે.**

## ગાથા–૧૩૪ ઉપર પ્રવચન

૧૦મો. 'પરમ-ભક્તિ અધિકાર'. ભાષા શું છે? પરમ-ભક્તિ. અને એ પરમભક્તિ ચોથે ગુણસ્થાનેથી પણ હોય છે. અંદર એમ કહેશે. આહાહા..! પરમભક્તિ તે ભગવાનની ભક્તિ? એ ભક્તિ નહિ. એ આગળ કહેશે. સિદ્ધની ભક્તિ એ વ્યવહારભક્તિ. સિદ્ધ પરમાત્માની ભક્તિ વ્યવહાર પુણ્ય છે, રાગ છે, ધર્મ નહિ. આહાહા..! આ તો પરમભક્તિ. અને તે પણ શ્રાવક અને મુનિ બેયને હોય છે. કોઈ એમ કહે કે પરમભક્તિ સમ્યગ્દર્શન-જ્ઞાન ચોથે ગુણસ્થાને હોય પણ એને આચરણ ન હોય, સ્વરૂપાચરણ ન હોય. અહીં એ કહે છે કે એને શ્રદ્ધાન, અવબોધ અને આચરણસ્વરૂપ શુદ્ધરત્નત્રય પરિણામ હોય છે. આહાહા..!

**सम्मत्तणाणचरणे जो भत्तिं कुणइ सावगो समणो।**
**तस्स दु णिव्वुदिभत्ती होदि त्ति जिणेहि पण्णत्तं।।१३४।।**

જિનેશ્વરે કહ્યું છે એમ કહે છે. 'કુંદકુંદાચાર્યે' ભાર દઈને કહ્યું કે જિનેશ્વરે એમ કહ્યું છે કે જે સાચા શ્રાવક હોય એને સમકિત સામાયિક હોય. આત્માની ભક્તિ હોય છે. સમકિતની, જ્ઞાનની અને આચરણની અંદર ત્રણ ભક્તિ એને હોય છે. આહાહા..! એમ જિનેશ્વરે કહ્યું છે. 'કુંદકુંદાચાર્ય' નામ લઈને કહે છે. આહાહા..! નીચે હરિગીત.

**શ્રાવક શ્રમણ સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્રની ભક્તિ કરે,**
**નિર્વાણની છે ભક્તિ તેને એમ જિનદેવો કહે. ૧૩૪.**

---

*** એકાદશપદી = જેમનાં અગિયાર પદો (ગુણાનુસાર ભૂમિકાઓ) છે એવા. [શ્રાવકોનાં નીચે પ્રમાણે અગિયાર પદો છે : (૧) દર્શન, (૨) વ્રત, (૩) સામાયિક, (૪) પ્રોષધોપવાસ, (૫) સચિત્તત્યાગ, (૬) રાત્રિભોજનત્યાગ, (૭) બ્રહ્મચર્ય, (૮) આરંભત્યાગ, (૯) પરિગ્રહત્યાગ, (૧૦) અનુમતિત્યાગ અને (૧૧) ઉદ્દિષ્ટાહારત્યાગ. તેમાં છઠ્ઠા પદ સુધી (છઠ્ઠી પ્રતિમા સુધી) જઘન્ય શ્રાવક છે, નવમા પદ સુધી મધ્યમ શ્રાવક છે અને દસમા અથવા અગિયારમા પદે હોય તે ઉત્તમ શ્રાવક છે. આ બધાં પદો સમ્યક્ત્વપૂર્વક, હઠ વિનાની સહજ દશાનાં છે એ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.]**

એને નિર્વાણ ભક્તિ કહેવામાં આવે છે. નિર્વાણ ભક્તિ શ્રાવક પણ કરે છે. સાચા શ્રાવક હોય એ.

મુમુક્ષુ :– શ્રાવકનું નામ તો પહેલું લખ્યું છે.

ઉત્તર :– બેય છે. શ્રાવક અને શ્રમણ. બેયને ભક્તિ હોય છે. બેયને સમ્યગ્દર્શન-જ્ઞાન અને આચરણ હોય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આચરણ બેયને હોય છે. આહાહા..! આગળ આવશે.

**'ટીકા :– આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.'** એ છે ને? **'ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણના કારણભૂત...'** ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણના કારણભૂત **'તીવ્ર મિથ્યાત્વકર્મ...'** તીવ્ર મિથ્યાત્વકર્મની **'પ્રકૃતિથી પ્રતિપક્ષ...'** આહાહા..! મિથ્યાત્વ **'પ્રકૃતિથી પ્રતિપક્ષ (વિરુદ્ધ) નિજ પરમાત્મતત્ત્વનાં...'** નિજ પરમાત્મતત્ત્વ જે આનંદકંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદ એવો પરમાત્મા, એની સમ્યક્ શ્રદ્ધા, એનું સમ્યક્ અવબોધ–જ્ઞાન અને સમ્યક્ આચરણસ્વરૂપ. દેખો! આચરણ. આચરણ લીધું છે. આહાહા..! કેટલાક કહે છે કે સમકિતીને ચોથે શુદ્ધોપયોગ ન હોય, પાંચમે શુદ્ધોપયોગ ન હોય, છઠ્ઠે મુનિને હોય. એ તો મુનિને યોગ્ય શુદ્ધોપયોગ હોય. પણ ચોથા-પાંચમાને એ યોગ્ય શુદ્ધોપયોગ હોય છે. આહાહા..!

**'ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણના કારણભૂત તીવ્ર મિથ્યાત્વકર્મની પ્રકૃતિથી પ્રતિપક્ષ (વિરુદ્ધ) નિજ પરમાત્મતત્ત્વનાં...'** ભક્તિમાં પહેલા પરમાત્મા વીતરાગ અને કેવળી ન લીધા. પછી સિદ્ધ લેશે. વ્યવહાર, વિકલ્પ. **'પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન–'** શ્રાવકને પણ પરમતત્ત્વનું સમ્યક્ શ્રદ્ધાન. એને પણ **'અવબોધ–'** એટલે સમ્યક્જ્ઞાન. અને એને પણ સમ્યક્ **'આચરણસ્વરૂપ...'** આહાહા..! જુઓ! ચોથે ગુણસ્થાને અનુભૂતિ ન હોય, એમ 'વિદ્યાસાગર' કહે છે. અનુભૂતિ સાતમે હોય. આહાહા..!

અહીં કહે છે, **'નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-અવબોધ-આચરણસ્વરૂપ...'** શ્રાવક અને મુનિ બેયને. આહાહા..! **'શુદ્ધરત્નત્રય-પરિણામોનું...'** શુદ્ધરત્નત્રય સમ્યક્ નિશ્ચય, શુદ્ધ પરમપારિણામિક સ્વભાવ, એની શ્રદ્ધા, એનું જ્ઞાન, એનું પરિણમન એ શુદ્ધરત્નત્રય પરિણામોનું **'જે ભજન...'** એ **'શુદ્ધરત્નત્રય-પરિણામોનું જે ભજન તે ભક્તિ છે;...'** આહાહા..! મિથ્યાત્વથી વિરુદ્ધ **'નિજ પરમાત્મતત્ત્વનાં...'** નિજ પરમાત્મતત્ત્વના સમ્યગ્દર્શન-શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન-અવબોધ અને સમ્યક્ આચરણસ્વરૂપ. આહાહા..! અહીં તો આચરણ શબ્દ લીધો છે. શ્રાવકને પણ આચરણ હોય છે, ચારિત્ર હોય છે એમ અહીં કહે છે. આહાહા..! બીજે ઠેકાણે આવે છે. 'જયચંદ્ર'ની ટીકામાં. શ્રાવકને શુદ્ધોપયોગ ન હોય. એ તો મુનિનો જે શુદ્ધોપયોગ છે એ ન હોય. પણ એને લાયક જે છે એવો આચરણરૂપ ઉપયોગ એને હોય છે. આહાહા..! આચરણરૂપ શુદ્ધોપયોગની વાત છે આ. આ આચરણમાં શુદ્ધોપયોગરૂપ શબ્દ છે. આહાહા..!

**'નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-અવબોધ-આચરણસ્વરૂપ...'** કોને? બેયને. શ્રાવક

અને સાધુ. શ્રાવકને આ હોય છે. નહિતર કોઈ શ્રાવક હોતા નથી. આહાહા..! જેને અંદર સમ્યગ્દર્શન, જ્ઞાન અને આચરણ નથી એ શ્રાવક જ નથી. એ વાડાના સાવજ કહેવાય. આહાહા..! આકરું લાગે. એકે એક વાતમાં ફેર. 'પદ્મપ્રભમલધારિદેવ'ને કહેવામાં શબ્દ ઓછા પડે છે. શી રીતે કહેવો આ પ્રભુને? અંદર ભગવાન મહા વિશાળ... છે ને? કાલે આવ્યું હતું. વિશાળ તત્ત્વ, મહા વિશાળ તત્ત્વ. અનંતા અનંતા જેમાં ગુણો અને સ્વભાવ પડ્યા છે એવા તત્ત્વને, **'નિજ પરમાત્મતત્ત્વને...'** આહાહા..! **'સમ્યક્ શ્રદ્ધાન-'** એની સન્મુખ અને સ્વઆશ્રયની શ્રદ્ધા, એના સન્મુખનું સ્વઆશ્રયનું જ્ઞાન, એના સન્મુખનું સ્વઆશ્રયનું આચરણ. આહાહા..!

એ **'શુદ્ધરત્નત્રય પરિણામ...'** ત્રણેયને શુદ્ધરત્નત્રય પરિણામ કીધા. જોયું? શ્રાવકને આચરણમાં પણ શુદ્ધરત્નત્રય પરિણામ કીધા. આહાહા..! પાંચમે ગુણસ્થાને શ્રાવક ગૃહસ્થાશ્રમમાં હોય. સમ્યગ્દર્શન અને જ્ઞાન જો હોય તો શુદ્ધરત્નત્રય પરિણામ કીધા. આહાહા..! અને **'જે ભજન તે ભક્તિ છે;...'** એ શુદ્ધરત્નત્રયનું ભજન, એકાગ્રતા તે ભક્તિ. આહાહા..! શ્રાવકને પણ હોય છે, મુનિને પણ હોય છે. બધા કહે છે, સાધુને હોય, શ્રાવકને ગૃહસ્થાશ્રમમાં ન હોય. આહાહા..! અહીં તો શ્રાવકના અગિયાર ભેદ છે ને? અગિયાર પડિમા. અગિયાર પડિમા એમાં આ આચરણ હોય છે. અગિયાર પડિમામાં પહેલી પડિમા સમ્યક્ પડિમા. ભલે પાંચમું ગુણસ્થાન હોય. એને પણ શ્રદ્ધાન, અવબોધ અને આચરણસ્વરૂપ હોય છે. અંદર ચારિત્રનું આચરણ હોય છે. આહાહા..!

**'શુદ્ધરત્નત્રય પરિણામોનું જે ભજન...'** ભગવાનનું ભજન નહિ. શુદ્ધરત્નત્રયનું ભજન. આહાહા..! એનું **'જે ભજન તે ભક્તિ છે;...'** આહાહા..! એનું નામ ભક્તિ. **'આરાધના એવો તેનો અર્થ છે.'** આરાધના. નિજ પરમાત્મતત્ત્વને આરાધવો, એવો એનો અર્થ છે. આહાહા..! નિજ પરમાત્મતત્ત્વને આરાધવો, ભજન, ભક્તિ અને આરાધના એવો અર્થ છે. આહાહા..! હવે કહે છે કે શ્રાવકને અગિયાર પડિમા હોય છે.

**'એકાદશપદી શ્રાવકોમાં જઘન્ય છ છે,...'** દરેકને ચારિત્રભક્તિ હોય છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ભક્તિ દરેકને હોય છે. **'એકાદશપદી શ્રાવકોમાં જઘન્ય છ છે, મધ્યમ ત્રણ છે અને ઉત્તમ બે છે.—આ બધા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે.'** જુઓ! ભાઈ! આહાહા..! અહીં તો ચોખ્ખી વાત લીધી છે. **'આ બધા...'** પહેલી પડિમાથી તે અગિયાર પડિમા સુધી **'બધા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે.'** આહાહા..! શ્રાવક એટલે કાંઈ વાડામાં પડ્યા એ શ્રાવક ક્યાં સાચા છે? વાડામાં રહ્યા ને પાંચ શ્રાવક છીએ. શ્રાવક તો જુદી ચીજ છે. આહાહા..!

મુમુક્ષુ :– આમાં ચોથા ગુણસ્થાનવાળો ગર્ભિત છે?

ઉત્તર :– આવી જાય છે. એ શ્રાવક આવી જાય છે. આમ દર્શન પડિમા પાંચમાવાળો હોય છે પણ ચોથા ગુણસ્થાનવાળા પણ આવી જાય છે. અનંતાનુબંધીના અભાવનું આચરણ

છે ને?

મુમુક્ષુ :– શુદ્ધરત્નત્રય કીધું.

ઉત્તર :– હા. એ શુદ્ધરત્નત્ર છે. કળશની ટીકામાં લખ્યું છે. એ આ કળશ ટીકાનો પ્રશ્ન છે, કે તમે વાત સમકિતની કરો છો અને મોક્ષમાર્ગ તો સમકિત દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ છે. પણ એ સમકિતમાં ત્રણ આવી જાય છે. કળશ ટીકામાં છે. અનંતાનુબંધીનો અભાવ એટલું આચરણ પણ આવી જાય છે. એટલો ચારિત્રનો અંશ છે એ. કેમકે અનંતાનુબંધી પ્રકૃતિ ચારિત્રની છે. એનો ભાગનો અભાવ એનું નામ ચારિત્ર અંશ છે. સંયમ નામ ન પડે. પાંચમે, ચોથે. અહીં તો અગિયાર પડિમાવાળાને, અગિયાર પડિમાવાળાને બધું હોય છે. **'શુદ્ધરત્નત્રય ભક્તિ કરે છે.'** અગિયાર પડિમાવાળા. ... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૫૨, શ્લોક--૨૨૦, ગાથા-૧૩૪, ગુરુવાર, જ્યેષ્ઠ વદ ૧૫, તા.૧૨-૬-૮૦**

---

ફરીને. ટીકાથી. **'આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.'** રત્નત્રય એટલે શું? આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ છે એની અંતર અનુભવમાં પ્રતીતિ, એનું જ્ઞાન અને એમાં લીનતા થવા એ રત્નત્રય છે. એ મોક્ષનો માર્ગ છે અને ધર્મ છે. **'આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.'** નિશ્ચય રત્નત્રય એણે અનંતકાળમાં કદી કર્યું નથી. બહારથી માની, વ્યવહારથી માનીને રખડી મરી ગયો. અંતર સ્વરૂપ ચિદાનંદ નિશ્ચયથી પરનો કર્તા તો નથી. શરીર અને વાણીનો કર્તા પણ આત્મા નથી. કર્તા તો નથી પણ એને જાણવું એ પણ વ્યવહાર છે. આહાહા..! જાણવું પણ જ્ઞાયક જ્ઞાયકનો છે એવો ભેદ પણ વ્યવહાર છે. આહાહા..! રત્નત્રયમાં હું માત્ર જ્ઞાયક છું, જ્ઞાયક જ્ઞાયકનો છે એવો ભેદ પણ નથી. જ્ઞાયક પરને જાણે છે એમ તો નથી, પરનો કર્તા છે એમ તો ત્રણકાળમાં નથી. આહાહા..! પણ હું પરને જાણું છું એ પણ અસદ્ભુત વ્યવહાર છે. એ પણ નહિ. અને આત્મા આત્માને જાણે એ પણ સદ્ભુત વ્યવહાર છે. એ પણ નહિ. આહાહા..! જ્ઞાયક–જાણકસ્વભાવની અંતર દૃષ્ટિ થવી–સમ્યગ્દર્શન એનો વિષય એકલો જ્ઞાયક છે. ભેદ નથી આહાહા..! એવા રત્નત્રયના સ્વરૂપનું કથન છે.

**'ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણના કારણભૂત...'** ચાર ગતિમાં રખડતો નરક અને નિગોદ... આહાહા..! અનંત અનંત ભવ કર્યા. **'તીવ્ર મિથ્યાત્વકર્મની પ્રકૃતિથી પ્રતિપક્ષ...'** ચાર ગતિમાં રખડવાની તીવ્ર મિથ્યાત્વની પ્રકૃતિ જે છે એનાથી **'(વિરુદ્ધ) નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન–'** આહાહા..! નિજ આત્મા અંદર ચિદાનંદ પ્રભુ જ્ઞાન અને આનંદનું દળ છે. આત્મા આનંદનું દળ છે, એ નિજ આત્મા પરમાત્મતત્ત્વ, **'નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન...'** એનું અંતર્મુખ થઈને સમ્યક્શ્રદ્ધાન તે સમકિત છે. આહાહા..! અંતર્મુખ થઈને અંતરાત્માનું જ્ઞાન કરવું એ જ્ઞાન છે અને અંતર્મુખમાં આચરણ કરવું, સ્વરૂપમાં આચરણ કરવું એ ચારિત્ર છે. આહાહા..! બાહ્ય ક્રિયાકાંડ એ કોઈ ચારિત્ર નથી. પંચમહાવ્રતાદિ એ કોઈ ચારિત્ર નથી.

એ તો દુઃખના કારણ, બંધનું કારણ છે. આહા..!

અહીં કહે છે કે '**નિજ પરમાત્મતત્ત્વ...**' નિજ પરમાત્મતત્ત્વ વસ્તુ અંદર આત્મા પરમાત્મા છે. બેસે કેમ પણ? આહાહા..! પર પરમાત્મા અનંત તીર્થંકર સિદ્ધ આદિ થયા. આ તો નિજ પરમાત્મતત્ત્વ. પોતાનું પરમઆત્મ પરમસ્વરૂપ તત્ત્વ જે ત્રિકાળ, ધ્રુવ, અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતશાંતિ આદિ અનંતસ્વરૂપ નિજ પરમાત્મતત્ત્વનું સમ્યક્ શ્રદ્ધાન, એનો સમ્યક્ અનુભવ... આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન છે. અંતર્મુખ નિજ પરમાત્મતત્ત્વની સન્મુખ થઈને વિકલ્પ અને રાગથી પણ ભિન્ન થઈને, ભેદથી પણ ભિન્ન થઈને તે આત્મા જ્ઞાન છે અને આત્મા જ્ઞાની છે એ ભેદને પણ છોડીને અભેદમાં સમ્યક્શ્રદ્ધાન થવું એનું નામ ધર્મની પહેલી સીડી, ધર્મનું પહેલું પગથિયું કહેવામાં આવે છે. આહાહા..! લોકોને અજાણી ચીજ અનંતકાળમાં કદી કરી નથી. જે કર્યું એ બધું સંસારમાં રખડવાનું. નરક અને નિગોદમાં અનંતા ભવ કર્યા. કીડી, કાગડા આદિ અનંત ભવ (કર્યા). આહાહા..!

ભવભ્રમણનું કારણ જે મિથ્યાત્વ એનાથી વિરૂદ્ધ સમ્યક્ શ્રદ્ધા. આહાહા..! ચૈતન્યસ્વરૂપ જ્ઞાયક ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની શક્તિ અને સ્વભાવની પ્રતીત અને શ્રદ્ધાન એ સમ્યગ્દર્શન છે. એનું સમ્યગ્જ્ઞાન–ચિદાનંદ સ્વરૂપ ભગવાનઆત્માનું જ્ઞાન તે જ્ઞાન છે. શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન-બાન છે નહિ. આહાહા..! એ જ્ઞાન અને આચરણ. સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત જ્ઞાનસ્વરૂપમાં આચરણ કરવું, જ્ઞાનસ્વભાવી ભગવાનઆત્મામાં આચરણ એટલે રમવું. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, ક્રિયા એ કાંઈ આચરણ નથી. એ તો કુઆચરણ છે. આહાહા..!

ભગવાનઆત્મા પૂર્ણાનંદ પરમ તત્ત્વના શ્રદ્ધા-જ્ઞાન અને એનું આચરણ શ્રાવકને પણ (હોય છે એમ) અહીંયાં કહે છે. એને શ્રાવક કહે છે. આ વાડાના શ્રાવક-બાવક એ કોઈ શ્રાવક છે નહિ. એ બધા રખડનારા છે. આહાહા..! વાડામાં અમે શ્રાવક છીએ અને જૈન છીએ. જૈન છે જ નહિ. જૈન તો એને કહીએ 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, મતમદિરા કે પાન સો મતવાલા સમજે ન.' પોતાના મતના આગ્રહ અને અભિપ્રાયને કારણે ઘટઘટમાં જિન વસે છે. એ જિનસ્વરૂપ જ છે. એનો અનુભવ, પ્રતીતિ અને રમણતા કરવી એ જૈન છે. બાકી જૈન-બૈન છે નહિ. આહાહા..! અહીંયાં સમ્યગ્દર્શન-જ્ઞાન ત્રણે ઉપરાંત આચરણ લીધું છે. તો શ્રાવકને પણ અંદર સ્વરૂપનું આચરણ હોય છે. આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એના શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક અંદર આચરણ એટલે રમવું, સ્વરૂપમાં રમવું એ આચરણ, એ શ્રાવકને હોય તો તે સાચો શ્રાવક છે. આહાહા..!

'**આચરણરૂપ શુદ્ધરત્નત્રય...**' એ ત્રણ–દર્શન-જ્ઞાન ને ચારિત્ર, સ્વરૂપની અંતર રમણતા એ શુદ્ધરત્નત્રય પરિણામોનું. એ એના પરિણામ છે. ભગવાનઆત્મા ત્રિકાળી દ્રવ્ય છે. પણ એની શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા એ પરિણામ પર્યાય છે. એ '**પરિણામોનું જે ભજન...**' આહાહા..! પરિણામોનું ભજન. પરિણામીનું ન કહ્યું. સમ્યગ્દર્શન-જ્ઞાન અને અંદર રમણતા, એનું ભજન

કરવું એટલે એકાગ્રતા કરવી, એનું નામ ભગવાનની ભક્તિ છે. ભગવાનની ભક્તિ અને જાત્રા-બાત્રા બધો રાગ છે. એ કોઈ ધર્મ-બર્મ નથી. એ શુભરાગ છે. અશુભરાગથી બચવા શુભરાગ આવે છે પણ એ ધર્મ નથી. મુક્તિનું કારણ એ બિલકુલ નથી. જાત્રા ને ભક્તિ ને સમ્મેદશિખરની જાત્રા, ગિરનારની ને શેત્રુંજયની જાત્રા એ બધી રાગની ક્રિયા છે. એ ધર્મ નથી. આહાહા..!

અહીંયાં તો કહે છે કે **'શુદ્ધરત્નત્રય પરિણામોનું જે ભજન...'** આહાહા..! **'તે ભક્તિ છે;...'** તેને પરમાત્મા જિનેશ્વરદેવ ત્રણલોકના નાથ અનંત તીર્થંકરો એને ભક્તિ કહે છે. દુનિયા ભગવાનની ભક્તિ કરીને માને છે એ તો પુણ્ય છે. ધર્મ નથી. એ કોઈ ધર્મ નથી. સવારમાં ઊઠીને ભગવાનની પૂજા અને વંદન કરે એ બધું પુણ્ય છે. ધર્મ નથી. જન્મ-મરણનો અંત કરનારી એ ચીજ નથી. એનાથી તો જન્મ-મરણ થાય છે, ભવભ્રમણ થાય છે. આહાહા..! કાંઈ સાંભળ્યું ન હોય. અંતરની ચીજ છોડીને બહારની ચીજમાં જેટલો રોકાય એ બધું સંસારનું કારણ છે. આહાહા..!

અહીંયાં તો કહે છે કે **'શુદ્ધરત્નત્રય પરિણામોનું જે ભજન તે ભક્તિ છે; આરાધના એવો તેનો અર્થ છે.'** સમ્યગ્દર્શન-જ્ઞાનની આરાધના, સેવા... આહાહા..! શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા પરમાનંદની મૂર્તિ પ્રભુ આત્મા અંદર છે. એની સન્મુખની સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર, એની આરાધના... આહાહા..! એની સેવા (એવો) **'તેનો અર્થ છે.'** તેને આરાધના કહે છે. બહારની ચીજની આરાધના નથી. અંતરના પરિણામની આરાધના. પરિણામ પણ કેવા ? કે નિર્વિકલ્પ. આહાહા..! વીતરાગી શ્રદ્ધા, વીતરાગ જ્ઞાન અને વીતરાગી આચરણ ત્રણેયની આરાધના કરવી એનું નામ ભક્તિ છે. આહાહા..!

**'એકાદશપદી શ્રાવકોમાં જઘન્ય...'** શ્રાવકને અગિયાર પડિમા છે. સમ્યગ્દર્શન થયા પછી, આત્માનો અનુભવ થયા પછી. વસ્તુ પ્રતીતમાં ક્યારે આવે છે? એનું જે સામર્થ્ય એનું જ્યારે જ્ઞાનમાં ભાન થયું, આત્માનું જેટલી સામર્થ્ય અને શક્તિ છે એટલું જ્ઞાનમાં અને શ્રદ્ધામાં આવ્યું એ નિર્વિકલ્પ જ્ઞાન-શ્રદ્ધાને સમકિત જ્ઞાન કહે છે. એનું નામ ધર્મ છે. બાકી ધર્મ-બર્મ થોથા છે. ભક્તિ-પૂજા કરે, ગિરનારની જાત્રા ને એ બધું થોથા છે, શુભભાવ છે, પુણ્ય છે, બંધનનું કારણ છે. આહાહા..! આવું માને કોણ? બહારમાં ધમાલ ધમાલ... ગજરથ કરે, મોટા રથ કાઢે એ બધી ધમાલ છે.

અહીં તો ભગવાનઆત્મા અંદર પૂર્ણાનંદ પૂર્ણ શક્તિથી ભરેલો છે એની અંતરમાં પ્રતીતિ, જ્ઞાન ને રમણતા એ આરાધના અને એ આત્માની સેવા છે. એનું નામ આત્માની સેવા છે. શ્રાવકના અગિયાર ભેદ છે. **'એકાદશપદી શ્રાવકોમાં જઘન્ય છ છે,...'** નીચે છે. પહેલેથી છ પડિમા જઘન્ય. **'મધ્યમ ત્રણ છે...'** સાત, આઠ, નવ. **'તથા ઉત્તમ બે છે.'** દસ અને અગિયાર. **'આ બધા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે.'** આહાહા..! ત્યારે એને શ્રાવક કહેવામાં

આવે છે. પડિમાધારી શ્રાવક ત્યારે કહેવામાં આવે છે કે જ્યારે પોતાનો શુદ્ધરત્નત્રય સ્વરૂપ ભગવાનઆત્મા, એની સેવા કરે, એની રમણતા કરે ત્યારે પડિમાધારી કહેવામાં આવે છે. આહાહા..! આવો નવો ધર્મ કાઢ્યો હશે? અત્યાર સુધી તો આ બધું સાંભળતા કે આમ કરવું, આમ કરવું. આ વળી ક્યાંથી કાઢ્યું આવું ? સર્વજ્ઞ ભગવાનનો આ માર્ગ અનાદિથી છે. અજ્ઞાનીને સાંભળવા મળ્યો નથી એટલે કાંઈ બીજી ચીજ થઈ જાય ? આહાહા..!

એકાદશપદી પડિમાઓ છે. એમાં છ પડિમાં જઘન્ય, સાત, આઠ ને નવ મધ્યમ અને દસ ને અગિયાર ઉત્તમ છે. આહાહા..! **'આ બધા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે.'** આહાહા..! શ્રાવક તો એને કહીએ, પડિમાધારી એને કહીએ કે અંદરમાં શુદ્ધ રત્નત્રયની સેવા કરે, શુદ્ધ રત્નત્રયને પ્રગટ કરીને રમે એનું નામ પડિમાધારી શ્રાવક કહેવાય છે. છે કે નહિ? 'બ્રહ્મચારીજી'! આહાહા..!

મુમુક્ષુ :– આત્માની ભક્તિ કરે છે કે પર્યાયની ભક્તિ કરે છે?

ઉત્તર :– પર્યાયની. પર્યાયની ભક્તિનો અર્થ લક્ષ દ્રવ્ય ઉપર છે. આહાહા..! અંતર્મુખ છે ને? પરિણામ અંતર્મુખ છે ને? તો પરિણામની ભક્તિ એનો અર્થ દ્રવ્ય ઉપર લક્ષ છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેયનું લક્ષ દ્રવ્ય ઉપર છે. આહાહા..! દુનિયાએ તો બહારથી મનાવી લીધું. અને અજ્ઞાની એમનેમ ચાલી નીકળ્યા. ભગવાનની ભક્તિ કરો, પૂજા કરો સવારમાં, જયનારાયણ. એનાથી ધર્મ થશે. એવું તો અનંતવાર કર્યું. મહાવિદેહક્ષેત્રમાં અનંતવાર ઉપજ્યો છે. ભગવાન મહાવિદેહમાં તો તીર્થંકરનો કદી વિરહ હોતો નથી. તો તીર્થંકરની ભક્તિ અને સેવા સમવસરણમાં અનંતવાર કરી છે. પણ એ તો પરદ્રવ્યની સેવા એ તો શુભભાવ પુણ્ય છે. એ પુણ્ય તો બંધનનું કારણ છે, રખડવાનું કારણ છે. આહાહા..! આવી વાત. ત્યારે ન કરવું? જ્ઞાનીને અશુભથી બચવા શુભભાવ આવે છે પણ છે બંધનું કારણ. આહાહા..! મોક્ષનું કારણ એ નથી. મોક્ષનું કારણ પ્રભુ ચૈતન્ય નિજ પરમાત્મતત્ત્વ, એની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એ મોક્ષનું કારણ છે. આહાહા..!

શુદ્ધ રત્નત્રયની ભક્તિ અગિયાર પડિમાવાળા કરે છે. આહાહા..! એને પડિમાધારી અને શ્રાવક કહેવામાં આવે છે. બાકી તો થોથા છે. આહાહા..! શુદ્ધ રત્નત્રયની ભક્તિ શ્રાવક કરે ત્યારે એને પડિમાધારી કહેવામાં આવે છે. પડિમાધારીને શુદ્ધરત્નત્રયનું સેવન હોય છે. અંદર આચરણ પણ હોય છે. આનંદનું આચરણ પણ હોય છે. આહાહા..! અરે..રે..! કાંઈ વાત!

મુમુક્ષુ :– આ ઊંચી વાત આપ કરો છો.

ઉત્તર :– ઊંચી વસ્તુ જ આ છે. કહ્યું ને? સવારમાં આવ્યું હતું ને? ખડી ભીંતને અડતી નથી. આહાહા..! ખડી ખડીમાં રહે છે, કલઈ. ભીંત ભીંતમાં રહે છે. ભીંતને ખડી અડતી નથી. આહાહા..! કેમકે ભીંત અને ખડીનું અસ્તિત્વ ભિન્ન છે. એક અસ્તિત્વ બીજાના

અસ્તિત્વમાં જાય તો પોતાનું અસ્તિત્વ રહેતું નથી. આહાહા..! કપડામાં રંગ લાગે છે ત્યાં એ રંગ કપડાને અડતો નથી. આહાહા..! બહુ આકરું કામ છે, બાપુ!

મુમુક્ષુ :– કપડું રાતું થાય છે ને? રાતું કપડું.

ઉત્તર :– રાતું કપડું એ તો રાતો રંગ છે. એ કાંઈ ટોપી રાતી નથી. ટોપી તો ભિન્ન છે. રંગનું અસ્તિત્વ ભિન્ન છે, ટોપીનું અસ્તિત્વ ભિન્ન છે. ભીંતમાં જે ખડી ધોળી થાય એ ધોળાનું અસ્તિત્વ ભિન્ન છે, ભીંતનું અસ્તિત્વ ભિન્ન છે. એક અસ્તિત્વ બીજાના અસ્તિત્વને કદી અડતું નથી. ખડી છે એ ભીંતને અડતી નથી. આહાહા..! આવી વાત ક્યાં સાંભળે? રખડવામાં અનંતકાળ ચાલ્યો ગયો. વીતરાગનો સત્ય માર્ગ પડ્યો રહ્યો અને બહારથી થોથા કરીને મરી ગયો અને ચાર ગતિમાં રખડી મર્યો. આહાહા..!

**‘શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે.’** આહાહા..! પહેલી પડિમાવાળા પણ શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે એમ આવ્યું ને? પહેલી પડિમા છે ને પહેલી પડિમા? સમ્યગ્દર્શન પહેલી પડિમા. ભલે પંચમ ગુણસ્થાને છે. તો એ પણ શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે. આહાહા..! ત્યારે પહેલી પડિમા કહેવામાં આવે છે. એવી અગિયારેય પડિમા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે. મુનિ તો પૂર્ણ શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરે છે. આહાહા..! એને મુનિ કહીએ. નગ્ન થઈ ગયા, ક્રિયાકાંડ કરે, પંચમહાવ્રત પાળે એ મુનિ નથી. જૈનદર્શનમાં એને મુનિ કહેતા જ નથી. આહાહા..! આકરી વાત છે, ભાઈ! આહાહા..!

શુદ્ધ રત્નત્રયની ભક્તિ અગિયાર પડિમાધારી શ્રાવક પણ કરે છે અને મુનિ પણ કરે છે. શ્રાવક અને મુનિ બેય અંતરાત્માથી બહિરાત્મપણું છોડીને અંતરાત્માથી પરમાત્માની ભક્તિ કરે છે. પરમાત્માના ધ્યેયમાં જાય છે. આહાહા..! આવો કેવો માર્ગ આ! ‘શાંતિભાઈ’! આહાહા..! કોઈ દિ’ સાંભળ્યો નથી. આ સામાયિક કરો, પોષા કરો, પડિક્મ્મણા કરો, ચોવિહાર કરો એટલે થઈ ગયો ધર્મ. એવા તો અનંતવાર થોથા કર્યા. રાગની મંદતા હોય, પુણ્ય હોય તો માણસ-બાણસ થાય કાં તો ધૂળનો-પૈસાનો શેઠિયો થાય. ધૂળ-ધૂળ. ધૂળનો શેઠિયો થાય કરોડપતિ-અબજપતિ. એમાં ભવ ઘટે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– આફ્રિકામાં જનમવું પડે.

ઉત્તર :– ‘આફ્રિકા’માં શું. એ તો પુણ્ય ઘણું હોય તો ત્યાં ‘આફ્રિકા’માં જન્મે. આહાહા..! ત્યાં પૈસા બહુ છે ‘આફ્રિકા’માં. એ તો પુણ્ય હોય એવા તો જન્મે પણ મરીને પછી જાય ચોર્યાશીના અવતારમાં. આહાહા..! એક અબજપતિ મારી પાસે આવ્યો હતો. ત્યાં અબજપતિ છે. ‘આફ્રિકા’ ‘નાઈરોબી’માં સાડા ચારસો કરોડપતિ છે. સાડા ચારસો કરોડપતિ અને પંદર અબજપતિ છે. એમાં એક અબજપતિ મારી પાસે આવ્યો હતો. એ એમ કહે કે આ તમારું દિગંબર મંડળ શ્વેતાંબર મંદિરમાં જતા નથી, દર્શન કરતા નથી. મેં કીધું, તત્ત્વજ્ઞાન થયા પછી વ્યવહાર કેવો હોય એ સમજાય છે? એને બીજો ઉત્તર તો શું આપે? તત્ત્વજ્ઞાન સમ્યગ્દર્શન

થયા પછી વ્યવહાર કેવો હોય એને એની ખબર પડે. એને એમ કહેવાય કે તારી આ વાત ખોટી છે? નાની ઉંમરનો હતો. ચાલીસ વર્ષની ઉંમર હશે. ૩૫-૪૦. અબજપતિ-અબજપતિ. સો કરોડ રૂપિયા. અબજ. એવા પંદર અબજપતિ છે.

આપણા મુમુક્ષુમાં આઠ જણા તો કરોડપતિ છે. કરોડપતિ. એમાં શું થયું? ધૂળમાં શું છે? આહાહા..! ૨૬ દિવસમાં ૪૫ લાખ રૂપિયા ભેગા કર્યા. અમે ૨૬ દિવસ રહ્યા હતા તો ૪૫ લાખ (ભેગા કર્યા). પંદર લાખ પહેલા ભેગા કર્યા હતા. નવું મંદિર બનાવ્યું. 'આફ્રિકા'માં મંદિર બે હજાર વર્ષમાં થયું નથી. દિગંબર મંદિરનું નામ નથી. દિગંબર મંદિર બનાવ્યું. બાવીસ લાખનું તો મંદિર બનશે. બાવીસ લાખનું. એ સિવાય તો ૬૦ લાખ છે બીજા. આહાહા..! એમાં શું? કીધું, જે છે એ શુભભાવ છે. તમે ૬૦ લાખ ખર્ચો તો ધર્મ થશે, જન્મ-મરણ મટશે એ વાત છે નહિ. સાંભળતા હતા, પ્રેમથી સાંભળતા હતા. પ્રેમથી અહીંથી બોલાવ્યા હતા ને? અને બધા અહીંના પરિચયવાળા હતા. મહાજન લોકો હતા. 'જામનગર'ની પાસે 'ચેલાચંદ' ગામ છે ને ત્યાંના મહાજન લોકો છે. છ હજાર માણસો છે. છ હજાર મહાજનની વસ્તી. એમાં ૬૦ ઘર પાક્કા મુમુક્ષુના છે. લોકોનો ઘણો પ્રેમ. પણ બાપુ! પૈસા ઉપરથી તમને ધર્મ થાય એ ત્રણકાળમાં નથી. અબજો રૂપિયા ખર્ચીને મંદિર બનાવે અને જન્મ-મરણ મટે એમ ત્રણકાળમાં નથી. જો રાગ મંદ કરે તો પુણ્યબંધન થાય. પૈસા આપે અને બહાર પડવાનું અભિમાન હોય, અમે ખર્ચીએ અને અમે મોઢા આગળ રહીએ તો તો પાપ બાંધે. 'દેવીલાલજી'! વસ્તુનું આવું સ્વરૂપ છે. ચારે બાજુથી સંકેલીને આત્મામાં જવાનું છે. ભગવાનની સ્મરણ અને ભક્તિનો એક વિકલ્પ પણ ઊઠે કે અબજ રૂપિયાનું મંદિર બનાવવાનો વિકલ્પ ઉઠે એનાથી પણ ખસીને અંદરમાં જવું એ ધર્મ છે. આહાહા..! આકરી વાત છે, બાપુ! ૪૫ વર્ષથી તો અહીં ચાલે છે. ૪૫ વર્ષથી અહીં (છીએ). આહાહા..! ૪૫ વર્ષની ઉંમરે આવ્યા હતા. ૯૧ વર્ષ ચાલે છે. ૯૧. ૯૧મું વર્ષ ચાલે છે. ૯૦ વર્ષ પૂરા થયા. બધું ઘણું જોયું છે. ઘરની દુકાન હતી. વેપાર કર્યો છે. બધો માલ લાવતા. 'મુંબઈ', 'સુરત', 'ભરૂચ' બધે માલ લેવા જતા હતા. નાની ઉંમરમાં, ૨૦ વર્ષની ઉંમરમાં. ૨૨ વર્ષે છોડી દીધું. આહાહા..! અંદર ધૂળેય નથી. દુનિયા રાજી રાજી થઈ જાય જાણે. વર્ષે બે-પાંચ લાખની પેદાશ દેખે... ઓહોહો..! અમે સુખી છીએ. દુઃખી છે.

મુમુક્ષુ :– આપણા બાપ-દાદા પાસે નહોતું.

ઉત્તર :– બાપ-દાદા પાસે નહોતું અને આની પાસે હતું તો એની પાસે ક્યાં રહ્યું છે? એની પાસે તો મમતા આવી છે. આહાહા..! 'માણેકચંદભાઈ' પાસે પૈસા નહોતા અને 'રામજીભાઈ' પાસે પૈસા આવ્યા. એ પૈસા ક્યાં આવ્યા એ તો મમતા આવી છે. હવે પાછું મકાન વેચીને 'ચેતન'ને સોંપી દીધું. કોનું મકાન અને કોના કાંઈ...? આહાહા..! અરે..રે..! દયા, દાનનો વિકલ્પ પણ ઉત્પન્ન થાય એ આત્માનો નહિ. આત્મા એને જાણે એમ પણ

નથી. આહાહા..! આત્મા આત્માને જાણે એવો ભેદ પાડવો એ પણ નથી.

આત્મા જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ, એમાં દૃષ્ટિ લગાવી અનુભવ થવો એ ધર્મની પહેલી સીડી છે, ધર્મનું પહેલું પગથિયું એ છે. બાકી બધા મીંડા છે. આહાહા..! આ પુસ્તક તો ઘણા બહાર પડ્યા. બાવીસ લાખ પુસ્તક બહાર પડ્યા છે. અહીંથી બાવીસ લાખ પુસ્તક. આઠ લાખ તો 'જયપુર'થી બહાર પડ્યા છે. ત્રીસ લાખ છપાણા છે. હવે સાત લાખ 'મુંબઈ'થી છપાશે. એક પુસ્તક આવ્યું છે. બીજા સાત લાખ બહાર પડશે. પ્રચાર તો ચારેકોર થઈ ગયો છે પણ અંદર બેસવું... આહાહા..!

અહીં તો કહ્યુંને? ખડી-કલઈ ભીંતને અડતી નથી. આહાહા..! રંગ ટોપીને અડતો નથી. રંગ રંગમાં છે, ટોપી ટોપીમાં છે. આહાહા..! વસ્તુની સ્થિતિ એવી ત્રિલોકના નાથ તીર્થંકરદેવ, અનંત પરમાત્મા તીર્થંકરો આમ કહી ગયા છે અને આમ કહે છે. મહાવિદેહમાં અત્યારે કહે છે. 'સીમંધરસ્વામી' ભગવાન સાક્ષાત્ બિરાજે છે. સભામાં વાઘ, સિંહ, ઇન્દ્ર, દેવ બધા ત્યાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- આપણે જવાનું...

ઉત્તર :- ત્યાં જઈને શું કરવું છે? આત્મામાં જાવું છે. ત્યાં પણ અનંતવાર જઈ આવ્યો છો. અનંત પુદ્ગલપરાવર્તન કર્યા. મહાવિદેહમાં અનંતા પુદ્ગલપરાવર્તન, એક પુદ્ગલ પરાવર્તનમાં અનંતમાં ભાગમાં અનંતા ભવ. આહાહા..!

મુમુક્ષુ :- તે વખતે આપનો ઉપદેશ સાંભળ્યો નહોતો. હવે આપને સાંભળીને જાય તો ફેર.

ઉત્તર :- જન્મ લે એમાં શું થયું. જન્મ તો અહીં લીધો. ચિદાનંદપ્રભુ હું છું એવી ઉત્પત્તિ કરવી એ જન્મ છે. હું તો આનંદનો નાથ સચ્ચિદાનંદ જ્ઞાતા જાણનાર હું છું, હું એક કણનો પણ ફેરફાર કરનાર નથી, કીડીને બચાવનાર હું નહિ, આંખની પાપણ હલાવનાર હું નથી. આહાહા..! આવો પ્રભુનો માર્ગ છે.

વીતરાગદેવ જિનેશ્વરદેવ પરમાત્મા ગણધરો અને ઇન્દ્રોની વચ્ચે આ કહેતા હતા એ વાત છે. આ વાત ત્યાં મહાવિદેહક્ષેત્રમાં ચાલે છે. આહાહા..! ત્યાં હતા. હું ત્યાં હતો ત્યાંથી અહીં આવ્યો છું. દેહ છૂટવાના વખતે પરિણામ એવા આવ્યા કે સરખા પરિણામ રહ્યા નહિ, નહિતર રાજકુમાર હતા, અબજોની પેદાશ હતી, હાથી-ઘોડા હતા. મહાવિદેહમાં મરતા પરિણામ એવા થયા કે 'ઉમરાળા'માં જન્મ થઈ ગયો. અહીંથી અગિયાર માઈલ દૂર કાઠિયાવાડમાં આવી જન્મ્યા. બહેન પણ ત્યાં હતા. આહાહા..! એમાં ક્ષેત્ર શું કરે?

અંતર ભાવભગવાન નિજ પરમાત્મતત્ત્વસ્વરૂપ, એની દૃષ્ટિ અને જ્ઞાન વિના એમાં રમણતા કદી થતી નથી. તો પહેલાવહેલા સમ્યગ્દર્શન જ જ્યાં નથી ત્યાં ધર્મ ક્યાં છે? આહાહા..! એ કીધું ને? એકાદશપદી **'શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે. તેમ જ ભવભયભીરુ,...'**

ભવભયભીરુ. આહાહા..! અરે..રે..! અહીંથી ક્યાં જાશે? દેહ છૂટી જશે પણ આત્મા તો નિત્ય છે. દેહ છૂટીને આત્મા ક્યાં અવતરશે? આહાહા..! એવો જેને ભવના ભયનો ડર છે. હું આત્મા છું એ તો અનાદિઅનંત છું. દેહ તો છૂટી જવાનો છે. આની રાખ થઈ જવાની. તો એ આત્મા જશે ક્યાં? આહાહા..! એનો તો કાંઈ નાશ થવાનો નથી. અવિનાશી નિત્ય છે. એ પરમાણુ કાંઈ નાશ થતા નથી. પરમાણુની પર્યાય પલટે છે. આહાહા..! શરીરની પર્યાય પલટે છે. આ પર્યાય આવી છે તે એ રાખની પર્યાય થશે. વસ્તુ કાંઈ નાશ પામે છે? આહાહા..! આ દેહ છૂટ્યા પછી ક્યાં જશે? એનું અસ્તિત્વ ક્યાં રહેશે એની ખબર નથી. આત્મા કાંઈ કરતો નથી. હું કોણ છું? એની કોઈ દરકાર નહિ ને આ દુનિયાની દરકાર. બાયડી, છોકરા, કુટુંબ, ધંધા. પાપના ધંધા. આખો દિ' પાપ એકલું પાપ. આહાહા..!

અહીં કહે છે કે સાચા શ્રાવક છે એ તો શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે. '**તેમ જ ભવભયભીરુ, પરમનૈષ્કર્મ્યવૃત્તિવાળા...**' મુનિ. આહાહા..! પરમનૈષ્કર્મ્યવૃત્તિ. પુણ્યની ક્રિયા રહિત. મહાવ્રતના પરિણામ એ રાગ છે એનાથી રહિત. આહાહા..! પરમનૈષ્કર્મ્યવૃત્તિવાળા. ભાષા જુઓ! કેવા છે જૈનમુનિ? ક્રિયાકાંડના વિકલ્પથી રહિત છે. આહાહા..! અંદર છે કે નહિ? '**પરમનૈષ્કર્મ્યવૃત્તિવાળા...**' પંચમહાવ્રતાદિના પરિણામની ક્રિયા એ તો રાગ છે. એનાથી રહિત નૈષ્કર્મ્યવૃત્તિવાળા. આહાહા..! પાંચ સમિતિ ને ગુપ્તિ ને આહાર ને પાણી લેવા, દેવા એ તો બધી ક્રિયા છે, રાગ (છે). નૈષ્કર્મ્ય અંદર ચૈતન્યમૂર્તિમાં રહેવું, ક્રિયાકાંડથી રહિત અંદરમાં જવું. એવા '**(પરમ નિષ્કર્મ પરિણતિવાળા) પરમ તપોધન...**' પરમ તપોધન મુનિ. આહાહા..! નગ્ન મુનિ જંગલમાં વસનારા, અંદર આત્માનું ધ્યાન કરનારા. આહાહા..! અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું આરાધન કરનારા. તેને અહીંયાં મુનિ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– ધન તો છે. તપોધન કીધા ને મુનિને.

ઉત્તર :– તપોધન-તપરૂપી ધન. આત્માના આનંદ અને શાંતિરૂપી ધન. આ ધૂળ નહિ. પૈસા તો ધૂળ છે. માટી છે, ધૂળ છે. આ તો તપોધન. અંદર ઇચ્છાનો નિરોધ કરીને આનંદ પ્રગટ કરે એ આનંદ ધન છે. તપોધન. તપ-ઇચ્છા નિરોધ કરીને અંદર આનંદમાં ઉગ્રતા લાવવી, ચારિત્રસહિત આનંદની વૃદ્ધિ કરવી એનું નામ અહીં તપોધન કહે છે. એ તપધન છે. બાકી બધા થોથા છે. આહાહા..!

'**પરમ તપોધનો પણ (શુદ્ધ) રત્નત્રયની ભક્તિ કરે છે.**' મુનિ પણ અંદર શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરે છે. પંચમહાવ્રતના વિકલ્પ એ નહિ. એને તો જાણે છે. જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. અંતર શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરે તેને સાચા મુનિ કહીએ. આનંદને પર્યાયમાં પ્રગટ કરી રમવું એ રત્નત્રયની ભક્તિ છે. આહાહા..! વાતે વાતે ફેર, શબ્દે શબ્દે ફેર. માન્યું હોય કાંઈક ને નીકળે કાંઈક. અનાદિ કાળથી રખડે છે. મરી રખડે છે. આહાહા..! નરક ને નિગોદના અવતાર કરીને. આહાહા..! એક અંતર્મુહૂર્તમાં, એક શ્વાસમાં અઢાર ભવ

નિગોદના–આ લસણ ને ડુંગળી. ડુંગળીને શું કહે? પ્યાજ. એક શ્વાસમાં અઢાર ભવ. એમાં અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ ભવ. એવા અનંતવાર કર્યા. આહાહા..! વિચાર કે દિ' કર્યો છે?.

અંતર્મુહૂર્ત–બે ઘડી. બે ઘડીમાં નિગોદ લીલ, ફૂગ, કાય. પાણીમાં કાય થાય છે ને? અને આ લસણ અને ડુંગળી. આહાહા..! એમાં જન્મ લઈને એક શ્વાસમાં અઢાર ભવ, અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ ભવ. આહાહા..! ગજબ વાત છે. વિચાર કે દિ' કર્યો છે? એ તો આ બધું હો-હા, હો-હા, હો-હા... મરીને જવાના ત્યાં. આહાહા..! બે ઘડીની અંદર નિગોદના, ડુંગળીના ભવ. ૬૬૩૩૬ એટલા ભવ કર્યા એમ ભગવાનનો પાઠ છે. ભગવાનના શ્રીમુખે આવ્યું એમાં એટલા ભવ એમણે કહ્યા છે. એમ એકવાર નહિ, અનંતવાર ત્યાં જન્મ્યો અને મર્યો. ઓહોહો..! અનંતકાળ વીતી ગયો. અનંત... અનંત... અનંત..... અનંત... આદિ વિનાનો કાળ. ક્યાં રહ્યો એની એને ખબર નથી. ખબર નથી કે હું અહીંથી ક્યાં જઈશ? આ દેહ છોડીને ક્યાં જઈશ? કાંઈ ખબર ન મળે. ભાન ન મળે. આહાહા..! આત્મા તો નિત્ય છે. દેહનો નાશ થશે. આત્માનો નાશ થશે? દેહનો પણ નાશ નથી. દેહના પરમાણુની પર્યાય બીજા પરમાણુ રૂપે થાય એનું નામ નાશ. પરમાણુનો ક્યાં નાશ થાય છે? દેહરૂપે પરમાણુ છે એ રાખરૂપે થાય એને નાશ કહેવામાં આવે છે. પરમાણુનો નાશ નથી થતો. આહાહા..! એમ આત્માનો નાશ નથી થતો. એક ભવમાંથી બીજા ભવમાં કે ત્રીજા ભવમાં (જાય) એમ અનંતભવ (કર્યા). આહાહા..! પાણી ઉતરી જાય એવું છે.

અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ ભવ. મરે ને ઊપજે... મરે ને ઊપજે... મરે ને ઊપજે... મરે ને ઊપજે... આહાહા..! અંતર્મુહૂર્તમાં ૬૬ હજાર વાર જન્મે અને મરે. નિગોદમાં લીલ-ફુગમાં. લીલ-કાય, લસણ, ડુંગળી. આહાહા..! કાંદા, મૂળા. મૂળા હોય છે ને? મૂળાનો સફેદ કંદ. એમાં પણ અનંતકાય છે. એના પાંદડામાં અસંખ્ય (શરીર) છે. પણ અંદર છે એમાં એક કટકીમાં અનંત જીવ છે. ત્યાં એક શ્વાસમાં અઢાર ભવ કર્યા. અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ ભવ કર્યા. આહાહા..! અત્યાર સુધી રહ્યો ક્યાં? અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... આહાહા..! આત્મા છે કે નહિ? છે તો રહ્યો ક્યાં? એણે ક્યાં વિચાર કર્યા છે? આહાહા..! મૂંઢપણે પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા ભેગા થયા, રળે તો જાણે અમે જીત્યા. મરીને નિગોદમાં જવાના. આહાહા..! આકરી વાત છે, પ્રભુ!

ગયો કાળ અનંત ગયો. એ અનંતનો આદિ છે? કે આના પછી... આના પછી... આના પછી... આના પછી... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... આદિ વિનાના અનંત અનંત ભવ કર્યા. આહાહા..! એને છૂટવા માટે આ એક જ રસ્તો છે. આ આત્માનો અંદર અનુભવ થવો. આહાહા..! રાગ અને દયા, દાનનો ભાવ છોડીને અંતર આત્માના આનંદનો અનુભવ થવો એ જ એક ધર્મ છે. બાકી બીજા ધર્મ નથી. લોકોએ ભરમાવીને લોકોને ભ્રમમાં નાખી દીધા. આહાહા..! અનુભવ પ્રકાશ નામ આપ્યું છે ને. 'પ્રેમચંદ'ની છોકરી. છોકરો .. એનો

અનુભવ પ્રકાશ. છોકરો નાનો દસ મહિનાનો. આહાહા..! નામ તો આપ્યું પણ... આહાહા..!

ગયા કાળમાં અનંતકાળ ક્યાં રહ્યો, પ્રભુ! તેં કદી વિચાર કર્યો છે? આહાહા..! નરક અને નિગોદમાં અનંતભવ ગયા. અને જ્યાં સુધી મિથ્યાત્વ છે ત્યાં સુધી અનંતભવ કરશે. આહાહા..! મિથ્યાત્વથી વિરુદ્ધ પ્રકૃત્તિ, આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તપોધન પણ કરે છે. શ્રાવક તો અંતરનું ધ્યાન કરે છે પણ મુનિ પણ... છે ને? **'(પરમ નિષ્કર્મ પરિણતિવાળા) પરમ તપોધનો પણ (શુદ્ધ) રત્નત્રયની ભક્તિ કરે છે.'** આહાહા..! એ પંચમહાવ્રત પાળે છે એમ નહિ. નગ્ન નહિ. એ કોઈ મુનિપણું નથી. અંતર આનંદસ્વરૂપની ભક્તિ કરે છે. અતીન્દ્રિય આનંદની રમતમાં રમે એનું નામ મુનિ છે. આહાહા..!

એ કહ્યું ને? **'ભવભયભીરુ, પરમનૈષ્કર્મ્યવૃત્તિવાળા...'** ક્રિયાકાંડની વૃત્તિથી રહિત. આહાહા..! **'(પરમ નિષ્કર્મ પરિણતિવાળા) પરમ તપોધનો...'** અંતરમાં આનંદમાં રમનારા. આહાહા..! એ **'પણ (શુદ્ધ) રત્નત્રયની ભક્તિ કરે છે.'** એ અંતરના આનંદની ભક્તિ કરે છે. આહાહા..! આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ ચિદાનંદ, સત્ ચિદાનંદ–જ્ઞાન અને આનંદ પ્રભુ છે. એનું અસ્તિત્વ આત્માની મોજૂદગી, હયાતી, અતીન્દ્રિય આનંદ, જ્ઞાનાદિ ગુણના સ્વભાવની હયાતી છે. રાગ-દ્વેષનો તો નાશ થાય છે. થાય છે અને નાશ પામે છે અને રખડે છે. એની મૂળ હયાતી તો આ છે. મુનિ એની ભક્તિ કરે છે તો મુનિ કહેવાય છે. આહાહા..! પંચમહાવ્રત કે નગ્નપણું લઈ લે તો એ મુનિ છે એમ નથી. આહાહા..!

**'તે પરમ શ્રાવકો અને પરમ તપોધનોને...'** આહાહા..! એ પરમ શ્રાવક. જોયું! અંતરના ધ્યાનમાં, અંતરના આનંદના ધ્યાનમાં આચરણ કરનારા. આહાહા..! **'તે પરમ શ્રાવકો અને પરમ તપોધનોને જિનવરોએ કહેલી...'** જિનવર ત્રિલોકનાથ જૈનપરમેશ્વરે કહેલી **'નિર્વાણભક્તિ...'** આહાહા..! શ્રાવકને નિર્વાણભક્તિ કીધી. આહાહા..! જિનવરોએ કહેલી. જિનવરોએ પણ.. શ્રાવક જે અંતર આનંદમાં રહે, અતીન્દ્રિય આનંદની અંદર દૃષ્ટિ કરીને રમે છે તેને જિનવરોએ કહેલી ભક્તિ હોય છે. છે? આહાહા..!

**'જિનવરોએ કહેલી નિર્વાણભક્તિ–અપુનર્ભવરૂપી સ્ત્રીની સેવા–'** અપુનર્ભવ ભવ જ નહિ હવે. આહાહા..! **'અપુનર્ભવરૂપી સ્ત્રી સેવા–વર્તે છે.'** આહાહા..! એ તો અંતર અપુનર્ભવના પરિણામ વર્તે છે. ભવ કરે એવા પરિણામ એમાં છે જ નહિ. આહાહા..! અતીન્દ્રિય આનંદના પરિણામ, જેને ભવ નથી એ અપુનર્ભવમાં જ રમે છે. ભવ કરવાનો જે ભાવ છે એને છોડી દે છે. આહાહા..! શ્રાવક અને મુનિ બેયને આવી ભક્તિ હોય છે. એનું નામ સાચી ભક્તિ કહેવામાં આવે છે. આહાહા..! આ તો ભગવાનની ભક્તિ સવારમાં પૂજા કરે અને સ્વાહા.. સ્વાહા.. સ્વાહા.. થઈ ગઈ ભક્તિ. ધૂળમાં પણ નથી. શુભભાવના પણ ઠેકાણા નથી તો શુદ્ધની ભક્તિ તો છે જ ક્યાં? આહાહા..!

નિર્વાણભક્તિ. શ્રાવકને પણ, પહેલી પડિમાવાળાને પણ નિર્વાણભક્તિ છે, એમ કહ્યું.

એમ કહ્યું ને? સમ્યગ્દૃષ્ટિ અનુભવી આનંદનો અનુભવ કરનાર સમ્યગ્દૃષ્ટિ પ્રથમ પાંચમે ગુણસ્થાને છે એ પણ નિર્વાણની ભક્તિ કરે છે, મોક્ષની ભક્તિ કરે છે. આહાહા..! અંદર છે કે નહિ? આ જિનવરની વાણી છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મા બિરાજે છે. એમની આ વાણી છે. ત્યાંથી આવેલા. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા. આઠ દિ' રહ્યા. ત્યાંથી આવીને આ બનાવ્યું. એમાં આ જે છે 'નિયમસાર' એ તો મુનિરાજ કહે છે કે મેં તો મારા માટે બનાવ્યું છે. 'કુંદકુંદાચાર્ય'. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો જૈનધર્મોસ્તુ મંગલં.' એ 'કુંદકુદાચાર્ય' કહે છે કે મેં તો મારા માટે આ બનાવ્યું છે. આહા..! છેલ્લે ૧૮૭ (ગાથામાં કહે છે). આહાહા..! મારી ભાવના માટે 'णियभावणाणिमित्तं मए कदयिमसारणामसुदं' આહાહા..! 'નિયમસાર'.

મુમુક્ષુ :– એમણે તો મૂળ ગાથા કરી છે. ટીકા તો...

ઉત્તર :– મૂળ ગાથા છે ને. અને મૂળ ગાથાનો વિસ્તાર કર્યો ટીકાકારે. ટીકામાં ભાવ છે એનો વિસ્તાર કર્યો. આહાહા..! 'પદ્મપ્રભમલધારિદેવ' એક જ મળ્યા એની ટીકા કરનારા. બીજા કોઈ ટીકા કરનાર મળ્યા પણ નહિ પાછા. આહાહા..! દિગંબર સંત વનમાં વસનારા, સિદ્ધ સાથે વાતું કરનારા. એવી ચીજ છે એ. આહાહા..!

---

**'(હવે આ ૧૩૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે:)'**

## શ્લોક–૨૨૦

(मंदाक्रांता)

**सम्यक्त्वेऽस्मिन् भवभयहरे शुद्धबोधे चरित्रे**
**भक्ति कुर्यादनिशमतुलां यो भवच्छेददक्षाम्।**
**कामक्रोधाद्यखिलदुरधव्रातनिर्मुक्तचेताः**
**भक्तो भक्तो भवति सततं श्रावकः संयमी वा।।२२०।।**

**[શ્લોકાર્થ :–] જે જીવ ભવભયના હરનારા આ સમ્યક્ત્વની, શુદ્ધ જ્ઞાનની અને ચારિત્રની ભવછેદક અતુલ ભક્તિ નિરંતર કરે છે, તે કામક્રોધાદિ સમસ્ત દુષ્ટ પાપસમૂહથી મુક્ત ચિત્તવાળો જીવ–શ્રાવક હો કે સંયમી હો–નિરંતર ભક્ત છે, ભક્ત છે. ૨૨૦.**

## શ્લોક–૨૨૦ ઉપર પ્રવચન

શ્લોક ૨૨૦.

**सम्यक्त्वेऽस्मिन् भवभयहरे शुद्धबोधे चरित्रे**
**भक्ति कुर्यादनिशमतुलां यो भवच्छेददक्षाम्।**
**कामक्रोधाद्यखिलदुरघव्रातनिर्मुक्तचेताः**
**भक्तो भक्तो भवति सततं श्रावकः संयमी वा।।२२०।।**

**શ્લોકાર્થ** :- આહાહા..! **'જે જીવ ભવભયના હરનારા આ સમ્યક્ત્વની, શુદ્ધ જ્ઞાનની અને ચારિત્રની ભવછેદક...'** આહાહા..! ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એની અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર, અતીન્દ્રિય આનંદનો સ્વાદ જેને આવ્યો એ આત્માની ભક્તિ કરે છે. આહાહા..! **'જે જીવ ભવભયના હરનારા આ સમ્યક્ત્વની, શુદ્ધ જ્ઞાનની અને ચારિત્રની...'** આચરણ હતું ને માથે? એ **'ભવછેદક અતુલ ભક્તિ...'** ભવના નાશ કરનારી અતુલ, જેને ઉપમા ન આપી શકાય એવી અતુલ ભક્તિ **'નિરંતર કરે છે,...'** આહાહા..! **'તે કામક્રોધાદિ સમસ્ત દુષ્ટ પાપસમૂહથી મુક્ત ચિત્તવાળો જીવ–'** આહાહા..! પુણ્ય અને પાપથી રહિત અંતર આનંદસ્વરૂપમાં લીનતા કરનારા શ્રાવક અને મુનિ છે.

**'શ્રાવક હો કે સંયમી હો–નિરંતર ભક્ત છે, ભક્ત છે.'** આહાહા..! બે વાર અવાજ કર્યો. આહાહા..! અંતર આનંદસ્વરૂપમાં જે ભક્તિ કરે છે એ શ્રાવક કે મુનિ સાચા ભક્ત છે, ભક્ત છે. બાકી બધા નામધારી છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૩૫

**मोक्खंगयपुरिसाणं गुणभेदं जाणिऊण तेसिं पि।**
**जो कुणदि परमभत्तिं ववहारणयेण परिकहियं।।१३५।।**

मोक्षगतपुरुषाणां गुणभेदं ज्ञात्वा तेषामपि।
यः करोति परमभक्तिं व्यवहारनयेन परिकथितम्।।१३५।।

व्यवहारनयप्रधानसिद्धभक्तिस्वरूपाख्यानमेतत्।

ये पुराणपुरुषाः समस्तकर्मक्षयोपायहेतुभूतं कारणपरमात्मानमभेदानुपचाररत्नत्रयपरिणत्या सम्यगाराध्य सिद्धा जातास्तेषां केवलज्ञानादिशुद्धगुणभेदं ज्ञात्वा निर्वाणपरंपराहेतुभूतां परमभक्तिमासन्नभव्यः करोति, तस्य मुमुक्षोर्व्यवहारनयेन निर्वृत्तिभक्तिर्भवतीति।

**વળી મોક્ષગત પુરુષો તણો ગુણભેદ જાણી તેમની**
**જે પરમ ભક્તિ કરે, કહી શિવભક્તિ ત્યાં વ્યવહારથી. ૧૩૫.**

**અન્વયાર્થ :– [ यः ] જે જીવ [ मोक्षगतपुरुषाणाम् ] મોક્ષગત પુરુષોનો [ गुणभेदं ] ગુણભેદ [ ज्ञात्वा ] જાણીને [ तेषाम् अपि ] તેમની પણ [ परमभक्ति ] પરમ ભક્તિ [ करोति ] કરે છે, [ व्यवहारनयेन ] તે જીવને વ્યવહારનયે [ परिकथितम् ] નિર્વાણ ભક્તિ કહી છે.**

**ટીકા :– આ, વ્યવહારનયપ્રધાન સિદ્ધભક્તિના સ્વરૂપનું કથન છે.**

**જે પુરાણ પુરુષો સમસ્તકર્મક્ષયના ઉપાયના હેતુભૂત કારણપરમાત્માને અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિથી સમ્યક્‌પણે આરાધીને સિદ્ધ થયા તેમના કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના ભેદને જાણીને નિર્વાણની પરંપરાહેતુભૂત એવી પરમ ભક્તિ જે આસન્નભવ્ય જીવ કરે છે, તે મુમુક્ષુને વ્યવહારનયે નિર્વાણભક્તિ છે.**

---

**પ્રવચન નં. ૧૫૩, શ્લોક--૨૨૧-૨૨૫, ગાથા-૧૩૫, શુક્રવાર, જ્યેષ્ઠ સુદ ૧, તા.૧૩-૦૬-૮૦**

---

૧૩૫ ગાથા.

**मोक्खंगयपुरिसाणं गुणभेदं जाणिऊण तेसिं पि।**
**जो कुणदि परमभतिं ववहारणयेण परिकहियं।।१३५।।**

'**तेसिं पि**' માં જોર છે. પહેલા નિશ્ચય છે અને આની પણ કરે છે. નિશ્ચય ભક્તિ તો છે એની સાથે વ્યવહાર. '**तेसिं पि**' તેની પણ.

**વળી મોક્ષગત પુરુષો તણો ગુણભેદ જાણી તેમની**
**જે પરમ ભક્તિ કરે, કહી શિવભક્તિ ત્યાં વ્યવહારથી. ૧૩૫.**

**ટીકા :-** '**જે પુરાણ પુરુષો...**' થઈ ગયા. પુરાણપુરુષો થઈ ગયા. '**સમસ્તકર્મક્ષયના ઉપાયના હેતુભૂત...**' સમસ્ત કર્મના ક્ષયના ઉપાયના હેતુભૂત '**કારણપરમાત્માને અભેદઅનુપચાર-રત્નત્રયપરિણતિથી...**' આહાહા..! માર્ગ આ છે. નિશ્ચય આ છે. પુરાણપુરુષો અનંત થઈ ગયા એણે સર્વ કર્મક્ષયના ઉપાયના હેતુભૂત કારણપરમાત્માને અભેદઅનુપચાર-ઉપચાર નહિ, નિશ્ચયરત્નત્રય પરિણતિ એ '**સમ્યક્‌પણે આરાધીને સિદ્ધ થયા...**' આમાં વ્યવહાર નાખ્યો નથી. અનંતા સિદ્ધ થયા એ નિશ્ચયથી સિદ્ધ થયા છે. આહાહા..! કારણપરમાત્માને સેવીને. પોતાનો જે આત્મા ત્રિકાળી કારણભગવાન, તેને અભેદ રીતે સમ્યક્ પ્રકારે અનુપચાર રત્નત્રયપરિણતિથી આરાધીને સિદ્ધ થયા. એટલે અત્યાર સુધી સિદ્ધ થયા એની રીત પણ મુકી કે રીત તો આ છે. વ્યવહાર પછી આવે. પૂર્ણ નથી એને '**तेसिं पि**' એટલે તે નિશ્ચયવાળાને

પણ પૂર્ણ ન હોય ત્યારે, રાગ હોય ત્યારે આવે છે. એકલા વ્યવહારરત્નત્રયની અહીંયાં વાત નથી. એવા પુરુષો સમ્યક્‌પણે આરાધીને સિદ્ધ થયા.

**'તેમના કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના ભેદને જાણીને...'** આહાહા..! સિદ્ધ ભક્તિ છે ને? ભેદની, વ્યવહાર. **'કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના ભેદને જાણીને નિર્વાણની પરંપરાહેતુભૂત...'** મોક્ષના પરંપરા હેતુભૂત વ્યવહાર. પણ જેને નિશ્ચય છે એને આ વ્યવહારની વાત છે. **'નિર્વાણની પરંપરાહેતુભૂત એવી પરમ ભક્તિ જે આસન્નભવ્ય જીવ કરે છે,...'** (જેનો) નજીક સંસાર છે, મોક્ષ પામવાની તૈયારી છે એવા જીવો કરે છે. **'તે મુમુક્ષુને વ્યવહારનયે નિર્વાણભક્તિ છે.'** વ્યવહારનયથી (નિર્વાણભક્તિ છે.) નિશ્ચય છે પણ પૂર્ણ નથી એટલે વ્યવહારનો વિકલ્પ છે. એથી પુરાણ પુરુષો જે સિદ્ધ થઈ ગયા એની પોતે ભક્તિ કરે છે. એકલા વ્યવહારની વાત નથી. વ્યવહારથી થાય, ભગવાનની ભક્તિથી મુક્તિ થાય એમ નથી.

તેથી તો એમ લીધું કે **'પુરાણ પુરુષો સમસ્તકર્મક્ષયના ઉપાયના હેતુભૂત કારણપરમાત્માને અભેદઅનુપચાર-રત્નત્રયપરિણતિથી સમ્યક્‌પણે આરાધીને...'** આહાહા..! એકલો ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ સ્વરૂપ, એને આરાધીને, એને પકડીને એની સેવના અંદર એકાગ્ર કરીને મુક્તિને પામ્યા છે. આહાહા..! એની પરંપરા હેતુભૂત, એવી પરમભક્તિ જે વ્યવહાર એ આસન્નભવ્ય જીવ કરે છે. એ આસન્નભવ્ય પાછા લીધા. ઓલામાં **'तेसिं पि'** હતું ને? તે સમકિતીને પણ આ વ્યવહાર ભકિત છે. આ એકલા આસન્નભવ્ય જીવ કરે છે. આહાહા..! પોતાના આત્માનું અંતર કારણપરમાત્માની તો સેવા ને આરાધના છે પણ રાગ બાકી છે તેથી જીવો, આસન્નભવ્યજીવ, અલ્પકાળે જેને મુક્તિ છે એ મુમુક્ષુને વ્યવહારનયે નિર્વાણ ભક્તિ છે. આમાં પાછા વ્યવહારમાં વાંધા કાઢે કે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય.

મુમુક્ષુ :– વ્યવહારનો અભાવ કરીને થાય.

ઉત્તર :– વ્યવહાર આવે છે.

અહીં તો ફક્ત એટલું સિદ્ધ કરવું છે કે જે મોક્ષગત પુરુષો છે તેને જાણીને **'तेसिं पि''** પોતાની (ભક્તિ) તો કરે છે પણ તેની પણ કરે છે એમ લીધું. નિશ્ચય સાથે વ્યવહારની વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો વાદવિવાદે પાર પડે એવું નથી. સ્વઆશ્રય વિના ત્રણકાળમાં મુક્તિ નથી. એક જ સિદ્ધાંત. સમકિત પણ સ્વઆશ્રયે, સમ્યગ્જ્ઞાન પણ સ્વઆશ્રયે, સમ્યક્‌ચારિત્ર સ્વઆશ્રયે, શુક્લધ્યાન સ્વઆશ્રયે, કેવળજ્ઞાન સ્વઆશ્રયે, સિદ્ધ પણ સ્વઆશ્રયે. આહાહા..! અનાદિનો એક જ નિયમ. જ્યાં સુધી એની અંદર રહી શકે નહિ અને પૂર્ણ ન હોય તેને પણ આવી એક ભક્તિ વ્યવહારની સિદ્ધની આવે એવી વાત અહીંયાં જણાવવી છે. પણ એ પરંપરા હેતુ કીધું એનો અર્થ એ. એ અશુભથી ટળે છે અને પછી શુભને ટાળશે અને સ્વરૂપમાં રમણતા કરશે ત્યારે મુક્તિ થશે. પરંપરા હેતુ કીધીને? એકલી પરંપરા હેતુભૂત નહિ. નિશ્ચયની જેને ખબર નથી, ચૈતન્યવસ્તુની ખબર નથી એને પરંપરા

હેતુભૂત નહિ. આહાહા..! છે ને?

જેના **'કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના ભેદને જાણીને...'** જાણીને જ્ઞાન કરે છે. **'નિર્વાણની પરંપરાહેતુભૂત એવી પરમ ભક્તિ...'** આહાહા..! વ્યવહારને પણ અહીંયાં પરમભક્તિ કીધી. આહાહા..! પરમભક્તિ. વિષય પરમ ભક્તિનો છે ને? માથે નામ જ એનું એ છે ને. પરમભક્તિ અધિકાર. એટલે નિશ્ચય જ્યાં આત્માનો આનંદ, નિર્વિકલ્પ રાગ વિનાનો ચૈતન્ય આનંદકંદ પ્રભુ, એનો અનુભવ કરે, એને બાકી રહેલા રાગમાં જે અનંતા સિદ્ધો અભેદ અનુપચારથી જે મુક્તિ પામ્યા, તેની પોતે ભક્તિ કરે શુભરાગની. એટલી અહીંયાં વાત છે. આહાહા..!

**'(હવે આ ૧૩૫ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ છ શ્લોકો કહે છે :)'**

આહાહા..!

## શ્લોક-૨૨૧

(अनुष्टुभ्)

उद्धूतकर्मसंदोहान् सिद्धान् सिद्धिवधूधवान्।
संप्राप्ताष्टगुणैश्वर्यान् नित्यं वन्दे शिवालयान्।।२२१।।

**[શ્લોકાર્થ :–] જેમણે કર્મસમૂહને ખંખેરી નાખ્યો છે, જેઓ સિદ્ધિવધૂના (મુક્તિરૂપી સ્ત્રીના) પતિ છે, જેમણે અષ્ટ ગુણરૂપ ઐશ્વર્યને સંપ્રાપ્ત કર્યું છે અને જેઓ કલ્યાણનાં ધામ છે, તે સિદ્ધોને હું નિત્ય વંદું છું. ૨૨૧.**

## શ્લોક-૨૨૧ ઉપર પ્રવચન

उद्धूतकर्मसंदोहान् सिद्धान् सिद्धिवधूधवान्।
संप्राप्ताष्टगुणैश्वर्यान् नित्यं वन्दे शिवालयान्।।२२१।।

**શ્લોકાર્થ :- 'જેમણે કર્મસમૂહને ખંખેરી નાખ્યો છે,...'** આહાહા..! વ્યવહારની ભાષા છે. બાકી સ્વરૂપમાં ઠરે છે ત્યાં એ વસ્તુ ખરી જાય છે. કર્મની પર્યાયપણે છે, એ આત્મા તરફ જ્યાં અંદર સ્થિર થાય છે એ કર્મપણે પર્યાય છે તે અકર્મપણે પર્યાય થઈ જાય છે. નાશ તો બીજું કાંઈ થાતું નથી. જે કર્મ પર્યાયપણે હતી તે પર્યાય અકર્મપણે થઈ ગઈ. એનું નામ કર્મનો નાશ કર્યો એમ કહેવામાં આવ્યું. આહાહા..! **'જેણે કર્મસમૂહને...'** કર્મના સમૂહ. આઠ કર્મનો ઢગલો. આહાહા..! એને ખંખેરી નાખ્યા છે. ટાળ્યા છે એમ નથી કીધું.

ખંખેરી નાખ્યા છે. જેમ પોંખને આમ ખંખેરી નાખે એમ ખંખેરી નાખ્યા છે. આહાહા..!

**'જેઓ સિદ્ધિવધૂના (મુક્તિરૂપી સ્ત્રીના) પતિ છે,...'** આહાહા..! સિદ્ધ ભગવાનની વાત કરે છે. જે સિદ્ધિરૂપી મુક્તિ, એની જે સ્ત્રી–પરિણતિ એના એ પતિ છે. આહાહા..! **'જેમણે અષ્ટગુણરૂપ ઐશ્વર્યને સંપ્રાપ્ત કર્યું છે...'** જેમણે આઠ ગુણરૂપ ઐશ્વર્યને સંપ્રાપ્ત કર્યું છે. પ્રાપ્ત તો અનંતગુણ કર્યા છે પણ મુખ્ય આઠ વ્યવહારના લીધા. **'અષ્ટ ગુણરૂપ ઐશ્વર્યને સંપ્રાપ્ત કર્યું છે અને જેઓ કલ્યાણના ધામ છે,...'** આહાહા..! 'સ્વયં જ્યોતિ સુખધામ' પરમાત્મા સિદ્ધ કલ્યાણના સ્થાન છે, કલ્યાણના ખેતર–કલ્યાણનું ધામ છે. આહાહા..! **'તે સિદ્ધોને...'** આવી રીતે ઓળખીને નિશ્ચયસહિત **'હું નિત્ય વંદું છું.'** નિત્ય વંદું છું. તો આ તો વ્યવહાર છે. પણ વ્યવહાર વચ્ચે આવે છે. એટલે દરરોજ આવે છે એટલે નિત્ય વંદું છું એમ કહ્યું. દરરોજ આવે છે ને? નિશ્ચયમાં રહી શકતા નથી ત્યારે સાંજ-સવાર પ્રતિક્રમણમાં આવે છે એથી નિત્ય વંદું છું એમ કહેવામાં આવે છે. નિત્યનો અર્થ કાંઈ ચોવીસે કલાક વંદું છું એમ નહિ. પણ હંમેશા સવાર-સાંજ આદિ વંદન કરું છું. આહાહા..! **'હું નિત્ય વંદું છું.'** એવા સિદ્ધોને. છે વ્યવહારની ગાથા. છ શ્લોક લીધા. આહાહા..!

## શ્લોક–૨૨૨

(आर्या)

**व्यवहारनयस्येत्थं निर्वतिभक्तिर्जिनोत्तमैः प्रोक्ता।**
**निश्चयनिर्वतिभक्ती रत्नत्रयभक्तिरित्युक्ता।।२२२।।**

**[શ્લોકાર્થ :–] આ પ્રમાણે (સિદ્ધભગવંતોની ભક્તિને) વ્યવહારનયથી નિર્વાણભક્તિ જિનવરોએ કહી છે; નિશ્ચય-નિર્વાણભક્તિ રત્નત્રયભક્તિને કહી છે. ૨૨૨.**

## શ્લોક–૨૨૨ ઉપર પ્રવચન

૨૨૨.

**व्यवहारनयस्येत्थं निर्वतिभक्तिर्जिनोत्तमैः प्रोक्ता।**
**निश्चयनिर्वतिभक्ती रत्नत्रयभक्तिरित्युक्ता।।२२२।।**

**શ્લોકાર્થ :- 'આ પ્રમાણે (સિદ્ધભગવંતોની ભક્તિને) વ્યવહારનયથી નિર્વાણભક્તિ જિનવરોએ કહી છે;...'** આહાહા..! સિદ્ધ ભગવાનની વ્યવહારે નિર્વાણભક્તિ કીધી છે. **'નિશ્ચય**

**નિર્વાણભક્તિ, રત્નત્રયભક્તિને કહી છે.**' પણ એની સાથે જે નિશ્ચય છે એને નિર્વાણભક્તિ રત્નત્રયભક્તિને કહી છે. આહાહા..! વ્યવહાર કહ્યો ખરો પણ એની સાથે નિશ્ચય છે. આહાહા..! નિશ્ચય સ્વઆશ્રય વિનાની વાત ક્યાંય એકેય ડગલું આગળ નહિ ચાલે. થોડો આમ કષાયને મંદ કરીએ, ફલાણું કરીએ, શાસ્ત્રના જાણપણા કરીએ, એનાથી અંદર જવાશે. એ વસ્તુ તો નિરપેક્ષ છે. આહાહા..! અહીં તો સિદ્ધ ભગવાનની વ્યવહારની ભક્તિવાળાને પણ નિશ્ચય નિર્વાણભક્તિ, રત્નત્રયભક્તિને કહી છે. એની ભક્તિ નિશ્ચયથી અને એને જે સિદ્ધ ભગવંતની (ભક્તિ) છે એ વ્યવહારથી કીધી છે. બેય કીધી. છે? એકલી વ્યવહાર નહિ. આહાહા..!

**'આ પ્રમાણે (સિદ્ધભગવંતોની ભક્તિને) વ્યવહારનયથી નિર્વાણભક્તિ જિનવરોએ કહી છે;...**' વ્યવહાર છે એમ જિનવરોએ કહ્યું છે. '**નિશ્ચય-નિર્વાણભક્તિ રત્નત્રયભક્તિને કહી છે.**' એ તીર્થંકરોએ નિશ્ચય જે મોક્ષની ભક્તિ એ નિર્વાણ રત્નત્રય ભક્તિ પોતાની છે તેને કહી છે. આહાહા..! '**નિશ્ચય-નિર્વાણભક્તિ રત્નત્રયભક્તિને કહી છે.**' નિશ્ચયરત્નત્રય અંતર આશ્રય, સ્વભાવને આશ્રયે અનંતગુણનો સાગર પ્રભુ, એને આશ્રયે જે ભક્તિ થાય તે ભક્તિને નિશ્ચયભક્તિ કીધી છે. સિદ્ધ ભગવાનની ભક્તિને વ્યવહારભક્તિ કીધી છે. આહાહા..!

મુમુક્ષુ :– આ વ્યવહાર-નિશ્ચયનું...

ઉત્તર :– નિશ્ચય છે એને વ્યવહાર કીધો છે. રાગ બાકી છે ને? સાંજ-સવાર ભકિત કરે, પ્રતિક્રમણ કરે એમ આવે છે ને? એમાં વંદન આવે છે. આહાહા..! પણ આ વાત લઈને. નિશ્ચય નિર્વાણભક્તિ રત્નત્રયભક્તિને કહી છે. એ સાથે રાખીને (વ્યવહારની વાત છે). આહાહા..! નિશ્ચય નિર્વાણભક્તિ પોતાની રત્નત્રય ભક્તિ. સિદ્ધની નહિ. આહાહા..! રત્નત્રય પોતાના જે નિશ્ચયરત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એની ભક્તિ તે નિશ્ચય નિર્વાણની ભક્તિ છે. આહાહા..!

મુમુક્ષુ :– આપે બધુંય કાઢી નાખ્યું.

ઉત્તર :– કાઢ્યું. આમ છે, વસ્તુસ્થિતિ આવી છે. સ્વના આશ્રય વિના એક અંશ પણ નિર્મળતા સંવર કે નિર્જરા પ્રગટ નહિ થાય. મોક્ષ તો એકકોર રહ્યો પણ સંવર અને નિર્જરા ભગવાન પૂર્ણાનંદનો નાથ અનંતગુણની રાશિ, અનંતશક્તિનો સંગ્રહાલય, એનો આશ્રય લઈને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય. એ વિના પરને આશ્રયે થાય નહિ. નિશ્ચય થયેલું છે એને વ્યવહાર વચમાં આવે છે. એથી એને પરંપરા કહેવામાં આવે છે. સાક્ષાત્ તો આ છે–નિશ્ચય નિર્વાણભક્તિ એ સાક્ષાત્ છે. અને વ્યવહાર પરંપરા છે એટલે કે એ વ્યવહાર રાગ આવે છે એને છોડીને સ્થિર થશે. હવે આનો અર્થ એવો કરે છે કે વ્યવહાર પરંપરા હેતુ છે. એ નિશ્ચયને પમાડશે. એમ નથી. આહાહા..! ભાષા તો એવી છે. વ્યવહાર નિર્વાણ પરંપરાને પમાડશે જ.

મુમુક્ષુ :– પણ પરંપરાનો અર્થ એનો અભાવ કરીને કે એને રાખીને?

ઉત્તર :– એનો અભાવ કરીને. નિશ્ચય તો છે. પણ અહીં જરી રાગની અસ્થિરતા આવે છે. પછી એનો ત્યાગ થઈને અંદર સ્થિર થશે ત્યારે મુક્તિ થશે. આહાહા..!

મુમુક્ષુ :– પ્રચંડ કર્મકાંડ બળે, આવે છે ને પ્રવચનસારમાં.

ઉત્તર :– કર્મકાંડ સંસાર છે. કર્મકાંડનું જ્ઞાન કરે. 'પ્રવચનસાર'માં કહ્યું છે. 'પ્રવચનસાર'માં છેલ્લો અધિકાર. પ્રચંડ કર્મકાંડથી જ્ઞાનકાંડ પ્રગટ થાય છે. એ તો નિમિત્તથી કથન કર્યું છે. 'પ્રવચનસાર'માં છેલ્લા ભાગમાં છે. પ્રચંડ કર્મકાંડથી નિર્વાણકાંડ, મોક્ષ-જ્ઞાન કાંડ. એ ભાઈએ તો કાઢી નાખ્યું. 'ધર્મદાસ ક્ષુલ્લક' 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં એ વાત લીધી. આ કાઢી નાખ્યું. પ્રચંડ કર્મકાંડથી જ્ઞાનકાંડ છે એ વાત કાઢી નાખી. પ્રચંડ કર્મકાંડને કાઢી નાખી. વ્યવહાર છે એમાં જાણવામાં આવે. વ્યવહાર આવે છે પણ વ્યવહાર આત્માને લાભ કરે છે એમ બિલકુલ નથી. પરંપરા કીધું એ તો એ રાગનો અભાવ કરીને કરશે માટે એને પરંપરા કહ્યું. પણ નિશ્ચય વિના એ રાગ એકલો વ્યવહાર પરંપરા હેતુ થાય એમ ત્રણકાળમાં બને નહિ. આહાહા..!

## શ્લોક–૨૨૩

(आर्या)

निःशेषदोषदूरं केवलबोधादिशुद्धगुणनिलयं।
शुद्धोपयोगफलमिति सिद्धत्वं प्राहुराचार्याः।।२२३।।

**[શ્લોકાર્થ :–] આચાર્યોએ સિદ્ધત્વને નિઃશેષ (સમસ્ત) દોષથી દૂર, કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનું ધામ અને શુદ્ધોપયોગનું ફળ કહ્યું છે. ૨૨૩.**

## શ્લોક–૨૨૩ ઉપર પ્રવચન

૨૨૩.

निःशेषदोषदूरं केवलबोधादिशुद्धगुणनिलयं।
शुद्धोपयोगफलमिति सिद्धत्वं प्राहुराचार्याः।।२२३।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **'આચાર્યોએ...'** આહાહા..! ભગવાને કહ્યું છે તેમ **'આચાર્યોએ સિદ્ધત્વને નિઃશેષ (સમસ્ત) દોષથી દૂર, કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનું ધામ...'** આહાહા..! સિદ્ધ ભગવાન નિઃશેષ દોષથી દૂર. એ નાસ્તિથી લીધું. **'કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનું ધામ...'** એ

અસ્તિ કીધી. આ અસ્તિ અને નાસ્તિ કીધી. દોષથી દૂર એ નાસ્તિ, ગુણો સહિત એ અસ્તિ. આહાહા..! એ **'શુદ્ધ ગુણોનું ધામ અને શુદ્ધોપયોગનું ફળ કહ્યું છે.'** આહાહા..! એ મોક્ષ તે શુદ્ધઉપયોગનું ફળ કહ્યું છે. શુભઉપયોગનું ફળ મોક્ષ નથી. નિર્વાણ સિદ્ધની વ્યવહાર ભક્તિ એ કોઈ મોક્ષનું કારણ નથી. આહાહા..! આટલું સ્પષ્ટ કથન, એના ગોટા વાળીને અર્થ કરવા. આહાહા..!

**'આચાર્યોએ સિદ્ધત્વને નિઃશેષ (સમસ્ત) દોષથી દૂર,...'** નિઃશેષ એટલે સમસ્ત દોષથી દૂર. અને **'કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનું ધામ...'** કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળઆનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંતા ગુણોનું ધામ અને એ શુદ્ધોપયોગનું ફળ. શુભરાગથી મુક્તિ થાય એ ત્રણકાળમાં નહિ. શુભભાવ આવે. વચ્ચે વાત કરી. નિશ્ચયવાળાને **'तेसिं पि'** તેને પણ શુભભાવ આવે પણ એ મુક્તિનું કારણ નથી. આહાહા..! આ **'શુદ્ધોપયોગનું ફળ કહ્યું છે.'** કેવળજ્ઞાન અને પરમાત્મપદ શુદ્ધઉપયોગનું ફળ છે, શુભરાગનું ફળ નહિ. આહાહા..! પંચમહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ વગેરે ક્રિયાકાંડ, એનું ફળ મુક્તિ નથી. એનું ફળ બંધ છે. આહાહા..! ભારે આકરું કામ. અત્યારે તો આ ચાલે. વ્યવહાર સારો, વ્યવહાર કરો. ઓલા 'શ્રુતસાગર' તો વળી ત્યાં સુધી કહે છે, અત્યારે શુભજોગ જ છે. એણે વાત બહાર પાડી છે. અર..ર..! સ્વરૂપની સન્મુખતા થવાને પણ લાયક નહિ, એમ કહ્યું. આહાહા..! શુભજોગ જ અત્યારે છે. અહીં કહે છે કે શુભજોગ એ સંસાર છે. આહાહા..!

**'શુદ્ધોપયોગનું ફળ કહ્યું છે.'** મોક્ષ કેવળજ્ઞાન, કેવળદર્શનાદિ પરમાત્મપદ શુદ્ધોપયોગનું ફળ છે. આહાહા..! શુદ્ધોપયોગમાં શુભ અને અશુભનો અભાવ છે. એકલા ચૈતન્યના અવલંબે, ચૈતન્યના અવલંબે જે ઉપયોગ વેપાર થાય એને અહીંયાં શુદ્ધોપયોગ કહ્યો છે. એકલા ચૈતન્યસ્વરૂપને અવલંબે જે વેપાર થાય તેને અહીંયાં શુદ્ધઉપયોગ કહ્યો છે. એ શુદ્ધઉપયોગ એક જ મુક્તિનું કારણ છે. બાકી કોઈ મુક્તિનું કારણ વ્યવહાર-ફ્વહાર છે નહિ. આહાહા..! છે કે નહિ એમાં? છતાં વાંધા ને વચકા કાઢ્યા કરે. અનાદિનો સ્વભાવ છે.

ભગવાન અંદર ચૈતન્ય પરમેશ્વર પ્રભુ પરમાત્મા બિરાજે છે. એનો આશ્રય લઈને જ સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન થાય છે. બાકી બધા વ્યવહારના કથનો આવે. એ જાણવા માટે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ૧૨મી ગાથા. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. જાણવાલાયક છે. આદરવા લાયક નથી. છે ખરો. વ્યવહાર નથી એમ નહિ. વ્યવહાર નથી એમ નહિ. નિશ્ચય પૂર્ણ ન થાય ત્યાં સુધી વ્યવહાર હોય છે. આહાહા..!

મુમુક્ષુ :– વ્યવહાર તો છઠ્ઠા ગુણસ્થાન સુધી જ હોય ને?

ઉત્તર :– ત્યાં સુધી હોય. કહેવામાં કથન (એમ આવે). આમ તો વ્યવહાર છેક બારમાં સુધી આવે છે. જ્યાં સુધી પૂર્ણ દશા ન થાય ત્યાં સુધી. અહીં બુદ્ધિપૂર્વકમાં છઠ્ઠા સુધી લેવાય. બાકી વ્યવહાર બારમા ગુણસ્થાન સુધી હોય. જ્યાં કેવળજ્ઞાનનો અભાવ છે. આહાહા..!

બારમા ગુણસ્થાન સુધી અશુદ્ધનય કીધી છે. અશુદ્ધનયનો અર્થ વ્યવહારનય કીધી છે. આહાહા..! કારણ કે ત્યાં હજી ચાર કર્મનો અભાવ નથી. વીતરાગતા થઈ છે. હજી કેવળજ્ઞાન થયું નથી. આહાહા..! કોને? બારમા ગુણસ્થાને વીતરાગતા થઈ છે, કેવળજ્ઞાન થયું નથી. તેથી તેને ત્યાં સુધી વ્યવહાર અને અશુદ્ધનય કીધી છે. આહાહા..!

પ્રશ્ન ચાલ્યો છે કે અશુદ્ધનય છે તો અશુદ્ધનયમાં મોક્ષનો માર્ગ ક્યાંથી આવ્યો પાછો? એ અશુદ્ધનય છે ને? શું કીધું સમજાણું કાંઈ? અશુદ્ધ જ્યારે એને કીધું. તમે અશુદ્ધનયને બારમા સુધી (કહી) તો એટલા સુધીમાં અશુદ્ધનયમાં મોક્ષમાર્ગ આવ્યો ક્યાં? બાપુ! એ અશુદ્ધનય છે જેટલો રાગ એ અપેક્ષાએ કીધું. પણ સ્વભાવના આશ્રયે જેટલો મોક્ષમાર્ગ થયો એ તો મોક્ષમાર્ગ છે. અશુદ્ધનયમાં પણ મોક્ષમાર્ગ છે એમ કહેવું છે. આહાહા..! એ પ્રશ્ન ચાલ્યો છે કે બારમા સુધી વ્યવહારનય કહો, અશુદ્ધનય કહો અને કેવળજ્ઞાન નહિ કહો. આહાહા..! અને મોક્ષનો માર્ગ કહો. બારમા સુધી અશુદ્ધતા હોવા છતાં પણ પહેલેથી મોક્ષમાર્ગ કહો છો. અશુદ્ધતા તો બારમા સુધી રહી છે. વ્યવહાર તો ત્યાં સુધી રહ્યો છે. ભાઈ! વાત ત્યાં સુધી છે એ જાણવાલાયક છે. બાકી આત્માને આશ્રયે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા છે એટલો મોક્ષમાર્ગ તો ચોથે ગુણસ્થાનથી શરૂ થઈ ગયો છે. આહાહા..!

અશુદ્ધનયની ભૂમિકામાં મોક્ષમાર્ગ છે. એ અશુદ્ધનયથી નહિ. આહાહા..! એ બારમા ગુણસ્થાન સુધી અશુદ્ધનયની ભૂમિકા છે વ્યવહારનયની, પણ અંદરમાં સ્વનો આશ્રય છે એટલો મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો છે. આહાહા..! બધી વાત લીધી છે. આચાર્યોએ તો કોઈ વાત બાકી રાખી નથી. એક એક વાતને છંછેડીને (કહી છે). બારમા સુધી તમે વ્યવહારનય કહો, અશુદ્ધ કહો અને વળી મોક્ષમાર્ગ તમે રાગથી ન પાળો. રાગથી વ્યવહારથી મોક્ષમાર્ગ નહિ. તો એને મોક્ષમાર્ગ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? કે એને મોક્ષમાર્ગ સ્વથી આવ્યો. જેટલો પરનો આશ્રય રહ્યો એટલી અશુદ્ધતા અને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! પણ જેટલો અંદર સ્વઆશ્રય થયો. ચિદાનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એનું અવલંબન થયું એટલો તો મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો છે. અશુદ્ધનય અને વ્યવહારનયની ભૂમિકામાં પણ, વ્યવહારનયથી નહિ પણ વ્યવહારનયની ભૂમિકામાં સ્વનો આશ્રય જે થયો તે મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો છે. આહાહા..! સમજાય છે? એ ચર્ચા ચાલી છે. આહાહા..!

મુમુક્ષુ :– શુદ્ધનય અને અશુદ્ધનય બંને સાથે છે.

ઉત્તર :– બંને સાથે છે. પૂર્ણ નથી. કીધું ને? જ્યાં સુધી પૂર્ણ નથી ત્યાં સુધી રાગ છે. અને રાગ છે એ કાંઈ મોક્ષનું કારણ નથી. છતાં મોક્ષમાર્ગ ત્યાં નથી એમ નથી. મોક્ષમાર્ગ એ કાંઈ રાગ છે તે મોક્ષમાર્ગ નથી. આહાહા..! આમ છે.

સ્વનું માહાત્મ્ય આવવું અને સ્વમાં અંદર જાવું, બાપુ! એ તો અલૌકિક વાતું છે. જાણપણું થોડું હોય, બોલતા પણ આવડે નહિ, બીજાને કહેતા પણ આવડે નહિ પણ અંદર (અંતર્મુખ

થતાં) આવડે. આહાહા..! જ્યાં સચ્ચિદાનંદ પ્રભુ ત્રિકાળ નિરાવરણ વસ્તુ અખંડ પડી છે એની જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો. આહાહા..! ભલે વ્યવહારનય રહ્યો, ભલે તેને અશુદ્ધનય કહો. અશુદ્ધનયથી મોક્ષમાર્ગ નથી. અશુદ્ધનયની ભૂમિકામાં... આહાહા..! અંદરમાં ચૈતન્ય ભગવાનને આશ્રયે મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો છે. આહાહા..! અરે..! આમાં ક્યાં વાદ અને વિવાદનો પ્રશ્ન છે? આ સીધી વાત છે. આહાહા..!

પોતાનો ભગવાન પરિપૂર્ણ પડ્યો છે. પરિપૂર્ણ વસ્તુ વસ્તુ જ છે. એમ કીધું નહિ? સવારમાં ન આવ્યું? એ જેમ છે તે તે જ છે. જે જેમ છે તે તે જ છે. એ બીજી રીતે નથી. આહાહા..! એમ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ જે છે તે છે. એને કોઈ પરની અપેક્ષા છે નહિ. આહાહા..!

અહીં આ કહ્યું. અહીં તો શું લેવું છે? કે **'આચાર્યોએ...'** સિદ્ધ ભગવાનને સમસ્ત દોષથી દૂર કહ્યા. નાસ્તિથી વાત કરી. **'કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનું ધામ...'** કહ્યું. આહાહા..! સિદ્ધ ભગવાન કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંતા ગુણો વ્યક્ત પ્રગટ થઈ ગયા. પર્યાયમાં અનંતા ગુણોની શક્તિ હતી તે વ્યક્ત થઈ ગઈ. આહાહા..! સિદ્ધને શું બાકી રહ્યું? હજી ચૌદમામાં અસિદ્ધ કહેવાય. ચૌદમે ગુણસ્થાને પણ અસિદ્ધ છે. કેમકે ચાર કર્મનો હજી જરી દોષ છે. પોતાને લઈને, હોં! કર્મને લઈને નહિ. આહાહા..! કર્મને લઈને નહિ. એ ચાર કર્મ બાકી છે એટલી પોતાની હીનતાનું નિમિત્ત છે. ઉપાદાન એ અને આનું ઉપાદાન આ. આહાહા..!

અહીં કહે છે, ભગવાને એ શુદ્ધોપયોગનું ફળ કહ્યું છે. કેવળજ્ઞાન અને મોક્ષ એ તો શુદ્ધોપયોગનું ફળ કહ્યું, પ્રભુ! અને શુદ્ધોપયોગ એ સ્વને આશ્રયે થાય છે. આહાહા..! વચ્ચે રાગનો અંશ આવે તો 'પ્રવચનસાર'માં ભક્તિમાં આવે છે, 'પ્રવચનસાર'માં શરૂઆતમાં (આવે છે). વચ્ચે રાગ આવે પણ એ રાગ મોક્ષનું કારણ નથી. રાગ ઓળંગીને જાય છે ત્યારે એને મોક્ષમાર્ગ થાય છે. 'પ્રવચનસાર' શરૂઆતની ગાથા. આહાહા..!

દિગંબર સંતોએ તો ઘણું સ્પષ્ટ કરી નાખ્યું છે. ઘણું સ્પષ્ટ કરી નાખ્યું. કેવળી પરમાત્માના કેડાયતો. સર્વજ્ઞ ભગવાને કીધું એના પેટ ખોલીને પોતે કહ્યું. આહાહા..! દુનિયાની લાજ-શરમ રાખી નથી કે દુનિયાને આ કેમ બોલશે અને કેમ માનશે? દુનિયા દુનિયાનું જાણે. આહાહા..! દિગંબર સંતોએ દુનિયાની દરકાર કરી નથી. સમાજ સમતોલ રહેશે કે નહિ? આવી બહુ સૂક્ષ્મ વાત કરશું તો સંપ્રદાય તરીકે નભશે નહિ? (એની) દરકાર કરી નથી. આહાહા..!

અંતર ભગવાન ચિદાનંદથી ભરેલો પરિપૂર્ણ પરમાત્મા, એની અસ્તિ કોઈ દિ' નથી એમ નથી. એની અસ્તિ ત્રિકાળ છે. એનો આશ્રય કરતા મોક્ષનો માર્ગ શરૂ થાય છે. આહાહા..! ભલે અશુદ્ધતા રહી પણ એને આશ્રયે મોક્ષમાર્ગ શરૂ થાય છે અને તેને જ શુદ્ધોપયોગ

કહીને સિદ્ધનું ફળ કીધું છે. એ ચોથેથી મોક્ષનો જે માર્ગ કીધો એ શુદ્ધોપયોગ કીધો. આહાહા..! ઓલા શુદ્ધોપયોગની ના પાડે છે કે શ્રાવકને શુદ્ધોપયોગ હોય નહિ. શુદ્ધોપયોગ મુનિને હોય. અરે..! પ્રભુ! શુદ્ધોપયોગ થોડો હોય. પણ શુદ્ધોપયોગ ચોથેથી શરૂ થાય છે. સ્વનો આશ્રય થયો એ જ શુદ્ધોપયોગ છે. એ વિના શુદ્ધોપયોગ હોઈ શકે નહિ. આહાહા..! દુનિયા માનો ન માનો, સંખ્યા રહે, સંખ્યા ન રહે એ સંતોને કાંઈ પડી નથી. વાડા બાંધીને સંખ્યા રહે એમ સંતોને પડી નથી. એ તો સત્યની વાત જાહેર કરીને ઢંઢેરો પીટે છે. આહાહા..! એ કાંઈ ગુપ્ત વાત રાખતા નથી. આહાહા..!

એવો આ ભગવાન અંદર આત્મા, જેને ધર્મ અને શાંતિ પ્રગટાવવા માટે કોઈની અપેક્ષાની જરૂર નથી. એવું નિરપેક્ષ તત્ત્વ પ્રભુ છે ને. એને જ આશ્રયે શરૂઆત અને પૂર્ણતા થાય છે. શરૂઆત અને પૂર્ણતા એને આશ્રયે થાય છે. વ્યવહારને આશ્રયે કાંઈ થાતું નથી. આહાહા..! વ્યવહાર બંધનું કારણ થાય છે. પરંપરા હેતુ કીધો એટલે એને ટાળીને આ થશે. એ કારણ નહિ થાય. આહાહા..! એ ૨૨૩ (શ્લોક પૂરો) થયો.

## શ્લોક–૨૨૪

(शार्दूलविक्रीडित)

ये लोकाग्रनिवासिनो भवभवक्लेशार्णवान्तं गता
ये निर्वाणवधूटिकास्तनभराश्लेषोत्थसौख्याकराः।
ये शुद्धात्मविभावनोद्भवमहाकैवल्यसंपद्गुणाः
तान् सिद्धानभिनौम्यहं प्रतिदिनं पापाटवीपावकान्।।२२४।।

**[શ્લોકાર્થ :–] જેઓ લોકાગ્રે વસે છે, જેઓ ભવભવના કલેશરૂપી સમુદ્રના પારને પામ્યા છે, જેઓ નિર્વાણવધૂના પુષ્ટ સ્તનના આલિંગનથી ઉત્પન્ન સૌખ્યની ખાણ છે અને જેઓ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન કૈવલ્યસંપદાના (-મોક્ષસંપદાના) મહા ગુણોવાળા છે, તે પાપાટવીપાવક (–પાપરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન) સિદ્ધોને હું પ્રતિદિન નમું છું. ૨૨૪.**

## શ્લોક-૨૨૪ ઉપર પ્રવચન

૨૨૪.

ये लोकाग्रनिवासिनो भवभवक्लेशार्णवान्तं गता
ये निर्वाणवधूटिकास्तनभराश्लेषोत्थसौख्याकराः।
ये शुद्धात्मविभावनोद्भवमहाकैवल्यसंपद्गुणाः
तान् सिद्धानभिनौम्यहं प्रतिदिनं पापाटवीपावकान्।।२२४।।

આહાહા..! વીતરાગી મુનિ છે. એને કાંઈ અમુક કહેવામાં આંચકો આવતો નથી. એ તો વીતરાગી સંત છે. પૂર્ણ વીતરાગ નથી પણ જેટલે અંશે વીતરાગતા થઈ, એક સંજ્વલનનો કષાય રહ્યો, બાકી છટ્ઠે વીતરાગ છે. એને આ દુનિયાની ભાષા કહેવામાં કાંઈ વાંધો નથી આવતો. આહાહા..! ૨૨૪.

**શ્લોકાર્થ :- 'જેઓ લોકાગ્રે વસે છે,...'** સિદ્ધ ભગવાનનું સ્થાન લોકાગ્ર છે. આહાહા..! સિદ્ધ ભગવાનનું સ્થાન લોકાગ્ર છે, ત્યાં રહે છે. ભલે સિદ્ધ અહીં થાય છે. મનુષ્ય ક્ષેત્રમાં સિદ્ધ થાય છે પણ રહેવાનું સ્થાન ત્યાં છે. આહાહા..! **'જેઓ ભવભવના ક્લેશરૂપી સમુદ્રના પારને પામ્યા છે,...'** આહાહા..! જેઓ ભવભવના ક્લેશરૂપી, ભવભવનો ક્લેશ. આહાહા..! સ્વર્ગને પણ ક્લેશમાં નાખ્યું. ભવભવમાં બધા આવ્યા ને? આહાહા..! સ્વર્ગમાં પણ ક્લેશ અને દુઃખ છે. આહાહા..!

આ વાત બેસવી એ કોઈ ભાગ્યવાન અને પાત્ર થાય ત્યારે બેસે. આ કાંઈ વાતું નથી. આ કાંઈ કોઈ વાડો-પક્ષ નથી, આ કોઈ પંથ નથી. આ તો વસ્તુની સ્થિતિ છે તેવું વર્ણન ભગવાને કર્યું છે. જેવું ષટ્દ્રવ્ય વસ્તુનું સ્વરૂપ છે તેવું વર્ણન ભગવાને જોઈને કર્યું છે. આહાહા..! એ કોઈ પક્ષ અને પંથ નથી કોઈ. જૈન પંથ અમારો આમ છે અને તારો પંથ આમ છે. એમ છે નહિ. ત્રણલોકના નાથે ત્રણકાળ, ત્રણલોક જ્યારે જોયા ત્યારે વાણી એની મેળાએ સ્વતઃ નીકળી. આહાહા..! વાણીમાં પણ સ્વ-પર કહેવાની તાકાત હોવાથી (વાણી નીકળી છે). ભગવાનમાં સ્વ-પર જાણવાની તાકાત, એનું નિમિત્ત. વાણીમાં સ્વપર કહેવાની તાકાત. એ ઉપાદાન પોતાને લઈને. આહાહા..! સર્વજ્ઞને લઈને નહિ. એ વાણીની તાકાત સ્વ-પર કહેવાની તાકાત છે. આહાહા..!

**'જેઓ ભવભવના ક્લેશરૂપી સમુદ્રના પારને પામ્યા છે,...'** આહાહા..! **'જેઓ નિર્વાણવધૂના...'** આહાહા..! મોક્ષરૂપી સ્ત્રી એના પુષ્ટ સ્તન... આહાહા..! એટલે પુષ્ટ ગુણો જે પ્રગટ્યા.. આહાહા..! જે શક્તિરૂપે હતા એ પર્યાયમાં પુષ્ટરૂપે પ્રગટ્યા. આહાહા..! એને અહીં કહે છે **'નિર્વાણવધૂના પુષ્ટ સ્તનના આલિંગનથી...'** એ પ્રગટ દશાનું આલિંગન.

આહાહા..! પ્રગટ અનંતગુણોની પર્યાય સિદ્ધોને પ્રગટ થઈ એનું એ આલિંગન કરે છે. આહાહા..! એને એ સ્પર્શે છે. આહાહા..! ભાષા મૂકવામાં કાંઈ દરકાર કરી નથી. **'નિર્વાણવધૂના પુષ્ટ સ્તન...'** મોક્ષરૂપી સ્ત્રીનું પુષ્ટ સ્તન એટલે એની પર્યાય પુષ્ટ થયેલી છે, જે શક્તિમાં હતી. અનંત શક્તિમાં તો બધાને, અભવિને પણ છે. આહાહા..! પણ જેની પર્યાયમાં જેવી શક્તિનું સામર્થ્ય હતું એવું પર્યાયમાં પ્રગટ્યું એ પુષ્ટ થયો. એ પુષ્ટ સ્તનને જેમ આલંબે એમ આ પુષ્ટપર્યાયના આલંબનથી અનુભવ કરે છે. આહાહા..! આવી જાતનો માર્ગ. આહાહા..! લોકની પારની વાત છે, ભાઈ! લોકોની પાર વાત છે વીતરાગનો માર્ગ. આહાહા..!

મુનિઓ આમ કેમ ભાષા બોલે? બાપુ! વીતરાગભાવે એ કથન કરીને જે વસ્તુ છે તેને સિદ્ધ કરે છે. આહાહા..! એટલે એ પુષ્ટ સ્તનને આલિંગન કરે છે એનો અર્થ એ કે જેમાં અનંત શક્તિ હતી એ બધી પર્યાયમાં પ્રગટ થઈ, પુષ્ટ થઈ ગઈ છે. આહાહા..! એનું આલિંગન જેને છે, એનું વેદન અને સ્પર્શ જેને છે... આહાહા..! એવા સિદ્ધ ભગવાન... આહાહા..! **'ઉત્પન્ન સૌખ્યની ખાણ છે...'** આલિંગનથી ઉત્પન્ન સૌખ્યની ખાણ છે. આહાહા..! પર્યાયમાં અનંતાગુણોનું સુખ પ્રગટ્યું છે. આનંદ તો પ્રગટ્યો છે પણ અનંતાગુણનું સુખ (પ્રગટ્યું છે). આહાહા..! અસ્તિત્વનું સુખ, વસ્તુત્વનું સુખ, સુખનું સુખ, ચારિત્રનું સુખ, એવા અનંતાગુણોની શક્તિમાંથી વ્યક્તની પર્યાયમાં પુષ્ટ થઈ છે. આહાહા..! દીવા જેમ બતાવ્યું છે. આહાહા..! એવા એ ખાણ છે.

**'જેઓ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન...'** જે સિદ્ધ ભગવાન શુદ્ધાત્માની ભાવના. શુભભાવ ક્યાંય ન લીધો. શુદ્ધાત્માની ભાવના–શુદ્ધોપયોગ. આહાહા..! ત્રિકાળ ભગવાન શુદ્ધાત્મા, તેનો ઉપયોગ શુદ્ધોપયોગ, શુભાશુભ રાગથી રહિત. આહાહા..! **'ભાવનાથી ઉત્પન્ન કૈવલ્યસંપદાના (-મોક્ષસંપદાના) મહા ગુણોવાળા છે,...'** આહાહા..! મહાગુણોવાળા છે કીધું. જોયું! એ પર્યાયને ગુણોવાળા કીધા. આહાહા..! શક્તિ સત્ત્વરૂપે, સ્વભાવરૂપે જેવા અનંતાગુણો હતા, તે બધા પર્યાયમાં પ્રગટ ગુણરૂપે થઈ ગયા. આહાહા..! **'મહા ગુણોવાળા છે,...'** સિદ્ધ ભગવાન તો પર્યાય છે પણ એ પર્યાયને અહીં ગુણ કહેવામાં આવ્યો. જેટલા ગુણો હતા એ ગુણો બધા પર્યાયમાં પ્રગટ્યા એટલે એ બધા ગુણ જ છે, એમ કહે છે. આહાહા..!

**'તે પાપાટવીપાવક (-પાપરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન)...'** આહાહા..! તે સિદ્ધ ભગવાન પૂર્ણાનંદની પ્રાપ્તિ જેને અનંતગુણની થઈ ગઈ. એ પાપરૂપી... આહાહા..! અગ્નિ. પાપરૂપી અટવી, પાપરૂપી વન. આહાહા..! પાપરૂપી મોટું વન. આહાહા..! એને બાળવામાં અગ્નિ સમાન છે. સંસારના પુણ્ય પાપ આદિ એ બધા પાપ છે. આહાહા..! એમ કહ્યું ને આમાં? **'(-પાપરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન)...'** એમાં એમ નથી લીધું કે પાપને બાળવામાં સમર્થ અને પુણ્યને રાખવામાં. પુણ્ય ને પાપ બેય પાપ છે. આહાહા..!

**'(–પાપરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન) સિદ્ધોને...'** આહાહા..! આવા સિદ્ધ

ભગવાનને '**હું પ્રતિદિન...**' દરેક દિન, દરેક દિવસે '**નમું છું.**' પ્રતિક્રમણ બે વખત કરે છે ને. આહાહા..! '**પ્રતિદિન નમું છું.**' ભલે એ વ્યવહાર છે. એવો વિકલ્પ આવે છે. એથી એ સિદ્ધોને અનંતગુણની જેને પુષ્ટિ પ્રગટ થઈ ગઈ છે. આહાહા..! એનું જેને આનંદનું આલિંગન-વેદન છે એવા સિદ્ધોને હું પ્રતિદિન વંદું છું. હંમેશા તેને વંદન કરું છું. આહાહા..! હંમેશાનો અર્થ એ કાંઈ સમય સમય (વંદું છું) એમ નહિ. આહાહા..! દરેક દિનમાં હું એને વંદન કરું છું. કોઈ દિવસ સિદ્ધને વંદન કર્યા વિનાનો ખાલી નથી. આહાહા..! અગ્નિ સમાન, એવા સિદ્ધોને હું પ્રતિદિન, પ્રત્યેક દિવસે. આહાહા..! નમું છું. આ તો વ્યવહાર ભક્તિ કીધી ને?

## શ્લોક–૨૨૫

(शार्दूलविक्रीडित)

त्रैलोक्याग्रनिकेतनान् गुणगुरून् ज्ञेयाब्धिपारंगतान्
मुक्तिश्रीवनितामुखाम्बुजरवीन् स्वाधीनसौख्यार्णवान्।
सिद्धान् सिद्धगुणाष्टकान् भवहरान् नष्टाष्टकर्मोत्करान्
नित्यान् तान् शरणं व्रजामि सततं पापाटवीपावकान्।।२२५।।

**[શ્લોકાર્થ :–] જેઓ ત્રણ લોકના અગ્રે વસે છે, જેઓ ગુણમાં મોટા છે, જેઓ જ્ઞેયરૂપી મહાસાગરના પારને પામ્યા છે, જેઓ મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે, જેઓ સ્વાધીન સુખના સાગર છે, જેમણે અષ્ટ ગુણોને સિદ્ધ (પ્રાપ્ત) કર્યા છે, જેઓ ભવનો નાશ કરનારા છે અને જેમણે આઠ કર્મોના સમૂહને નષ્ટ કરેલ છે, તે પાપાટવીપાવક (–પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન) નિત્ય (અવિનાશી) સિદ્ધભગવંતોનું હું નિરંતર શરણ ગ્રહું છું. ૨૨૫.**

## શ્લોક–૨૨૫ ઉપર પ્રવચન

૨૨૫.

त्रैलोक्याग्रनिकेतनान् गुणगुरून् ज्ञेयाब्धिपारंगतान्
मुक्तिश्रीवनितामुखाम्बुजरवीन् स्वाधीनसौख्यार्णवान्।
सिद्धान् सिद्धगुणाष्टकान् भवहरान् नष्टाष्टकर्मोत्करान्
नित्यान् तान् शरणं व्रजामि सततं पापाटवीपावकान्।।२२५।।

આહાહા..! વ્યવહારના શ્લોક આટલા લીધા.

**શ્લોકાર્થ :- 'જેઓ ત્રણ લોકના અગ્રે વસે છે,...'** સિદ્ધ ભગવાન ત્રણલોકના અગ્રે વસે છે. આહાહા..! એ સિદ્ધ નીચે આવતા નથી. પણ નીચેના જીવો ત્યાં જાય છે, સિદ્ધ થાય છે. આહાહા..! એ એક ઠેકાણે આવે છે. સિદ્ધ છે એ નીચેના જીવને ખેંચે છે. ઉપર લઈ જાય છે પણ સિદ્ધને કોઈ નીચે લાવતા નથી. આહાહા..! **'જેઓ ત્રણ લોકના અગ્રે વસે છે, જેઓ ગુણમાં મોટા છે,...'** સિદ્ધ ભગવાન પૂર્ણ ગુણમાં મોટા છે. આહાહા..! એનાથી મોટા કોઈ અરિહંત પણ નથી. અરિહંત પણ હજી અસિદ્ધ છે. આ તો ગુણમાં મોટા છે.

**'જેઓ જ્ઞેયરૂપી મહાસાગરના પારને પામ્યા છે,...'** આહાહા..! ત્રણકાળ ત્રણલોકમાં જાણવાયોગ્ય જેટલી ચીજ છે એ જાણવાયોગ્ય ચીજને... આહાહા..! જ્ઞેયરૂપી મહાસાગર. મહાસાગર. અનંતા પરમાણુ અને અનંતાગુણો એક એક પરમાણુમાં. આહાહા..! અનંતા જીવો અને એથી અનંતાગુણા પરમાણુ ને અનંતગુણા કાળ ને અનંતગુણા આકાશ પ્રદેશ ને... આહાહા..! એવો જે જ્ઞેયનો મહાસાગર. જ્ઞાનમાં જણાવા લાયક જ્ઞેયરૂપી મહાસાગરના પારને પામ્યા છે. જ્ઞેયની પરિપૂર્ણતાને પામ્યા છે. આહાહા..!

**'જેઓ મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે,...'** મુક્તિરૂપી લક્ષ્મીની સ્ત્રીના મુખકમળના વિકાસવા માટે સૂર્ય છે. એના સિદ્ધના ગુણો બધા વિકાસ થઈ ગયા છે. આહાહા..! જેમ કમળ સૂર્યને કારણે વિકાસ પામી જાય. એમ સિદ્ધ ભગવાનના ગુણો વિકાસ પામી ગયા. પર્યાયમાં અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા.. બધા વિકાસ પામી ગયા. આહાહા..! **'જેઓ સ્વાધીન સુખના સાગર છે,...'** આહાહા..! પોતાના અંતર આનંદના, અતીન્દ્રિય આનંદના સુખના તો સાગર છે. આહા..! દરિયો ભર્યો છે. ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદનો દરિયો ભર્યો છે. આહાહા..! અરે..રે..! અહીં જરી મોસંબીનું પાણી પીતો હોય કે કેરીનો સારો રસ ખાતો હોય તો એને એમ થઈ જાય કે આહાહા..! કહે છે કે આ તો સુખનો સાગર છે. આ સ્વાધીન સુખ અને (પેલું) તો પરાધીન માની કલ્પના છે. એ કેરીના રસને તો આત્મા અડતો પણ નથી. અને કલ્પના કરે છે કે મને સુખ થાય છે. આહાહા..!

**'જેઓ સ્વાધીન સુખના સાગર છે, જેમણે અષ્ટ ગુણોને સિદ્ધ (પ્રાપ્ત) કર્યા છે,...'** સિદ્ધ ભગવાને આઠ ગુણો પ્રાપ્ત કર્યા છે. આહાહા..! **'જેઓ ભવનો નાશ કરનારા છે...'** ભવનો નાશ કરનારા છે. એટલે ભવ છે નહિ. **'જેમણે આઠ કર્મોના સમૂહને નષ્ટ કરેલ છે,...'** આઠ કર્મના ઢગલાનો જેણે નાશ કર્યો છે. કર્મને વળી આત્મા નાશ કરે. આત્મા પોતામાં ઠરે ત્યાં કર્મપર્યાય બદલી જાય છે એને નાશ કરે છે એમ કહેવામાં આવે છે. આહાહા..!

**'તે પાપાટવીપાવક (–પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન)...'** એ પાપરૂપી અટવી

એટલે વનને બાળવામાં અગ્નિ સમાન **'નિત્ય (અવિનાશી)...'** નિત્ય પ્રભુ અવિનાશી. આહાહા..! ભલે પર્યાય પલટે છે પણ એ કાયમ રહેનારા છે. એવા સિદ્ધ ભગવંતોને **'(અવિનાશી) સિદ્ધભગવંતોનું હું નિરંતર શરણ ગ્રહું છું.'** સિદ્ધ ભગવંતોનું હું નિરંતર શરણ ગ્રહું છું. આહાહા..! બીજું કોઈ શરણ નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૨૬

(वसंततिलका)

ये मर्त्यदैवनिकुरम्बपरोक्षभक्ति-
योग्याः सदा शिवमयाः प्रवराः प्रसिद्धाः।
सिद्धाः सुसिद्धिरमणीरमणीयवक्त्र-
पंकेरुहोरुमकरंदमधुव्रताः स्युः।।२२६।।

**[શ્લોકાર્થ :–] જેઓ મનુષ્યોના તથા દેવોના સમૂહની પરોક્ષ ભક્તિને યોગ્ય છે, જેઓ સદા શિવમય છે, જેઓ શ્રેષ્ઠ છે અને જેઓ પ્રસિદ્ધ છે, તે સિદ્ધભગવંતો સુસિદ્ધિરૂપી રમણીના રમણીય મુખકમળના મહા [1]મકરંદના ભ્રમર છે (અર્થાત્ અનુપમ મુક્તિસુખને નિરંતર અનુભવે છે). ૨૨૬**

પ્રવચન નં. ૧૫૪, શ્લોક--૨૨૬-૨૨૭, ગાથા-૧૩૬, શનિવાર, જ્યેષ્ઠ સુદ ૨, તા.૧૪-૦૬-૮૦

'નિયમસાર' ૨૨૬ કળશ છે.

ये मर्त्यदैवनिकुरम्बपरोक्षभक्ति-
योग्याः सदा शिवमयाः प्रवराः प्रसिद्धाः।
सिद्धाः सुसिद्धिरमणीरमणीयवक्त्र-
पंकेरुहोरुमकरंदमधुव्रताः स्युः।।२२६।।

સિદ્ધની સ્તુતિનું વર્ણન છે.

૧ મકરંદ = ફૂલનું મધ; ફૂલનો રસ.

**શ્લોકાર્થ :-** **'જેઓ મનુષ્યોના અને દેવોના...'** આહાહા..! **'સમૂહની પરોક્ષ ભક્તિને યોગ્ય છે.'** તિર્યંચ અને નારકી ન લીધા. **'મનુષ્યોના અને દેવોના સમૂહની પરોક્ષ ભક્તિને યોગ્ય છે.'** પરોક્ષ છે ને? પર છે એટલે. **'જેઓ સદા શિવમય છે.'** સિદ્ધ ભગવાન સદા શિવમય છે. **'જેઓ શ્રેષ્ઠ છે અને જેઓ પ્રસિદ્ધ છે,...'** આહા..! સિદ્ધ-પ્રસિદ્ધ. સિદ્ધ તો પ્રસિદ્ધ છે, કહે છે. આહાહા..! **'તે સિદ્ધભગવંતો સુસિદ્ધિરૂપી રમણીના રમણીય મુખકમળના મહા મકરંદના ભ્રમર છે.'** ફૂલનો જે રસ હોય મધ, એ રસ ભમરા લે છે. ફૂલનો રસ ભમરા જેમ લે છે. એમ આ આનંદનો રસ લેનારા છે. આહા..! આત્માની પરિણતિનો આનંદ, એના ભ્રમર છે. તે આનંદની રમણતાની રમણીયતામાં રમે છે. આહાહા..! **'(અર્થાત્ અનુપમ મુક્તિસુખને નિરંતર અનુભવે છે).'** આનું નામ સિદ્ધ છે. આહાહા..!

## ગાથા-૧૩૬

मोक्खपहे अप्पाणं ठविऊण य कुणदि णिव्वुदी भत्ती।
तेण दु जीवो पावइ असहायगुणं णियप्पाणं।।१३६।।

मोक्षपथे आत्मानं संस्थाप्य च करोति निर्वृतेर्भक्तिम्।
तेन तु जीवः प्राप्नोत्यसहायगुणं निजात्मानम्।।१३६।।

निजपरमात्मभक्तिस्वरूपाख्यानमेतत्।

भेदकल्पनानिरपेक्षनिरुपचाररत्नत्रयात्मके निरुपरागमोक्षमार्गे निरंजननिजपरमात्मानंद पीयूषपानाभिमुखो जीवः स्वात्मानं संस्थाप्यापि च करोति निर्वृतेर्मुक्त्यङ्गनायाः चरणनलिने परमां भक्तिं, तेन कारणेन स भव्यो भक्तिगुणेन निरावरणसहजज्ञानगुणत्वादसहायगुणात्मकं निजात्मानं प्राप्नोति।

---

શિવપંથ સ્થાપી આત્મને નિર્વાણની ભક્તિ કરે,
તે કારણે અસહાયગુણ નિજ આત્મને આત્મા વરે. ૧૩૬.

અન્વયાર્થ :– [ मोक्षपथे ] મોક્ષમાર્ગમાં [ आत्मानं ] (પોતાના) આત્માને [ संस्थाप्य च ] સમ્યક્ પ્રકારે સ્થાપીને [ निर्वृतेः ] નિર્વૃતિની (નિર્વાણની) [ भक्तिम् ] ભક્તિ [ करोति ] કરે છે, [ तेन तु ] તેથી [ जीव ] જીવ [ असहायगुणं ] [1]અસહાયગુણવાળા [ निजात्मानम् ] નિજ આત્માને [ प्राप्नोति ] પ્રાપ્ત કરે છે.

**ટીકા :– આ, નિજ પરમાત્માની ભક્તિના સ્વરૂપનું કથન છે.**

**નિરંજન નિજ પરમાત્માનું આનંદામૃત પીવામાં અભિમુખ જીવ ભેદકલ્પનાનિરપેક્ષ નિરુપચાર-રત્નત્રયાત્મક [1]નિરુપરાગ મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સમ્યક્ પ્રકારે સ્થાપીને નિર્વૃતિનાં–મુક્તિરૂપી સ્ત્રીનાં–ચરણકમળની પરમ ભક્તિ કરે છે, તે કારણથી તે ભવ્ય જીવ ભક્તિગુણ વડે નિજ આત્માને–કે જે નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો હોવાથી અસહાયગુણાત્મક છે તેને–પ્રાપ્ત કરે છે.**

## ગાથા–૧૩૬ ઉપર પ્રવચન

હવે ૧૩૬ ગાથા. આ સિદ્ધ ભક્તિ પરોક્ષ છે અને પુણ્યનું કારણ છે, શુભભાવ છે. ધર્મ નહિ, મોક્ષનું કારણ નહિ.

**मोक्खपहे अप्पाणं ठविऊण य कुणदि णिव्वुदी भत्ती।**
**तेण दु जीवो पावइ असहायगुणं णियप्पाणं।।१३६।।**
**શિવપંથ સ્થાપી આત્મને નિર્વાણની ભક્તિ કરે,**
**તે કારણે અસહાયગુણ નિજ આત્મને આત્મા વરે. ૧૩૬.**

‘**ટીકા :– આ, નિજ પરમાત્માની ભક્તિના સ્વરૂપનું કથન છે.**’ પહેલી હતી એ સિદ્ધ ભગવાનની સ્તુતિનું હતું. આ નિજ સ્વરૂપની ભક્તિ. આહાહા..! આત્મામાં શું ભર્યું છે? અને આત્મા કેટલા ગુણ સંપન્ન છે? એનું એને મહાત્મ્ય–મહિમા અનંતકાળમાં આવ્યું નથી, એની મોટપ આવી જ નથી. બીજી ચીજની મોટપ આગળ એની મોટપ એને સૂઝતી નથી. આહાહા..! એ નિજ પરમાત્માની ભક્તિ મોટપથી આવે છે હવે. પોતે મહાપ્રભુ અંદર છે. સચ્ચિદાનંદસ્વરૂપ છે. અનંત અનંતગુણરત્નથી ભરેલો ભગવાન છે. તેની ભક્તિના સ્વરૂપનું કથન છે. પોતાના સ્વરૂપની ભક્તિનું કથન છે. આહાહા..!

‘**નિરંજન નિજ પરમાત્માનું....**’ પોતે નિરંજન નિજ પરમાત્મા અંદર છે. એ રાગ અને પુણ્ય-પાપના વિકલ્પથી રહિત આત્મા છે. આત્મા જેને કહીએ એ તો નિરંજન નિજ પરમાત્મા (છે). એને તો અંજન-મેલ પણ નથી. ત્રિકાળ નિરાવરણ ભગવાન અંદર છે. આહાહા..! એવા ‘**નિજ પરમાત્માનું આનંદામૃત પીવામાં..**’ આ ભક્તિ, નિજ ભક્તિ. આત્મા અતીન્દ્રિય આનંદ છે. એ અતીન્દ્રિય આનંદને અનુભવે અને પીવે એનું નામ નિજ ભક્તિ. આહાહા..!

**૧ અસહાયગુણવાળો = જેને કોઈની સહાય નથી એવા ગુણવાળો. [આત્મા સ્વતઃસિદ્ધ સહજ સ્વતંત્ર ગુણવાળો હોવાથી અસહાયગુણવાળો છે.]**
**૧ નિરુપરાગ = ઉપરાગ રહિત; નિર્વિકાર; નિર્મળ; શુદ્ધ.**

દુઃખને અનુભવે છે. અને પરની ભક્તિ પણ દુઃખ છે હજી. સિદ્ધની ભક્તિ પણ રાગ છે એટલે દુઃખ છે. આહાહા..!

**'નિરંજન નિજ પરમાત્માનું...'** જેને કોઈ અંજન ને મેલ નથી એવો જે નિરંજન નિજ પરમાત્મા. નિજ આત્મા નથી કહ્યો, નિજ પરમાત્મા કહ્યો. આહાહા..! નિજ આત્મા એમ પણ નહિ. પરમાત્મ પરમસ્વરૂપ છે. એનું ત્રિકાળી પરમાત્મ સ્વરૂપ છે. એ શક્તિએ, સ્વભાવે પરમાત્મા છે. આહાહા..! એનું **'આનંદામૃત પીવામાં અભિમુખ...'** આહાહા..! એવો જે ભગવાન પરમાત્મા પોતે, તેના આનંદના અમૃત પીવામાં અભિમુખ-સન્મુખ. આહાહા..! આ નિજ ભક્તિ. આત્મા-આત્મા કરે અને આત્મા-આત્મા ધારે એ વાત નહિ. આહાહા..!

**'નિરંજન નિજ પરમાત્માનું આનંદામૃત પીવામાં...'** આહાહા..! આનંદરૂપી અમૃતને પીનારા **'અભિમુખ જીવ...'** ચૈતન્ય પરમાત્માની સન્મુખ **'ભેદકલ્પના નિરપેક્ષ...'** આહાહા..! આ આત્મા ગુણી છે અને જ્ઞાનગુણ છે એવી ભેદકલ્પના પણ જ્યાં નથી. આહાહા..! જ્યાં રાગ તો નથી, દયા-દાન-વ્રતનો વિકલ્પ તો નથી પણ ભેદ નથી. અહીંયાં ભેદ નથી. અત્યારે. આહાહા..! ભેદની કલ્પનાથી નિરપેક્ષ. આહાહા..! ભગવાન અંદર પરમાત્મા, નિજ પરમાત્મા નિરંજન ભેદકલ્પનાથી નિરપેક્ષ છે.

**'નિરુપચાર-રત્નત્રયાત્મક...'** આહાહા..! અને વ્યવહાર ને નિશ્ચયરત્નત્રયસ્વરૂપ. નિરુપચાર એટલે નિશ્ચય. આહાહા..! આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ (છે) એની અંદરની શ્રદ્ધામાં એનું અનુભવનું પીવું, એનું જ્ઞાનમાં આનંદનું પીવું અને એમાં રમણતા (થવી) એ નિરુપચાર રત્નત્રયસ્વરૂપ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિશ્ચય રત્નત્રયસ્વરૂપ ભગવાન છે. આહાહા..! હજી બહારથી નવરો થાય નહિ અને ધર્મને નામે આવે તો વ્યવહારની ક્રિયાકાંડમાં મશગુલ. સવારે પૂજા કરવી, ભક્તિ કરવી, સાંજે આરતી ઉતારવી. આહાહા..! પણ આ ભગવાન સદા નિરંજન નિરાકાર (બિરાજે છે) એનું જે નિરુપચાર-રત્નત્રયાત્મક... આહાહા..! ઉપચાર એટલે વ્યવહારનો પણ જેમાં અભાવ છે. એવો નિરુપચાર રત્નત્રય–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય... આહાહા..!

**'નિરુપરાગ...'** ઉપરાગ રહિત, નિર્વિકાર. રાગ જેમાં નથી, વિકલ્પ પણ નથી. જેમાં પ્રભુની ભક્તિનો રાગ પણ નથી. પંચ પરમેષ્ઠીની ભક્તિ અને પંચ પરમેષ્ઠીનું સ્મરણ એવો જે રાગ, એ રાગથી રહિત છે. આહાહા..! આ આત્માની વાત ચાલે છે, ભગવાનની નહિ. નિજ પરમાત્મા અંદર કોણ કોણ છે. આહાહા..! એ નિરુપચાર એટલે ઉપચાર વિનાનું જેનું રત્નત્રય છે. આહાહા..! એટલે નિશ્ચયરત્નત્રય છે. એટલે કે નિશ્ચય આત્માનો આનંદ, એને અનુભવે છે, એની શ્રદ્ધા છે એમાં રમણતા છે, એનું જ્ઞાન છે. આહાહા..! એને નિજભક્તિ કહેવામાં આવે છે. આહાહા..! આવું આકરું પડે. ઓલા સિદ્ધ ભગવાનને .. ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણ... જાવ પાંચ પરમેષ્ઠી. અનુપૂર્વી ગણે. થઈ ગયો ધર્મ. ધૂળમાં પણ ધર્મ

નથી. આહાહા..! ભાઈ! ધર્મ કોઈ જુદી ચીજ છે. એક સેકન્ડ પણ અનંતકાળના પરિભ્રમણના ભવમાં, અનંતભવમાં એક સેકન્ડ માત્ર પણ ચૈતન્યને જોયો નથી. જોનારે જોયું છે બીજું, પણ જોનારે પોતાને જોયો નથી. આહાહા..! જોનાર તો ભગવાનઆત્મા ચૈતન્ય જ છે. એ જોનાર બીજાને જોવામાં અટકેલો છે પણ પોતાને જોવામાં આવ્યો નથી. આહાહા..! બીજાને જાણવું એ તો વ્યવહાર. સવારમાં આવ્યું હતું. બીજાને જાણવું એ તો વ્યવહાર છે. પોતાને અંતરમાં જાણવું. જ્ઞાન અને આનંદનો અનુભવ (થવો). આહાહા..!

**'નિરુપરાગ મોક્ષમાર્ગમાં...'** રાગ વિનાનો એ મોક્ષમાર્ગ. જેમાં વિકલ્પનો પણ અભાવ છે. આહાહા..! આ નિજ ભક્તિ, આ મુક્તિનું કારણ. આહાહા..! **'નિરુપરાગ મોક્ષમાર્ગ...'** એના વિશેષણ આટલા આપ્યા છે. જોયા? નિરપેક્ષ, નિરુપચાર રત્નત્રયાત્મક નિરુપરાગ, એવો મોક્ષમાર્ગ. આહાહા..! મોક્ષમાર્ગ તો એને કહીએ કે જેમાં નિશ્ચય સ્વ આવે. પરનો જેમાં અભાવ. અને જેમાં ઉપચાર અને વ્યવહાર નથી. નિશ્ચયરત્નત્રય સ્વઆશ્રય. ચૈતન્યની આત્માની જે ૠદ્ધિ છે એ ૠદ્ધિને અનુભવવી, આનંદનો અનુભવ કરવો, એની શ્રદ્ધા કરીને, જ્ઞાન કરીને, રમણતા કરવી એ નિજ ભક્તિ મુક્તિનું કારણ છે. ભગવાનની ભક્તિ પણ રાગ અને વ્યવહાર છે. આહાહા..!

એવા **'મોક્ષમાર્ગમાં પોતાના આત્માને...'** આહાહા..! પોતાના આત્માને, પર આત્મા વીતરાગ પંચ પરમેષ્ઠી નહિ. **'પોતાના આત્માને સમ્યક્ પ્રકારે સ્થાપીને...'** સ્વરૂપમાં બરાબર દૃષ્ટિમાં લઈ અને સમ્યક્ પ્રકારે શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા અંદર સ્વરૂપમાં સ્થાપીને... આહાહા..! **'નિવૃત્તિના–મુક્તિરૂપી સ્ત્રીનાં—'** આહાહા..! અંદર સ્થાપે છે જ્યારે આનંદમાં રહે છે ત્યારે એ નિવૃત્તિના એટલે મુક્તિરૂપી સ્ત્રીનાં **'ચરણકમળની પરમ ભક્તિ કરે છે,...'** આહાહા..! મુક્તિરૂપી સ્ત્રીની, મુક્તિ તો પૂર્ણ દશા (છે), એના ચરણકમળની એટલે સાધક. આહાહા..! નીચે સાધકપણે નિશ્ચયરત્નત્રયની ભક્તિ કરે છે તે **'પરમ ભક્તિ કરે છે,...'** આહાહા..! આને મોક્ષમાર્ગ કહીએ, આને નિજ ભક્તિ કહીએ. બાકી બધું .. સાધન, વ્યવહાર.. વ્યવહાર... વ્યવહાર... આહાહા..! વ્યવહાર આડે નવરો નથી. એ તો વ્યવહાર ધંધામાં નવરો નથી પણ આ ધર્મને નામે વ્યવહાર (કરે)... આહાહા..! એમાંથી પણ નવરો નથી થાતો.

અહીં તો આત્માના નિજ સ્વરૂપની પરમભક્તિ. ભક્તિ એટલે એનો અનુભવ કરે. આહાહા..! પરમાનંદના નાથનો આનંદનો અનુભવ કરે એનું નામ નિજ ભક્તિ કહેવામાં આવે છે. અને એ મુક્તિનું કારણ અને મોક્ષનો માર્ગ છે. આહાહા..! હવે આ બધું મંદિર ને એ શું બધું? ૨૬-૨૬ લાખના મકાન. એ તો થવાનું હોય તે કાળે થાય. કરવાના ભાવવાળાને શુભભાવ હોય, પુણ્ય હોય. પુણ્ય. ધર્મ નહિ. આહાહા..! એ ૨૬ લાખ શું ૨૬ કરોડ ખર્ચે અને મંદિર બનાવે એ તો એને સમયે થવાનું જ છે. એ જડની પર્યાયનો તે કાળ છે તે પ્રકારે મંદિર ને મૂર્તિ ત્યાં થવાની જ છે. એ બીજાની કર્યે થઈ નથી. આહાહા..! એમાં

કરનારનો ભાવ હોય તો રાગની મંદતાનો શુભભાવ પુણ્ય હોય. કરોડો રૂપિયા ખર્ચે તો પુણ્ય છે. ધર્મ નહિ. આહાહા..!

અહીં કીધું ને જુઓને. 'આફ્રિકા'માં ૬૦ લાખ રૂપિયા ભેગા કર્યા. પણ કીધું ૬૦ લાખ શું ૬૦ કરોડ ભેગા કર અને મંદિરને હીરા-માણેક જડાવે તોપણ એ પુણ્ય છે, ધર્મ નથી. આહાહા..! આ પોપ છે, નહિ? ખ્રિસ્તીના ગુરુ. એની પાસે પાંચ કરોડની એક મોટર છે. પાંચ કરોડની મોટર. 'શાંતિભાઈ'! આ તો પહેલુંવહેલું સાંભળેલું. કારણ કે આ ભાઈ 'પૂનમચંદજી'નો દીકરો. આપણા 'ચંદુભાઈ'ના... 'મુંબઈ'. એ ભાઈ બીજે દેશમાં રહે છે ત્યાંથી ૨૦ લાખની મોટર લાવ્યો હતો. ૨૦ લાખની. એટલે ત્યાં ગામમાંથી આમ .. તો એમાં બેસે. કીધું કેટલાની છે? તો કહે, ૨૦ લાખની. ત્યાં વળી બીજા ભાઈએ કીધું અમારે 'સ્વીત્ઝરલેન્ડ'માં ૫૦ લાખની મોટર છે. તો ત્રીજાએ કહ્યું કે પોપને પાંચ કરોડની મોટર છે. આહાહા..! એ પાંચ કરોડની મોટર એટલે જાણે થઈ ગયા મોટા ગુરુ. આહાહા..! મિથ્યાદૃષ્ટિ છે. અરે..! આત્મા આનંદનો નાથ સાક્ષી છે એકલો. કરવાનું તો છે નહિ પણ પરને જાણવું એ પણ વ્યવહાર છે. આહાહા..! કેમકે પરમાં ભળતો નથી અને ભિન્ન રહીને પોતાના જ્ઞાનમાં રહીને સ્વ-પરનું જ્ઞાન પોતાથી પોતામાં કરે છે. આહાહા..! એવો જે ભગવાન, એવા આત્માની પરમભક્તિ. ચરણકમળની. જોયુંને!

**'મુક્તિરૂપીસ્ત્રીનાં–ચરણકમળ...'** મોક્ષરૂપી સ્ત્રીનું સાધન, એ ઉપાય. મોક્ષમાર્ગ એ ઉપાય એ ચરણકમળની સેવા છે. આહાહા..! મોક્ષરૂપી સ્ત્રી, એના ચરણકમળની સેવા. આ સાધકસ્વભાવ, નિશ્ચયરત્નત્રય તે ચરણકમળની સેવા છે. આહાહા..! આ તો જ્યાં હોય ત્યાં બધે બહારમાં ફૂંક્યો હોય મોટા કરીને. ભાષણ-બાષણ કરતા હોય આનું આમ કર્યું, આણે આમ કર્યું, આણે આમ કર્યું. આહાહા..! સેવાઓ કરી, આને કાંઈક આપો, બિરૂદ આપો. શેની સેવા? ધૂળની? પરની સેવા કરી શકે છે કોણ? પરની સેવા કરું છું એ માન્યતા જ મિથ્યા ભ્રમ છે. આહાહા..!

અહીં તો સિદ્ધ ભગવંતની ભક્તિ પણ રાગ છે. આહાહા..! પોતે જ નિર્મળાનંદ પૂર્ણ મોક્ષની પર્યાય જે છે તેનું આ સાધન છે. તેથી તે મુક્તિરૂપી સ્ત્રી, તેના ચરણકમળ. આહાહા..! એટલે એના પગ દાબે છે. હજી ઉપર જાવું છે ને. મોક્ષમાર્ગ કરે અને પછી જાવું છે મોક્ષ. આહાહા..! પરમભક્તિ કરે છે. **'તે કારણથી તે ભવ્ય જીવ...'** આ કારણથી તે ભવ્ય જીવ **'ભક્તિગુણ વડે...'** આવી નિર્મળ ભક્તિ, અતીન્દ્રિય આનંદના સ્વાદરૂપી ભક્તિ વડે. આહાહા..! અતીન્દ્રિય પૂર્ણાનંદ એ જે મુક્તિ, એ મુક્તિરૂપી જે સ્ત્રી, એનું જે સાધન એ એના ચરણકમળની સેવા (છે). આહાહા..!

પરમાનંદનો નાથ પ્રભુ અનાકુળ શાંતિનો સાગર, એનું વેદન અને એનું અનુભવન, વીતરાગતાનો અનુભવ, જેમાં રાગનો અંશ નહિ. કેમકે પૂર્ણ દશા હજી મુક્તિ તે વીતરાગ

મુક્તિ છે. એથી એનું સાધન... આહાહા..! એના ચરણકમળની સેવા પણ વીતરાગ છે. આહાહા..! કેટલું ભર્યું છે! એમને શબ્દો થોડા પડે છે. કહેતા કહેતા શું કહેવું આને? એવો ભગવાન અંદર છે. અનંત અતીન્દ્રિય આનંદથી ભરેલો, અતીન્દ્રિય અનંત અનંત વીર્યથી ભરેલો, અતીન્દ્રિય અનંત અનંત જ્ઞાનથી ભરેલો એવા અનંત અનંત શક્તિનો સાગર, એની જે પૂર્ણ દશા મુક્તિ... આહાહા..! એનું જે સાધન ચરણકમળની સેવા તે પરમભક્તિ છે. આહાહા..!

**'તે કારણથી તે ભવ્ય જીવ ભક્તિગુણ વડે...'** એવી પોતાની ભક્તિગુણ વડે **'નિજ આત્માને–કે જે નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો...'** છે. આહાહા..! કેવો છે આત્મા? કે જે નિરાવરણ છે. ત્રિકાળ નિરાવરણ છે. એક સમયની પર્યાયમાં આવરણનો સંબંધ છે. વસ્તુમાં આવરણ-ફાવરણ છે નહિ. આહાહા..! **'નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો...'** જ્ઞાન કરવું છે, થાય છે અને કરે તો થાય એમ નહિ. સ્વભાવિક સહજ ગુણ છે જ. અનાદિથી સહજ ગુણ સ્વભાવથી ભરેલો જ છે એ. આહાહા..! એ જ્ઞાનગુણ નવો થાય છે કે ઉત્પન્ન થાય છે તેથી જણાય છે, એમ નહિ. સ્વભાવિક ત્રિકાળ ગુણ ભરેલો જ છે. આહાહા..!

સ્વભાવિક નિરાવરણ જ્ઞાનગુણવાળો હોવાથી... આહાહા..! કેટલા શબ્દ! **'અસહાયગુણાત્મક છે...'** અસહાયગુણવાળો–જેને કોઈની સહાય નથી. આહાહા..! વ્યવહારરત્નત્રય સાધન, નિશ્ચયરત્નત્રય સાધ્ય એમ છે નહિ. આહાહા..! શાસ્ત્રમાં લખાણ આવે, વ્યવહારરત્નત્રય પાળો. એ તો નિમિત્તોના કથનનું જ્ઞાન કરાવે છે. બાકી જેના સ્વરૂપને સાધવામાં કોઈ સાધનની, બહારની જરૂર નથી. આહાહા..! **'નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો...'** સ્વભાવિક જ્ઞાનગુણવાળો હોવાથી. સ્વભાવિક જ્ઞાનગુણ, ત્રિકાળ જ્ઞાનસ્વભાવ જ જેનો છે એ ઉત્પન્ન થતો નથી, તેનો અભાવ થતો નથી. આહાહા..! જેમાં ઉત્પાદ-વ્યય છે જ નહિ. આહાહા..! એવો **'અસહાયગુણાત્મક છે તેને–પ્રાપ્ત કરે છે.'** આવો જીવ આવા આત્માને પ્રાપ્ત કરે છે. તેને નિશ્ચયભક્તિ કહેવામાં આવે છે. આહાહા..!

[હવે આ ૧૩૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

## શ્લોક–૨૨૭

(स्रग्धरा)

आत्मा ह्यात्मानमात्मन्यविचलितमहाशुद्धरत्नत्रयेऽस्मिन्
नित्ये निर्मुक्तिहेतौ निरुपमसहजज्ञानदृक्शीलरूपे।
संस्थाप्यानंदभास्वन्निरतिशयगृहं चिच्चमत्कारभक्त्या
प्राप्नोत्युच्चैरयं यं विगलितविपदं सिद्धिसीमन्तिनीशः।।२२७।।

[શ્લોકાર્થ :–] આ અવિચલિત-મહાશુદ્ધ-રત્નત્રયવાળા, મુક્તિના હેતુભૂત નિરુપમ-સહજ-જ્ઞાનદર્શનચારિત્રરૂપ, નિત્ય આત્મામાં આત્માને ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને, આ આત્મા ચૈતન્યચમત્કારની ભક્તિ વડે [1]નિરતિશય ઘરને–કે જેમાંથી વિપદાઓ દૂર થઈ છે અને જે આનંદથી ભવ્ય (શોભીતું) છે તેને–અત્યંત પ્રાપ્ત કરે છે અર્થાત્ સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે. ૨૨૭.

## શ્લોક–૨૨૭ ઉપર પ્રવચન

૨૨૭ કળશ.

आत्मा ह्यात्मानमात्मन्यविचलितमहाशुद्धरत्नत्रयेऽस्मिन्
नित्ये निर्मुक्तिहेतौ निरुपमसहजज्ञानदृक्शीलरूपे।
संस्थाप्यानंदभास्वन्निरतिशयगृहं चिच्चमत्कारभक्त्या
प्राप्नोत्युच्चैरयं यं विगलितविपदं सिद्धिसीमन्तिनीशः।।२२७।।

આહાહા..! ૧૩૬ ગાથાની ટીકા, એનો શ્લોક.

**શ્લોકાર્થ :-** **'આ અવિચલિત-મહાશુદ્ધ-રત્નત્રયવાળા,...'** ધ્રુવ એવો ભગવાનઆત્મા ત્રિકાળી સ્વભાવિક જ વસ્તુ છે. કોઈથી થઈ નથી, નવી–સાદિપણું નથી, અનાદિથી એનો સ્વભાવ અવિચલિત-મહાશુદ્ધ-રત્નત્રયવાળા. એવા આત્માની ચળે નહિ એવી નિશ્ચય મહાશુદ્ધ-રત્નત્રયવાળા. આ માર્ગ. આહાહા..! આવું ક્યાં હતું? સંપ્રદાયમાં સાંભળ્યું? સામાયિક કરો,

---

૧ નિરતિશય = જેનાથી કોઈ ચડિયાતું નથી એવા; અનુપમ; શ્રેષ્ઠ; અજોડ.

પોષા કરો, .. કરો, ઢીંકણું કરો. એવા બધા ભાષણ પણ કરેલા પાછા. ગપ્પેગપ માર્યા હોય. આહાહા..! એ નહોતું. એ સાંભળવામાં આવ્યું નથી. એ બિચારા લખે છે, આ છે ને ચોપાનીયું? એમાં બે-ત્રણ ઠેકાણે લખે છે, ભાઈ! આ માર્ગને 'કાનજીસ્વામી'એ પ્રગટ કર્યો. એ માર્ગ હતો નહિ ક્યાંય. બે-ત્રણ જણે ભાષણ કર્યા છે. છે આમાં. આ વસ્તુ હતી નહિ. એમણે પ્રગટ કર્યો છે કે માર્ગ આ છે. આહાહા..! ક્રાંતિ એને લઈને થઈ છે. ત્રણ હજાર માણસ ત્યાં ભેગુ થયું. ત્રણ હજાર માણસ. હજાર માણસ તો બહારથી આવ્યું હતું. કયું ગામ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. ... ત્રણ હજાર માણસ, મોટી સભા. બધા વ્યાખ્યાન આપે. 'હુકમચંદજી', 'બાબુભાઈ' ને 'જ્ઞાનચંદજી'. આહાહા..!

**'આ અવિચલિત-મહાશુદ્ધ-રત્નત્રયવાળા,...'** શુદ્ધ-મહાશુદ્ધ રત્નત્રય સાધક લેવા છે. ન ચળે એવા નિશ્ચયથી. આહાહા..! એ આનંદમાં જે ધ્રુવ છે એને પકડ્યો, એનો અનુભવ થયો એ હવે પડવાનો નથી. આહાહા..! ચળવાનો નથી. પંચમઆરાના શિષ્યને અમે કહીએ છીએ. આહાહા..! પંચમઆરાનો સાધુ, પંચમઆરાના શિષ્યને કહે છે, પ્રભુ! તું અવિચલિત મહાશુદ્ધ રત્નત્રયવાળો છો. આહાહા..! તારું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ચળશે નહિ, પડશે નહિ, હિનતા નહિ આવે. આહાહા..!

**'આ...'** પ્રત્યક્ષ. 'આ' શબ્દ છે ને? **'આ..'** પ્રત્યક્ષ **'અવિચલિત-'** ચલિત ન થાય એવું ધ્રુવ. ત્રિકાળી ધ્રુવ તો છે પણ પર્યાયમાં એવી અપ્રતિહત ધ્રુવતા આવી. જેવો ધ્રુવ છે એવી અપ્રતિહત પરિણતિ આવી. આહાહા..! પંચમઆરાની વાત કરે છે આ. આહાહા..! કેટલાક કહે છે કે પંચમઆરામાં એ ન હોય. અત્યારે તો શુભજોગ જ હોય. એ વાત બહુ ઊંધી કરે છે. માર્ગને બહુ ઊંધો કરે છે. આહાહા..!

આ પ્રત્યક્ષ **'અવિચલિત-મહાશુદ્ધ-રત્નત્રયવાળા, મુક્તિના હેતુભૂત...'** આહાહા..! મોક્ષનું કારણ, મોક્ષનો હેતુ. **'નિરુપમ-સહજ-જ્ઞાનદર્શનચારિત્રરૂપ,...'** જેને કોઈ ઉપમા નથી. આહાહા..! એવા સ્વભાવિક જ્ઞાન-દર્શન-ચારિત્ર. એમાં જ્ઞાન પહેલું મૂક્યું. નિરુપમ-જેને ઉપમા નથી. આહાહા..! સ્વભાવિક કુદરતી ચીજ જે અનાદિ છે એને ઉપમા શું? એને શું કહેવું? આહાહા..! જગતની ચીજ અનાદિ સહજ છે જ. આહાહા..! છે એની વાત શું કરવી? કહે છે. આહાહા..! વસ્તુ છે એ અવિચલિત (છે). એની પ્રતીત અને જ્ઞાન અવિચલિત છે. આહાહા..! કેટલાક કહે છે ને કે પડી જઈએ તો? ફલાણું થાય તો? એ વાત અહીંયાં રહેવા દે. આહાહા..!

**'અવિચલિત-મહાશુદ્ધ-રત્નત્રયવાળા,...'** પાછું મહાશુદ્ધરત્નત્રય. આહાહા..! અંતર શુદ્ધ ચૈતન્ય ધ્રુવ ભગવાન એની અંતરમાં સન્મુખની પ્રતીતિ-જ્ઞાન ને રમણતા એ **'મહાશુદ્ધ-રત્નત્રયવાળા, મુક્તિના હેતુભૂત...'** આહાહા..! મુક્તિનું આ કારણ. **'નિરુપમ-'** જેની ઉપમા

નથી. **'સહજ-જ્ઞાનદર્શનચારિત્રરૂપ,...'** આહાહા..! સહજ સ્વભાવિક જ્ઞાન-દર્શન અને આનંદરૂપ. ચારિત્ર–આનંદ. આહાહા..! ભાષા થોડી પડે છે. શું કહેવું એને? એવો ભગવાન અંદર ત્રણ લોકનો નાથ, અનંત અનંતગુણનો સાગર, જેના એક ગુણની કિંમત કરતા ઇન્દ્રના ઇન્દ્રાસન ધૂળ જેવા લાગે. આહાહા..! જેના એક ગુણની કિંમત કરતા ઇન્દ્રના ૩૨ લાખ વૈમાનનો સ્વામી ઇન્દ્ર. ઇન્દ્ર એકાવતારી છે. સુધર્મદેવનો અત્યારે. એક ભવે મોક્ષ જનાર. એનો વૈભવ પણ જ્યાં સડેલા તરણા જેવો લાગે. એવો ભગવાન ચૈતન્યનો એક ગુણ, એવા એવા અનંતા ગુણો. આહાહા..!

બાહ્ય ચીજની અતિશયતા, વિશેષતા, આશ્ચર્યતા, વિસ્મયતા કાંઈક દેખીને ત્યાં અટકી ગયો છે. આ વસ્તુ પોતે પડી રહી છે. આહાહા..! બહારની ચીજમાં ક્યાંક ક્યાંક વિસ્મયતા.. (લાગે છે), ઓહો..! પૈસા-બૈસા પાંચ કરોડ, દસ કરોડ હોય તો. ઓહો..! બાયડી કાંઈક રૂપાળી મળી હોય તો ત્યાં ઓહો..! છોકરો થયો એને ત્યાં ઓહો..! (થઈ જાય છે). આ બધું થાય. ક્યાંકને ક્યાંક એને આત્માને મૂકીને બીજી ચીજમાં આશ્ચર્યતા, વિસ્મયતા, અધિકતા.. આહાહા..! ભાસતા ભગવાન રહી ગયો. આ અધિકતા ભાસતા ભગવાન અંદર રહી ગયો. આહાહા..! દુકાન ચાલતી હોય. દરરોજની દસ-દસ હજારની પેદાશ હોય. અને નોકરો કામ કરતા હોય અને ધામધુમ ચાલતી હોય. ઓહોહો..! વિસ્મય વિસ્મય આશ્ચર્ય લાગે જાણે કાંઈક અધિકપણું એને ભાસે. એ ધૂળનું અધિકપણું ભાસતા પ્રભુનું અધિકપણું ભાસતું નથી. આહાહા..! શરીરની સુંદરતા, નમણાઈ એની પણ વિસ્મયતા, આશ્ચર્યતામાં રોકાતા પ્રભુ રહી ગયો. આહાહા..! કેટલી ભાષા મૂકી છે!

**'મુક્તિના હેતુભૂત નિરુપમ—'** જેને ઉપમા શું આપવી? બાપા! આહાહા..! એના માર્ગને, હોં! **'સહજ-જ્ઞાનદર્શનચારિત્રરૂપ, નિત્ય આત્મામાં આત્માને...'** આહાહા..! **'નિત્ય આત્મામાં આત્માને ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને,...'** આહાહા..! ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને. એટલે કે આનંદના ધામમાં એવો ધામ-પડાવ નાખ્યો કે એ પડાવ ફરે નહિ. આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એમાં આત્માએ પડાવ નાખ્યો, પડાવ. આહાહા..! એવો જે સહજ પડાવ.. આહાહા..! **'સમ્યક્ પ્રકારે સ્થાપીને,...'** સાચી રીતે સ્થાપીને. આહાહા..! શાસ્ત્રનું વાંચન કરીને, ધારીને એ વસ્તુ નથી કાંઈ. શાસ્ત્રનું વાંચન કર્યું અને એમાં ધાર્યું કે આવો આત્મા. એમાં કાંઈ માલ નથી. આહાહા..! એ બહારના શાસ્ત્રના વાંચન અને જ્ઞાનની મહિમાનું આશ્ચર્ય (અને) વિસ્મય જેને લાગે એ પરમાત્માને ખોઈ બેસે છે. આહાહા..! એ નિજ પરમાત્માને ખોઈ બેસે છે. આહાહા..!

**'નિત્ય આત્મામાં આત્માને ખરેખર...'** ભાષા કેટલી વાપરી છે! ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને. ખરેખર અને સમ્યક્ પ્રકારે સ્થાપીને. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો ભરપૂર સાગર ભરેલો (છે). આહાહા..! એમાં જેણે ખરેખર સમ્યક્ પ્રકારે આત્માને સ્થાપ્યો.

આહાહા..! એની સ્વભાવની પર્યાયથી એને સ્થાપ્યો. આહાહા..! **'આ આત્મા ચૈતન્યચમત્કારની ભક્તિ વડે...'** એવો જીવ આ રીતે જ્યારે અંદર સમ્યક્ સ્થાપે ત્યારે આ આત્મા ચૈતન્યચમત્કારની ભક્તિ વડે. આહાહા..! ચૈતન્યચમત્કારની ભક્તિ વડે. આહાહા..! જે અનંત ચમત્કારી ગુણથી ભરેલો ચમત્કારિક ચીજ એ છે. એના વિના દુનિયામાં કોઈ ચીજ ચમત્કારિક નથી. આહાહા..! જેના એક એક જ્ઞાનમાં અનંતુ અનંતુ જાણવું થાય છતાં પણ તે જ્ઞાન પૂરું નહિ. આહાહા..! ત્રણકાળ, ત્રણલોક જાણે એથી અનંતગુણો કાળ અને લોક હોત તોપણ તે જાણી શકે એવી એ તાકાતવાળું તત્ત્વ છે. આહાહા..! ત્રણકાળ ને ત્રણલોક, એનાથી પણ અનંતગણા જો કાળ અને લોક હોત તોપણ તે જાણી શકે. કેમ? જેનો સ્વભાવ છે એને કોઈ મર્યાદા નથી. આહાહા..! એવો જેનો ચૈતન્યચમત્કાર (સ્વભાવ). આહાહા..! એની ભક્તિ વડે. આહાહા..! કેટલા શબ્દો વાપર્યા છે! આહાહા..!

બહારની મહિમા આડે આખા ગોથા ખાઈ ગયો. આહાહા..! દયા, દાન, ભક્તિ ને સેવા ને મંડળીના નાયક થયા, ફલાણી મંડળી બનાવી એના નાયક થયા, મોઢા આગળ થયા. મરી ગયો છે. આહાહા..! અરે..રે..! ભગવાન મોટો, જેને કોઈ ઉપમા દેવાય નહિ, જેની કોઈ શક્તિનો પાર નહિ, જેની શક્તિની ગંભીરતાનો પાર નહિ. અનંત શક્તિ તો ખરી પણ એક એક શક્તિની ગંભીરતાનો પાર નહિ એવું સહજ સ્વરૂપ, એવો જે ભગવાન... આહાહા..! એની ભક્તિ વડે, એની ચૈતન્યચમત્કારની ભક્તિ વડે **'નિરતિશય ઘરને—'** આહાહા..! આ નિજઘર. પાંચ-દસ લાખનું મકાન કર્યું હોય ને વાસ્તુ કરે ત્યાં.. આહાહા..! કંઈક મોટા કાર્યવાહકને બોલાવે, અમલદારને બોલાવે અને અધિકારીઓને બોલાવે. આહાહા..! જાણે શું કરીએ છીએ! આ તો નિરતિશય ઘર. પોતાનું ઘર. જેનાથી કોઈ ચડિયાતું નથી. આહાહા..! ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ જેના ચમત્કાર આગળ સડેલા મીંડદા ને સડેલા કૂતરા જેવા લાગે. આહાહા..! એવો પ્રભુનો ચૈતન્યચમત્કાર અંદર છે. આહાહા..!

આ વાત એમ હશે? એમ લાગે માણસને કે... આહાહા..! આ કાંઈ વધારે કહેવાય છે? વધારે કહેતા નથી. આમાં–કળશમાં છે. એક શબ્દ પડ્યો છે. અમે આ વધારે કહેતા નથી. આહાહા..! જેવું સ્વરૂપ છે તેવું વર્ણન કરીએ છીએ. આહાહા..! અને તે વર્ણનમાં એ ચીજ તો અડતી નથી, આવતી નથી. એનું વર્ણન કઈ રીતે કરવું? આહાહા..! જેના અક્ષરોના વર્ણનમાં એ ચીજ આવતી નથી, જેના અક્ષરના વર્ણનમાં એ ચીજ અડતી નથી. આહાહા..! એવા ચૈતન્યચમત્કારને વાણી દ્વારા કેટલો કહેવો? કહે છે. આહાહા..!

એવું નિજઘર... આહાહા..! જોયું! કેવું? નિરતિશય ઘર. નિરતિશય એટલે એનાથી કોઈ ચડિયાતુ નથી એવું અનુત્તમ, અજોડ ઘર. આહાહા..! 'અબ હમ કબહુ ન નિજઘર આયે, પરઘર ભમત નામ અનેક ધરાયે અબ હમ કબહુ ન નિજઘર આયે.' આહાહા..! પોતાનું નિજઘર અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનથી ઠસોઠસ ભરેલો એવા અનંતા ગુણોનો સાગર એ

નિજઘર. આહાહા..! અહીં તો જ્યાં બહારમાં બે-પાંચ-દસ લાખનો બંગલો બનાવે ત્યાં જાણે ઓહોહો..! બે-પાંચ લાખની ગણતરી નથી. એની સામે 'આફ્રિકા'માં જે મકાનમાં ઉતર્યા હતા એ પંદર લાખનું હતું. અને ૫૦-૫૦ લાખના મકાન, કરોડ-કરોડના મકાન. આહાહા..! એ તો પથરા પથરા છે એકલા.

ભગવાન ચૈતન્યચમત્કારથી ભરેલો એવા નિજઘરને **'કે જેમાંથી વિપદાઓ દૂર થઈ છે...'** આહાહા..! શું કહે છે? કેવું છે નિજ ઘર અંદર? જેમાં એટલી સંપદા પડી છે કે વિપદા તો નાશ થઈ ગઈ છે. આહાહા..! વિપદાની જ્યાં ગંધ નથી એવો ભગવાન અંદર બિરાજે છે. આહાહા..! આ બહારના ચમત્કાર દેખે. આહાહા..! એમાં વળી દરરોજની બે-પાંચ હજારની પેદાશ હોય. આહાહા..! પહેલા તો રોકડા રૂપિયા હતા. ભરાઈ જાતોને એ? શું કહેવાય એ? બડખું, લાકડાનું ભરાઈ જાય આખું. ઓહોહો..! આજ તો બહુ પેદા થયા. ચારસો-પાંચસો-પાંચસો, હજાર, બે હજાર રોકડા આવ્યા છે અંદર. આહાહા..! પ્રભુ! એ બધી વાતું... આહાહા..! એ વિષ્ટાની વાતું જેવી વાતું છે ઇ. આહાહા..!

નિજઘર નિરતિશય **'કે જેમાંથી વિપદાઓ દૂર થઈ છે...'** આહાહા..! જેમાં વિપદાની ગંધ નથી. સંપદાનો સાગર છે અને વિપદાનો અભાવ છે. આહાહા..! અનંત અનંત સંપદાથી ભરેલો અને વિપદાની ગંધ જેમાં નથી. આહાહા..! આવો આત્મા સાંભળ્યો ન હોય કોઈ દિ'. આહાહા..! એ શબ્દમાં તો કેટલું આવે? પાછળ જે મગજમાં ભાવ છે એ ભાવ કાંઈ શબ્દમાં પૂરો આવે નહિ. આહાહા..! એવું જે નિજઘર **'કે જેમાંથી વિપદાઓ દૂર થઈ છે...'** આહાહા..!

**'અને જે આનંદથી ભવ્ય (શોભીતું) છે...'** આહાહા..! સંપદા આવી. અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન છે. આહાહા..! એનો હડફો હડફો પૈસાથી ભરેલો હોય ને તો એ ગણતરીની હોય. નોટુ હોય તો પાંચ-દસ લાખ, પચ્ચીસ લાખ કદાચ હોય. આહાહા..! આ તો અનંત શક્તિ અને આપદાથી રહિત સંપદાથી શોભિત. આહાહા..! નિજ સંપદાથી શોભિત એવો ભગવાન અંદર (બિરાજે છે). આહાહા..! આ છે કે નહિ ત્યાં 'મનસુખ' ? આ પુસ્તક છે કે નહિ ત્યાં? ઠીક! આહાહા..!

**'જેમાંથી વિપદાઓ દૂર થઈ છે અને જે આનંદથી ભવ્ય (શોભીતું) છે...'** આનંદથી શોભિત છે. ભગવાન અંદર તો અતીન્દ્રિય આનંદથી શોભિત છે. ઇન્દ્રિયના સુખ તે ઝેરના પ્યાલા છે. આહાહા..! વિષયની વાસનાઓ તો ઝેરના પ્યાલા છે. એ ભગવાનમાં તો છે નહિ. આપદાથી તો રહિત છે. એવી જે આપદાઓ એનાથી તો પ્રભુ અંદર રહિત છે. આહાહા..! આવો કેવો ધર્મ! કાંઈ કરવાનું કહેતા નથી. પણ આ કરવાનું નથી કહેતા? આવો છે એવો માન એ કરવાનું નથી? કરવાનું કાંઈ કૂદવાનું છે ક્યાંય? સામાયિક કરી, પોષા કર્યા, પડિક્કમણા કર્યા, દાન કર્યા, ધૂળ કરી. આહાહા..!

નિજઘર તો જેને આનંદથી શોભીતું છે. આહાહા..! મુનિરાજને ચૈતન્યચમત્કારનું વર્ણન કરતાં શબ્દો પણ ઓછા પડે છે. આહાહા..! એવો એ ભગવાનઆત્મા, **'તેને-અત્યંત પ્રાપ્ત કરે છે...'** એ અંતરની ભક્તિ કરનારો આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એની ભક્તિ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર રમણતા કરનારો, એવા આત્માને તે અત્યંત પ્રાપ્ત કરે છે. પ્રાપ્ત કરે છે એમ પણ નથી લીધું. અત્યંત પ્રાપ્ત કરે છે. એ પ્રાપ્ત કરે છે એ કર્યું એ કર્યું, હવે ફરવાનું નથી કહે છે. આહાહા..! મુનિરાજના હૃદયની શૈલી-ધારા તો જુઓ! કહે છે કે એ પ્રાપ્ત થયું એ અત્યંત પ્રાપ્ત કરે છે. આહાહા..! અત્યંત પ્રાપ્ત થયું છે. એનો હવે અંત જ નથી. છેડો જ નથી. એવો ભગવાન ચૈતન્યચમત્કારથી પોતાના ગુણથી ભરેલો, તેના શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિની વીતરાગતાથી પ્રાપ્ત થાય છે. વ્યવહારથી પ્રાપ્ત થાય છે એમ કહ્યું નથી. એ વ્યવહાર દયા, દાન, વ્રત કરીએ ને ભક્તિ કરીએ ને પૂજા કરીએ ને એનાથી પ્રાપ્ત થાય એમ કહ્યું નથી. આહાહા..!

**'તેને-અત્યંત પ્રાપ્ત કરે છે અર્થાત્ સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે.'** મુક્તિ એટલે પૂર્ણ આનંદની દશા. આત્માનો પૂર્ણ આનંદનો લાભ એનું નામ મુક્તિ. આત્મામાં આનંદસ્વરૂપ જે ભર્યું છે એનો પર્યાયમાં પૂર્ણ આનંદનો લાભ, એનું નામ મુક્તિ. આહાહા..! ભરેલો તો છે જ. પૂર્ણ આનંદથી ભરેલો (છે). આહાહા..! એ **'સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે.'** આહાહા..! મુક્તિરૂપી પરિણતિ એટલે પર્યાય, મુક્તિરૂપી જે પર્યાય, તેનો એ ધણી થાય છે. આહાહા..! એ સંસાર અને રાગનો ધણી છોડી દે છે. બધી વિપદાનો નાશ થઈ ગયો છે અને સંપદા એકલી પ્રગટ થઈ છે, એનો એ સ્વામી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૩૭

**रायादीपरिहारे अप्पाणं जो दु जुंजदे साहू।**
**सो जोगभत्तिजुत्तो इदरस्स य किह हवे जोगो।।१३७।।**

**रागादिपरिहारे आत्मानं यस्तु युनक्ति साधुः।**
**स योगभक्तियुक्तः इतरस्य च कथं भवेद्योगः।।१३७।।**

निश्चययोगभक्तिस्वरूपाख्यानमेतत्।

निरवशेषेणान्तर्मुखाकारपरमसमाधिना निखिलमोहरागद्वेषादिपरभावानां परिहारे सति यस्तु साधुरासन्नभव्यजीवः निजेनाखंडाद्वैतपरमानंदस्वरूपेण निजकारणपरमात्मानं युनक्ति,

स परमतपोधन एव शुद्धनिश्चयोपयोगभक्तियुक्तः। अतरस्य बाह्यप्रपंचसुखस्य कथं योगभक्तिर्भवति।

तथा चोक्तम् -

(अनुष्टुभ्)

आत्मप्रयत्नसापेक्षा विशिष्टा या मनोगतिः।
तस्य ब्रह्मणि संयोगो योग इत्यभिधीयते।।

---

રાગાદિના પરિહારમાં જે સાધુ જોડે આત્મને,
છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૭.

અન્વયાર્થ :– [ यः साधुः तु ] જે સાધુ [ रागादिपरिहारे आत्मानं युनिक्ति ] રાગાદિના પરિહારમાં આત્માને જોડે છે (અર્થાત્ આત્મામાં આત્માને જોડીને રાગ વગેરેનો ત્યાગ કરે છે), [ सः ] તે [ योगभक्तियुक्त ] યોગભક્તિયુક્ત (યોગની ભક્તિવાળો) છે; [ इतरस्य च ] બીજાને [ योग ] યોગ [ कथम् ] કઈ રીતે [ भवेत् ] હોય?

ટીકા :– આ, નિશ્ચયયોગભક્તિના સ્વરૂપનું કથન છે.

નિરવશેષપણે અંતર્મુખાકાર (–સર્વથા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવી) પરમ સમાધિ વડે સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનો પરિહાર હોતાં, જે સાધુ–આસન્નભવ્ય જીવ–નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે નિજ કારણપરમાત્માને જોડે છે, તે પરમ તપોધન જ શુદ્ધનિશ્ચય-ઉપયોગભક્તિવાળો છે; બીજાને–બાહ્ય પ્રપંચમાં સુખી હોય તેને–યોગભક્તિ કઈ રીતે હોય?

એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

'[શ્લોકાર્થ :–] આત્મપ્રયત્નસાપેક્ષ વિશિષ્ટ જે મનોગતિ તેનો બ્રહ્મમાં સંયોગ થવો (–આત્મપ્રયત્નની અપેક્ષાવાળી ખાસ પ્રકારની ચિત્તપરિણતિનું આત્મામાં જોડાવું) તેને યોગ કહેવામાં આવે છે.'

---

પ્રવચન નં. ૧૫૫, ગાથા-૧૩૭, રવિવાર, જ્યેષ્ઠ સુદ ૩, તા.૧૫-૦૬-૮૦

---

'નિયમસાર' ગાથા-૧૩૭.

रायादीपरिहारे अप्पाणं जो दु जुंजदे साहू।
सो जोगभत्तिजुत्तो इदरस्स य किह हवे जोगो।।१३७।।

રાગાદિના પરિહારમાં જે સાધુ જોડે આત્મને,
છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૭.

**ટીકા :-** આહાહા..! **'આ નિશ્ચયયોગભક્તિના સ્વરૂપનું કથન છે.'** ભગવાનની ભક્તિ આદિ એ તો શુભરાગ છે. નિશ્ચયભક્તિ પોતાની. પોતાના શુદ્ધ સ્વરૂપમાં એકાગ્ર થવું, શુદ્ધમાં શુદ્ધ ઉપયોગરૂપે એકાકાર થવું એનું નામ નિશ્ચયભક્તિ છે. આહાહા..! અને એ શુદ્ધ નિશ્ચયભક્તિ નિર્વાણનું કારણ છે. વ્યવહાર જે ભગવાનની ભક્તિ એ તો બંધનું કારણ છે. વ્યવહાર અભૂતાર્થ કીધો છે. એ બંધનું કારણ છે. અહીં કહ્યું કે **'નિશ્ચયયોગભક્તિના સ્વરૂપનું કથન છે.'** નિશ્ચયયોગભક્તિ કોને કહેવી?

**'નિરવશેષપણે...'** આહાહા..! જુઓ! કાંઈપણ બાહ્યથી વિકલ્પાદિ કંઈ પણ બાકી રાખ્યા વિના, બધાને છોડીને નિરવશેષપણે–કોઈપણ બાકી રાખ્યા વિના ગુણ-ગુણીનો ભેદ, એવો વિકલ્પ પણ છોડી દઈને. આહાહા..! **'નિરવશેષપણે અંતર્મુખાકાર...'** અંતર્મુખસ્વરૂપ. પરમપારિણામિક સ્વભાવભાવ, જ્ઞાયકભાવ એ અંતર્મુખાકાર. આહાહા..! **'નિરવશેષપણે અંતર્મુખાકાર...'** કાંઈ પણ બહારનું રાખ્યા વિના અંતર્મુખાકાર. વ્યવહારના વિકલ્પથી તો નહિ પણ ગુણ-ગુણીના ભેદના વિકલ્પથી પણ નહિ. આહાહા..!

આવા **'નિરવશેષપણે અંતર્મુખાકાર (–સર્વથા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવી)...'** અંતર્મુખ જેનું સ્વરૂપ છે. સહજાનંદ પ્રભુ, સહજ સ્વરૂપ, સહજ સત્તા તેના તરફનું અંતર્મુખ વલણ છે. એ અંતર્મુખ આકાર છે. એટલે અંતર્મુખ જેનું સ્વરૂપ છે. આહાહા..! આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. વ્યવહારરત્નત્રય તો વિકલ્પ, રાગ (છે). આહાહા..! અંતર્મુખ પરમપારિણામિક સ્વભાવભાવ જ્ઞાયકભાવ. અંતર્મુખાકાર એટલે અંતર્મુખસ્વરૂપ. અંતર્મુખસ્વરૂપ. વિકલ્પાદિ છે એ તો બહિર્‌સ્વરૂપ છે. અરે..! પર્યાય પણ બહિર્‌સ્વરૂપ છે. સમજાય છે? અંતર્મુખ આકાર તો એકલો દ્રવ્યસ્વભાવ, ચૈતન્ય આનંદસ્વરૂપ જે, તેના અંતર્મુખસ્વરૂપ.

**'(–સર્વથા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવી) પરમ સમાધિ વડે...'** આહાહા..! પરમશાંતિ વડે પરમ સમાધિ. આ બાવાની સમાધિ નથી. આ તો અંતર આનંદ અને જ્ઞાન અંતર્મુખ પ્રભુતા આદિ અનંતગુણનો પિંડ પ્રભુ, આહાહા..! એની એકાગ્રતા તે પરમસમાધિ. નિર્વિકલ્પ આનંદનો અનુભવ તે પરમ સમાધિ. આ છે, લ્યો! વિરુદ્ધ કરે છે. એને વિરુદ્ધ કરે છે. એમ કહે છે કે અનર્થ કર્યો છે. અર્થનો અનર્થ કર્યો છે. કહે એનું નામ લખ્યું. પણ ... આહાહા..! અરે..! પ્રભુ! વ્યવહાર છે એ પરાશ્રય છે. નિશ્ચય છે એ સ્વઆશ્રય છે. બે મહા સિદ્ધાંત છે. અને જે સ્વઆશ્રય છે નિશ્ચય તેટલો જ મોક્ષમાર્ગ છે. જેટલો પરાશ્રય રાગ છે એ બંધનું કારણ છે. એને મોક્ષમાર્ગ વ્યવહારથી કહ્યો પણ છે બંધનું કારણ. આહાહા..! આકરું કામ. હવે આમાં લોઢાથી ક્યારે નવરું થાવું? બહારથી તો બધો નવરો થયો જ છે, કહે છે. નવરો છે. બાહ્યનો ત્યાગ એમાં છે નહિ. ફક્ત અંતરમાં વિકલ્પ અને બહિર્મુખી પર્યાય જે છે એને અંતર્મુખાકાર કરવી. આહાહા..! જે પર્યાય છે... વસ્તુ બે રૂપે : દ્રવ્ય અને પર્યાય. હવે એ પર્યાય બહિર્મુખ છે એને અંતર્મુખાકાર એટલે ચૈતન્યસ્વરૂપના સ્વરૂપે

એનું પરિણમન કરવું. આહાહા..! એનું નામ સમાધિ, યોગ, ધર્મ, મોક્ષનો માર્ગ જે કહો એ છે. આહાહા..!

એવી **'પરમ સમાધિ વડે સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનો પરિહાર...'** લ્યો! સમસ્ત રાગ-દ્વેષ. વ્યવહારનો વિકલ્પ તો નહિ પણ ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ નહિ. આહાહા..! **'સમસ્ત...'** પૂરી રીતે **'મોહરાગદ્વેષાદિ પરભાવોનો પરિહાર...'** વ્યવહારરત્નત્રયનો પરિહાર આવ્યો કે નહિ? વ્યવહારરત્નત્રય રાગ છે. આહાહા..! શુભરાગ છે, શુભજોગ છે. **'સમસ્ત...'** પર તરફની એકતાબુદ્ધિ અને પર તરફના વલણવાળો ભાવ–મોહ, રાગ અને દ્વેષ એનાથી, એવા જે પરભાવો મોહ અને રાગ-દ્વેષ, મિથ્યાત્વ અને પુણ્ય ને પાપ એવા જે ભાવ, એનો પરિહાર હોતાં, એ પરભાવોનો પરિહાર હોતાં. આહાહા..! એ પરભાવમાં અધર્મ છે. આહાહા..! વ્યવહારરત્નત્રય પણ અધર્મ છે. એને સાધન મનાવવું છે. એરે..રે..! શું થાય? એક બાજુ પાછું એમ કહે કે ભવિ છું કે નહિ એ ભગવાન જાણે. અર..ર..! હજી તો સમ્યગ્દર્શન શું એ તો નહિ પણ ભવિ છું એ હજી નક્કી નથી. છાપામાં આવ્યું છે. આહાહા..! એ આવા અર્થ કરે. દુનિયા આમ ને આમ ચાલી ગાંડી... આહાહા..!

ભગવાન! અહીં તો નિયમ, નિશ્ચય જે નિયમયોગ એ પરમસમાધિ કહો, પરભાવનો પરિહાર કહો... આહાહા..! એવા **'પરિહાર હોતાં, જે સાધુ–આસન્નભવ્ય જીવ—'** નજીક જેને હવે મુક્તિ છે. આહાહા..! મુક્તિ જેની રાહ જોવે છે. આહાહા..! અલ્પકાળમાં એને મુક્ત થવાનું છે. એવા આસન્નભવ્ય વડે, એવા આસન્નભવ્ય જીવ.... આહાહા..! **'નિજ અખંડ અદ્વૈત...'** આહાહા..! નિજ એટલે પોતાનું સ્વરૂપ ભગવાન, તે કેવું? કે અખંડ. આહાહા..! જેમાં ગુણ-ગુણીનો ખંડ નહિ અને દ્રવ્ય-પર્યાયનો દ્વૈત નહિ (એવું) અદ્વૈત. આહાહા..! આવી સ્થિતિને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..!

**'આસન્નભવ્ય જીવ–નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે...'** આહાહા..! અતીન્દ્રિય પરમાનંદનો પ્રગટ રસ આવે, જે શક્તિ અને સ્વભાવરૂપ પરમાનંદ છે એ પરમાનંદની શક્તિમાંથી વ્યક્તરૂપ પ્રગટ અવસ્થા (થાય), **'પરમાનંદસ્વરૂપ સાથે નિજ કારણપરમાત્માને...'** આહાહા..! પરમાનંદને નિજ કારણપરમાત્મા સાથે જોડી દે. નિજ પરમાનંદ દશાને નિજ કારણસ્વભાવ સાથે જોડે. આહાહા..! આવી ભાષા પણ ક્યાંય સાંભળી ન હોય. 'શાંતિભાઈ'! બધે દીધે રાખ્યું છે આડુઅવળું. જે મળ્યું હોય એ કહે. બેઠું હોય, બીજું શું થાય?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આહાહા..! આ માર્ગ કોઈ જુદો છે, બાપુ!

અદ્વૈત, અખંડ પ્રભુ, કાંઈ ગુણ-ગુણીના ભેદ તો નથી પણ દ્રવ્ય અને પર્યાય જેના બે ભેદ પણ લક્ષમાં નથી. આહાહા..! એવો જે **'અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે...'** આહાહા..! અખંડ, નિજ અખંડ, હોં! અદ્વૈત **'પરમાનંદસ્વરૂપ સાથે...'** પરમાનંદસ્વરૂપ તો

પર્યાય છે. નિજ કારણપરમાત્મા દ્રવ્ય છે. આહાહા..! નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ એ પર્યાય છે. એ નિજ પર્યાયને, નિજ કારણ પરમાત્માને **'જોડે છે,...'** એ પર્યાય નિજકારણ પરમાત્મા ત્રિકાળ ભગવાન, વર્તમાન નિર્મળ આનંદની પર્યાય ત્રિકાળની સાથે જોડે છે. આહાહા..! એનું નામ યોગ ભક્તિ, તેનું નામ ભક્તિ એટલે સમાધિ. આહાહા..! ભાષા જ આકરી પડે. ભાષા કોઈ દિ' સાંભળી ન હોય. આવો માર્ગ (છે).

**'નિજ અખંડ અદ્વૈત...'** આહાહા..! એકરૂપ પરમાનંદસ્વરૂપ દશા. વિકલ્પની-વ્યવહારની તો ક્યાંય ગંધ પણ નથી. એવા પરમાનંદસ્વરૂપને એટલે વર્તમાન દશાને ત્રિકાળ સાથે જોડી દે. આહાહા..! નિજ અખંડ એક અદ્વૈત પરમાનંદસ્વરૂપ એવી જે વર્તમાન દશા, તેને ત્રિકાળ કારણપરમાત્મા ધ્રુવસ્વરૂપ, કારણપરમાત્મા–નિજ કારણપરમાત્મા... આહાહા..! એની સાથે જોડે છે. આહાહા..! ગજબ વાત છે. આવો માર્ગ લોકોએ કાંઈક કરી નાખ્યો. સત્યને એક કોર મૂકી દીધું અને અસત્યને સત્ય ઠરાવી દીધું. આહાહા..!

અહીં તો બે વાત લીધી. તું પરમાનંદસ્વરૂપ છો, કારણસમયસાર ત્રિકાળ. એમાંથી પરમાનંદસ્વરૂપ પ્રગટ કરી અને કારણસમયસાર જે ત્રિકાળ એની સાથે જોડી દે. આહાહા..! **'તે પરમ તપોધન જ...'** તે પરમ તપોધન જ **'શુદ્ધનિશ્ચય-ઉપયોગભક્તિવાળો છે;..'** આહાહા..! એમાં શુભયોગ નથી, વ્યવહારરત્નત્રય નથી. આહાહા..! હવે આવું ક્યારે કરવા જાય? નવરા ક્યાંથી થાય? આહા..! હજી આ સાંભળવા મળે નહિ. તેના જ્ઞાનમાં વાત આવે નહિ. માણસ નથી કહેતા? કે મારી વાત ધ્યાનમાં તો લે. એમ નથી કહેતા? મારી વાત તારા ધ્યાનમાં તો લે. એમ કહે છે. એમ અહીં પરમાત્મા કહે છે કે અમે કહીએ એ તું ધ્યાનમાં તો લે. આહાહા..! 'દેવીલાલજી'! કહે છે કે નહિ? અમે કહીએ એ ધ્યાનમાં તો લે. તને પછી બેસે-ન બેસે એ જુદું પણ આ શું કહેવા માગે એ તું ધ્યાનમાં તો લે. આહાહા..! એમ આ પરમાનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એને પરમાનંદની પરિણતિ સાથે જોડી દે. આહાહા..! એ કારણસમયસાર કહો કે પરમાનંદની મૂર્તિ ધ્રુવ નિત્ય કહો. અતીન્દ્રિય પરમાનંદનું દળ, અતીન્દ્રિય પરમાનંદનો સ્વભાવનો સાગર, વર્તમાન પર્યાય પરમાનંદની, પરમ પરમાનંદની પર્યાયને ત્યાં જોડી દે. આહાહા..!

મુમુક્ષુ :– એમાં પર્યાય સાથે જોડવી...

ઉત્તર :– કામ પર્યાય કરે ને. ધ્રુવમાં ક્યાં (કરવું છે)? ધ્રુવમાં તો લક્ષ છે. કાર્ય તો અહીં પર્યાયમાં થાય છે. આહાહા..!

મુમુક્ષુ :– પર્યાયને દ્રવ્યમાં જોડવી કે દ્રવ્યને પર્યાયમાં જોડવું?

ઉત્તર :– પર્યાયનું દ્રવ્યમાં જોડાણ.

મુમુક્ષુ :– આમાં તો એમ લખ્યું કે પરમાત્મા સાથે જોડીને.

ઉત્તર :– હા કીધું. કારણપરમાત્મા દ્રવ્યને.

મુમુક્ષુ :– પરમાત્મા સાથે પર્યાય..

ઉત્તર :– એટલે કારણ પરમાત્મામાં જોડ એમ કીધું ને. ત્રિકાળને પર્યાય જોડી દે. એ તો કહ્યું પહેલેથી. પરમાનંદસ્વરૂપ સાથે એ પર્યાય છે. નિજ કારણપરમાત્મા દ્રવ્ય એ દ્રવ્ય છે. આહાહા..! બેય અર્થ પહેલેથી કર્યો છે.

**'નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે નિજ કારણપરમાત્માને જોડે છે,...'** આહાહા..! વાત તો એ છે કે નિર્વિકલ્પ થા. એમ. કોઈપણ જાતનો વિકલ્પ છોડી દે. એ ભગવાન પોતે નિર્વિકલ્પસ્વરૂપ છે, પરમાનંદસ્વરૂપ છે, નિર્વિકલ્પસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ છે. એવા કારણપરમાત્માને... આહાહા..! વર્તમાન નિર્મળ દશાને પરમાનંદસ્વરૂપ સાથે નિજકારણને જોડી દે. સાથે જોડી દે એટલે કાંઈ ધ્રુવ જોડતો નથી. જોડે છે તો પર્યાય. આહાહા..! ધ્રુવ તો ધ્રુવ છે કારણસમયસાર એકરૂપ ત્રિકાળ. આહાહા..! વર્તમાન આર્તધ્યાન ને રૌદ્રધ્યાન ને વિકલ્પ છે, એની દશા, એની દશા પર દિશા ઉપર છે. એની દશા પર દિશા ઉપર છે. હવે એ પરમાનંદની દશા એ સ્વ દિશા ઉપર કર.

**'પરમાનંદસ્વરૂપ સાથે નિજ કારણપરમાત્માને જોડે છે,...'** એટલે કાંઈ ધ્રુવને પર્યાય સાથે જોડવું છે? એનો અર્થ એ. આહાહા..! વર્તમાન પર્યાયને પરમાનંદ કારણસમયસાર સાથે જોડી દે. આહાહા..! ધ્રુવ છે એ તો ધ્રુવ જ છે. ધ્રુવમાં કોઈ પલટવું, બદલવું, અનેકરૂપતા એમાં છે નહિ. એ ધ્રુવ તો એકરૂપ જ છે. એમાં આ અનેકરૂપ નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ છે એની સાથે એને જોડી દે. આહા..!

મુમુક્ષુ :– સાથે અને વડે ત્રીજી વિભક્તિ છે.

ઉત્તર :– એ આત્માની ભક્તિ છે. આહાહા..! સિદ્ધની ભક્તિ તો વ્યવહાર છે, વિકલ્પ છે. આહાહા..!

શબ્દ કેવો છે? **'નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે નિજ કારણપરમાત્માને જોડે છે,...'** ધ્રુવને જોડી દે. ભાષા શું થાય? ધ્રુવને જોડી દે તું. ધ્રુવ તો ધ્રુવ ત્રિકાળ આનંદનો નાથ સાગર પડ્યો છે. એકરૂપ ત્રિકાળ પડ્યો. ગમે તેટલી પર્યાયમાં વિકૃતિ થાય (તોપણ) વસ્તુ તો એકરૂપ ત્રિકાળ નિરાવરણ એકરૂપ રહી છે. આહાહા..! એને વર્તમાન પર્યાય સાથે જોડી દે. જે પર્યાયનું જોડાણ રાગ ને દ્વેષ અને વિકાર અને ભેદ ઉપર છે, ખંડ અને ભેદ અને વિકલ્પ ઉપર છે એને અખંડ એવો ચૈતન્ય જે પરમાનંદસ્વરૂપ છે તેને કારણપરમાત્મા સાથે જોડી દે. આહાહા..! આ તો જાણે પર્યાય સાથે દ્રવ્યને જોડી દે. એનો અર્થ એ થયો ને? આહાહા..! પર્યાય સાથે દ્રવ્યને જોડી દે એનો અર્થ એ થયો. પર્યાયને દ્રવ્ય સાથે જોડી દે. આહાહા..! દ્રવ્યને ક્યાં જોડવું છે? દ્રવ્ય તો ધ્રુવ છે. આહાહા..! એ તો કારણસમયસાર (છે).

અરે..રે..! સત્ય વાત બહાર આવે એનો વિરોધ કરે. બાપુ! આ તો સત્ય છે. મોઘું લાગે, આકરું લાગે, સમજવામાં કઠણ પડે પણ વસ્તુ તો આ છે. આ રસ્તો લીધા વિના

જન્મ-મરણના અંત આવે એવા નથી, ભાઈ! ચોર્યાશીના અવતાર... આહાહા..! અહીંયાં વાણિયો અબજોપતિ હોય (ને મરીને) ભૂંડની કૂખે જાય. અર..ર..! આવા અવતાર કર્યા! એ ભૂંડ આખી જિંદગી વિષ્ટા ખાય. અહીં વિષ્ટાને અડતો પણ નહોતો. એ ભૂંડ વિષ્ટા જ ખાય. આહાહા..! એવા અવતાર અનંતવાર કર્યા છે. આહાહા..! દરકાર કરી નથી. હું કોણ અને શું થાય છે? અને શું થાય છે તેનું ફળ શું આવશે? આહાહા..! જે હું કરી રહ્યો છું તેનું ફળ શું આવશે? અને કરી રહ્યો છું એ ચીજ શું છે? એને જાણવાની પણ દરકાર કરે નહિ. આહાહા..! એમ કહે છે એ. તેથી પરમાનંદની સાથે જીવને જોડી દે. આહાહા..! દ્રવ્યને પરમાનંદ સાથે જોડી દે. આહાહા..!

**'અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે નિજ કારણપરમાત્માને જોડે છે, તે પરમ તપોધન જ...'** તે પરમ તપોધન જ. તે જ. એ એક જ. **'શુદ્ધનિશ્ચય-ઉપયોગભક્તિવાળો છે;...'** આહાહા..! તેને જ, તપોધન જ. એકાંત કર્યું છે. એ મુનિ પોતે એકલ... આહાહા..! **'શુદ્ધનિશ્ચય-ઉપયોગભક્તિવાળો છે;...'** શુદ્ધનિશ્ચય ઉપયોગભક્તિ છે પર્યાય. એ શુદ્ધનિશ્ચયભક્તિવાળો એ છે. આહાહા..! હવે ઓલામાં વ્યવહારની ટીકા કરી. એમ કે વ્યવહારનો અર્થ અનર્થ કર્યો છે. વ્યવહારનો અર્થ તો મિથ્યાત્વ જ છે. નિશ્ચયથી વિરુદ્ધ વ્યવહાર મિથ્યાત્વ જ છે. પણ નિશ્ચયથી વિરુદ્ધ વ્યવહાર વિરુદ્ધ નથી? વ્યવહાર અભૂતાર્થ છે અને નિશ્ચય ભૂતાર્થ છે. બેય વિરુદ્ધ છે. આહાહા..! એને માણસ મળી રહે છે. વાણિયાને ધંધા આડે નવરાશ ન હોય. કલાક મળે તો એમાં માથે જે કહે એ જય નારાયણ. આહાહા..!

તે **'જ શુદ્ધનિશ્ચય-ઉપયોગ..'** નિશ્ચય શુદ્ધઉપયોગ. જોયું! વળી શુદ્ધ ઉપયોગ ન કહેતા શુદ્ધ નિશ્ચય ઉપયોગ (કહ્યું છે). આહાહા..! શુભજોગ તો નહિ પણ એકલો શુદ્ધ પણ નહિ. આહાહા..! **'શુદ્ધનિશ્ચય ઉપયોગભક્તિવાળો છે;...'** આહાહા..! શબ્દો એમને મળતા નથી. એને કહેવો ભગવાન અંદર એ હીરાની ખાણ છે, એ ચૈતન્ય રત્નની ખાણ ભરી છે. આહાહા..! જેમાં એકલા આત્માના રત્નો ભર્યા છે. ચૈતન્યરત્નાકર દરિયો છે એ તો. એને વર્તમાન પરમાનંદ દશા પ્રગટ કરીને એની સાથે જોડી દે. આહાહા..!

એને–તે તપોધનને જ. **'શુદ્ધ નિશ્ચય-ઉપયોગ ભક્તિવાળો છે.'** આહાહા..! અજાણ્યા માણસને તો આ શુદ્ધ નિશ્ચય ઉપયોગ વળી શું? આહાહા..! અરે..રે..! આવી જિંદગી કાઢી. બહારમાં રળવામાં હોંશિયાર. માને છે હોંશિયાર. એ તો પૂર્વના પુણ્ય હોય તો આવે. અને આવે-જાય એને તો એ અડતો પણ નથી. એ માને છે કે હું આને લાવું છું ને આ લાવ્યું ને લીધું, આ વ્યવસ્થા મેં કરી. આહાહા..! એ ચીજને તો એ અડતો પણ નથી, અડ્યો પણ નથી. છતાં માને છે આખો દિ' કે જાણે આ બધું કામ હું કરું છું. આહાહા..!

મુમુક્ષુ :– આપ કહો છો અડતો નથી. એ કહે છે અમે સાચવીને રાખીએ છીએ.

ઉત્તર :– અડતો નથી એને સાચવીને રાખ્યું એ શી રીતે થાય? બાપુ!

એક તત્ત્વ અને બીજા તત્ત્વ વચ્ચે અત્યંત અભાવ (છે). અત્યંત અભાવની ભીંત વચમાં પડી છે. વજની ભીંત. આહાહા..! એક તત્ત્વ અને બીજા તત્ત્વ વચ્ચે અત્યંત વજની ભીંત પડી છે. અડતું નથી. કેમ બેસે? 'સમયસાર'ની ત્રીજી ગાથા. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું નથી. આહાહા..! એ 'સમયસાર' પોકાર કરીને (કહે છે). 'કુંદકુંદાચાર્ય'. એક દ્રવ્ય પોતાના ગુણસ્વભાવને સ્પર્શે પણ તે દ્રવ્ય બીજાને અડતું ને સ્પર્શતું નથી. અને તું સ્પર્શ માને છો એ તને અજ્ઞાન ને ભ્રમ છે. આહાહા..! આવી વાત છે.

આની તો લગની લાગવી જોઈએ. એની પાછળ પડવું જોઈએ. ત્યારે એનો પત્તો ખાય. આહાહા..! એમ ઉપરટપકે આવીને સાંભળીને કર્યું ને આ ને આ ને આ. એમાં એનો પત્તો મળે એવું નથી, બાપુ! આહાહા..! એવા તો અનંતવાર અગિયાર અંગ ધાર્યા. નવ પૂર્વની લબ્ધિ પ્રગટી. નવ પૂર્વ ભણ્યા ભણાતા નથી. શું કીધું એ? અગિયાર અંગ તો હજી ભણ્યા ભણાય છે. નવ પૂર્વ ભણ્યા ભણાતા નથી, એ તો લબ્ધિ પ્રગટે છે. આહાહા..! એ નવ પૂર્વની લબ્ધિ અનંતવાર પ્રગટી. આહાહા..! પણ મિથ્યાદૃષ્ટિ કોરે કોરો રહ્યો. આહાહા..!

એ ચીજ જે છે પરમ આનંદનું ધામ... આહાહા..! એ ક્ષેત્ર જ એવું છે, પ્રભુનું ક્ષેત્ર એવું છે કે જેમાં અતીન્દ્રિય આનંદનો પાક થાય. દુઃખનો પાક થાય એવો આત્મા નહિ. એ આત્મા નહિ. આહાહા..! પરમાનંદનું ઉત્પત્તિ ક્ષેત્ર એ પોતે ભગવાનઆત્મા છે. આહાહા..! એની અંદર જાને, કહે છે. એમ કીધું છે. પરમાનંદની સાથે જોડ એનો અર્થ એ. જ્યાં ભગવાન પૂર્ણાનંદ પડ્યો છે (ત્યાં જા). આહાહા..! તેં કોઈ દિ' સાંભળ્યો નથી, નજર પણ કર્યો નથી. અને જેની નજર છે તેને નજરે કર્યો નથી. જેની નજર છે તે બીજી ચીજને નજરે કર્યો. જે એની નજરમાં ચીજ નથી તેની નજરું કરી. પણ જેની નજર છે એની નજરું કરી નહિ. આહાહા..! નવા-સવાને તો આકરું લાગે, 'શાંતિભાઈ'! આ એવો માર્ગ છે, બાપુ! આહાહા..! એકદમ જન્મ-મરણ રહિત (થવાની વાત છે).

ચોર્યાશીના અવતાર અનંતકાળ, અનંત-અનંત ભવ કરી કરી કરીને સોથા નીકળી ગયા છે. આહાહા..! આચાર્ય કહે છે કે... આહાહા..! હું ગયા કાળના દુઃખને સંભારું છું ત્યાં ઘા પડે છે. આવે છે ને? આહાહા..! ગયા કાળના ભવના અનંત ભવને સંભારું છું, આચાર્ય કહે છે, ત્યાં અંદર ઘા પડે છે. છે આનંદનો નાથ, આનંદ પ્રગટ્યો છે... આહાહા..! આનંદનો અનુભવ છે પણ કહે છે કે હું ગયા કાળને જ્યાં યાદ કરું છું. અનંતા અનંતા ભવમાં શું થયું? એ જ્યાં યાદ કરું છું ત્યાં ઘા પડે છે અંદર. આહાહા..! આને હજી ગયા કાળનું શું હતું એ એને વિચારવાનો વખત પણ ન મળે. આહાહા..! આત્મા કોણ છે અને કેમ છે એ તો એકકોર રહ્યો. આહાહા..! પણ અનંતકાળમાં અત્યાર સુધી ક્યાં રહ્યો? ભાઈ! ભવ... ભવ... ભવ... ભવ... ભવ.. ભવ... ભવ... ભવ.. ભવ... ક્યાંય ભવનો અંત નહિ. એવા અનંતા અનંતા ભવમાં અનંતા દુઃખો સહન કરીને મરી ગયો છો, ભાઈ! આહાહા..!

આચાર્ય એમ કહે છે, હોં! આહાહા..! આચાર્ય કહે છે. આહાહા..! અરે..રે..! હું દુઃખને યાદ કરું છું. ગયા કાળના દુઃખના ભવને... આહાહા..! યાદ કરે છે ત્યાં ઘા વાગે છે. અરે..રે..! આવી સ્થિતિ વીતી ગઈ? હવે એ વીતી ન આવે એ સ્થિતિ માટે સંભારે છે. આહાહા..! પણ આ ભવ પહેલા કોણ અને એ ભવ પહેલા કોણ અને એ અનંત અનંત થયા.

એક નિગોદના અંતર્મુહૂર્તમાં લસણ અને ડુંગળીમાં અંતર્મુહૂર્ત બે ઘડીમાં ૪૮ મિનિટમાં ૬૬,૩૩૬ ભવ. અરે..રે..રે..! એ શું દશા હશે? ભાઈ! આહાહા..! એક સેકન્ડમાં કેટલી વાર મરે ને ઊપજે, જન્મે ને મરે. એવો અંતર્મુહૂર્તમાં ૬૬ હજાર... આહાહા..! નિગોદના ભવમાં રહ્યો. એવો એક વાર નહિ. એવો અનંતવાર. આહાહા..! આદિ ક્યાં છે ક્યાંય...? આહાહા..! વીતરાગ માર્ગમાં તો જે છે એ અનંત અનંત અનંતની વાત છે. આહાહા..! ગયા કાળમાં અંતર્મુહૂર્તમાં આવા ભવ કર્યા ૬૬ હજાર. એવા અનંતવાર કર્યા. આહાહા..! પ્રભુ! હવે તને તારા ટાણા આવ્યા ને. આહા..! આ ભવ તો ભવરહિત થવાને માટે ભવ છે. આ ભવ ભવ થવા માટે ભવ નથી. આહાહા..! વાહ!

**'શુદ્ધનિશ્ચય-ઉપયોગભક્તિવાળો છે;...'** તે જ તપોધન, તે મુનિ. આહાહા..! તે પંચમહાવ્રત પાળે, સમિતિ, ગુપ્તિ ને જોઈને ચાલે. એને માટે કરેલો આહાર ન લે. અત્યારે તો એને માટે કરેલો આહાર પણ લેવાય છે. આહાહા..! એને માટે કરેલો આહાર પ્રાણ જાય તોપણ ન લે. અમારા ગુરુ હતા એ એને માટે કરેલો આહાર-પાણી નહોતા લેતા. ભલે હતા સ્થાનકવાસી. પણ બિલકુલ (લે) નહિ. છ-છ ગાઉના વિહાર કર્યા હોય, વહોરવા જાય ત્યાં પાણી મળે નહિ. પછી કાઠીમાં ને ન્યાં જઈને છાશ લઈ આવે. છાશ ને રોટલા ખાય. પણ એ બધી ક્રિયાકાંડ છે. એ કાંઈ વસ્તુ નહિ. આહા..! અને માનતા હતા એવું. પોતે તો નરમ સજ્જન હતા. 'મૂળચંદજી' હતા થોડા અભિમાની. એ એમ કહેતા કે આપણે સાધુ નહિ હોય ને બીજા સાધુ હશે કોણ અત્યારે આ દુનિયામાં. આપણે આવું પાળીએ છીએ. એમ રાત્રે બોલે. અરે..રે..! ભગવાન! આપણે સાધુ નથી તો પછી જગતમાં સાધુ છે કોણ? આહાહા..! અરે..રે..! સાધુ કોને કહેવા, સમકિતી કોને કહેવા... આહાહા..! મિથ્યાત્વી કોને કહેવા? અનંતા ભવમાં રઝળતો જીવ, રઝળતો છોડશે નહિ એને કોને કહેવું? અને રઝળતો છોડે એ કોને કહેવું? આહાહા..! એ અહીં કહે છે. જુઓ!

એ **'શુદ્ધનિશ્ચય-ઉપયોગભક્તિવાળો છે; બીજાને–બાહ્ય પ્રપંચમાં સુખી હોય તેને–'** જુઓ! બીજો કોઈ જીવ નહિ. વ્યવહારમાં સુખી હોય ને વ્યવહાર કરતો હોય એમાં રાજી થાય. આહાહા..! **'બીજાને–બાહ્ય પ્રપંચ...'** બાહ્યની ક્રિયાની પ્રપંચમાં ભલે પડ્યો હો. મહિના-મહિનાના અપવાસ, છ-છ મહિનાના અપવાસ. આહાહા..! અપવાસને પારણે પણ રસ ન લે. લુખ્ખો આહાર-રોટલો લ્યે. એ તો બધો બહારનો પ્રપંચ છે. આહાહા..! **'બીજાને–બાહ્ય પ્રપંચમાં સુખી હોય તેને–યોગભક્તિ કઈ રીતે હોય?'** બાહ્યમાં સુખી હોય એટલે? આત્મા સિવાય

કાંઈક પણ ઠીક છે એમ માનનારા બધામાં. વ્યવહારમાં, નિમિત્તમાં, સંયોગમાં, કાંઈપણ વિસ્મય તરીકે, આશ્રય તરીકે, અધિક તરીકે (માનતો હોય). આહાહા..! ભગવાન 'णाणसहावाधियं मुणदि आदं' (સમયસાર) ૩૧ ગાથામાં (કહ્યું). આહાહા..! એ જ્ઞાનસ્વભાવે અધિક, બધી ચીજથી જુદો અધિક અને પૂરો. અધિક, જુદો અને પૂરો. જુદોનો અર્થ કર્યો છે એમાં-ટીકામાં. અધિકનો અર્થ જુદો કર્યો છે, ભાઈ! આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાનસ્વભાવી પ્રભુ, અન્ય રાગાદિથી અને અન્ય ભવથી તદ્દન જુદો અને પૂર્ણ અને અધિક છે. આહાહા..! એ સિવાય બીજા પ્રપંચમાં પડ્યા એને અમે માનતા નથી એમ કહે છે. કીધુંને?

**'બીજાને–બાહ્ય પ્રપંચમાં સુખી હોય...'** એ માને વ્યવહાર કરીને આપણને ઠીક પડે છે, આપણે બીજા કરતા કાંઈક સારું કરીએ છીએ. આહાહા..! બાયડી, છોકરા છોડ્યા, કુટુંબ છોડ્યું, ધંધા છોડ્યા, વેપાર છોડ્યા. શું છોડ્યું? એ તો તારામાં હતું નહિ ને એ છોડ્યું ક્યાંથી આવ્યું? આહાહા..! મિથ્યાત્વ અને રાગ છે એને છોડવું કહેવું એ વ્યવહાર છે. આહાહા..! કારણ કે એ વસ્તુમાં નથી. વસ્તુની દૃષ્ટિ થતાં તે થતું નથી. આહાહા..! એવા **'બાહ્ય પ્રપંચમાં સુખી હોય તેને–યોગભક્તિ કઈ રીતે હોય?'** આહાહા..! આત્મા સિવાય વિકલ્પથી માંડીને કોઈપણ ચીજમાં ઠીક છે એમ માનનારા સુખ માને છે. એમાં સુખ માને છે. કાંઈક ઠીક છે, મજા છે, હમણાં અનુકૂળતા છે એમ માનનારા બહારમાં સુખી છે એમ માને છે. મૂઢ છે. એને આ ભક્તિ હોતી નથી. આહાહા..!

**'એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** આધાર આપે છે.

**आत्मप्रयत्नसापेक्षाविशिष्टा या मनोगतिः।**
**तस्य ब्रह्मणि संयोगो योग इत्यभिधीयते।।**

**શ્લોકાર્થ :-** આહાહા..! **'આત્મપ્રયત્નસાપેક્ષ...'** આત્મપ્રયત્નસાપેક્ષ. પરપ્રયત્ન પ્રત્યે સાપેક્ષ નહિ. જેનો પ્રયત્ન આત્મ પ્રત્યેથી સાપેક્ષ છે. આહાહા..! એવો **'વિશિષ્ટ...'** ખાસ. આત્મપ્રયત્ન સાપેક્ષ એવો ખાસ **'જે મનોગતિ...'** મનનું એનું વલણ... આહાહા..! **'તેનો બ્રહ્મમાં સંયોગ...'** તેનો બ્રહ્મ બ્રહ્મ. એ આનંદમાં સંયોગ. આહાહા..! આવો ઉપદેશ હવે કોઈ દિ' સાંભળ્યો પણ ન હોય. આ તે જૈનનો હશે? જૈનમાં તો છકાયની દયા પાળવી, વ્રત પાળવા, છપરબી ચોવિહાર કરવો, છપરબી બ્રહ્મચર્ય પાળવું, છપરબી કંદમૂળ ન ખાવા. અરે..! બાપા! એવી ક્રિયાઓ તો અનંતવાર કરી, ભાઈ! એ કાંઈ તારી ચીજ નથી. પરનો ત્યાગ અને ગ્રહણ વસ્તુમાં નથી. આહાહા..!

આ કહે છે, મનોગતિને આત્મપ્રયત્નસાપેક્ષ ખાસ મનોગતિને. આહાહા..! ખાસ એટલે શુભ-અશુભ નહિ. આત્મપ્રયત્નસાપેક્ષ ખાસ મનોગતિ તેનો, એ મનોગતિને તેનો બ્રહ્મમાં સંયોગ. આહાહા..! જુઓ! અહીંયાં આવ્યું. બ્રહ્મમાં સંયોગ. ધ્રુવમાં સંયોગ કરવો છે ને?

ધ્રુવને ક્યાં પર્યાયનો સંયોગ કરવો છે? આહાહા..! સમજાણું કાંઈ આમાં? ધ્રુવને પર્યાયનો સંયોગ નથી કરવો. પર્યાયને ધ્રુવનો સંયોગ કરવો છે. પર્યાયે વિરહ કર્યો છે. ધર્મનો પર્યાયે વિરહ કર્યો છે. એ પર્યાયને અહીંયાં જોડવી. આહાહા..! અજાણ્યા માણસને એવું લાગે કે આ તે શું કહે છે?

મુમુક્ષુ :– 'સમયસાર'માં આવે કે આત્માને મોક્ષમાર્ગમાં સ્થાપ.

ઉત્તર :– એનો અર્થ એ પર્યાયમાં સ્થાપ. પર્યાય રાગમાં છે એ છોડીને પર્યાયમાં સ્થાપ– નિર્મળ પર્યાયમાં સ્થાપ. એનો અર્થ નિર્મળપર્યાય દ્રવ્ય ઉપર કર. રાગપર્યાય છોડી દે. એ તો ધ્રુવ ચીજ છે. ધ્રુવમાં સ્થાપન થાય પણ ધ્રુવને સ્થાપન કરાય? આહાહા..! આવું છે.

આવો જૈનમાર્ગ વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા અનંતા કેવળીઓ આમ કહી ગયા છે, ભાઈ! સંસારનો અભાવ કરી ગયા છે. આહાહા..! અનંતા ભવમાં જેમ રખડ્યો છે... આહાહા..! એમ... આહાહા..! અનંતા સિદ્ધો પણ થઈ ગયા છે. આત્માનું જોડાણ કરીને અનંતા સિદ્ધ થયા. આહાહા..! અનંતકાળથી પણ સિદ્ધ ભગવાન જાજા છે. ભૂતકાળ જે અનંતકાળ છે એનાથી સિદ્ધ ભગવાન જાજા છે. કેમકે છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ મુક્તિ થાય છે. ભૂતકાળના સમય જેટલા ગયા... આહાહા..! એ ભૂતકાળના દુઃખને સંભાર પણ ભૂતકાળમાં સિદ્ધ થયા એને સંભાર તો ખરો, કહે છે. આહાહા..! છ મહિના ને આઠ સમયમાં ૬૦૮. અનંતકાળમાં કેટલા થયા? આહાહા..! ઝાઝા થયા. આહાહા..! છ મહિના આઠ સમય અને ૬૦૮, આહાહા..! ૬૦૮. આહાહા..! એવા કરનારા ગયા છે, થયા છે. થઈ શકે એવું નથી એમ નહિ. આહાહા..! અશક્ય છે એમ નહિ. કઠણ છે પણ શક્ય છે અને કરી શકાય છે. કરી શકીને અનંતા સિદ્ધ થઈ ગયા છે. આહાહા..! ગમે એવી દુષ્કર વાત કરીએ, ગમે તેવા અનંતાભવ કર્યા, ૬૬ હજાર ભવ ભલે એક અનંતર્મુહૂર્તમાં એવા અનંતવાર કર્યા પણ એ સિદ્ધ થઈ ગયા. આહાહા..! પરમાત્મા થયા છે. જેમ તારો આત્મા અસ્તિપણે છે એમ એ અનંતા અસ્તિપણે બિરાજે છે. નિગોદના બધા ભોગના ભવનો અભાવ કરી... આહાહા..! એ કીધું ને અહીંયાં?

**'તપોધન જ નિશ્ચય શુભોપયોગ ભક્તિવાળો છે.'** એ જીવો મુક્તિને પામે છે. બાકી બાહ્ય પ્રપંચવાળા સુખ અને મુક્તિ પામતા નથી. આહાહા..! આત્માના આનંદ સિવાય બાહ્ય ક્યાંય પણ કોઈ ચીજમાં ઠીક લાગે, મજા લાગે, કાંઈક વિસ્મય લાગે, પ્રેમ લાગે એમાં પ્રભુને તેં હણી નાખ્યો. આહાહા..! બીજા કરતાં અધિક છે, તદ્દન જુદો છે એના કરતાં આને અધિક માન્યો. આહાહા..! જે નીચ ચીજ છે શરીર, વાણી, મન, પૈસા, આબરૂ, કીર્તિ એ નીચને તેં અધિક માન્યું. આ ઠીક છે એમ સુખ માન્યું અને જેમાં સુખ છે તેને છોડી દીધું. આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાત છે. આવું તો ત્યાં સાંભળ્યું પણ ન હોય.

મુમુક્ષુ :– 'મુંબઈ'માં એની દુકાન નથી.

ઉત્તર :– નથી. આહાહા..! અરે..રે..! કેટલાક મશ્કરી કરે છે. નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... પ્રભુ! નિશ્ચય એટલે સત્ય છે. આહાહા..! એ પર્યાય પણ ખરેખર અસત્ય છે, નાશવાન છે. કેવળજ્ઞાનને પણ નાશવાન કીધી છે. આહાહા..! ત્રણલોકનો નાથ અંદર ધ્રુવપણે બિરાજે છે, એની અપેક્ષાએ કેવળજ્ઞાન એક સમયમાત્ર (રહે છે), એ બીજે સમયે રહે નહિ. અને આ તો ત્રિકાળ.. ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ. સંસારમાં રખડ્યો તોપણ છે ઇ છે. છૂટી જાય તોપણ છે ઇ છે–ધ્રુવ. આહાહા..! અરે..! આમાં કોઈ દિ' નજરું મૂકી નહિ, વિચાર કર્યા નહિ. આહાહા..!

અહીં તો (કહે છે), **'આત્મપ્રયત્નસાપેક્ષ વિશિષ્ટ જે મનોગતિ તેનો બ્રહ્મમાં સંયોગ થવો..'** આહાહા..! **'(આત્મપ્રયત્નની અપેક્ષાવાળી ખાસ પ્રકારની ચિત્તપરિણતિ...)'** જોયું! પરિણતિને જોડવી છે. પરિણતિને આત્મામાં જોડાવું. ધ્રુવને જોડવું નથી. આહાહા..! ધ્રુવ તો પ્રભુ સદા ધ્રુવ છે. ગમે તે સ્થિતિ હો પણ એ તો ચીજ ધ્રુવ પડી જ છે. સિદ્ધ થાય તોપણ સિદ્ધ ધ્રુવ છે. નિગોદ થાય તોપણ ધ્રુવ છે. આહાહા..!

અહીં કહે છે એવી **'(આત્મપ્રયત્નની અપેક્ષાવાળી ખાસ પ્રકારની ચિત્તપરિણતિ...)'** જ્ઞાનની દશા, વર્તમાન જ્ઞાનની, આનંદની, શાંતિની દશા **'(આત્મામાં જોડાવું...)'** આહાહા..! વર્તમાન પરિણતિને આત્મામાં જોડી દે. વર્તમાન પરિણતિને અનાદિથી જે તારામાં નથી એવા રાગ અને દ્વેષ, પુણ્ય-પાપમાં જોડી છે. હવે છે તેમાં જોડી દે. આહાહા..! એમાં નથી તેમાં જોડી છે. હવે એમાં છે તેમાં જોડી દે. આહાહા..! આચાર્યોની કરુણા પણ કેટલી છે! કેવી ભાષા, સાદી ભાષા. આહાહા..! કાંઈ કોઈ વ્યાકરણ કે સંસ્કૃત ન ભણ્યો હોય પણ ચાર ચોપડી ભણેલો હોય. અમારે 'ધરમચંદ' કહે છે કે ચાર ચોપડી ભણેલો પણ સમજે. આહાહા..! આમાં ચોપડીનું ક્યાં કામ છે? માતુષ, મારુષ આવડતું નહોતું. આહાહા..! છતાં આત્મા આવડતો હતો. 'શિવભૂતિ'. આહાહા..!

જેનું **'ચિત્તપરિણતિનું આત્મામાં જોડાવું તેને યોગ કહેવામાં આવે છે.'** એ યોગ એ મોક્ષનું કારણ છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૨૮

(अनुष्टुभ्)

आत्मानमात्मनात्मायं युनक्त्येव निरन्तरम्।
स योगभक्तियुक्तः स्यान्निश्चयेन मुनीश्वरः।।२२८।।

**[શ્લોકાર્થ :–] જે આ આત્મા આત્માને આત્મા સાથે નિરંતર જોડે છે, તે મુનીશ્વર નિશ્ચયથી યોગભક્તિવાળો છે. ૨૨૮.**

**પ્રવચન નં. ૧૫૬, શ્લોક--૨૨૮-૨૨૯, ગાથા-૧૩૮, સોમવાર, જ્યેષ્ઠ સુદ ૪, તા.૧૬-૦૬-૮૦**

૨૨૮ કળશ ને? 'નિયમસાર' ૨૨૮-કળશ.

**आत्मानमात्मनात्मायं युनक्त्येव निरन्तरम्।**
**स योगभक्तियुक्तः स्यान्निश्चयेन मुनीश्वरः।।२२८।।**

**શ્લોકાર્થ :-** **'જે આ આત્મા...'** આત્મા કોને કહીએ? કે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પવિત્ર તે આત્મા. એ **'આ આત્મા આત્માને...'** આહાહા..! **'આત્મા સાથે નિરંતર જોડે છે,...'** આત્માને આત્મા સાથે. આત્માને એટલે નિર્મળ પરિણતિથી આત્મા, નિર્મળ પરિણતિથી આત્માને જોડે છે. આહાહા..! ત્રીજી ગાથામાં એ આવ્યું ને? **'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे'** દરેક પદાર્થ એકત્વ નિશ્ચયને પ્રાપ્ત તે સુંદરપણાને પામે છે. એટલે કે આત્મા બંધની સામું પણ જોવે નહિ. બીજી ચીજ છે સ્વથી અનંત, એની સામું ન જોવે. અને પોતે આત્મા નિશ્ચય **'एकत्वनिश्चयगतः'** પોતે આત્મામાં **'एकत्वनिश्चयगतः'** સમય સુંદર (છે). અંદર શુદ્ધ પરિણતિમાં રહે એ સુંદર છે. બાકી શુદ્ધ પરિણતિથી બાહ્ય બંધ કથા. એક આત્માને રાગ અને શરીરની કથાવાળો કહેવો એ વિસંવાદ-ઝઘડો છે, વિપરીત વાત છે. આહાહા..!

**'एकत्वनिश्चयगतः'** આહાહા..! પોતે પોતાના એકત્વસ્વરૂપ એ શુદ્ધ આત્મા એ આત્માને એટલે શુદ્ધ પરિણતિ દ્વારા આત્માને જોડે છે. આહાહા..! **'एकत्वनिश्चयगतः'** થયો. બંધનો એમાં સંબંધ નહિ, પરનો સંબંધ નહિ. આહાહા..! તેમ તે સમયે તે પર્યાય થવાનો ક્રમ છે. આહાહા..! એ આત્મા... આ નિમિત્તના ઝઘડા મોટા. આજે ઘણા બધા આવ્યા હતા. શ્વેતાંબરમાં ... પણ વાત એ છે કે દરેક પદાર્થ, દરેક સમયે પોતાની પર્યાયે પરિણમે છે એને હવે બીજાનું કામ શું છે? બીજાની હયાતી હો કે ન હો. એની સાથે શું કામ છે? પોતે જ આત્મા **'एकत्वनिश्चयगतः'** પરના સંબંધ વિના એકત્વ આત્માની અંદર સમય તે એકત્વપણાને પામે તે સુંદર લોકમાં (છે). તે શાંતિ અને તે આનંદનું કારણ છે. આહાહા..! અહીં સુધી જાવું. હજી તો નિમિત્તથી થાય, વ્યવહારથી થાય, ક્રમબદ્ધ ન થાય. આવી તકરારું. આહાહા..!

એક જ બોલે પાંચેય બોલ ઉડી જાય. એક આત્મા પોતાના સમયે પરિણમન કરીને આત્મા સાથે જોડે છે. બસ, એમાં ક્રમબદ્ધ આવી ગયું, એમાં એ નિશ્ચયગત સ્વભાવ પોતાની પરિણતિ આવી ગઈ, એ પરનો કર્તા નથી એ આવી ગયું. આહાહા..! બધે ત્રણેય ફીરકામાં

મૂળ વાતમાં ફેર. નિમિત્તથી થાય... નિમિત્તથી થાય. નિમિત્તથી થાય તો જે ચીજ છે એ ચીજે શું કર્યું? એ ચીજ પર્યાય વિનાની રહી? આહાહા..! બધે વાંધા એ. આ શ્વેતાંબરનું કલ્યાણ આવ્યું છે ને? એમાં પણ નિમિત્તનો વાંધો. એક આર્જિકા છે, એ પણ નિમિત્તથી થાય, એનાથી થાય (એમ કહે છે). આહાહા..! દરેક દ્રવ્યના પરિણમન વિનાનો કોઈ કાળ છે કે તેના પરિણમનને બીજું પરિણમન કરે? આહાહા..!

એ અહીં કહે છે, **'જે આ આત્મા...'** કીધું ને? આ આત્મા (અર્થાત્) પ્રત્યક્ષ. આહાહા..! **'જે આ આત્મા...'** શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ. તે **'આત્માને...'** નિર્મળપર્યાય દ્વારા **'આત્મા સાથે...'** આહાહા..! આ વસ્તુ, આ જૈનદર્શન, આ જૈનધર્મ. **'આત્મા આત્માને આત્મા સાથે જોડે,...'** તે જૈનધર્મ. આહાહા..! એની વાત તો પડી રહી અને બહારની વાતું (ચાલી). આનું આ કરો, આનું આ કરે અને આનું આ કરે. એ તો આમાં આવી ગયું–શિલ્પીમાં. કારીગર-કારીગર કોઈ પદાર્થની ક્રિયા કરતો નથી. કારીગર ભલે હો. પણ એ કોઈ પરપદાર્થને અડતો નથી એટલે કરતો નથી. આહાહા..! કારીગર પણ પોતાના પર્યાયમાં જ રહે છે. એ પર્યાય જે કાંઈ .. કામ હોય લોઢું કે (ગમે તે હોય) એને અડતું નથી તો તેનું કામ શી રીતે કરે? આહાહા..!

મુમુક્ષુ :– કારીગર સોનું ઘડતો નથી?

ઉત્તર :– ઘડતો નથી. ઘડતો નથી અને અડતો પણ નથી.

મુમુક્ષુ :– તો કોણ ઘડે?

ઉત્તર :– પોતે જે પદાર્થ છે તેની પર્યાય તે કાળે થવાની તે થાય છે. જે એ પદાર્થ છે તેની પર્યાયનો કાળ છે તે સમય. તે સમયે ક્રમબદ્ધમાં તેની પર્યાય થાય છે. કારીગર કાંઈ કરતો નથી. આહાહા..! આવી વાત માણસને આકરી લાગે. જૈનદર્શન જ આ છે. જૈનદર્શન વસ્તુસ્વરૂપ છે. એ કોઈ પંથ-પક્ષ નથી. વસ્તુ જે છે આત્મા એ પોતે પોતાનું નિર્મળપણું, નિર્મળપણાની પરિણતિથી તે આત્માની સાથે જોડે એવો જ એનો સમયનો કાળ છે. ક્રમબદ્ધમાં એ જ સ્થિતિ ઊભી થાય છે અને પરનો કર્તા થતો નથી. બંધનું જોડાણ કહેવું એ ઝઘડો છે. આહાહા..! વાત તો તદ્દન સાદી અને સીધી છે પણ કરી મૂકી છે એવી કે આના વિના આ થાય નહિ.. આના વિના આ થાય નહિ... આના વિના આ થાય નહિ.

અહીં કહે કે કોઈના વિના કોઈનું થાય એવું ત્રણકાળમાં નથી. આહાહા..! નજીકમાં શરીર અને કર્મ છે એકક્ષેત્રાવગાહે, છતાં તેની પર્યાયને આત્મા કરતો નથી. આહાહા..! પોતે પર્યાય વિનાનો નથી તેથી તે આત્મા પોતાની નિર્મળ પર્યાયને કરતો... આહાહા..! એ નિર્મળ પર્યાય થઈ તે જ આત્માને જોડે છે. આહાહા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જે પરિણતિ આત્માને, તે આત્માની સાથે જોડે છે. હવે આ માર્ગ છે. આથી ઓછો, અધિક,

વિપરીત કંઈ પણ કરે તો બધું તદ્દન વિપરીત છે. આહાહા..! એ પ્રત્યક્ષ પ્રસિદ્ધ અને સિદ્ધ છે.

તે પોતાની પરિણતિ દ્વારા **'આત્માને આત્મા સાથે...'** આહાહા..! **'નિરંતર જોડે છે,...'** જેમ આત્મા નિરંતર ધ્રુવ છે તેમ ધ્રુવ તરફનું વલણ પણ નિત્ય છે. આહાહા..! આત્મા ધ્રુવ નિત્ય છે તેમ તેના તરફની સન્મુખતાની પરિણતિ પણ નિત્ય છે. એને ધર્મ અને યોગ કહેવામાં આવે છે. આહાહા..! આવા શબ્દો સાંભળ્યા પણ ન હોય (એન) ધર્મ થઈ જાય. અરે..! ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એનું તો કથન પણ આવું છે. જ્ઞાનમાં તો જણાય છે પણ વાણીમાં આમ આવે છે. આહાહા..! એ આત્મા રાગને લઈને આત્મામાં જોડાય એમ કહ્યું નથી. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ કરે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ (કરે), દેવ-ગુરુ-શાસ્ત્રને માને, એ માને એ એને અનુકૂળ પડે તો એનાથી અંદર જવાય એ વાત અહીં કરી નથી અને કોઈ ગાથામાં કરી નથી. આહાહા..!

**'આ આત્મા આત્માને આત્મા સાથે...'** ત્રિકાળ આત્મા સાથે પોતાની શુદ્ધ પરિણતિને વાળે છે. જે પરિણતિ પર તરફ વળેલી છે એ પરિણતિ કાંઈ પરને લઈને પર તરફ વળેલી નથી. વળેલી છે પોતાથી. આહાહા..! પરની સાથે કાંઈ સંબંધ નથી. જે પરિણતિ પર સાથે અનાદિથી વળેલી છે એ પરિણતિ ત્યાં રહો. પછીની પરિણતિને તેના આત્મા સાથે જોડી દ્યો. આહાહા..! તેને યોગ કહેવામાં આવે છે. તેને આત્માનો વેપાર કહેવામાં આવે છે. આત્મવેપાર એનું નામ છે. આહાહા..! બાકી બધા પાપવેપાર છે. પુણ્યનો વેપાર પણ પાપવેપાર છે. આહાહા..!

**'નિરંતર જોડે છે, તે મુનીશ્વર નિશ્ચયથી યોગભક્તિવાળો છે.'** એણે સ્વભાવનું જોડાણ કર્યું. જે પર તરફનું જોડાણ હતું એ જોડાણ સ્વ તરફ કર્યું. એ યોગભક્તિવાળો છે. આહાહા..! કહો, આવું છે. 'શાંતિભાઈ'! કાંઈ સાંભળ્યું નથી ને ઠેકાણા નથી ક્યાંય. વાડામાં પણ ક્યાંય નથી.

મુમુક્ષુ :– દિલ્હીમાં મળે નહિ.

ઉત્તર :– ક્યાં દિલ્હોમાં ન મળે અને 'કલકત્તા'માં પણ ન મળે. અહીંનું હવે ચાલ્યું છે ઇ છે. અહીંથી ચાલ્યું હવે એની ચર્ચા ચાલે છે. બાકી એ વાત હતી જ નહિ. આહાહા..!

આત્મા ક્રમબદ્ધ પોતાની પર્યાયને, તે પણ નિર્મળને કરે ત્યારે એ કર્તા કહેવાય છે. આહાહા..! એ સિવાય બધી વાતું થોથા છે. આત્મા પવિત્ર છે, શુદ્ધ છે તેથી તે શુદ્ધ પરિણતિ કરે ત્યારે એ પરિણતિનું જોડાણ સ્વમાં જ હોય. અશુદ્ધ પરિણતિનું જોડાણ પર સાથે હોય છતાં અશુદ્ધ પરિણતિ પરથી થઈ નથી. પરમાં થઈ નથી, પરથી થઈ નથી, પરને અડ્યા વિના થઈ છે. આહાહા..! હવે અહીં તો યોગભક્તિ કહેવી છે. શુદ્ધ પરિણતિ, શુદ્ધ આત્મા છે–પવિત્ર છે એની પવિત્રની પરિણતિ પવિત્ર સાથે જોડી દે તેને અહીંયાં ધર્મનો યોગ એટલે વેપાર કહેવામાં આવે છે. આહાહા..!

## ગાથા-૧૩૮

सव्ववियप्पाभावे अप्पाणं जो दु जुंजदे साहू।
सो जोगभत्तिजुत्तो इदरस्स य किह हवे जोगो।।१३८।।

सर्वविकल्पाभावे आत्मानं यस्तु युनक्ति साधुः।
स योगभक्तियुक्तः इतरस्य च कथं भवेद्योगः।।१३८।।

अत्रापि पूर्वसूत्रवन्निश्चययोगभक्तिस्वरूपमुक्तम्।

अत्यपूर्वनिरुपरागरत्नत्रयात्मकनिजचिद्विलासलक्षणनिर्विकल्पपरमसमाधिना निखिलमोहरागद्वेषादिविविधविकल्पाभावे परमसमरसीभावेन निःशेषतोऽन्तर्मुखनिजकारण-समयसारस्वरूपमत्यासन्नभव्यजीवः सदा युनक्त्यैव, तस्य खलु निश्चययोगभक्तिर्नान्येषाम् इति।

સઘળા વિકલ્પ અભાવમાં જે સાધુ જોડે આત્મને,
છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૮.

અન્વયાર્થ :– [ यः साधु तु ] જે સાધુ [ सर्वविकल्पाभावे आत्मानं युनक्ति ] સર્વ વિકલ્પોના અભાવમાં આત્માને જોડે છે (અર્થાત્ આત્મામાં આત્માને જોડીને સર્વ વિકલ્પોનો અભાવ કરે છે), [ सः ] તે [ योगभक्तियुक्तः ] યોગભક્તિવાળો છે; [ इतरस्य च ] બીજાને [ योगः ] યોગ [ कथम् ] કઈ રીતે [ भवेत् ] હોય?

ટીકા :– અહીં પણ પૂર્વ સૂત્રની માફક નિશ્ચય-યોગભક્તિનાં સ્વરૂપ કહ્યું છે.

અતિ-અપૂર્વ [1]નિરુપરાગ રત્નત્રયાત્મક, [2]નિજચિદ્વિલાસલક્ષણ નિર્વિકલ્પ પરમ સમાધિ વડે સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિકલ્પોનો અભાવ હોતાં, પરમ સમરસીભાવ સાથે [3]નિરવશેષપણે અંતર્મુખ નિજ કારણસમયસારસ્વરૂપને જે અતિઆસન્નભવ્ય જીવ સદા જોડે છે જ, તેને ખરેખર નિશ્ચયયોગભક્તિ છે; બીજાઓને નહિ.

## ગાથા–૧૩૮ ઉપર પ્રવચન

૧૩૮-ગાથા.

सव्ववियप्पाभावे अप्पाणं जो दु जुंजदे साहू।
सो जोगभत्तिजुत्तो इदरस्स य किह हवे जोगो।।१३८।।

૧ નિરુપરાગ = નિર્વિકાર; શુદ્ધ [પરમ સમાધિ અતિ-અપૂર્વ શુદ્ધ રત્નત્રયસ્વરૂપ છે.]
૨ પરમ સમાધિનું લક્ષણ નિજ ચૈતન્યનો વિલાસ છે.
૩ નિરવશેષ = પૂરેપૂરું. [કારણસમયસારસ્વરૂપ પૂરેપૂરું અંતર્મુખ છે.]

**સઘળા વિકલ્પ અભાવમાં જે સાધુ જોડે આત્મને,**
**છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૮.**

'**ટીકા :– અહીં પણ પૂર્વ સૂત્રની માફક નિશ્ચય-યોગભક્તિનું સ્વરૂપ કહ્યું છે.**' આહાહા..! '**અતિ-અપૂર્વ નિરુપરાગ રત્નત્રયાત્મક,...**' આહાહા..! પૂર્વે એક સમય પણ થયેલો નથી એવો જે અપૂર્વ રત્નત્રય ભાવ. સ્વસન્મુખનો–શુદ્ધ ભગવાન ચિદાનંદના ધામ, નિજધામ સન્મુખનો... આહાહા..! અપૂર્વ અતિ. પૂર્વે કદી કર્યો નથી. '**અતિ-અપૂર્વ નિરુપરાગ...**' '**નિર્વિકારી; શુદ્ધ. [પરમ સમાધિ અતિ-અપૂર્વ શુદ્ધ રત્નત્રયસ્વરૂપ છે.]**' આહાહા..! અત્યારે તો સ્થાનકવાસીના સાધુઓ યોગની શિબિર કાઢે છે. યોગની. આમ કરવું, આમ કરવું, ને આમ કરવું, આમ કરવું. ગપેગપ બધું છે. અરે..રે..! પ્રભુ!

મુમુક્ષુ :– જોઈએ તો ખરા કેવી કાઢે છે એ. શું શીખવે છે.

ઉત્તર :– શીખવે છે એ યોગ આમ કરો ને આમ કરો. આમ એકાગ્ર થાવ. વિકલ્પ ઓછા કરો મૂળ તો. વિકલ્પ ઓછા કરો એનું નામ યોગ, એનું નામ ધર્મ.

અહીં કહે છે કે '**સવ્વવિયપ્પાભાવે**' આહાહા..! છે મૂળમાં? આહાહા..! '**અતિ-અપૂર્વ નિરુપરાગ...**' અનંતકાળમાં નહિ કરેલો એવો રાગ વિનાનો ભાવ (અર્થાત્) રત્નત્રયસ્વરૂપ–સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રસ્વરૂપ '**નિજચિદ્‌વિલાસલક્ષણ...**' આહાહા..! '**પરમ સમાધિનું લક્ષણ નિજ ચૈતન્યનો વિલાસ છે.**' શુદ્ધ ચૈતન્યનો વિલાસ. આહાહા..! શુદ્ધ ચૈતન્યમાં રમત, જેણે શુદ્ધ ચૈતન્યમાં રમતું માંડી છે... આહાહા..! એને ચૈતન્ય વિલાસ કહે છે. જગતના વિલાસ અજ્ઞાની મૂંઢ પત્થરમાં અને પૈસામાં માને છે. આહાહા..! આ તો '**અતિ-અપૂર્વ નિરુપરાગ રત્નત્રયાત્મક, નિજચિદ્‌વિલાસલક્ષણ....**' પોતાના જ્ઞાનનું વિલાસ લક્ષણ. પોતાનો આનંદ અને જ્ઞાન વીતરાગસ્વરૂપ, એવો જે ચિદ્‌વિલાસલક્ષણ. આહાહા..! શું લક્ષણ?

'**નિર્વિકલ્પ પરમ સમાધિ વડે...**' વિકલ્પનો અભાવ, રાગનો અંશ નહિ. આહાહા..! જેવો વીતરાગી સ્વભાવ છે એવી જ વીતરાગી પરિણતિ દ્વારા... આહાહા..! '**પરમ સમાધિ વડે સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિકલ્પોનો...**' આ બધા કીધા, જોયાં! '**સમસ્ત મોહરાગદ્વેષાદિ....**' રાગનો, એક વિકલ્પનો અંશ નહિ. આહાહા..! '**સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિકલ્પોનો અભાવ હોતાં, પરમ સમરસીભાવ સાથે...**' આહાહા..! પરમસમરસીભાવ. પરમસમરસી. સમતારૂપ પરમ સમતા, પરમ વીતરાગ, પરમ શાંત એવો જે ભગવાન સ્વભાવ '**પરમ સમરસીભાવ સાથે નિરવશેષપણે...**' પૂરેપૂરું. કારણસમયસાર સ્વરૂપ પૂરેપુરું અંતર્મુખ છે. આહાહા..! ભગવાન જે ધ્રુવ છે એ પૂરોપૂરો અંતર્મુખ છે. બહિર્મુખ જરીએ નથી. તેથી અંતર્મુખમાં અંતર્મુખ થવું જેને એને એના જેવું જે અંતર્મુખ છે એના જેવું થવું જોઈએ. એ વિકલ્પ વિનાનું, રાગ વિનાનું એ નિત્ય છે. તો એની સાથે જોડાણ કરનાર સર્વ વિકલ્પ રહિત. આહાહા..!

હવે આમાં વ્યવહારથી થાય અને નિમિત્તથી થાય. શ્વેતાંબરમાં અને સ્થાનકવાસીમાં મોટા ઝઘડા. આહાહા..! હજી ધ્યાન ઉપર, લક્ષ ઉપર પણ વાત ન લે એ અંતરમાં શી રીતે જઈ શકે? આહાહા..! જેને નથી કહેતા કે એલા! ધ્યાન ઉપર તો લે આ વાત, લક્ષમાં તો લે. એમ જે લક્ષમાં પણ વાત નથી કે વર્તમાન નિર્મળ પરિણતિ તે અંદરમાં જઈ શકે છે. ત્યારે તેને ધર્મ અને મોક્ષનો માર્ગ કહેવાય છે. આહાહા..! બાકી લાખ વ્રત કરે ને અપવાસ કરે ને અબજો રૂપિયા ખર્ચે મંદિરમાં ને મોટા ગજરથ કાઢે દસ-દસ લાખના, વીસ લાખના, રથયાત્રા કાઢે. ધૂળમાં પણ કાંઈ ન મળે. આહાહા..! એમાં આત્માને કાંઈ લાભ ન મળે. જરીએ લાભ નહિ ને નુકસાન પૂરું છે. આહાહા..! આવી વાત! પોષા કરે, આઠ-આઠ અપવાસ કરે ચોવિહારા, પર્યુષણના. આઠ-આઠ અપવાસ પાણી વિનાના (કરે). ઓહોહો..! આ ભાઈસાહેબે તો બહુ કર્યું. ઓહોહો..! અને એમાં નાની ઉંમરનો હોય, ૧૫-૨૦ વર્ષની ઉંમરનો. ઓહોહો..! ભારે ધર્મ કર્યો એણે. ધૂળમાં પણ ધર્મ નથી. એવા આઠ અપવાસ શું ૨૫-૧૦૦ કરે નહિ. આહાહા..! આ તો આઠ તો પર્યુષણના દિવસ હોય છે. દિગંબરમાં દસ કરે. આહાહા..!

અહીં તો કહે છે, પરમાત્મા પોતે અંદર બિરાજે છે એની જોડે જોડાણ કરે, એની જાતની પરિણતિ દ્વારા એની સાથે જોડાણ કરે. આહાહા..! **'સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિકલ્પોનો અભાવ હોતાં,...'** દેખો! જેવું સ્વરૂપ મોહ અને રાગ-દ્વેષ રહિત છે તેવો જ પરિણતિમાં મોહ, રાગ-દ્વેષ રહિત ભાવ કરીને. આહાહા..! અરે..! આવો ધર્મ. માણસ ન કહે કે આ તો નવો ધર્મ કાઢ્યો. એકાંત છે રે, એકાંત છે. બધે પોકાર ઇ કરે છે. ચોપાનિયામાં આવે છે બહુ. એકાંત છે.. એકાંત છે. વિરોધ કરો. અરે...! ભગવાન! પ્રભુ! તેં સાંભળ્યું નથી પ્રભુ! આહાહા..! અને ઊલટી માન્યતાથી દુઃખ થશે, પ્રભુ! આહાહા..! એ દુઃખ થાય એ કાંઈ ઠીક છે? કોઈપણ પ્રાણીને દુઃખ થાય એ... આહાહા..!

બધા ભગવાન છે. ભગવાન થાવ. બધા કર્મરહિત થાવ. કોઈ દુઃખી ન થાવ, ભાઈ! આહાહા..! એવું 'દ્રવ્યસંગ્રહ'માં છે. કોઈ દુઃખી ન થાવ. બધા સુખી (થાવ). બધા કર્મરહિત થાવ, પ્રભુ! આહાહા..! એમ ધર્મી વિચારે છે. આહાહા..! કોઈની ઊંધી માન્યતા અને ઉંધાઈને કારણે તમે દુઃખી થાવ એમ ન ઇચ્છે. આહાહા..! કારણ કે દ્રવ્ય પ્રભુ તો પરમાત્મા છે, પ્રભુ! એ દ્રવ્યે તો તમે સાધર્મી છો. આહાહા..! પર્યાયદૃષ્ટિ છોડી, પ્રભુ! દ્રવ્યદૃષ્ટિ કરીને મુક્ત થાવ. આહાહા..! ભગવાનસ્વરૂપે છો એ ભગવાન થાવ. પ્રાપ્તની પ્રાપ્તિ છે. ભગવાન થાય છે તે ભગવાન હતા એ થાય છે. ભગવાનસ્વરૂપે પરમાત્મા આત્મા છે. આહાહા..! એ કહ્યું ને?

**'સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિકલ્પોનો અભાવ હોતાં,...'** પર્યાયની વાત કરી. એ તો પર્યાયની વાત છે આ તો. વસ્તુ તો ત્રિકાળ એકરૂપ (રહે છે). ચાહે તો અનંતવાર

૬૬ હજાર ભવ નિગોદના કર્યા પણ આત્મા તો જેવો છે તેવો ને એવો જ ત્રિકાળ નિરાવરણ છે. શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ આનંદનો સાગર છે. આહાહા..! એને **'મોહરાગદ્વેષાદિ વિવિધ વિકલ્પો...'** વિવિધ પ્રકારના વિકલ્પ. એક પ્રકારના નહિ. આહાહા..! કોઈ આર્તધ્યાનના, કોઈ રૌદ્રધ્યાનના, કોઈ માન-સન્માનના ને કોઈ વિષય સંબંધી ને કોઈ મોટપ સંબંધી ને કોઈ... આહાહા..! એ બધા વિકલ્પો મોહ અને રાગ-દ્વેષ છે. એનો **'અભાવ હોતાં, પરમ સમરસીભાવ સાથે...'** આહાહા..! ભગવાન પરમરસી સ્વભાવ છે. શાંત વીતરાગ શાંત... શાંત... શાંત... પરમ સમરસીભાવ, પરમ સમતાભાવ છે. આહાહા..! ભગવાનઆત્માનું સ્વરૂપ દરેક ભગવાન છે. દરેક ભગવાન નિર્વિકલ્પ સમરસીભાવસ્વરૂપ છે. આહાહા..!

એની **'સાથે નિરવશેષપણે અંતર્મુખ...'** આહાહા..! પૂરેપૂરું અંતર્મુખ થઈને. **'નિરવશેષપણે અંતર્મુખ...'** એટલે કાંઈ બાકી રાખ્યા (વિના) અંતર્મુખ થઈને. આહાહા..! કોઈપણ એક સૂક્ષ્મ વિકલ્પ, ગુણ-ગુણીના ભેદનો, દ્રવ્ય-પર્યાયના ભેદનો પણ નહિ. આહાહા..! નિરવશેષપણે– કાંઈ બાકી રાખ્યા વિના, **'અંતર્મુખ...'** પૂરેપૂરો અંતર્મુખ. આહાહા..! **'નિજ કારણસમયસારસ્વરૂપને...'** નિજ કારણસમયસારસ્વરૂપને **'જે અતિઆસન્નભવ્ય જીવ સદા જોડે છે...'** સમયસારસ્વરૂપને–ધ્રુવને જોડે છે. આહાહા..!

**'કારણસમયસારસ્વરૂપને જે...'** નિર્મળ પર્યાયથી જોડે છે **'અતિઆસન્નભવ્ય જીવ...'** આહાહા..! અતિઆસન્નભવ્ય જીવ. એક-બે ભવમાં મોક્ષ જવાની તૈયારી છે. આહાહા..! પણ આનું કાંઈ સાધન હશે કે નહિ? આ સાધન કહેવાય છે ને. કહેવાય છે તો આ સાધન. બીજા સાધન નથી. બીજા બાધક છે. વ્યવહારની ક્રિયાકાંડના જેટલા રાગ-દયા, દાન, વ્રત, ભક્તિ છે એ બધા બાધક છે, ઝેર છે. આ તો અમૃતસ્વરૂપ છે તો અમૃતસ્વરૂપની પરિણતિ દ્વારા એને જોડી દે. આહાહા..! વિકલ્પ રહિતનો અર્થ એ. આહાહા..! આવું નવરાશ લઈને વાંચ્યું પણ નહિ હોય, 'શાંતિભાઈ'! ઝીણી વાત છે ને. આહાહા..! આહાહા..!

**'નિરવશેષપણે અંતર્મુખ...'** થઈને. કેમકે પ્રભુ પોતે અંતર્મુખ વસ્તુ છે. બાહ્યમાં ક્યાંય નથી. આહાહા..! એક સમયની પર્યાયમાં પણ એ નથી. આહાહા..! એ તો ધ્રુવ સ્વરૂપ ભગવાન... નિરુપરાગ આહાહા..! **'અંતર્મુખ નિજ કારણસમયસારસ્વરૂપને...'** નિજ કારણસમયસાર પોતે. ભગવાન પરમાત્મા વીતરાગ પરપરમેષ્ઠી નહિ. આહાહા..! પંચપરમેષ્ઠી એમ કહે છે કે અમારી સામું જોવું રહેવા દે. આહાહા..! પંચપરમેષ્ઠીનો પોકાર છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કહે છે, અમારી સામું જોવું રહેવા દે, ત્યાં જા. આહાહા..! તું મહા નિધાન છો ને નાથ! તારામાં અતીન્દ્રિય આનંદ અને શાંતિ ભરી છે ને, પ્રભુ! પરમસમરસીભાવથી ભરેલો છે ને. આહાહા..!

પરમસમરસી–સમતાના રસથી ભરેલો ભગવાનઆત્મા આહાહા..! આખી દુનિયા હલી જાય પણ ત્યાં કાંઈ હલે નહિ. પ્રતિકૂળના ઢગલા આખી દુનિયાના આવે તોપણ એ

પરમસમરસીભાવ કાંઈ ફરે નહિ. આહાહા..! એવો ભગવાન પરમસમરસીભાવ છે. આહાહા..! એની સાથે કાંઈ બાકી રાખ્યા વિના **'અંતર્મુખ નિજ કારણસમયસારસ્વરૂપને જે અતિઆસન્નભવ્ય જીવ સદા જોડે છે...'** આહા..! એનો અર્થ આમેય થાય છે કે જે વર્તમાન મોક્ષનો માર્ગ છે એ કારણસમયસાર છે. નિજ કારણસમયસારસ્વરૂપને જે જોડે છે એમ કહેવું હોય તો. વર્તમાન જે નિર્મળ પરિણતિ છે એ નિજ કારણસમયસાર. ત્રિકાળ છે એ તો છે પણ મોક્ષનો માર્ગ છે એ નિજ કારણસમયસાર છે. આહાહા..!

**'નિજ કારણસમયસારસ્વરૂપને...'** પોતાનો જે કારણસમયસાર મોક્ષનો માર્ગ... આહાહા..! **'જે અતિઆસન્નભવ્ય જીવ સદા જોડે છે...'** એવા સ્વરૂપને પૂર્ણાનંદની સાથે, સમરસીભાવની સાથે નિજ કારણસમયસાર મોક્ષનો માર્ગ, એને અતિઆસન્નભવ્ય જીવ (જોડે છે). આહાહા..! અતિઆસન્નભવ્ય જીવ–મોક્ષના જેને હવે કિનારા આવી ગયા છે. સંસારના તો કિનારા આવી ગયા છે હવે. મોક્ષમાં આમ એક પગલું મૂકે એટલી વાર છે. હોડીથી ઉતરે અને ત્યાં જાય. આહાહા..! એવા **'અતિઆસન્નભવ્ય જીવ સદા જોડે છે જ,...'** પોતાની નિર્મળ કારણસમયસાર દશા, એ અંદર ત્રિકાળી કારણસમયસાર સાથે જોડે છે. આહાહા..! સમજાય છે કાંઈ? કારણસમયસાર બે પ્રકારના છે. એક ત્રિકાળી કારણસમયસાર અને એક વર્તમાન પર્યાય એ કારણસમયસાર. આહાહા..! એ વર્તમાનપર્યાય વીતરાગી કારણસમયસાર જે છે એને ત્રિકાળ કારણસમયસાર સાથે જોડે છે. આહાહા..!

**'તેને ખરેખર નિશ્ચયયોગભક્તિ છે;...'** તે જ ખરેખર નિશ્ચયયોગ એટલે સ્વરૂપમાં જોડાણ, એવી ભક્તિ છે. સ્વરૂપમાં જોડાણ વિનાની વાતું બધી વિકલ્પની જેટલી (છે) એ બધી પર સાથે જોડાણ છે. આહાહા..! સાંભળવા મળતું નથી. આહાહા..! અને મળ્યું ત્યારે કહે છે, એકાંત છે... એકાંત છે... એકાંત છે. નિશ્ચયગત... આહાહા..! એક દ્રવ્ય બીજાને અડે નહિ. એય..! નિશ્ચય થઈ ગયું. નિશ્ચય એટલે સત્ય છે. અડે નહિ પણ ક્રમસર થાય. આહાહા..! ક્રમસર થાય અને પરનો કર્તા થાય નહિ. આહાહા..! એવી પરિણતિને નિજ કારણસમયસાર કહે છે. તે નિજ કારણસમયસાર પરિણતિને દ્રવ્ય સાથે જોડે. આહાહા..! સમજાય છે આમાં? ઝીણું તો છે, ભાઈ!

આખો દિ' પાપના વેપાર ને ધંધા કરી કરીને પોટલા બાંધ્યા હોય. આહાહા..! અને છોકરાઓને ને બાયડીને સાચવવા ને મોટપ કરવાનું. આહાહા..! દિકરીને પરણાવે તો મોટી જાણે મંડપ ને સાસરા ને મોટી જાનને લેવા આવે ને લેવા જાય. આહાહા..! અમે શું કરીએ છીએ! અરે..! પ્રભુ! કાંઈ કરી શકતો નથી, પ્રભુ! એનું અભિમાન તું કરે છો. આહાહા..! આત્માના રાગ-દ્વેષ ને અભિમાન સિવાય એ અજ્ઞાનમાં પણ કાંઈ કરી શકતો નથી. અજ્ઞાનમાં પણ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ સિવાય કાંઈ કરી શકતો નથી. જ્ઞાનમાં સમ્યગ્દર્શન અને રાગ રહિત દશા કરી શકે છે. આહાહા..! હવે એમાં પરને સુખી કરો ને પરને મદદ કરો એથી

તમને ધર્મ થાશે. આહાહા..! એ વ્યવહારધર્મ છે. વ્યવહારધર્મ છે એનો અર્થ જ એ કે ધર્મ નથી. આહાહા..! નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય... બાપુ! નિશ્ચય એટલે પ્રભુ સત્ય. પરમ સત્ય કસોટીએ ચડેલું. આહાહા..! પરમ સત્ય કસોટીએ ચડેલી ચીજ નિર્મળ પરિણતિથી અંદરમાં જા. સર્વથી અંતર્મુખ થા ત્યારે તને ધર્મ થાય. કાંઈપણ બહિર્મુખ રહે ત્યાં સુધી ધર્મ નથી. આહાહા..! ચાહે તો એ પંચમહાવ્રત ને સમિતિ ને ગુપ્તિ ને મહિના-મહિનાના અપવાસ ચોવિહારા કરીને મરીને સુકાય જાય. આહાહા..! એ ધર્મ નથી. આહાહા..! હવે જેને આગ્રહ હોય એને તો વિરુદ્ધ લાગે ને? આ બધું કરીએ છીએ. આખો દિ' બિચારા કેટલાની સેવાઓ કરીએ છીએ, કેટલાને મદદ કરીએ છીએ, ભૂખ્યાને અનાજ જોડી દઈએ છીએ, પાણીના પરમ બાંધીએ છીએ, આવી ગરમીની લૂ વાય...

મુમુક્ષુ :– ગામ દત્તક લે છે.

ઉત્તર :– લૂ વાય એમાં માઈલે માઈલે પાણીના પરબ હોય. બહુ લૂ વાય ને. માઈલે-માઈલ. કારણ કે એક માઈલ બિચારા ચાલીને જતા હોય તો એવી તૃષા લાગે ને. પરબ બાંધ્યા હોય ત્યાં. આપણે પરબ બાંધ્યા છે ને. ધર્મ થાશે. આહાહા..!

અહીં તો બધા વિકલ્પ રહિત એકલા આત્મા સાથે જોડાણ કરી દે. એનું નામ અહીંયાં સમાધિ, યોગ ને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! જુઓ! અહીં તો એમ કીધું કે એવા જે મુનિ છે એ તો સદા જોડે છે જ. જોડને, જોડને એમ પણ ન લીધું. આહાહા..! એમ તું જોડ એમ પણ ન કીધું. જોડે છે જ એને મુનિ કહીએ. આહાહા..! છે? જોડે છે જ. એમ કીધુંને? કે જોડશે? આહાહા..! **'જોડે છે જ,...'** સાચા સંત તો એને કહીએ... આહાહા..! જે નિર્મળ પરિણતિને આત્મા સાથે જોડે છે. જોડે છે જ. આહાહા..! એને મુનિ કહીએ, એને ચારિત્રવંત કહીએ, એને પંચપરમેષ્ઠીમાં ભેળવી નાખે. આહાહા..!

મુમુક્ષુ :– જોડવાનો અર્થ પર્યાય અને દ્રવ્યનો ભેદ ન દેખાય એમ?

ઉત્તર :– ભેદ દેખાય નહિ. એની તરફ ઢળ્યો એટલે પછી થઈ રહ્યું. અંદર આમ વળ્યો એટલે પછી આ દ્રવ્ય છે અને પર્યાય આ ચીજ છે. છે જ ક્યાં એ? આહાહા..! કથનમાં તો આટલું આવે કે તું કારણસમયસારને કારણસમયસાર સાથે જોડી દે. આ નિર્મળ વીતરાગી કારણસમયસાર એને ત્રિકાળી પરમસમરસી સમયસાર (સાથે) જોડી દે. આહાહા..! એનું નામ જોગ કહેવાય, એનું નામ યોગ કહેવાય, એનું નામ ધર્મ કહેવાય, એનું નામ સમાધિ કહેવાય. આહાહા..! એનું નામ ભક્તિ કહેવાય. ભક્તિનો અધિકાર છે ને. એનું નામ ભક્તિ કહેવાય. ભગવાનની ભક્તિ ધમ.. ધમ.. ધમ.. કરે. એ તો વિકલ્પ અને વ્યવહારભક્તિ પુણ્યબંધનું કારણ છે. આહાહા..! નાચે નાચે પછી આમ થઈ જાય. ભગવાન પાસે. ઓલું આવે છે નહિ માથે? નાચનારો. માથે બેડલું ઊંચું રાખીને (નાચે). અહીં આવ્યો હતો. 'મુંબઈ' આવ્યો હતો. કેટલું બેડું રાખીને નાચે આમ. બીજાને તો આશ્ચર્ય થઈ જાય

કે ઓહો..! આદમી, હોં! માથે ચાર-પાંચ-છ બેડા (રાખે) અને આમથી આમ નાચે. લોકોને એમ થાય કે આહાહા..! હવે ત્યાં કર્તાબુદ્ધિ છે. આહાહા..! અને દેખાડવાની બુદ્ધિ છે. અરે..! પ્રભુ! મારગડા જુદા, બાપા! આહાહા..!

અહીં તેથી કહ્યું ને? કે નિરવશેષપણે અંતર્મુખ. કાંઈ બાકી રાખ્યા વિના પૂરેપૂરો અંતર્મુખ. નીચે અર્થ કર્યો છે ને. '**કારણસમયસારસ્વરૂપ પૂરેપૂરું અંતર્મુખ છે.**' આહાહા..!

મુમુક્ષુ :– અહીં પર્યાય લેવી કે દ્રવ્ય?

ઉત્તર :– પર્યાય. કારણસમયસાર પર્યાય એને જોડવી છે તો પર્યાયને લેવાય. ધ્રુવને ક્યાં (જોડવું છે)? એ તો પડ્યું છે એકલું. જોડવું છે તો પર્યાયને. પર્યાય છૂટી છે અને પર્યાયને જોડવી છે. ધ્રુવ તો છે એ છે, ત્રિકાળ નિરાવરણ છે. એ કોઈ દિ' અશુદ્ધ પણ નથી, અપૂર્ણ પણ નથી, વિકાર નથી, આવરણ નથી. આહાહા..!

એ '**નિશ્ચયયોગભક્તિ છે; બીજાઓને નહિ.**' બીજાઓને નહિ. લ્યો! નિષેધ કર્યો. બીજાનો નિષેધ ન કરવો. પોતાની વાત સ્થાપવી. અહીં તો કહે છે, '**બીજાઓને નહિ.**' બીજા નિર્વિકલ્પ સર્વથા થઈને અંદર ન જોડે તેને નહિ. તેને ધર્મ નથી. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ અને પૂજા એ ધર્મ નથી. આહાહા..! ગજબ વાત છે. સાંભળવી મળવી મુશ્કેલ પડે. આહાહા..! ચોખ્ખી વાત કરે છે ને? પાઠમાં છે ને? બીજાને યોગ કઈ રીતે હોય? છે? બીજાને યોગ કઈ રીતે હોય? આહાહા..! પાઠમાં છે. '**इदरस्स य किह हवे जोगो।**' '**सो जोगभत्तिजुत्तो इदरस्स य किह हवे जोगो।**' એ વિના અંતર્મુખ થયા વિના બીજાને ધર્મ–ભક્તિ ક્યાંથી હોય? આહાહા..! સર્વથા અંતર્મુખ થયા વિના બહારમાં ભક્તિ કરે એને યોગભક્તિ ક્યાંથી હોય? આહાહા..! આવી વાત છે.

---

'[હવે આ ૧૩૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'

## શ્લોક–૨૨૯

(अनुष्टुभ्)

भेदाभावे सतीयं स्याद्योगभक्तिरनुत्तमा।
तयात्मलब्धिरूपा सा मुक्तिर्भवति योगिनाम्।।२२९।।

[શ્લોકાર્થ :–] ભેદનો અભાવ હોતાં આ [1]અનુત્તમ યોગભક્તિ હોય છે; તેના વડે યોગીઓને આત્મલબ્ધિરૂપ એવી તે (–પ્રસિદ્ધ) મુક્તિ થાય છે. ૨૨૯

૧ અનુત્તમ = જેનાથી બીજું કાંઈ ઉત્તમ નથી એવી; સર્વશ્રેષ્ઠ.

## શ્લોક–૨૨૯ ઉપર પ્રવચન

**भेदाभावे सतीयं स्याद्योगभक्तिरनुत्तमा।**
**तयात्मलब्धिरूपा सा मुक्तिर्भवति योगिनाम्।।२२९।।**

આહાહા..! અરે..! પ્રભુ! પચંમઆરાની વાત તો આવી. પંચમઆરામાં મુક્તિ ન હોય ને? સાંભળને હવે. ત્રણેય કાળે મુક્તસ્વરૂપ જ આત્મા છે. આહાહા..! વસ્તુ જે છે એ તો ત્રણેય કાળે મુક્ત જ છે. આહાહા..! એની મુક્તિ, એના ઉપર નજર કરતાં મુક્તિ તરત થાય છે. આહાહા..! શ્લોકમાં પાછળ શ્લોકમાં છે ને? ભવને સ્પર્શે છે એમ મુક્તિને સ્પર્શે છે. આહાહા..! પાછળ શ્લોક છે. પાછળ છેલ્લા શ્લોક. આહાહા..! સાધક જીવ... આહાહા..! જરીક પૂર્ણ નથી એટલે રાગને પણ જોવે છે અને અંદરમાં મુક્તિને પણ સ્પર્શે છે. ભવને પણ સ્પર્શે છે અને મુક્તિને પણ સ્પર્શે છે એવો પાઠ છે. 'સમયસાર'માં પાછળના કળશમાં. આહાહા..!

**શ્લોકાર્થ :- 'ભેદનો અભાવ હોતાં...'** આહાહા..! પૂર્ણાનંદના નાથમાં ભેદ જ પાડવો નથી. આ દ્રવ્ય છે અને આ પર્યાય છે ને આ પર્યાયને હું દ્રવ્યમાં જોડું છું એવો ભેદ જ જ્યાં કરવો નથી. આહાહા..! **'ભેદનો અભાવ હોતાં આ અનુત્તમ યોગભક્તિ હોય છે;...'** આહાહા..! તેનાથી બીજું કોઈ ઉત્તમ નથી. આહાહા..! ભગવાનની ભક્તિ પણ આ ભક્તિથી ઉત્તમ નથી. આહાહા..! પંચપરમેષ્ઠીની ભક્તિ પણ આ ભક્તિ આગળ એ ભક્તિ ઊંચી નથી. આહાહા..! એ તો પુણ્યનું કારણ છે. આહાહા..! એક તો સંસારના ધંધા આડે પાપ આડે નવરો થતો નથી. એમાં પુણ્યની ભક્તિ કરે એમાં પણ ધર્મ નથી કહે છે. દેરાસર જઈને ભગવાનની ભક્તિ કરે તોપણ ધર્મ નથી. આહાહા..!

મુમુક્ષુ :– 'પાલીતાણા' જઈને કરે તો ધર્મ થાય ને?

ઉત્તર :– ક્યાંય ધૂળમાં પણ નહિ. 'પાલિતાણા' શું 'સમ્મેદશિખર' જાય નહિ. લોકો કહે છે કે 'સમ્મેદશિખર'માં જે જન્મે છે તે વનસ્પતિને પણ મોક્ષ છે. ધૂળેય નથી. એમ કહે કે ત્યાં જે જન્મ્યા છે જે 'સમ્મેદશિખર'માં... આહાહા..! અને એની જે ભક્તિ કરે એને ૪૮ ભવે મુક્તિ થઈ જાય. આહાહા..! સાક્ષાત્ ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સમવસરણમાં બિરાજે છે એની પણ ભક્તિ અનંતવાર કરી છે. આહાહા..! સોનાના થાળ અને અંદર રૂપાના ફૂલ નાખીને આમ ભગવાનની ભક્તિ કરી છે. આહાહા..!

મુમુક્ષુ :– આપે ભક્તિ બતાવી એ બીજી જાતની ભક્તિ છે.

ઉત્તર :– આ ભક્તિ છે. ભજન, ભજન, ભગવાનનું ભજન. આહાહા..! રાગનું ભજન નહિ. આહાહા..!

**'ભેદનો અભાવ હોતાં આ અનુત્તમ યોગભક્તિ...'** આહાહા..! **'જેનાથી બીજું કાંઈ ઉત્તમ**

**નથી એવી;...'** ભક્તિ **'હોય છે; તેના વડે યોગીઓને...'** આહાહા..! એવી યોગભક્તિ વડે, એના વડે એ સંતોને **'આત્મલબ્ધિરૂપ એવી તે (-પ્રસિદ્ધિ) મુક્તિ થાય છે.'** આહાહા..! વ્યવહારથી થાય છે એમ નથી. વ્યવહારથી નિશ્ચય થાય અને નિશ્ચયથી મુક્તિ (થાય) એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :– અહીં ન લખ્યું હોય પણ બીજે ક્યાંય લખ્યું હોય તો.

ઉત્તર :– ક્યાંય લખ્યું નથી. બધે ક્રમસર પોતાની પર્યાય પોતાથી થાય, આડીઅવળી નહિ, પરનું નહિ એ બધે ઠેકાણે બાર અંગ અને નવ પૂર્વમાં ભર્યું છે.

મુમુક્ષુ :– 'જયસેનાચાર્ય'માં વ્યવહાર ભક્તિ આવે છે.

ઉત્તર :– આવે નહિ ક્યાંય. એ નિમિત્તના કથન છે. આવે નહિ ક્યાંય. ટીકામાં આવે છે સાધન. વ્યવહાર સાધન છે. એ તો સાધનને ઓળખાવ્યું છે. સાધ્ય કર્યું છે ત્યારે સાધન કોણ હતું? એનું જ્ઞાન ઓળખાવ્યું છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં. આહાહા..!

અહીં કહે છે, આવી મુક્તિ... આહાહા..! ભેદનો અભાવ હોતાં. ભેદ જ નહિ ને જ્યાં. કહે છે. રાગ તો નહિ પણ ગુણ-ગુણીનો ભેદ નહિ. એવી **'અનુત્તમ યોગભક્તિ હોય છે; તેના વડે યોગીઓને આત્મલબ્ધિરૂપ...'** એ આત્માની પ્રાપ્તિરૂપ મુક્તિ. છે? **'એવી તે (-પ્રસિદ્ધ) મુક્તિ થાય છે.'** આહાહા..! યથાર્થ મુક્તિ એને થાય છે. એને મોક્ષ થાય છે. બાકી બીજાને મોક્ષ થતો નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૩૯

विवरीयाभिणिवेसं परिचत्ता जोण्हकहियतच्चेसु।
जो जुंजदि अप्पाणं णियभावो सो हवे जोगो।।१३९।।

विपरीताभिनिवेशं परित्यज्य जैनकथिततत्त्वेषु।
यो युनक्ति आत्मानं निजभावः स भवेद्योगः।।१३९।।

इह हि निखिलगुणधरगणधरदेवप्रभृतिजिनमुनिनाथकथिततत्त्वेषु विपरीताभिनिवेश-विवर्जितात्मभाव एव निश्चयपरमयोग इत्युक्तः।

अपरसमयतीर्थनाथाभिहिते विपरीते पदार्थे ह्यभिनिवेशो दुराग्रह एव विपरीताभिनिवेशः। अमुं परित्यज्य जैनकथिततत्त्वानि निश्चयव्यवहारनयाभ्यां बोद्धव्यानि। सकलजिनस्य भगवतस्तीर्थाधिनाथस्य पादपद्मोपजीविनो जैनाः, परमार्थतो गणधरदेवादय इत्यर्थः। तैरभिहितानि निखिलजीवादितत्त्वानि तेषु यः परमजिनयोगीश्वरः स्वात्मानं युनक्ति, तस्य च निजभाव एव परमयोग इति।

વિપરીત આગ્રહ છોડીને, જૈનાભિહિત તત્ત્વો વિષે
જે જીવ જોડે આત્મને, નિજ ભાવ તેનો યોગ છે. ૧૩૯.

અન્વયાર્થ :– [ विपरीताभिनिवेशं परित्यज्य ] વિપરીત અભિનિવેશનો પરિત્યાગ કરીને [ यः ] જે [ जैनकथिततत्त्वेषु ] જૈનકથિત તત્ત્વોમાં [ आत्मानं ] આત્માને [ युनक्ति ] જોડે છે, [ निजभावः ] તેનો નિજ ભાવ [ सः योगः भवेत् ] તે યોગ છે.

ટીકા :– અહીં સમસ્ત ગુણોના ધરનારા ગણધરદેવ વગેરે જિનમુનિનાથોએ કહેલાં તત્ત્વોમાં વિપરીત અભિનિવેશ રહિત આત્મભાવ તે જ નિશ્ચય-પરમયોગ છે એમ કહ્યું છે.

અન્ય સમયના તીર્થનાથે કહેલા (–જૈન દર્શન સિવાય અન્ય દર્શનના તીર્થપ્રવર્તકે કહેલા) વિપરીત પદાર્થમાં અભિનિવેશ–દુરાગ્રહ તે જ વિપરીત અભિનિવેશ છે. તેનો પરિત્યાગ કરીને જૈનોએ કહેલાં તત્ત્વો નિશ્ચયવ્યવહારનયથી જાણવાયોગ્ય છે. [1]સકલજિન એવા ભગવાન તીર્થાધિનાથનાં ચરણકમળના [2]ઉપજીવકો તે જૈનો છે; પરમાર્થે ગણધરદેવ વગેરે એવો તેનો અર્થ છે. તેમણે (–ગણધરદેવ વગેરે જૈનોએ) કહેલાં જે સમસ્ત જીવાદિ તત્ત્વો તેમાં જે પરમ જિનયોગીશ્વર નિજ આત્માને જોડે છે, તેનો નિજભાવ જ પરમ યોગ છે.

---

પ્રવચન નં. ૧૫૭, ગાથા-૧૩૯, મંગળવાર, જ્યેષ્ઠ સુદ ૫, તા.૧૭-૦૬-૮૦

---

૧૩૯-ગાથા.

विवरीयाभिणिवेसं परिचत्ता जोण्हकहियतच्चेसु।
जो जुंजदि अप्पाणं णियभावो सो हवे जोगो।।१३९।।
વિપરીત આગ્રહ છોડીને, જૈનાભિહિત તત્ત્વો વિષે
જે જીવ જોડે આત્મને, નિજ ભાવ તેનો યોગ છે. ૧૩૯.

'**ટીકા :– અહીં, સમસ્ત ગુણોના ધરનારા ગણધરદેવ વગેરે...**' આચાર્યો. એમણે '**જિનમુનિનાથોએ કહેલાં તત્ત્વોમાં...**' ભગવાને કહેલાં તત્ત્વો એમ ન કહ્યું. કારણ કે ભગવાનની પરંપરાથી આવ્યું છે એટલે '**સમસ્ત ગુણોના ધરનારા ગણધરદેવ વગેરે જિનમુનિનાથોએ કહેલાં તત્ત્વોમાં વિપરીત અભિનિવેશ રહિત...**' ભગવાને જે તત્ત્વો કહ્યાં તેનો વિપરીત આગ્રહ છોડી દઈને. આહાહા..! જે સમયે જે દ્રવ્યની પર્યાય થવાની, જે સ્વતંત્ર છે, નિમિત્ત ભલે હો પણ નિમિત્તથી અહીં થતું નથી. એવું તત્ત્વ ગણધરોએ, મુનિરાજોએ જગતને કહ્યું છે, એ તત્ત્વને જાણીને એ તત્ત્વમાં, આત્મામાં જોડી દે. આહાહા..! '**વિપરીત અભિનિવેશ રહિત આત્મભાવ...**'

૧ દેહ સહિત હોવા છતાં તીર્થંકરદેવે રાગદ્વેષ અને અજ્ઞાનને સંપૂર્ણ રીતે જીત્યા છે તેથી તેઓ સકલજિન છે.
૨ ઉપજીવક = સેવા કરનાર; સેવક; આશ્રિત; દાસ.

મુનિનાથોએ કહેલા તત્ત્વો. એનો અર્થ એટલો છે કે દિગંબર મુનિઓએ કહેલા તત્ત્વો. ગણધરોથી માંડીને જિનમુનિનાથ કીધાને?

મુમુક્ષુ :– ગણધરને તો બેય માને છે. શ્વેતાંબર પણ માને છે.

ઉત્તર :– અહીં શ્વેતાંબરની વાત છે જ નહિ. જિનવરે કહેલા તત્ત્વો એ દિગંબરમાં જ છે. દિગંબર જ પરંપરાએ ચાલ્યું આવે છે. આહાહા..! જગતને આકરું (લાગે). તેથી કહ્યું કે ગણધરદેવ અને જિનમુનિઓ. જિનમુનિઓ કોણ? વસ્ત્રવાળા? એકકોર વસ્ત્રવાળાને નિગોદગામી કહે છે અને એકકોર વસ્ત્રવાળાનું કહેવું માનવું એમ આવે? આકરી વાત છે, ભાઈ! આહાહા..! ક્ષણમાં ચાલ્યું જાવું છે. કોઈ છે? કાલે જુઓને સવારમાં એમના જમાઈ મળવા આવ્યા એમ કહે છે. એને મળતા હતા. અહીં બેસતા. ત્યાં આમ થઈ ગયું. મૂળ તો હાર્ટ એટેક. આહાહા..! બૈરા અહીં નહોતા તો આવ્યા હશે. ત્યારે કાઢ્યા હશે. નવ પહેલા ગુજરી ગયા. આહાહા..! છ કલાક સુધી. સંમુર્છન એમાં અસંખ્ય થાય. પંચેન્દ્રિય સંમુર્છન મનુષ્યક્લેવરમાં અસંખ્ય થાય. વીતરાગે એમ કહ્યું છે. એમ કીધું ને? **'ગણધરદેવ વગેરે જિનમુનિનાથોએ કહેલાં તત્ત્વો...'** આહાહા..!

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્યદેવ' વગેરે આવવા જોઈએ ને.

ઉત્તર :– બધા ભેગા જ છે આમાં. બધા ભેગા કીધાને.

**'જિનમુનિનાથોએ...'** શબ્દ કીધો. જિનમુનિનાથ કોણ? દિગંબર મુનિ. ગણધરથી પછી ચાલ્યા આવતા દિગંબર સંતો. આહાહા..! એના કહેલા તત્ત્વો. એની પરીક્ષા કરવી પડશે ને? કે આ તત્ત્વો તે જિનમુનિઓને કહેલા છે? કે આ તત્ત્વો કલ્પિત કરેલા છે? આહાહા..! દેહ છોડીને ક્ષણમાં ચાલ્યું જાવું છે. એમાં આગ્રહ કરશે એ અવતાર બધો બગડી જશે. આહાહા..! અહીં તો કહે છે જિનમુનિનાથ, ગણધરદેવે કહેલા તત્ત્વો. એમાં શું આવ્યું ત્યારે? જિનમુનિનાથે એમ કહ્યું છે પાત્ર રાખવાનું, વસ્ત્ર રાખવાનું? આહાહા..! બહુ આકરું કામ, ભાઈ! .. અભિગ્રહ એટલે આગ્રહ. અહીં કીધું ને? આગ્રહ. વિપરીત અભિનિવેષ. આહાહા..! જિનમુનિનાથો, ગણધરો આદિએ જે તત્ત્વો કહ્યાં–દેવ, ગુરુ, શાસ્ત્રો, નવ તત્ત્વો. એ સિવાયના બીજા ગમે તેટલા કહેનાર હોય. આહાહા..! એના તત્ત્વોમાં વિપરીત અભિનિવેષ રહિત. એનાથી ઊલટો જે અભિનિવેશ–અભિગ્રહ–આગ્રહ–તેનાથી રહિત. આહાહા..! એની પરીક્ષા કરવી પડશે કે નહિ? કે પરીક્ષા કર્યા વિના વીતરાગની આ વાણી છે કે કલ્પિત કરેલી કો'કની છે?

મુમુક્ષુ :– પરીક્ષા કરવા માટે તો અભ્યાસ કરવો પડે.

ઉત્તર :– અભ્યાસ કરવા માટે તો વાત કરે છે.

**'સમસ્ત ગુણોના ધરનારા ગણધરદેવ...'** જોયુંને? આટલી તો વાત કરી. **'સમસ્ત ગુણોના ધરનારા ગણધરદેવ..'** આહાહા..! **'વગેરે જિનમુનિનાથોએ કહેલાં તત્ત્વોમાં વિપરીત અભિનિવેશ રહિત આત્મભાવ...'** આહાહા..! ભેદ અને વિકલ્પ રહિત આત્માનું તત્ત્વ કહ્યું છે. અને

તે તત્ત્વની જે સમયે પર્યાય થવાની તે થાય. એમ જિનનાથે કહ્યું છે. તેની દૃષ્ટિ પર્યાય ઉપર ન જતાં દ્રવ્ય ઉપર જાય. આહાહા..! જે સમયે જે પર્યાય થવાની તે થવાની. તેને કોઈની મદદ કે બીજાની જરૂર નથી. એવો જે આગ્રહ છોડે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય. આહાહા..! જ્ઞાયકભાવ ઉપર જાય ત્યારે એને આત્મભાવ થાય. છે ને આત્મભાવ? ત્યારે આત્મભાવ થાય. પર્યાયમાં વાત છે ને આ? આત્મા છે તો છે. આહાહા..! પર્યાયમાં આત્મભાવ થાય. એ ક્યારે થાય? કે સત્ય તત્ત્વ દૃષ્ટિમાં હોય અને અસત્યનો આગ્રહ છૂટી જાય એને આત્માનો જે સ્વભાવ છે તે પર્યાયમાં તેનો ભાવ આવે. આહાહા..!

**'આત્મભાવ તે જ નિશ્ચય-પરમયોગ છે...'** એ જ પરમ નિશ્ચયયોગ છે. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ મુનિઓએ ગણધરો આદિએ કહેલા તત્ત્વોને આગ્રહ રહિત જેમ છે તેમ જાણનાર, તેને આત્મભાવ થાય અને તે આત્મભાવ નિશ્ચય પરમયોગ છે. એ જ આત્માની સાથે જોડાણ છે. આહાહા..! વાદવિવાદ વધી ગયા, ઝઘડા વધી ગયા. આહાહા..! વાસ્તવિક પંથ... પ્રભુ જે આત્મા છે એની જે દૃષ્ટિ થતાં, એની પર્યાયમાં જે ભાવ થાય તે નિશ્ચયયોગ છે. તે નિશ્ચયધર્મ અને નિશ્ચયધર્મ મોક્ષનું કારણ છે. છે ને?

**'તે જ...'** એમ. **'આત્મભાવ તે જ...'** બીજું નહિ. જે ભગવાન ગણધરોએ, મુનિનાથોએ તત્ત્વો કહ્યાં, તે તત્ત્વોમાંથી આત્મભાવને કાઢી અને તે જ આત્મભાવ વીતરાગસ્વરૂપે વિકલ્પ વિનાનો તે નિશ્ચયયોગ છે. આહાહા..! તે નિશ્ચય પરમયોગ છે. સાચો અને પરમયોગ એ છે. આહાહા..! બાકી જગતની કલ્પનાઓ છે. આહાહા..! **'એમ કહ્યું છે.'** જોયું! **'નિશ્ચય પરમયોગ છે એમ કહ્યું છે.'** આહાહા..! પાઠ છે ને? **'णियभावो सो हवे जोगो।'** છે ને ચોથું પદ? **'णियभावो सो हवे जोगो।'** એમ કહ્યું છે. આત્માનો નિર્વિકલ્પ જોગ અને રાગના સંયોગ વિનાનો (આત્મભાવ). કેમકે જોગ ને એ તો આસ્રવ ને પુણ્ય-પાપના વિકલ્પમાં એ બધા જાય. એ કાંઈ આત્મતત્ત્વ નથી. એથી એ તત્ત્વનો લક્ષ અને આગ્રહ છોડી અને આત્મતત્ત્વની અંદર જાય ત્યારે તેને પર્યાયમાં આત્મપર્યાય પ્રગટ થાય તે જ સાચો પરમયોગ છે. નિશ્ચય એટલે સાચો પરમવેપાર છે. આહાહા..! આ નિશ્ચય સાચો પરમધર્મ છે. આવી વાત હવે. આહાહા..!

મુમુક્ષુ :– બધાય પોતાની વાતને પરમ સત્ય જ કહે ને.

ઉત્તર :– કહે. એમ કહે પણ શું થાય? ભાઈ!

અહીં તો પંચમહાવ્રતધારી સંતો એમ પોકારે છે અને તે પણ 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે કે મેં તો મારા માટે આ બનાવ્યું છે. આહાહા..! એમાં આ વાત આવી છે. મેં તો મારા માટે બનાવ્યું છે. તો એણે તીર્થંકરનો પરંપરાનો જે માર્ગ છે એ માર્ગ બતાવ્યો છે. આહાહા..! સંપ્રદાયમાં આવીને પણ અંદર અંદર આગ્રહો છોડે નહિ. આહાહા..! અરે..! દેહ તો ચાલ્યો જશે. નજરે દેખાણું ને. વ્યાખ્યાનમાં ... આહાહા..! વ્યાખ્યાન થયા પહેલા એમના જમાઈ આવ્યા હતા. દીકરી અને જમાઈ બેય. એને અહીં મળવા ગયા હતા. પાછા

આવીને બેઠા તો ત્યાં સુધી કાંઈ ન મળે. આહાહા..! એકદમ અસાધ્ય. કાંઈ ખબર ન મળે. આહાહા..! આ દેહ, એના પરમાણુ, ભિન્ન ભિન્ન જાતના પરિણમન. આહાહા..! એ આત્માના રાખ્યા રહે નહિ. આત્માના ફેરવ્યા, બદલ્યા, પરિણમાવ્યા પરિણમે નહિ. એની સમયની જે પરિણમનની અવસ્થા... આહાહા..! અરે..! એને અભિમાન શેના?

જે આ દેહ છે, ધર્મી મુનિને પણ... આહાહા..! સનતકુમાર ચક્રવર્તી મુનિરાજ મોક્ષ જવાની તૈયારી. એને સાતસો વર્ષ કોઢ રોગ. આહાહા..! ગળતકોઢ. આંગળા ગળે, આંગળા ગળે. આહાહા..! આ જડની અવસ્થા. કોની કેમ થશે એની ખબર વિના એનો આગ્રહ રાખવો નહિ. જેમ થવાનું તેની પર્યાય થશે. હું તો તેનો જાણનાર-દેખનાર છું. જે પર્યાય થાય તેને હું દવા વડે કરીને રોકી શકીશ અને આના ઇંજેક્શન દઈને.. આહાહા..! છ ઇંજેક્શન આપ્યા હતા. છ ઈંજેક્શન! લાખ આપે તોપણ શું? આહાહા..!

શરીર આ માટીની પર્યાય જ્યાં બદલી એને કોણ રોકે? એના સમયની પર્યાય વસ્તુની વસ્તુ વસ્તુ એને કહીએ જે દ્રવ્ય-ગુણ અને પર્યાય સહિત છે. આહાહા..! એ પર્યાયને બીજાની પર્યાયની મદદ અને સહાય છે નહિ. આહાહા..! એક ક્ષણમાં પલટીને ચાલ્યો જાય. આહાહા..! એવું તત્ત્વનું સ્વરૂપ વાસ્તવિક જેણે જાણ્યું તેને આત્મા ઉપર દૃષ્ટિ જાય. આહાહા..! અને ભવનો એને ભય લાગે, ભવનો ડર લાગે. આહાહા..! ભવભયભીરું. અરે..રે..! ક્યો ભવ થશે? ક્યાં થશે? આહાહા..!

પહેલા આવી ગયું છે. આમાં પણ પાછળ છે. આહાહા..! ૨૩૩ કળશ છે. **'સંસારની ઘોર ભીતિથી સર્વ જીવો નિત્ય તે ઉત્તમ ભક્તિ કરો.'** સંસારની ઘોર ભીતિથી. છે? ૨૩૩ કળશ. આહાહા..! **'સંસારની ઘોર ભીતિ...'** કઈ પર્યાય કેમ થશે ક્યારે? આહાહા..! એનો તું અધિકારી નથી. આહાહા..! છે? **'સંસારની ઘોર ભીતિથી...'** આહાહા..! ક્યારે શરીર કેમ થાય? ક્યારે વાણી બંધ થાય? આહાહા..! ક્યારે પક્ષઘાત થાય? આહાહા..! એ જડની અવસ્થા ભવભયથી બીને એ બધી અવસ્થાઓ ઉપરથી ઉદાસ થઈ જા. આહાહા..! મારો પ્રભુ ક્યાંય અટકે એવો છે નહિ. આહાહા..! કોઈ જડની ગમે તે પર્યાય થાય પણ આત્માને એ અટકવાનું કારણ નથી. આહાહા..! આ તો અહીં બતાવ્યું જરી એટલું, હોં!

**'તે જ નિશ્ચય-પરમયોગ છે એમ કહ્યું છે.'** ભગવાને. આહાહા..! તત્ત્વોમાં તત્ત્વો આત્મા સિવાય એની અવસ્થા જે સમયે થવાની તે થાવ. હું ચૈતન્યસ્વરૂપી પરમાનંદ પરમસ્વભાવી વસ્તુ છું એમ ભગવાને કહ્યું છે, એમ હું માનું છું. એને અહીંયાં અંતરમાં નિશ્ચય પરમયોગ છે. આહાહા..! અહીં પરમયોગ છે એ નિર્વિકલ્પ આનંદના ઝરણા છે. આહાહા..! એ પરમયોગ જે કીધો એ અતીન્દ્રિય આનંદના ઝરણા છે, પ્રભુ! આહાહા..! ગમે તે શરીરના સંયોગો બનો પણ આત્માની ભાવનાવાળાને અતીન્દ્રિય આનંદના ઝરણાના વેદન હોય છે. આહાહા..! આવું સ્વરૂપ છે. કોની સાથે વાદ કરે? આ કોઈ વિદ્વતાની વસ્તુ નથી કે અમે બહુ ભણ્યા

માટે આમ છીએ. બાપુ! આ તો વસ્તુની મર્યાદા ભગવાને એમ મર્યાદા જ બતાવી. જેવી વસ્તુની મર્યાદા છે તેવી વસ્તુની મર્યાદા પરમાત્માએ બતાવી. જડની પર્યાયનો કાળ જે છે તે વખતે તે સમયે તેની પર્યાય થશે જ. તારું રોક્યું રોકાશે નહિ. તારી દૃષ્ટિ ત્યાંથી ફેરવી નાખ. આહાહા..! ત્યારે એ તત્ત્વની શ્રદ્ધા યથાર્થ કહેવાય કે જે તત્ત્વ તારામાં નથી તેમાંથી દૃષ્ટિ ફેરવી નાખ. આહાહા..! અને જે આત્મતત્ત્વ છે તેમાં દૃષ્ટિ લગાડ. આહાહા..! એ જ્ઞાયકભાવ છે, પરમપારિણામિક તત્ત્વ સ્વભાવભાવ છે એના ઉપર દૃષ્ટિ લગાવ અને એ ભાવ થાય તે ભાવ નિશ્ચય પરમયોગ અને આનંદના ઝરણા ત્યાં છે. ત્યાં દુઃખના અભાવ-વિસામા છે. દુઃખનો ત્યાં અભાવ છે અને આનંદના ઝરણાનો સદ્ભાવ છે. આહાહા..! આવો આત્મા કેમ બેસે? બહારની દૃષ્ટિમાં બહારના સંયોગોની વિચિત્રતામાં જ્યાં રોકાણો છે. બહારના સંયોગોમાં વિસ્મયતા અને આશ્રય કરીને રોકાણો છે એને પ્રભુની વિસ્મયતા અને આશ્રયતા કેમ આવે? આહાહા..! એને અહીંયાં પરમયોગ કહ્યો. આહાહા..!

**'અન્ય સમયના તીર્થનાથે કહેલા...'** જોયું! જરી ઝીણી વાત છે. **'અન્ય સમયના તીર્થનાથે કહેલા (–જૈન દર્શન સિવાય અન્ય દર્શનના તીર્થપ્રવર્તકે કહેલા)...'** આહાહા..! બહુ આકરું લાગે. બાપુ! તારા હિતની વાત છે, ભાઈ! વિપરીત અભિપ્રાય છોડવો એ સુખનું કારણ છે. વિપરીત અભિપ્રાય અમે સંપ્રદાયમાં જન્મ્યા માટે અમે માનેલો ભાવ ઠીક છે, એમ આગ્રહ ન હોય. આહાહા..! એ આગ્રહ છોડીને વીતરાગે કહેલા તત્ત્વો, તીર્થનાથે કહેલા એમ આવ્યું ને? અન્ય તીર્થનાથે કહેલાનો આગ્રહ છોડી દે. આહાહા..! અહીં તો એ પણ આવ્યું. પ્રભુ! શું કરીએ? આહાહા..! શ્વેતાંબરે પણ કલ્પિત કરેલા છે તો એના પણ તત્ત્વની દૃષ્ટિ છોડી દે. આ એમ કહે છે. આહાહા..! અરે..રે..! દુઃખ લાગે. સંપ્રદાયમાં જન્મ્યા હોય અને ઇ જ પોસાણું હોય એને કલ્પિત માર્ગ કહેવો, એ આ અન્ય સમયના તીર્થનાથે (કહેલો માર્ગ છે). આહાહા..! એ વીતરાગે અને ગણધરો અને મુનિઓએ કહેલા તત્ત્વો નથી. આહાહા..! શ્વેતાંબરના અને સ્થાનકવાસીના જે તત્ત્વો છે એ ભગવાનના જિનનાથના, તીર્થંકરના અને સંતોના નથી. આહાહા..! એ તો ગૃહીત મિથ્યાદૃષ્ટિએ બનાવેલા તત્ત્વો છે.

આકરી વાત, પ્રભુ! એ સુખી થાવ. એ દૃષ્ટિ છોડીને સુખી થાવ. એ માટે તો કહેવાય છે. એ દૃષ્ટિ રાખશો, પ્રભુ! તો દુઃખી થશો. આહાહા..! વિપરીત આગ્રહ રાખશો તો દુઃખી થશો. અને દુઃખીના જીવન બાપા ગાળવા... આહાહા..! જીવના એક ક્ષણના દુઃખ... આહાહા..! કઠણ પડે. એ ૩૩-૩૩ સાગર સુધી એકવાર નહિ પણ અનંતવાર એ ભવના ભય... આહાહા..! એ સંપ્રદાયની દૃષ્ટિ પોતાની રાખીને વીતરાગે નહિ કહેલા અન્ય સમયના તીર્થનાથે, **'અન્ય સમયના તીર્થનાથે કહેલા...'** મોટા પુરુષે **'(–જૈન દર્શન સિવાય...)'** આહાહા..! દિગંબર જૈન દર્શન સિવાયના દર્શન જૈન દર્શન છે જ નહિ. આહાહા..! આકરું પડે.

**'(જૈન દર્શન સિવાય અન્ય દર્શનના તીર્થપ્રવર્તકે કહેલા) વિપરીત પદાર્થમાં...'** આહાહા..!

દિગંબર સંતોએ-મુનિઓએ કહેલા તત્ત્વ સિવાય બીજા કોઈ પણ મુનિઓએ નામ ધરાવીને કહેલા તત્ત્વો, તેનો '**વિપરીત પદાર્થમાં અભિનિવેશ—દુરાગ્રહ...**' આહાહા..! આવું ખુલ્લું કહેતા દુઃખ થાય. બાપુ! તને સુખના પંથે જોડવા માટેની વાત છે, ભાઈ! ત્યાં કોઈનો પક્ષ નહિ ચાલે. અહીં જુઓને! દેહ છૂટતા કેવું થઈ જતું! આહાહા..! ડૉક્ટર બાય આવીને છ તો ઈંજેક્શન આપ્યા. કાંઈ ખબર ન મળે. આહાહા..! હવે અહીં તો સાંભળવા આવે બિચારા.

મુમુક્ષુ :– ઇંજેક્શન આપવામાં ભૂલ થઈ હોય તો?

ઉત્તર :– ઇંજેક્શન આપે કોણ? અડે નહિ ને ઇંજેક્શન આપે! આહાહા..! ઇંજેક્શન શરીરને અડે નહિ. શરીરની પર્યાય જે સમયે છે એને ઇંજેક્શન ફેરવી શકે નહિ. આહાહા..! ઇંજેક્શનની પર્યાય છે એ પર્યાય શરીરને અડે નહિ. આહાહા..! આવું વીતરાગ તત્ત્વ ઝીણું ને ઊંચું સત્ય. આહાહા..! પરમ સત્ય છે, પરમ સત્ય છે આ. આહાહા..!

કહે છે કે '**અન્ય સમયના તીર્થનાથે કહેલા (–જૈન દર્શન સિવાય અન્ય દર્શનના તીર્થપ્રવર્તકે કહેલા) વિપરીત પદાર્થમાં અભિનિવેશ–દુરાગ્રહ તે જ વિપરીત અભિનિવેશ છે.**' આહાહા..! દ્રૌપદિને પાંચ પતિ. મૂળ તો એક જ પતિ છે. પાંચ તો પછી કલ્પાયેલા છે. એ આણે ... કરી રાખ્યા છે શ્વેતાંબરે તો. આહાહા..! એ આખી વાતમાં ફેર છે. ઘણી વાતું, સેંકડો, હજારો વાતું. એ કહેલા વિપરીત પદાર્થમાં દુરાગ્રહ તે જ વિપરીત અભિનિવેશ છે. આહાહા..! હવે એ અભ્યાસ વિના વિપરીત અભિનિવેશ છે એ ખબર કેને પડે?

જેને અભ્યાસ જ નથી કરવો, વીતરાગે કહેલા શાસ્ત્રો, દિગંબર સંતોએ કહેલા તત્ત્વો, એનો અભ્યાસ જ કરવો નથી, એને દુરાગ્રહપણું કેમ એને સમજાય? અને દુરાગ્રહ ક્યાંથી જાય? આહાહા..! અને તે તેના લાભને માટે છે, પ્રભુ! આહાહા..! કોઈ પ્રાણી દુઃખી થાવ એવી ભાવના ધર્મીની હોય નહિ. આહાહા..! બધા તીર્થંકર... આહાહા..! તીર્થના નાથના માર્ગને પામી બધા કર્મરહિત થાવ, બધા ભગવાન થાવ. આહાહા..! કોઈ જીવને દુઃખ થાવ એવી ભાવના ધર્મીની હોય નહિ. આહાહા..! ફક્ત વિપરીત અભિનિવેશને લઈને પ્રભુ! તને દુઃખ થશે. આહાહા..!

મુમુક્ષુ :– એના હિતની વાત છે.

ઉત્તર :– હિતની વાત છે.

મુમુક્ષુ :– તપાસી જો બરાબર છે કે નહિ?

ઉત્તર :– તપાસ કરે, અભ્યાસ કરે, કંઈ મિલાન કરે–મેળવે. એ તો માલ લેવા જાય ત્યાં મેળવે છે કે આ જુવાર ધોળી છે પણ જરી સડેલી છે અને આ જુવાર નાની પણ સારી છે. જુવાર-જુવારના રજકણને મેળવે છે. જુવાર સમજો છો ને? આહાહા..! જુવાર. એ પણ મેળવે છે ત્યારે લે છે. આહાહા..! હવે એ તો એક અમુક દિવસના ખોરાકની ચીજ છે. એની પણ પરીક્ષા કરીને લે છે. તો આ તો અનંતકાળના રખડવાની ચીજ મૂકવાની છે, રખડવાની મૂકવાની છે. આહાહા..!

કોઈ ભગવાનઆત્માને દુઃખ થાવ એવી વિચારણા સમકિતીની હોય નહિ. આહાહા..! 'દ્રવ્યસંગ્રહ'માં કહ્યું ને? અવાયના વિચારમાં. આહાહા..! શું મુનિઓની વિશાળતા! સત્ય બતાવ્યું છતાં વિશાળતા! બધા મુનિઓ, બધા આત્માઓ આઠ કર્મ રહિત થાવ. કોઈ આત્મા કર્મ સહિત ન રહો. આહાહા..! પ્રભુ! તને કર્મ પરદ્રવ્ય સહિત હશે તો દુઃખી થઈશ. અને એ દુઃખ વેદન તને આકરું પડશે, પ્રભુ! જીવતા એ વેદન આવે. આહાહા..! શરીરમાં બળતરા આવે બળતરા. આ છે ને બેન અહીં? 'લલિતા ભાવસાર'. આખા શરીરમાં બળતરા આવે છે. 'લલીતા' 'જામનગર'વાળી ભાવસાર. આહાહા..! ભાવસાર ને? ભાઈ ત્યાં ગયા હતા. 'ચંદુભાઈ' ગયા લાગે છે. આ તો વૈરાગ્યનો વખત હતો. આહાહા..! એક એક સમય અમૂલ્ય છે. એ સમયમાં દુરાગ્રહ પકડ્યો એણે મૂકી દેવો જોઈએ. સત્ય વાત કાને પડતાં તુલના કરીને અસત્યના આગ્રહને છોડી દેવો જોઈએ. એમ કહે છે. જુઓને!

**'તે જ વિપરીત અભિનિવેશ છે. તેનો પરિત્યાગ કરીને...'** આહાહા..! છે ને? આહાહા..! એવો જે વિપરીત અભિનિવેશ. આહાહા..! **'તેનો પરિત્યાગ કરીને...'** પાછું ત્યાગ કરીને એમ નથી. પરિત્યાગ એટલે સમસ્ત પ્રકારે એની વાત નહિ હવે. આહાહા..! દુનિયા ગમે તે માનો, ગમે તેમ માનો. વસ્તુસ્વરૂપ તો ભગવાન જિનેશ્વરે જે કહ્યું છે એ વાતની પરંપરા દિગંબરમાં રહી છે. મહાવિદેહમાં પણ આ માર્ગ ચાલે છે. આહાહા..! બીજો માર્ગ ક્યાંય નથી. ત્રણલોકના નાથ બિરાજે છે. 'સીમંધર' ભગવાન લાખો કેવળીઓ, ગણધરો (બિરાજે છે) ત્યાં આ માર્ગ ચાલે છે. આહાહા..! એનાથી વિપરીત માર્ગનો આગ્રહ, પ્રભુ! ઘણા કાળથી પકડ્યો હોય, પચાસ વર્ષથી, સાંઈઠ વર્ષથી. જે કુળમાં જન્મ્યો એમાં પકડ્યો હોય. અને જેનો સહવાસ રહ્યો હોય એની ગંધ રહે. આહાહા..!

એક વાત કરતા હતા કે પટારામાં ઓલી કસ્તુરી પડી હતી. કસ્તુરી. તે બીજી ચીજમાં ગંધ આવી ગઈ. 'વીરજીભાઈ' કહેતા હતા. 'વીરજી વકીલ'. પટારામાં કસ્તુરીનો ડબો પડ્યો હતો અને બીજી ચીજો પડી હતી. એ કસ્તુરીની ગંધ બીજી ચીજોમાં ગરી ગઈ. પટારામાં કસ્તુરી પડી હતી. 'વીરજીભાઈ' કહેતા હતા. એની ગંધ બીજી ચીજને લાગુ પડી ગઈ. આહાહા..! એમ જેનો જેને સહવાસ, જેનો જેને પરિચય તેની ગંધ એને ચડી જાય. આહાહા..! આકરું પડે, પ્રભુ!

આ 'કુંદકુંદાચાર્ય'નો અભિપ્રાય છે. 'કુંદકુંદાચાર્ય' કહે છે કે હું મારે માટે આ કહું છું. મેં મારા માટે આ બનાવ્યું છે. આહાહા..! એ અભિનિવેશ **'તેનો પરિત્યાગ કરીને જૈનોએ કહેલાં તત્ત્વો...'** પણ જૈન કોને કહેવા? બાપુ! એને ઓળખવા જોઈએને? જૈન નામ તો બધા ધરાવે છે. આહાહા..! રાગને જીતે તે જૈન. રાગથી લાભ મનાવે તે જૈન નથી. વ્યવહાર રત્નત્રયનો રાગ... આહાહા..! એનાથી લાભ મનાવે. એ પ્રરૂપણા કરે છે ને અત્યારે? આહાહા..! વ્યવહારથી લાભ થાય. અત્યારે 'જ્ઞાનમતિ' આર્જિકા છે ને? છે પુણ્યવંત લાગે છે. મોટું પચ્ચીસ લાખનું જંબુદ્વીપ 'દિલ્હી'માં કર્યું અને અહીં મોટો મેરુ પર્વત કર્યો. ૮૦ ફૂટનો લાંબો. એટલા પૈસા.

પણ એથી શું? બાપુ! આહાહા..! બહારની ચીજો થઈ જાય એમાં આત્માને શું? આહાહા..!

અહીં તો કહે છે, **'જૈનોએ કહેલાં તત્ત્વો...'** ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા, એની પરંપરામાં જે આવેલા તત્ત્વો... આહાહા..! **'નિશ્ચયવ્યવહારનયથી...'** એ તત્ત્વો પણ નિશ્ચય વ્યવહારનયથી. નિશ્ચયથી સ્વથી છે, વ્યવહારમાં નિમિત્ત જોડે હોય છે. નિમિત્ત નથી એમ નહિ પણ નિમિત્તથી થતું નથી. આહાહા..! એટલે નિશ્ચય અને વ્યવહાર બેય માનવા જેવો છે. પણ વ્યવહારથી નિશ્ચય થાય એ માનવા જેવું નથી. વ્યવહાર અને નિશ્ચય બેય છે એમ માનવા જેવો છે. છે એમ. આહાહા..!

**'નિશ્ચયવ્યવહારનયથી જાણવાયોગ્ય છે.'** અહીં તો કીધું ને? વ્યવહારનયથી પણ જાણવાયોગ્ય છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ૧૨મી ગાથામાં કહ્યું, લ્યો! આહાહા..! વ્યવહાર નથી એમ નહિ. વ્યવહાર છે, હોય છે. જ્ઞાનીને પણ રાગ-વ્યવહાર આવે છે. આહાહા..! પણ એ જાણેલો પ્રયોજનવાન છે. આદરેલો પ્રયોજનવાન નથી. એટલે જાણેલો છે એમ પણ નક્કી થઈ ગયું અને એક આદરવા યોગ્ય નિશ્ચયનય (છે). બે નય છે. એક નય નથી. વીતરાગમાર્ગમાં બે નય છે. 'પંચાસ્તિકાય'માં, 'નિયમસાર'માં પહેલાં ખૂબ લીધું છે. બે નયો છે. એક જ નય નથી. વ્યવહારનય નથી એમ નહિ. આહાહા..! પણ વ્યવહારનય છે એ જાણવાલાયક છે, આદરવાલાયક નથી. નય નથી એમ નહિ. વીતરાગમાર્ગમાં નિશ્ચય અને વ્યવહાર બેય નયો છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નય છે ને? અને તે સમ્યક્ નય છે. વ્યવહાર પણ જેવો વ્યવહાર છે એમ જાણવો એ સમ્યક્ નય છે. આદરવા લાયક નથી. આહાહા..! આદરવા લાયક હોય તો બે (ભેદ) પડે કેમ? નિશ્ચય આદરવા લાયક, વ્યવહાર આદરવા લાયક હોય તો એક જ થઈ જાય. આહાહા..! એક આદરવા લાયક છે અને એક જાણવાલાયક છે. બે નયો છે.

**'નિશ્ચય વ્યવહારનયથી જાણવાયોગ્ય છે.'** વ્યવહારથી જાણવાયોગ્ય છે. 'યોગીન્દ્રદેવે' દોહરામાં તો ત્યાં સુધી (કહે છે), પ્રયત્નથી છ દ્રવ્યને જાણવા. પ્રયત્ન આવે છે. વ્યવહાર જાણવા જેવો છે ને. જાણવા જેવો નથી તો વસ્તુ પર્યાય નથી, રાગ પણ નથી, બીજી ચીજ જ નથી (એમ થઈ જાય. પરંતુ) એમ નથી. આહાહા..! પણ એટલા બધા વિચાર કરવા રોકાય કોણ? નવરાશ ક્યાં છે? આહાહા..! એક ક્ષણમાં ચાલ્યું જવું છે. આમ ફૂ થઈને. જોયું ને? હવે બેસે છે અહીં. પછી મારી નજર આમ ગઈ કે આ આમ કેમ થઈ ગયું? ત્યારે બીજાએ જોયું. આમ કેમ થઈ ગયું? કારણ કે અંદર હાર્ટ ઓલું થઈ ગયું. અસાધ્ય શરૂ થઈ ગઈ. આહાહા..! ખુરશીએ બેઠા હતા. આહાહા..! એવા તો અનંતવાર અનંત મરણ થઈ ગયા. આહાહા..! લાખ ઇન્દ્ર ઉતરે તોપણ એની એક પર્યાય ફેરવે એમ છે નહિ. આહાહા..! ઇન્દ્રો મિત્ર હોય આહાહા..! તોપણ કાંઈ ફેરવે એવું કાંઈ છે? આહાહા..!

'ઋષભદેવ' ભગવાન મોક્ષ પધાર્યા. ભરતજી ગયા. ઇન્દ્રો આવ્યા. આહાહા..! અષ્ટાપદ

પર્વત ઉપર. ભરત આમ દેખીને રોવે છે. ઇન્દ્ર કહે છે કે, અરે..! ભરત! આ શું? તમારે તો આ ભવમાં મોક્ષ છે. અમારે તો હજી એકાદ ભવ મનુષ્યનો કરવો પડશે. ઇન્દ્ર કહે છે. તમારે તો આ ભવે મોક્ષ છે ને આ શું? ઇન્દ્ર કહે છે જાણુ છું હું બધું. ખબર છે. પણ રાગ આવ્યો છે. એ જાણવાલાયક છે. આહાહા..! ભગવાન આમ મોક્ષ પધાર્યા. શરીર આમ પડ્યું છે. ઇન્દ્ર અને ભરત બેય આમ જોવે છે. ભરતને આમ આંખમાંથી આંસું વહે છે. અરે..રે..! ભરતનો સૂર્ય અસ્ત થઈ ગયો આજ. ભરતનો સૂર્ય અસ્ત થઈ ગયો. એમ કરીને રાગ વિકલ્પ છે. આહાહા..! છતાં ઇન્દ્ર કહે છે કે પણ તું આ ભવમાં મોક્ષ જઈશ. બધી ખબર છે, બાપા! મારો મોક્ષ આ ભવમાં છે. મારો આ દેહ છેલ્લો છે. ખબર છે. પણ રાગ આવ્યો છે એના આ ચાળા છે. એ રાગ મારો નથી હું જાણું છું. આહાહા..!

**'નિશ્ચયવ્યવહારનયથી જાણવાયોગ્ય છે.'** આહાહા..! **'સકલજિન...'** સકલ એટલે દેહ સહિત. દેહ સહિત જિન **'દેહ સહિત હોવા છતાં તીર્થંકરદેવે રાગદ્વેષ અને અજ્ઞાનને સંપૂર્ણ રીતે જીત્યા છે તેથી તેઓ સકલજિન છે.'** સંપૂર્ણ રીતે જીત્યા છે. એ રીતે ગણ્યું. નહિતર સકળ એટલે શરીર સહિત પણ હોય છે અને સકળ એટલે બધું જીત્યું છે. આહાહા..! રાગ-દ્વેષને બધાને જીત્યા છે. તેથી એવા **'સકલજિન એવા ભગવાન...'** આહા..! એ વિશ્વાસમાં અંતરમાં આવવું,.. એ વાતું કાને પડે, સાંભળે, જાણે પણ અંદરમાં વિશ્વાસ, પરિણમનમાં વિશ્વાસ ઉપર આવવું.. આહાહા..! એ અલૌકિક ચીજ છે અને એ પરિણમનમાં આવ્યા વિના જન્મ-મરણના અંત આવે એવા નથી, ભાઈ! આહાહા..!

**'ભગવાન તીર્થાધિનાથનાં ચરણકમળના...'** સકળજિન એવા ભગવાન તીર્થાધિનાથના ચરણકમળના **'ઉપજીવકો...'** એટલે **'સેવા કરનાર; દાસ.'** આહાહા..! **'તે જૈનો છે;...'** જોયું! વાડામાં જન્મ્યા માટે જૈનો છે એમ નથી. આહાહા..! **'સકલજિન એવા ભગવાન તીર્થાધિનાથનાં...'** બિલકુલ રાગ જીત્યો છે. ભગવાનને આહાર લેવો, દવા લેવી એ રાગ ભગવાનને નથી. આહાહા..! ભગવાન મુનિને કહે કે જા મારે માટે આહાર લઈ આવ. આહાહા..! રોગ છે એને મટાડ. એ બધી વાતું ખોટી કલ્પના છે. આહાહા..!

અહીં કહે છે, **'સકલજિન...'** સકળનો અર્થ શરીર સહિત પણ કહેવાય છે. પણ અહીં સકલ જિન એટલે પૂર્ણ રીતે રાગ-દ્વેષ જીત્યા છે. આહાહા..! છે? **'દેહ સહિત હોવા છતાં...'** સકલ કીધું ને? **'તીર્થંકરદેવે રાગદ્વેષ અને અજ્ઞાનને સંપૂર્ણ રીતે જીત્યા છે તેથી તેઓ સકલજિન છે.'** આહાહા..! એવા સકલજિન ભગવાને એના **'ઉપજીવકો...'** એને માનનારા, એના સેવકો, એને સ્વીકાર કરનારા.. આહાહા..! એને કેડે જનારા. આહાહા..! એવા **'ઉપજીવકો તે જૈનો છે;...'** વાડામાં જન્મ્યા માટે જૈન છે એમ નહિ. આહાહા..! જૈન નામ ધરાવ્યું અને જૈન અમે શ્રાવક છીએ, જૈન અમે સાધુ છીએ, એ નહિ. આહાહા..! છે?

**'સકલજિન એવા ભગવાન તીર્થાધિનાથના ચરણકમળના ઉપજીવકો...'** એમણે કહ્યું તેના

ચરણકમળની સેવા કરનારા, માનનારા, દાસાનુદાસ થઈને માનનારા. આહાહા..! ભગવાને જે કહ્યું તેને દાસાનુદાસ થઈને માનનારા એવા જૈનો છે. એને જૈન કહે છે. નામધારી જૈનો અમે જન્મ્યા, અમે જૈન છીએ. એમ નહિ કહે છે. આહાહા..! ભારે વ્યાખ્યા!

**'સકલજિન એવા ભગવાન તીર્થાધિનાથનાં ચરણકમળના ઉપજીવકો...'** એના પગના દાસના દાસ, ચરણના દાસ. ચરણ એટલે પગ. એના દાસના દાસ. આહાહા..! પગરૂપી કમળ, એના દાસના દાસ. આહાહા..! એને અહીંયાં જૈનો કહેવાય છે. **'પરમાર્થે ગણધરદેવ વગેરે એવો તેનો અર્થ છે.'** જૈનો એને કહેવાય. પરમાર્થે ગણધરદેવ, સાચા મુનિ, ત્રણ કષાયનો અભાવ, સમકિતી, શ્રાવક સાચા સમકિતી એને અહીંયાં પરમાર્થે જૈનો કહેવામાં આવે છે. બાકી વાડામાં રહ્યા તેને જૈનો કહેવામાં આવતા નથી. આહાહા..! આવી વાતું છે.

**'પરમાર્થે ગણધરદેવ વગેરે એવો તેનો અર્થ છે. તેમણે (-ગણધરદેવ વગેરે...)'** સમકિતી. બીજા બધા સમકિતી વગેરે જૈનો છે. આહાહા..! **'તેમણે (-ગણધરદેવ વગેરે જૈનોએ) કહેલા જે સમસ્ત જીવાદિ તત્ત્વો...'** સમસ્ત જીવાદિ નવતત્ત્વો. **'તેમાં જે પરમ જિનયોગીશ્વર નિજ આત્માને જોડે છે,...'** આહાહા..! એ નવતત્ત્વનું જ્ઞાન કરીને આત્માની સાથે જોડે છે. જ્ઞાનની પર્યાયને આત્મા સાથે જોડે છે. આહાહા..! જ્ઞાનની પર્યાયને રાગ સાથે અને બહાર સમજાવવા માટે નથી કરતા. આહાહા..!

**'(-ગણધરદેવ વગેરે જૈનોએ) કહેલાં જે સમસ્ત જીવાદિ તત્ત્વો તેમાં જે પરમ જિનયોગીશ્વર...'** આહાહા..! પરમ જિનયોગીશ્વર. આમ ભાષા લીધી છે. મુનિની વિશેષ વાત છે. **'નિજ આત્માને જોડે છે,...'** આહાહા..! પોતાના આત્માને જોડે છે. **'તેનો નિજભાવ જ પરમ યોગ છે.'** આહાહા..! વીતરાગી આત્મા, એને વીતરાગી પર્યાયથી જોડવો... આહાહા..! તે પરમ યોગ છે. જોડાણ કરવું, વીતરાગીસ્વરૂપ આત્મા છે એનું વીતરાગી પર્યાયથી જોડાણ કરવું એનું નામ યોગ અને જૈન કહેવાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૨૩૦

(वसंततिलका)

तत्त्वेषु जैनमुनिनाथमुखारविंद-
व्यक्तेषु भव्यजनताभवघातकेषु।
त्यक्त्वा दुराग्रहममुं जिनयोगिनाथः
साक्षाद्युनक्ति निजभावमयं स योगः।।२३०।।

**[શ્લોકાર્થ :–] આ દુરાગ્રહને (–ઉપરોક્ત વિપરીત અભિનિવેશને) છોડીને, જૈનમુનિનાથોના (–ગણધરદેવાદિક જૈનમુનિનાથોના) મુખારવિંદથી પ્રગટ થયેલાં, ભવ્ય જનોના ભવોનો નાશ કરનારાં તત્ત્વોમાં જે જિનયોગીનાથ (જૈન મુનિવર) નિજ ભાવને સાક્ષાત્ જોડે છે, તેનો એ નિજ ભાવ તે યોગ છે. ૨૩૦.**

**પ્રવચન નં. ૧૫૮, શ્લોક--૨૩૦, ગાથા-૧૪૦, બુધવાર, જ્યેષ્ઠ સુદ ૬, તા.૧૮-૦૬-૮૦**

'નિયમસાર' ૨૩૦-કળશ.

**तत्त्वेषु जैनमुनिनाथमुखारविंद-**
**व्यक्तेषु भव्यजनताभवघातकेषु।**
**त्यक्त्वा दुराग्रहममुं जिनयोगिनाथः**
**साक्षाद्युनक्ति निजभावमयं स योगः।।२३०।।**

**શ્લોકાર્થ :- 'આ દુરાગ્રહને (–ઉપરોક્ત વિપરીત અભિનિવેશને) છોડીને,...'** વીતરાગ મુનિઓએ જે ભાવ કહ્યા એના સિવાય કહેનારનો આગ્રહ છોડી દઈને. જૈન મુનિનાથ દિગંબર સંત કેવળીના કેડાયતો, એણે જે કહ્યું એનાથી વિરુદ્ધ કહેનારનો આગ્રહ છોડી દેવો. જરી ઝીણું પડે. આમાં તો શ્વેતાંબર અને સ્થાનકવાસી એ કોઈ જૈન નથી. અજૈન છે. કારણ કે જૈનની જે શૈલી દેવ-ગુરુ-ધર્મની બધી બદલી નાખી. એટલે એને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલે' અન્યમતમાં નાખ્યા છે. અને 'અષ્ટપાહુડ'માં 'કુંદકુંદાચાર્યે' **'णग्गे मोखो भणियो सेसा उमग्गा'** નગ્ન મુનિઓને આત્મજ્ઞાન સહિત છે તેને મુક્તિ છે, એ સિવાય બધા ઉન્માર્ગ છે. એમ 'કુંદકુંદાચાર્ય' 'અષ્ટપાહુડ'માં **'णग्गे मोखो भणियो'** નગ્નને મુક્તિ છે. બાકી બધા ઉન્માર્ગ છે. 'શાંતિભાઈ'! ક્યાંય સાંભળ્યું નહોતું ત્યાં. 'બિહાર'માં ભાષણ કરતા ત્યાં. ... આહાહા..! અહીં શબ્દ શું છે?

જૈન મુનિનાથોના. આહાહા..! જૈન મુનિનાથ 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' આદિ. એના મુખારવિંદથી નીકળેલી વાણી. આહાહા..! અન્યને છોડી દઈને જૈન મુનિઓના નાથ, ગણધરદેવ આદિ જૈન મુનિઓના નાથ. આહાહા..! એના મુખારવિંદથી પ્રગટ થયેલી. મુખરૂપી કમળ. આહાહા..! દિગંબર સંતો પરંપરાના કેવળીના કેડાયતો, સનાતન સત્‌ના આરાધક, સનાતન સત્‌ના સેવક, એના કહેલા. આહાહા..! એના મુખારવિંદથી પ્રગટ થયેલ. એ સિવાય બીજા કહેલાઓ નહિ. આહાહા..! આવી વાત છે, ભાઈ! બધા એમ કહે કે અમારું સાચું છે. ભાઈ! તું વિચાર કર તું. આ તો અનાદિ સનાતન ...

ભગવાન મહાવિદેહમાં વિચરે છે ત્યાં આ માર્ગ ચાલે છે. એ માર્ગ આ છે. 'કુંદકુંદાચાર્ય' મહાવિદેહમાંથી જઈને આવ્યા એમણે પછી આ બધા શાસ્ત્ર બનાવ્યા. એમાં આ શાસ્ત્ર તો

પોતાના માટે બનાવ્યું. એમાં આ નાખ્યું. જિનનાથોના મુખારવિંદથી નીકળેલી વાણી, એના તત્ત્વોને શ્રદ્ધ. 'દેવીલાલજી'!

મુમુક્ષુ :– ... ૧૩૯ ગાથા રહી ગઈ. કાલે એ હતા નહિ. કાલે ચાલી ગઈ.

ઉત્તર :– ચાલી ગઈ છે. આવ્યું હતું. પરમ જિનયોગીશ્વર... આવી ગઈ ગાથા. અહીં તો એનો કળશ કીધો હવે.

મુનિ દિગંબર સંત ભાવલિંગી અને દ્રવ્યે નગ્ન, એના મુખારવિંદથી નીકળેલી વાણી, એ સિવાય કોઈની વાણી વીતરાગની વાણી નથી. આહાહા..! **'જૈનમુનિનાથોના (–ગણધરદેવાદિક જૈનમુનિનાથોના) મુખારવિંદથી પ્રગટ થયેલાં,...'** આહાહા..! ગણધરોના મુખથી નીકળેલી. આહાહા..! આ ટીકા કરનાર પણ એમ કહે છે. ટીકા કરનાર તો મુનિ છે. છતાં કહે છે કે આ ટીકા.. પહેલો કળશ આવી ગયો. આ ટીકા કરનાર અમે તે મંદબુદ્ધિ કોણ? એ ટીકા તો ગણધરદેવથી ચાલી આવી છે. પહેલા કળશોમાં લખાણ છે. આહાહા..! ગણધરદેવ, તીર્થંકરદેવ ... ત્યારથી આની આ ટીકા ચાલી આવી છે. પોતે મુનિરાજ કહે છે, અમે તે મંદબુદ્ધિ કોણ? છે?

પાંચમો. **'ગુણના ધરનાર ગણધરોથી...'** આહાહા..! કેવી સંધી કરે છે! છે? પહેલા શરૂઆતનો પાંચમો બોલ. **'ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની...'** આહાહા..! અને શ્રુતજ્ઞાની જે પછી થયા એની **'પરંપરાથી સારી રીતે...'** એની પરંપરા... આહાહા..! એને પણ સારી રીતે **'વ્યક્ત કરાયેલા...'** આ 'નિયમસાર'ના અર્થો. **'આ પરમાગમના અર્થસમૂહનું કથન...'** આ પરમાગમ છે. એના અર્થનું **'કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ?'** આહાહા..! મુનિરાજ એમ કહે છે. **'અમે મંદબુદ્ધિ તે કોણ?'** ગણધરોથી ચાલી આવી આ ટીકા છે. મારા ઘરનું કાંઈ આમાં નથી. આહાહા..! કઠણ વાત ભારે.

**'જૈનમુનિનાથોના (–ગણધરદેવાદિક જૈનમુનિનાથોના) મુખારવિંદથી પ્રગટ થયેલાં, ભવ્ય જનોના ભવોનો નાશ કરનારાં...'** પાછી વાત એવી છે કે એ વાણીમાં એવું છે કે ભવનો નાશ થઈ જાય. ભવ રહે નહિ એવી એ વાણી છે. ચૈતન્યતત્ત્વને બતાવનાર અને ભવના અભાવ બતાવનાર. આહાહા..! જેમાં ભવ ને ભવનો ભાવ નથી એવા તત્ત્વને બતાવનાર. મુખારવિંદથી નીકળેલી ભવિના ભવના ઘાત કરનારા. આહાહા..! ભવ્યજનોના, ભવ્ય જનોના. લાયકજીવ. આહાહા..! અભવી તો કાંઈ...

**'ભવ્ય જનોના ભવોનો નાશ કરનારાં...'** આહાહા..! આ તત્ત્વ .. એ ભવ્યજનોના ભવનો નાશ કરનાર તત્ત્વ છે. એ **'તત્ત્વોમાં જે જિનયોગીનાથ...'** આહાહા..! **'(જૈન મુનિવર) નિજ ભાવને સાક્ષાત્ જોડે છે,...'** આહાહા..! નિજભાવ વીતરાગી પરિણતિને વીતરાગી ત્રિકાળી સ્વભાવ સાથે જોડે છે. આહાહા..! એ ગણધરોના મુખમાંથી આ નીકળ્યું. અને શ્રુતના ધરનારા પરંપરાથી સંતો આ કહેતા આવ્યા છે. ઓછું, અધિક, વિપરીત બધું કાઢી નાખીને. આહાહા..!

એવી એ વાણી છે કહે છે કે **'નિજ ભાવને સાક્ષાત્ જોડે છે,...'** ભવ્યજનોના ભવનો નાશ કરનારા તત્ત્વો છે. આહાહા..!

લાયક જીવ જે છે એને આ વીતરાગ વાણી આવી મળે, એને એ તત્ત્વોમાં ભવોના ભવનો નાશ કરનારા તત્ત્વો છે. આહાહા..! આ તત્ત્વો જેને બેસે, ગણધરના મુખથી નીકળેલી, ટીકા પણ એમનાથી કરેલી ચાલી આવે છે. આહાહા..! આ તત્ત્વોનું સ્વરૂપ, એ જે વાત ભવ્યજીવને બેસે એના ભવનો નાશ થઈ જાય. આહાહા..! છે? **'ભવ્ય જનોના ભવોનો નાશ કરનારાં...'** પાઠમાં છે ને? 'भव्यजनताभवघातकेषु'. આહાહા..! ભવ્યજન... છે? 'भव्यजनताभवघातकेषु'. ભવ્યજનના ભવના ઘાત કરનારી આ વાણી છે. આહાહા..! ભવ ઉત્પન્ન કરે એ આ વાણી નથી. આહાહા..!

**'જે જિનયોગીનાથ...'** મુનિને ઉદ્દેશીને વાત કરી છે. **'(જૈન મુનિવર) નિજ ભાવને...'** પોતાના વીતરાગી ભાવને, પર્યાયને, પ્રગટ પર્યાય જે વીતરાગી એને **'સાક્ષાત્ જોડે છે,...'** દ્રવ્ય સાથે જોડે છે. આહાહા..! અલૌકિક! આ દયા પાળવી, વ્રત પાળવા, ભક્તિ કરવી, આ કરવું એ વાત ક્યાંય નથી આમાં. આહાહા..! ભવ્યજીવના ભવને ઘાત કરનારી અને તે મુખારવિંદ ગણધરના મુખથી નીકળેલી એ વાણી ભવ્યજીવના ઘાત કરનારી છે. આહાહા..! જેમાંથી ભવનો ઘાત થઈ જાય. ભવ રહે નહિ. આહાહા..! એને માનનારને શંકા પડે નહિ. વીતરાગના કહેલા તત્ત્વો માનનારને સંદેહ રહે નહિ. ભવભ્રમણનો સંદેહ રહે નહિ. આહાહા..!

હવે ઓલી બાઈ એમ કહે છે કે, ભાઈ! આપણે અભવિ છીએ કે કાળલબ્ધિ પાકી છે એ આપણે તો જાણતા નથી. અર..ર..! એનું ચાલે છે મોટું ૨૫-૨૫ લાખના મકાન કર્યાં. જંબુદ્વિપ કર્યો, અહીં હસ્તિનાપુરમાં મેરુ પર્વત (બનાવ્યો). માણસને તો બહુ ઘણું થાય. આહાહા..! એ એમ કહે કે આપણે અભવિ છીએ કે કાળલબ્ધિ પાકી એ ભગવાન જાણે. અરે..! પ્રભુ! આહાહા..!

અહીંયાં તો વીતરાગની વાણીએ તત્ત્વો કહ્યાં એ જેને અંદર બેઠા એના ભવના ઘાત કરનારા છે. આહાહા..! એને ભવ રહે જ નહિ. આહાહા..! અને જેને ભવની શંકા રહે એને તત્ત્વો બેઠા નથી. આહાહા..! જીવતત્ત્વ આદિ રાગથી ભિન્ન ભગવાન... આહાહા..! પોતાની પર્યાયથી સહિત, પોતાની પર્યાય પરથી નહિ અને પોતાની પર્યાય વિનાનો નહિ. આહાહા..! એવું જે તત્ત્વ ભગવાને કહ્યું, એ વાત જેને અંદર બેઠી એ ભવ્યજીવના ભવનો ઘાત કરનારી છે. આહાહા..! અભવિ છું કે નહિ એ તો પ્રશ્ન જ અહીં નથી. હું અભવિ છું કે અનંત સંસારી છું એ પ્રશ્ન જ અહીં નથી. આહાહા..!

આ તત્ત્વો, ભગવાન ત્રણલોકના નાથ, એના શ્રીમુખે નીકળેલી વાણી ગણધરોની, શ્રુતધરોની પરંપરાથી ચાલી આવી છે. એ તત્ત્વો જેને બેસે એ ભવ્યજીવના ભવનો તો ઘાત જ થાય. એને અનંતભવ ન રહે, એ અભવિ છે એ રહે નહિ, પણ એને અનંત ભવ

ન રહે. આહાહા..! કેટલી મીઠી વાણી! અને ટીકા કરનાર કહે છે કે એ તો ગણધરોથી ચાલી આવેલી છે. ગૌતમસ્વામી એના ગણધરોથી આ ટીકા ચાલી આવી છે. આહાહા..! આ તત્ત્વ જેને બેસે, ત્રણલોકના નાથ એના જે ગણધર, એનાથી રચાયેલી વાણી... આહાહા..! એના કહેલા તત્ત્વો જેના અંતરમાં બેસે એના ભવનો ઘાત થઈ જાય. એને અનંતકાળમાં મુક્તિ થઈ જાય. આહાહા..! છે કે નહિ? આહાહા..!

ભગવાને દીઠું હશે તે દિ' થાશે. ભગવાને દીઠું હશે તે થશે. અને ક્રમબદ્ધમાં જ્યારે આવશે ત્યારે ભવ નહીં રહે. એ વાત ન કરી. એ જેને બેસે એને ક્રમબદ્ધ પણ આવી ગયું અને ભગવાને દીઠું એ પણ આવી ગયું. હવે સમજાણું કાંઈ? આહાહા..! આ તત્ત્વો જેને બેઠા, ભગવાને કહેલા તત્ત્વો, દિગંબર સંતોએ કહેલા તત્ત્વો એ જેને બેઠા એને ક્રમબદ્ધમાં એ જ આવ્યું હોય અને ભગવાને એ જ દીઠું હોય. તેને ભવ હવે નથી. આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું ઇ?

મુમુક્ષુ :– એને ભવ જ નથી.

ઉત્તર :– આ તત્ત્વો બેઠા એને (ભવ નથી). તમે ક્રમબદ્ધ કહો કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એમ કહો અને છે એમ. પણ આ એ તત્ત્વ જેને બેઠા... આહાહા..! અને ભગવાને દીઠું તે દિ' તેના ભવનો અભાવ થાય એ વ્યવહારથી. એ પણ ત્યારે એને બેસે કે એ તત્ત્વો બેઠા ત્યારે બધી વાત એને બેસી ગઈ. ભગવાને દીઠું છે એ ક્રમબદ્ધમાં થયું, એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એ પણ થયું, મારી પર્યાય મને સ્પર્શે ત્યારે ભવનો ઘાત થયો. આહાહા..! મારી પર્યાય મારા દ્રવ્યને સ્પર્શે ત્યારે ભવનો ઘાત થયો. આહાહા..! બહુ વાતું...

ગણધરોએ મુનિનાથે કહેલા તત્ત્વો... આહાહા..! એ તત્ત્વો જેને બેઠા આહાહા..! અને એ સિવાયના બીજા આગ્રહ છોડી દીધા એને ભવનો નાશ કરનારા તત્ત્વોમાં **'જે જિનયોગીનાથ (જૈન મુનિવર) નિજ ભાવને સાક્ષાત્ જોડે છે,...'** ધારણામાં નહિ, કલ્પનામાં નહિ. પોતાની નિર્મળ પર્યાયને દ્રવ્ય સાથે જોડે છે **'તેનો એ નિજ ભાવ તે યોગ છે.'** તેનો એ નિજ ભાવ તે યોગ એટલે ધર્મ છે. આહાહા..! એક કળશમાં કેટલું કહ્યું! આહાહા..! તીર્થંકરો અને ગણધરો, એના મુખથી નીકળેલા તત્ત્વો, એ જેને બેઠા એને ક્રમબદ્ધ આવી ગયું, ભગવાને પણ એમ દીઠું હતું એમ આવી ગયું અને એને ભવનો ઘાત થઈ ગયો. એને ભવ હોય નહિ હવે. આહાહા..!

ઓલા કહે કે આપણને ખબર પડે નહિ. મુનિને શુભયોગ જ હોય. એમ વળી ઓલા એક છે. કેવા? 'શ્રુતસાગર'. શાંતિસાગરના કેડાયત. એના પદે આવ્યા છે, ધર્મસાગર. અને આ ભણેલ છે. એને પદવી ન આવી. એ એમ કહે છે કે અત્યારે શુભયોગ જ હોય. અરે..રે..! ત્યારે આ તત્ત્વોમાં ભવના ઘાતવાળો ભાવ તો અત્યારે નથી એનો અર્થ એ થયો. અહીં તો આચાર્ય પોકાર કરે છે. આહાહા..! 'દેવીલાલજી'! છે એમ?

પંચમકાળમાં પણ નિર્ગ્રંથ મુનિ ગણધરો, એની પરંપરાએ, સૂત્રની પરંપરાએ આવેલા તત્ત્વો, એ તત્ત્વો જેને બેઠા એને ક્રમબદ્ધમાં ભવનો ઘાત થવાનો કાળ પણ આવી ગયો, ભગવાને દીઠું એ પણ આવી ગયું અને તેને ભવ હોય નહિ, અલ્પકાળમાં મુક્તિ હોય. આહાહા..! આવી વાત છે. વાદવિવાદે પાર પડે નહિ. વસ્તુ તત્ત્વ જે ભગવાનના મુખેથી નીકળેલી વાણી અને ગણધરો.. એમણે કહેલા તત્ત્વો જે સ્વરૂપે છે તે સ્વરૂપે અંતર બેઠા... આહાહા..! એ તત્ત્વમાં ભવ અને ભવનો ભાવ હોય જ નહિ. તેથી તે તત્ત્વ બેઠા તેને ભવનો ઘાત કરી નાખે. આહાહા..! બહુ સરસ વાત આવી. આહાહા..! એને શંકા રહેતી નથી કે આ તત્ત્વો મને બેઠા. મારે ભવ હશે? એ શંકા એને રહેતી નથી. એ શંકા જેને રહે એને એ તત્ત્વો બેઠા નથી. આહાહા..! સમજાણું? એવો જે નિજભાવ તે યોગ છે. આહાહા..!

## ગાથા–૧૪૦

उसहादिजिणवरिंदा एवं काऊण जोगवरभत्तिं।
णिव्वुदिसुहमावण्णा तम्हा धरु जोगवरभत्तिं।।१४०।।

वृषभादिजिनवरेन्द्रा एवं कृत्वा योगवरभक्तिम्।
निर्वृतिसुखमापन्नास्तस्माद्धारय योगवरभक्तिम्।।१४०।।

भक्त्यधिकारोपसंहारोपन्यासोयम्।

अस्मिन् भारते वर्षे पुरा किल श्रीनाभेयादिश्रीवर्धमानचरमाः चतुर्विंशतितीर्थंकरपरमदेवाः सर्वज्ञवीतरागाः त्रिभुवनवर्तिकीर्तयो महादेवाधिदेवाः परमेश्वराः सर्वे एवमुक्तप्रकारस्वात्मसंबन्धिनीं शुद्धनिश्चययोगवरभक्तिं कृत्वा परमनिर्वाणवधूटिकापीवरस्तनभरगाढोपगूढनिर्भरानंदपरम-सुधारसपूरपरितृप्तसर्वात्मप्रदेशा जाताः, ततो यूयं महाजनाः स्फुटितभव्यत्वगुणास्तां स्वात्मार्थपरमवीतरागसुखप्रदां योगभक्तिं कुरुतेति।

---

**વૃષભાદિ જિનવર એ રીતે કરી શ્રેષ્ઠ ભક્તિ યોગની,**
**શિવસૌખ્ય પામ્યા; તેથી કર તું ભક્તિ ઉત્તમ યોગની. ૧૪૦.**

અન્વયાર્થ :– [ वृषभादिजिनवरेन्द्राः ] વૃષભાદિ જિનવરેન્દ્રો [ एवम् ] એ રીતે [ योगवरभक्तिम् ] યોગની ઉત્તમ ભક્તિ [ कृत्वा ] કરીને [ निर्वृतिसुखम् ] નિર્વૃતિસુખને [ आपन्नाः ] પામ્યા; [ तस्मात् ] તેથી [ योगवरभक्तिम् ] યોગની ઉત્તમ ભક્તિને [ धारय ] તું ધારણ કર.

**ટીકા :– આ, ભક્તિ અધિકારના ઉપસંહારનું કથન છે.**

**આ ભારતવર્ષમાં પૂર્વે શ્રી નાભિપુત્રથી માંડીને શ્રી વર્ધમાન સુધીના ચોવીશ તીર્થંકર પરમદેવો–સર્વજ્ઞવીતરાગ, ત્રિલોકવર્તી કીર્તિવાળા મહાદેવાધિદેવ પરમેશ્વરો–બધા, યથોક્ત પ્રકારે નિજ આત્મા સાથે સંબંધ રાખનારી શુદ્ધનિશ્ચયયોગની ઉત્તમ ભક્તિ કરીને, પરમનિર્વાણવધૂના અતિ પુષ્ટ સ્તનના ગાઢ આલિંગનથી સર્વ આત્મપ્રદેશે અત્યંત-આનંદરૂપી પરમસુધારસના પૂરથી પરિતૃપ્ત થયા; માટે [1]સ્ફુટિતભવ્યત્વગુણવાળા હે મહારજનો! તમે નિજ આત્માને પરમ વીતરાગ સુખની દેનારી એવી તે યોગભક્તિ કરો.**

## ગાથા–૧૪૦ ઉપર પ્રવચન

૧૪૦. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' પોકારે છે કે આ વાત તો 'ૠષભદેવ' ભગવાનથી અત્યાર સુધી બધા આ આરાધીને મુક્તિ પામ્યા છે. 'उसहादिजिणवरिंदा एवं काऊण जोगवरभत्तिं' આવા જોગ એટલે આત્માને જોડાણ કરીને. વ્યવહારરત્નત્રયથી થાય એમ નથી. વ્યવહારરત્નત્રય તો પરમાં જોડાણ છે. આહાહા..!

**उसहादिजिणवरिंदा एवं काऊण जोगवरभत्तिं।**
**णिव्वुदिसुहमावण्णा तम्हा धरु जोगवरभत्तिं।।१४०।।**

નીચે હરિગીત.

**વૃષભાદિ જિનવર એ રીતે કરી શ્રેષ્ઠ ભક્તિ યોગની,**
**શિવસૌખ્ય પામ્યા; તેથી કર તું ભક્તિ ઉત્તમ યોગની. ૧૪૦.**

આ ભક્તિ, હોં! શ્રેષ્ઠ ભક્તિ આત્માની. ભગવાનની ભક્તિ નહિ એમ કહે છે. આહાહા..! તેમ વ્યવહારરત્નત્રયથી ભવનો ઘાત થાય એ ના પાડી. આહાહા..! અરે..રે..! આવી વીતરાગની વાણી! પરમાત્માના વિરહ પડ્યા, છતાં એની વાણી ભવના ઘાત કરનારી એ વાણી જેને બેસે તેને. એ ભાવ રહી ગયા છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! કેવળી અને તીર્થંકર અને ગણધરો, કેવળજ્ઞાનીઓની ઉત્પત્તિના પણ આ કાળમાં વિરહ પડ્યા. કોઈ અવધિજ્ઞાની, મનઃપર્યયજ્ઞાની રહ્યા નહિ. દેવો આવીને કોઈ વાદ કરતા નથી કે તમે આમ છો. આહાહા..! એવા કાળમાં જેને ગણધરોએ કહેલા અને સૂત્ર પરંપરાએ આચાર્યથી આવેલા એ તો અહીં દિગંબરમાં આવેલા છે. બીજે આવી પરંપરા ક્યાંય નથી. આહાહા..! એક વાર કાંઈક વાત આવી હતી. 'અમરચંદ' મુનિ નથી? 'અમરચંદ'. એણે કહ્યું હતું કે આ સૂત્રો છે એ આચાર્યના કરેલા છે. ખોટા છે એમ ન કહી શકે. એ તો એની માન્યતા.

**૧ સ્ફુટિત = પ્રકટિત; પ્રગટ થયેલ; પ્રગટ.**

આચાર્યોના કરેલા છે એમ કહે. ભાઈ 'ચંદુભાઈ' કહેતા. નહિ? આહાહા..!

મુમુક્ષુ :– અમરભારતી છાપામાં આવ્યું હતું.

ઉત્તર :– આવ્યું હતું?

મુમુક્ષુ :– પૂરેપૂરું લખ્યું હતું કે આમાં .. ઘણું થયેલું છે. કેટલાક .. ગાથાઓ આમાં નાખેલી.

ઉત્તર :– આચાર્યના કરેલા તે ક્યા આચાર્યના? જૈન પરંપરાના જે આચાર્ય એ આચાર્ય નહિ. આહાહા..! કારણ કે એ પરંપરાના આચાર્ય પ્રમાણે તો આ વાત મળતી નથી. આહાહા..! એથી અહીં કહે છે... આહાહા..! ગજબ કર્યો છે ને!

હવે આ ૧૪૦.

**વૃષભાદિ જિનવર એ રીતે કરી શ્રેષ્ઠ ભક્તિ યોગની,**
**શિવસૌખ્ય પામ્યા; તેથી કર તું ભક્તિ ઉત્તમ યોગની. ૧૪૦.**

પંચમઆરાના શિષ્યને, 'ઋષભ' આદિ ભગવાને જે કરેલું એ પંચમઆરાના શિષ્યને કહે છે કે તું પણ કર. આહાહા..! આ પંચમકાળ છે, હલકો કાળ છે માટે ભગવાને કરેલું અને કહેલું એ વાત તને નહિ બેસે એમ નથી કહ્યું, પ્રભુ! આહાહા..! અહીં તો એમ કહ્યું પ્રભુ! તીર્થંકર 'ઋષભદેવ' ભગવાનથી માંડીને ચોવીસ તીર્થંકરો અને એના ગણધરો અને એના સંતો, એને જે પરંપરા વાણી આવી અને એમણે સાંભળીને ભવના ઘાત કર્યા, હે શિષ્ય! તેને તું જાણ. પંચમઆરાના શ્રોતા છે. આહાહા..! અપ્રતિબુદ્ધ છે. 'સમયસાર'માં આવે છે. એને એમ કહે છે કે, હે ભાઈ! તું જો ભગવાને કહેલા તત્ત્વોને બેસાડ તો ભવનો ઘાત તને આ ભવમાં અહીંયાં થાશે. પાંચમા આરામાં જીવ છે ને ભગવાનનો વિરહ છે માટે ભવનો ઘાત ન થાય એમ માનીશ નહિ, બાપા! આહાહા..! ગજબ કામ કર્યું છે ને! 'ઋષભદેવ' ભગવાને કર્યું એ શિષ્યને કહે છે કે તું કર. આહાહા..! કેમકે માર્ગ ત્રણેય કાળમાં (એક જ છે). 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' જે 'ઋષભદેવ' ભગવાને અસંખ્ય અબજ વર્ષ પહેલા કરેલું એ શિષ્યને કહે છે કે એણે કર્યું એવું તું કર. એણે કર્યું એવું તું કર. આહાહા..! છે?

**'ટીકા :– આ, ભક્તિ અધિકારના ઉપસંહારનું કથન છે. આ ભારતવર્ષમાં...'** આ ભારતવર્ષમાં **'પૂર્વે શ્રી નાભિપુત્રથી માંડીને શ્રી વર્ધમાન સુધીના ચોવીશ તીર્થંકર પરમદેવો '** આહાહા..! એના વિશેષણ તો જુઓ હવે. એમની પરંપરાએ આવેલી વાણી એમ કહે છે. વિશેષણ તો જુઓ એમના! એ **'ચોવીશ તીર્થંકર પરમદેવો–સર્વજ્ઞવીતરાગ, ત્રિલોકવર્તી કીર્તિવાળા...'** આહાહા..! **'મહાદેવાધિદેવ પરમેશ્વરો—'** આહાહા..! આટલા તો વિશેષણ આપ્યા. પંચમઆરાના શિષ્યને (કહે છે), આવા પરમાત્મા થઈ ગયા એણે કર્યું એવું તું કર, પ્રભુ!

આહાહા..! પાંચમા આરામાં થઈ ન શકે એમ નથી કહ્યું. આહાહા..!

**'આ ભારતવર્ષમાં પૂર્વે શ્રી નાભિપુત્રથી માંડીને...'** 'ઋષભદેવ' ભગવાનથી માંડીને **'શ્રી વર્ધમાન સુધીના ચોવીશ તીર્થંકર-પરમદેવો–સર્વજ્ઞવીતરાગ,...'** આહાહા..! પરમદેવ તો કહ્યા, પણ સર્વજ્ઞવીતરાગ **'ત્રિલોકવર્તી કીર્તિવાળા...'** ત્રણલોકમાં જેની કીર્તિ વ્યાપી છે. આહાહા..! મહાદેવાધિદેવ છે એ. મહાદેવાધિદેવ છે. એ પરમેશ્વરો છે. આહાહા..! એ **'બધા, યથોક્ત પ્રકારે નિજ આત્મા સાથે સંબંધ રાખનારી...'** યથોક્ત એટલે આમાં કહેવાય ગયું છે એ **'પ્રકારે નિજ આત્મા સાથે...'** આહાહા..! પરમાત્મા અને વીતરાગની ભક્તિ આવે પણ એ તો શુભભાવ છે. એ કોઈ મુક્તિનું કારણ નથી. આહાહા..! તેથી ન આવે એમ પણ નથી. મુક્તિનું કારણ નથી, બંધનું કારણ છે માટે ન આવે (એમ નથી). ગણધરોને પણ શુભભાવ આવે. આહાહા..! છતાં તેની કાંઈ કિંમત નહિ.

અહીં તો એ પરમેશ્વરોએ બધાએ યથાયુક્ત. યથા એટલે જેમ આત્માની વાત કહી છે એ **'પ્રકારે નિજ આત્મા સાથે...'** આહાહા..! ભગવાન પરમાનંદનો નાથ પ્રભુ, પરમપારિણામિક જ્ઞાયકભાવ સર્વાંગે આનંદ અને વીર્યથી ભરેલો, એના વીર્યને માટે પરની જરૂર નથી. એવા વીરથી ભરેલો વીર છે. આહાહા..! એવા **'આત્મા સાથે સંબંધ રાખનારી...'** એવા આત્મા સાથે સંબંધ રાખનારી **'શુદ્ધનિશ્ચયયોગની ઉત્તમ ભક્તિ કરીને,...'** આહાહા..!

મૂળ વાત તો એ છે કે આત્માની જેને કિંમત નથી. આત્મા પરમેશ્વર છે. આહાહા..! ભગવાન છે, દેવાધિદેવ છે, ઈશ્વર છે, સંપૂર્ણ જ્ઞાન અને વીતરાગતાથી ભરેલો પદાર્થ છે. આહાહા..! એવા અનંતા અનંતા ગુણોનો સાગર પ્રભુ છે. એવો જે આત્મા... આહાહા..! એની સાથે સંબંધ રાખનારી **'શુદ્ધનિશ્ચયયોગની ઉત્તમ ભક્તિ કરીને,...'** શુદ્ધનિશ્ચયયોગની અંતરની ઉત્તમ ભક્તિ કરીને,.. આહાહા..! **'પરમનિર્વાણવધૂના અતિ પુષ્ટ સ્તનના ગાઢ આલિંગનથી...'** એટલે જેમકે સ્તન પુષ્ટ હોય છે એમ પર્યાયમાં અનંતા ગુણો વ્યક્ત થઈને પુષ્ટીને પામેલા છે. આહાહા..! એ શક્તિરૂપે, સ્વભાવરૂપે, સત્તારૂપે હતા તે પર્યાયમાં એની પ્રગટ દશા આવી. જેટલા ગુણો છે તેટલી અનંતી પર્યાય બહાર આવી છે. આહાહા..! અનંતી પર્યાય પણ પુષ્ટ થઈને આવી છે. આહાહા..! કોઈ પ્રાણી અનંત પર્યાયની વ્યક્તતા વિનાનો કોઈ કાળે હોઈ શકે નહિ. અનંતી પર્યાયની પ્રગટતા વિનાનો કોઈ પ્રાણી આત્મા ત્રણકાળમાં હોઈ શકે નહિ. એમ આ ભગવાનઆત્મા.. અનંતી પર્યાય તો અમુક અંશે નિગોદને પણ પ્રગટ છે. આહાહા..!

આ તો **'શુદ્ધનિશ્ચયયોગની ઉત્તમ ભક્તિ કરીને,...'** અંતરમાં એકાગ્ર થઈને આનંદના સાગરને અડીને, સ્પર્શીને... આહાહા..! એનું વેદન કરીને **'પરમ નિર્વાણવધૂના અતિ પુષ્ટ સ્તનના ગાઢ આલિંગનથી...'** એટલે કે આત્માની પૂર્ણ પર્યાયની પુષ્ટીના આલિંગનથી. પોતાની અનંતી વ્યક્ત પર્યાય, શુદ્ધ પુષ્ટ થઈ નીકળી... આહાહા..! જેવી શુદ્ધ શક્તિરૂપે છે એવી

જ પર્યાય પણ શુદ્ધ પૂર્ણપણે પ્રગટી છે. આહાહા..! એ અનંતી શક્તિ બહાર આવી. અનંતી પર્યાય વિનાનું દ્રવ્ય કોઈ દિ' હોય નહિ. એક પર્યાય નહિ પણ અનંતી પર્યાય. અહીં કહે છે કે અનંતી પર્યાય પુષ્ટ થઈ છે. આહાહા..!

મુમુક્ષુ :– 'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ' આવી ગયું.

ઉત્તર :– અહીં તો પુષ્ટ થઈ ગઈ. જે છે તે પ્રાપ્તની પ્રાપ્તિ થઈ ગઈ છે. જોડાણ કર્યું ત્યાં એમાં-પર્યાયમાં આવી ગઈ બધી. આહાહા..! આવો ઉપદેશ છે. સાધારણ સંપ્રદાયના આગ્રહીઓને તો આ વાત બેસે નહિ, સાંભળવા મળે નહિ. આ તો એકાંત... આની આ વાત.. આ વાત (કરે છે, એમ કહે છે).

અહીં પોતે મુનિરાજ કહે છે કે 'ઋષુભદેવ' ભગવાન, તીર્થંકરો અને ગણધરોએ અને સંતોએ જે વાત કરી તે યોગને તું તારા આત્મા સાથે અત્યારે પંચમકાળમાં પણ જોડ. એમ ના ન પાડ કે પંચમઆરો છે, હલકો કાળ છે, કેવળીના વિરહ છે, તીર્થંકરના વિરહ છે, એમ રહેવા દે. તારો વિરહ તને નથી, પ્રભુ! આહાહા..! પર્યાયનો વિરહ નથી તને, પ્રભુ! પર્યાય વિનાનું દ્રવ્ય કોઈ દિ' ત્રણકાળમાં હોય નહિ. આહાહા..! એ પર્યાયની આ વાત ચાલે છે. વસ્તુ તો વસ્તુ છે. પણ પરમનિર્વાણ વધૂ-સ્ત્રી, એના અતિ પુષ્ટ સ્તનના ગાઢ આલિંગનથી. પૂર્ણ પર્યાયનો પૂર્ણ અનુભવ, પૂર્ણ પર્યાયનો પૂર્ણ અનુભવ, પૂર્ણ પર્યાયનું પૂર્ણ આલિંગન. આહાહા..! મુનિને શબ્દો ઓછા પડે છે. શું કહેવું? વચનાતીત વાત, વિકલ્પાતીત વાત... આહાહા..! એને કઈ રીતે કહેવી? એની મર્યાદા ગણધરો અને સંતોએ કરી એ રીતે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અંતરની વસ્તુ અખંડાનંદથી ભરેલી પૂર્ણ આનંદ અને શાંતિથી ભરેલું તત્ત્વ, એને સ્પર્શ. એને સ્પર્શતા તને તારી પર્યાયમાં પુષ્ટ, એ બધી પર્યાય પુષ્ટ એટલે પૂરી નીકળશે. આહાહા..! **'ગાઢ આલિંગનથી સર્વ આત્મપ્રદેશે અત્યંત-આનંદરૂપી...'** આહાહા..! હવે ક્ષેત્ર લીધું. પહેલી પર્યાય લીધી. પર્યાય પણ એ અસંખ્ય પ્રદેશે બધી પ્રગટ થઈ. કોઈ પ્રદેશ ખાલી નથી. આહાહા..! જૈન સિવાય, વીતરાગ સિવાય અસંખ્ય પ્રદેશ ક્યાંય છે નહિ. આત્માના અસંખ્ય પ્રદેશ. એનો ઓલો વાંધો ઉઠાવે છે 'વિદ્યાનંદ'. એ એનો અર્થ અખંડ કરે છે, અખંડ છે. પ્રદેશ-બ્રદેશ નહિ. અરે..! પ્રભુ! પણ એને માનનારા નીકળે છે. પ્રભુ! શું થાય? કોઈ દેવ ન મળે, કોઈ અવધિજ્ઞાન ન મળે. આહાહા..! પરોક્ષ જ્ઞાને કામ લેવું. સ્વની અપેક્ષાએ પ્રત્યક્ષ છે પણ આ પરોક્ષ છે ને. અસંખ્ય પ્રદેશ એ કાંઈ પ્રત્યક્ષ દેખાતા નથી. આહાહા..!

**'અત્યંત-આનંદરૂપી...'** જેને આ ભગવાનઆત્મા પરમેશ્વરે, તીર્થંકરોએ, મુનિઓએ કહ્યો એવો આત્મા દૃષ્ટિમાં લઈને જે એમાં એકાગ્ર થાય છે તેને બધી પર્યાયો પૂર્ણ–પુષ્ટ–પૂર્ણ પ્રગટ થાય છે. આહાહા..! પૂર્ણ પ્રગટ થઈને અત્યંત આનંદરૂપી... આહાહા..! અત્યંત આનંદ આવે છે ત્યાં. અનંતગુણની પર્યાય પ્રગટ થાય છે, અનંતગુણની અનંતી પર્યાય પ્રગટ થાય

છે. એ બધી પર્યાયમાં અનંતો આનંદ આવે છે. આહાહા..! **'અત્યંત-આનંદરૂપી પરમસુધારસના પૂરથી...'** આહાહા..! પરમસુધારસ અમૃતનું પૂર વહે છે. આત્મા તો અમૃતનું પૂર વહે છે. પર્યાયમાં પૂર વહે છે, કહે છે. દ્રવ્યમાં તો પૂર ભર્યું છે... આહાહા..! પણ જેમાં એણે એકાગ્રતા કરી એની પર્યાયમાં આનંદના પૂર વહે છે. આહાહા..!

**'પરમસુધારસના પૂરથી...'** પરમસુધારસ એ અમૃત. આહાહા..! જીવના જીવન અમૃત છે. જીવના જીવન ઝેર, રાગ, પુણ્ય-પાપના એ જીવન એના નથી. આહાહા..! જીવનું જીવન શુભ અને અશુભ એ એનું જીવન નથી. આહાહા..! એનું જીવન તો અમૃત જીવન છે. કેમકે અમૃતથી એ ભરેલો છે. આહાહા..! કોઈથી મરે નહિ, કોઈને મારે નહિ, પૂરામાં અધૂરો થાય નહિ. આહાહા..! એવી જેની પર્યાય અનંતી પ્રગટી છે. આહાહા..! પરમસુધારસ. એનો અર્થ એવો થયો પરમ અમૃતરસ. એનું પૂર. આહાહા..! પર્યાયમાં, હોં! વાત કરે છે. પર્યાયમાં પરમાનંદનું પૂર વહે છે. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો નાથ, એની સામું જોતાં પર્યાયમાં અનંત આનંદનું પૂર વહે છે, કહે છે. આહાહા..!

આ નદીના મોટા પૂર આવે. બહુ જબરા. અમારે 'ઉમરાળા'માં મોટી નદી, બહુ જબરી, દરિયા જેવડી. એ જ્યારે બે કાંઠે નદી આવે.. દરિયો (લાગે). આ કાંઠેથી ઓલે કાંઠે જવાય નહિ. હોશિયાર ગમે એવો હોય. શું કહેવાય એ? તરવૈયો. સામે શંકરને દેવળે જાવું હોય તો ઘણે આઘેથી જાય ત્યારે ઓલું ખેંચાણ થાય ત્યારે માંડ ત્યાં જઈ શકે. ઓલીકોર ઉપરથી પડે. આહાહા..! આ બધી ખબર છે. ત્યાં અમે હતા ને. સામે જાય. શંકરનું દેવળ સામું છે. કોઈ પૂજા કરવા જાવી હોય. ઘણા દિવસ થઈ ગયા તો એ માણસ જે ઠેકાણે છે એની સામે ન પડે. એનાથી ઘણું છેટે પડે. તો છેટે પડે તો ખેંચાણ કરતાં કરતાં તો માંડ ત્યાં જાય. આહાહા..! આવું જોયેલું છે, હોં! ત્યાં. આ તો બધી પોણોસો વર્ષ પહેલાની વાત છે. આહાહા..!

**'પરમસુધારસના પૂરથી પરિતૃપ્ત થયા;...'** આહાહા..! એને લઈને પરિતૃપ્ત (થયા). પર્યાયમાં પરિતૃપ્ત. એકલો તૃપ્ત નહિ. પૂરી રીતે, પૂરી રીતે, સર્વ પ્રકારે, સર્વ પ્રકારે, તૃપ્ત-તૃપ્ત થયો. આહાહા..! પંચમઆરાના મુનિરાજો આવી વાતું કરી ગયા. આહાહા..! એને એમ નહિ કે ન થઈ શકે. એમ નથી કહી ગયા, પ્રભુ! આહાહા..! કઠણ છે એમ કહી ગયા. પણ થઈ શકે નહિ એમ નહિ. આહાહા..! એને વાત સાંભળી નથી. અંદર ત્રણલોકનો નાથ દેવાધિદેવ બિરાજે છે. આહાહા..! પરમેશ્વર. જુઓને! કેટલી ઉપમા આપી નહિ? પરમેશ્વર છે. સુધારસના પૂરથી પરિતૃપ્ત થયા. એ જીવો અંદરમાં જોડાણા. આહાહા..! પૂરા જે મુનિઓ થયા એની પર્યાયમાં પૂરી તૃપ્તિ આવી ગઈ. આહાહા..! તૃપ્તિ આવી. તૃપ્તિ વળી નહિ અને તૃપ્તિ બાકી છે એમ નહિ. અતૃપ્તિ થોડી બાકી એમ નહિ. તૃપ્તિ પૂર્ણ થઈ ગઈ. આહાહા..! પરિતૃપ્ત થયાં, પૂર્ણ પરિતૃપ્ત થયાં. આહાહા..!

**'માટે સ્ફુટિતભવ્યત્વગુણવાળા...' 'પ્રકટિત; પ્રગટ થયેલ; પ્રગટ.'** એવા ભવ્યત્વગુણવાળા **'હે મહાજનો!'** આહાહા..! મુનિરાજની વાણી તો જુઓ! **'માટે સ્ફુટિત...'** પ્રગટ થયેલા ભવ્યત્વગુણની શક્તિની વ્યક્તતા પ્રગટ થયેલા જીવો **'હે મહાજનો!'** એકવચન નથી લીધું. આહાહા..! મહાજનો લીધું ને? મહાજનો! મહાજનો. આહાહા..! ભવ્યત્વગુણવાળા હે મહાજનો! આહાહા..! પ્રગટ ભવ્યત્વજીવવાળા. ભવ્યત્વ તો છે. એ નહિ. ભવ્યત્વ તો એની શક્તિ અને ત્રિકાળ ગુણ છે. પણ પ્રગટ સ્ફુટિત. આહાહા..! ભવ્યતા બધી સ્ફુટિત બહાર પ્રગટ થઈ ગઈ. પર્યાયમાં ભવ્યતા જેટલા ગુણ છે એની બધી પ્રગટ થઈ ગઈ. આહાહા..! અરે..! આવું સાંભળ્યું પણ નહિ હોય હજી. આહાહા..!

મુમુક્ષુ :– સંભળાવનાર નથી પછી ક્યાંથી સાંભળે?

ઉત્તર :– એવી વાત છે. આહાહા..!

સિદ્ધપણું ઉતાર્યું છે. તું સિદ્ધ છો, પ્રભુ! તારો જીવ સિદ્ધ સમ છે. આહાહા..! 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય. આહાહા..! 'શ્રીમદે' એમ કહ્યું. આહાહા..! સર્વ જીવ સિદ્ધ સમાન છે. પરમાત્માના પુષ્ટ ગુણથી ભરેલા છે. એની દૃષ્ટિ કરતાં પર્યાયમાં પુષ્ટીના પૂર વહે, આનંદના અમૃતના પૂર વહે. આહાહા..! માટે... આહાહા..! હે પ્રગટ ભવ્યત્વગુણવાળા મહાજનો! આહાહા..! ભવ્યત્વશક્તિરૂપે છે એને પ્રગટરૂપે થયેલા હે ભવ્યજીવો! આહાહા..! મુનિરાજની કરુણા તો જુઓ! વિશાળતા તો જુઓ! ન થઈ શકે, અત્યારે પાંચમો આરો છે, આ છે ને અત્યારે આમ પાછા... સાધુ, દિગંબર મુનિ કહીને એમ કહે, શુભયોગ અત્યારે છે, બીજું નથી. અર..ર..! પ્રભુ.. પ્રભુ...! પ્રભુ...!

હે પ્રગટ ભવ્યત્વગુણવાળા! ભવ્યશક્તિ પર્યાયમાં પ્રગટ થઈ ગઈ. ભવ્યપણું તો છે પણ પર્યાયમાં પ્રગટ થઈ ગયું છે. એવા હે મહાજનો! આહાહા..! હે મહાજનો! આહાહા..! ગજબ ટીકા! એક એક ગાથાની ટીકા... ઓ..હો..! 'સમયસાર'થી પણ ચડી જાય છે. આહાહા..! **'તમે નિજ આત્માને...'** હે મહાજનો! **'તમે નિજ આત્માને...'** પોતાના આત્માને **'પરમ વીતરાગ સુખની દેનારી...'** આહાહા..! **'નિજ આત્માને પરમ વીતરાગ સુખની દેનારી એવી તે યોગભક્તિ કરો.'** આહાહા..! એનું નામ ભક્તિ. આહાહા..! વીતરાગ **'પરમ વીતરાગ સુખની દેનારી એવી તે યોગભક્તિ કરો.'** આહાહા..! આવા શબ્દો સાંભળવા મળવા મુશ્કેલ છે. આહાહા..!

**'હે મહાજનો!'** આહાહા..! **'તમે નિજ આત્માને પરમ વીતરાગ સુખની...'** એકલું નહિ. પરમ વીતરાગ સુખ. આહા..! પર્યાયમાં, હોં! **'પરમ વીતરાગ સુખની દેનારી...'** કોણ? **'એવી તે યોગભક્તિ...'** સ્વરૂપમાં જોડાણ. આહાહા..! આનંદના નાથમાં જોડાણ કરવું એનું નામ ભક્તિ. આહાહા..! એવી ભક્તિ કરો કે જેથી પરમાનંદની ધારા વહે અને પર્યાયમાં પરમાનંદનું પૂર વહે. આહાહા..! છે ને? **'એવી તે યોગભક્તિ કરો.'** હવે એ ગાથાના શ્લોકો કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

'[હવે આ પરમ-ભક્તિ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ સાત શ્લોકો કહે છે :]'

## શ્લોક-૨૩૧

(शार्दूलविक्रीडित)

नाभेयादिजिनेश्वरान् गुणगुरून् त्रैलोक्यपुण्योत्करान्
श्रीदेवेन्द्रकिरीटकोटिविलसन्माणिक्यमालार्चितान्।
पौलोमीप्रभृतिप्रसिद्धदिविजाधीशांगनासंहतेः
शक्रेणोद्भवभोगहासविमलान् श्रीकीर्तिनाथान् स्तुवे।।२३१।।

[શ્લોકાર્થ :–] ગુણમાં જેઓ મોટા છે, જેઓ ત્રિલોકનાં પુણ્યના રાશિ છે (અર્થાત્ જેમનામાં જાણે કે ત્રણ લોકનાં પુણ્ય એકઠાં થયાં છે), દેવેંદ્રોના મુગટની કિનારી પર પ્રકાશતી માણેકપંક્તિથી જેઓ પૂજિત છે (અર્થાત્ જેમનાં ચરણારવિંદમાં દેવેંદ્રોના મુગટ ઝૂકે છે), (જેમની આગળ) શચી આદિ પ્રસિદ્ધ ઇન્દ્રાણીઓના સાથમાં શક્રેંદ્ર વડે કરવામાં આવતાં નૃત્ય, ગાન અને આનંદથી જેઓ શોભે છે, અને [1]શ્રી તથા કીર્તિના જેઓ સ્વામી છે, તે શ્રી નાભિપુત્રાદિ જિનેશ્વરોને હું સ્તવું છું. ૨૩૧.

પ્રવચન નં. ૧૫૯, શ્લોક--૨૩૧ થી ૨૩૪, ગુરુવાર, જ્યેષ્ઠ સુદ ૭, તા.૧૯-૦૬-૮૦

ભક્તિનો છેલ્લો અધિકાર. શ્લોક છે ને, શ્લોક?

'[હવે આ પરમ-ભક્તિ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ સાત શ્લોકો કહે છે :]' ભક્તિ છે ને ભક્તિ?

नाभेयादिजिनेश्वरान् गुणगुरून् त्रैलोक्यपुण्योत्करान्
श्रीदेवेन्द्रकिरीटकोटिविलसन्माणिक्यमालार्चितान्।
पौलोमीप्रभृतिप्रसिद्धदिविजाधीशांगनासंहतेः
शक्रेणोद्भवभोगहासविमलान् श्रीकीर्तिनाथान् स्तुवे।।२३१।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **'ગુણમાં જેઓ મોટા છે,...'** 'ઋષભદેવ'થી માંડીને બધા તીર્થંકરો

૧ શ્રી = શોભા; સૌંદર્ય; ભવ્યતા.

ગુણમાં જેઓ મોટા છે. એનાથી કોઈ મોટા છે નહિ. **'જેઓ ત્રિલોકનાં પુણ્યના રાશિ છે...'** આહાહા..! જેનામાં જાણે ત્રણલોકના પુણ્ય એકઠા થયા છે. ગુણમાં પૂરા છે, પુણ્યમાં પૂરા છે એમ કહેવું છે. આહાહા..! ગુણમાં પણ મોટા છે, પુણ્યમાં પણ મોટા છે. આ વીતરાગ. આહાહા..! એને રોગ ઠરાવવો, દવા કરવી એ ઉત્કૃષ્ટ પુણ્યવાળા ન રહ્યા. આહાહા..! ભગવાનને રોગ થાય, દવાનું કહે, દવા લાવવાનું એ પોતે કહે. આહાહા..!

મુમુક્ષુ :– સ્વરૂપમાં લીન ન હોય તો માંદા શેના થાય?

ઉત્તર :– અરે..! માંદા સ્વરૂપમાં... એ તો મુનિ માંદા હોય ને થાય. પણ આ તો તીર્થંકર છે. સર્વોત્કૃષ્ટ ગુણ અને સર્વોત્કૃષ્ટ પુણ્ય. એના પુણ્યની કાંઈ પણ ખામી નથી. આહાહા..!

**'ગુણમાં જેઓ મોટા છે, જેઓ ત્રિલોકનાં પુણ્યના રાશિ છે...'** ત્રણલોકના પુણ્ય જે ઊંચા છે એમાં એ ઊંચા પુણ્ય છે એમ કહેવું છું. **'(અર્થાત્ જેમનામાં જાણે કે ત્રણ લોકનાં પુણ્ય એકઠાં થયાં છે.)'** આહાહા..! તીર્થંકર એટલે શું! લોકોને માહાત્મ્ય આવતું નથી. તીર્થંકર ગુણમાં પૂરા અને પુણ્યમાં પૂરા. આહાહા..! ગુણમાં પણ આખા, પુણ્યમાં પણ આખા. એના જેવું પુણ્ય પણ ક્યાંય ન મળે અને એના જેવા ગુણ પણ બીજે ક્યાંય ન મળે. કેવળીમાં પુણ્ય નથી. મોટા ગુણ હોય. સામાન્ય કેવળી થાય પણ પુણ્યમાં મોટા ન હોય. આ તો તીર્થંકર છે એટલે ગુણ અને પુણ્ય બેયમાં પૂરા. બીજા સામાન્ય કેવળીને ગુણમાં પૂરા થાય પણ પુણ્યમાં પૂરા ન હોય. આહાહા..!

**'દેવેંદ્રોના મુગટની કિનારી...'** ઇંદ્રો એને નમે છે. ત્યારે **'દેવેંદ્રોના મુગટની કિનારી પર પ્રકાશતી માણેકપંક્તિથી જેઓ પૂજિત છે...'** આહાહા..! જોયું! પૂજિતમાં પણ આમ લીધું. **'દેવેંદ્રોના મુગટની કિનારી...'** દેવેંદ્રો, એનો પણ મુગટ, એની જે કિનારી એના **'પર પ્રકાશતી માણેકપંક્તિથી જેઓ પૂજિત છે...'** કહો, કોઈ ચોખાથી પૂજિત છે એમ ન લીધું. આહાહા..! ત્રણેય પૂરા થયા. ગુણેય મોટા, પુણ્યેય મોટા અને એને પૂજનારા પણ મોટામાં મોટા. એના પૂજનારા પણ મોટામાં મોટા. આહાહા..! **'(અર્થાત્ જેમનાં ચરણારવિંદમાં દેવેંદ્રોના મુગટ ઝૂકે છે),...'**

**'(જેમની આગળ) શચી આદિ પ્રસિદ્ધ ઇન્દ્રાણીઓ...'** ઇ પ્રસિદ્ધ. 'પૌલો' 'પૌલો'. કીધું, 'પૌલો'નો અર્થ શું? ઇન્દ્રની ઇન્દ્રાણી **'શચી આદિ પ્રસિદ્ધ ઇન્દ્રાણીઓ...'** પ્રસિદ્ધ ઇન્દ્રાણીઓ. આહાહા..! એના **'સાથમાં શક્રેંદ્ર વડે કરવામાં આવતાં...'** આહાહા..! ભગવાન પાસે ઇન્દ્ર ઇન્દ્રાણીઓની સાથે નાચ કરે. આહાહા..! ઇન્દ્રો ભગવાન પાસે ભક્તિમાં નાચ કરે. છતાં જાણે છે કે દેહની ક્રિયા જડની છે, સ્વતંત્ર છે, મને વિકલ્પ ઊઠે છે એ પુણ્ય છે. એનાથી મારી ચીજ ભિન્ન છે. એમ શક્રેન્દ્રને ભાન છે. છતાં એ નાચે છે. સાતમો દ્વિપ નહિ? ત્યાં ઇન્દ્રો જાય છે ને? મનુષ્ય જઈ શકે નહિ. ઇન્દ્રો જઈને ત્યાં નાચે. પગે ઘુંઘરા બાંધીને નાચે.

પણ હેતુ એ કે અંદર શુભભાવ. ઘુઘરા આદિની ક્રિયા જડની એ મારી નહિ. અંદર શુભભાવ એ પુણ્ય છે. મારું સ્વરૂપ પુણ્યથી ભિન્ન છે એવો અનુભવ, ભાન, સમકિત છે. આહાહા..! એ ઇન્દ્ર અને ઇન્દ્રાણીઓ એની સાથે નાચે છે ભગવાન પાસે. આહાહા..! કોઈ એમ કહે કે એ નાચે માટે એને કાંઈક ધર્મ થતો હશે. એમ નહિ. આ તો વસ્તુનું સ્વરૂપ (બતાવે છે). આહાહા..!

ગુણમાં મોટા, પુણ્યમાં મોટા. મોટા પુરુષો એના **'મુગટના કિનારી પર પ્રકાશતી માણેકપંક્તિથી જેઓ પૂજિત છે...'** અને ઇન્દ્રાણી સાથે ઇન્દ્રો નાચે. આહાહા..! આવા તીર્થંકર! એને રોગ ને એને દવા ને એ દવા ખાય ને રોગ મટી જાય. અરે..! પ્રભુ! શું થાય? અરે..! આવો વીતરાગનો વિરહ પડી ગયો. પંચમઆરામાં વીતરાગ રહ્યા નહિ અને વીતરાગને નામે સાધારણ પ્રાણીને બિચારાને ચડાવી દીધા. આહાહા..! ક્ષણમાં મૃત્યુ (સમયે) દેહ ચાલ્યો જાય છે. આહાહા..! પેલા 'વીજુબેન' મરી ગયા. આજે સાંભળ્યું, ભાઈ! 'રાજકોટ'. 'વસંતીબહેન' 'વીજુબહેન'. એ ગુજરી ગયા. 'વસંતીબહેન' આપણા પહેલા અહીં હતા ને? અહીં રહેતા ને? પછી વિરુદ્ધ થયા ને વયા ગયા. 'વસંતીબહેન', 'વીજુબહેન' પહેલા ઘણીવાર અહીં આવતા હતા. પછી વિરુદ્ધ થઈ ગયા ને. પછી અહીંયા આવવાનું વિરુદ્ધ થઈ ગયું. ત્યાં આવે. અહીં ન આવે. ગુજરી ગયા. એવું સાંભળ્યું. આહાહા..! દેહની આવી સ્થિતિ.

મુમુક્ષુ :– આયુષ્ય પૂરું થાય પછી કોઈ સામું ન જોવે.

ઉત્તર :– આહાહા..! આયુષ્ય પૂરું થાય તો કોઈ સામું જોવે નહિ.

મુમુક્ષુ :– પોતે જ...

ઉત્તર :– પોતે પણ .. પોતે ક્યાં હતો આયુષ્યમાં? પોતે તો પોતાની યોગ્યતા પર્યાયમાં ત્યાં રહેવાની હતી એટલી રહી. આયુષ્યને લઈને નહિ. આયુષ્ય તો નિમિત્ત છે, પર તો નિમિત્ત છે. પોતાની યોગ્યતા તે સમયમાં તેટલો કાળ દેહમાં રહેવાનો નક્કી છે એટલો કાળ રહે અને ... આહાહા..! હમણાં આગળ કહેશે. આહાહા..!

**'ઇન્દ્રાણીઓના સાથમાં...'** ઇન્દ્રાણીઓના. એક ઇન્દ્રાણી નહિ. ઘણી ઇન્દ્રાણીઓની સાથે. આહાહા..! ઇન્દ્ર **'વડે કરવામાં આવતાં નૃત્ય, ગાન અને આનંદથી જેઓ શોભે છે.'** ભગવાન. આહાહા..! ઇન્દ્રો નાચે, ગાન કરે એનાથી ભગવાન આનંદથી શોભે છે. આહાહા..! આવા .. આવા ઇન્દ્રો, ત્રણલોકના ઇન્દ્ર બત્રીસ લાખ વૈમાનના સ્વામી. એ નાચે, ગાય એની આનંદથી શોભા છે. એ આનંદથી જેઓ શોભે છે. આહાહા..! **'અને શ્રી તથા કીર્તિના જેઓ...'** શોભા. શ્રી એટલે **'શોભા; સૌંદર્ય; ભવ્યતા.'** **'કીર્તિના જેઓ સ્વામી છે,...'** શોભા અને કીર્તિના જેઓ ધણી છે. આહાહા..!

**'તે શ્રી નાભિપુત્રાદિ...'** પિતાજીનું નામ લીધું છે. 'ઋષભ' આદિ નામ નથી લીધું. પાઠમાં 'ઋષભ' આદિ છે. છે ને? પાઠમાં **'उसहादिजिणवरिंदा'** 'ઋષભ' આદિ નામ છે.

'**उसहादिजिणवरिंदा**' પહેલા એ છે. '**उसहादिजिणवरिंदा एवं काऊण जोगवरभत्तिं। णिव्वुदिसुहमावण्णा तम्हा धरु जोगवरभत्तिं।**' ૧૪૪. 'નાભિ' નામ ત્યાં નથી. અહીં 'નાભિ' છે. એમ મારે કહેવું છે. આહાહા..! '**નાભિપુત્રાદિ...**' આહાહા..! '**જિનેશ્વરોને...**' નાભિપુત્ર 'ઋષભદેવ' અને એ સિવાય બીજા તીર્થંકરો બધા એ '**જિનેશ્વરોને હું સ્તવું છું.**' આહાહા..! એના પુણ્યનો પાર ન મળે, ગુણની તો વાતું શું કરવી? દુનિયામાં એના જેવો પુણ્યમાં કોઈ બીજો છે નહિ. આહાહા..! પુણ્ય અને પવિત્રતામાં બેય પૂરા. એને ખોટ લગાડવી, પુણ્યમાં કમી લગાવીને રોગ, દવા ને એ શોભતું નથી, પ્રભુ! એ શોભા નથી. એ ભગવાનની સ્તુતિ નથી. આહાહા..! એમ વર્ણવે છે. ૨૩૧.

## શ્લોક-૨૩૨

(आर्या)

**वृषभादिवीरपश्चिमजिनपतयोप्येवमुक्तमार्गेण।**
**कृत्वा तु योगभक्तिं निर्वाणवधूटिकासुखं यान्ति।।२३२।।**

**[શ્લોકાર્થ :-] શ્રી વૃષભથી માંડીને શ્રી વીર સુધીના જિનપતિઓ પણ યથોક્ત માર્ગે (પૂર્વોક્ત પ્રકારે) યોગભક્તિ કરીને નિર્વાણવધૂના સુખને પામ્યા છે. ૨૩૨.**

## શ્લોક-૨૩૨ ઉપર પ્રવચન

૨૩૨.

**वृषभादिवीरपश्चिमजिनपतयोप्येवमुक्तमार्गेण।**
**कृत्वा तु योगभक्तिं निर्वाणवधूटिकासुखं यान्ति।।२३२।।**

આહાહા..! પહેલી ટીકામાં 'નાભિ' નામ આપ્યું. એના પુત્ર તરીકે ઓળખાવ્યા. આમાં હવે '**શ્રી વૃષભથી માંડીને...**' મૂળ પાઠમાં જે છે. આહાહા..! એથી એમ પણ બતાવ્યું કે તીર્થંકર હોય તોપણ એ તો એને પિતાજી હોય ને જન્મ છે તો. જન્મ લે છે ને? તો એને માતા-પિતા હોય કે નહિ? ભલે પુણ્યમાં મોટા, ગુણમાં મોટા પછી થયા પણ માતા-પિતા તો એને હોય છે. આહાહા..! માતાની કૂખમાં સવા નવ મહિના રહે છે. આહાહા..! માતાને સપના આવે છે. એના ખુલાસા પિતાજી કરે છે. આહાહા..! એ બધી પુણ્યની પ્રકૃતિના વિશાળ ફળ છે. વિશાળ ફળ ફળ્યા છે. આહાહા..!

**'શ્રી વૃષભથી માંડીને શ્રી વીર સુધીના જિનપતિઓ પણ યથોક્ત માર્ગે (પૂર્વોક્ત પ્રકારેઃ યોગભક્તિ કરીને...'** જોયું! તીર્થંકરોએ પણ એ ભક્તિ કરી છે. આહાહા..! આમાં વ્યવહાર રાખ્યો નથી. આહાહા..! 'જ્ઞાનમતિ' કહે કે નહિ. મિથ્યાત્વ વિરુદ્ધ લેવું, યોગભક્તિ વિરુદ્ધ નહિ, વ્યવહાર વિરુદ્ધ નહિ. નિશ્ચયથી વિરુદ્ધ વ્યવહાર વિરુદ્ધ નહિ. વ્યવહારનો તો અધ્યાય આખો બનાવ્યો છે. પણ જણાવવા માટે બધું કરે. આહાહા..! **'શ્રી વૃષભથી માંડીને વીર સુધીના જિનપતિઓ પણ યથોક્ત માર્ગે (પૂર્વોક્ત પ્રકારે) યોગભક્તિ કરીને...'** આહાહા..! એવા પુણ્યવંત અને એવા ગુણવંત એવાએ પણ યોગભક્તિ કરી છે. પોતાના આત્મા સાથે જોડાણ કર્યું છે. આહાહા..! વ્યવહાર કર્યો છે એમ નથી કહ્યું. આહાહા..! એ તો તત્ત્વ વિરુદ્ધ છે. એ તો આવે છે ને. પ્રતિક્રમણના પહેલા અધિકારમાં આવે છે. પ્રતિક્રમણ શરૂ કરતા. પરમાર્થ પ્રતિક્રમણ, નહિ? આહા..! પરમાર્થ પ્રતિક્રમણ. પરમાર્થ પ્રતિક્રમણ ત્યાંથી. આ આવ્યું. કેટલામી ગાથા આવી? અહીં જુઓ આવ્યું.

**'સકળ વ્યાવહારિક ચારિત્રથી અને તેના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ...'** આહાહા..! પ્રતિક્રમણની વ્યાખ્યા કરતા (કહે છે) કે **'સકળ વ્યાવહારિક ચારિત્રથી...'** આહાહા..! સકળ વ્યવહાર ચારિત્ર બંધનું કારણ છે. આહાહા..! અને તેના ફળ. વ્યવહાર ચારિત્રનું ફળ રાગ, સ્વર્ગાદિ. આહાહા..! એની પ્રાપ્તિથી પ્રતિપક્ષ. આહાહા..! ૧૪૯ પાને છે. ૧૪૯ પાનું. પ્રતિક્રમણની શરૂઆત કરતાં. આહાહા..! **'સકળ વ્યાવહારિક ચારિત્રથી...'** છે? ભાઈ! બીજો શ્લોક. પહેલો શ્લોક નહિ. બીજો એમાંથી **'વ્યાવહારિક ચારિત્રથી અને તેના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ એવું જે શુદ્ધનિશ્ચયનયાત્મક પરમ ચારિત્ર તેનું પ્રતિપાદન કરનારો...'** આહાહા..! એ ઘણે ઠેકાણે છે. એક ૨૯૭, ૩૧૬ છે. ચાર ઠેકાણે છે. લખ્યું છે.

વ્યવહાર પ્રતિપક્ષ. નિશ્ચયથી વ્યવહાર પ્રતિપક્ષ છે. આહાહા..! અને વ્યવહારથી નિશ્ચય પ્રતિપક્ષ છે. વ્યવહારનું ફળ રાગ છે, નિશ્ચયનું ફળ મુક્તિ છે. આહાહા..! માણસને આગ્રહ (થઈ જાય છે). પ્રભુ! આ દિવસ ચાલ્યા જાય છે. આહાહા..! ક્ષણમાં વયા ગયા, જુઓને! ભાઈ. આહાહા..! અહીં બેઠા હતા. ત્યાં તો ખલાસ. આહાહા..! દેહની સ્થિતિ તો પૂરી થવાની. એમાં કોઈ રોકી શકે નહિ. એ સમય અને એ ક્ષેત્ર ને એ કાળ ને એ ત્યાં સંયોગ. જે રીતે જ્યાં દેહ છૂટવાનો તે છૂટવાનો. આહાહા..! 'મદ્રાસ'થી આવ્યા. આહાહા..! પણ દેહની જ્યાં સ્થિતિ છૂટવાની તે કાળે તે છૂટશે. એ પહેલા કરી લે આ કામ. કહેશે હમણા. આહાહા..! આવ્યું ને?

**'જિનપતિઓ પણ યથોક્ત માર્ગે (પૂર્વોક્ત પ્રકારે) યોગભક્તિ કરીને નિર્વાણવધૂના...'** આહાહા..! મોક્ષરૂપી સ્ત્રીના **'સુખને પામ્યા છે.'** આહાહા..! યોગભક્તિ મેં કહી પણ અનંત તીર્થંકરો પણ કરી ગયા છે. એ યોગભક્તિથી મુક્તિ થઈ છે. વ્યવહારથી એની મુક્તિ થઈ છે અને પુણ્ય મોટા હતા, પૂજનિક મોટા હતા, ઇન્દ્રોથી પૂજનિક હતા માટે મુક્તિ

થઈ છે (એમ નથી). આહાહા..! એમણે પણ અંદર સ્વરૂપ ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ અનંત આનંદનો સર્વાંગ ભરેલો પ્રભુ, અનંતી પ્રભુતાથી, એક એક ગુણમાં અનંતી પ્રભુતાથી ભરેલો પ્રભુ... આહાહા..! એની સાથે યોગ જોડ્યો છે. આહાહા..! પર્યાય સાથે યોગ જોડ્યો છે એમ પણ નહિ. પર્યાય પોતે યોગ જોડનાર એની સાથે છે. આહાહા..!

પૂર્ણાનંદનો નાથ પરમાત્મા પોતે પરમાત્મા પરમેશ્વર છે. એણે પોતાની પર્યાયને પરમેશ્વર સાથે જોડી દીધી. પરમેશ્વરોએ પણ આ કર્યું છે અને ત્યારે મુક્તિ પામ્યા છે. તો પછી બીજા પ્રાણીને માટે બીજો રસ્તો છે એમ નથી. આહાહા..! આવી વાત છે પણ હવે વાદવિવાદે અને આગ્રહમાં ચડી ગયા હોય એને મુશ્કેલ પડે. આહાહા..! ૨૩૨.

## શ્લોક–૨૩૩

(आर्या)

**अपुनर्भवसुखसिद्धयै कुर्वेहं शुद्धयोगवरभक्तिम्।**
**संसारघोरभीत्या सर्वे कुर्वन्तु जन्तवो नित्यम्।।२३३।।**

**[શ્લોકાર્થ :–] અપુનર્ભવસુખની (મુક્તિસુખની) સિદ્ધિ અર્થે હું શુદ્ધ યોગની ઉત્તમ ભક્તિ કરું છું; સંસારની ઘોર ભીતિથી સર્વ જીવો નિત્ય તે ઉત્તમ ભક્તિ કરો. ૨૩૩.**

## શ્લોક–૨૩૩ ઉપર પ્રવચન

૨૩૩.

**अपुनर्भवसुखसिद्धयै कुर्वेहं शुद्धयोगवरभक्तिम्।**
**संसारघोरभीत्या सर्वे कुर्वन्तु जन्तवो नित्यम्।।२३३।।**

**શ્લોકાર્થ :-** આહાહા..! **'અપુનર્ભવસુખની (મુક્તિસુખની) સિદ્ધિ...'** અપુનર્ભવ. જેને ફરીને ભવ નથી એને મુક્તિ કહે છે. આહાહા..! જેને ભવ પછી નથી તેને મુક્તિ કહે છે. અપુનર્ભવ મુક્તિ સુખની સિદ્ધિ અર્થે. આહાહા..! 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ છે. ભાવલિંગી સંત છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલે છે. આહાહા..! છતાં વિકલ્પ છે ટીકા કાળે. પણ છતાં હું તો યોગભક્તિ કરું છું કહે છે. ભલે વિકલ્પ છે એ કાંઈ આદરવા જેવો નથી. આહાહા..!

**'હું શુદ્ધ યોગની ઉત્તમ ભક્તિ કરું છું;...'** છે? ટીકા કરે છે ત્યારે વિકલ્પ છે. છતાં **'હું શુદ્ધ યોગ...'** સ્વરૂપ આનંદનો નાથ. આહાહા..! પૂર્ણ આનંદ અને પૂર્ણ પુરુષાર્થ–વીર્યથી

ભરેલો ભગવાન એની ઉત્તમ ભક્તિ કરું છું. એની ઉત્તમ ભક્તિ કરું છું એમ કહે છે. આહાહા..! **'સંસારની ઘોર ભીતિથી સર્વ જીવો...'** આહાહા..! હવે મુનિરાજ કહે છે, જો તને ઘોર સંસારથી ડર લાગ્યો હોય... આહાહા..! ઘોર સંસાર. આહાહા..! ચોર્યાશી લાખના અવતાર. ક્યાં અવતરે? ક્યાં જાય? ક્યારે આ મળે? આહાહા..! નિગોદના ભવમાંથી એક ઇયળ થાય તો ચિંતામણી જેમ કીધું છે. ચોર્યાશી લાખના અવતાર. આહાહા..! જો ચુક્યો તો ગયો ચોર્યાશીના અવતારમાં. એના અનંત અનંત અવતાર એમાં રખડી મરશે. એ સંસારની ઘોર ભીતી, અંદર ડર લાગે, કહે છે. આહાહા..! એ સંસારની ઘોર ભીતી-ભય... આહાહા..! અરે..રે..! હું અહીં છું તો ક્યાં જઈશ? હું તો નિત્ય છું. દેહ તો છૂટશે. દેહનો સમય આવશે છૂટ્યે છૂટકો. પ્રભુ આત્મા ક્યાં જશે? (એમ) ઘોર સંસારનો ભય (લાગે). આહાહા..!

**'સંસારના ઘોર ભીતિથી...'** આહાહા..! સંસારનો કોઈપણ પ્રકાર હોંશ કરવા જેવો નથી. આહાહા..! સંસારમાં તો ભય-ડરવા જેવું છે. જેમ સર્પથી માણસ ડરે. કાળો નાગ આમ નીકળે ને છેટેથી ભાગે. અમે એકવાર રસ્તામાં ચાલતા હતા. એમાં મોટો જબ્બર સર્પ નીકળ્યો. બરાબર મારી ચાલવાની સાથે એક હાથ છેટે. એને રસ્તામાં જાવું અને એને રસ્તો ઓળંગવો. આમથી આવતો હતો અને રસ્તો ઓળંગતો હતો. મોટો જબ્બર. એક હાથ છેટે અમે હતા. પણ એ બિચારો બીનો. એકદમ ઉછળીને વયો ગયો. મોટો સર્પ હતો. આહાહા..! એને સર્પને પણ બીક (લાગે), જેના ઝેરથી માણસ મરી જાય. આહાહા..! એ સર્પને પણ ડર (છે). આહાહા..! અને મરીને પાછું જાવું સર્પને ક્યાં? આહાહા..! એ ઉંદર ખાય, માંસ ખાય. મરીને નરકે જાય પાછો. આહાહા..!

કહે છે કે આ તો આખો સંસાર. એકલો નરક એમ નહિ. સંસારથી ઘોર ભીતી. ચારેય ગતિ. આહાહા..! ક્યાંય ઊપજવું. અરે..! પ્રભુ! કલંક છે ને તને. આહાહા..! કોઈ ભવમાં અવતાર ધારણ કરવો, પરમાત્મા ત્રિલોકનાથનો પોકાર છે. ભાઈ! તને ભવનો ડર નથી લાગતો? કે ક્યાં જઈશ ને શું થશે? આહાહા..! મરતા આ દેહની પિડા એટલી થાય... આહાહા..! (કે) અસાધ્ય થઈ જાય. દુઃખની પરાકાષ્ઠા સહન કરી શકે નહિ ત્યારે અસાધ્ય થઈ જાય છે. આહાહા..! એવા સંસારના એ મનુષ્યના નહિ પણ દેવના પણ દુઃખો છે. આહાહા..! સંસારની ઘોર ભીતી. ચાર ગતિમાં રખડવાનો ડર. આહાહા..! એને લાવ, પ્રભુ! આહાહા..! એમ કહે છે.

સર્વ જીવો, **'સંસારની ઘોર ભીતિથી સર્વ જીવો...'** આહાહા..! **'નિત્ય તે ઉત્તમ ભક્તિ કરો.'** આહાહા..! સર્વ જીવો. પ્રભુ! આપને ખબર નથી? એકેન્દ્રિય નિગોદમાંથી તો અનંતમા ભાગે નીકળ્યા છે અને અનંતમે ભાગે નીકળ્યા નહિ હોય એ બધા ભગવાન છે. આહાહા..! અને સંસારનો કોઈપણ ભવ ભયવાળો, ડરવાળો છે. આહાહા..! એના ડરથી સર્વ જીવો... આહાહા..! મુનિરાજની વિશાળતા જુઓ! કોઈ જીવ દુશ્મન છે કે વેરી છે કે કોઈએ ધર્મનો

વિરોધ કર્યો માટે દુર્ગતિ થાવ. પ્રભુ! તમે બધા જીવો સંસારથી ભય પામી... આહાહા..! અને **'સર્વ જીવો નિત્ય...'** ક્ષણિક (ભય) કરી કોઈક વાર અને પછી છોડી દીધો એમ નહિ. આહાહા..! નિત્ય. ગજબ કર્યો છે ને. સંસાર આખો ચોર્યાશીનો અવતાર. સર્વાર્થસિદ્ધનો પણ ભવ નહિ. કલંક છે. આહાહા..!

પાંડવોને એક વિકલ્પ આવ્યો જ્યાં પાંડવોને કે કેમ હશે ધર્મરાજાને? ત્યાં ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું. સર્વાર્થસિદ્ધમાં વયા ગયા. ન્યાં ક્યાં સુખ છે? ત્રણ કષાયનું દુઃખ છે. એક કષાય ટળ્યો એટલું સુખ છે. ત્રણ કષાયનું અહીં દુઃખ છે. ભવ છે ને? આહાહા..! ભવમાં કષાય વિનાનો ભવ હોઈ શકે નહિ. આહાહા..! છેલ્લામાં છેલ્લો સર્વાર્થસિદ્ધનો ભવ એ પણ ત્રણ કષાયથી દુઃખી છે. એક અનંતાનુબંધી ટળ્યો છે. ત્રણ કષાયની હયાતી છે. એટલો કષાયથી કલુષિત (છે). છે સમકિતી. અરે..! કેટલાક તો બાર અંગના જાણનારા દેવ, હોં! બાર અંગના જાણનારા. અહીં બાર અંગ જાણેલા અને દેહ છૂટીને ત્યાં ગયા. દેવમાં બાર અંગનું જ્ઞાન. પણ એ ભવ, એ દુઃખ છે. આહાહા..!

**'સંસારની ઘોર ભીતિથી...'** એવા ભવ(થી) પણ ડર પામ. આહાહા..! એમ કે એને આટલું તો એકાવતારીપણું થયું. બાર અંગનું જ્ઞાન છે ત્યાં. એમ રહેવા દે, બાપા! ભવનો ભવનો ડર રાખ. ભવ છે એ દુઃખરૂપ છે, ભવ છે એ કલંક છે. ભગવાન આનંદઅમૃતનો સાગર, એની વેલડીએ અમૃત પાકે. આહાહા..! એને ઠેકાણે આ ભવ પાકે, ડર પામ, પ્રભુ! તું ભય પામ. આહાહા..! ભય પામીને. સંસારથી એકલો (ભય) નહિ, ઘોર ભીતિથી. એ સર્વાર્થ સિદ્ધમાં જવાનો પણ ઘોર ભય. આહાહા..! પ્રભુ! અંતરમાં જવા સિવાય ક્યાંય રહેવાનું નથી. આહાહા..!

**'સંસારની ઘોર ભીતિથી સર્વ જીવો...'** આહાહા..! એ આવ્યું હતું આપણે. ભવનો ઘાત કરીને. આહાહા..! **'સર્વ જીવો...'** આટલા શબ્દ છે. સંસાર એટલે એમાં કોઈ ભવ બાકી નહિ. એમાં ઘોર ભીતિ. એ પણ ઘોર ડર. આહાહા..! સંસારમાં કોઈપણ ભવથી ઘોર ડર અને તે સર્વ જીવો. ભવિ કે અભવિ એ પ્રશ્ન અહીં છે નહિ. આહાહા..! એક શરીરના અનંતમે ભાગે મોક્ષ ગયા અને જશે. એ પ્રશ્ન નથી. હું જવાનો છું. તો બધા આત્માઓ જાવ, પ્રભુ! અંદરની ભક્તિ કરીને. અંદરની આત્માની ભક્તિ કરીને. આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ, એના ભેટા કરી, જોગનું જોડાણ કરી અંદરની ભક્તિ કર. આહાહા..!

**'નિત્ય તે ઉત્તમ ભક્તિ કરો.'** પાછુ જોયું! 'નિત્ય' શબ્દ વાપર્યો છે. કાયમ. કોઈક સમયે કરે અને પછી બીજામાં લહેર કરે (એમ નહિ). આહાહા..! **'નિત્ય તે...'** કઈ તે? **'ઉત્તમ ભક્તિ...'** આહાહા..! આત્મા આનંદસ્વરૂપ ભગવાન, એનું-આનંદનું ભજન કર, એમાં એકાગ્ર થા. એ ઉત્તમ ભક્તિ છે. ભગવાનની ભક્તિ પણ ઉત્તમ ભક્તિ નથી. આહાહા..! આવી વાત. લોગસ્સમાં આવે છે, 'विहुयरयमला... समाहिवरमुत्तमं दिंतु... सिद्धा सिद्धिं मम

दिसंतु.' હે સિદ્ધ ભગવંતો! મને સિદ્ધપણું દેખાડો. એટલે એનો અર્થ કે હું સિદ્ધ થાવ. આહાહા..! આવે છે ને? ભાઈ! લોગસ્સ-લોગસ્સ. 'सिद्धा सिद्धिं मम दिसंतु.' હે સિદ્ધ ભગવંતો! મને સિદ્ધ દેખાડો. એનો અર્થ કે હું સિદ્ધ થાવ ત્યારે સિદ્ધને દેખું. આહાહા..! આવા વ્યાખ્યાનમાં અર્થ કરેલા. 'બોટાદ'માં. ઓલી તીથી આવે ને? શું કહેવાય એ? ચૌદશ ને... તે દિ' શાસ્ત્ર ન બોલાય, શાસ્ત્ર વંચાય નહિ. ત્યારે પછી આવા સામાયિકના પાંચમા ... એના અર્થ કરતા. અને આના અર્થ કરતા. ચૌદસ અને પાખીની અસઝ્ઝાય હોય ને? અસઝ્જાય. સજ્જાયનો કાળ ન હોય ત્યારે. સિદ્ધાંતને હિસાબે. અત્યારે પણ સવા બારથી એક સુધી અસજ્જાયનો કાળ છે. અત્યારે. કેમકે છએ દિવસ ઊગે છે અને સવા સાતે આથમે છે. સવા તેર કલાક છે. એમાંથી પોણો કલાક વચમાં કાઢવો જોઈએ. આહાહા..! સવા સવા કલાક પછી સાડા બાર અને પોણો એક. એટલે ખરેખર સવા બારથી એક સુધી શાસ્ત્ર ભણવાની અસજ્જાય છે અત્યારે. આહાહા..! સવા બારથી એક. કેમકે સવા છ કલાક પછી રહે, સવા છ કલાક પહેલા જાય. વચલો પોણો કલાક. આહાહા..! એવો શાસ્ત્રમાં લેખ છે. વચલો કાળ ગાળવો. આહાહા..! પણ કોને? જેને કાંઈક સ્વાધ્યાય કરવી હોય એને. આહાહા..!

અહીં તો કહે છે કે નિત્ય ઉત્તમ ભક્તિ (કરવી છે) એને કોઈ કાળ નડે જ નહિ. એને આ અસજ્જાય-બજ્જાય લાગુ પડે જ નહિ એમ કહે છે. એમ આવ્યુંને? નિત્ય તે ઉત્તમ ભક્તિ નિત્ય કરો. ઓલામાં સ્વાધ્યાય કરવામાં તો હજી... આહાહા..! અસજ્જાયનો કાળ આવે. પણ આમાં ન આવે. સર્વ જીવો... આહાહા..! પ્રભુની કેટલી વિશાળતા! મુનિરાજની. છે મુનિ. સંસારના ભયથી... આહાહા..! ઘોર ડરથી સર્વ જીવો, પ્રભુ! પણ તમે સાંભળ્યું ને શાસ્ત્રમાં. એક શરીરને અનંતમે ભાગે. એ ભલે જાય. એ સાંભળ્યું છે. આહાહા..! પણ સર્વ જીવો પૂર્ણ ભક્તિને કરો, પ્રભુ! દુઃખથી મુક્ત થવા. આહાહા..! કરુણા તો જુઓ! વીતરાગી મુનિ છે. આહાહા..! જેને રાગનો બિલકુલ આદર નથી. એ પોકાર કરે છે, હે સંસારી જીવો! ઘોર ભીતિ કરીને તમે નિત્ય પ્રભુની ભક્તિ કરો. પ્રભુ એટલે તું, હોં! બહારનો પ્રભુ નહિ. આહાહા..! કારણ કે બહારના પ્રભુની ભક્તિમાં તો શુભરાગ છે.

**'परदव्वादो दुग्गई'** આહાહા..! પરદ્રવ્યથી તો અંદર ચૈતન્યની ગતિ ફરતા દુર્ગતિ થશે. આહાહા..! એમ પાહુડમાં કહ્યું છે. **'परदव्वादो दुग्गई'**. પ્રભુ કહે છે કે મારી સામું જોઈને મને ભજ તોપણ તારી દુર્ગતિ છે. એ ચૈતન્યની ગતિ નથી. કેમકે રાગ થશે. રાગ એ ચૈતન્યની ગતિ નથી, પ્રભુ! એમાં ચૈતન્યની પ્રાપ્તિ નથી. રાગમાં તો સંયોગની.. ભલે અનુકૂળ સંયોગ પણ સંયોગની પ્રાપ્તિ છે. અને સંયોગ ઉપર લક્ષ જાય એ દુઃખ છે. આહાહા..! પુણ્યને લઈને સંયોગ મળે પણ સંયોગ ઉપર લક્ષ જાય એ દુઃખ છે. આવી ચીજ છે. સંયોગનું દુઃખ નથી. સંયોગ ઉપર લક્ષ કરે છે, પોતાનું લક્ષ છોડીને લક્ષ આમ કરે છે એ આપદા ઉત્પન્ન થાય છે. સંપદાનો યોગ છોડીને... આહાહા..! બહારની સંપદા ઉપર લક્ષ કરે છે

એને દુઃખ થાય છે. ભલે એને પુણ્યનું ફળ કહેવાય પણ એના ઉપર લક્ષ જતાં તો દુઃખ છે. આહાહા..! સંયોગનું દુઃખ નથી. સંયોગ અડતા પણ નથી. જીવને સંયોગ અડતા પણ નથી પણ સંયોગ ઉપર લક્ષ જતાં, આત્માનો આશ્રય છૂટતાં એને રાગની-દુઃખની વેદના થાય છે. આહાહા..! આવી વાત છે. આહાહા..!

**'સર્વ જીવો...'** આહાહા..! **'નિત્ય તે ઉત્તમ ભક્તિ કરો...'** તે એટલે યોગભક્તિ. અનંત તીર્થંકરોએ કરી. આહાહા..! આમાં દુનિયાની કઈ ચીજ ઉપર હોંશ ને હરખ રહે? આહાહા..! સંસારથી ઘોર ભય પામ, કહે છે. ગજબ વાત છે. કોઈપણ ચીજ આત્મા સિવાયના સંયોગમાં લક્ષ જતાં દુઃખ છે. એ ઘોર ભય પામ અને ભગવાને અંદરની નિત્ય ભક્તિ કરી છે એ તું કર. આહાહા..! એ ૨૩૩ (શ્લોક પૂરો થયો).

## શ્લોક-૨૩૪

(शार्दूलविक्रीडित)

**रागद्वेषपरंपरापरिणतं चेतो विहायाधुना**
**शुद्धध्यानसमाहितेन मनसानंदात्मतत्त्वस्थितः।**
**धर्मं निर्मलशर्मकारिणमहं लब्ध्वा गुरोः सन्निधौ**
**ज्ञानापास्तसमस्तमोहमहिमा लीये परब्रह्मणि।।२३४।।**

**[શ્લોકાર્થ :-] ગુરુના સાન્નિધ્યમાં નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને, જ્ઞાન વડે જેણે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે એવો હું, હવે રાગદ્વેષની પરંપરારૂપે પરિણત ચિત્તને છોડીને, શુદ્ધ ધ્યાન વડે સમાહિત (-એકાગ્ર, શાંત) કરેલા મનથી આનંદાત્મક તત્ત્વમાં સ્થિત રહેતો થકો, પરબ્રહ્મમાં (પરમાત્મામાં) લીન થાઉં છું. ૨૩૪.**

## શ્લોક-૨૩૪ ઉપર પ્રવચન

૨૩૪.

**रागद्वेषपरंपरापरिणतं चेतो विहायाधुना**
**शुद्धध्यानसमाहितेन मनसानंदात्मतत्त्वस्थितः।**
**धर्मं निर्मलशर्मकारिणमहं लब्ध्वा गुरोः सन्निधौ**
**ज्ञानापास्तसमस्तमोहमहिमा लीये परब्रह्मणि।।२३४।।**

**શ્લોકાર્થ :-** આહાહા..! અહીં આટલું સિદ્ધ કર્યું કે **'ગુરુના સાન્નિધ્યમાં નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને,...'** આહાહા..! એવો નિર્મળ ધર્મ બતાવનાર વિના તને નહિ ખબર પડે, ભાઈ! એમ કહે છે. આહાહા..! તું કંઈકને કંઈક દયા ને દાન ને બહારની વ્યવહાર સામાયિક ને પડિક્કમણા, પોષામાં અટકી જઈશ, પ્રભુ! તું ક્યાંનો ક્યાં પાછો રખડવામાં નિગોદમાં જઈશ. આહાહા..! એટલે **'ગુરુના સાન્નિધ્યમાં...'** શું કરશે ગુરુ? કહે છે. **'નિર્મળસુખકારી ધર્મ...'** આહાહા..! ગુરુ એ કહેશે. આહાહા..! ગુરુનો આ ઉપદેશ હોય છે. નિર્મળસુખકારી ધર્મ, વીતરાગી આનંદદાયક ધર્મ. આહાહા..! જૈનોના ગુરુઓની આ વાત હોય છે, કહે છે. જે કોઈ રાગમાં ધર્મ મનાવે એ જૈન નથી. આહાહા..!

મુનિરાજ એમ કહે છે, **'ગુરુના સાન્નિધ્યમાં નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને,...'** આહાહા..! એ ગુરુ તો વીતરાગતા બતાવશે. નિર્મળસુખકારી ધર્મનો અર્થ વીતરાગતા. આહાહા..! વીતરાગતા બતાવશે. તું વીતરાગ છો, પ્રભુ! તું ત્યાં જા. એની સામું જો. અમારી સામું જોવું રહેવા દે. આહાહા..! ગુરુ કહેશે ત્યારે આ કહેશે. આહાહા..! **'ગુરુના સાન્નિધ્યમાં...'** નજીકમાં. **'નિર્મળસુખકારી ધર્મને...'** પણ નજીક પોતે થાય છે ને? આહાહા..! ગુરુ કોણ છે? એને ઓળખીને તેની નજીક થાય છે. આહાહા..! ત્યારે તેને નિર્મળ સુખકારી ધર્મ સંભળાવે છે. આહાહા..! નિર્મળ સુખકારી ધર્મ. ત્યાં વ્યવહાર-બ્યવહાર લીધો નથી આમાં. આહાહા..!

રાગના વિકલ્પથી રહિત ભગવાન નિર્વિકલ્પસ્વરૂપ છે એની નિર્વિકલ્પ ભક્તિ કર. આહાહા..! એ નિર્મળ સુખકારી ધર્મને પ્રાપ્ત કર. આહાહા..! કેટલું લખ્યું છે! ગુરુની નજીકમાં એટલે ગુરુ તારી પાસે આવે અને એ ગુરુને તું જો. અને તે પણ એની નજીકમાં સાંભળવાનું શું મળશે? નિર્મળ સુખકારી ધર્મ. વીતરાગી પરિણતિનો ધર્મ મળશે ત્યાં. આહાહા..! જૈન ધર્મના ગુરુ પાસેથી આત્માના વીતરાગી આનંદની પરિણતિનો ધર્મ બતાવશે. આહાહા..! આવું આકરું લાગે. વાડાબંધી એવી થઈ ગઈ છે કે એ તો દિગંબર છે. અમે શ્વેતાંબર છીએ, અમે સ્થાનકવાસી છીએ. અર..ર..! પ્રભુ! આ વાડો રહેવા દે.

મુમુક્ષુ :– બધા આત્મા છો.

ઉત્તર :– આહાહા..! દિગંબર વસ્તુ આત્મા છે એ છે અંદર. એ દિગંબર છે. આત્મા દિગંબર જ છે. બાહ્યથી નગ્ન અને અંતરથી નગ્ન. વિકલ્પ વિનાની ચીજ છે. એની ભક્તિ, એમાં એકાગ્ર થવું. એમ ગુરુ એને કહેશે. આહાહા..! ગુરુ જો બીજો વ્યવહાર કહેશે તો એ ગુરુ નહિ, કહે છે. એ જૈન ગુરુ નહિ. આહાહા..! મુનિરાજે બહુ છેલ્લી ભક્તિનું વર્ણન (કર્યું છે). આહાહા..!

ગુરુ એને કહીએ કે જેના સમીપમાં વીતરાગધર્મની પ્રાપ્તિ થાય. વીતરાગી પર્યાયની પ્રાપ્તિ બતાવે. રાગથી લાભ થાય, વ્યવહારથી લાભ થાય, મારી ભક્તિ કર તો તને લાભ

થાય એમ એ ન કહે. આહાહા..! એમાં છે કે નહિ અંદર? આહાહા..! વીતરાગી અને તે પણ આનંદકારી. આહાહા..! નિર્મળસુખકારી. દુનિયા જે દુઃખ (સમજે છે) એ નહિ. જેનાથી સ્વર્ગ મળે એ પણ નહિ. આહાહા..! નિર્મળસુખકારી અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય તે તને ધર્મ બતાવશે. આહાહા..!

હવે અહીં નવરાશ ન મળે. બાયડી, છોકરા, વેપારના ધંધા આડે. મરવાના ટાણા થઈ ગયા. આહાહા..! દેહની સ્થિતિ ૫૦-૬૦-૭૦ થયા એને તો મરવાની તૈયારી થઈ ગઈ. પણ કહે છે કે જો આ ન સમજ્યો... આહાહા..! ગુરુ પાસેથી તો આ સમજવાનું છે. ત્યાંથી કોઈ ચમત્કાર થાય. દીકરો નથી માટે દીકરો થાય, નવકાર સંભળાવો, મંગળિક સંભળાવો તો અમારી દુકાન સારી ચાલે, અમને સરખાયની નોકરી મળે. આહાહા..! એ બધો અજ્ઞાનભાવ છે, કહે છે. આહાહા..!

નિર્મળ આનંદકારી ધર્મ. જેમાં અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય તે બતાવે. આહાહા..! કેમકે ભગવાનઆત્મા નિર્મળ અતીન્દ્રિય આનંદનો કંદ છે. તેમાં જોડાણ કરતાં, યોગભક્તિ કરતાં નિર્મળ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય. આહાહા..! આ બાર અંગનો સાર છે. બારેય અંગમાં આ કહ્યું છે. ભલે ચરણાનુયોગમાં વ્યવહારથી જાણવાની વાત કરી. સમજાય છે? આહાહા..! ચરણાનુયોગમાં આમ કહ્યું છે ને કરણાનુયોગમાં આમ કહ્યું છે. એ શું છે પણ, બાપુ!

'પંચાસ્તિકાય'ની ૧૭૨ ગાથામાં તો એમ કહ્યું છે કે ચારેય અનુયોગમાં વીતરાગતાનું વર્ણન છે. ચારેય અનુયોગ વીતરાગતા બતાવે છે. આહાહા..! એ આ. જેમાંથી વીતરાગી આનંદ પ્રગટ થાય એ ધર્મ બતાવે છે. આહાહા..! વ્યવહારની વાતું આવે પણ એ તો બધી જાણવા માટે. આદરવા માટે આ એક જ વાત. આહાહા..! 'લાખ વાતની વાત' 'છ ઢાળા'માં આવે છે. 'નિશ્ચય ઉર આણો. છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ધ્યાવો.' આહાહા..! એ આ. નવા માણસને પણ (આ)? બાપુ! નવો માણસ ક્યાં? અનાદિનો પ્રભુ છો ને. સ્ત્રીનો જન્મ થયો અને પંદર વર્ષ થયા માટે આટલી ઉંમર મારી છે એમ છે? છોકરો પાંચ વર્ષની ઉંમરનો થયો તો આ મારી ઉંમર, એમ છે? દેહની ઉંમર છે. આત્માની ઉંમર છે? આહાહા..! એવા જીવોને ગુરુ આ બતાવે અને એને એ પ્રાપ્ત કરે. આહાહા..! ધર્મ આનંદકારી છે. અતીન્દ્રિય આનંદના ઝરણા વહે એનું નામ ધર્મ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો ડુંગર પ્રભુ છે. ડુંગરમાંથી જેમ પાણી ઝરે એમ એની સામું જોતાં અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરે. એ પછી આવશે. પછીના અર્થમાં. **'સુંદર આનંદ ઝરતું ઉત્તમ તત્ત્વ...'** ૨૩૫. ૨૩૫માં છે. **'સુંદર આનંદઝરતું ઉત્તમ તત્ત્વ...'** આહાહા..! ૨૩૫. આ છેલ્લો શબ્દ છે. આહાહા..!

**'ગુરુના સાન્નિધ્યમાં...'** સમીપમાં. કાગળ દ્વારા ધર્મ સંભળાવવો અને સમજાવવો એમ પણ ન આવ્યું. ગુરુની નજીકમાં... આહાહા..! આવીને સાંભળવાનો કામી (હોય) એને નિર્મળ

આનંદકારી ધર્મને પ્રાપ્ત કરાવે. એની પ્રરૂપણા એ હોય. આહાહા..! લાખ વાતની વાતું કરે પણ નિર્મળ અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય તે ધર્મ છે. એ વાત કરે. આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાતું છે. આ વાત સમજ્યા વિના આડાઅવળા દીધે રાખ્યા હોય. આહાહા..! અને સભા હોય હા..હો..હા..હો... પ્રભુ! પ્રભુ! આ વીતરાગની સભા નથી? અનંતા તીર્થંકરો, અનંતા વીતરાગો, અનંતા સિદ્ધોનો વર્ગ પડ્યો છે. આહાહા..! સિદ્ધગતિમાં. આહાહા..! એ ગતિને પ્રાપ્ત કરવાનો ઉપાય નિર્મળ આનંદનો અનુભવ કરવો એમ ગુરુ બતાવે છે. આહાહા..! છે?

પછી **'જ્ઞાન વડે જેણે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો...'** સાંભળ્યું આ. પછી પોતે જ્ઞાન વડે, હોં! પાછા. રાગ વડે કે વ્યવહાર વડે નહિ. **'જ્ઞાન વડે જેણે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે એવો હું,...'** આહાહા..! વિશેષ છે, આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૬૦, શ્લોક--૨૩૪-૨૩૫, શુક્રવાર, જ્યેષ્ઠ સુદ ૮, તા.૨૦-૦૬-૮૦

'નિયમસાર' ૨૩૪-કળશ છે. કળશ-૨૩૪.

**'ગુરુના સાન્નિધ્યમાં...'** બહુ ટૂંકામાં ઘણું ભર્યું છે. ગુરુ કેવા હોય? અને એની નજીકમાં જઈને એ ધર્મ શું કહે (છે), તે તેણે પ્રાપ્ત કરવો જોઈએ. **'ગુરુના સાન્નિધ્યમાં નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને,...'** આ ધર્મની વ્યાખ્યા. નિર્મળસુખકારી–અતીન્દ્રિય આનંદનો સુખનો દેનાર એવો જે ધર્મ, ગુરુએ એવું એને કહેલું. અને ગુરુ હોય એ એવું બધાને કહે. બીજી વાત નહિ. ધર્મ માટે ગુરુ નિર્મળ આનંદકારી ધર્મને પ્રાપ્ત કરવાની વાત કરે.

અતીન્દ્રિય આનંદનું મૂળ સ્વરૂપ છે, પ્રભુ! અતીન્દ્રિય આનંદનું સહજાત્મસ્વરૂપ એ અતીન્દ્રિય આનંદને પર્યાયમાં પરથી વિમુખ થઈ, સ્વથી સન્મુખ થઈ, નિર્મળ આનંદકારી ધર્મને પ્રાપ્ત કરે એમ ગુરુનો ઉપદેશ છે. જૈન ગુરુનો આ ઉપદેશ. નિર્મળ આનંદની પ્રાપ્તિ કર. આહાહા..! આ સિવાય બીજી વાતું હોય એ જાણવાની. વસ્તુ આ છે.

નિર્મળાનંદ પ્રભુ, નિર્મળ અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ! આહાહા..! બધેથી સંકેલી નિર્મળ આનંદકારી ધર્મને પ્રાપ્ત કર. એનું નામ ધર્મ. ગુરુ પણ એ જ બતાવે. અને એ પણ પ્રાપ્ત એ જ કરે. રાગથી ધર્મ થાય એમ ગુરુ કોઈ દિ' કહે નહિ. આહાહા..! વ્યવહારથી, દયા, દાનથી ધર્મ થાય એમ કોઈ દિ' ન કહે. આહાહા..! નિર્મળ અતીન્દ્રિય આનંદ વિકલ્પ વિનાની ચીજ જે નિર્વિકલ્પ છે તેની નિર્વિકલ્પ આનંદની પર્યાયમાં પ્રાપ્તિ (થાય એવો) એ ગુરુનો ઉપદેશ અને એ આખા સિદ્ધાંતનો સાર છે. આહાહા..!

એટલા શબ્દમાં ઘણું ભરી દીધું છે. એક તો ગુરુ, એની નજીકમાં સાંભળવા-સમજવા જાય અને તે પણ સાંભળતા એ સાંભળે છે (કે) નિર્મળ આનંદકારી ધર્મ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન, એની સન્મુખ જો. તને અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત થશે.

એ ધર્મ છે. એમ જૈનગુરુનો આ ઉપદેશ છે. આહાહા..!

એક તો ગુરુની વ્યાખ્યા કરી. સાંભળનાર નજીક આવીને સાન્નિધ્યમાં આવીને સાંભળે છે અને સાંભળે છે તે આ સંભળાવે છે. અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ કર, પ્રભુ! આહાહા..! તું અતીન્દ્રિય આનંદસ્વરૂપ છો અને અતીન્દ્રિય આનંદની પર્યાયમાં આનંદકારી એવો જે ધર્મ, એમાં દુઃખનો દ્વેષ નથી, કષ્ટ નથી, સહન નથી (કરવું). પરિષહ-ઉપસર્ગ જેમાં સહન કરવા પડતા નથી. આહાહા..! એવા નિર્મળ આનંદકારી ધર્મને પ્રાપ્ત કર. આહાહા..! ગાથા બહુ ઊંચી છે. આહાહા..! આખું જૈનદર્શનનું માખણ કહ્યું છે. આહાહા..!

બાર અંગની અંદર ગુરુએ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ સ્વસન્મુખ થઈને કરવી એવું બાર અંગમાં છે અને ગુરુ એ કહે છે. અને એ ગુરુને ગુરુ કહેવામાં આવે છે. કોઈપણ રાગથી અને વ્યવહારથી ધર્મ મનાવે તે ગુરુ જૈનગુરુ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આકરી વાત છે. આ દયા પાળે, વ્રત કરે, ભક્તિ કરે, પૂજા કરો, જાત્રા કરો એમ કાંઈ કહ્યું નહિ. આહાહા..! કેમકે એ સ્વરૂપ તારું નથી. એ વિકલ્પ છે એ તારું સ્વરૂપ નથી. તારું સ્વરૂપ છે એ સમજાવ્યું અને એના ઉપદેશમાં એ આનંદની પ્રાપ્તિ કર. જે શક્તિ અને સ્વભાવરૂપે અતીન્દ્રિય આનંદ છે તેને વ્યક્તરૂપે પર્યાયમાં આનંદની પ્રાપ્તિ કર, અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ કર એનું નામ ધર્મ છે. આહાહા..! બીજું આ કરવું-ફરવું બધું ક્યાં? દેરાસર કરવા ને પૂજા ને...

મુમુક્ષુ :– એ તો આપણે થઈ ગયું.

ઉત્તર :– થઈ ગયું નહિ. એ હો ભલે પણ એ કોઈ ધર્મ નથી. એ વ્યવહાર વચમાં આવે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી આવે તોપણ છતાં એ વસ્તુ કાંઈ નથી. આહાહા..!

જૈન પરમેશ્વર અનંત તીર્થંકરો, અનંત જિનેશ્વરો, કેવળીઓ, મુનિઓ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ અનંત મુનિઓનો આ ઉપદેશ છે. આહાહા..! આથી વિરુદ્ધ કંઈ પણ કરે તો એ જૈનધર્મ નથી. એ જૈનધર્મનો ગુરુ પણ નથી. આહાહા..!

**'ગુરુના સાન્નિધ્યમાં...'** આહાહા..! **'નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને,...'** પાછી વાત એવી કરી છે કે શિષ્ય આ સાંભળીને પ્રાપ્ત કરે છે. ત્યાં ને ત્યાં રાખતો નથી એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જે એને સાંભળવા મળ્યું, ગુરુએ કહ્યું તે પ્રાપ્ત કરે છે. એવું નથી કે સાંભળીને કાઢી નાખ્યું. તેથી **'ધર્મને પ્રાપ્ત કરીને,...'** એમ ભાષા છે. આહાહા..! ગજબ વાત છે. એક લીટીમાં કેટલું ભર્યું છે! આહાહા..! હવે ઓલા છ આવશ્યક ને... આવશ્યકમાં આવશે. પહેલેથી જ આવે છે. વ્યવહાર છ આવશ્યકથી વિરુદ્ધ. એ આવશ્યકમાં ત્રણ વાર આવે છે. આહાહા..! વ્યવહાર આવશ્યક જે છે એ તો રાગ છે. આહાહા..! અને નિશ્ચય આવશ્યકથી વ્યવહાર આવશ્યકની ક્રિયા એ પ્રતિપક્ષ છે, વિરુદ્ધ છે. આહાહા..! જે વિરુદ્ધ છે એ સાધન હોઈ શકે નહિ. વ્યવહાર અને નિશ્ચય બે પ્રતિપક્ષ છે. જે પ્રતિપક્ષ

છે એ વિરુદ્ધથી સાધન થઈ શકે નહિ. એવું આટલા શબ્દમાં કહ્યું છે. આહાહા..!

**'ધર્મને પ્રાપ્ત કરીને,...'** હવે શું કર્યું પછી એણે? **'જ્ઞાન વડે જેણે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે...'** જ્ઞાન વડે જેણે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો. મુનિ પોતે પણ હવે ભળે છે. આહાહા..! અંતર જે જ્ઞાનસ્વરૂપી ભગવાન, એ જ્ઞાનને પકડીને, જ્ઞાનમાં એકાગ્ર થઈને મોહનો મહિમા, સમસ્ત મોહનો મહિમા, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ એનો પણ મોહ છોડી દીધો. આહાહા..! 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ પોતાની વાત પણ કરે છે. અમે પણ ગુરુ પાસે આમ સાંભળ્યું અને **'જ્ઞાન વડે જેણે સમસ્ત મોહનો મહિમા...'** પર તરફના વલણનો મહિમા. ચાહે તો પંચપરમેષ્ઠી હો, એના તરફના વલણની મહિમા નષ્ટ કરી છે. આહાહા..! સ્વદ્રવ્ય આશ્રયની લીનતા આગળ પરદ્રવ્યના આશ્રયને છોડી દીધો છે. આહાહા..! એકાંત લાગે એવું આ માણસને. બાપુ! વ્યવહાર હોય છે. વ્યવહાર નય છે. નય છે તો એનો વિષય હોય છે પણ આદરણીય નથી. આહાહા..! નિશ્ચય અને વ્યવહાર બેય નય છે. નયનો વિષય છે. નથી એમ નહિ. પણ બે છે ત્યારે એક આદરણીય અને એક આદરણીય નહિ. નહિતર બે પડે કેમ? બેય આદરણીય હોય તો બે પડે કેમ? આહાહા..! આચાર્યે કેટલું સમાડ્યું છે! આ તો મુનિ છે. ટીકા કરનાર 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ છે. આહાહા..!

**'જ્ઞાન વડે જેણે સમસ્ત મોહનો મહિમા...'** આહાહા..! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવનો પણ મહિમા છોડી દીધો છે. આહાહા..! જે ભાવે બંધ પડે એ ભાવનો મહિમા છોડી દીધો છે. આહાહા..! અને અબંધસ્વરૂપ ભગવાન આનંદની મૂર્તિ એની પ્રાપ્તિના પ્રયત્નમાં છું. આહાહા..! એનો **'મહિમા નષ્ટ કર્યો છે એવો હું...'** આહાહા..! એવો સમસ્ત મોહ. કોઈપણ અંશે પર તરફના વલણવાળો રાગ, શાસ્ત્રનું વાંચન કે ભણતર કે એ બધું પર તરફના મહિમાવાળો મોહ, પરસન્મુખનો મોહ છોડી દીધો છે. સ્વસન્મુખની અંદર સાવધાનીપણે આવ્યો છું. આહાહા..! મોહનો અર્થ સાવધાન થાય છે. પર તરફ સાવધાની પૂર્ણ છોડી દીધી છે અને સ્વ તરફ સાવધાની પૂર્ણ લાવ્યો છું. આહાહા..! ભાષા સમજાય છે? આહાહા..!

મુમુક્ષુ :– આ વાત તો અહીંયાં જ સાંભળવા મળી.

ઉત્તર :– એ જ વાત છે. માર્ગ તો આ છે. વાદ અને વિવાદ કરવા જેવો છે નહિ. વસ્તુસ્થિતિ આ છે.

ભગવાન ચૈતન્યરત્ન જેની કિંમત કરતાં જગતની કિંમત ઊડી જાય છે, એમ કહે છે. જેની કિંમત કરતાં, અંદર અનુભવ કરતાં પરનો મહિમા એટલે પર તરફની કોઈ ચીજની કિંમત, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એની મહિમા પણ છૂટી જાય છે. આહાહા..! ભાષા સાદિ છે પણ પ્રભુ! વસ્તુ બહુ ઊંચી છે. વસ્તુ તો આ છે, પ્રભુ! તારી પ્રભુતાનો પાર નથી, નાથ! કહે છે કે તારી પ્રભુતા તેં ગુરુ પાસેથી સાંભળી. સાંભળીને જ્ઞાન વડે સ્વસન્મુખ થઈને પરસન્મુખના સમસ્ત મોહનો નાશ કર્યો છે. આહાહા..! સ્વનો આશ્રય લેવાનું ગુરુએ

કહ્યું હતું. કેમકે નિર્મળ આનંદની પર્યાય સ્વઆશ્રય વિના પ્રગટે નહિ અને નિર્મળ આનંદની પર્યાય પ્રગટ્યા વિના ધર્મ નથી. આહાહા..! તેથી કહે છે, પ્રભુ! તારી પ્રભુતાની સન્મુખતા થાય એમ ગુરુએ કહ્યું ત્યારે એણે પર તરફની સન્મુખતા બધી નષ્ટ કરી દીધી છે. આહાહા..!

**'એવો હું,...'** એવો હું પોતે નાખે છે પોતાને. આહાહા..! બધા એમ કહે છે કે એ કાંઈ નિશ્ચય સમકિતની ખબર ન પડે. આહાહા..! પ્રભુ! પ્રભુ! દિગંબરમાં એમ ચાલે છે. નિશ્ચય સમકિતની ખબર ન પડે. અરર..! અહીં કહે છે કે હું આવો છું એ મને ખબર પડી છે. **'સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે એવો હું,...'** આહાહા..! ઓલી 'જ્ઞાનમતિ', ઓલી બાઈ ત્યાં સુધી ચડી ગઈ હતી કે અભવિ અને કાળલબ્ધિ આપણી છે કે નહિ એ ભગવાન જાણે. આપણને ખબર ન પડે. અર..ર..! અભવિ અને કાળલબ્ધિ એ ભગવાન જાણે કે આ અભવિ છે કે ભવિ છે. છાપામાં આવ્યું છે. આહાહા..!

અહીં કહે છે કે મેં મારા સ્વભાવની સાવધાની દ્વારા મોહને નષ્ટ કર્યો છે એમ હું જાણું છું, મને ખબર છે. ભગવાનને પૂછવા જાવું પડે એવું નથી. આહાહા..! 'શાંતિભાઈ'! આવું સાંભળ્યું નથી કોઈ દિ' ન્યાં. રખડ્યા રખડ (કરે છે). આહાહા..! એવો માર્ગ છે. આહાહા..! ભાગ્યવાનને કાને પડે એવી વાત છે. આ તો ત્રણલોકના નાથ તીર્થંકરની ધ્વનિ છે. આહાહા..! વીતરાગી મુનિઓ દિગંબર સંતો વીતરાગી કેવળીના કેડાયતો કેવળીની વાતું પોતે કરે છે. આહાહા..!

મુમુક્ષુ :– એનો માલ બતાવે છે.

ઉત્તર :– એનો માલ પણ હું છું એમ જાણીને બતાવે છે. એ મોહને નષ્ટ કર્યો છે એવો હું છું. થઈશ અને થાશે ને એમ નહિ. આહાહા..! જુઓને! આ વીતરાગની વાણી! રોકડી-નગદ. આહાહા..! ધર્મ કરો, ભવિષ્યમાં ફળશે. ક્યાંક દેવલોકમાં જાશે. ધર્મ તો અહીં આ વસ્તુ ધર્મી છે. એની સન્મુખ થઈને મોહને નષ્ટ કરતા ધર્મ થાય તે અહીં થાય છે. એ પંચમઆરાના મુનિ એમ કહે છે. આહાહા..! જેને કેવળીના વિરહ પડ્યા છે. તીર્થંકરોના અત્યારે વિરહ પડ્યા એ એમ કહે છે. આહાહા..! અમે એમ કહીએ છીએ કે અમે ગુરુ પાસે સાંભળીને જ્ઞાન વડે સમસ્ત મોહનો નાશ કર્યો છે એવો હું છું. આહાહા..! એક લીટી...! આહાહા..!

**'હવે રાગદ્વેષની પરંપરારૂપે પરિણત ચિત્તને છોડીને,...'** ચિત્તને અંદર પુણ્ય અને પાપના ભાવ થાય, એની પરંપરા થાય એને છોડી દઉં છું. કોઈને એમ થાય કે અંદર શુભ ચિત્ત આવે, રાગ(થી) તો પરંપરાએ કલ્યાણ થાશે. શાસ્ત્રમાં એમ આવે, શુભની પરંપરા. એ તો આવે એનો અભાવ કરીને થશે એમ જણાવે છે. આહાહા..! અહીં તો કહે છે, રાગ-દ્વેષની. ચાહે તો વ્યવહારરત્નત્રયનો રાગ, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો રાગ... આહાહા..! એની જે પરંપરા, એવું પરિણત ચિત્ત. રાગ-દ્વેષની પરંપરાએ પરિણમતું હતું એવું ચિત્ત, એને છોડીને. આહાહા..!

આવો માર્ગ છે. આહાહા..! સાંભળવા મળે નહિ. અરે..રે..! મનુષ્યપણા ક્યારે આવશે? મનુષ્યપણા ચાલ્યા જશે. આત્મા તો અનાદિ સત્તા છે તો એનું સત્તાપણું તો રહેશે. ક્યાં રહેશે? આહાહા..! કંઈ પણ ભાન નથી એ રહેશે ક્યાં? ભાઈ! આહાહા..!

અહીં કહે છે કે અમને ખબર છે અમે આત્મા છીએ. અમે આત્મામાં રહેશું. આહાહા..! અમે ચિત્તની પરિણતિમાં, રાગ-દ્વેષની પરંપરા જે થાય એને છોડી દઈએ છીએ. આહાહા..! શાસ્ત્રમાં એમ આવે કે આનાથી પરંપરાએ થશે એ વાત અમે છોડી દઈએ છીએ, એમ કહે છે. આહાહા..! નિશ્ચયવાળાને વ્યવહાર પરંપરાએ આવે. વ્યવહારથી એવી વાત આવે. નિશ્ચયવાળાને વ્યવહાર છે એ પરંપરાએ મુક્તિ આપે. એનો અર્થ કે એનો અભાવ કરીને. અહીં તો કહે છે કે એ પરંપરાની વાતને હું છોડી દઉં છું. આહાહા..! એ રાગ ને શુભરાગ પરંપરાએ લાભ થશે. નિશ્ચયવાળાને, હોં! નિશ્ચય નથી એને વ્યવહાર બિલકુલ નથી. અમૃત ભર્યા છે. આહાહા..! આ કાંઈ કથા-વાર્તા નથી. આહાહા..! આ તો ભગવાનની ભાગવત્ કથા છે.

અંદર મહિમાવાળો નાથ પડ્યો છે એની સામું જોને, પ્રભુ! વીતરાગનો ઉપદેશ આ છે. આહાહા..! અનંતા તીર્થંકરો, સંતો, મુનિઓ... એ આવી ગયું છે. 'ઋષભદેવ'થી માંડીને 'મહાવીર' સુધી અંતરની ભક્તિ કરીને મુક્તિ પામ્યા છે. આહાહા..! યોગભક્તિ એટલે સ્વરૂપમાં જોડાણ. આનંદનો નાથ પ્રભુ, એના સ્વરૂપના જોડાણથી અનંત તીર્થંકરો મુક્તિને પામ્યા છે અને એમ કહી ગયા છે... આહાહા..! કે સ્વરૂપમાં જોડાણ કર, યોગ કર. જે ચિત્તનું જોડાણ આમ રાગની સાથે છે, પર્યાયબુદ્ધિમાં અનાદિથી આમ છે એને આમ ગુલાંટ માર. જ્યાં ભગવાન પૂર્ણાનંદનો નાથ છે ત્યાં એ પર્યાયને વાળી લે. આહાહા..! અરે..! આવી વાત! આહાહા..!

બધા ભગવાન થાવ! એમ આવ્યું નહોતું? આહાહા..! માથે આવ્યું, જુઓ! **'સંસારની ઘોર ભીતિથી સર્વ જીવો...'** માથે એક લીટી. **'નિત્ય તે ઉત્તમ ભક્તિ કરો.'** એ ૩૪ ઉપર ૩૩. ૩૩માં છે ઇ. **'સંસારની ઘોર ભીતિથી સર્વ જીવો...'** આહાહા..! કોઈ બાકી ન રહો, પ્રભુ! બધા પ્રભુ થઈ જાવ. આહાહા..! બધા ભગવાન થઈ જાવ. આહાહા..! તને ઓછી દશાએ અમે જોતા ઠીક અમને પડતું નથી. આહાહા..! તું પ્રભુ છો, પૂર્ણ છો. માટે સર્વ જીવો ભવિ અને અભવિ બધા નાખ્યા. આહાહા..! આમ ન રહો સંસારમાં. પરસન્મુખની કોઈપણ વૃત્તિમાં ન રહો, પ્રભુ! અંદર ભગવાન બિરાજે છે ને. પૂર્ણાનંદનો નાથ અનંત ચૈતન્ય રત્નાકર, ચૈતન્યના રત્નનો આકર–દરિયો છે. આહાહા..! પ્રભુ! ત્યાં જા ને. એ અનંત તીર્થંકરોનો ઉપદેશ છે ને. ભલે પંચમઆરામાં ભગવાનના વિરહ પડ્યા પણ એની વાણીના વિરહ નથી. આહાહા..! પોકાર કરે છે. આહાહા..!

**'રાગદ્વેષની પરંપરારૂપે પરિણત ચિત્તને છોડીને, શુદ્ધ ધ્યાન વડે સમાહિત...'** આહાહા..!

આનંદસ્વરૂપ જે ભગવાન, આનંદસ્વરૂપ પરમાત્મા તું છો, ભાઈ! તેમાં એકાગ્ર થઈને સમાહિત થા. આહાહા..! **'શુદ્ધ ધ્યાન વડે સમાહિત (–એકાગ્ર, શાંત) કરેલા મનથી...'** આહાહા..! **'આનંદાત્મક તત્ત્વમાં સ્થિત રહેતો થકો,...'** આહાહા..! આનંદસ્વરૂપ આત્મા, આનંદસ્વરૂપ તત્ત્વ, અતીન્દ્રિય આનંદનો નાથ એવું તત્ત્વ ભગવાન, એ અપૂર્ણ નથી, વિરુદ્ધ નથી, અશુદ્ધતા નથી. એ ચીજને કોઈની અપેક્ષા નથી. એવી ચીજ પ્રભુ અંદર પડી છે ને. આહાહા..! એવો આનંદાત્મક, આનંદસ્વરૂપ પ્રભુ છે ને. એમ કહે છે. આહાહા..! પહેલા એ કહી ગયા હતા કે **'નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને,...'** આહાહા..!

આવો માર્ગ આકરો લાગે. આવું હશે, પણ કાંઈક સાધન હશે કે નહિ? આ સાધન (છે), બાપા! પ્રભુ! સાધન નામનો ગુણ એનામાં છે. કરણ નામનો એક અનાદિ ગુણ પ્રભુમાં છે. જ્ઞાન અને આનંદગુણ છે એવો કરણ નામનો ગુણ, સાધનગુણ છે. એની દૃષ્ટિ કરતાં એ કરણ નામનો ગુણ જ તને સાધન થશે. આહાહા..! વ્યવહારરત્નત્રય સાધન-ફાધન કાંઈ છે નહિ. આહાહા..! અને એ વાતનો પોકાર કરે છે. આહાહા..! હમણા આવશ્યકમાં આવશે. ઓલી 'જ્ઞાનમતિ'એ કહ્યું ને? 'નિયમસાર'. સારનો અર્થ મિથ્યાત્વરહિત લેવો. આ લોકોએ અર્થ કર્યો છે કે 'નિયમસાર'થી વિરુદ્ધ જે વ્યવહાર આચરણ, વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્ર તેનો અભાવ કરીને સાર કીધો છે. 'નિયમસાર'. અને 'નિયમસાર' એ માટે કહ્યું છે કે મિથ્યાત્વનો ત્યાગ કરીને ફક્ત દર્શન-જ્ઞાન-ચારિત્ર રહે. અહીં એમ કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરીને... આહાહા..! એનાથી વિરુદ્ધ વ્યવહારનો પરિહાર કર. આહાહા..! આવશે હમણાં, આવશ્યકમાં આવશે. પહેલા જ આવશે. આવશ્યકમાં પહેલી લીટી છે પહેલા પાનાની. એ લીટી જુઓ!

**'વ્યવહાર છ આવશ્યકોથી પ્રતિપક્ષ શુદ્ધનિશ્ચયનો અધિકાર કહેવામાં આવે છે.'** છે ને? **'વ્યવહાર છ આવશ્યકોથી પ્રતિપક્ષ...'** વ્યવહારથી નિશ્ચય થાય, પ્રતિપક્ષ થાય, વેરીથી થાય? વ્યવહારથી નિશ્ચય થાય? બાપુ! વ્યવહાર અને નિશ્ચય પ્રતિપક્ષ છે. **'વ્યવહાર છ આવશ્યકોથી પ્રતિપક્ષ શુદ્ધનિશ્ચય...'** છે. આહાહા..! અરે..રે..! લોકોને કંઈ... વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા ક્યાંય રહી ગયા અને એને નામે કાંઈક ચડાવી દીધું. લોકોને બિચારાને જોડી દીધા. અરે..રે..! આવો વખત.. આ મનુષ્યપણું ક્યારે મળે, ભાઈ! અને એમાં વીતરાગનું મૂળ તત્ત્વ આત્મા આનંદસ્વરૂપ (એ ક્યાં મળે)? એ કીધુંને?

**'આનંદાત્મક તત્ત્વમાં સ્થિત રહેતો થકો,...'** આહાહા..! કરવાનું આ છે. આનંદસ્વરૂપ ભગવાન, અતીન્દ્રિય આનંદસ્વરૂપ. ઉપરના શરીર અને વાણી, મનને ન જો, નાથ! તું અંદર ભગવાન છો ને. આહા..! પર્યાય ઉપરથી દૃષ્ટિ છોડી દે. પરની તો છોડી દે પણ પર્યાય ઉપર છે એ છોડી દે. પર્યાયને અંદરમાં વાળી લે. આહાહા..! જ્યાં ઘર ભર્યું છે. આહાહા..! એવું **'આનંદાત્મક તત્ત્વ...'** જોયું! એવો આનંદસ્વરૂપ આત્મા. આહાહા..! **'સ્થિત રહેતો**

**થકો,...**' એ આનંદસ્વરૂપ આત્મામાં સ્થિત રહેતો થકો. પ્રભુ! વાત આકરી લાગે, અજાણી લાગે, ઝીણી લાગે પણ પ્રભુ માર્ગ તો આ છે. બીજો કોઈ માર્ગ છે નહિ. જન્મ-મરણથી છૂટવાનો બીજો કોઈ રસ્તો નથી. આહાહા..! વ્યવહાર-ફ્યવહાર બધા બંધના કારણ છે. એ મુક્તિના કારણ ન હોય, નાથ! આહાહા..! આનંદસ્વરૂપ તત્ત્વ. એમ કીધું ને? રાગ, પુણ્ય, દયા, દાન એ તો દુઃખરૂપ છે, રાગ છે. રાગ તો દુઃખરૂપ છે. ભલે વ્યવહારરત્નત્રય હો. પણ વ્યવહારરત્નત્રય રાગ (છે) અને રાગ દુઃખરૂપ છે, આકુળતા છે. એ આત્માનું સ્વરૂપ નથી. આહાહા..! આવ્યું. બહુ પહેલું આવ્યું. સરસ આવી ગયું. પહેલાવહેલા આવ્યા એમાં.

આવો માર્ગ છે. એને તારા જ્ઞાન ઉપર તો લે. લોકો નથી કહેતા કે, ભાઈ! અમે કહીએ તે ધ્યાન ઉપર તો સાંભળ, ધ્યાન ઉપર તો લે, લક્ષમાં તો લે. આહાહા..! એમ ત્રણલોકના નાથ વીતરાગ પરમેશ્વરની વાણી એ સંતો પોતે અનુભવીને, જાતે અનુભવીને કહે છે. એ દિગંબર સંત સિવાય આ વાત ક્યાંય છે નહિ. આહાહા..! આવી વાત ક્યાંય છે નહિ. આહાહા..! આકરું લાગે, ભાઈ! આહાહા..! પૂર્વના સંપ્રદાયમાં પડ્યા હોય, એનો આગ્રહ હોય, એમાં બીજી વાત સાંભળી ન હોય, એથી એ સંપ્રદાયને ખોટો કહેવો, કરવો કઠણ પડે, પ્રભુ! આહાહા..! દિગંબર સંપ્રદાય સિવાય કોઈ જૈનધર્મ ક્યાંય છે જ નહિ. આહાહા..! શાંતિથી સાંભળે. જરીક આગ્રહ છોડીને પ્રભુ! સાંભળ! આવી વાત વીતરાગ સિવાય, દિગંબર જૈનધર્મ સિવાય ક્યાંય છે નહિ. આહાહા..!

**'આનંદાત્મક તત્ત્વ...'** આનંદ-આત્મક, આનંદસ્વરૂપ તત્ત્વ. આહાહા..! ભગવાનઆત્મા તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ તત્ત્વ (છે). એમાં **'સ્થિત રહેતો થકો,...'** એમાં સ્થિત રહેતો થકો. આહાહા..! **'પરબ્રહ્મમાં (પરમાત્મામાં) લીન થાઉં...'** પૂર્ણ દશામાં લીન થઈ જાઉં. આ આનંદાત્મક તત્ત્વમાં રહેતો થકો પૂર્ણાનંદની પ્રાપ્તિ કરી લઉં. બીજો કોઈ ઉપાય નથી. પૂર્ણાનંદ પરમાત્મા સિદ્ધ થવાનો આ ઉપાય છે. આહાહા..! આનંદસ્વરૂપ તત્ત્વ. આનંદસ્વરૂપ કીધું. ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે, પ્રભુ! તારા આનંદને માટે બહારમાં જોવાનું નથી. મૃગની નાભિમાં કસ્તુરી, એ મૃગલાને કસ્તુરીની કિંમત નથી. એમ તેની અંદરમાં ભગવાનઆત્મા ભર્યો છે. આહાહા..! એની એને કિંમત નથી. અને એના ઉપરના આ બધા દેખાવના મહિમા, વિસ્મય ને આશ્રયતા મહિમા એને દેખાય ત્યાં આ મહિમાનો અનાદર કરે છે. પોતાની મહિમાનો આદર નથી કરતો અને અહીંયાં આદર કરવા જાય ત્યાં અહીં અનાદર થઈ જાય છે. આહાહા..!

આનંદસ્વરૂપ તત્ત્વમાં... આહાહા..! **'સ્થિત રહેતો થકો,...'** આહાહા..! આનંદસ્વરૂપ ભગવાનમાં સ્થિત–સ્થિર રહેતો થકો **'પરબ્રહ્મમાં (પરમાત્મામાં) લીન થાઉં છું.'** પરબ્રહ્મ સિદ્ધપણાને પ્રાપ્ત કરું છું. આહાહા..! પરમબ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત આ રીતે થાય છે. એક કડીમાં તો કેટલું સમાડી દીધું! આહાહા..!

મુમુક્ષુ :– એ તો આપ કાઢી શકો છો.

ઉત્તર :– અંદર છે. આહાહા..!

પરમાનંદસ્વરૂપ પ્રભુ, એમાં સ્થિત રહ્યો થકો હું પૂર્ણતાને પામીશ. બીજો કોઈ ઉપાય છે નહિ, કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? લક્ષમાં તો લે, પ્રભુ! વાતને ધ્યાન ઉપર તો લે. આહાહા..! વસ્તુનું આવું સ્વરૂપ છે. અને એ સ્વરૂપને સાધન કર્યા વિના મુક્તિ કોઈ દિ' થતી નથી, સંસારનો નાશ થતો નથી. આહાહા..! અને સંસારમાં તો ચોર્યાશીના અવતાર (કર્યા કરે છે). આહાહા..!

આચાર્ય કહે છે, હું ગયા કાળના ચોર્યાશી લાખના અવતારને જ્યાં યાદ કરું છું તો ઘા વાગે છે. આહાહા..! એમ મુનિરાજ કહે છે. આહાહા..! ગયા ભવના ભવ કર્યા... આહાહા..! સડેલા મીંદડા, સડેલા ઉંદર, સડેલા હાથી-ઘોડા અને ક્યાંના ક્યાં એકલા, કોઈ સામું જોનાર નહિ. એકલો પડ્યો. તડકા માથે પડ્યા. ધોમ તડકા. અગ્નિ લાગી. આસપાસ ઘાસમાં અગ્નિ લાગી એમાં પોતે સળગી ગયો. આહાહા..! પ્રભુ! એવા અવતાર અનંતા કર્યા છે. આહાહા..! એવા અવતારથી હવે બસ થાવ. એવા ભવ હવે ન હો. આહાહા..! બધા જીવને માટે એમ કહે છે. આહાહા..! માથે આવી ગયું ને? સર્વ જીવો–બધા જીવો. આહાહા..!

'દ્રવ્યસંગ્રહ'માં એ કહ્યું છે. અવાયવિજયની વ્યાખ્યા છે. 'દ્રવ્યસંગ્રહ' અવાયવિજય. ત્યાં કહ્યું છે, હું તો આઠ કર્મથી રહિત પરમાત્મા થવાનો છું. બધા આત્માઓ આઠ કર્મથી રહિત થાવ, ભગવાન થઈ જાવ, બધા પરમાત્મા થાવ. એવો ધર્મી વિચાર કરે છે. આહાહા..! 'દ્રવ્યસંગ્રહ'માં છે. 'દ્રવ્યસંગ્રહ'માં પાઠ છે. જ્યાં અવાયવિજય, સંસ્થાનવિજય, વિપાકવિજય (અધિકાર ચાલ્યો છે) એમાં અવાયવિજયમાં આ અર્થ છે. આહાહા..! પ્રભુ! બધા ભગવાન થાવ. આહાહા..! કોઈ અપૂર્ણ ન રહો, કોઈ ગતિમાં ન રહો. આહાહા..! એમ ધર્મી વિચાર કરતાં, પોતાને માટે તો ઠીક પણ પરને માટે પણ આમ (ભાવે છે). બધા ભગવાન થાવ, ભાઈ! આહા..! પ્રભુની સામે વિરોધ ન કરો. આહાહા..! અંદર આનંદનું સ્વરૂપ બિરાજે છે. એનાથી વિરુદ્ધ ન કર, પ્રભુ! પરમાં સુખ માનીને ઉલ્લાસ ન કર, નાથ! તારામાં આનંદ ભર્યો છે ને. કઈ ચીજમાં તને દેખીને ઉલ્લાસ આવી જાય છે? આહાહા..! એ પરમાં ઉલ્લાસ આવતા, પ્રભુ! તારા સ્વરૂપનો અનાદર થઈ જાય છે. આનંદનો સાગર. આનંદાત્મક કહ્યુંને? આનંદસ્વરૂપ જ તત્ત્વ છે ઇ. આહાહા..! સર્વાંગ આત્મા આનંદથી ભરેલો ભગવાન. અસંખ્ય પ્રદેશે પૂર્ણાનંદથી ભરેલો ભગવાન, એમાં સ્થિત રહેતો થકો. આહાહા..!

મુમુક્ષુ :– સ્થિત રહેતો થકો.

ઉત્તર :– સ્થિત અંદર એકાગ્રતા.

મુમુક્ષુ :– સ્થિત રહેતો થકો એ શ્રેણી ને લીન થાવું એ કેવળજ્ઞાન?

ઉત્તર :– એ તો અહીં સ્થિત રહેતો થકો. શ્રેણી-ફ્રેણી અહીં કાંઈ નહિ. અંદરમાં સ્થિર

થાય એટલે પૂર્ણ કેવળજ્ઞાન. એ બધી શાસ્ત્રની ભાષા. આ તો ટૂંકું ટચ. આહાહા..!

**'આનંદાત્મક તત્ત્વમાં સ્થિત રહેતો થકો, પરબ્રહ્મ...'**ને પ્રાપ્ત કરી લઈશ, એમ કહે છે. જુઓ! **'પરબ્રહ્મમાં (પરમાત્મામાં) લીન થાઉં છું.'** હું તો પરમબ્રહ્મ આત્મામાં લીન થાઉં છું. પરબ્રહ્મ થઈ જઈશ. આહાહા..! શ્રેણી માંડવી, ફલાણું માંડવું એ તો બધી શાસ્ત્રની ભાષા છે. શ્રેણી માંડુ એ પણ ત્યાં ક્યાં છે? એ તો વીતરાગ વાત કરે કે અહીંયાં આવી શ્રેણી થાય છે. એને ક્યાં શ્રેણી-ફેણી. એ તો અંદર સ્થિર છે, બસ! વસ્તુ છે, આનંદસ્વરૂપ છે એમાં સ્થિર છે. પછી એને અમુક ધારાને શ્રેણી કીધી, અમુક ધારાને ઉપશમ અને અમુકને ક્ષપક (કીધી). આહાહા..! અનુભવમાં એ કાંઈ છે નહિ. આ શ્રેણી છે ને આ આ છે ને આ છે. આહાહા..! તેથી અહીં કીધું સ્થિત રહેતો થકો, બસ! આહાહા..! આકરું લાગે. કેટલાકે તો સાંભળ્યું પણ ન હોય. ક્યાંય આ વાત જ છે નહિ. બધે ગડબડ... ગડબડ... ગડબડ... ઓહોહો..! કાંઈક કાંઈક ટેકો વ્યવહારનો, નિમિત્તનો (લેવા માગે છે). આહાહા..! અહીં કહે છે કે અહીં આત્મામાં વ્યવહાર ને નિમિત્તનો તો અભાવ છે. આનંદસ્વરૂપ છે એમાં દુઃખસ્વરૂપ છે જ નહિ. આહાહા..! એમાં સ્થિત થયો થકો. ઓહોહો..! એક કડીમાં પોણો કલાક થયો! જેટલું કાઢીએ એટલું ઓછું. આહાહા..!

**'લીન થાઉં છું.'** આહાહા..! પોતાને ખબર પડે છે કે હું આમાં લીન થાઉં છું. ભગવાનને પૂછે કે મહારાજ! આમ હું હવે પરમાત્મા થવાને લાયક છું કે નહિ? એ પૂછવાની જરૂર નથી, કહે છે. આહાહા..! પોતે જ ભગવાન જાગ્યો છે. આહાહા..! એમાં સ્થિત થયો થકો હું પરમબ્રહ્મ થઈ જઈશ. આહાહા..! કાલે પણ આ વાત ચાલી હતી. એટલી આજે ચાલી. પોણો કલાક. આહાહા..!

## શ્લોક–૨૩૫

(अनुष्टुभ्)

निर्वृतेन्द्रियलौल्यानां तत्त्वलोलुपचेतसाम्।
सुन्दरानन्दनिष्यन्दं जायते तत्त्वमुत्तमम्।।२३५।।

**[શ્લોકાર્થ :–] ઇન્દ્રિયલોલુપતા જેમને નિવૃત્ત થઈ છે અને તત્ત્વલોલુપ (તત્ત્વપ્રાપ્તિ માટે અતિ ઉત્સુક) જેમનું ચિત્ત છે, તેમને સુંદર-આનંદઝરતું ઉત્તમ તત્ત્વ પ્રગટે છે. ૨૩૫.**

## શ્લોક-૨૩૫ ઉપર પ્રવચન

૨૩૫.

**निर्वृतेन्द्रियलौल्यानां तत्त्वलोलुपचेतसाम्।**
**सुन्दरानन्दनिष्यन्दं जायते तत्त्वमुत्तमम्।।२३५।।**

**શ્લોકાર્થ :- 'ઇન્દ્રિયલોલુપતા જેમને નિવૃત્ત થઈ છે...'** આ ભાવેન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિય બધી ચીજ પર છે. આહાહા..! એની જેને લોલુપતા, એના તરફના વલણનો ઉત્સાહ જેને નિવૃત્ત થયો છે. આહાહા..! **'ઇન્દ્રિયલોલુપતા જેમને નિવૃત્ત થઈ છે...'** આહાહા..! જેને સાંભળવાનું પણ હવે રહ્યું નથી. અતીન્દ્રિય ભગવાન અંદર પડ્યો છે ત્યાં જાય છે. આહાહા..! 'સમયસાર'ની ૩૧મી ગાથામાં ઇન્દ્રિયને જીતીને એમ આવ્યું છે ને? એનો અર્થ એવો કર્યો કે ભગવાનની સામું જોવું એ ઇન્દ્રિય છે, ભગવાનની વાણી સાંભળવી એ ઇન્દ્રિય છે. એ ઇન્દ્રિયને જીતીને એટલે એનું લક્ષ છોડી દઈને. આહાહા..! ૩૧મી ગાથા છે. **'जो इंदिये जिणिता'** એ **'इंदिये जिणिता'**'ના ત્રણ અર્થ કર્યા છે. દ્રવ્યેન્દ્રિય જડ, ભાવેન્દ્રિય ક્ષયોપશમ અને બીજી ચીજ સામે ભગવાન અને ભગવાનની વાણી એ પણ ઇન્દ્રિય. એ બધું ઇન્દ્રિયમાં અને એકકોર ભગવાન અણિન્દ્રિય આત્મા. આહાહા..!

**'ઇન્દ્રિયલોલુપતા...'** એટલે ઇન્દ્રિય તરફનું વલણ. પાંચેય ઇન્દ્રિય તરફનું વલણ. આહાહા..! **'જેમને નિવૃત્ત થઈ છે...'** આહાહા..! **'અને તત્ત્વલોલુપ (તત્ત્વપ્રાપ્તિ માટે અતિ ઉત્સુક) જેમનું ચિત્ત છે,...'** તત્ત્વ એટલે ચૈતન્ય ભગવાન આનંદમાં જેને ઉત્સુકતા છે. એમાં ઉત્સાહ વધી ગયો છે. અતીન્દ્રિય આનંદમાં ઉત્સાહ વીર્ય વધી ગયું. ઉત્સાહ અને વીર્ય અતીન્દ્રિય આનંદમાં આવી ગયું. ઉત્સાહ અને વીર્ય પર તરફ હતું તે છૂટી ગયું. આહાહા..!

આવો માર્ગ. આ તે કાંઈ વીતરાગનો માર્ગ હશે? કોઈ એમ કહે કે આ નવો કાઢ્યો. 'સોનગઢ'વાળાએ નવો કાઢ્યો. અરે..! ભગવાન! નવો (નથી). આ તો અનાદિનો છે. 'સીમંધરસ્વામી' ભગવાન બિરાજે છે એ કહી રહ્યા છે. ત્યાંથી આ બધું આવ્યું છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' ગયા હતા. એ પણ પોતે એમ કહે છે કે આ શાસ્ત્ર મેં મારે માટે બનાવ્યું છે. 'સમયસાર', 'પ્રવચનસાર'માં એમ નથી કહ્યું પણ આમાં તો એમ કહ્યું છે કે આ શાસ્ત્ર મેં મારા માટે બનાવ્યું છે. છેલ્લી ગાથા છે. ૧૮૭. આહાહા..! દુનિયા જાણો ન જાણો, એ વાત પ્રસિદ્ધ થાય પણ મેં તો મારા માટે બનાવ્યું છે. આહાહા..! ૧૮૭ ગાથા. છેલ્લી.

**'णियभावणाणिमित्तं'** ૧૮૭. છેલ્લી ગાથા. **'णियभावणाणिमित्तं'** મારી ભાવના માટે. **'मए कदं'** મેં કર્યું. **'णियमसारणामसुदं।'** 'નિમયસાર' નામનું સૂત્ર મેં મારા માટે કર્યું છે. **'णच्चा जिणोवदेसं'** જિનનો ઉપદેશ જાણીને અનંત તીર્થંકરોએ કહ્યું તે આમાં કહ્યું છે. એમ કહે

છે. અનંત તીર્થંકરોએ કહ્યું તે આમાં છે. **'पुव्वावरदोसणिम्मुक्कं'** આગળ-પાછળનો દોષ આમાં છે નહિ. આહાહા..! ૧૮૭. આહાહા..! 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય', 'અષ્ટપાહુડ'. આમાં તો એમ કહ્યું કે મેં તો મારા માટે આ બનાવ્યું છે. આહાહા..! તમે સાંભળો, સમજો અને અંદર ઉતરો. આહાહા..! મેં તો મારા માટે અનુભવમાં આગળ વધવા માટે મેં તો બનાવ્યું છે. આહાહા..! એ અહીં કહે છે.

**'ઇન્દ્રિયલોલુપતા જેમને નિવૃત્ત થઈ છે...'** પાંચેય ઇન્દ્રિય તરફનું વલણ જેને છૂટી ગયું છે. આહાહા..! જીવતા મરી જવાનું છે. ઇન્દ્રિય તરફના વલણથી મરી જવાનું છે. પાંચેય ઇન્દ્રિયના વલણથી મરી જવાનું છે અને અણીન્દ્રિય તરફમાં જીવવાનું છે. આહાહા..! આવું છે. **'ઇન્દ્રિયલોલુપતા જેમને નિવૃત્ત થઈ છે અને તત્ત્વલોલુપ (તત્ત્વપ્રાપ્તિ માટે અતિ ઉત્સુક) જેમનું ચિત્ત છે,...'** આહાહા..! અણીન્દ્રિય ભગવાનની અંદર લોલુપતા એની થઈ છે. અહીં લોલુપતા છૂટી ગઈ અને અહીં લોલુપતા થઈ. અહીં તત્પરતા છૂટી ગઈ અને અહીં તત્પરતા થઈ છે, અહીં સાવધાની છૂટી ગઈ અને અહીં સાવધાની થઈ. આહાહા..! આવું છે. આમાં પંચમઆરો અને પંચમઆરાના શ્રોતા અપ્રતિબુદ્ધ છે ને સાધારણ છે એ વાત જોવાની નથી અહીં. આહાહા..! બધા ભગવાન છે અને ભગવાન થવાને લાયક છે. આહાહા..! પ્રભુ! હું થવાનો છું, તમે પણ થાવ ને. તમે પણ આત્મા છો ને, એમ કહે છે. આપ તો મારી નાતના, જાતના, કુળના છો. આહાહા..!

**'ઇન્દ્રિયલોલુપતા જેમને નિવૃત્ત થઈ છે અને તત્ત્વલોલુપ...'** બે વાત કરી. આ બાજુનો આશ્રય છૂટી ગયો છે અને આ બાજુનો આશ્રય ઉત્પન્ન થયો છે. આહાહા..! ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર, તેની લોલુપતા વધી ગઈ છે. આહાહા..! એની તત્પરતા, એના માટે ઉત્સુક જેમનું ચિત્ત છે. આહાહા..! પર તરફની ઉત્સુકતા છોડી દીધી છે અને ભગવાનઆત્મા તરફની ઉત્સુકતા તત્પર થઈ છે. આહાહા..!

**'તેમને સુંદર-આનંદઝરતું...'** હવે એને શું પ્રાપ્ત થાય? પર તરફનું વલણ પૂર્ણ છોડી દઈ અંતરના વલણમાં આવ્યો છે એને શું પ્રાપ્ત થાય? **'શુદ્ધ આનંદઝરતું ઉત્તમ તત્ત્વ...'** સુંદર અતીન્દ્રિય આનંદ ઝરતું. આહાહા..! જેમ પર્વતમાંથી પાણી ઝરે... આહાહા..! કોઈક તો એવું કહેતું હતું કે આ મડદામાંથી પાણી ઝરે. 'શાંતિભાઈ' કહેતા હતા. આને બાળ્યા ને. આમાંથી છૂટે છે. ઓહો..! લોહીનું પાણી થતું હશે? મરતા એકદમ પાણી પાણી પગમાંથી, આખા શરીરમાંથી પાણી (નીકળે). આપણે તો કોઈ દિ' ગયા નથી. ૯૧ વર્ષમાં સ્મશાનમાં ગયા નથી. સ્મશાનમાં કેમ બાળે છે ને કેમ છે (જોયું નથી). આહાહા..! એ 'શાંતિભાઈ' વાત કરતા હતા. આહાહા..! લોહી છે એનું પાણી થાય. આહાહા..! પાણી થઈને છૂટી જાય. આહાહા..!

અહીં કહે છે, જેમનું ચિત્ત અંદર એવા **'તેમને સુંદર-આનંદઝરતું...'** આહાહા..! વર્તમાન

પર્યાયમાં સુંદર આનંદનો અનુભવ પ્રગટ ઝરતો. આહાહા..! શક્તિ અને સત્ત્વરૂપે અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એની પર્યાયમાં એનો ઝરતો આનંદ. આહાહા..! **'ઉત્તમ તત્ત્વ તેને પ્રગટે છે.'** આનંદ ઝરતું તત્ત્વ પ્રગટે છે. એકલું આમ તત્ત્વ આત્મા આત્મા એમ નહિ. અતીન્દ્રિય આનંદ પ્રગટ ઝરતો આત્મા પ્રગટે છે. આહાહા..! પરની લોલુપતાની તત્પરતા છોડી... ભાષા છે પણ એનો ભાવ આકરો છે, ભાઈ! અને સ્વમાં અંદરની તત્પરતા થવી તેને સુંદર આનંદ ઝરતું, સુંદર આનંદની પર્યાયનો અનુભવ ઉત્તમ તત્ત્વ પ્રગટે છે. એને ઉત્તમ તત્ત્વ થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીશે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યાં જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડ્યો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઉતરી જાય છે. એને પ્રતિકૂળતા નડતી જ નથી ને! અને સ્વર્ગની અનુકૂળતામાં પડ્યો હોય તોપણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઉતરી જાય છે, અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે મારે આમ છે ને તેમ છે - તેમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો ! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઉતરી જા ને! ભાઈ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી.**

**(પરમાગમસાર બોલ નં.-૩૯૪)**